

કચ્છનો

સર્વાંગી ઇતિહાસ



ભાગ-૨




realpatidar.com
કચ્છનો
સર્વાંગી ઇતિહાસ
ભાગ-૨
realpatidar.com

કચ્છનું લોકહૈયે વસેલું વતન ગીત

મુંજી માતૃભૂમિ કે નમન

આય વલો અસાંજો વતન-મુંજી માતૃભૂમિ કે નમન
કચ્છી અસાંજા કોડ મિંજા કુલભાન કરીં તનમન ...મુંજી

પિંઢ મેંજો જિત બંધાણું તિંય મરકાણું મન
ધાવણ ડિનેં ઉન માવડી જિત પામ્યાસી નર-તન ... મુંજી

કેક જુગેંજ્યું ગાલિયું જલ નારાયણસરજા ચવન
પ્રજાપતિ જે પુતરેં ક્યોં જિત પરમેશ્વર પરસન ...મુંજી

દેવઋષિજી વીણા જા સાંખી ઐં વ્યોમ પવન
જોગીડેં જે જોગ બરેં જિત ડુંગર પર ડોલન ...મુંજી

બાલ જોગણી સરસ્વતી પણ જમાયેં જિત આસન
આચારજ શંકર વલ્લભ કયોં પચ્છમ ધરા પાવન ...મુંજી

ઈસ જેડા દાસ ઈશ્વર જા મેંકણ જેડા મહંત
જગડુસા ખેંગાર પીતાંબર માડી જા માજન ...મુંજી

સાયર શૂરા સતીયું સંત સાધુ ફકીર અરહંત
કરી કમાણ્યું મનખા ડે જ્યું તારી પિંઢ તરન ...મુંજી

રતન ખણી જિત પર ડે જા ને મેરામણ ઉછરન
મલ્લ જેડા માલમ મછુવેંસેં સાગર પાર પુજન ...મુંજી

વડ્યું વિલાતું વિગી માડુઆ કચ્છડે કે ઉકંઢન
પેર ડીંઘડે પચ્છમ ધરા તેં અખડ્યું નીક વસન ...મુંજી

ઢોલક તેં નિત થાપ લગે ને તંબુર વા'એઝ પડન,
સુરતા જેંજી લગી સાંઈ સેં કાફ્યું મિઠ્યું કુછન ...મુંજી

સિંધુડો સોંણાઈ સુણે રત મુઙસે જા ઉછરન
જંગ જમેં જિત જોરાતા તિત જાડેજા જૂંઝન ...મુંજી

તેજ વત્યું જલ જ્યું લિખમ્યું જગ માલણ જીંય ઝૂલન
જિત કપુરી હોથલ જેડ્યું પધમણ્યું પ્રકટન ...મુંજી

હેમારે વટ પુગો 'નિરંજન' ધીણોધર સંભરન
અસીં બાલુડા બુલ બુલ ઇનજા માડી અસાંજો ચમન ...મુંજી



– કવિ નિરંજન

આય વલો
કચ્છી અસ

પિંઢ મેંજો
ધાવણ ડિ

કેક જુગેંજ
પ્રજાપતિ

દેવઋષિજી
જોગીડેં જે

બાલ જોગ
આચારજ

ઈસ જેડા
જગડુસા

સાયર શૂ
કરી કમા

રતન ખણ
મલ્લ જે

વડ્યું વિ
પેર ડીંધ

ઢોલક તેં
સુરતા જે

સિંધુડો
જંગ જ

તેજ વત્યું
જિત ક


હેમારે વ
અસીં બા

કચ્છનો સર્વાંગી ઇતિહાસ
ભાગ-૨

પ્રાયોજક
કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ
અમદાવાદ

ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય

રતનપોળનાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ-૩૮૦ ૦૦૧



કિંમત : ₹ 350

પહેલી આવૃત્તિ : ઑગસ્ટ 2012

KUTCH-NO SARVANGI ITIHAS : PART-II
Published by Gurjar Grantha Ratna Karyalaya,
Ahmedabad 380 001 (India)

ISBN : 978-81-8480-798-1

પૃષ્ઠ : 6+274

નકલ : 1000

પ્રકાશક : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
અમરભાઈ ઠાકોરલાલ શાહ : રતનપોળનાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ-380 001.
ફોન : 22144663. e-mail : goorjar@yahoo.com

ટાઇપસેટિંગ : શારદા મુદ્રણાલય
201, તિલકરાજ, પંચવટી પહેલી લેન, આંબાવાડી, અમદાવાદ-380 006 : ફોન : 26564279

મુદ્રક :
ભગવતી ઑફસેટ
16/સી, બંસીધર એસ્ટેટ, બારડોલપુરા, અમદાવાદ-380 004

પ્રસ્તાવના


'કચ્છનો સર્વાંગી ઇતિહાસ', ગ્રંથનો આ બીજો ભાગ છે. પ્રથમ ભાગમાં, કચ્છની ભૌગોલિક સ્થિતિ; અહીંની ભૂમિ પર છેક પ્રાગૈતિહાસિક કાળથી માનવ અસ્તિત્વ હોવાના મળેલા પ્રમાણો; તેમ જ ઈ.સ. પૂર્વે ૨૫૦૦ આસપાસની 'હરપ્પીય સંસ્કૃતિ'ના ઉજાગર થયેલા પુરાવશેષો આદિનું વિસ્તૃત વર્ણન છે. ઈ.સ. પૂર્વે ૩૨૫થી લઈને ઈ.સ.ની ૧૧મી સદી સુધીની સમયાવધી દરમિયાન આ પ્રદેશમાં અનુક્રમે, મૌર્ય, બેકટ્રીયન, ગ્રીક, ક્ષત્રપ અને ગુપ્ત આદિ સામ્રાજ્યોનું આધિપત્ય અને ત્યાર બાદ મૈત્રક, ચાવડા, કાઠી, સોલંકી, વાઘેલા અને સિંધના સમાવંશજોના શાસનના ઇતિહાસમૂલક પ્રમાણો અને ઘટનાઓનું વિવરણ છે. ઈ.સ.ની બારમી સદીથી છેક વીસમી સદીની મધ્યાવધી સુધી, કચ્છમાં જાડેજા વંશના રાજવીઓ અને ઓગણીસમી સદીમાં અંગ્રેજી હકૂમતના પ્રભાવ હેઠળના જાડેજા પ્રશાસન, વહીવટ અને ન્યાયવ્યવસ્થા આદિની વિગતો આલેખિત છે. સ્વાતંત્ર્યોત્તર કચ્છનાં રાજકીય ઇતિહાસની વિગતો પણ ગ્રંથના આ ભાગમાં સમાવિષ્ટ છે. સાથે સાથે, કચ્છનું આગવું ચલણ, પ્રાચીન શિલ્પ સ્થાપત્યો, મૃત્યુ સ્મારકો અને ઐતિહાસિક યુદ્ધોની વિગતો પણ પ્રસ્તુત છે.

સદર ગ્રંથના પ્રસ્તુત, આ બીજા ભાગમાં, કચ્છની પ્રાકૃતિક સ્થિતિ અને સમયાંતરે બદલેલી પ્રશાસનિક વ્યવસ્થાના ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં કચ્છનું આમ જનજીવન અને એને સ્પર્શતા સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક આયામો અને સભ્યતાના ક્રમિક વિકાસની આધારભૂત વિગતો પ્રસ્તુત છે, જેમાં કચ્છની લોક સંસ્કૃતિ, ધર્મ પરંપરા, કચ્છી ભાષાના વિકાસ અને એ ભાષામાં સાહિત્યસર્જન તેમ જ કચ્છના લેખકોનું ગુજરાતી અને સંસ્કૃત સાહિત્ય ક્ષેત્રે યોગદાન, સિંધી ભાષાનો કચ્છ સંબંધ અને સાહિત્ય સર્જન, કચ્છનો સાગરકાંઠો અને બંદરો; વાહનવ્યવહાર સુવિધાઓ, ખેતી અને ઉદ્યોગો, જન-સ્વાસ્થ્ય સેવાઓ, જનસંપર્ક માધ્યમો અને કચ્છમાં; શિક્ષણ અને કાર્યરત સ્વયંસેવી સંસ્થાઓ આદિની વિગતોનો સમાવેશ છે. સાથે સાથે કચ્છ પ્રદેશ-વિશિષ્ટ ભુજની વ્રજભાષા-પાઠશાળા, કચ્છનાં મ્યુઝિયમો અને 'કચ્છની અસ્મિતાના આરાધકો'નો પરિચય સંક્ષેપ પણ આ ગ્રંથના ભાગમાં પ્રસ્તુત છે.

આશા છે, કચ્છના ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં કચ્છના સમાજજીવન અને સભ્યતાના સર્વગ્રાહી વિકાસની વિગતો પ્રસ્તુત કરતો, 'કચ્છનો સર્વાંગી ઇતિહાસ'નો આ બીજો ભાગ, વાચકો માટે રસપ્રદ અને માહિતીસભર રહેશે.

અસ્તુ.

સંપાદન સમિતિ



કિંમત : ₹ 350

પહેલી આવૃત્તિ : ઑગસ્ટ 2012

KUTCH-NO SARVANGI ITIHAS : PART-II
Published by Gurjar Grantha Ratna Karyalaya,
Ahmedabad 380 001 (India)

ISBN : 978-81-8480-798-1

પૃષ્ઠ : 6+274
નકલ : 1000

પ્રકાશક : **ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય**
અમરભાઈ ઠાકોરલાલ શાહ : રતનપોળનાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ-380 001.
ફોન : 22144663. e-mail : goorjar@yahoo.com

ટાઇપસેટિંગ : **શારદા મુદ્રણાલય**
201, તિલકરાજ, પંચવટી પહેલી લેન, આંબાવાડી, અમદાવાદ-380 006 : ફોન : 26564279

મુદ્રક :
ભગવતી ઑફસેટ
16/સી, બંસીધર એસ્ટેટ, બારડોલપુરા, અમદાવાદ-380 004

પ્રસ્તાવના

'કચ્છનો સર્વાંગી ઇતિહાસ', ગ્રંથનો આ બીજો ભાગ છે. પ્રથમ ભાગમાં, કચ્છની ભૌગોલિક સ્થિતિ; અહીંની ભૂમિ પર છેક પ્રાગૈતિહાસિક કાળથી માનવ અસ્તિત્વ હોવાના મળેલા પ્રમાણો; તેમ જ ઈ.સ. પૂર્વે ૨૫૦૦ આસપાસની 'હરપ્પીય સંસ્કૃતિ'ના ઉજાગર થયેલા પુરાવશેષો આદિનું વિસ્તૃત વર્ણન છે. ઈ.સ. પૂર્વે ૩૨૫થી લઈને ઈ.સ.ની ૧૧મી સદી સુધીની સમયાવધી દરમિયાન આ પ્રદેશમાં અનુક્રમે, મૌર્ય, બેકટ્રીયન, ગ્રીક, ક્ષત્રપ અને ગુપ્ત આદિ સામ્રાજ્યોનું આધિપત્ય અને ત્યાર બાદ મૈત્રક, ચાવડા, કાઠી, સોલંકી, વાઘેલા અને સિંધના સમાવંશજોના શાસનના ઇતિહાસમૂલક પ્રમાણો અને ઘટનાઓનું વિવરણ છે. ઈ.સ.ની બારમી સદીથી છેક વીસમી સદીની મધ્યાવધી સુધી, કચ્છમાં જાડેજા વંશના રાજવીઓ અને ઓગણીસમી સદીમાં અંગ્રેજી હકૂમતના પ્રભાવ હેઠળના જાડેજા પ્રશાસન, વહીવટ અને ન્યાયવ્યવસ્થા આદિની વિગતો આલેખિત છે. સ્વાતંત્ર્યોત્તર કચ્છનાં રાજકીય ઇતિહાસની વિગતો પણ ગ્રંથના આ ભાગમાં સમાવિષ્ટ છે. સાથે સાથે, કચ્છનું આગવું ચલણ, પ્રાચીન શિલ્પ સ્થાપત્યો, મૃત્યુ સ્મારકો અને ઐતિહાસિક યુદ્ધોની વિગતો પણ પ્રસ્તુત છે.

સદર ગ્રંથના પ્રસ્તુત, આ બીજા ભાગમાં, કચ્છની પ્રાકૃતિક સ્થિતિ અને સમયાંતરે બદલેલી પ્રશાસનિક વ્યવસ્થાના ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં કચ્છનું આમ જનજીવન અને એને સ્પર્શતા સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક આયામો અને સભ્યતાના ક્રમિક વિકાસની આધારભૂત વિગતો પ્રસ્તુત છે, જેમાં કચ્છની લોક સંસ્કૃતિ, ધર્મ પરંપરા, કચ્છી ભાષાના વિકાસ અને એ ભાષામાં સાહિત્યસર્જન તેમ જ કચ્છના લેખકોનું ગુજરાતી અને સંસ્કૃત સાહિત્ય ક્ષેત્રે યોગદાન, સિંધી ભાષાનો કચ્છ સંબંધ અને સાહિત્ય સર્જન, કચ્છનો સાગરકાંઠો અને બંદરો; વાહનવ્યવહાર સુવિધાઓ, ખેતી અને ઉદ્યોગો, જન-સ્વાસ્થ્ય સેવાઓ, જનસંપર્ક માધ્યમો અને કચ્છમાં; શિક્ષણ અને કાર્યરત સ્વયંસેવી સંસ્થાઓ આદિની વિગતોનો સમાવેશ છે. સાથે સાથે કચ્છ પ્રદેશ-વિશિષ્ટ ભુજની વ્રજભાષા-પાઠશાળા, કચ્છનાં મ્યુઝિયમો અને 'કચ્છની અસ્મિતાના આરાધકો'નો પરિચય સંક્ષેપ પણ આ ગ્રંથના ભાગમાં પ્રસ્તુત છે.

આશા છે, કચ્છના ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં કચ્છના સમાજજીવન અને સભ્યતાના સર્વગ્રાહી વિકાસની વિગતો પ્રસ્તુત કરતો, 'કચ્છનો સર્વાંગી ઇતિહાસ'નો આ બીજો ભાગ, વાચકો માટે રસપ્રદ અને માહિતીસભર રહેશે.

અસ્તુ.

સંપાદન સમિતિ

અનુક્રમ

કચ્છનો સર્વાંગી ઇતિહાસ
ભાગ-૨

realpatidar.com

૧. કચ્છનું સમાજજીવન – ઐતિહાસિક પરિપ્રેક્ષ્ય

ડૉ. તુષાર હાથી

પ્રાસ્તાવિક :

વર્તમાનમાં ગુજરાતનું જ અવિભાજ્ય અંગ હોવા છતાં અને પ્રાચીનકાળમાં બ્રિટિશ હકૂમતના ભારતમાં જ હોવા છતાં કચ્છ બીજા વિસ્તારો કરતાં અલગ તરી આવતો પ્રદેશ છે. કચ્છની આ અલગતા માત્ર ભૌગોલિક સ્વરૂપમાં જ જોવા મળતી નથી, તે ઉપરાંત ઐતિહાસિક સંદર્ભમાં, સાંસ્કૃતિક સંદર્ભમાં કચ્છનું સમાજજીવન બીજા વિસ્તારો કરતાં અલગ પડે છે. સામાન્ય રીતે પ્રદેશના સમાજજીવન ઉપર જનસંખ્યા, ધર્મસંપ્રદાય, જ્ઞાતિ – તેની પરંપરાઓ, આસપાસનું પ્રાકૃતિક વાતાવરણ, અર્થકારણ વગેરે અનેકવિધ પરિબળો અસર કરતાં હોય છે. તેથી કચ્છના સમાજજીવનને તપાસવા માટે કે સમજવા માટે પણ આ પરિબળોના સંદર્ભમાં કચ્છ વિશે સંક્ષેપમાં જાણવું જરૂરી છે.

ઈ. સ. ૧૮૮૦ના મુંબઈ પ્રેસિડન્સીના ગૅઝેટિયરમાં નોંધાયું છે તે મુજબ અને પ્રાચીન કચ્છરાજ્યના ઇતિહાસમાં નોંધવામાં આવેલ છે તે મુજબ પ્રારંભિક તબક્કે કચ્છપ્રદેશ મુખ્યત્વે કરીને કાઠી, આહીર, રબારી અને અન્ય પશુપાલક-વર્ગનો બનેલો હતો. લગભગ આઠમી સદી સુધીના કચ્છમાં આવું જોવા મળેલું છે. ૧૦મી સદીમાં પૂર્વમાંથી સોલંકી વિજેતાઓ અને ઉત્તરમાંથી સમા, સોઢા તેમ જ અન્ય સિંધ પ્રદેશના લોકો અને મુસ્લિમો કચ્છમાં દાખલ થયા. જ્યારે સિંધુની પૂર્વશાખા સુકાતી ગઈ અને ૧૨મી સદીમાં વાઘેલાવંશનો પ્રારંભ થયો ત્યારથી સમાજજીવનની પરિસ્થિતિમાં બદલાવ આવતો હોવાનું જોવા મળ્યું છે. જ્ઞાતિગત રીતે જોવામાં આવે તો કચ્છમાં મારવાડ અને ગુજરાતમાંથી આવેલા બ્રાહ્મણ અને વાણિયાઓ, તો સિંધ અને મુલતાનમાંથી આવેલા. ભાટિયા અને લુહાણાઓ અને અન્ય કેટલીક પ્રજા દૂરના વિસ્તારમાંથી કચ્છમાં વસવા આવી હોવાનું નોંધાયું છે.

જનસંખ્યા

કોઈ પણ પ્રદેશમાં વસતા લોકોની સંખ્યા એકંદર લોકજીવનને અસર કરે છે. કચ્છ એક એવો અપવાદરૂપ પ્રદેશ છે જ્યાં હજી આજે પણ ગ્રામીણ જીવનનો ધબકાર વધુ જોવા મળે છે. એટલે કે ૨૧મી સદીમાં પણ શહેરીકરણની પ્રક્રિયા ડાંગ જિલ્લાને બાદ કરતાં કચ્છમાં ખૂબ જ ધીમી ગતિએ જોવા મળે છે. જનસંખ્યાના અધિકૃત અહેવાલો ૧૯૦૧ પછીના પ્રાપ્ય છે. પરંતુ તે અગાઉ જુદા-જુદા સમયે જે અહેવાલો અંદાજિત સ્વરૂપમાં રજૂ કરવામાં આવ્યા હતા તેને ધ્યાનમાં લેવામાં આવે તો ઈ. સ. ૧૮૨૧માં એલ્ફિન્સ્ટનના અંદાજ મુજબ મૂળ કચ્છીઓની સંખ્યા ૫,૧૦,૦૦૦ જેમાં લગભગ ૧/૩ મુસ્લિમોની સંખ્યા અંદાજમાં આવી હતી. ૧૮૨૩માં કર્નલ ટોડના અંદાજ મુજબ લગભગ ૫,૦૦,૦૦૦ જેટલી સંખ્યા હતી. ૧૮૩૦માં ૩,૫૦,૦૦૦ અને ૧૮૩૫માં ૪,૮૪,૮૫૨નો અંદાજ હતો. ઈ. સ. ૧૮૫૨નો અંદાજ ૪,૦૯,૫૨૨નો હતો જે પૈકી ૩,૦૦,૪૨૦ હિન્દુઓ હતા અને અન્ય બધા જ ધર્મોના હતા. ૧૮૫૨નો અંદાજ વધુ પ્રતીતિજનક જણાય છે જે જનસંખ્યાની ગણતરીનો પ્રથમ અધિકૃત સમય દર્શાવે છે, જેમાં કુલ સંખ્યા ૪,૮૭,૩૦૫ની અંદાજવામાં આવી હતી અને તે પૈકી ૩/૪ હિન્દુઓ અને ૧/૪ મુસ્લિમો અંદાજવામાં આવ્યા હતા. ૧૯૦૧થી ૧૯૬૧ની જનસંખ્યાનો અધિકૃત અહેવાલ આંકડામાં નીચે પ્રમાણે છે.

ટેબલ – ૧
જનસંખ્યા ૧૯૦૧થી ૧૯૬૧

વર્ષ	કુલ જનસંખ્યા	દાયકાનો તફાવત (સંખ્યામાં)	દાયકાનો તફાવત (ટકાવારીમાં)
૧૯૦૧	૪૮૮૦૨૨		
૧૯૧૧	૫૧૩૪૨૯	+ ૨૫૪૦૭	+ ૫.૨૧
૧૯૨૧	૪૮૪૫૪૭	- ૨૮૮૮૨	- ૫.૬૩
૧૯૩૧	૫૨૦૪૯૬	+ ૩૫૯૪૯	+ ૭.૪૨
૧૯૪૧	૫૦૭૮૮૦	- ૧૨૬૧૬	- ૨.૪૨
૧૯૫૧	૫૬૭૬૦૬	+ ૫૯૭૨૬	+ ૧૧.૭૬
૧૯૬૧	૬૯૬૪૪૦	+ ૧૨૮૨૩૪	+ ૨૨.૭૦
૧૯૦૧થી ૧૯૬૧		+ ૨૦૮૪૧૮	+ ૪૨.૭૧

(સ્રોત : સેન્સસ ઑફ ઇન્ડિયા ૧૯૬૧ : પોપ્યુલેશન ટેબલ)

ઉપરનું કોષ્ટક તપાસતાં એવું સ્પષ્ટ જોવા મળે છે કે '૧૧થી '૨૧ અને '૩૧થી '૪૧ના દાયકા દરમિયાન કુલ જનસંખ્યામાં ઘટાડો થયેલો હતો, જ્યારે બાકીના બધા જ દાયકા દરમિયાનનાં વલણો વૃદ્ધિજનક જોવા મળ્યાં છે. આ પ્રમાણને ટકાવારીના સંદર્ભમાં પણ તપાસવામાં આવે તો ટકાવારી તફાવતનાં વિધાયક વલણો ટકાવારી તફાવતનાં નકારાત્મક વલણો કરતાં વધુ માત્રામાં જોવા મળ્યાં છે. બીજી રીતે એમ પણ જોવામાં આવ્યું છે કે વખતોવખતના દુષ્કાળને કારણે થતું સ્થળાંતર તેમ જ ભરણ-પોષણનાં નિશ્ચિત સાધનોના અભાવને કારણે કેટલોક સમય સંખ્યામાં નકારાત્મક વલણો જોવા મળેલાં. કચ્છ જિલ્લાનું આ ચિત્ર દરેક તાલુકામાં પણ એકસરખું જોવા મળ્યું નથી. માંડવી જેવા વિસ્તારમાં જેટલા પ્રમાણમાં જનસંખ્યાનો વધારો થયો તેની સરખામણીમાં ભચાઉ જેવા વિસ્તારમાં સંખ્યાનો વધારો ઘણો મોટો જોવા મળ્યો છે.

સમાજજીવનમાં લોકોની ઘનિષ્ઠતા એટલે કે એક જ વિસ્તારમાં કેટલી સંખ્યામાં લોકો રહે છે તે પણ પરસ્પરના જીવનને નક્કી કરવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. વસતિની ગીચતા તરીકે ઓળખાતાં આ વલણો એવું સ્પષ્ટ કરે છે કે સમગ્ર રાજ્યમાં કચ્છ જિલ્લો ખૂબ જ ઓછી ગીચતા ધરાવે છે અને કચ્છ-પ્રદેશમાં લખપત, અબડાસા વગેરે વિસ્તારોમાં ખૂબ જ ઓછી ગીચતા જોવા મળી છે. અહીં સ્થળાંતરનો મુદ્દો પણ મહત્ત્વનો બને છે. ૧૯મી સદીમાં કચ્છપ્રદેશે વારંવાર દુષ્કાળનો અનુભવ કરેલો છે. દુષ્કાળની તીવ્રતાને ધ્યાનમાં લઈ પશુ-પાલકોનો એક મોટો વર્ગ વેરાન રણપ્રદેશને છોડીને તંગીના સમયે પાણીવાળા પ્રદેશમાં હિજરત કરી જતો હોવાનું નોંધાયું છે અને જ્યારે મેઘની મહેર થાય ત્યારે એટલે કે પાણીની આવક થતાં આ પશુપાલકો માદરે વતનમાં પાછા ફરે છે. ૨૦મી સદીના પ્રારંભથી કચ્છીઓનો એક વર્ગ વેપાર ખેડવાની દૃષ્ટિથી કે કારીગરીથી વધુ સારી રોજી માટે

પરદેશ જતો હોવાનું પણ જોવા મળ્યું છે. આ અંગેનો એક અધિકૃત ઉલ્લેખ બૉમ્બે પ્રેસિડેન્સીના ૧૮૮૦ના પ્રસિદ્ધ થયેલા ગૅઝેટમાં પણ કરવામાં આવ્યો છે.

૧૯૬૧ના જનસંખ્યાના અહેવાલ પ્રમાણે કચ્છની કુલ જનસંખ્યા પૈકી ૬૮.૧૪% લોકો જન્મથી જ કચ્છના જોવા મળ્યા હતા, જ્યારે બાકીના

ટેબલ – ૨

વર્ષ	વતન છોડી ગયેલાની સંખ્યા
૧૮૬૨	૨૫૦૦૦
૧૮૬૩	૩૫૦૦૦
૧૮૬૪	૨૩૦૦૦
૧૮૬૫	૨૩૭૫૦
૧૮૬૬	૧૮૬૦૦
૧૮૬૭	૨૦૨૬૭
૧૮૬૮	૨૦૦૦૦
૧૮૭૦	૧૫૦૦૦
૧૮૭૫	૫૦૦૦

(સ્રોત : કૅમ્પબેલ જે એમ, ગૅઝેટિયર ઑફ ધી બૉમ્બે પ્રેસિડન્સી, વૉ. ૫, પાલનપુર ઍન્ડ મહી કાંઠા ૧૮૮૦, પૃ. ૧૦૩)

૩૧.૮૬% લોકો રાજ્યના અન્ય જિલ્લામાંથી અથવા તો બહારનાં રાજ્યોમાં જન્મેલા હોય તેવા જોવા મળ્યા હતા. સ્થળાંતરનું આ વલણ લોકજીવનની પ્રતિક્રિયાઓ વ્યક્ત કરે છે. વળી કુલ જનસંખ્યામાં ગામડાંઓની વસતિ વધારે હોવાને કારણે પણ લોકજીવન અને સામાજિકતાની એકંદર કેળવણી તે પ્રકારની જ જોવા મળે છે.

વર્તમાન સમયમાં સામાજિક જીવનમાં જનસંખ્યાના જાતિ-ગુણોત્તર વિશે ખાસ ચર્ચાઓ થાય છે, જેને ધ્યાનમાં લઈને ૨૦મી સદીના પ્રથમ સાત દાયકાઓનાં વલણને તપાસવાં જરૂરી બને છે. વર્તમાન જાતિ-ગુણોત્તરનું ચિત્ર ઐતિહાસિક સંદર્ભમાં સ્પષ્ટપણે સ્ત્રીઓના સંદર્ભમાં વિપરીત જોવા મળે છે. ૧૮૭૨માં જ્યારે પ્રથમ વસ્તીગણતરી હાથ ધરવામાં આવી હતી ત્યારે કચ્છમાં જાતિ-ગુણોત્તરનું પ્રમાણ ૯૧૮ હતું જે ૧૯૦૧માં ૯૯૫ થયું હતું. આ જાતિ-ગુણોત્તરના વલણને નીચેના કોષ્ટકથી વધુ સ્પષ્ટ કરી શકાય.

ટેબલ – ૩

૧૯૦૧થી ૧૯૬૧ જાતિ-ગુણોત્તર

વર્ષ	ગ્રામ્ય	શહેરી	કુલ
૧૯૦૧	૯૯૪	૯૯૮	૯૯૫
૧૯૧૧	૧૦૨૪	૧૦૯૦	૧૦૩૪
૧૯૨૧	૧૦૪૭	૧૧૪૧	૧૦૫૯
૧૯૩૧	૧૦૬૪	૧૦૭૭	૧૦૬૮
૧૯૪૧	૧૦૯૪	૧૧૦૦	૧૦૯૫
૧૯૫૧	૧૦૮૭	૧૦૪૩	૧૦૭૯
૧૯૬૧	૧૦૬૩	૯૫૪	૧૦૪૧

(સ્રોત : સેન્સશ ઑફ ઇન્ડિયા ૧૯૬૧, ગુજરાત, પૉપ્યુલેશન ટેબલ્સ, પાર્ટ ૨-એ, પૃ. ૧૦૭.)

આ કોષ્ટક ઉપરથી સ્પષ્ટ થાય છે કે ઐતિહાસિક દષ્ટિએ કચ્છપ્રદેશમાં જાતિ-ગુણોત્તરનાં વલણો સ્ત્રીઓ માટે ૧૯મી સદીના અંત અને ૨૦ સદીના પૂર્વાર્ધમાં વધુ સાનુકૂળ જોવા મળેલ છે. જો જિલ્લાના સમગ્ર ચિત્રને તાલુકાવાર વિભાજિત કરીને તપાસવામાં આવે તો ગાંધીધામ, કંડલા, ભુજ વગેરે વિસ્તારોમાં દર ૧૦૦૦ પુરુષોની સરખામણીમાં મહિલાનું પ્રમાણ જિલ્લાના અન્ય વિસ્તારોમાં જે હતું તેના કરતાં ઓછું જોવા મળ્યું હતું. આમ થવાનું મુખ્ય કારણ પ્રમાણમાં શહેરી કે અર્ધશહેરી વિસ્તારોમાં કામકાજને માટે બહારથી આવેલા એકલા પુરુષને ગણાવી શકાય.

સમાજજીવનને અસર કરનારું એક અતિ મહત્ત્વનું પરિબળ લગ્નસંસ્થા છે. સમાજ તેના રોજબરોજના જીવનમાં કેટલો ગતિશીલ છે કે કેટલો પરંપરાગત છે તે જાણવા માટે એક મહત્ત્વનો મુદ્દો લગ્ન અંગેના વલણ અને લગ્ન અંગેના રીતરિવાજો છે.

લગ્નના વલણસંદર્ભમાં ભારતીય પરંપરાથી કચ્છ અલગ પડી આવતું નથી. અહીં પણ પ્રથમથી જ પુરુષો અને મહિલાઓમાં અપરિણીતનું ટકાવારી-પ્રમાણ બહુ જ ઓછું જોવા મળ્યું છે. ૧૮મી સદીના મધ્યભાગથી શરૂ કરીને છેક ૨૦મી સદીના પૂર્વાર્ધ સુધી મોટા ભાગે ૧૫થી ૧૯ વર્ષના વયજૂથમાં લગ્નનું પ્રમાણ વધારે જોવા મળ્યું હતું. અહીં જ્ઞાતિઓનાં વલણો સીધી રીતે અસર કરતાં જોવા મળે છે. કાયદાથી પ્રતિબંધ હોવા છતાં હજુ આજે પણ પરંપરાગત ગણાતી જ્ઞાતિઓમાં અનધિકૃત રીતે બાળલગ્ન જોવા મળે છે, જેનું પ્રમાણ પૂર્વકાળમાં ઘણું મોટું હતું. અહીં પુરુષ અને મહિલાઓની લગ્નવયની તુલના કરવામાં આવે તો પુરુષોની અપેક્ષાએ મહિલાઓમાં સુધારાનાં વલણો પ્રમાણમાં ઓછાં અને ધીમી ગતિએ જોવા મળ્યાં છે.

ભાષા-સંસ્કૃતિ :

કચ્છ પ્રાન્ત સ્વતંત્રતા પૂર્વે પણ બ્રિટિશ હકૂમત હેઠળના તત્કાલીન ગુજરાત વિસ્તારનો જ ભાગ હતો. સામાન્ય રીતે આ પ્રદેશમાં ગુજરાતીઓની સંખ્યા સ્વાભાવિક રીતે જ વધુ હોય, પરંતુ રજવાડાના કચ્છના સમયમાં માત્ર કચ્છી બોલનારો વર્ગ મોટી સંખ્યામાં અસ્તિત્વમાં હતો. ખાસ કરીને કચ્છ પ્રાન્તનાં ગામડાંઓમાં વિશેષ કરીને ખાવડા, બન્ની, અબડાસા, લખપત વગેરે વિસ્તારોમાં મહદંશે કચ્છી બોલનારો અથવા સિંધ સાથેનો વર્ગ વધારે હતો. ૧૯૬૧ના વસ્તીગણતરીના અહેવાલોમાં પણ કુલ વસ્તીના ૪૨.૩૬% લોકો કચ્છી ભાષા જાણતા હોય અને બોલતા હોય તેવા નોંધાયેલા હતા. ગાંધીધામ-કંડલા- વિસ્તારમાં ગુજરાતી સિવાયની ભાષા બોલવાવાળાઓમાં સિંધી, હિન્દી, મરાઠી, પંજાબી વગેરેનું પ્રમાણ ઠીકઠીક સંખ્યામાં જોવા મળ્યું હતું. અલબત્ત, ભારતની માન્ય રાષ્ટ્રીય ભાષાઓમાં એક સ્વતંત્ર ભાષા તરીકેનો અધિકૃત દરજ્જો કચ્છી ભાષાને મળેલો નથી, પરંતુ એક કાળે તો માત્ર કચ્છી બોલનારો વર્ગ કચ્છમાં વિશેષ જોવા મળતો હતો. ભાષા તરીકે સિંધી અને ગુજરાતીનું મિશ્રણ તેમાં જોવા અને જાણવા મળે છે, પરંતુ શુદ્ધ કચ્છી એ સમજવામાં પણ આજે અઘરી પડતી ભાષા છે. કૌટુંબિક વ્યવહાર અને સામાજિક જીવનમાં એટલે કે ઘરેલુ ભાષા તરીકે કચ્છી બોલનારો વર્ગ કચ્છી દરબારો (જાડેજા), કચ્છી લોહાણા અને કચ્છી ભાટિયામાં વિશેષ જોવા મળતો હતો અને આજે પણ ઘરેલુ ભાષા તરીકે તે વ્યવહારમાં વપરાય છે.

ધર્મ અને જ્ઞાતિ :

પ્રથમથી જ કચ્છ પ્રાન્તમાં હિન્દુ અને મુસ્લિમ એમ બે મુખ્ય ધર્મમાં વિભાજિત પ્રજા-જીવન જોવા મળે છે. આજે પણ લગભગ કુલ વસ્તીના ૧૮થી ૧૯% મુસ્લિમ ધર્મ પાળે છે, જ્યારે ૭૨% જેટલા લોકો હિન્દુ, ધર્મી છે. અન્ય વિસ્તારોની સરખામણીમાં જૈનની અલગ ધર્મ તરીકેની ઓળખ અહીં વિશેષ જોવા મળે છે. જો ધર્મ, આધારિત જનસંખ્યાનું વિવિધ પંથ કે સંપ્રદાય-સ્વરૂપે ચિત્ર તપાસવામાં આવે તો પરંપરાગત રીતે રજવાડાના વખતમાં શૈવપંથી અને વૈષ્ણવપંથી હિન્દુઓનું પ્રભુત્વ જોવા મળતું હતું. અલબત્ત, સ્વામિનારાયણ સંપ્રદાયને વરેલો હિન્દુઓનો મોટો વર્ગ ભુજ, માંડવી, નખત્રાણા જેવા પંથકમાં વધારે જોવા મળતો હતો અને આજે પણ તે વિશેષ મહત્ત્વ ધરાવે છે. તત્કાલીન કચ્છના જાણીતા એવા પટેલ ચોવીસી પંથકમાં પ્રથમથી જ સ્વામિનારાયણ સંપ્રદાયનું પ્રભુત્વ વિશેષ જોવા મળ્યું છે. આ સિવાય કચ્છી લોહાણા અને બ્રાહ્મણોના પણ કેટલાક વર્ગમાં સ્વામિનારાયણનો વર્ગ સદીઓથી પ્રભુત્વ ધરાવે છે. કચ્છના જૈન વર્ગમાં દશા, વીશા, શ્રીમાળી અને કચ્છી ઓશવાળ વર્ગ વિશેષ જાણીતો હતો. આજે પણ આ વર્ગ સામાજિક અને આર્થિક દૃષ્ટિએ પ્રતિષ્ઠિત છે.

ગુજરાતના અન્ય જિલ્લાઓની સરખામણીમાં આજે પણ મુસ્લિમ-વર્ગનું પ્રભુત્વ કચ્છમાં જોવા મળે છે અને ૧૭ મી સદીથી ૧૯મી સદી સુધી તેનું પ્રમાણ ઉલ્લેખનીય કહી શકાય એટલું મોટું જોવા મળ્યું હતું. તેમાં પણ ખોજા વર્ગનું પ્રભુત્વ પ્રથમથી અકબંધ રહ્યું છે. ઇતિહાસમાં એવી પણ નોંધ પ્રાપ્ય છે કે ગુલામઅલીશા નામના એક ખોજા પીર કે જેમને પીર સદરુદ્દીનના વંશજ માનવામાં આવે છે, તેમણે ૧૬મી સદીમાં હિન્દુઓને પણ આકર્ષવાનો સફળ પ્રયત્ન કર્યો

હતો. ૧૭૯૨માં કચ્છના કેરા-પંથકમાં ઇસ્માઈલી ખોજાઓ સ્થાયી થયા હોવાનું માનવામાં આવે છે. ગુલામઅલીશા ૧૭૯૬માં કરાંચી ખાતે જન્નતનશીન થયા પછી તેમને કચ્છના કેરા ખાતે દફનાવવામાં આવ્યા અને તે દરગાહ તે સમયથી ખોજાઓના યાત્રાધામ તરીકે જાણીતી છે.

ભારતીય સમાજની એક બહુ જ મોટી ખાસિયત તેની જ્ઞાતિપ્રથા છે. કચ્છ પ્રાન્ત પણ તેમાં અપવાદ નથી. હિન્દુધર્મ પાળનારા કચ્છીઓને જો જ્ઞાતિ પ્રમાણે વિભાજિત કરવામાં આવે તો બ્રાહ્મણ, વાણિયા, લુહાણા, કણબી રાજપૂત, આહીર, ભાટિયા, લોહાર, સુથાર, દરજી, કુંભાર, બાવા, ચારણ, ખારવા વગેરેમાં મુખ્યત્વે વિભાજિત થયેલી જોવા મળે છે. મુસ્લિમોમાં સૈયદ, શેખ, મોઘલ, મોમના, ખોજા, સમા, મેમણ, ખત્રી, સંઘાર, જત, મિયાણા, સુમરા વગેરેનો સમાવેશ થાય છે.

પરંપરાગત રીતે બ્રાહ્મણો બહારથી આવીને કચ્છમાં વસ્યા હોવાનું માનવામાં આવે છે. તેમાં ખાસ કરીને સારસ્વત, રાજગોર, પુષ્કર્ણા, નાગર, સોમપુરા, સેવક, પુરબિયા વગેરેનો મુખ્યત્વે સમાવેશ થાય છે. લગભગ બધી જ જ્ઞાતિઓનો સમૂહ ભુજ, અંજાર, માંડવી વગેરેમાં કેન્દ્રિત થયેલો જોવા મળતો હતો અને આજે પણ લગભગ તે જ પ્રકારનું ચિત્ર જોવા મળે છે. કેટલીક જ્ઞાતિઓ વ્યવસાયિક વર્ગને આધારે જ તેમની ઓળખ ધરાવતી હતી અને ધરાવે છે, જેમાં મુખ્યત્વે કંસારા, સોની, લોહાર, દરજી, કુંભાર, ચારણ, બાવા વગેરેનો સમાવેશ થાય છે. છેક ૧૬મી સદીથી કચ્છમાં પણ રોટી-બેટીના વ્યવહારોની પાબંધી જોવા મળતી હતી અને વર્તમાનમાં પણ તે જોવા મળે છે. જ્ઞાતિગત વ્યવસાયોનું પ્રભુત્વ એ પ્રથમથી કચ્છની પણ ખાસિયત જોવા મળી છે. રજવાડાના સમયમાં જ્ઞાતિપ્રથાની મર્યાદાઓ જોવા મળતી હતી અને આ મર્યાદાઓનું પ્રમાણ અથવા તો સ્વરૂપ આજે ભલે બદલાયેલું દેખાય, પરંતુ તે લગભગ તે જ સ્વરૂપમાં યથાવત્ છે. ૨૦મી સદીના પ્રારંભમાં કે ૧૯મી સદીના મધ્યભાગમાં જે પ્રકારની અસપૃશ્યતા અંગેની ભાવનાઓ જોવા મળતી હતી તે પ્રમાણ અને સ્વરૂપ આજે જોવા મળતાં નથી.

જેમ અન્ય વિસ્તારોમાં જોવા મળ્યું છે તેમ કચ્છમાં પણ પ્રથમથી જ જ્ઞાતિબંધનોને ચુસ્ત રૂપે સ્વીકારવાનું વલણ જોવા મળ્યું છે. જ્ઞાતિસમુદાયોએ રજવાડાના વખતથી પોતાનાં આગવાં વર્તુળો ઊભાં કર્યાં હતાં જે આજે પણ લગભગ યથાવત્ સ્વરૂપે જોવા મળે છે. જૈન, વાણિયા અને લોહાણામાં છેક ૧૬મી સદીથી વાગડ-પંથકને અલગ રીતે ઓળખવામાં આવેલ છે. વાગડના લોહાણા-વાણિયાને ૧૬મી-૧૭મી સદીથી માંડવી, ખાવડા કે અંજારના લોહાણા-વાણિયા કરતાં જુદા ગણવામાં આવે છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે કચ્છની મુખ્ય ગણાતી જ્ઞાતિઓનો એક ચોક્કસ વર્ગ પ્રાચીનકાળથી લગભગ ૧૪મી સદીથી તત્કાલીન મુંબઈ શહેર સાથે જોડાયેલો છે ને ખાસ કરીને ૧૯મી સદીથી મુંબઈમાં પણ કચ્છી જ્ઞાતિઓએ જ્ઞાતિવાર આગવી ઓળખ ઊભી કરી હતી, જે આજે પણ એક સ્વતંત્ર ઓળખ ધરાવે છે. દા. ત., કચ્છી ભાનુશાળી, લોહાણા, વાણિયાઓ, ભાટિયા અને રાજગોર બ્રાહ્મણો આ બધી જ જ્ઞાતિઓ છેક ૧૮મી સદીના અંતથી મુંબઈ સાથે દરિયાઈ રસ્તે જોડાયેલ હતી અને આજે જેને મધ્યમુંબઈ તરીકે ઓળખવામાં આવે છે તેવા વિસ્તારો જેવા કે ઘાટકોપર, મુલુંદ, થાણે, ચેમ્બુરથી શરૂ કરી તે તળ મુંબઈ જેમાં ખાસ કરીને મસ્જિદ બંદર, ગ્રાન્ટ રોડ, ચર્ની રોડ આ બધા જ વિસ્તારોમાં બે સૈકાથી કચ્છનાં જ્ઞાતિગઠબંધનો અકબંધ સ્વરૂપે જોવા મળ્યાં છે.

જ્ઞાતિગત રીતે વેપાર-ધંધા સાથે જોડાયેલ જ્ઞાતિઓમાં મુખ્યત્વે કચ્છી વાણિયા, જૈન, ભાટિયા, લોહાણા અને ભાનુશાળીનો સમાવેશ થાય છે. તેવી રીતે કચ્છી ભાનુશાળીઓ કચ્છી પટેલોની જેમ ખેતી માટે પણ જાણીતા છે. જ્ઞાતિઓને ઐતિહાસિક સંદર્ભે શિક્ષણની રીતે મૂલવવામાં આવે તો બ્રાહ્મણ પછી ભાટિયાઓમાં પણ શિક્ષણનું પ્રમાણ પ્રથમથી મોટું જોવા મળ્યું હતું. માંડવી, મુન્દ્રા, અંજાર અને અબડાસા ખાતે વંશપરંપરાગત શિક્ષિત ભાટિયાઓ સારી એવી

પ્રતિષ્ઠા ધરાવે છે. ભાટિયાનો મોટો વર્ગ વ્યાપારી પેઢીઓ ઉપરાંત બ્રિટિશ હકૂમતથી નોકરીઓમાં પણ જોડાયેલ જોવા મળ્યો હતો, ભાટિયાઓ મુખ્યત્વે વૈષ્ણવ સંપ્રદાય પાળે છે. વલ્લભાચાર્યજી(મહાપ્રભુજી)ની સ્થાપેલી ભક્તિપરંપરા પ્રમાણે શ્રી ઠાકોરજીની સેવા કરે છે અને રોજિંદા વ્યવહારમાં મોટા ભાગે કચ્છીમાં જ વ્યવહાર કરતા જોવા મળે છે. ભાટિયાઓ જન્મ, લગ્ન અને મૃત્યુ જેવા મુખ્ય પ્રસંગોમાં પરંપરાગત હિન્દુ રીતરિવાજોનું પાલન કરતા હતા અને આજે પણ તે જ સ્વરૂપે જોવા મળે છે. ૧૮મી, ૧૯મી અને ૨૦મી સદીના પૂર્વાર્ધમાં કચ્છી લોહાણાઓ અનાજ અને અન્ય વ્યાપારધંધામાં ખૂબ જ મોટી નામના ધરાવતા હતા. ૨૦મી સદીના પૂર્વાર્ધ પછી – ખાસ કરીને સ્વતંત્રતા પછીના કચ્છ પ્રાંતમાં કચ્છી લોહાણાઓનું સેવાક્ષેત્રમાં પણ પદાર્પણ થયેલું જોવા મળ્યું છે. કચ્છી લોહાણાઓ મૂળભૂત રીતે બધાં જ હિન્દુ રીતરિવાજોનું પાલન કરતા જોવા મળ્યા છે. કચ્છમાં રાજપૂતો મુખ્યત્વે પૂર્વકાલીન સિંધ પ્રાન્તમાંથી આવેલા હોવાનું માનવામાં આવે છે અને તેઓમાં મુખ્યત્વે જાડેજા, સમા અને સોઢાનો સમાવેશ થાય છે, જ્યારે કેટલાક ગુર્જર રાજપૂતો પણ પરંપરાગત રીતે કચ્છમાં જોવા મળ્યા છે. રાજપૂતોનો એક વર્ગ જે પરમાર અને બારડ તરીકે જાણીતો છે તેમને મૂળે દાંતાપંથકના ગણાવવામાં આવે છે અને લગભગ ૩૦૦ વર્ષથી કચ્છમાં સ્થાયી થયેલા હોવાનું માનવામાં આવે છે. જાડેજા મુખ્યત્વે અબડાસા તાલુકાના માનવામાં આવ્યા છે. પરંપરાગત જાડેજાઓમાં મહદંશે હિન્દુઓનાં રીતરિવાજોનું પાલન થતું આવ્યું છે, પરંતુ ક્યાંક મુસ્લિમ સંસ્કૃતિ પણ ૧૫૦-૨૦૦ વર્ષથી જોવા મળે છે. તેઓમાં મુખ્યત્વે માતાજીના પૂજક (આશાપુરા) જોવા મળ્યા છે. જાડેજા મુખ્યત્વે કચ્છી ભાષા પરંપરાગત રીતે બોલતા રહ્યા છે. છેલ્લાં ૫૦થી ૬૦ વર્ષમાં જાડેજાઓમાં પણ સ્વામિનારાયણ અને વૈષ્ણવ સંપ્રદાય અનુસરતાં કુટુંબો જોવા મળ્યાં છે. સોઢા કુટુંબોમાં હિન્દુ અને મુસ્લિમ રિવાજોની મિશ્ર છાંટ જોવા મળે છે.

સામાજિક દૂષણો :

કેટલાંક રાજપૂત કુટુંબોમાં બાળહત્યાનું ચલણ રાજવી શાસનમાં જોવા મળતું હતું. જાડેજા રાજપૂતોમાં, અન્ય કેટલાંક રાજપૂતોમાં અને કેટલાંક મુસલમાન કુળમાં બાળકી(કન્યા)ને મારી નાખવાનું દૂષણ જોવા મળતું હતું, જે માટે કચ્છ ઠીકઠીક 'કુખ્યાત' બન્યું હતું. જાડેજા રાજપૂતોમાં આ બાબત વધુ તીવ્રતાથી જોવા મળતી હતી. એમ કહેવાય છે કે જે જાડેજા વંશજો કચ્છમાં જે સમયે સ્થાયી હતા તેઓએ હિન્દુ અને મુસ્લિમના મિશ્ર રિવાજ, સંસ્કારો ધારણ કર્યા હતા, જેના પરિણામે 'ચુસ્ત રાજપૂત' કુટુંબોથી તેમને 'અલગ' ગણવામાં આવ્યા હતા અને તે પ્રકારના સામાજિક રિવાજોના કારણે તે વંશજોનું 'નીચાજોણું' થયું હતું. સામાજિક અસમતુલા અને અસહિષ્ણુતાના કારણે જાડેજા-વંશજોને 'દીકરી' માટે યોગ્ય પાત્રની ખૂબ જ મુશ્કેલી પડતી હતી અને તે પરિસ્થિતિથી વાજ આવી આ રિવાજ સ્વીકૃત કર્યો હતો તેવું માનવામાં આવે છે. ઈ. સ. ૧૮૮૦ના ગૅઝેટમાં એવી સ્પષ્ટ નોંધ છે કે બાળકીને દૂધપીતી કરવાના રિવાજને મૂક મંજૂરી હતી. પુરુષવર્ગ માત્ર 'પ્રસૂતિ' અંગે જ માહિતી ધરાવતો હતો. જન્મેલ બાળક 'સ્વર્ગે સિધાવેલ છે' તેવી જાણકારી આપવામાં આવતી હતી.

ઈ. સ. ૧૮૦૪માં બ્રિટિશ હકૂમતના ધ્યાનમાં સૌપ્રથમ આ હકીકત આવી હતી. કૅપ્ટન સેક્ટનને આ બાબતથી વાકેફ કરવામાં આવ્યા હતા. ૧૮૦૭માં કર્નલ વૉકરે ફતેહમહમદને આ કુરિવાજ બંધ કરવા માટે ફરમાન કર્યું હતું. તે સમયે પણ ફતેહમહમદે આ કુરિવાજ વાસ્તવમાં ધાર્મિક પરંપરાનો હોવાથી તેમાં હસ્તક્ષેપ કરવાની ના પાડી હતી. છેક ૧૮૧૬થી આ બાબત વિસ્તૃત રીતે ચર્ચામાં હતી. ઈ.સ.૧૮૧૯માં કૅપ્ટન મેકમર્ડોએ પણ કચ્છના જાડેજા-વંશજોમાં બાળકીને મારવાના રિવાજની સાર્વત્રિકતાનો સ્વીકાર કર્યો હતો. ગૅઝેટમાં નોંધાયું છે તે મુજબ મેકમર્ડોએ આ કુરિવાજના કારણે ઓછામાં ઓછી તે કાળમાં પ્રતિવર્ષ ૧૦૦૦ કન્યાઓના મૃત્યુનો અંદાજ મૂક્યો હતો. કેટલાંક મુસ્લિમ કુટુંબોમાં અને મોટા ભાગનાં

વૈષ્ણવ કુટુંબોમાં આ કુરિવાજ ન હતો. રાવ ભારમલજીએ પોતાના કુળમાં આ કુરિવાજ બંધ કરવામાં આવશે તેની ખાતરી આપી હતી અને ભાયાતોએ જો આ પ્રકારનો કુરિવાજ તેમના કુળમાં ચાલુ રહેશે તો રાવ ભારમલ અને બ્રિટિશ હકૂમત જે સજા કરશે તે માન્ય રહેશે તેવો લેખિત કરાર કર્યો હતો. આમ છતાં ઘણાં વર્ષો સુધી તે માત્ર કાગળ ઉપર જ રહ્યો. ઇતિહાસમાં એવું સ્પષ્ટ નોંધવામાં આવ્યું છે કે રાવ દેશળજીને બાદ કરતાં તે વખતના કોઈ રાજાઓ (જાડેજાકુળ) આ કુરિવાજ બંધ કરવાની ઇચ્છા ધરાવતા ન હતા.

સામાજિક દૂષણોને તિલાંજલિ આપવાના સંદર્ભમાં એક વિધાયક પગલું એ લેવામાં આવ્યું હતું કે જો કોઈ જાડેજાકુળમાં બાળકીને મારી નાખવામાં આવે તો તેની પાસેથી દંડ-સ્વરૂપે લેવામાં આવતી રકમનો ઉપયોગ જાડેજાકુળની દીકરીઓનાં દરવર્ષે જ્યાં લગ્ન થાય ત્યાં તે ખર્ચ કરવામાં આવે. આ ભંડોળમાંથી રૂ. ૪૦૦૦ રાજદરબાર તરફથી અને સામી તેટલી જ રકમ બ્રિટિશ હકૂમત તરફથી નબળાં ગણાતાં જાડેજાકુળની દીકરીઓનાં લગ્ન માટે આપવામાં આવતી હતી. ૧૮૪૪માં તે વખતના પૉલિટિકલ એજન્ટે જાડેજાના સૂત્રધારોને દરબારમાં બોલાવ્યા હતા ત્યારે તે સૂત્રધારોએ પણ આ કુરિવાજ ડામવાની નિષ્ફળતાનો સ્વીકાર કર્યો હતો. આ પ્રકારના કુરિવાજોને ડામવાના સંદર્ભમાં તે વખતની પરિચારિકા (દાયણ) બહેનોને કોઈ પણ કુળમાં જન્મ કે મરણ થાય તેની નોંધ કરાવવાનું ફરમાન થયું હતું. આ પ્રકારની કડકાઈનું પરિણામ હળવેહળવે જોવા મળ્યું હતું. ૧૯મી સદીના ઉત્તરાર્ધમાં બાળકીને દૂધપીતી કરવાના કુરિવાજમાં નોંધપાત્ર પરિવર્તન જોવા મળ્યું હતું. ૧૮૭૭ની જનસંખ્યાની ગણતરીના અહેવાલમાં નોંધાયું છે તે મુજબ તે વખતે જાડેજા રાજપૂતોમાં ૮૬૭૨ પુરુષોની સામે ૮૦૪૨ મહિલાઓની સંખ્યા હતી. એ દૃષ્ટિથી બ્રિટિશ હકૂમતની કડકાઈ અને દરમિયાનગીરીથી આ કુરિવાજમાં નોંધપાત્ર પરિવર્તન થયું તેમ કહી શકાય. ઈ. સ. ૧૯૦૧ના તત્કાલીન કચ્છ-રાજ્યના વહીવટી અહેવાલમાં પણ એવી નોંધ જોવા મળી છે કે તે સમયે બાળકીને દૂધપીતી કરવાના ૮૫ જેટલા કિસ્સાઓ નોંધવામાં આવ્યા હતા અને તે બધા કિસ્સાઓમાં કાનૂની કાર્યવાહી કરવામાં આવી હતી.

મિલકત અને વારસાઈ :

જે-તે સમયે મિલકત અને વારસાઈ અંગે હિન્દુઓ માટે સ્વતંત્ર હિન્દુ કાયદો અને મુસ્લિમો માટે મુસ્લિમ કાયદો વ્યવહારમાં હતો. ગુજરાતમાં હિન્દુ કાયદાના સંદર્ભે 'મિતાક્ષર' અને 'વ્યવહાર મયૂખ' સ્વરૂપે તે અમલમાં હતો. આ કાયદા મુજબ કોઈ પણ હિન્દુ કુટુંબમાં સંતાનને તેના પિતાના અવસાન પછી જ મિલકતની માલિકી પ્રાપ્ય થતી હતી. અલબત્ત, દીકરાના જન્મથી તે આપોઆપ સંપત્તિનો અધિકારી ગણાતો હતો, પરંતુ જો કોઈ હિન્દુ નાગરિક સ્વયં મિલકતો તેની ઇચ્છાથી કોઈને પણ આપે તો તેના ઉપર પુત્ર કે પુત્રીનો વારસાઈ હક્ક રહેતો ન હતો. હિન્દુ વારસાઈ ધારો ૧૯૫૬ આ બાબતમાં સ્વયંસ્પષ્ટ છે. કચ્છના સમાજજીવનમાં પણ તે સ્વાભાવિક રીતે જ મુખ્યત્વે ચલણમાં છે, પરંતુ વારસાઈ મિલકતોમાંથી દીકરીને અલગ રાખવાનો પરંપરાગત વ્યવહાર આજે પણ મોટા ભાગે ચાલુ છે.

ઐતિહાસિક દૃષ્ટિએ રજવાડાના સમયમાં હિન્દુ કુટુંબોમાં ખોરાક, પૂજન અને મિલકતના સંદર્ભમાં સંયુક્ત કુટુંબની વ્યવસ્થા જોવા મળતી હતી. તત્કાલીન સંયુક્ત કુટુંબમાં સંયુક્તપણું વ્યવહારમાં હતું અને માળખાંસ્વરૂપે પણ હતું. રજવાડાના કચ્છમાં એક ઓસરીએ લોહીની સગાઈ ધરાવતાં કુટુંબોનો વસવાટ બહુ સામાન્ય હતો. વર્તમાન તબક્કામાં જે વિભક્તપણું જોવા મળે છે તે પ્રકારનું વિભક્તપણું તે સમયે જોવા મળતું ન હતું. તે વખતે માત્ર રાજવી કુટુંબોમાં જ નહિ પરંતુ એકંદરે સમગ્ર સમાજમાં 'વહેંચીને ખાવું' તે મુખ્ય ગણાતું હતું. કુટુંબનાં સભ્યોની સંખ્યા એ ઇતિહાસમાં નોંધાયું છે તેમ પ્રતિષ્ઠાનો વિષય હતી. સહિયારાપણાથી રહીને વિકાસ ઝડપથી થાય છે તે બાબતનો સર્વ કુટુંબોમાં સ્વીકાર થતો હતો. ૧૭મી સદીના પૂર્વાર્ધથી શરૂ કરી ૧૯મી સદીના ઉત્તરાર્ધ સુધી મોટેભાગે સંયુક્ત કુટુંબની પ્રતિષ્ઠા હતી.

પરંપરાગત રાજપૂત કાઠી વગેરે કુટુંબોમાં મહિલાઓને આર્થિક પ્રવૃત્તિઓમાં સંમિલિત થવા ઉપર લગભગ પ્રતિબંધ હતો. કોઈ તબક્કે મહિલાઓ આવી ઇચ્છા વ્યક્ત કરે તોપણ તેને અવકાશ ન હતો. ઇતિહાસમાં એવું પણ નોંધાયું છે કે લગભગ એક સૈકા સુધી રાજપૂત કુટુંબોમાં મહિલાઓને ઘરની બહાર નીકળવા માટે પણ જવલ્લે જ રજા મળતી હતી. આજે પણ હજી પરંપરાગત ગણાતાં દરબાર કુટુંબોમાં બહેનો ઘરકામ કરવા માટે પણ બહાર જઈ શકતી નથી. સમગ્ર ભારતીય સમાજમાં સામાજિક માળખાંનું પ્રાધાન્ય અર્થકારણને અસર કરતું જોવા મળ્યું છે. તેમાંથી કચ્છ પણ બાકાત ન હતું, એટલે કે મહિલાઓને ઘર-જવાબદારીમાં જ જીવન વ્યતીત કરવાનું હતું. ઢોર, વર અને ઘર એ જ મહિલાઓનું જીવન બન્યું હતું. આ પ્રકારની નોંધ ૧૯૬૧ના સેન્સસ રિપોર્ટમાં પણ જોવા મળે છે. જાડેજા કુટુંબોમાં અને એકંદરે રાજપૂત કુટુંબોમાં આજે પણ દહેજની પ્રથા પ્રચલિત છે.

એક ઉલ્લેખનીય હકીકત એ છે કે સૈકાઓથી મહિલાઓ ખેતીની પ્રવૃત્તિમાં મુખ્ય ભૂમિકા ભજવતી આવી છે. અહીં નોંધનીય બાબત એ છે કે સમૃદ્ધ કુટુંબની મહિલાઓ પણ ખેતીકામ કરવામાં કોઈ પણ પ્રકારનો સંકોચ અનુભવતી ન હતી. આજે આપણે જેને એન. આર. આઈ. તરીકે ઓળખીએ છીએ તેવો વર્ગ કે તેમના વડીલોનાં ઘણાં કુટુંબો એવાં છે કે ૧૦૦ વર્ષથી પરદેશમાં તેની રહેણાક છે, આમ છતાં તે કુટુંબની મહિલાઓ અહીં ઘરકામની સાથોસાથ ખેતી-કામમાં પણ પૂરતી કાળજી લેતી હતી અને લે છે. પરંપરાગત કચ્છમાં રાજપૂત મહિલાઓ કરતાં કણબી, રબારી અને આહીર મહિલાઓનું સ્થાન વિશેષ ઊંચું હતું.

ઐતિહાસિક હકીકત એ છે કે મૂળ કચ્છની પ્રજા રહેણી-કરણીમાં ખૂબ જ સાદગી ધરાવતી હતી, જે કારણે કચ્છી કુટુંબોમાં દૈનિક આહારમાં જુવાર અને બાજરાનો રોટલો, ખીચડી અને કઠોળ પ્રધાનતા ધરાવતાં હતાં. આજે પણ કચ્છની વઘારેલી ખીચડી અને છાશ એ મોજશોખનું ખાણું ગણાય છે. ગ્રામીણ કચ્છમાં ખાધા-ખોરાકીમાં આજે પણ બહુ મોટાં પરિવર્તનો આવ્યાં નથી. પરંપરાગત કચ્છમાં – ખાસ કરીને ૧૭મી અને ૧૮મી સદીમાં દૂધનો વપરાશ વધુ હતો ચા એ સાર્વજનિક પીણું ન હતું. ૨૦મી સદીના પ્રારંભથી જ અને ખાસ કરીને સ્વતંત્રતા પછી કચ્છમાં ચાનું ચલણ વધ્યું છે. ૧૮૮૦ના મુંબઈ પ્રેસિડન્સીના ગૅઝેટમાં એવી નોંધ છે કે સૈકાઓ સુધી રાજપૂત કુટુંબોમાં દારૂ અને અફીણનું પણ વ્યસન હતું. રજવાડી કુટુંબોમાં 'કસુંબા'નું ચલણ હતું. ગ્રામીણ કચ્છમાં શિરામણ, બપોરનું જમવાનું અને રોંઢાનો (સાંજનું જમવાનું) રિવાજ હતો. ખાન-પાનમાં એકંદર કચ્છની પ્રજા પ્રથમથી જ શાકાહારી જોવા મળે છે. અલબત્ત, રાજપૂત, કોળી, ભીલ, ચમાર વગેરે હિન્દુ અને મુસ્લિમ કુટુંબોમાં માંસાહારનું પ્રમાણ પ્રથમથી જ હતું.

૧૯મી સદી સુધી કચ્છની પ્રજાનો પહેરવેશ પણ પરંપરાગત સ્વરૂપનો જોવા મળ્યો હતો. હિન્દુ અને મુસ્લિમ બન્નેમાં પહેરવેશના સંદર્ભમાં ૧૯મી સદી સુધી તો લગભગ સામ્ય હતું. કચ્છના રાજપૂતોની પાઘડી, ભાટિયાઓના ચુસ્ત પહેરવેશ અને કચ્છી વોરાઓનો પહેરવેશ વિશેષ ધ્યાનાકર્ષક ગણાતો હતો. અંગ્રેજ ભાતનાં વસ્ત્રો કચ્છની અંદર બહુ મોડો પ્રવેશ પામ્યાં છે. છેક ૧૯૪૦-૪૫ના તબક્કા સુધી જ્ઞાતિ અને પહેરવેશ એકબીજાની સાથે જોડાયેલાં હતાં. બહેનોમાં પણ કુળ અને રીતરિવાજોની મર્યાદાઓને ધ્યાનમાં લઈને તેનું ચુસ્ત પાલન થતું હતું. બહેનોના પહેરવેશમાં રાજપૂત ગરાસિયા અને ખવાસ બહેનોમાં વિશેષ સામ્ય હતું, તો ખોજા અને મેમણ બહેનોનાં વસ્ત્રો થોડા અલગ પ્રકારનાં હતાં. આજે હવે જે ઉત્સવો અને પ્રસંગોનું પ્રતીક બન્યાં છે તે ચોરણો અને કેડિયું એક કાળનાં રોજિંદાં વસ્ત્રો હતાં. ખેડૂત કુટુંબોમાં વસ્ત્ર-પરિધાન તેની ખેતીપ્રવૃત્તિઓને કારણે અન્ય કરતાં થોડું જુદું પડતું હતું. ૧૭મી અને ૧૮મી સદીમાં મધ્યમ અને ઉચ્ચ-મધ્યમ કુટુંબમાં પણ ધોતિયાની બોલબાલા હતી, તો યુવાનોમાં બુશર્ટની બોલબાલા હતી. રબારી, ભરવાડ, આહીર અને ક્યાંકક્યાંક કણબી કુટુંબોની બહેનોમાં પણ આભલાંવાળા પેટીકોટની બહુ મોટી ફૅશન ગણાતી હતી. ૧૭મી અને ૧૮મી સદીમાં

મહિલાઓ પરંપરાગત સાડી પરિધાન કરતી હતી અને રંગની પસંદગીમાં વિશેષ ચોકસાઈ રાખવામાં આવતી હતી. વસ્ત્રનું એવું કોઈ પણ સ્વરૂપ કે એવા કોઈ પણ રંગનું કાપડ કે જે જાણ્યેઅજાણ્યે પ્રદર્શનરૂપ હોય તો તેને ભાગ્યે જ પસંદ કરવામાં આવતું હતું. એક કાળે એકંદરે ગુજરાતનાં બહેનોમાં – ખાસ કરીને યુવાન છોકરીઓમાં જે સામાન્ય વસ્ત્રો ગણાતાં હતાં તે ફ્રૉક અને સ્કર્ટ કચ્છમાં પણ જોવા મળતાં હતાં. ૨૦મી સદીના ઉત્તરાર્ધમાં ક્રમશઃ વસ્ત્રપરિધાનમાં જે પરિવર્તનનું મોજું આવ્યું તેનો પ્રભાવ કચ્છમાં પણ પડેલો જોવા મળે છે. ખાસ કરીને કચ્છની નગર સંસ્કૃતિમાં તેની છાંટ વધારે જોવા મળતી હતી.

કચ્છના સામાજિક જીવનમાં અન્ય વિસ્તારોની જેમ ઘરેણાંનું પ્રભુત્વ પરંપરાગત રીતે જોવા મળેલું છે. ૧૭મી અને ૧૮મી સદીમાં ઘરેણાંઓનો મૂળ હેતુ એ કટોકટી-સમયની થાપણ-સ્વરૂપનો હતો. સાદાં, નક્કર અને વજનદાર ઘરેણાં સંકટના સમયે ઉપયોગી બનતાં હતાં. ૧૭મી અને ૧૮મી સદીમાં ઘરેણાં એ ફૅશન નહોતી, પણ ઘરની આબરૂ હતી. તેમાં પણ બહેનોનાં ઘરેણાં વિશેષ પ્રતિષ્ઠાની બાબત ગણાતાં હતાં. કાનમાં પહેરવાના વેઢા, સળી, ચૂડલો, ખડ્ગ એ પરંપરાગત મહિલાની આગવી ઓળખ હતી. તે કાળે ઈમિટેશનનો જમાનો ન હતો. મોટા ભાગે આ ઘરેણાં ચાંદીનાં હતાં અને વજનદાર હતાં. પરંપરાગત રબારણ, ભરવાડણ કે આહીર મહિલા શરીરનો મોટો ભાગ ઘરેણાંથી ઢાંકતી હતી. આ બધાં જ ઘરેણાં નક્કર અને વજનદાર હતાં. આર્થિક સલામતીનું સાધન હતાં. આજે ૨૧મી સદીમાં નવરાત્રીના ઉત્સવમાં, લગ્નમાં યુવાન પેઢીમાં – ખાસ કરીને બહેનોમાં જે ટેટુની ફૅશન નીકળી છે તે પરંપરાગત કચ્છી સમાજમાં એક ઓળખ ગણાતી હતી. પરિણીત મહિલાઓમાં મંગળસૂત્ર, બંગળી, વીંટી વગેરે પરંપરાગત્ત રીતે જાવા મળતાં હતાં તો ભરવાડ કે રબારી વર્ગમાં પુરુષો પણ વીંટી, ચેઈન, કડું જેવું પહેરતા જોવા મળતા હતા. ગામડાંઓમાં હજી આજે પણ વીંટી અને ચેઈન પુરુષમાં જોવા મળે છે.

મહેમાનગતી એ કચ્છનું આગવું નજરાણું છે. 'કચ્છડો બારે માસ' જે કહેવાયું છે તેના મૂળમાં કચ્છી માડુની મીઠી મહેમાનગતી ગણાવી શકાય. ૧૭મી અને ૧૮મી સદીમાં કચ્છી પ્રજાજીવન એકંદરે ખૂબ સાદું હતું. રાચરચીલાની જે ભરમાર આજે જોવા મળે છે તેનો અંશ માત્ર ૧૭મી અને ૧૮મી સદીના કચ્છના ઘરોમાં જોવા મળતો ન હતો. સોફાસેટ, ટીપોઈ વગેરે વૈભવ ગણાતાં હતાં. આજે જે મધ્યમવર્ગમાં પણ સામાન્ય બનેલ છે તે ૧૭મી કે ૧૮મી સદીનાં રાજવી કુટુંબોને બાદ કરતાં ભાગ્યે જ કોઈ ઘરોમાં જોવા મળતું હતું. હીંચકો એકમાત્ર અપવાદ છે, જે પરંપરાગત કચ્છી ઘરોમાં કે આજનાં કચ્છી ઘરોમાં પણ જોવા મળે છે. પાટલો, ઢાળિયું, શેતરંજી વગેરે અતિથિસત્કાર માટેનાં વૈભવી સાધનો ગણાતાં હતાં. એક ખાસ નોંધ લેવી જરૂરી ગણાય કે કરકસર અને સાદગીના પ્રતીક સમી કચ્છી પ્રજામાં સૈકાઓ પહેલાં પણ ઘરેલુ શણગારની પોતીકી પરંપરા હતી. ખાસ કરીને ભીંતચિત્રો અને તેમાં પણ કલાથી કંડારેલ દેવદેવીઓની મૂર્તિઓ એ બ્રિટિશ અધિકારીઓને પણ તે કાળે મોહિત કરતાં હતાં. રબારી, આહીર અને કણબી કુટુંબોમાં સ્વચ્છતા અને શણગાર કુટુંબજીવનનું પ્રતીક બની ગયાં હતાં. આજે જેને માટે ઊંચી કિંમત ચૂકવવા લોકો તૈયાર છે, તેવાં ઝુમ્મર કે તોરણો પણ કચ્છી ઘરોને એક કાળે શોભાવતાં હતાં.

સામુદાયિક જીવન :

સાંસ્કૃતિક દૃષ્ટિએ કચ્છની પ્રજા હેત-પ્રીતથી છલોછલ જોવા મળતી હતી. આજના વિકાસના નાદમાં જે પછાત ગણાય છે તે બાબત સૈકાઓથી કચ્છમાં સંતોષ તરીકે ઓળખાય છે. અને તેથી જ નાની નાની બાબતોમાં પણ આનંદ લેવો તે કચ્છની પ્રજાની વારસાઈ સંસ્કૃતિનું દર્શન છે. ૧૭મી અને ૧૮મી સદીની એક મોટી ખાસિયત એ રહી કે સામાજિક અને ધાર્મિક રિવાજોને પ્રજાએ ઉત્સવ સાથે વણી લીધા હતા. દા. ત., ખૂબ આનંદના પ્રસંગોએ કચ્છની ગામડાની બહેનો 'રાસ' રમવાનું ચૂકતી ન હતી તેમાં પણ કોળી, ચારણ, આહીર અને રબારી

બહેનો તેને પ્રતિષ્ઠાની બાબત ગણતી હતી. બન્ની અને વાગડના સૂકા પ્રદેશમાં આ સામુદાયિકતાની સંસ્કૃતિ જ ભીનાશ લાવતી હતી. કચ્છનો ઢોલી આજે પણ બોલીવુડના ફિલ્મી સ્ટુડિયોમાં ચલણ જમાવીને બેઠો છે. આ ઢોલ અને શરણાઈને પણ યાદ કરે છે. પરંપરાગત કચ્છના રાપરના વ્રજવાણી ગામના ઢોલીઓના ઢોલનો નાદ સાંભળીને આહીર મહિલાઓ બધું જ કામ પડતું મૂકી અને તે ઢોલના તાલે નાચવા એકત્ર થતી હતી. એક એવી પણ દંતકથા છે કે આ ગામમાં એક ઢોલી ઢોલ વગાડી રહ્યો હતો ત્યારે એક આહીરે ઈર્ષાથી તેને મારી નાખ્યો અને તે સમયે ૧૨૦ આહીર જેટલી મહિલાઓ તેમની બંગડીઓ માથા સાથે પછાડીને મૃત્યુ પામી હતી તે પાળિયા સંસ્કૃતિ આજે પણ ત્યાં જોવા મળે છે.

રાસ પછી ગરબા સંસ્કૃતિનું પણ મહત્ત્વ ૧૮મી સદીના અંત ભાગથી વિશેષ જોવા મળ્યું હતું. ખાસ કરીને મા શક્તિના પર્વપ્રસંગે રાસ અને ગરબાની રમઝટ નવ દિવસ માટેનો ખૂબ મોટો ઉત્સવ ગણાતી હતી. ૧૯મી સદીમાં અને ત્યાર પછી ૨૦મી સદીમાં પણ ભવાઈ સંસ્કૃતિએ કચ્છની પ્રજાને ઘેલું લગાડ્યું હતું. એમ કહેવાય છે કે તે કાળના અંજાર તાલુકાના ભુવડ ગામનાં રાવળ યુવાનો અને બહેનો ભવાઈનાં ઉત્કૃષ્ટ કલાકાર ગણાતાં હતાં.

પરંપરાગત કચ્છમાં હુતુતુતુ, લંગડી મુખ્ય રમતો હતી, પણ નાનાંનાનાં ગામડાંઓમાં 'ઈટા ઈટી' કે જે પછીથી ગિલ્લીદંડા તરીકે ઓળખાતી હતી તે રમત બહુ જ લોકપ્રિય હતી. છેક બ્રિટિશ હકૂમત પછી અને ભારતીય સંઘમાં ભળ્યા પછી એટલે કે ૨૦મી સદીના ઉત્તરાર્ધમાં ફૂટબૉલ, વૉલીબૉલ, ટેનિસ, બેડમિન્ટન વગેરે રમતો કચ્છમાં પહોંચી હતી. જીમખાનાઓનો પ્રારંભ ૨૦મી સદીના ઉત્તરાર્ધથી થયેલો જોવા મળ્યો છે. ભજનમંડળીઓ પણ એક કાળે યુવાનોમાં ખૂબ લોકપ્રિય હતી.

સંસ્કૃતિના સ્વરૂપે ભારતીય પંચાંગ પ્રમાણે ઉત્સવોની ઉજવણી હિન્દુઓમાં અચૂક થતી જોવા મળી છે. અલબત્ત, કચ્છને પોતાને એક આગવું પંચાંગ પણ હતું જે હાલાઈ સંવત તરીકે ઓળખાતું હતું. અષાઢી બીજ એ કચ્છી પ્રજાનો પોતીકો ઉત્સવ છે. આજે પણ મેઘરાજાની સુપેરે પધરામણીથી જ્યારે જ્યારે હમીરસર તળાવ કે અન્ય જળાશયો છલકાય છે ત્યારે મેઘલાડુનું ભોજન થાય છે તે કચ્છી સંસ્કૃતિનું પ્રતીક છે. કચ્છના મુસ્લિમો મોટે ભાગે હિજરી સંવતને અનુસરે છે અને હિજરી સંવત પ્રમાણે મહોરમ, સફર, રબીઉલ અવલ, રબીઉસસૈની, જમાઉદીન અવલ, જમાદીનસૈની, રજબ, સબન, રમઝાન તરીકે મહિનાઓની ઓળખ છે.

દિવાળી, જન્માષ્ટમી, હોળી, મકરસંક્રાંતિ જેવા ઉત્સવો કચ્છમાં સાર્વત્રિક રીતે ઊજવાય છે અને પરંપરાગત હિન્દુ કુટુંબો નવરાત્રી, દશેરા, મહાશિવરાત્રી, રામનવમી વગેરે તહેવારોને પણ ખૂબ ઉલ્લાસપૂર્વક ઊજવે છે. અખાત્રીજ પણ કચ્છી હિન્દુઓમાં મોટો ઉત્સવ આજે પણ ગણાય છે. સામાન્ય રીતે કણબીઓ આ દિવસને ખેતીના પ્રારંભ તરીકે ઓળખે છે અને બળદ તથા ખેતીનાં સાધનોની પૂજા કરીને ખેતીકામનો પ્રારંભ કરે છે. એકાદશી, પૂનમ, અમાસ પરંપરાગત તિથિઓ તરીકે ઓળખાય છે. તેમાં દેવપોઢી અને દેવઊઠી એકાદશી, નવરાત્રિ, વટસાવિત્રી પૂનમ વગેરે વિશેષ મહત્ત્વની ગણાતી હતી.

કચ્છના સમાજજીવનમાં અને સાંસ્કૃતિક જીવનમાં મેળાઓનું બહુ જ મોટું માહાત્મ્ય છે, જે પૈકી મોટા યક્ષનો મેળો, હાજીપીરનો મેળો, ભુજનો સાતમનો મેળો, માંડવીનો રવાડીનો અને રાપરમાં રવેચીનો મેળો બહુ જ મોટી સંખ્યામાં લોકોને આકર્ષે છે અને મેળાના દિવસોમાં પ્રવાસ હેતુ પણ તેનું વિશેષ આકર્ષણ રહે છે. માતાનો મઢ એક અપવાદરૂપ જગ્યા છે જ્યાં ઐતિહાસિક રીતે રાજવી કુળને પતરી પૂજાનો પણ અધિકાર આપવામાં આવેલો છે જે આજે અલબત્ત અદાલતની એરણે ચડ્યો છે. પરંતુ શ્રદ્ધાપૂર્વક માતાના પૂજન-અર્ચન માટે લાખો પદયાત્રીઓ પણ અહીં આવતા રહ્યા છે અને તે અનુસંધાને આનુષંગિક સાંસ્કૃતિક અને આર્થિક પ્રવૃત્તિઓને પણ વ્યાપક પ્રતિસાદ મળ્યો છે.

૨. કચ્છની લોકસંસ્કૃતિ

ડૉ. દિનેશ જોશી

રણભૂમિ અને અખાતની વચ્ચે કૃષિજીવન, રણજીવન અને સાગરજીવનની સંસ્કૃતિના અનેકવિધ સંગમથી ધબકતી કચ્છની લોકસંસ્કૃતિ પોતાની વિશાળ પાંખો ફેલાવીને અભ્યાસુઓને આકર્ષતી રહી છે. આ લોકસંસ્કૃતિનો અભ્યાસ કચ્છનાં લોકજીવન અને લોકસાહિત્યના માધ્યમ દ્વારા જ થઈ શકે. લોકસાહિત્ય પોતાની વિભિન્ન વિશેષતાઓ દ્વારા લોકસંસ્કૃતિનું સાચું અને સજીવ ચિત્ર આપે છે. બીજા શબ્દોમાં કહીએ તો લોકસાહિત્ય એટલે માનવજાતિના ભવ્ય ભૂતકાળને તાદશ કરતું વર્તમાનકાળનું એકમાત્ર સાહિત્ય.

કચ્છની લોકસંસ્કૃતિનું સાચું અને સુરેખ સ્વાભાવિક જીવંત ચિત્ર કચ્છમાં લોકશાસ્ત્રનો અભ્યાસ કરવાથી જ મળી શકે. કચ્છની વિવિધ લોકજાતિઓના જીવનનાં તમામ પાસાં જેવાં કે ખાનપાન, રીત-રિવાજ, રહેણી-કરણી, આચાર-વિચાર, પહેરવેશ તથા તેમના અંગત વ્યક્તિત્વ અને સામાજિક વ્યક્તિત્વને પ્રગટ કરતા લોકાચાર જેવાં અનેક પાસાંઓને આ પ્રદેશની લોકજાતિઓએ સુરક્ષિત રાખ્યાં છે.

કચ્છના લોકસાહિત્યમાં રજૂ થતી લોકબોલીનો પરિચય

ભાષા અને બોલી એ બંને વસ્તુતઃ અલગ નથી. બાર ગાઉએ બોલી બદલાય એ નિયમાનુસાર થોડાએક અંતરે કે કોમ બદલાતાં થોડા ફેરફાર સાથે વાગ્વ્યવહાર પ્રયોજવામાં આવે તેને બોલી કહે છે. કચ્છપ્રદેશની કચ્છી બોલી કે જાડેજા બોલી તેની વિશિષ્ટ લાક્ષણિકતાઓને લીધે અન્ય ભાષા કે બોલીઓથી નોખી તરી આવે છે. અભિવ્યક્તિની સચોટતા, પ્રવાહિતા તેમ જ સરળતાને લીધે લોકબોલી લોકસાહિત્યને આગવી વિશેષતા અર્પે છે.

પ્રાદેશિક કચ્છી બોલી સમગ્ર કચ્છમાં બોલાતી હોવા છતાં, કચ્છ એક મોટો વિસ્તાર હોવાને લીધે અને બાર ગાઉએ બોલી બદલાતી હોવાને લીધે કચ્છી બોલીના પ્રાદેશિક લાક્ષણિકતા મુજબ નીચે મુજબ વિભાગો પાડી શકાય :

૧. કાંઠાળ પ્રદેશની બોલી
૨. અબડાસાની કચ્છી બોલી
૩. બન્નીપ્રદેશના બન્નિયારોની બોલી
૪. વાગડની બોલી

કચ્છનાં લોકગીતો, લોકકથાઓ અને પ્રકીર્ણ લોકસાહિત્યના માધ્યમથી ઊપસતું કચ્છનું લોકસાહિત્ય

કચ્છના લોકસાહિત્યમાં જળની અભિવ્યક્તિ :

'અષાઢી બીજ, વડર કાં વીજ' જેવી લોકોક્તિઓ કચ્છની લોકસંસ્કૃતિમાં પાણીના ટીપાનું મૂલ્ય સમજાવે છે.

ઉત્તરદિશામાં વધી રહેલા રણ અને દક્ષિણ-કંઠારે જમીનમાં પ્રવેશતા સમુદ્રની ખારાશનો સામનો કરી રહેલા તથા વરસાદની અવકૃપાનો ભોગ બનેલા આ મુલકનાં માનવીઓ માટે પાણી શબ્દ ખૂબ અગત્યનો છે. ત્રણ બાજુ દરિયો અને બે બાજુ રણ ધરાવતો દુનિયાનો આ એકમાત્ર વિશિષ્ટ પ્રદેશ છે. સપાટ મેદાનો અને ડુંગરાઓ, મરુભૂમિ અને સમુદ્ર વચ્ચે વસતી લોકજાતિઓના પાણી પ્રત્યેના તલસાટને કચ્છના લોકસાહિત્યે ચાતકપક્ષીની માફક ઝીલી લીધું છે અને તેથી લોકકવિ કહી ઊઠે છે કે :

વંકા કુંવર, વિકટ ભડ, વંકા વાડીએ વચ્છ
વંકા કુંવર તડે થિયે જ પાણી પીએ કચ્છ

કહીને કચ્છની લોકસંસ્કૃતિમાં કચ્છી પાણીનું મહત્ત્વ જણાવવામાં આવ્યું છે.

નદીઓના વર્ણનમાં પણ લોકકવિ સુપેરે ખીલી ઊઠે છે. એક વખત લાખો ફુલાણી વોંધડી-નદીના ઉદ્દ્ગમસ્થાન પાસે રોકાયો હતો ત્યારે મુસળધાર વરસાદ તૂટી પડ્યો. વોંધડી-નદી કચ્છના મધ્યભાગે આવેલી છે. વરસાદ જોવામાં તલ્લીન બની ગયેલા લાખાને ધ્યાનમાં આવ્યું કે અહીંથી ઉદ્દ્ભવતી કેટલીક નદીઓ કચ્છની દક્ષિણદિશામાં ચાલી જાય છે. આ દૃશ્ય નિહાળી તેના મુખમાંથી આ દુહો સરી પડ્યો :

કચ્છ જે વિચ વોંધડી, નઈંયે વિરાયાં નીર
હિકડયું હલઈયું પાવર કે, બઈયું સાંયરજી સીર

અલબત્ત, કચ્છની નદીઓ બારમાસી તો નથી જ. વરસો અગાઉથી ઓછા વરસાદથી પીડાતા આ પ્રદેશમાં ભારતવર્ષમાં બધે ફરી વળ્યા બાદ છેલ્લા ચરણમાં અમીછાંટણાં થાય છે અને તેથી કચ્છના વરસાદને મંઢો મીં અર્થાત્ લંગડો વરસાદ કહે છે.

તો નદીને લગતા અન્ય એક ગીતમાં નદીને કિનારે વીરો પતંગ ઉડાડે કહીને નદીનું વર્ણન કરવામાં આવ્યું છે. ભુજની નદીનું પણ સુંદર વર્ણન જોવા મળે છે :

ભુજજી નદીએમેં વહીંતા રે પાણી
નદી કંધે ઊભો, વર હંસલો ઘોડો
વર હંસલો ઘોડો, વર વાળે અંબાડો... ભુજજી.

ભૂતકાળમાં કચ્છમાં વહેતી સિંધુનદીની શાખાને કોરી નામે ઓળખવામાં આવતી. હાલ પણ સિંધુનો ભીતરી પ્રવાહ કચ્છનાં ઘણાં સ્થળોએ ફૂટી નીકળે છે. આવા ઝરાઓને સનના નામે ઓળખવામાં આવે છે. કચ્છના અંજારવિસ્તાર ઉપરાંત ઘોડાલખ અને મઉ-ગામે ફૂટી નીકળતા આ ભોમભીતરી પ્રવાહ માટે લોકકવિ ગાઈ ઊઠે છે :

સિંધુ મિજાનું સરકઈ, બઈ અંજાર જે આરે
મઉ મેં ઈનજા માઈતર, ઘોડાલખ ગુજારે

કચ્છની લોકસંસ્કૃતિમાં નાનકડી બાળકીને હાલરડામાં જ પાણીની સમસ્યાનો ચિતાર આપી દેવામાં આવે છે.

કાંભિયે સે લોડ
પચણી ભર રે છોરી
ડાહ્યલી;
કડલે સે લોડ
પાણી ભર રે છોરી ડાહ્યલી;
હિકડો ઠલો અને
બ્યો પણ ઠલો;
ગાગર સે લોડ
પાણી ભર રે છોરી ડાહ્યલી !

તો અન્ય ગીતમાં પાણીની સમસ્યા આ રીતે વણી લેવામાં આવી છે :

પાણી રે પાતાર જો, આઉ તરી ન તી જાણા,
તરી ન તી જાણા આઉ ભરી ન તી જાણા

જ્યારે લગ્નગીતોમાં તલ પાણી અંગેના ઉલ્લેખો... ઓહોહો. એ ગીતો જ સાંભળીને તૃપ્ત થઈ જવાય એટલી હદે જોવા મળે છે. પરણ્યા બાદ કચ્છ જેવા સૂકા પ્રદેશમાં જવું પડશે તેથી કન્યા પોતાના પિતાને (ખુવડી) ખોદાવી આપવાનું કહે છે.

ખુવડી ખણાય દે આમર અધમ, ભરી ન તી જાણા...

આ સિવાય અન્ય લગ્નગીતમાં :

કી ભરીયાં, કીં ભરીયાં, કીં ભરીયાં
કચ્છડે જો પાણી આઉ કીં ભરીયાં

કહીને પાણીની અછતની સમસ્યા જણાવવામાં આવે છે.

કચ્છમાં ઘણી વખત અષાઢી બીજનાં લગ્નના મુહૂર્ત નીકળે છે. આહીરોમાં તો જન્માષ્ટમીના દિને ખાસ સામૂહિક લગ્નો લેવાતાં હોય છે. ત્યારે એક તરફ ઝરમર વરસાદ વરસતો હોય, ધરતીને એક તરફ લાડાના મિલનનો આનંદ હોય તો બીજી તરફ લાડાને પણ પરણવાની હોંશ હોય છે. ત્યારે જાનડીઓ કચ્છના વરસાદને લગ્નગીતમાં આ રીતે વણી લે છે :

ઝરમર ઝરમર મેહુલો વરસે, વીજ કરે
ચમકાર વા વા
ચાગલે વીરજા સોનેરી સાફા, શોભા
અપરંપાર વા વા

તો પરણીને ઊતર્યાં બાદ બે દિવસ પછી પિયરિયામાં આણે જતી યુવતીને તો દિન-રાત પતિના જ વિચારો આવ્યા કરતા હોય છે અને ક્યારે આવીને પતિ પોતાને તેડી જશે એવા વિચારોમાં એ ઝૂરતી હોય છે :

પાણી ભરીંધે મુંકે આવી હેડકી,
આઉ તો ભાઈયાં, મુંજો માડુ અચિંધો
માડુ અચિંધો, મુંકે તેડી વેંધો... પાણી ભરીંધે...

આ અને આવાં અનેક ગીતોથી કચ્છની લોકસંસ્કૃતિ ભરીભાદરી બની છે. સ્થળસંકોચને લીધે એ તમામનો ઉલ્લેખ અહીં શક્ય નથી.

કચ્છમાં તો સાસરે વસતી કન્યાને પણ ચોમાસામાં પહોંચેલ-પામેલ પિયરિયાં ખાસ બોલાવે છે. તેથી શ્રાવણમાસ બેસતાં જ દીકરીની આંખો દાદાના દેશ તરફ મંડાય છે :

ઉત્તર ઝબુકલ વીજળી ને
બાઈજી ડખણી દિશ થઈ દૂર
ડોરો સીંચીને દીકરી વાટડ્યું ત્યું નેરે...

અલબત્ત, બધાં પિયરિયાં સધ્ધર નથી હોતાં. કેટલાંક ગરીબ મા-બાપની દીકરી માટે તો પિયરિયાંનુંને પાણી પીવાનું પણ નસીબમાં નથી હોતું. એવાં મા-બાપ માટે દીકરી તો દૂરથી રળિયામણી :

ગઢના આઠ કૂવા નવ પાવડાં રે
તેમાં પાણી ભરે પનિહારી રે,
દીકરી દૂરથી રળિયામણી રે ....

આવી દારુણ ગરીબીમાં લોકજાતિઓ જીવતી હોવા છતાં મનભરીને લોકવૈભવ પણ માણી શકે છે. કરુણ વાસ્તવિકતાનો આથી વિશેષ શો ઉપહાસ હોઈ શકે ! રોજિંદા જીવનમાં પાણી પણ મેળવી ન શકનાર કચ્છની લોકજાતિઓ વૈભવના વર્ણન વખતે ખીલી ઊઠે છે :

સાયબા હું રે તાંબાની હેલે પાણીડાં નહીં ભરું
સાયબા મુને સોના ઈંઢોણી કેરી હામ રે...

સાચો વૈભવ માણી ન શકતી હોવા છતાં પણ ઈશ્વરકૃપાથી પૈસાદારોની અપેક્ષાએ ગરીબો પર સવિશેષ વરસી રહે એવી શુભકામના પણ પાણીના જ દૃષ્ટાંત દ્વારા લોકજાતિઓ કેવી સાહજિકતાથી રજૂ કરી દે છે એ જોઈએ.

સંબરેજી તા સરા ન કરીઆં, આંઉ ગરીબે ગડ
ડુંગર પાણી ન ડેરે, ડેરે વિની ખડુ

વરસાદનું પાણી ડુંગર પર નહીં પરંતુ નીચે આવેલ ખાડાઓમાં રહે છે. દૃષ્ટાંત અલંકારનું આવું સુંદર ઉદાહરણ અન્ય સાહિત્યમાં કદાચ ભાગ્યે જ જોવા મળશે.

વરસાદની તીવ્ર અછત ધરાવતા કચ્છપ્રદેશની કહેવતો, પ્રયોગો, ઉખાણાં અને માન્યતાઓ પણ પાણીને લગતાં સવિશેષ હોય છે તે પૈકી કેટલીક નિહાળીએ.

(૧) કતિયું આવઈયું કિપાર તડે મૂરખ મંગે મીં – કૃતિકાનક્ષત્ર મધ્યાકાશે આવે ત્યારે વરસાદની આશા રાખવી નહીં.

(૨) અભ રતો ત મીં મતો – આકાશમાં સંધ્યાના રંગો ખીલે તો વરસાદ સારો થાય.

(૩) જ વરસે આધર ત ન વિને સાધર – જો આર્દ્રાનક્ષત્ર વરસે તો ભેજ જાય જ નહીં.

(૪) ભદ્રે જો ભા, હિકડે શેડે મીં, ત બે શેડે ડીં – ભાદરવાના વરસાદમાં ખેતરનો એક શેઢો ભીનો તો બીજો શેઢો કોરો.

(૫) માક ત તેરઉ મેઘ આય – ઝાકળ તો તેરમો વરસાદ કહેવાય.

તો કચ્છી પિરોલીઓ પણ કેવી... પયને ધારણ કરનાર પયોદ – વાદળની પિરોલી લોકકવિ આ રીતે પૂછે છે :

પગે વિગર સટું કઢે, હથ મેં અચે ન મૂર
રમે જમેતાં રાત ડી, ડિસી થિયે ડુખ ડુર

કચ્છી કહેવતો, પિરોલીઓ અને દુહાની જેમ કચ્છની લોકમાન્યતાઓ પણ જળ અને વરસાદની આસપાસ મંડરાતી હોય છે. અષાઢી બીજના દિને સાંયકાળે ચંદ્રને જોતાં જો ચંદ્ર દક્ષિણદિશા તરફ નમેલો હોય તો સચરાચર વરસાદ થશે એમ માનવામાં આવે છે. સદાય અતૃપ્ત એવા કચ્છડાના નવા વર્ષની શરૂઆત પણ એટલે જ અષાઢી બીજથી ગણવામાં

આવે છે ને આ સિવાય અષાઢ સુદ નોમના દિને વાદળછાયો ચંદ્ર હોય તો સારા વરસાદની આગાહી કરવામાં આવે છે. વર્ષાની હેલીને સદૈવ ઝંખતા કચ્છડામાં આ સિવાય પણ અસંખ્ય લોકમાન્યતાઓ પ્રચલિત છે, પરંતુ સ્થળસંકોચને લીધે અત્રે આપી નથી.

કચ્છમાં આવેલા કુંડો ચાચરા કુંડ કે રામ કુંડ જેવાનાં પગથિયાં અને શિલ્પ કોઈક મનોહર વાવની માફક નયનરમ્ય દૃશ્ય ખડું કરવાની સાથે જળને ધાર્મિક સ્થળ અને સંસ્કૃતિ સાથે વણી લેવાની અદ્ભુત સમન્વયદૃષ્ટિનું ઉદાહરણ પૂરું પાડે છે. તો કચ્છનાં ગામો પૈકી દહીસરા, માનકૂવા, રામવાવ, પાનધ્રો, બુડધ્રો, સાનધ્રો, ગોધરા જેવાં નામો પણ પાણીનો ધરવ ઉત્પન્ન કરનારાં છે.

કુદરતનાં કામણ

કુદરતનાં ગુણગાન ગાતા કચ્છના લોકસાહિત્યનાં લોકગીતો, લોકકથાઓ, દુહાઓ, પિરોલીઓ કે કહેવતોમાં કુદરતના કામણનાં છૂટે મોંએ વખાણ થયેલાં જોવા મળે છે.

પ્રાદેશિક, ભૌગોલિક તથા ઐતિહાસિક ત્રિવિધ દૃષ્ટિએ વિશિષ્ટતા ધરાવતા કચ્છના જનલોકકવિએ કેવાં ભરપેટ વખાણ કર્યાં છે તે નિહાળીએ :

શિયાળે સોરઠ ભલો, ઉનાળે ગુજરાત
ચોમાસે વાગડ ભલો, કચ્છડો બારે માસ

આ દુહામાં કચ્છની વિશેષતા જણાવવામાં આવી છે.

આ સિવાય ભૌગોલિક ઊથલપાથલને લીધે કચ્છમાં ખનિજ પુષ્કળ મળે છે, જે પૈકી લખપતમાંથી મળી આવતા લાઈમસ્ટોનનો આકાર ગોળ ચલણી સિક્કા જેવો હોવાને લીધે તેને લોકબોલીમાં 'નંદ જો નાણું' કહે છે.

તો કચ્છના મધ્યભાગમાં રહેલા ડુંગરાઓ પણ લોકકવિઓને આકર્ષતા રહેલા છે. વાગડની ઉત્તરે આવેલ નીલવા-ડુંગરને જોઈને વાગડના લોકો બોલી ઊઠે છે :

નામે નીલવાને કારો, ચડવો માથે હાલવો પારો

કચ્છની પ્રખ્યાત લોકકથા ઓઢો જામ અને હોથલ પદમણીના નાયક ઓઢા જામને તેની ભાભી પરની કુદૃષ્ટિના ખોટા આરોપને લીધે દેશવટો આપવામાં આવે છે ત્યારે કચ્છ છોડતી વખતે બન્નીના કીરા-ડુંગરને જોઈને તેના મુખમાંથી ઉદ્ગાર સરી પડે છે કે :

કીરા તુ અઈયે નીરો, ઊભે બન્નીય બોક,
ડઈ હિયે મે ખોટ, કે રે કાછો છડીઓ.

કચ્છ તરફથી આવતા હોલાને જોઈ એ બોલી ઊઠે છે :

બાબીડા બઈયાર, કડે વેંને કચ્છડે
ઝીઝા ડીજ જુહાર, પાડો પૂછી પિરીયનજો.

આગળ જતાં એ હોથલના પ્રેમમાં પડે છે ત્યારે એની સમક્ષ કચ્છનાં વખાણ કરતાં જે દુહો કથે છે તે તો કચ્છના લોકસાહિત્યમાં અમર બની ગયો છે:

ખેરી, બેરી ને બાવરી, બ્યા કંઢા ને કખ,
હોથલ ! હલો કચ્છડે, જિડાં માડુ સવા લખ.

કચ્છના લોકસાહિત્યમાં ઝારાડુંગરનું પણ વર્ણન જોવા મળે છે :

ઝારો ઉત્તમ ડુંગરે, કારો કેકણા
ખેલે ખેંગો વંકરો, નમે ન સુરતાણ

તો સમુદ્ર વિશે પણ પિરોલી જોવા મળે છે :

હિકડો એડો ખાખી બાવો
પાણી આય પણ નાંય પિયાવો
ડણકેં જાણે સી, સુખસે સુમેં ન રાત-ડી

તો કચ્છનાં વૃક્ષો અને વનસ્પતિઓનાં પણ લોકકવિએ ભરપેટ વખાણ કર્યાં છે. આકડા જેવી વનસ્પતિ કે રણમાં થતા પીલુ અને સમુદ્રકિનારે ઊગતી નાળિયેરીના ઉલ્લેખો કચ્છના લોકસાહિત્યમાં મળી આવે છે.

આકડાને 'વડ જેડા પન, સેલરી જેડા ગોટા'ની ઉપમા આપવામાં આવી છે.

તો પીલુ માટે :

વગડે જો વાસી અઈયાં, આંકે કમ અચાં
ફૂલડે ફૂલ્યો અઈયાં, પન જો ન મિડે ના

નાળિયેર માટે પણ :

વડે વડે જાડ મથે, વિઠો ચડીને ઠેઠ,
પખી ન કીં પરીંધો, પાણી ભરેલ પેટ.

– જેવી પિરોલીઓમાં બુદ્ધિકસોટી સાથે સૂક્ષ્મ મંદ હાસ્ય પણ વણાયેલું જોવા મળે છે.

સાગર, કૃષિ અને પશુપાલક સંસ્કૃતિથી ઓપતાં લોકગીતોમાં પશુપક્ષીઓ અને વનસ્પતિ પણ હીર-ભરેલ ભરત પેઠે વણાઈ ગયાં છે.

કુંજ વિઠી આય ધરીયા જે બેટતેં ને
ચુણેજો નાંય પાર
કુંજલ મ માર વીરા કુંજલ મ માર
હી રે કુંજલ વેંધી ધરિયાપાર

જેવાં લોકગીતોમાં સમુદ્ર અને પક્ષીઓ વણાઈ ગયાં છે.

લગ્નમાં તો નીલુડા ઘોડાનું કેટલું મહત્ત્વ રહેલું છે ! :

નીલુડી ઘોડી તોજા નીલુડા પલણ
નીલુડે નેત્રે ઘોઈ રે ઘોડી શીનારો.

ગાય, ઘેટાં-બકરાં વગેરે ચરાવતા અને એમની સાથે જ ઓતપ્રોત બની જતા માલધારીઓનાં ગીતોમાં તો પશુપક્ષીઓ જીવંત બની જાય છે.

રણ ઘોડી ને રાત, ચંધર પૂનમ માહજો
સારા બેલી વેં સાથ ત કજે રુચન્યું ગાલ્યું

કચ્છી કહેવત અને પિરોલીઓ કચ્છના લોકસાહિત્યમાં મૂર્ધન્યસ્થાન ધરાવે છે. કચ્છી કહેવતો મુખ્યત્વે વરસાદ પર આધારિત હોઈ પ્રકૃતિ સંબંધી અનેક કહેવતો કચ્છના લોકસાહિત્યમાં જોવા મળે છે. એમાંની કેટલીક મુખવાસની પેટે મમળાવીએ :

કતી જો ક્કરોય ખાસો – કારતક માસમાં જે કંઈ પેદાશ થાય એ દુર્લભ ગણાય.

જ વરસે આધર, ત ન વિને સાધર – આર્દ્રા નક્ષત્રમાં વરસાદ થાય તો ભેજ જાય નહીં.

વજેણવડી વખરી – સ્નાન એ મહાસંપદા છે.

અકડે જે ઝાડમેં હીરા ન ઊગે – આકડાના વૃક્ષમાં હીરા ન ઊગે (અર્થાત્ સમાન – સમાનને જ જન્મ આપે.)

આવી અનેક કહેવતોમાં કુદરતની કૃપા કે અવકૃપાને લોકકવિઓએ વણી લીધી છે.

જાનપદી વાતાવરણ

કચ્છના દરેક સ્થળનું પોતાનું જાનપદી પર્યાવરણ પણ વિશિષ્ટ જ છે. આ જાનપદી વાતાવરણના પ્રતિબિંબરૂપ અનેક દુહાઓ કચ્છના લોકસાહિત્યમાં જોવા મળે છે. તે પૈકીનો એક દુહો નિહાળીએ :

ખૂર સિંગ, પુછ રુપારીઉ, સેણે જેજી સિક્ક,
ખનન વજે ખરડા ખુંધરે, બન્નીય બોક

કચ્છનાં લગ્નગીતોમાં સગાઈનાં ગીતો, લગ્ન વધાવવાનાં ગીતો, સાંજીગીતો તથા અનુષ્ઠાનનાં ગીતોથી માંડીને કન્યાવિદાયનાં ગીતો સુધીમાં કચ્છનું જે જાનપદી જીવન ધબકતું જોવા મળે છે એવું અન્ય ક્યાંય ભાગ્યે જ જોવા મળે છે. લગ્નગીતોમાં પ્રકૃતિપૂજન અને ખેતરપાળનાં પૂજનગીતો પણ વણી લીધાં છે.

કચ્છના કોઈપણ ગામડામાં લગ્ન માટે સિવરતા વરરાજાનો દોરદમામ જોવા જેવો હોય છે. માથે સાફો ધારણ કરી, હાથમાં તલવાર લઈ, માફાળા ગાડામાં બેસવાની તૈયારી વખતે ગોર મહારાજ દ્વારા સ્વસ્તિવચનો બોલાતાં હોય, માતા વરરાજાના કપાળમાં કુમકુમચાંલ્લો કરતી હોય, ગાડાના પૈડામાં શ્રીફળ સીંચાતું હોય અને તેવા સમયે જાનડીઓનાં ગળાને મોકળું મેદાન મળી જતું હોય છે :

વેલું તે છૂટ્યું, વાડીના વડ હેઠ
વેલું તે છૂટ્યું, ઝાઝા જાંબુ હેઠ...
હાં રે કેસરિયા વેલું છૂટ્યું

અને આવા કેસરિયા વાતાવરણની વચ્ચે એક ગીત પૂરું થાય ત્યાં તો બીજું ગીત ઊપડે છે :

કોયલ બેઠી આંબલિયાની ડાળ,
સુડલિયો બેઠો રે ગઢની કાંગ રે માણારાજ
વેલું તે જોડજો વાડીના વડ હેઠ
વડલી વચ્ચે ઓછાં મોતીડાં રે માણારાજ

લોકસાહિત્યનાં સુડલિયો તથા કોયલનાં અમર પ્રતીકો રૂપે અહીં વર-કન્યાને કલ્પવામાં આવ્યાં છે. કચ્છના આ જાનપદી વાતાવરણમાં માત્ર સુડલિયો અને કોયલ જ નથી આવતાં; લોકસમાજે તો પ્રાણીઓને પણ લોકવૈભવમાં ઝબોળ્યાં છે. માફાળા ગાડાનાં બળદોનાં

શિંગડાં ઘી-તેલથી ચમકાવેલાં હોય, ગળામાં રૂમઝૂમ ઝાલર વાગતી હોય અને બળદની પીઠે ઓઢાડેલ હીર-ભરેલ કપડાના છેડા પણ ઘૂઘરીવાળા હોય છે.

આ સિવાય ઉત્સવપ્રસંગે રમાતા રાસડાઓમાં કચ્છની સંસ્કૃતિની સુંદર ઝલક જોવા મળે છે. આવો, એક રાસડો જોઈએ :

કચ્છજા માડુ વંકે વટવારા, વંકડા મુછજા વાર
હલ રે હોથલ હલ કચ્છડે કે તું ન્યાર
કુંજિયું કૂણકે, ઢેલું ઢરકે
મોરલા મિઠડા કરીયે મલાર... હલ રે હોથલ...
પાઘ વટવારી, ભેખ વટવારી,
ચોટલ ચેણી ચુડીધાર... હલ રે હોથલ...

તો હોથલને ઉદ્દેશીને અન્ય એક દુહામાં કચ્છની આ રીતની વિશિષ્ટતા વ્યક્ત કરવામાં આવી છે.

આવળ બાવળ બોરડી બ્યૂ કંઢા ને કખ
હલો હોથલ કચ્છડે જિડાં માડું સવા લખ

નારીસંવેદના

લોકસાહિત્યના અભ્યાસ દ્વારા નારીના સચ્ચારિત્ર્ય, સદાચાર અને સંનિષ્ઠતાનાં દર્શન થાય છે. સતીત્વના આદર્શ, પતિવ્રતાના આદર્શ તથા આતિથ્યભાવનાના આદર્શથી માંડીને ત્યાગ અને બલિદાનના અનેક આદર્શોનો સમન્વય કચ્છના લોકસાહિત્યમાં જોવા મળે છે.

લોકસાહિત્યમાં નારીસંવેદના માતૃત્વની ઝંખનાથી માંડીને મોક્ષપદની પ્રાપ્તિ સુધી વિસ્તરેલી છે અને એ સંવેદનાને સૌપ્રથમ વાચા મળે છે સીમંતની વિધિ વખતે. રાંદલમાને તેડાવાય ત્યારે એ વખતે સ્ત્રીઓ હલકભર્યા સૂરે ગીતો ઉપાડી વાતાવરણ ચેતનવંતું બનાવી દે છે. એ પૈકી ગુજરાતનું પ્રખ્યાત લોકગીત કચ્છમાં પણ ગવાય છે :

ખોળાનો ખૂંદનાર દે ને રન્નાદે...

બાળજન્મ પછી છટ્ઠે દિવસે તેની છઠ્ઠી ઊજવવામાં આવે છે. બાળકની ફઈ તે વખતે આવે છે, ચાર કુમારિકાઓ એકઠી થઈ નાના બાળકને હીંચકા નાખે છે અને ફઈ નામ પાડતાં ગાય છે :

ઓળીઝોળી પીપળ પાન
ફઈએ પાડ્યું ખમુભા નામ

અને પછી બાળક મોટું થાય ત્યારે માતા હાલરડા દ્વારા પોતાનું વાત્સલ્ય વ્યક્ત કરવાથી માંડીને સંસ્કારપ્રદાન સુધીની જવાબદારી વણી લેતી હોય છે

બાળકને સુવડાવવા માટે માતા ગાઈ ઊઠે છે :

હિન રે કુંજલ કે કઢલા રે સુણધા
કાંભી વારો હિલો ડે રે વણાતલ કુંજલ
હિન રે કુંજલ કે નથડી જો સુણધો
ટિલડીયા રોહિલોડે રે વણતાલ કુંજલ..

માતા દ્વારા આ રીતે કચ્છની લોકસંસ્કૃતિનું પીયૂષપાન કરી મોટો થયેલો યુવાન જ્યારે લગ્નની અવસ્થાએ પહોંચે છે ત્યારે સગાઈની રસમ વખતે વરપક્ષ તરફથી કન્યાને ચાંલ્લો કરી ચૂંદડી આપવામાં આવે છે. એ વખતે ચૂંદડી અને રાતા રંગની સાથે અંજારપ્રદેશની સ્ત્રીઓ માધવરાય ભગવાનને પણ આ રીતે વણી લેતી હોય છે

ચૂંદડીના ચારેય છેડા મલપતા આવે
પેલે ને વધાવે મારે કોણ કોણ આવે ?
પેલે ને વધાવે મારે માધવરાયજી આવે...

અને પછી પરણવા આવેલ યુવાનને પોંખતી વખતે ગવાતાં ગીતોમાં સોનાનાં આભૂષણોમાં કસ્તૂરીની સુગંધને વણી લઈ વેવાઈઓના સંબંધમાં કસ્તૂરીની મીઠાશ ભેળવવામાં આવે છે. કચ્છમાં ચારણજાતિની સ્ત્રીઓ ગીત ગાતાં કહે છે કે :

કસ્તૂરી કાંટેરી તોળાઈ, કસ્તૂરી મોંઘેરી વેચાઈ,
સે તાં મુંજ પુનશી ભા જે રાજમેં વપરાયો હો
માણારાજ
ઉથિયો રે માતા પે રો રે શણગાર,
ધનબાઈ માતા પે રો રે શણગાર
અજ તોજે જન્મ્યે કે મુતીડે વધાયોં હો માણારાજ,
અજ તોજે ચાગલડે કે ચોખલીયે વધાયોં હો
માણારાજ...

આમ હાસ્યની નિર્દોષ છોળો વચ્ચે વર-કન્યા પરણી જાય એટલે વિદાયનાં ગીતોથી વાતાવરણ ભારેખમ બની જાય :

મંડપ બંધાયા ચાર થોંભીસે હો રાજ
ચોરી આંટા ડિનાં ચાર હો રાજ
કન્યા રુએતી મિઠે ધ્રુસ્કે હો રાજ
બાપા વોરાયા દીકરી હો રાજ...

'અતિથિ દેવો ભવ'ની ભારતીય પ્રણાલીને કચ્છની લોકસંસ્કૃતિ યથાવત્ વળગી રહી છે. માથે માઝમરાત હોય, તારલિયા ઝબૂકતા હોય, બન્નીની ગોદમાં આવેલા ગોઠમાં તે સમયે બન્નીવાસીની મહેમાનગતિ માણવા જેવી હોય છે :

કચ્છી જો તાં મેમાણ આયો
ધોડા ધોડી ચોખા રંધીયા
ચોખે જે કેડા મરાં ધોખા
મુંજી વાલી ભેણ, કચ્છી જોતા મેમાણ...
ધોડી ધોડી ઢોલિયા ઢારીયા...

અલબત્ત, લોકસાહિત્યમાં દાંપત્યજીવનનું સુંદર પ્રતિબિંબ જોવા મળતું હોય એવું હંમેશાં નથી બનતું. ઘણી વખત પુરુષની ભ્રમરવૃત્તિ તેને પરનાર પ્રત્યે ખેંચી જાય છે ત્યારે દાંમ્પત્યજીવનમાં તિરાડ પડે છે. એમાંય જો શોક્ય ઘરમાં આવે તો પત્ની પર જાણે દુ:ખના ડુંગર તૂટી પડતા હોય છે. ડગલે ને પગલે મહેણાં મારતી શોક્યથી ફફડતી પત્નીને કેન્દ્રમાં રાખી લોકસાહિત્યે આ કરુણ ઘટનાને હૃદયવિદારક ગીતરૂપે કંડારી છે :

મીણું મ માર શોક, મીણું મ માર રે
મુંજો પિયરીયો ગઢ ગિરનાર... મીણું મ માર...

અને આ રીતે માનવજીવનના વૈવિધ્યસભર ભાતીગળ ભાવોને માત્ર નારીનું કોમળ હૃદય જ ઉપવાસી શકે છે. કોઈપણ પ્રદેશના લોકસાહિત્યમાંથી નારીસંવેદનાની બાદબાકી કરવામાં આવે તો એ સાહિત્ય અલ્પજીવી બની જાય છે; એ ન્યાયે કચ્છના લોકસાહિત્યમાં નારીની સંવેદના તાણાવાણાની પેઠે વણાઈ ગઈ હોવાથી તે ચિરંજીવ બની શક્યું છે.

ઘરેણાંના ઉલ્લેખો

માનવીનો – તેમાં પણ સ્ત્રીનો ઘરેણાં પ્રત્યેનો લગાવ આદિકાળથી રહ્યો છે. એમ કહેવામાં કશુંય ખોટું નથી કે માનવી સભ્યતાના પાઠ પછી શીખ્યો પણ પથ્થર, છીપલાં વગેરેની વિવિધ આકૃતિઓનાં આભૂષણોથી પોતાના દેહને આભૂષિત કરતાં પહેલાં શીખ્યો છે. આપણે કચ્છી લોકસાહિત્યમાં ઘરેણાંઓનો નાદ મેળવીએ.

લોકસાહિત્યમાં સીમંતસંસ્કારને ખૂબ જ મહત્ત્વ અપાયું છે. તે વખતની અન્ય લોકવિધિઓમાં ખોળો ભરવાની વિધિ પ્રમુખ છે, જેમાં ગર્ભવતી સ્ત્રીને તેના ભાવિ બાળકના આગમનના અભિનંદન અર્થે જે-તે પરંપરા મુજબ ઘરેણાં આપવામાં આવે છે. બાળજન્મ બાદ છઠ્ઠે દિવસે તેની છઠ્ઠી ઊજવવામાં આવે છે ત્યારે બાળકની ફઈ દ્વારા નામકરણવિધિ થાય છે અને બાદમાં પિતૃપક્ષ તરફથી ફઈને પહેરામણીરૂપે સાલ્લો અને સોનાનાં ઘરેણાં આપવામાં આવે છે. છઠ્ઠીની વિધિ થયા બાદ ધીમેધીમે બાળક મોટું થતાં તે તોફાની બનવા માંડે છે. માતાને ઘરકામ ઘણાં હોય તો બહેન પર ભાઈને હીંચકા નાખવાની જવાબદારી આવી પડે છે, ત્યારે વીરા પ્રત્યેનો ભાવ હાલરડાં દ્વારા વ્યક્ત થાય છે અને નારીસહજ આભૂષણ પ્રત્યેનું આકર્ષણ પણ છતું થાય છે જે આ હાલરડામાં જોવા મળે છે :

આઉ તાં વેંધીસ કડલાં ઘડાયેલાં
હાં...હાં...હાં...
મુંજો વીરો વેંધો નાણાં ચુકાયેલાં
હાં...હાં...હાં...

લોકસાહિત્યે માત્ર બાળજન્મ કે હાલરડાંને ઉલ્લાસથી નથી ગાયાં પરંતુ લગ્ન જેવી જીવનની પ્રભાવશાળી ઘટનાને પણ ખૂબ જ મહત્ત્વ આપ્યું છે અને તેથી 'લગ્ન ત્યાં ઘરેણાં' એ ન્યાયે સગાઈની વિધિમાં ચૂંદડી ઓઢાવાનાં ગીતોમાં ઘરેણાંનો ઉલ્લેખ જોવા મળે છે, જેનાં અનેક ગીતો પૈકી થોડાંક ગીતો જોઈએ :

હેડાં હેડાં કડલાં વીરલજી વઉ પેરે,
વીરલો તો વટ પેરે અસાંજો વટ વારો.

જેવાં ગીતોમાં પોતાનો વીરો પોતાની ભાભીને ઘરેણાં આપીને ફોસલાવી લેશે અને વટથી તેને લઈ જશે એવો ભાવ વ્યક્ત થયેલો છે. લગ્નગીતોમાં ઢોળિયાં, નથડી,

બંગડી, વારલો જેવા શબ્દપ્રયોગોનો વિપુલ પ્રમાણમાં ઉપયોગ થયેલો જોવા મળે છે.

તો અન્ય એક લોકગીતમાં –

આઉ ત પેરધીસ બંગડી રે
આઉ ત પેરધીસ નથડી રે
નાણેજા કોડીલા હલો ઘરે
મુંજા નાણાગર મેઘલા હલો ઘરે...

તો ઠાઠમાઠથી પરણવા જતા વરરાજાને ગરમી ન લાગે એટલા માટે તેને નખાતો વીંજણો પણ સોનાની ઘૂઘરીવાળો હોવાની કલ્પના પ્રસ્તુત લોકગીતમાં જોવા મળે છે :

ખમા મુંજે વીર કે ગરમી લગી પંખો પ્યારો
રે પંખો, રે પંખો, રે પંખો પ્યારો
સવા ત સો વારો સોની તેડાયા;
પંખે તે ઘૂઘરી ટંકાયા... રે પંખો પ્યારો...

એવું વર્ણન જોવા મળે છે.

તો કૌટુંબિક અને સમાજવિષયક રાસડાઓમાં પણ ઘરેણાંનાં વર્ણનો જોવા મળે છે. દા. ત.,

હથજી બંગડી ખણી વ્યો વિઠલો
ને હથેસે આઉ અડવી થઈ રે
હલઈસે ભેણ નગર ભાજાર...

તો અન્ય ગીતમાં મહી વેચવા આવતી મૈયારણને પ્રતીક બનાવીને પત્ની પતિદેવ પાસે ઘરેણાં લઈ આપવાની માગણી કરે છે :

હિ કેર રે મૈયારણ અચે લમેં ચોટલે વારી
ઈન જો ચોટલો કારો નાગ, મૂંકે મોહિની લગી રે..
ઈન જે નક જેડી નથડી મુંકે નકમેં ખપે રે
મથે હીર જા ઝબકાર મુંકે મોહિની લગી રે

આમ, કડલાં, હાંસડી, હારલો, કાંભીને મડઈને ખોંભે સહિત અનેક વર્ણનોથી કૌટુંબિક તથા સામાજિક રાસડાઓ ભરપૂર છે. સ્ત્રીનો અવતાર એટલે બેય કુળને તારે. સાસરિયામાં સાસુ-સસરાથી માંડીને કુટુંબનાં બધાં સભ્યોની સંખ્યા નવ થતી હોય ત્યારે સાસરિયામાં દૂધમાં સાકરની માફક ભળી જતી વહુને એ નવલખો હાર લાગતો હોય છે, જે આ ગીતમાં જોવા મળે છે :

છેં – છેં હીરે સે શોભે મુંજી સોહાગ ટીલડી
ચમકેતો ચૌદસ જો ઉજાસ... મુંજી શોભે...
પેલો હીરો તાં મુંજા સોરો સુહાગી...

અને એવાં વર્ણનોમાં માડી સમાન સાસુ, નાજુકડી નણદલ, ભાભીઘેલો દેવરિયો, ભાવભરેલી ભાભી સાથે છેલ્લે 'મુંજે હૈયે જો નવલખો હાર' આવે છે.

તો કેટલેક ઠેકાણે વિપરીત બાબતો જોવા મળે છે. પત્નીનો સોના પ્રત્યેનો લગાવ એટલો બધો હોય છે કે પત્નીના શોખ પૂરા કરવા જતાં પતિ પર કરજ વધી જાય છે અને છેવટે પત્નીને મૂકીને સાચા સોના જેવા પતિદેવને નાસી જવું પડે છે. તે સમયે પત્નીના દુઃખના ભાવ આ રીતે વ્યક્ત થયા છે :

હલઈ વિના વાટતે મુંજો સાયબો વિનાણો
સાયબો વિનાણો, સચો સોન વિનાણો
પગ તે પેરાયેલા માડી કડલાં ઘડાયાં
કડો ઘડાયા, મથે હીરલા જડાયા.. હલઈ વિના..

કચ્છી કહેવતો કે રૂઢિપ્રયોગોમાં પણ ક્વચિત્ આભૂષણો રૂપક બનીને આવે છે. એક લોકસંસ્કૃતિવિદના મત મુજબ, કહેવત એ રસ્તે ચાલતાં અચાનક મળી આવતું એક એવું અમૂલ્ય ઘરેણું છે કે જેને બેધડક ગમે ત્યારે પહેરી શકાય છે. આમ કહેવત એ લોકસિક્કો છે. આવી કહેવતોમાં 'સોનજી અંબાડી કરતા ગુડજો ગંઢો ખાસો' કે 'સોનજી અખ' તથા 'ફુવડ શણગાર કરે તેંસી ભાજાર ઉથી વિને' જેવી કહેવતોમાં સચોટતા જોવા મળે છે.

પિરોલીઓમાં પણ ઘરેણાં રૂપક બનીને આવે છે. દા. ત., જુવારની ફળી માટે 'હિતરોક ડડો, મુતીયે જડ્યો', 'પાણી પીને મથે ચડ્યો'. એ રીતે પિરોલી પૂછવામાં આવે છે તો, 'પિરુલી પરધાજી, ચકમક હીરા, ધુઈ ધુઈ મરા તોયે નીલે જા નીલા.' કહીને મગની ઓળખ પૂછવામાં આવી છે. આકાશમાં સૂર્ય માટે 'તરામેં સોન જો વાટકો તરે' એમ કહીને સામી વ્યક્તિને મૂંઝવવામાં આવે છે.

આમ કચ્છના લોકસાહિત્યમાં ઘરેણાંઓને લાલિત્યપૂર્વક વણી લેવામાં આવ્યાં છે. રોજિંદા જીવનમાં વૈભવને માણી ન શકનાર લોકજાતિઓ લોકસાહિત્યમાં વૈભવના વર્ણન વખતે ઓર ખીલી ઊઠે છે. માનવી જે વાસ્તવિક રીતે પામી શકતો નથી તેને ગીતોમાં વણી લઈને નિઃસ્પૃહી રીતે માણી શકે છે. લોભદૃષ્ટિ રાખ્યા સિવાય નિઃસ્પૃહી બનીને માણવું એ જ કચ્છના લોકસાહિત્યની વિશેષતા છે.

હાસ્યનિરૂપણ

સાહસપ્રિય જાતિ હોવાને લીધે કચ્છના લોકસાહિત્યમાં શૂરવીરતાનું આલેખનનું પ્રાધાન્ય રહેલું છે, તેથી હાસ્યરમૂજના પ્રસંગો બહુ ઓછા જોવા મળે છે. ઉપરાંત હરહંમેશ કુદરતી અવકૃપાનો ભોગ બનતો આ પ્રદેશ છે. દર બે એક વર્ષે દુષ્કાળ તો ખરો જ. આમ વિષમ પરિસ્થિતિ હોવાને લીધે કચ્છના લોકસાહિત્યમાં હાસ્ય-રમૂજ જવલ્લે જ જોવા મળતાં હોવા છતાં જે કાંઈ હાસ્યનિરૂપણ જોવા મળે તે નાળિયેરની માફક મીઠાશવાળું છે. લોકસાહિત્યમાં હાસ્યનિરૂપણ લોકસાહિત્યના વિવિધ પ્રકારો જેવા કે લોકગીતો, લોકકથાઓ, પ્રસંગો કે લોકોક્તિઓ દ્વારા સુપેરે રજૂ થાય છે.

હાસ્ય-રમૂજનો સૌપ્રથમ સ્પર્શ કચ્છનાં લોકગીતો અને ખાસ કરીને લગ્નગીતોમાં જોવા મળે છે. તેમાંયે ફટાણાંઓમાં તો હાસ્યની છોળો ઊડતી હોય છે. જાન ગામના પાદરે આવી પહોંચી છે, પરંતુ કન્યાનાં માતાપિતા સામૈયું કરવામાં મોડાં પડે છે ત્યારે વરપક્ષની સ્ત્રીઓ કટાક્ષ કરવાનું ચૂકતી નથી :

વહુ જા બાપા સૂતો વેં ત જાગ
વહુજી મા સૂતી વેં ત જાગ
આંજી સૂતલડી ઘી કે જગાયો
મુંજો આયો માણારાજ

કન્યાની માતા સફાળી જાગે છે, દોડતી આવે છે. સામૈયું થયા બાદ જાન પ્રવેશે છે. વરરાજાને પોંખવાની તૈયારીઓ થાય છે. ઉત્સાહી સાસુ ઊંઘતી જ ઝડપાયેલી હોવાથી હવે વરરાજાને ઊંઘતો ઝડપીને એનું નાક પકડવાની કોશિશ થાય છે, પણ અણવર તૈયાર જ હોય છે. એ રીતે વરરાજાનું નાક સાચવવા પ્રયત્નો ચાલતા હોય એ દરમિયાન લગ્નનું વાતાવરણ તો ફટાણાંથી ગાજતું હોય છે :

વેવાણ, રવૈયો ન હોય તો
ભવૈયાને જાજે
મારા વીરને વહેલો વહેલો પોંખજે...

ઉતાવળેઉતાવળે વર પોંખાઈ જઈ ચોરીમાં પ્રવેશે છે ત્યારે કન્યાને આવતાં મોડું થાય છે. વરપક્ષની સ્ત્રીઓને મોકો મળે છે. તેઓ ફટાણું ઉપાડે છે :

ઘુ.......ઘુ........ત.........ઘુ
કેં વટા (૨) ઘુઘુઘુ ત ઘુ .... કોડીલે ભા વટે (૨)
ઘુઘુ.........ત......ઘુ
કેંડી આય (૨) ઘુઘુત.........ઘુ કારી આય (૨)
ઘુ........ઘુ.......ત........ઘુ.

અને પછી કન્યાની કુરૂપતાનું વર્ણન ચાલે ! 'જાડી આય', 'બોબડી આય' જેવા શબ્દપ્રયોગો દ્વારા ફટાણું બરોબર જામે છે. એક ફટાણું પૂરું થયા બાદ વરપક્ષવાળા તરત જ બીજું ફટાણું ઉપાડી કન્યાપક્ષનો બરાબર ઊધડો લે છે. કન્યાની માતાને રાઈની ઉપમા આપે છે.

સાંકડી શેરી મે રાઈતી રુડે
રાઈતી રુડે લાડી વઉચે
મું જી બાઈતી રુ.... ડે (૨)
સાંકડી શેરીમે છાપાં તા રુ....ડે
લાડલી વઉ ચેં મુંજા બાપા તા રુ....ડે (૨)

હવે તો સામો પક્ષ પણ બાંયો ચડાવે છે. વરના પિતાની બરાબર ખબર લેવાય છે :

નઉ મંજો, જુની વાણ, હાંક મુંકે હા
તેં તે વિછાઈ અછી ધડકી, હાંક મૂકે હા
તેં તે વેઠા વરજા બાપા, હાંક મૂકે હા
વિઠે વિઠે પગર થ્યો, હાંક મૂકે હા
પગર જા ત રેલા ઊતર્યા, હાંક મૂકે હા
રેલે મિજા ઝાડ ઊગા, હાંક મૂકે હા
જાડ મેં ત જામફર થિયાં, હાંક મૂકે હા

સેથો ખણી છંભલ વિઠો, હાંક મૂકે હા
ચીર ખણી ચખણ વઠો, હાંક મૂકે હા

હવે જાણે દડો કન્યાપક્ષના કૉર્ટમાં આવે છે. એ લોકો પણ પડકાર ઝીલી લે છે :

કાનજીભા જે ઘરમે પટેલ ખરો
પેલી પટલાઈ અસાંજી ધી કરે...

એક કહી પોતાની પુત્રીનો હક્ક પ્રસ્થાપિત કરે છે.

વરપક્ષની જાનડીઓ પણ કંઈ કમ નથી, કન્યાપક્ષનાં તમામ સ્ત્રીપુરુષો ચા પીવાનાં શોખીન છે. શોખીન પણ કેવાં....!

ચાય રે ચાય.......સવારજો સત કપ....... ચાય રે ચાય
ચાય રે ચાય.........બપોર જો કપ.......... ચાય રે ચાય
ચાય રે ચાય.......સાંજી જો સઠ કપ....... ચાય રે ચાય

અને છેલ્લે......

ચાય સિખે વિજો મણિકે વાય મેં વાય.....ચાય રે ચાય

આખરે આ નિર્દોષ ઝઘડામાં વરકન્યા પરણીને ઊતરે છે ત્યારે કન્યાને સોનેરી સલાહ મળે છે :

ઘરજી ગાલ્યું ઘરમેં રખજા
કઢીજા ન કિતે બાર
તાળાકુંજી હથમેં રખજા.....!

કન્યા સાસરે વિદાય લે છે. બે દિવસે સાસરે રોકાઈ આણું વાળવા પિયરિયે આવે છે. દિન-રાત વિચાર તો પતિના જ આવતા હોય છે. ક્યારે આવીને પોતાને તેડી જશે એવા વિચારોમાં એ ઝૂરતી હોય છે.

પાણી ભરીંધે મૂકે આવઈ હિઢકી
આંઊતી ભાઈયા મુંજો કોડીલો અચીંધો...

પરંતુ પતિરાજ તેડવા પધારતા નથી. પત્ની કંટાળી જાય છે. લોકરૂઢિથી ઉપરવટ જઈને સામેથી પતિને સંદેશો મોકલે છે :

આણાનો નથી ઓરતો, મને નગર જોવાનો હોંશ
કે આણાં મોકલ ને મોરાર.....

છતાં મોરાર નથી આવતો તેથી ગુસ્સે થાય છે :

પરણ્યા પુરુષને એટલું કહેજો,
તમે માણસ છો કે ઢોર ?
કે આણાં મોકલ ને મોરાર...

તીર લક્ષ્યસ્થાનને વીંધે છે. મોરાર આણે આવે છે. યુવતી હરખાય છે :

પરણ્યા પુરુષને એટલું કહું,
તમ લાગો બહુ રૂડા,
કે આણાં આવ્યાં રે મોરાર...

હવે બીજો તબક્કો શરૂ થાય છે. સંસારજીવન અનેક તડકા-છાંયડાથી ભરપૂર હોય છે. ગૃહજીવનમાં સાસુ-વહુ વચ્ચે ખટરાગ થાય છે. નાની એવી બાબતને પ્રતિષ્ઠાનો પ્રશ્ન બનાવી સાસુ-વહુ મેદાનમાં આવી જાય છે :

ગડો ભરજી આયો રીંગણે લઈ અમાં
ભારો છૂટો વડલે હેઠ
મુંજે રીંગણે કારણે હુઈ રે લડાઈ !

સામાન્યતઃ રીંગણાં જેવી અમથી નાની વાતો જેવું પ્રતીક લઈને લોકકવિએ સાસુ-વહુના ઝઘડાની વાત કેવી ખૂબીપૂર્વક કહી દીધી છે ! માતા પુત્રને બીજી પત્ની લાવવાનું કહે છે. પણ દુનિયાદારી જાણતો પુત્ર પોતાના નાનકડા બાળને કારણરૂપ જણાવી ઝઘડાનો અંત લાવે છે :

.........પુતર બચ્ચા, છડ ઈનકે
જે બઈ કરી..........મુંજે રીંગણે
ઈં કી છડીયા કે અમાં
જેંજા સનડા બાળ.... મુંજે રીંગણે....

પણ સાસુ-વહુ જેનું નામ, બધું ઠરીઠામ થઈ જાય છતાં સાસુની જોહુકમી ઘટતી નથી. વહુને એક કામ કરવાનું કહે, વહુ ના પાડે. બેની વચ્ચેની હા-નાનું લોકગીત કચ્છી સાહિત્યે ઝીલી લીધું છે :

વહુ : **આઉ તા પુરી કીં ન કતીંધીસ,**
સાસુ : **હરુભરુ તુ કતીંનીએ,**
વહુ પતિને કહે છે : **છડ ન મુંકે,**
આણિયેજી ઓરડી ગિની તેમેં
રોંધીસ,
ત્રાંભીયે જો તેલ ગિની ડીયો
બારીધીંસ....
હરુભરુ પૂરી તાં આઉ ન
કતીધીંસ.

પતિ અલગ થવાની ના પાડે છે. બંને વચ્ચે ચડભડ વધી જતાં વહુ રિસાઈને પિયરિયે ચાલી જાય છે.

કૂવાકાંઠો એટલે ગૃહિણીઓની વ્યથા ઠાલવવાનું સાધન. કૂવાકાંઠે પાણી ભરવા એકત્ર થતી આ સખીઓ પોતાના દામ્પત્યજીવનની અંગત વાતો કેવી રીતે કરે છે તે જોઈએ.

પહેલી સખી :

ભેણ મુજો કંથડો, હુંકે ને ભૂંકે

બીજી સખી :

સરતિયે સે ન પૂજે, ને મારે અચીં મુંકે

ત્રીજી સખી :

ભેણ મુંજો કંથડી મેડાવેજો મલ
કુન્ની કરે કડાકા, જે હલ ત ચે હલ.

ચોથી સખી :

ભેણ મુંજો કંથડો, વા સે પણ વિડે
લતું હણે અભકે, ખેડે ન કો ખિડે

પાંચમી સખી :

ભેણ મુંજો કંથડો...લીલી પિલી પાઘ બંધે
અંગણ મે પ્યો ટિલે કોય ન કુછાય
તોય પિંનઈ ખિલે !

આ રીતે સખીઓ પોતાની વ્યથા ઠાલવતી હોય છે, ત્યાં છઠ્ઠી સખી બોલી પડે છે, એનો પતિ નાસી ગયો છે. હિન્દીમાં કહેવત છે કે 'લેને ગઈ પૂત ઔર ખો આઈ ખસમ'ની માફક ઘણી વખત પત્નીનો સાયબો ખોવાઈ જતાં પિયરિયે આવવું પડે છે. કારણ શું ?

હલઈ વિના વાટતે મુંજો સાયબો વિનાણો
સાયબો વિનાણો, સચો સોન વિનાણો, હલઈ
પગ તે પેરાયેલા માડી કડલાં ઘડાયાં
હેવર ઘડાયા, મથે હીરલા જડાયા... હલઈ

એ રીતે આગળ જતાં વારલો, હારલો વગેરે ઘડાવવા જતાં પતિ ઉપર એટલું કરજ થઈ જાય છે કે પતિ આખરે કંટાળીને પત્નીને મૂકીને નાસી જાય છે ! તો વળી અન્ય કોઈ સખીની વ્યથા અલગ જ છે. નાનકડી નારને ઘરડો પતિ મળ્યો છે. તે બોલી ઊઠે છે :

ધોરી ડાડી ને મિંજ કોક વાર કારો
પ્યો આય મુંકે ઈન ગઢે સે પનારો. ધોરી...
સાયલડી પ્યો આય મુંકે ઈન ગઢે સે પનારો
કડલા પેરીને આઉ કેં કેં વતાઈયાં ?..... સાયલડી

લોકકવિઓની નજર સંસારમાંથી કજોડાંને શોધી કાઢે છે. માત્ર પત્નીઓને જ દુઃખ હોય છે એવું આ દ્વન્દ્વમય સંસારમાં થોડું છે ? કેટલાક ઠેકાણે પતિદેવો પણ દુઃખી હોય છે. જેમ નાનકડી નાર અને ઘરડો પતિ, તેમ રૂપાળો પુરુષ અને કાળી કદરૂપી પત્નીનું પણ એવું જ કજોડું છે. પતિ પોતાના મિત્રો પાસે દુઃખનું વર્ણન કરતાં બોલી ઊઠે છે :

નેંર્યોં નેંર્યોં મુંજી કારી જો મિજાસ
ઈન જા મિડે રંગ કારા......
જડે ને તડે કારી કડલાં મંગેતી
ઝાંઝર ગિની ડિયો નવાબ...
કે ઈનજા મિડે રંગ કારા....

દુષ્કાળને લીધે કચ્છમાં પાણીની હરહંમેશ કરકસર કરવી પડતી હોય છે, પણ કચ્છીઓ તો વાણીની પણ કરકસર કરે છે.

કચ્છના લોકસાહિત્યમાં, લોકોક્તિઓમાં પણ હાસ્ય ડોકિયાં કરે છે. લોકજાતિઓ રોજબરોજના વ્યવહારમાંથી તથા પોતાના અનુભવસિદ્ધ જ્ઞાનના ભંડારને રજૂ કરતી અનેક લોકોક્તિઓ વહેવડાવે છે, જે મર્માળી અને ચોટદાર હોવા સાથે નિર્દોષ હાસ્ય પૂરું પાડે છે. ઘણી વખત લોકોક્તિઓની આસપાસ રમૂજી પ્રસંગ જડેલા હોય છે તો કેટલીક વખત રમૂજી પ્રસંગ બનવાથી લોકોક્તિ બની જતી હોય છે. કેટલીક લોકોક્તિઓ ઉદાહરણો સહિત જોઈએ.

એક પ્રસંગ 'પિપર તાં પ્યો ને સા નિકરી વ્યો'- લોકોક્તિ સાથે સંકળાયેલો છે. જૂના જમાનામાં એક કચ્છી વટેમાર્ગુને એક અન્ય પરદેશીનો ભેટો થયો. કચ્છી કડકાબાલુસ હતો. પરદેશી પાસે ભાતું હતું. પરદેશી જબરો વાતોડિયો. જમતાંજમતાં એણે પોતાનો

ભાઈ કેવી રીતે દુશ્મન સામે ઝઝૂમીને વીરતાથી મૃત્યુને ભેટ્યો એનું લંબાણપૂર્વક બયાનં કર્યું. કચ્છીએ માત્ર હોંકારો દેતાં ખાવાનું ઝપટ્યે રાખ્યું ! લંબાણપૂર્વકની વાત પૂરી થતાં પેલા પરદેશીએ કચ્છીને અનુભવનો કિસ્સો વર્ણવવા કહ્યું. કચ્છીએ વિચાર્યું કે જો લંબાણપૂર્વક કથની કરવા જશે તો ખાઈ નહીં શકે, તેથી તેણે પોતાના ભાઈના મૃત્યુનો કિસ્સો એક જ લીટીમાં વર્ણવ્યો : 'પિપર તાં પ્યો ને સા નિકરી વ્યો !'

આવા તો અનેક રમૂજપ્રસંગો કચ્છના લોકસાહિત્યમાં વર્ણવ્યા છે.

મૂડીવાદ, સામ્યવાદ, સમાજવાદ વગેરે પાશ્ચાત્ય ચિંતન તથા આજના બુદ્ધિજીવીઓની નીપજ ગણાય છે. પરંતુ વર્ષો પહેલાં આજની સુધરેલી સંસ્કૃતિથી તદ્દન ભિન્ન ભાતીગળ લોકસાહિત્ય વહેવડાવનાર આવા લોકકવિઓ પૈકી કોઈ અનામી કવિએ જાણ્યે-અજાણ્યે આજના સમાજવાદની ફરિયાદને કેવી સિફતપૂર્વક રજૂ કરી છે !

ઊભા કમાઈએં વિઠેલા
વિઠા કમાઈએ સૂતેલા
ને સૂતા કમાઈએ કૂતેલા !

મરસિયો

લોકસાહિત્ય વિવિધ ભાવોથી સભર છે. એમાંય કરુણરસના પ્રસંગે વિશિષ્ટ લોકવિધિઓ પણ જોવા મળે છે. કચ્છનાં રાજવી કુટુંબોમાં અશુભ પ્રસંગોએ ખાસ લંઘાઓને બોલાવવામાં આવતા અને તેઓ જે રીતે વિલાપગીતો રજૂ કરતા એ રાજસ્થાનની 'રુદાલી' પ્રથાને ખાસ મળતા આવે છે.

કાળદેવતાને કચ્છીમાં લોકસાહિત્યે કેવા સ્વરૂપે કલ્પ્યું છે !

'જોરાણા જૂડધાર, નિંઢ વડાયું ન ન્યારીયેં
મોસર ફૂટધાં મારીએં, બ્યા પીગે લુડધા બાર
છડે થુડ ને ડાર, ક્યા કુંપરકપીએ.'

(હે જોરાવર કાળદેવ, તું નાનામોટા તરફ જોતો જ નથી. મોસર ફૂટતા નવયુવાનો અને પારણે ઝૂલતાં બાળકોને તું ખેંચી લે છે. થડ અને ડાળીઓને છોડી, તું કાચી કૂંપળોને કાપી નાખે છે !)

બાળમૃત્યુ તો માતાને કારી ઘા સમાન લાગે છે. વહાલસોયા ખોળાનો ખૂંદનાર જ્યારે સંસારના સુખને માણ્યા સિવાય વિદાય લે ત્યારે એ વિદાય પુત્રવત્સલ માતા માટે વસમી જ બની રહે છે અને માતા આર્તનાદ કરી ઊઠે છે :

'મુંજો વા'લો હલ્યો વ્યો,
ડુખી માં કે છડે વ્યો,
વા'લે જા રાંધ જા ડીં વા,
રાંધ છડે હલ્યો વ્યો.'

તો કોડભરી કુંવારી કન્યાનું મૃત્યુ માતા માટે અતિ દુઃખદાયક ઘટના છે. પુત્રીના સદ્‌ગુણોને યાદ કરીને માતા આ મુજબ વિલાપ કરે છે :

રે અભાગણી આઉં, મુંજી ઘઈયલ હલી વઈ,
રે અભાગણી આંઉં, મુંકે હિડાં છડી વઈ,
રે અભાગણી આંઉં, મુંજે ચિલડેમેં ધાગ ડી વઈ,
રે અભાગણી આંઉં, ઈ પંખી ભની ઉડી વઈ.

કોઈ માતાનો યુવાન પુત્ર મૃત્યુ પામે ત્યારે માતાના દુઃખનો પાર નથી રહેતો. માનવીનું જીવન પંખી જેવું છે – એ ફિલસૂફી પણ ભેગી કેવી વણાઈ ગઈ છે.

રે પંખી ઘેલ કરી વ્યો, રસ્તો રેલ કરી વ્યો,
મુંજા પુતર રે તું ત ખેલ કરી વ્યો,
રે પંખી ભત લગાઈ વ્યો, મુજો પુતર તું ત ખેલ કરી વ્યો.

જો પુત્ર પરણેલો હોય તો પુત્રની માતા સાથે યુવાન પત્ની પણ વિરહમાં છાતી કૂટતી આ રીતે બોલે છે :

રે પંખી ઘેલ કરી વ્યા, રસ્તા રેલ કરી વ્યા,
મુંજા જોગી રે અભાણા, પંખી ઘેલ કરી વ્યા,
રે પંખી ઘેલ કરી વ્યા, હિ જંજાળું છડી વ્યા,
મુંજા જોગી રે અભાણા, બરઘલ ડીયી છડી વ્યા.

તદુપરાંત ભરવાડ કોમમાં યુવાન પતિ મૃત્યુ પામે. મરસિયામાં પત્ની પતિના કોઈ વેરીને દાઢમાં રાખીને આ મુજબનો વિલાપ કરે છે. સાથે ભરવાડ કોમનો વાછરડા પ્રત્યેનો સંબંધ પણ વખણાયેલો જોવા મળે છે :

જરેં વેઆ મરી હી ઘરજા મોભી,
રેઆ ઢંઢ ચરી વેરીડંજા વચ્છડા.

કુટુંબમાં કોઈ વૃદ્ધ મૃત્યુ પામે ત્યારે નીચે મુજબનો મરસિયો બોલાય છે :

અંઈ વેંગા પોય વસમાં લગધા ડી રે માઈતર.
અંઈ વેંધા પોય વસીંધા ન મી રે માઈતર,
રે મુંજા જાની અધા મુંકે જુલાઈયું ત્યું મારીએં.

કુટુંબમાં કોઈ વૃદ્ધા અનંતના પંથે સફર માંડે છે ત્યારે એને પોપટી સાથે સરખાવી સમાજમાં યમરાજ, યમદૂત વગેરે જેવી પ્રચલિત માન્યતાને સમર્થન આપતો મરસિયો પણ લોકસાહિત્યમાં વણાઈ ગયેલ છે :

જૂનો પિંજરો છડી વઈ,
વડી પોપટી ઉડી વઈ,
ઉડી વઈ પોપટી, ઈજનો વથી
(વતન કે વાંધો) ઈતે વાંય,
જાંપે ઊભો આય જમધૂત
ને ઘરીએં આય જમરાજ

જૂના કાળમાં કચ્છમાં કોઈ રાજા યુદ્ધમાં વીરગતિ પામતો ત્યારે રાજાના પાર્થિવ શરીરને પરત લાવી લોકોના દર્શનાર્થે ખુલ્લો રાખવામાં આવતો. તેના દર્શનાર્થે લોકસમૂહ ઊભરાતો તે સમયે રાજ્ય તરફથી મરસિયા ગાવા માટે ખાસ લંઘાઓને બોલાવવામાં આવતા. તેઓ નીચે મુજબના મરસિયા ગાતા. એક વૃંદ રાજાની વીરતાને બિરદાવતો, જ્યારે બીજો વૃંદ "હાય... બાવા... હાય" કહીને ઝિલાવતો.

રણ વાટડીએ રમધલ બાવા
હાય... બાવા...હાય
ભાલેંજા ખમીંધલ બાવા
હાય... બાવા...હાય
તરારિયેં તિરછણા બાવા
હાય... બાવા...હાય
ગલોલિયેં ગૂંથાણા બાવા
હાય... બાવા...હાય
લાડા હાય ! હલ્યા વ્યા
બાવા હાય... બાવા...હાય
સામે સુન છડે વ્યા બાવા
હાય... બાવા...હાય
છાતી હથડા હણજા ભેંણ્યું
હાય...બાવા...હાય...
તકડા હથડા હણજા ભેંણ્યું
હાય...બાવા...હાય...

કચ્છનું પ્રકીર્ણ લોકસાહિત્ય :

કચ્છના લોકસાહિત્યમાં લોકગીતો અને લોકકથાઓની જેમ જ તેમના પ્રકીર્ણ લોકસાહિત્યમાં પણ વિવિધતા અને વિપુલતા જોવા મળે છે. તેનું લોકસાહિત્યમાં મહત્ત્વપૂર્ણ સ્થાન છે. કચ્છના આ પ્રકીર્ણ લોકસાહિત્યના નીચે મુજબના વિભાગો પાડી શકાય.

૧. લોકોક્તિ : કહેવત, રૂઢિપ્રયોગ, ઉખાણાં વગેરે.

૨. જોડકણાં

૩. દુહાઓ અને સાખીઓ તથા તેના અંતર્ગત કચ્છના લોકસાહિત્યમાં આવી જતાં લખાણ, પગથિયાં વગેરે.

કચ્છના લોકસાહિત્યમાં કહેવતોનું વિશિષ્ટ સ્થાન છે. ગર્ભિત રીતે ટૂંકમાં ચોટદાર અભિવ્યક્તિ સાધતી કહેવતોનું આ પ્રમાણે વર્ગીકરણ કરેલ છે.

૧. સ્થાન સંબંધી કહેવતો
૨. જાતિ સંબંધી કહેવતો
૩. પ્રકૃતિ તથા કૃષિજીવન સંબંધી કહેવતો
૪. પશુપક્ષી સંબંધી કહેવતો
૫. શૌર્ય સંબંધી કહેવતો
૬. નીતિ અને ઉપદેશ સંબંધી કહેવતો
૭. પ્રકીર્ણ કહેવતો
   (૧) શરીર સંબંધી કહેવતો
   (૨) સ્ત્રી સંબંધી કહેવતો
   (૩) વ્યવહારજ્ઞાન સંબંધી કહેવતો

૧. સ્થાન સંબંધી કહેવતો :

સમગ્ર ભારતમાં કચ્છનું સ્થાન વિશિષ્ટ છે. કચ્છની સંસ્કૃતિ પણ વિશિષ્ટ છે. તેથી જ કચ્છ માટે 'ધિંગી ધરા, ધિંગા ધોરી, ધિંગા બોલ, ધિંગી બોલી જેવા શબ્દપ્રયોગ વપરાય છે. તો લોકસાહિત્યે કચ્છને,

કચ્છનાં શહેરો, ગામડાંઓ વગેરેને કહેવતોમાં સાંકળીને લોકમુખે રમતાં કરી દીધાં છે, જેમાંની કેટલીક આ રહી :

૧. ભુજ ભજર સૂંઘે ને કચ્છ છિક ડે – ભુજ બજર સૂંઘે ને કચ્છને છીંક આવે (રાજાશાહીના જમાનામાં ભુજમાં ઘડાતા કાયદાની સમગ્ર કચ્છમાં થતી અસરને લગતી કહેવત)

૨. ગજે વિગરજી ગડોડી ને ભાડા કરે ભુજજા – ગજા વિનાનું ગધેડું ને ફેરા કરે ભુજના (ગજા બહારનો બોજ વેંઢારવો)

૩. ભુજ ભડાકા, ભીડકા નાકા – ભુજ શહેરના ભીડના નાકાનો ઉલ્લેખ

૪. ધૂફી જા ડર – અબડાસામાં 'ધૂફી' કરીને ગામડું છે. તદ્દન ગપ્પાં મારનાર વ્યક્તિને 'ધૂફી જા ડર' કહે છે.

૫. કોઠારોય મૂલ ને સાંયરો ય મૂલ – જ્યાં જાઓ ત્યાંથી સરખું જ અંતર થાય એ રીતે કોઠારા ને સાંયરા વચ્ચે અંતર છે.

૨. જાતિ સંબંધી કહેવતો :

સમાજ એ જાતિઓનો સમૂહ છે. દરેક જાતિની પોતાની ખાસિયત હોય છે, જેમકે 'મારવાડી' એટલે 'વેપારી'. લોકોનાં હૃદય સુધી પહોંચેલા લોકસાહિત્યથી આ ખાસિયતો છૂપી રહી શકતી નથી. દરેક લોકસમૂહની જાતિગત ખાસિયતો અંગેનાં વિવિધ ચિત્રો આ કહેવતોમાંથી પ્રાપ્ત થાય છે. તદુપરાંત લોકસમૂહોના પરસ્પર વ્યવહારો પણ કહેવતોમાંથી મળી આવે છે. આ પ્રકારની કેટલીક કહેવતો નીચે મુજબ છે :

૧. કચ્છી ભા કોડ ડીં પાછો ન પે – કચ્છી માણસ કદી પાછો ન પડે.

૨. ખૂટો વાણિયો ખત સંભારે – પૈસા વિનાનો વાણિયો જૂનાં ખાતાં તપાસે.

૩. જુર્યો ભાણ ઠાંઠરે વિને – ભાંગેલું વાસણ કંસારા પાસે જાય (સંસારનું સ્વાર્થીપણું)

૪. આડુ ન થિયે માડુ – આડુ (ઘેટાં બકરાં ચારનાર) કદી માણસ જેવા ન થઈ શકે (મૂર્ખતા)

૩. પ્રકૃતિ અને કૃષિ સંબંધી :

ભારત કૃષિપ્રધાન દેશ હોવાથી અને ભારતની સંસ્કૃતિ પ્રકૃતિ પર આધારિત હોઈ, પ્રકૃતિ તથા કૃષિ સંબંધી અનેક કહેવતો લોકસાહિત્યમાં વેરાયેલી જોવા મળે છે. કચ્છના વરસાદને 'મંઢો મીં' કહે છે. 'મંઢો મીં' કેવી પ્રકૃતિ પર આધાર રાખે છે તે જોવા કચ્છનો ખેડૂત આંખે હાથ રાખીને આકાશ સામે જોતો હોય છે અને એના પરિપાકરૂપે એના મુખમાંથી પ્રકૃતિ અને કૃષિ તથા એને આનુષંગિક કેટલીક કહેવતો સરી પડતી હોય છે. આવી કહેવતો લોકસાહિત્ય ઝીલી લઈને ભાવિ ખેડૂત પેઢીને દાનરૂપી વારસો પીરસતું હોય છે. એમાંની કેટલીક કહેવતો આ રહી :

૧. કતિયું આવઈયું ક્પિાર, તડે મુરખ મંગે મીં – કૃત્તિકાનક્ષત્ર મધ્યાકાશે આવે ત્યારે વરસાદની આશા રાખવી નહીં.

૨. ગજર વારી તૂતેડી – ગાજરની પિપૂડી (કાર્ય થાય તો ઠીક)

૩. હરામ જે ઝાડકે મુસીબત જા ફળ – હરામના ઝાડને મુસીબતનાં ફળ.

૪. ખટેં બેર ને ખેં ધ્રાબું – એકને થતા ફાયદાનો બીજો લાભ ઉઠાવી જાય અથવા થોડી કમાણી અને ખર્ચ વધારે એ અર્થમાં.

૫. કરમી પુતર, કુળ જો ડિયો, પોંખે બાજર ત ઉગે ચીઓ. (ઘાસ)

૪. પશુ-પક્ષીને લગતી :

૧. શિયાડકે બેરેં જા ધ્રો – શિયાળને બોર મળે તો રાજી.

૨. ઊઠ ન કૂડે ને ઉડાડી કૂડે – ઉપરી અમલદાર કરતાં અન્ય સેવકગણનો વધારે રોફ.

૩. ડાવ કાગડો બીં પગે બંધા જે – ડાહ્યો કાગડો બંને પગે બંધાય – દોઢડહાપણના અર્થમાં

૪. ગજ્જી ઘોડી ને સવા ગજ્જો ભઠો – અસંભવિત વાત.

૫. ઊઠ કેર ડોકડે મોંઘો ને ડેર સો કોરીયે સોંઘો.

૫. શૌર્ય સંબંધી :

૧. ગઢ છણેં તોય કોટડીનું ઊંચું વે – ગઢ પડે તોય કોટડી કરતાં ઊંચો હોય.

૨. વડેજા એંધણા હરે હરે તપેં -

૩. બરુકે જા બ ભાગ – બળિયાના બે ભાગ

૪. જેંજી લઠ તેંજી મે – જેની લાઠી એની ભેંસ

૫. લખ ખેં તડે લખેતરા થિયેં – (સૈનિક તૈયાર કરવા માટે) લાખનો ખર્ચ કરવો પડે તો તે લાખોને મારી શકે.

૬. નીતિ અને ઉપદેશને લગતી :

૧. સોનજી અંબાડી કરતાં ગુડજો ગંઢોય ખાસો – સોનાની અંબાડી કરતાં ગોળનો ગાંગડોય સારો

૨. મિણીઆ મીઠી માઠ – કશુંય ન બોલવામાં સુખ રહેલું છે.

૩. ડાઈ સાવરે ન વિને ને ચરઈ કે શિખામણ ડે – ડાહી સાસરે જાય નહીં ને ગાંડીને શિખામણ આપે. (બીજાને ઉપદેશ આપવો ને પોતે એ પ્રમાણે વર્તવું નહીં.)

૪. જેંજા અન્ન જુધાં તેંજા મન જુધાં – જેનાં અન્ન જુદાં તેઓનાં મન જુદાં.

૫. ડાઢીજી ડાઢી ને બુઆરીજી બુઆરી – દાઢીની દાઢી ને સાવરણીની સાવરણી.

૭. શરીરને લગતી :

૧. છેણ જે ડેવકે કપાસિયે જ્યું અખ્યું – છાણના દેવને કપાસિયાની આંખો (કુરૂપતા)

૨. ગૂડા પેટ ડિયાં વળે – ગોઠણ પેટ તરફ વળે

૩. ન મામે કરતાં કાણું મામો ખાસો.

૪. હીંઓ બારે કરતાં હથ બારણાં ખાસા – હૈયું બાળવા કરતાં હાથ બાળવા સારા.

૫. કાણે કે કાણો ન ચોવાજે.

૮. સ્ત્રીને લગતી :

૧. ચરઈ વારો ચૂડો – ગાંડાના હાથમાં નિસરણીનો – એ ભાવાર્થ

૨. છાયમેં મખણ વિને ને નોં ફુવડ ચોવાજે – છાસમાંથી માખણ જાય અને વહુ ફુવડ કહેવાય.

૩. ડાઈ સાવરે ન વિને ન ચરઈ કે શિખામણ ડે – આચરણવિહીન શિખામણ

૪. રન પુતર કે રા-પુતર – અંકુશહીન થઈ જવું.

૫. ડોસીંએજા ડુકાર નાંય પણ જમ ઘર ડિસી વને – ડોશીના મરતાં જમનું ઘર ભાળી જવું.

૯. વ્યવહાર સંબંધી

૧. ઊથ નાણાં વે નાણાં, નાણેં નાણેં ધીરું નર નિમાણાં – દુનિયામાં પૈસો જ સર્વસ્વ છે.

૨. લંકા ધુખાઈને હુડમાન બાર જો બાર – બે જણને લડાવીને પોતે છૂટી જવું.

૩. ગૂડા પેટ ડિયાં વરે – ગોઠણ પેટ તરફ વળે – સ્વાર્થ

૪. ભજ ઘેં હથિયાર ભા કોરા ફિગાઈજે.

૫. કિં ૫ ન જાણે સે ગંટુડી તાણે.

૨. રૂઢિપ્રયોગ :

માનવસ્વભાવ કૌતુકપ્રિય છે. તેને નવુંનવું જોવાની, જાણવાની હંમેશાં ઉત્સુકતા થતી હોય છે. પોતાના રોજિંદા અનુભવમાં એ જે કંઈ જુએ છે – શીખે છે તેવા પ્રસંગોને તે શબ્દ દ્વારા પ્રગટ કરતાં તે રૂઢ બની જાય છે. તેનો પ્રયોગ રૂઢિપ્રયોગ ગણાય છે. આ રૂઢિપ્રયોગોનો ઇતિહાસ ભાષાના ઇતિહાસ સાથે સંલગ્ન છે. રૂઢિપ્રયોગમાં સૂત્રાત્મકતા, જીવનની વ્યાપકતા અને ગોપનીયતાનો ભાવ રહેલો હોય છે.

રૂઢિપ્રયોગ એ જાતે વાક્ય નથી, પરંતુ વાક્યમાં આવતો રૂઢિપ્રયોગ સમગ્ર વાક્યને સબળ, સતેજ અને રોચક બનાવે છે. કહેવત અને રૂઢિપ્રયોગ વચ્ચે તફાવત એ છે કે રૂઢિપ્રયોગ એ વાક્યનો અંશ હોય છે, તેનો સ્વતંત્ર રીતે ઉપયોગ થતો નથી, જ્યારે કહેવત પૂર્ણ વાક્યસ્વરૂપે હોય છે અને તેનો સ્વતંત્ર રીતે ઉપયોગ થાય છે. રૂઢિપ્રયોગો સૂત્રાત્મક હોય છે, જ્યારે કહેવતો ગદ્ય અને પદ્ય બંનેમાં મળે છે.

કચ્છના લોકસાહિત્યમાં જોવા મળતા રૂઢિપ્રયોગોમાં કચ્છની લોકજાતિઓનું ખમીર, નેક-ટેક, સ્વમાન, શૌર્ય તથા જીવનની વિષમતાનું સુરેખ પ્રતિબિંબ ઝિલાયું છે.

રૂઢિપ્રયોગો :

૧. વેસાયે વાણ હલણાં – વિશ્વાસે વહાણ ચાલવાં.

૨. સીંધરી મિંજા સપ થિણું – નબળામાંથી બળવાન થવું.

૩. પીણું ન ને હારી છડણું – પોતાને બિનઉપયોગી હોવા છતાં બીજાને ઉપયોગમાં ન આવવા દેવું.

૪. કવલ્યું ડોઈને કુતે કે પિરાયણું – કૃતઘ્ની માણસ પાછળ મહેનત કરવી.

૫. છઠ્ઠ જી સાતમ ન થિણી – વિધિના લખ્યા લેખ ટાળી ન શકાય.

૬. ટિપણિયા ન વેંણા – અક્કલ ન હોવી.

૭. સણસઠ ભેરી અણસઠ થિણી – દુઃખ પર વધારે દુઃખ આવવું.

૮. છિકધી ડનણું – નાના ગુના માટે મોટી સજા કરવી.

૯. જાયધેં જામ ન થી સગણું – માત્ર શરૂઆત કરવાથી કશું ન બની શકાય.

૧૦. ટિપર રંગાણી – માથું ફૂટવું.

૧૧. ખોટી કોરીજીં વરી અચણું – કામ કર્યા વિના પાછા આવવું.

૧૨. અતિજી ગતિ ન વે'ણી – અતિની ગતિ ન હોવી.

૧૩. કત્યો મિડે કપા થી વિનણું – બનાવેલું વ્યર્થ જવું.

૧૪. પકે ઘડે કનાં ન ચયણાં – સમય વીત્યા બાદ નાની વય જેવું કાર્ય ન થવું.

૧૫. બાંભે ભે જિતરો ખેણું – 'બાંભા' પ્રાણી જેટલું ખાવું. 'બાંભા' નામનું પ્રાણી ખૂબ જ ખાય છે. ઘણી વખત તે સ્ત્રી-પુરુષોને પણ ઉપાડી જાય છે એવી કચ્છમાં લોકવાયકા છે.

૧૬. ભાગસારી જા ભૂત કમાણાં – ભાગ્યશાળી ગમે તે સાધન દ્વારા કમાણી કરી શકે.

૩. ઉખાણાં

સાદી અને સરળ બાબતોને સૂત્રાત્મક શબ્દોમાં રજૂ કરી સામી વ્યક્તિને ગૂંચવવા માટે વપરાતું જોડકણું એટલે ઉખાણું.

કચ્છી બોલીમાં 'ઉખાણાં'ને 'પિરોલી' કહે છે, જે સંસ્કૃત 'પ્રહેલિકા'માંથી ઊતરી આવેલ છે. વિશિષ્ટ લોકસંસ્કૃતિ ધરાવતા કચ્છપ્રદેશમાં પ્રચલિત પિરોલીઓના પ્રકાર પણ એટલા જ રોચક છે.

ઉખાણાંના વર્ગીકરણમાં કેટલાક વિદ્વાનોએ તેના વર્ણ્ય વિષયને કેન્દ્રમાં રાખ્યો છે અને તે રીતે ડૉ. સત્યા ગુપ્તે ઉખાણાના શરીર સંબંધી, જીવ સંબંધી, પ્રકૃતિ સંબંધી, ખાનપાન સંબંધી અને પ્રકીર્ણ ઉખાણાં એવા પાંચ પ્રકાર પાડ્યા છે. ડૉ. કૃષ્ણદેવ ઉપાધ્યાય પણ ઉખાણાંના ખેતી સંબંધી, ભોજાય પ્રકાર સંબંધી, ઘરેલુ વસ્તુ સંબંધી, પ્રાણી સંબંધી, શરીર સંબંધી અને પ્રકીર્ણ ઉખાણાં એવા સાત પ્રકાર પાડ્યા છે.

પરંપરાગત કચ્છી પિરોલીઓ પણ ઉક્ત વર્ગીકરણમાં આવી જતી હોવાથી એમનું નીચે મુજબ વર્ગીકરણ કર્યું છે :

૧. ખેતીવિષયક, ૨. ખાદ્ય પદાર્થો ૩. ઘરગથ્થુ વસ્તુ સંબંધી, ૪. પ્રાણી તથા પ્રકૃતિ સંબંધી ૫. શરીર સંબંધી ૬. અન્ય

(૧) ખેતીવિષયક :

૧. અ. ઠકર ઠેંક ડઈ ચડ્યો
ઠકર મથો મૂંઢાઈને વર્યો
(ઠેકડો મારીને ચડ્યો અને માથું મૂંડાવી પાછો ફર્યો)

બ. ભૂંસીએ ભભૂતી ને અંરે લિંરે કારા
તેજી સંગત ન કજે, જુકો હલેં ઉઘાડા (કાલાં-કપાસિયા)

૨. હિતરોક ડડો મુતીયે જડ્યો
પાણી પીને મથે ચડ્યો (જુઆરજી ફરી જુવારની ફળી)

૩. ખેતરમેં ડોસો, કેણ (કેડ) બંધી સૂતો
(પૂળો – ઘાસનો પૂળો)

૪. ચૈતર મેણે ચમકેતી, નર મથે નારી
ઓસડ મેં અધકી, ઓરત કે પ્યરી
(લીમોડી – લીંબોડી)

૫. ઝાડ જેંજો ઝટૂકડો (માથાનાં ઝટિયાં)
ડેંડેંસે ડુરેઓ – ફર જેંજા માડુઆરા
ભડાલેંમે ભિરેઓ (ધતૂરો)

(૨) ખાદ્યપદાર્થો :

૧. પિરુલી પિરધાનજી, ચકમક હીરા
ધૂઈ ધૂઈ મરાં, તોય નીલે જા નીલા (મુંડ – મગ)

૨. કારી ટૂપી કેસરિયા વાઘા
મુંબઈથી આયા મુંજા સગા (આમ્રફળ)

૩. ખેંધે મેં ત ખડખડેતી, આડી આવઈ વાડ
ઈ પિરુલી લજ, નિકા કર ગુરુકે સડ
(નાઈયર – નાળિયેર)

૪. માં કારી પે ધોરો, છોરાં લીલાંછમ
(પબડી કમળકાકડી)

૫. અ. રણમેં રતા ખીલા (ગજર – ગાજર)
બ. રતા-રતા રતનજી, મથે નીલા પન
મૂરી જો ત સગો ભા, અથાણે મેમાણ
(ગજર – ગાજર)

(૩) ઘરગથ્થુ ચીજવસ્તુઓ :

૧. ચાર ખિલા ને ચાર બૂઠા
ઈ ન લજે તેંજા માઈતર મૂઠા (નરિયાં – નળિયાં)

૨. ચપ જલી ખણો, પેટ જલી વેઆરો
(મટલો – માટલું)

૩. માનસરોવર આરા ચાર
નર જૂઝે ને નારી મરે
સોળ સુંધરી પાણી ભરે.
(ચોપાટ જી રાંધ – ચોપાટની રમત)

૪. અ. વા ચુડઈ ને ચીચીચામડો મોં.
(ચમની – ચિમની)
બ. અધ મુડ્ દરાં ન સજો ઘર ભરાં (ચિમની)

૫. અ. ભધામ મથે ભધામ, ઈ ન લજે તેંજો સોરો
હજામ (હેલ – બેડું)
બ. વિને તડે વિંગો વિંગો
અચ તડે સવરો અચે.
(હેલ – પાણી ભરેલું બેડું)

(૪) પ્રાણી તથા પ્રકૃતિસંબંધી ઉખાણાં :

૧. ચાર હેઠ, ચાર બેઠ, ચાર ચાડીએ ચડ્યા
છાભાસ મૂંજે ભગવાન કે કેડા ઘાટ ઘડ્યા ?
(ગૌં – ગાય)

૨. અ. રાતજો વડો વગ, તેંજો પુછ ન કો પગ (તારા)
બ. થાર ભરેલો નાણો, પણ કોયથી ન લેખાણો
(તારા)

૩. સોળો હથ સાંકડો, સૂમે ન કોય
ભનેલ ભાગ મિંજા, છિન ન કોય
(આકાશ, તારા, સૂરજ)

૪. મોં મૂડધાર, પૂઠ ખબરધાર
ઈ પિરુલી ન લજે, કર પિણંઈ કે ધાર. (વીંછી)

૫. તરા મેં સોનજો વટકો તરે (સૂરજ)

(૫) શરીર સંબંધી ઉખાણાં :

૧. પંજ ખિપર છંઈ તરાઈ
ગડો ન બૂડે તરઈ. (હથારી – હથેળી)

૨. પંજ પડોસી વિચમેં અગાસી – સેલડી જો સાંઠો,
વિચેમ ગાંઠો (બાં – હાથ)

૩. અ. ધોરે ખાને મેં કારો ડડો. (અખ – આંખ)
બ. ગામ, બ તરા, ચોફેર પાણી ધોરા, વિચ મેં
કારા (આંખ)

૪. ધડકલો સુકાય સુકાય મરો, તોય સૂકે ન (જીભ)

૫. માથાનું પ્યો, કાનપુરમેં જલાણું, નખત્રાણા મરાણું
(ટીલું, કપાળ પરનું ત્રિપુંડ)

(૬) અન્ય વિષય પરનાં ઉખાણાં :

૧. મથે કારો, મિંજ અંધારો, બાપા વારો (જોડો)

૨. સિપાઈ જી છુકરી, તારાબાઈ નામ

૩. પેર બાઈ ગબારો, હાલ મૂંજે ગામ
(ભંધૂક – બંદૂક)

૪. કારી કૂતી, કનેં બૂચી, ડસે તેંકેં ભસે (બંદૂક)

૫. અસીં આયસીં, ને અંઈ વ્યા તે, અસાંકે ડિસી,
રુઈયા તે (ધુમાડા)

(૪) દુહા

કચ્છી દુહા એ કચ્છના લોકસાહિત્યનું સૌથી મહત્ત્વનું અને અત્યંત વિશિષ્ટ અંગ છે. એ દુહાઓમાં

૩

લોકકથાઓ જ ગૂંથાયેલી નથી, એમાં લોકહૃદયનો ધબકાર પણ સંભળાય છે. કચ્છીવાણી કેટલી બધી ઓજસ્વતી, સત્યશાળી અને જોમવાળી છે તેનો પણ આ દુહાઓમાં સાક્ષાત્કાર અનુભવાય છે. આ લોકકથાઓનો રસ કદી સુકાવાનો નથી અને એની તાજગી કદી ઓસરવાની નથી.

દુહાઓની નીચે મુજબના વિભાગોમાં વહેંચી શકાય :

૧. પ્રાદેશિક વિશેષતા વ્યક્ત કરતા દુહા :

પ્રાકૃતિક, ભૌગોલિક તથા ઐતિહાસિક એમ ત્રિવિધ દૃષ્ટિએ વિશિષ્ટતા ધરાવતા 'કચ્છડા'ના લોકકવિએ કેવાં ભરપેટ વખાણ કર્યાં છે તે નિહાળીએ.

૧. ભલ થોડાં, ગુણિયલ ત્રીયાં, વડે કચ્છ વણાં
ઈની ત્રી થડાં અધાયો વેને હીંયા

૨. ઓઢા જામનું નામ કચ્છના ઇતિહાસ તથા લોકસાહિત્યમાં પ્રખ્યાત છે. ઓઢા પર એની ભાભી મોહિત થઈ હતી. ભાભીને મા સમાન ગણતાં ઓઢાએ એને સમજાવીને ના પાડી. કામાંધ ભાભીએ ગુસ્સે થઈને પોતાના પતિ પાસે તેની કાનભંભેરણી કરીને તેને દેશવટો અપાવ્યો. દેશ છોડતાં ઓઢો જામ પોતાનો દેશપ્રેમ વ્યક્ત કરતાં કેટલાક દુહા બોલે છે જેમાં કચ્છની પ્રાદેશિક વિશેષતા પણ ગૂંથાઈ ગઈ છે.

બન્નીના કીરા ડુંગરને જોઈને એના મુખમાંથી ઉદ્‌ગાર સરી પડ્યા...

અ. **કીરા તું અઈયેં નીરો, ઊભેં બન્નીય બોક
ડઈ હીયેં મેં ખોટ, કે રે કાછો છરેઓ.**

કચ્છ તરફથી ઊડી આવતા હોલાને ઉદ્દેશીને કહે છે

બ. **બાબીડા બઈયાર, કરેં વેનેં કચ્છડે ?
ઝિઝા ડી જુહાર, પાડો પુછી પિરીયનજો.**

૨. શૌર્ય સંબંધી દુહા :

૧. જાતિને લગતા –

**૧. વંકા કુંવર વિકટ ભડ, વંકા વાડીએ વચ્છ
વંકા કુંવર તડે પિયે, જ પિયે પાણી કચ્છ.**

**૨. ખેધીઆ ખેધ ન વિરેરે, અરોડો મુડસાં
સિંહ લત ન વિસરે, ડિયાં જે હરણાં**

**૩. કચ્છડો ખેલે ખલકમેં, જીં મહાસાગરમેં મચ્છ
જિત હિકડો કચ્છી વસે, ઉત ડિયાણી કચ્છ**

**૪. ધરતી ધાંઈ કરે, ઉગે તારા અભ
કચ્છ કાતી કમ કરે ડડેં છરે ન પગ.**

૩. ધાર્મિક શ્રદ્ધા સંબંધી :

ઉપરોક્ત દુહાઓનું નીચે મુજબ વર્ગીકરણ કરી શકાય :

અ. દેવી-દેવતા અંગેના
બ. પીર અંગેના
ક. સાખીઓ.

અ. દેવી-દેવતા અંગેના :

આશાપુરા અંગેના –

**૧. હે આઈ આશાપુરા ! કર તું કચ્છજો નીયા
માડુ ધ્યાઈયેં માનીએં, થીએ સુ સવા.**

**૨. અસીં જાણો નકાં બુઝોં, બુઝેંતી તું આઈ
ઢચર મથા ઢોરીએં, આશાપુરા આઈ.**

**૩. કચ્છ કમાડ આશાપુરા, મુલક આઈ જો કચ્છ
મોડ, મેકણ, જેસલ તર્યા, સાય ખેંગાર કે સચ.**

**૪. કચ્છ કમાડ આશાપુરા, તોકે નમેઆ સમા સરદાર
ધીંગા ધુશમન ધુબી હલેઆપ ચડઈ આશાપુરા વાર.**

રવેચી માતા અંગે –

**૫. રીઝે તેને દે રાજ, ખીજે તેને જાય ખાઈ
જેવી જેની કમાઈ, ઈ ખબરવારી માઈ**

જોગણીનાર માતા અંગેનો –

**૬. જ્યારે જ્યારે જન બહુ વિપત્તિમાં આવ્યા
સમર્યા જોગણીનાર, માડી વારે આવ્યાં**

બ. પીર અંગેના દુહાઓ :

શા બુખારી અંગેનો –

મુંદ્રામાં થઈ ગયેલા ઓલિયા 'શા બુખારી'ને હિન્દુ-મુસ્લિમો બંને માને છે અનેક સાગરખેડુ ખારવા-ભડેલાઓને એમણે દરિયામાં ઉગાર્યા હોવાની દંતકથાઓ પ્રચલિત છે. એમનો એક દુહો જોઈએ.

૧. મુનરે મેં શા બુખારી ઓલિયા
ચરખી રે ફિરતી, તેમેં ડીયા બરેંતા

મોડપીર અંગેના –

કચ્છના જાડેજા ભાયાતોમાં એક મોડ રાજા થઈ ગયા. તેમનું જીવન અત્યંત સાદગીસભર અને ઈશ્વરમય હતું. તેઓ મોડપીર તરીકે પૂજાતા.

અત્રે મોડપીરના કેટલાક દુહા પ્રસ્તુત છે :

૧. સોરઠ જે સિર ચડી, જામ ઉખતી જાર
ઝલે રાણા રાજિયા, મલે મોડ મુછાર
૨. ખારો સમધર, પીર, મોડ મિઠો મેરાણ ઉં
નિત ભરીત્યું નીર, પસો પાણી વારિયું.
૩. ધન વાડી, ધન વંગ ધ્રો, ધન ધન મોડ મુછાર
ધન કૂબો કોટસરી, ધન કચ્છડે આધાર.
૪. વડા પરચા પીરજા, જેંજા અંત ન પાર
અબડાણી આધાર, કરમી જાગ્યો કચ્છમેં

જખ અંગેનો –

૮. જખ મુલ્ક રૂમ સામ જા, ધીંગા ધરમવીર
સેવક સંઘારા કેંક, ગરીબે સાય થીન

દાદા ધોરમનાથ વિશેનો –

૯. ધીંગો ધોરમનાથ, ધીણોધર ધાબે વિઠો
સામીડે જો સાથ, કામલ કાચ્છેમેં ડિઠો.

રાવળપીર અંગેના –

૧૦. રાવળ રાવળ જે કરે, સૌ સંભારે પીર
અછા ભજન ભાવ પીરજા, ખનું, લપયું ને નીર.
૧૧. ખંચરે સે અઝાચી આયા ખનેં જે બળસે ખાય
ખમા ખમા પીર દેવ દયાળુ ખમા.

લખગુરુ કે પચ્છમાઈ પીર વિશેના –

૧૨. પચ્છમ વડે પાર, ડુંગર ડિસજે સિંધિયું
ધોરીએં પીરેં જી વાડ, મથે લખ ગુરુવર ગજે.
૧૩. કારમીંઢ પચ્છમ મથે, લખગુરુ લાલમલાલ
તિત રતો ચોક મંજઠ, સભ રચેયો જીંય ગુલાલ

છેલ્લે :

કચ્છના કબીર ગણાતા દાદા મેંકણે જ્યારે સમાધિ લીધી ત્યારે લોકકવિના હૃદયમાંથી ચિત્કાર નીકળી ગયો કે –

એ... અવસર આધાર મરવો નો'તો મેંકણા
સેવકોની સંભાળ કોણ લેશે કાપડી ?

(ક) સાખીઓ :

કચ્છના ભક્તિસાહિત્યમાં લૌકિક જીવનની વ્યર્થતા વ્યક્ત કરતી અને શક્તિમાં તરબોળ કરતી સાખીઓ પણ જોવા મળે છે.

૧. માં જી હિકડી ઝૂંપડીમેં સત પુતર સમાજેતાં
સત પુંતરેંજી મોલાતેમેં માતાજી ભારી પેંતા.
૨. ઝિઝેં મીયેં કણ ખોટ, કુપુત્રે ઘર મોયણું
ન રોજે તિ ગોઠ, જિત ઘર જામોતરાઈ.

મોડને કંથકોટ પર કિલ્લો બાંધવા ન આપનાર યોગી કંથડનાથને મોડના પુત્ર જામ સાડે આખરે મનાવી લીધા. દાદા કંથડનાથની વાતને નીચેની સાખીમાં વણી લેવામાં આવી છે.

૩. સાંતે સાડે ગઢ સૂતર્યો, નવ નોંધણે અડાયો
ચૌદ ચકવા ચણતાં વહી ગયા,
તોય કંથડ કેણે ન કર્યો પૂરો.

કચ્છનાં ગામડાંઓમાં જીનામ સંપ્રદાયના અનુયાયીઓ ઘરે પાટ મંડાયે છે ત્યારે કાપડી સાધુઓ સંત મેંકણની કેટલીક સાખીઓ બોલે છે. તેમાં એક-બે જોઈએ :

૪. કેં' કે વલ્યું કોરીયું' કે' કે વલા વેઢ,
વલેં કના વલા મુંકે ઢાઢી બ્યા ઢેઢ.
૫. ર રે મમે રામ ચો, આતમ છ મ ભુલ
ન ડડેં કનેં ન સુણેં, જમેં સંધો હુલ.

મેંકણની સાખીઓ સિવાયની અન્ય...

૬. નારી તું શક્તિ વડી, સંસારજો આધાર તોજો
તોજે ખોળે રમ્યા, સંત ભક્ત, કિરતાર.

(ડ) લખણ અને પગથિયાં :

એ સિવાય 'લખણ' તથા 'પગથિયાં' જેવાં મથાળાં કે લક્ષણ ધરાવતી રચનાઓ પણ કચ્છના લોકસાહિત્યમાં જોવા મળે છે. અહીં તેને આરતીના અર્થમાં પ્રયોજવામાં આવે છે. 'લક્ષણ'ની ભાષામાં ગુજરાતી, અરબી અને કચ્છીની ભેળસેળ છે. રાવળપીરનાં 'उर' 'લખણ' લોકભાષામાં રમતાં થયાં છે. તે પૈકી કેટલાંક જોઈએ.

૧. એકડે લખણ એકલા, પી રવડા પાસતા
ગાંગણ આણ ગિલવો વળી અગઠસે આયા.
૨. બેય લખણ બળિયા, તે સરમે ડીયા સંસાર
રોધ્યું આજે રાજમેં, કાસમેરજી કોલતાર.
૩. ત્રે લખણ તું, ઈ તું જોગી અયો જળધાર
નોં ખંડ આંકે નમેં, સે આકાશ ને પાતાર

તદુપરાંત –

૪. નવમેં લખણ નીરખે કયા ધરા મથે ધીંગ
વિઠા રાવર કચ્છ કૂબે તે તુરીયો નરસીંગ

છેલ્લે...

બત્રીસ લખણે દરબારેંજા, જુગતાં વસે મીં
બારેં વરેંજો બાલકો, જે મેં જરા ન લગી જાય.

એ રીતે કુલ બત્રીસ 'લખણ' આપવામાં આવ્યાં છે. આપણા લોકસમાજમાં પૂર્ણ પ્રતિભાશાળીને 'બત્રીસલક્ષણો' કહે છે.

'લખણ' બાદ 'પગથિયાં' નિહાળીએ.

કોઈક લોકભાવિકે રાવળપીરની બીજી રીતે પણ સ્તુતિ કરી છે. એને અહીંની લોકભાષામાં 'પગથિયાં' તરીકે ઓળખવામાં આવે છે. 'રાવળપીર' પુસ્તકના કર્તાશ્રી ધનજીભાઈ ભાનુશાલીને કુલ ૨૮ 'પગથિયાં'-રૂપી શ્લોકો મળ્યા હતા, જેમાંના કેટલાક અત્રે આપ્યા છે :

૧. પહેલું પગથિયું પીરજી સહુ નમે સંસાર
તખત બિરાજે વલસરેમેં કરણી અપરંપાર
૨. બીજું પગથિયું બોદલ બોળ્યા તોડ્યા રાવળપીર
દયા કયાં દેરાજ મથે પંનડી છદાયાં પીર

તદુપરાંત...

૪. સોરમી પગથિયું છાંઈ કરે ઊભી પીરાણી નીર
રાવલપીર જે ઘોડેં કે તા હીરે જડ્યાં હીર

છેલ્લે...

૫. અઠાવીસમું પગથિયું ઊંચો કૂબો ડગે વાન કૂબો
નવખંઢ નમે આંકે, છતરપતિ જો છગો

(જ) બાળરમતો અને જોડકણાં :

૧. કાંકરી શોધી આપવી :

થોડાંક બાળકો એકત્ર થાય. એક બાળક સંતાઈ જાય. બાકીનામાંથી એક બાળક જમીન પર પડેલી કાંકરી ઉપાડે અને કોઈ પણ એક બાળકના પગમાં સંતાડે. ત્યાર બાદ સંતાયેલું બાળક બહાર આવે અને બહાર આવી શોધી આપે કે કોના પગમાં કાંકરી સંતાયેલી છે. બાળક શોધતું હોય એ દરમ્યાન બીજાં બાળકો કચ્છીમાં ગીત ગાય :

પો પો પૈયો કાગડો ચંડાળ
કાગડે જે મોં મે કારા કપાસિયા
હલ રે કાગડા તોજી કઢી બરે

તે દરમિયાન જો બાળક કાંકરી શોધી આપે તો એ જીત્યું ગણાય.

૨. તાવડા પકાવવા :

ઘણાં બાળકો એકઠાં થાય ત્યારે દાવ કોના પર આવે તે નક્કી ન કરી શકતાં હોય ત્યારે તાવડા પકાવવાની રીત અજમાવવામાં આવે છે. બધાં હાથમાં હાથ મિલાવી ગોળ કૂંડાળું રચે. પછી હાથ ઉલાળી પોતાના એક હાથ પર પોતાનો જ બીજો હાથ રાખે. કેટલાંક સીધો હાથ રાખે, કેટલાંક ઊંધો હાથ રાખે. જો સીધા હાથવાળાંની બહુમતી થાય તો ઊંધા હાથવાળાં પર દાવ આવે અને જો ઊંધા હાથવાળાંની બહુમતી થાય તો સીધા હાથવાળાં પર દાવ આવે.

૩. છોકરીઓની રમત :

પાંચ કે છની જોડીના બે વિભાગો બને. બંને વિભાગ સામસામા બેસે. બંને વિભાગોની દરેક છોકરીનું વિશિષ્ટ નામ પાડવામાં આવે. જેવાં કે 'ઘડિયાળ' 'વીંટી' વગેરે. નામો ગુપ્ત રીતે આગેવાન છોકરી દરેકને વારાફરતી કાનમાં કહી જાય. ત્યાર બાદ એક વિભાગની છોકરી બીજા વિભાગની છોકરીની આંખ દાબે અને ગાય.

સોન જી લટકતી ઝટકતી
વીંઢી અચીને મારી વિને.

ઉપરોક્ત ગીત દરમિયાન દાબેલી આંખવાળી છોકરી હાથ આગળ ધરી રાખે. ગીતમાં 'વીંઢી' એવું નામ આવતાં સામેના વિભાગવાળી છોકરી કે જેનું નામ 'વીંઢી' હોય એ ઊભી થઈ છોકરીના હાથ પર તાળી મારી પાછી ગુપચુપ પોતાના સ્થાને ગોઠવાઈ જાય

એટલે પેલી છોકરીની આંખ ખોલી નાખવામાં આવે. પેલી છોકરી અટકળ કરીને સામેના વિભાગની છોકરી તરફ આંગળી બતાવે. જો જવાબ સાચો નીકળે તો સામેની છોકરીને વિભાગ બદલવો પડે. જો જવાબ ખોટો નીકળે તો જવાબ આપનારને વિભાગ બદલવો પડે અને એ રીતે રમત આગળ ધપે.

૪. ભાંખોડિયાં ભરતા બાળકને પ્રવૃત્તિમાં રાખવા માટે કેટલીક રમતો રમાડવામાં આવે છે. તેમાંની એક 'અધડ ગધડ...' નામની રમત છે ? તથા બીજા હાથની આંગળીથી વારાફરતી પોતાના તથા બાળકના હાથ પર ફેરવતી જઈ નીચેની પંક્તિઓ બોલે :

'અધડ ગડધ માધ ગધડ,
હીણું હલે મોર મચકે
મોર જે ઘરે આડતી
કાડત, કડી કટાડી
ભીંઢે વારી, ઉલ-ગુલ
બારે મહિને પૂરો પકો ફુલ'

એ રીતે બાળકને પ્રવૃત્તિમાં રાખી શકાય છે.

૫. બાળવાર્તા :

કાબર તથા કાગડાએ ખેતર વાવ્યું. પાક લણતી વખતે કાગડાએ કશો સહકાર ન આપ્યો. જ્યારે કાબર કામ માટે બોલાવે ત્યારે કહે :

જા રે કાબર જાઉં છું ચાંચુડી ઘડાવું છું
ઠાગો ઠૂગો કરું છું તે પછી આવું છું.

પાક ઊતરી જતાં કાબરે રસોઈ બનાવી. કાગડો તૈયાર માલ ઉપર ખાવા બેઠો એટલે કાબરે તેને માળામાંથી ધક્કો મારી ફેંકી દીધો. રાત પડી તોપણ કાગડો પાછો ન ફર્યો એટલે તેની માતા તેને શોધવા નીકળી અને ગાવા લાગી;

ટંગ તોડીધો વ્યો, પૂછ મોડીંધો વ્યો
મુંજો કાગ મંઢો કિડાકિડા ?

અંતે કાગડો ખાડામાંથી મળ્યો !

૬. રવાડીનો ઉત્સવ :

કચ્છના માંડવી શહેરમાં વિશિષ્ટ રીતે ઊજવવામાં આવે છે. 'રવાડી'ના ઉત્સવની ભેટ એ માંડવીની દેન છે. શ્રાવણ માસના ૯થી ૧૦(વદ)ના દિવસે માંડવી શહેરમાં 'રવાડી' કાઢવામાં આવે છે. 'જન્માષ્ટમી'ની રાત્રિના કૃષ્ણજન્મ થયા બાદ બીજા દિવસે ભગવાન રથમાં બેસી ફરવા નીકળે છે એવો ભાવ આ રથયાત્રા – 'રવાડી'માં સૂચવવામાં આવે છે. 'રવાડી' શહેરના મુખ્ય માર્ગો ઉપર ફરે છે ત્યારે એને જોવા માટે સમગ્ર કચ્છનો માનવમહેરામણ ઊમટે છે. 'રવાડી'માં વિવિધ રાસ-ગરબીમંડળો-અખાડાઓ-ઢોલીઓ વગેરે ભાગ લે છે. માંડવીના રસ્તા સાંકડા છે અને 'રવાડી' માટે બનાવેલો રથ ખાસ્સો મોટો હોય છે. આગળ 'ગુડપંખી'(ગુજ. ગરુડપક્ષી)ની પ્રતિમા હોય છે. રસ્તામાં 'રવાડી' કોઈ સ્થળે અટકી જાય તો બાળકો ગગનભેદી ઘોષમાં ગાય છે :

રવાડી અટકી, માલમ મૂઠી
રામજી રોય તો, ચાલી કપાયતી
જીયેરા કેશર, કલંગી વારો
કલંગી મેં કેસર, જીયે રા કેશર.

પરિવર્તનશીલ જમાનામાં 'રવાડી'જેવું ભાતીગળપણું નથી રહ્યું. પરિણામે 'ડીસ્કો' નૃત્ય વગેરે જેવાં કૃત્રિમ મનોરંજનનાં પરિબળો પેઠાં છે.

૭. જોડકણાં :

નાનકડાં બાળકોથી માંડી મોટેરાં સુધી સૌને આનંદ આપનારાં જોડકણાં પણ કચ્છી લોકસાહિત્યમાં જોવા મળે છે.

અ. નાનકડું બાળક બેઠેબેઠે ઝૂલતું હોય ત્યારે દાદીમા ભાવવિભોર બનીને જોડકણું જોડી નાખે છે:

ઝુલ રે હાથી ઝૂલ
સૂંઢમેં કમળ ફૂલ.

બ. જાડી છોકરી માટે –

છડ છોરી ધભલી
હેડો મજાસ...

ક. બાળકને રમાડતાં...

૧. વા વા રે નગારા વા રે વા
વા વા રે નગારા કિડાં વજધા
જિડા છોકરો ઘોડે ચડે ઈડા વજધા

૨. હિતરા નિંઢડા છોકરા ઢોલ રાંધ કંધા
ઢોલ રાંધ કંધા, દિકાર ધમલ રાંધ કંધા.

ડ. બાળક સહેજ મોટું – સમજણું થાય એટલે કોઈ પ્રસંગ કે પંક્તિ પરથી જોડકણું બનાવવાની આદત વળગે. એવાં કેટલાંક જોડકણાં કચ્છી લોકસાહિત્યમાં છે.

૧. પ્રસંગ : હાથી કે ચેણું પેરાઈ ડિયો
જવાબ : ગાગર તે ઘેણું
હાથી પેરે ચેણું

૨. પ્રસંગ : સીતા કે ચોટલો વારાય ડિયો
જવાબ : ચાર પગથિયાં ચડ્યા
ચાર પગથિયાં ઊતર્યા
વિચમેં આયો ઓટલો
સીતા વારે ચોટલો.

૩. પ્રસંગ : હાથી કે ચેન પેરાય ડિયો
જવાબ : પાટી તે પેન
હાથી પેરે ચેન

૪. પ્રસંગ : ઢગે કે ચીસ પડાય દિયો
જવાબ : પંદર એકું પંદર
ગડો આયો અંદર
પંદર ધૂ ત્રીસ
ઢગે વિજઈ ચીસ.

૫. પ્રસંગ : ઊઠ કે ભડકાઈ ડિયો
જવાબ : કરઈ પુડિયા ધડકી
ઊઠ વ્યો ભડકી.

૬. પ્રસંગ : સીતા કે સાડી પેરાઈ ડિયો
જવાબ : સત પિરુલ્યું પૂછ્યું
સતું સચ્યું પિયું
વિચમેં આવઈ વાડી
સીતા પેરે સાડી

૭. પ્રસંગ : ચોર કે છતરી ડિઈ ડિયો
જવાબ : સોર એકું સોર
ઘરમેં આયા ચોર
સોર ધૂં બતરી
ચોર ઉપાડઈ છતરી.

કચ્છના લોકસાહિત્ય દ્વારા પ્રગટતી કચ્છની લોકસંસ્કૃતિ

કચ્છની પ્રજા આજીવન પ્રવાસી પ્રજા છે. કાઠી, આહીર, રબારી, જત તથા અન્ય પશુપાલક જાતિઓથી માંડીને સમા, સોઢા, બ્રાહ્મણો, ભાટિયાઓ, લોહાણાઓ જેવી જાતિઓ કચ્છમાં આવી 'કચ્છરૂપ' બની ગઈ અનેક પ્રજાઓ અહીં આવીને બધું ભૂલીને માત્ર 'કચ્છી' બનીને જ રહી ગઈ.

આ સાહસિક, ખમીરવંતી કચ્છી પ્રજાને 'કચ્છી માડુ' કહેવામાં આવે છે. 'કચ્છી માડુ'નો પહેરવેશ જુદો, ભાષા જુદી, પાઘડીનો પેચ પણ વિશિષ્ટ રીતનો ઉત્તર તરફ આવળ, બાવળ ને બોરડી, એમાંથી પસાર થતાં ગાય, ભેંસ, ઘેટાં-બકરા સહિતના પશુપાલકો વચ્ચે ધાન્યથી લહેરાતાં ખેતરો અને દક્ષિણ કંઠારે સાગરરાજના સોહામણા પારે કચ્છ હિલોળા લે છે. આવી પરંપરાના લોકોથી કચ્છ વસેલું છે. સ્વમાન અને ખાનદાનીથી વિશેષ કચ્છીઓને કશું નથી. મજૂરીએ આવેલ બહેનો પણ તેમની સાથે ઊંચા સાદે કે તુંકારે બોલાય તે નિભાવી લેતી નથી અને આ તમામ ખુમારી કચ્છની લોકસંસ્કૃતિમાં પ્રગટ થાય છે.

અમેરિકન લોકશાસ્ત્રવિદ બ્રુન્વાદે સંસ્કારજીવનના અંશતઃ શાબ્દિક લોકશાસ્ત્ર તથા અશાબ્દિક લોકશાસ્ત્ર એમ જે બે વિભાગ પાડ્યા છે એ જ અત્રે લાગુ પાડી શકાય.

૧. અંશતઃ શાબ્દિક લોકશાસ્ત્ર :

૧. હિન્દુસ્તાનના દરેક સમાજની માફક કચ્છની પણ તમામ જાતિઓમાં ગર્ભાધાનથી માંડીને મૃત્યુપર્યંતની વિવિધ વિધિઓ જોવા મળે છે જે ઘણીખરી જાતિઓમાં એકસમાન ચાલી આવે છે. શાસ્ત્રીય વિધિઓ કરતાં પણ લોકજાતિઓ 'ડોશીશાસ્ત્ર'ને એટલે કે પરંપરાગત લોકવિધિઓને સવિશેષ મહત્ત્વ આપે છે.

ગર્ભાધાન બાદ પાંચ મહિને સાસરાપક્ષ તરફથી ખોળો ભરવાની વિધિ થાય છે. તેમાં સ્ત્રીના ખોળામાં પાંચ ફળ મૂકવામાં આવે છે. ત્યારબાદ સાત મહિને

સીમંતવિધિ થાય છે. આ વિધિમાં સ્ત્રીને તેના પિતૃપક્ષ તરફથી ખોળો ભરવાની વિધિ થાય છે, જેમાં પાંચ ફળ, શ્રીફળ વગેરે મૂકવામાં આવે છે. ઘણી જાતિઓમાં રાંદલના લોટા તેડવામાં આવે છે. કેટલીક જાતિઓમાં આ વિધિ વખતે સ્ત્રીનો દેર પોતાની ભાભીને ગાલે હળવો તમાચો મારે છે, જે ભાવિ બાળક આવતાં ભાભીનો પોતાના પર પુત્રવત્સલભાવ ઓછો ન થાય એવું સૂચન કરે છે.

(અ) જન્મ અને નામકરણના સંસ્કાર :

બાળકના જન્મ બાદ દાયણ અણીદાર છરી વડે નાળ કાપે છે. આ કાર્ય બદલ દાયણને લૌકિક વિધિ મુજબ થાળી, વાટકો, અનાજ, ઘી, ગોળ, કપડાં વગેરે મળે છે. જન્મ બાદ તુરત જ બાળકને ગોળ ચટાડવામાં આવે છે, જેને 'ગળથૂથી' ખવડાવવી એમ કહેવામાં આવે છે. લોકમાન્યતા મુજબ જે વ્યક્તિના હાથની ગળથૂથી આપવામાં આવે, એના જેવું જ બાળકનું ઘડતર થાય છે. પિતૃપક્ષને પોતાની પુત્રી હરહંમેશ હોશિયાર જ લાગતી હોય છે, તેથી ફઈના હાથે ગળથૂથી અપાય છે. તદુપરાંત સમાજમાં પણ ઘણી વખત ખટપટી વ્યક્તિને 'તોકે કેરે સૂથી ડનઈ આય !' એમ કહી કટાક્ષ કરવામાં આવે છે.

જન્મ બાદ છઠ્ઠે દિવસે છઠ્ઠીની વિધિ થાય છે. વિધિમાં બ્રાહ્મણ એક પાટલા પર કપડું પાથરી, એના પર અનાજ રાખી, બાજુમાં મોટો ચોપડો, કલમ વગેરે મૂકે છે એને છઠ્ઠી કહે છે. શાસ્ત્રોક્ત વિધિ બાદ બાળકના દાદા તેને છઠ્ઠી પાસે લેટાવે છે. આ વખતે બાળકની ફઈ હાજર રહે છે અને બાળકનું નામ માંડે છે. કચ્છની ઘણીખરી લોકજાતિઓમાં બાળકનું નામ દાદા પરથી પોતરે ઊતરે છે, તો કેટલીક જાતિઓ બ્રાહ્મણને પુછાવીને રાશિ મુજબ નામકરણવિધિ કરે છે. કચ્છની કેટલીક મુસ્લિમ જાતિઓમાં નામ ઇસ્લામિક માસના નામના પ્રથમ અક્ષર પરથી પણ પડે છે.

બાળકનો જન્મ થાય કે સમગ્ર કુટુંબને આભડછેટ લાગુ પડે છે, જેને કચ્છમાં 'પંઢરું' કહે છે. દાદા, દાદી વગેરેને અગિયાર દિવસ સુધી 'પંઢરું' ચાલે છે. એ દિવસો દરમિયાન તેઓ કશી ધાર્મિક વિધિ કે દેવદર્શન કરી શકતાં નથી, જ્યારે માતાએ દોઢ માસ સુધી આભડછેટ પાડવી પડે છે. કચ્છની ઘણીખરી લોકજાતિઓમાં પુત્રજન્મ બાદ પિતા પુત્રનું કે તેની માતાનું મુખ જોઈ શકતા નથી. છઠ્ઠીના દિવસે એ બાળકનું મુખ જોઈ શકે છે.

(બ) યજ્ઞોપવીત, સગાઈ અને લગ્ન :

બ્રાહ્મણ, ભાટિયા, લોહાણા જેવી જ્ઞાતિઓમાં યજ્ઞોપવીતની વિધિ હોય છે. આ વિધિ મુખ્યત્વે શાસ્ત્રોક્ત હોય છે. પરંતુ યજ્ઞોપવીત ધારણ કર્યા બાદ બાળક કે જેને 'બટુક' કહેવામાં આવે છે તે દોડે છે અને એના મામા એને પકડી પાડે છે. તે વિધિ ખાસ આનંદદાયક છે.

કચ્છની કેટલીક જાતિઓ જેવી કે આહીર, ગઢવી, ક્ષત્રિય જેવી જાતિઓમાં મામા-ફુઈનાં પુત્ર-પુત્રી વરે છે. અન્ય જ્ઞાતિનાં રીતરિવાજ મુજબ સગપણની વિધિ થાય છે. સામાન્યતઃ સગાઈની વિધિમાં કન્યાપક્ષ તરફથી વરપક્ષને સાકર-ચૂડી મોકલવામાં આવે છે, જેને શુકન તરીકે વરપક્ષવાળાં રાખી લે છે. એ સિવાય આહીર, રબારી, ચારણો, સોરઠિયા, હરિજન જેવી જ્ઞાતિઓમાં તો નાનપણથી જ સગાઈ કરી દેવામાં આવે છે, પરંતુ લગ્ન તો પુખ્તવયે જ થાય છે.

સગાઈની વિધિ બાદ લગ્નની તૈયારીઓ ચાલે છે. લગ્નના આઠેક દિવસ પહેલાં 'સમૂરતાં' થાય છે, જેમાં વર કે કન્યાને બાજોઠ પર બેસાડી ચાંદલો કરવામાં આવે છે. આ પ્રસંગે સ્ત્રીઓ ગીતો ગાય છે. સમૂરતાં બાદ 'ઘઉંયારો' એટલે વરની બહેનના હાથે ભીંતે સાથિયાનાં શુકન કરાય છે.

સમૂરતાં બાદ લગ્નના દિન સુધી દરરોજ રાતના સાંજીગીતોની રમઝટ જામે છે. લગ્નના આઠેક દિવસ પહેલાં વર અને કન્યાને પીઠી ચોળવામાં આવે છે. લગ્નના આગલે દિવસે બંને પક્ષે ગણેશસ્થાપન થાય છે. ત્યાર બાદ માંડવા રોપાય છે. આ વિધિ બાદ ખેતરપાળનું પૂજન થાય છે. પૂજન બાદ માણેકથંભ રોપાય છે.

માંડવાની વિધિ પૂર્ણ કર્યા બાદ વરપક્ષની જાન રવાના થાય છે. રાત્રિ સુધી કન્યાપક્ષના સ્થાને પહોંચી આવે છે. જાન આવ્યાની જાણ 'ગડાકુ ભંદુક' (ગોળમિશ્રિત દારૂવાળી બંદૂક) ફોડીને કરવામાં આવે છે અને કન્યાપક્ષની સ્ત્રીઓ સ્વાગત કરવા આવી પહોંચે છે.

ક્ષત્રિયપરંપરા મુજબ જાનમાં વરની તલવાર જાય છે, જેને 'ખાંડું' કહે છે. કન્યા ખાંડા સાથે ત્રણ ફેરા ફરે છે. બાદ પોતાના એક જ ભાઈ સાથે વરપક્ષને ઘરે જાય છે અને ત્યાં ચોથો ફેરો પતિ સાથે ફરી ફેરાવિધિ પૂર્ણ કરે છે. વરપક્ષના ગૃહે એને કોઈ પણ એકને 'ધર્મનો ભાઈ' બનાવવો પડે છે.

જ્યારે અન્ય જાતિઓમાં જાનનું સ્વાગત થયા બાદ જાન ઉતારે પહોંચે છે. વરપક્ષવાળા એક છાબમાં દાગીના, કપડાં વગેરે લઈ કન્યાને પહેરાવે છે. ત્યાર બાદ કન્યાપક્ષની સ્ત્રીઓ વરનું માથું ધોવડાવવા આવે છે. માથું ધોવડાવ્યા બાદ વરને કાનથી માંડીને જમણા પગના અંગૂઠા સુધી કાચા સૂતરના દોરા પહેરાવે છે. આ વિધિ પૂર્ણ થયા બાદ વરરાજા માંડવે પરણવા આવે છે ત્યારે તેની સાસુ તેને પોંખે છે, જેમાં લાકડાની ત્રાક વરના માથા પરથી ફેરવીને ચાર દિશાઓમાં ફેંકવામાં આવે છે. એ દરમિયાન લાગ મળતાં વરના 'નાક'ને પકડવાની કોશિશ કરે છે. વર પણ પોતાનું 'નાક' બચાવવા પ્રયત્નશીલ જ રહે છે !

પોંખાઈ ગયા બાદ વરરાજા ચોરીના મંડપમાં પ્રવેશે છે. મંડપના ચાર પાયે શ્રીફળ સહિતની નાની લાકડીઓ બાંધેલી હોય છે, જેને દરેક ફેરા વખતે કન્યાએ જમણા પગના અંગૂઠા વડે સ્પર્શ કરવાનો હોય છે. ચોરી-ફેરા બાદ હસ્તમેળાપ થાય છે. હસ્તમેળાપ બાદ એક મોટા વાસણમાં કંકુમિશ્રિત પાણી લઈ એમાં 'વેઢ' એટલે કે વીંટી મૂકવામાં આવે છે. વર-કન્યા વીંટી મેળવવાનો પ્રયત્ન કરે છે. જેના હાથમાં વીંટી આવે તેનું લગ્ન બાદ ઘરમાં ઊપજે એવી લોકમાન્યતા છે. લગ્ન બાદ વરપક્ષવાળાં જવાની ઉતાવળ કરે છે, જ્યારે કન્યાપક્ષવાળાં તેઓને આગ્રહપૂર્વક રોકી જમાડે છે.

સાંજે જ્યારે જાન પાછી ફરે છે ત્યારે ગામની ભાગોળ સુધી કન્યાપક્ષવાળા જાનને વળાવવા આવે છે. ગામની ભાગોળે કન્યાની કુટુંબીઓ વર તથા કન્યાના પગ ધોવડાવી, એમના પગ પાસે એક એક ચાંદીની કોરી (હવે સિક્કા) મૂકે છે, જેને 'ગૌદાન' કહેવામાં આવે છે. પરણીને ઘેર આવ્યા બાદ વર તથા કન્યાને વરની મા પોંખે છે. કન્યાના પગને કંકુવરણા કરીને ઘરમાં પ્રવેશ કરાવે છે.

લગ્નને બે-ત્રણ દિવસ થયા બાદ વરકન્યા કુળદેવીને પગે લાગવા જાય છે. ત્યાં વરની બહેન છેડાછેડની વિધિ કરે છે. કેટલીક જાતિઓમાં ખેતરપાળનું પૂજન થાય છે, જેને 'ખેતરપાળના કર પૂરા કરવા' એમ કહેવામાં આવે છે.

આહીરોમાં લગ્ન બાદ કન્યા માત્ર ત્રણ જ દિવસ પતિગૃહે રોકાય છે, બાદમાં પિયર જતી રહે છે, જેને 'આણું વાળવું' કહે છે. પિયરથી તે એક વર્ષ બાદ પતિગૃહે પાછી આવે છે.

કચ્છ-વાગડની કેટલીક લોકજાતિઓમાં તો સગાઈ બાદ વરે કશુંક 'પરાક્રમ' દર્શાવવું પડે છે, જે વિધિ આજપર્યંત ચાલુ છે. એટલે કે વરે ક્યાંક તો ધાડ પાડવી જ પડે છે, તો જ એનાં લગ્ન થઈ શકે. આજના યુગમાં પણ વરનું નામ પોલીસ દફતરે ચઢેલું હોય તો જ એને કન્યા મળી શકે છે.

(ક) લગ્નવિચ્છેદ :

કચ્છની કેટલીક લોકજાતિઓમાં લગ્નવિચ્છેદ-સમયે પત્નીને પતિ તરફથી કમખું આપવામાં આવે છે. પત્ની સાથે મનમેળ ન હોય તો જ્ઞાતિના આગેવાનોને બોલાવવામાં આવે છે. તેમની હાજરી વચ્ચે પત્નીને પતિ કમખું આપે છે, જેનો અર્થ એવો થાય છે કે આજથી તેને માટે તે બહેન સમાન છે. લગ્નવિચ્છેદ બાદ જો સંતાન હોય તો તે પતિ પાસે રહે છે. કેટલીક જાતિઓમાં લગ્ન બાદ પત્ની અન્યત્ર પરણે છે, જેને કચ્છીમાં 'ઘરગયણું' કહે છે.

(ડ) મૃત્યુ :

મૃત્યુની અંતિમ ક્ષણે માનવીને પથારી પરથી ખસેડી જમીન પર ગૌમૂત્ર, છાણ વડે લીંપણ કરી તેના પર સુવાડે છે. લોકમાન્યતા મુજબ પથારી પર મૃત્યુ થાય તો જીવ અવગતે જાય છે, જ્યારે ગૌમૂત્ર-છાણ વડે લીપેલી જમીનને 'સાથરો' કહે છે. મૃતદેહનું મસ્તક ઉત્તર તરફ તથા પગ દક્ષિણ તરફ રાખવામાં આવે છે. કેટલીક જાતિઓમાં મૃતદેહની પાસે જમીન પર કંકુ છાંટી ઉપર ચાળણી ઢાંકવામાં આવે છે. મૃતદેહને ડાઘુઓ લઈ જાય, બાદ ચાળણી ખોલીને જોવામાં આવે છે. 'ડોશીશાસ્ત્ર'ને અનુસરનારી વૃદ્ધાઓના મત મુજબ કંકુ પર માનવપગલાં દેખાય તો બીજો જન્મ માનવાનો, પશુનાં પગલાંની છાપ દેખાય તો પશુનો અને પક્ષીના પંજા દેખાય તો પક્ષીનો અવતાર થાય છે.

મૃતદેહ પર અબીલ, ગુલાલ, કંકુ, ચોખા વગેરે ચઢાવી કુટુંબીજનો મૃતદેહની પરિક્રમા કરે છે. ડાઘુઓ એકઠા થાય એટલે તેમાંના કેટલાક નનામી તૈયાર કરે છે. વાંસની બનેલી નનામી પર શબને સુવાડી, સીંદરીથી બાંધી, ઉપર કપડું ઓઢાડે છે, જેને 'ખાંપણ' કહે છે. વૃદ્ધ માટે લાલ રંગનું, યુવાન માટે કેસરી કે લાલ રંગનું, જ્યારે સૌભાગ્યવતી સ્ત્રીના શબને ઘરચોળું ઓઢાડવામાં આવે છે. યુવાન સૌભાગ્યવતી સ્ત્રીની સ્મશાનયાત્રામાં તેનો પતિ જો સામેલ થાય તો એવું માની લેવાય કે એને બીજી વખત પરણવાની ઇચ્છા નથી. નનામીના ચાર છેડે નાળિયેર બાંધવામાં આવે છે. મૃતદેહનું મસ્તક પાછળ રહે એ રીતે નનામી ઉપાડવામાં આવે છે. સ્મશાન ગામની બહાર હોય તેથી નનામીને ગઢના નાકામાંથી અવશ્ય પસાર કરવી પડે છે. ગામબહાર નીકળ્યા બાદ નનામી ફેરવવી પડે છે. મૃતદેહનું મસ્તક દક્ષિણદિશા તરફ રહે એ રીતે નનામી ફેરવવી પડે છે. જો સમુદ્ર હોય તો સમુદ્રમાં મૃતદેહને સ્નાન કરાવી, ખાંપણ ખોલી મૃતદેહને ઘી લગાડી ચિતા પર ગોઠવવામાં આવે છે. યુવાન પુત્ર જમણા પગના અંગૂઠે અગ્નિ ચાંપે છે. મૃતદેહ સંપૂર્ણ બળી રહ્યા બાદ યુવાન પુત્ર માટલાને પોતાની પાછળ રાખી, પાછળ મુખ ફેરવ્યા સિવાય પથ્થરથી માટલાને ફોડે છે. શબદહન બાદ ડાઘુઓ સ્નાન કરી પોતપોતાના ઘરે જાય છે. નાનકડા બાળકનું મૃત્યુ થાય તો તેને દાટવાનો રિવાજ છે. મૃત્યુ બાદ દશમે દિવસે 'દશાવ' થાય છે. બ્રાહ્મણ ઘડા ભરે છે. અગિયારમા દિવસે 'અગિયારમું', જેમાં જીવનો બાકીના કુટુંબીઓ સાથેનો 'પિંડ' કપાય છે અને બારમા દિવસે બારમું જમાડવામાં આવે છે, જેમાં પહોંચતી-પામતી વ્યક્તિ બ્રાહ્મણોને મિષ્ટાન્ન જમાડે છે.

(૨) કચ્છીઓના લોકોત્સવો :

ઉત્સવો કચ્છની ગ્રામ્ય પ્રજા માટે મહત્ત્વનું આનંદનું અંગ છે. પશુપાલક ઉત્સવો, કૃષિપ્રધાન ઉત્સવો અને સાગરપ્રધાન ઉત્સવો જેવા અનેક ઉત્સવો કચ્છમાં વણાઈ ગયા છે. ઉત્સવોમાં નાત-જાતના ભેદભાવ વગર કચ્છીઓ મહાલે છે. કચ્છી પુરુષો મન મૂકીને ઉત્સવો ઊજવે છે, તો નારીવૃંદ પણ અનેરો લહાવો લઈ લે છે.

સામાજિક ઉત્સવોમાં ધાર્મિક મેળા મુખ્ય છે. ચોમાસું સારું ગયું હોય એટલે ધાર્મિક મેળાઓની પરંપરા ચાલુ થાય છે. આમ કચ્છના લોકજીવનમાં ઉત્સવના પાયામાં ધર્મ રહેલો છે. ધાર્મિક મેળા વખતે જ કચ્છનું તળપદાપણું અનુભવાય છે. કચ્છના મોટા મેળાઓમાં શ્રાવણ સુદ પાંચમ(નાગપાંચમ)ના દિને ભરાતો ભુજિયાનો મેળો, જન્માષ્ટમીના ગામેગામ ભરાતા લોકમેળાઓ, ભાદરવામાં થતો યક્ષનો મેળો કે નવરાત્રિના સાતમના દિને માતાના મઢમાં ભરાતો મા આશાપુરાનો મેળો વગેરે ગણાવી શકાય. એ સિવાય રણની કાંધીએ હિન્દુ-મુસ્લિમએકતાના પ્રતીકરૂપ હાજીપીરનો મેળો, તલવાણામાં ભરાતો રૂકનશાપીરનો મેળો, મહાશિવરાત્રિએ ધ્રંગમાં દાદા મેંકણના સ્થાને થતો મેળો પણ જુદીજુદી લોકજાતિઓ માટે ખૂબ જ આકર્ષણરૂપ બની રહે છે.

કચ્છના લોકમેળાઓ હવે ક્રમશઃ પોતાનું તળપદાપણું ગુમાવતા જાય છે. આધુનિક સંસ્કૃતિના વાયરા લોકસંસ્કૃતિને હાનિ પહોંચાડે છે, જેના ફલસ્વરૂપ ભુજિયાનો મેળો, માંડવીના રવાડીના મોળ વગેરે સંપૂર્ણ અદ્યતન બની ગયા છે. તો યક્ષના મેળામાં

કે નવરાત્રિના માતાના મઢમાં ભરાતા મેળામાં હજુ પણ ગ્રામ્ય સંસ્કૃતિનાં દર્શન થાય છે. યક્ષનો મેળો ત્રણ દિવસ તથા ત્રણ રાત્રિ ચાલે છે. મેળાની ખરી પરાકાષ્ઠા તો રાત્રિએ પહોંચે છે. યક્ષના મેળામાં કોથળાદોડ, બખ જેવા કાર્યક્રમ હોય છે. એ સિવાય ગ્રામ્ય વિસ્તારના ભરાતા મેળાઓમાં ઘોડદોડનું પણ મુખ્ય આકર્ષણ હોય છે.

તલવાણામાં ભરાતા મેળામાં પણ બખનું આકર્ષણ ગ્રામ્ય વિસ્તારોને ચેતનવંતું બનાવી દે છે, જે કચ્છની લોકસંસ્કૃતિનું વીરત્વસૂચક ચિહ્ન છે. ધ્રંગના મેળામાં ઊંટદોડ હરીફાઈ (Camel Safari) જોવા માટે વિદેશીઓ ખાસ આવે છે. જે ઊંટને હરીફાઈમાં ઉતારવાનો હોય તેની ખાસ માવજત કરવામાં આવે છે. છ-છ માસ સુધી તેને ખવડાવી-પિવડાવી તાજોમાજો કરવામાં આવે છે. દોડવાની ખાસ કેળવણી આપવામાં આવે છે. હરીફાઈને દિને તેને શણગારવામાં આવે છે. એની પીઠ પર ઝૂલ નાખી, એના ચાર છેડા બાંધી દેવામાં આવે છે. સમગ્ર શરીર પર ખાસ પ્રકારનો ચાંદીનો આભૂષણયુક્ત સાજ પહેરાવવામાં આવે છે. પગે ઘૂઘરા બાંધવામાં આવે છે. રૂમઝૂમ અવાજ કરતા ઊંટો જ્યારે દોડે છે ત્યારે બંને બાજુએ ઊભેલા માણસો ચિચિયારીઓ પાડીને ઊંટોને પોરસ ચઢાવે છે અને ખરે જ ઊંટને પોરસ ચઢી જાય છે. ગન્તવ્યસ્થાને પહોંચી ગયા છતાં પણ કેટલાક ઊંટો તેમના મહાવતને ગણકાર્યા સિવાય દોડતા જ રહે છે, જે એમના છ માસના કઠોર પરિશ્રમનું ફળ હોય છે.

માંડવીના જન્માષ્ટમીના બીજા દિને (નોમ) અને શ્રાવણ વદ દસમના દિને ખાસ રથયાત્રા નીકળે છે, જેને 'રવાડી' કહે છે. ભગવાનના જન્મ બાદ બીજે દિવસે સ્નાન કરવા નીકળે છે એવો ભાવ એમાં સૂચવાય છે. રવાડીના અંતે મોટો રથ હોય છે, જેમાં બાલકૃષ્ણની મૂર્તિ બિરાજમાન હોય છે અને બહાર 'ગુડપંખી' (ગરુડ) હોય છે. વર્ષો અગાઉ માત્ર દસમના જ ખારવાની રવાડી નીકળતી. તેમાં રથમાં બાળકો બેસતાં. તે વખતે એક અન્ય બાળકે અંદર બેસવાની હઠ પકડતાં એને અટકાવવામાં આવ્યો. પરિણામે વાદ-વિવાદ થયો અને એ બાળકના પિતાએ અન્ય શેઠિયાઓને કહી પોતાના બાળક માટે ખાસ અલગ રવાડી તૈયાર કરાવી. જે નોમના રોજ નીકળે છે તેને લોહાણાની રવાડી કહે છે. સમગ્ર કચ્છનું ધ્યાન ખારવાની રવાડીમાં રહેતી મુખ્ય રમતો પ્રત્યે રહેલું હોવાથી, એ દિને સમગ્ર કચ્છના માણસો રવાડીમાં મહાલવા આવે છે. તે દિવસે માંડવીના રસ્તાઓ માનવકીડિયારાથી ઊભરાઈ જાય છે. હૈયે હૈયું દળાય એટલી ગિર્દીમાં એક મિનિટના રસ્તાને પસાર કરતાં એક કલાકનો સમય લાગે છે.

અગાઉની બંને રવાડીઓમાં કચ્છની ગ્રામ્ય સંસ્કૃતિનાં દર્શન થતાં. અંગકસરતના વિવિધ ખેલો અખાડાઓ રવાડીમાં રહેતા. રંગબેરંગી વેશભૂષાયુક્ત યુવાનો દાંડિયારાસ લેતા. તલવારના દાવપેચ, ભાલા અને તીરોની નિશાનબાજી, લાઠીના દાવ વગેરે જોવા માણસો ઊમટી પડતા. સંપૂર્ણ રવાડીનાં દર્શન કરતાં પાંચથી છ કલાકનો સમય લાગતો.

કમનસીબે આ ભાતીગળ મેળાને આધુનિકતાનો લૂણો લાગ્યો છે. હવે સ્વાતંત્ર્ય પરેડ સમયે તૈયાર થતાં 'ફ્લોટ્સ' જેવા ફ્લોટ્સ રવાડીમાં હોય છે અને એના પર ફિલ્મી ધૂનો પર નાચતા યુવાનો જોવા મળે છે.

(૧) દરિયો વધાવવાના ઉત્સવો : ૧. અષાઢી બીજ ૨. ચૈત્રી બીજ

કચ્છની લોકસંસ્કૃતિમાં અષાઢી બીજનું ખાસ મહત્ત્વ છે, કારણ કે કચ્છી નવું વર્ષ 'અષાઢી બીજ'ના દિને શરૂ થાય છે. 'અષાઢી બીજ કાં વડર કાં વીજ' એવું જેના માટે કહેવાયું છે તે બીજથી વર્ષારંભ લેખાય છે. કચ્છની લોકસંસ્કૃતિમાં પણ માસની ગણતરી ચંદ્રથી ચંદ્ર થાય છે. સાગરપ્રધાન સંસ્કૃતિ તો અષાઢી બીજને મનભરીને મહાલે છે. કચ્છનાં તમામ શહેરો અને ગામડાંઓમાં 'પાંખી' પળાય છે. સમુદ્રકિનારે આવેલા માંડવીમાં મોટો મેળો ભરાય છે. એ દિવસે સ્ત્રીઓ ધાણા, ચણા, ખજૂર, શ્રીફળ તથા અગરબત્તી લઈને દરિયાની 'ઓરગ' (પૂજા) કરવા જાય છે.

'અષાઢી બીજ'ની માફક 'ચૈત્રી બીજ'નું પણ કચ્છની સંસ્કૃતિમાં અનેરું મહત્ત્વ છે. ચૈત્રી બીજના દિને પણ સ્ત્રીઓ દરિયાને વધાવવા જાય છે.

(૨) શીતળાસાતમ :

શીતળાસાતમ કચ્છીઓ માટે મોટો તહેવાર છે. આ તહેવાર નિમિત્તે સ્ત્રીઓ રાંધણછઠના દિને રાંધી સાતમના ટાઢું ખાય છે. વિવિધ વાનગીઓનો થાળ કચ્છની સંસ્કૃતિનું ભોજનપ્રિયતાનું પ્રતિબિંબ પાડે છે. સૂકા રણપ્રદેશની આબોહવા ધરાવતા આ પ્રદેશમાં ચોમાસું સારું જાય તો જ વિવિધ મિષ્ટાન્નો તહેવાર નિમિત્તે આરોગી શકાય, તેથી કચ્છની ખડતલ પ્રજા શીતળાસાતમનાં પૂરી, લાડુ, મોહનથાળ, સાટા વગેરે વાનગીઓની મજા માણે છે. તે દિવસે શીતળામાતાના મંદિરે મોટો મેળો ભરાય છે, જેમાં સ્ત્રીઓ પોતાના નાનકડાં બાળકને માતાને પગે લગાડી માતાજીને પ્લાસ્ટિકની 'આંખો' ધરાવે છે, જેને 'અખો કામો' કહે છે. તેની પાછળ પોતાના પુત્રની આંખો કદી ન ઊઠે એવો મનોભાવ વ્યક્ત થતો હોય છે. ગામડાંઓમાં સ્ત્રીઓ ગરબાની રમઝટ બોલાવે છે.

(૩) જન્માષ્ટમી :

શીતળાસાતમના બીજા દિવસે જન્માષ્ટમીનો ઉત્સવ રંગેચંગે ઊજવાય છે. મટકીફોડ નિમિત્તે ગામનો તમામ વર્ગ ચોકમાં એકઠો થાય છે. યુવાનો મટકી ફોડે છે. પાટીદાર પટ્ટીનાં ગામોમાં તો અનેરો ઉત્સવ હોય છે. ભારતભરમાં પથરાયેલાં પાટીદારોનાં કુટુંબો જન્માષ્ટમી નિમિત્તે કચ્છમાં આવી આ અવસરનો લહાવો લે છે. રાસ-ગરબાની રમઝટ જામે છે. કૃષ્ણના વંશ સાથે પોતાને જોડતા સોરઠિયા, આહીર વગેરે જાતિઓમાં જન્માષ્ટમીના ઉત્સવનો મહિમા છે. આ જાતિઓમાં જન્માષ્ટમીના ગોકળિયાં લગ્નો પણ લેવાય છે.

(૪) દિવાળી

દિવાળીના સપરમા તહેવારોના દિવસો પૈકી ધનતેરસના દિવસે તમામ ઘરોમાં લક્ષ્મીની પૂજા થાય છે. કાળીચૌદસની રાત્રિએ સ્ત્રીઓ 'કકળાટ' કાઢે છે. 'કકળાટ' એટલે કજિયા-કંકાસને વિદાય આપવી તે. ભજિયાં, અઢી લાલ મરચાં, મીઠું વગેરે એક માટીની તાવડીમાં મૂકી ત્રિવાટે (ત્રણ રસ્તાના સંગમસ્થાને) મૂકવામાં આવે છે. દિવાળીની સાંજે 'એલાયો મેલાયો' કાઢવામાં આવે છે. સાંજના વેપારીઓ બ્રાહ્મણ પાસે ચોપડાપૂજન કરાવે છે.

(૫) હોળી :

હોળીના દિને બાળકો છાણાં, લાકડાં વીણીને હોળી માટે 'સંગ્રહ' કરવાનો આનંદ મેળવે છે. ઘરોઘર છાણાં કે લાકડાં માગવા જાય ત્યારે આમ બોલે છે :

'હો હો કે હોળી લાલ
માથે ટૂપી, લાલ ગુલાલ
કયા કરું રે કયા કરું
હાથી ઘોડા નહીં લઉં

પછી આગળ આ પ્રમાણે બોલે –

છેણું ડે તેંકે ઘી અચે
કાઠી ડે તેંકે પુતર અચે
મા... છેણાં કાઠી ડીજા...

સ્ત્રીઓ કાઠી આપવાનું વધારે પસંદ કરે છે, જે સમાજની પુત્રપ્રાપ્તિની ઝંખનાનું પ્રતિબિંબ પાડે છે.

સાંજે ગામના મંદિરે આરતીની વાટમાંથી સૌપ્રથમ હોળી પ્રગટાવવામાં આવે છે. તેમાં એકએક છાણું લઈને ગામના તમામ મહોલ્લાઓની હોળી પ્રગટાવવામાં આવે છે. સ્ત્રીઓ તેની પ્રદક્ષિણા કરી પૂજા કરે છે. પૂજામાં 'ફૂલા' (ધાણી), શ્રીફળ, દ્રાક્ષ, સાકર હોય છે. નાનકડા બાળકને પ્રથમ હોળી તેના મામા ફેરવે છે. લગ્નબાદ પ્રથમ હોળીના પણ પતિ-પત્ની સાથે મળીને ફેરા ફરે છે, જેમાં સાટા વહેંચવામાં આવે છે.

(૬) અખાત્રીજ :

અખાત્રીજ એટલે જાણે કચ્છની લોકસંસ્કૃતિ માટે વગર પૂછ્યે સમૂહલગ્નનો દિન ખાસ કરીને પાટીદાર કુટુંબો અખાત્રીજનાં લગ્નમાં મહાલવા કચ્છમાં આવી પહોંચે છે. અખાત્રીજ ખાતમુહૂર્ત માટેનો શુભ અવસર ગણાય છે.

(૭) ગાડું વધાવવાનો ઉત્સવ :

કૃષિપ્રધાન પાટીદારો પ્રથમ વાવણી સમયે ગાડાનું પૂજન કરે છે, જેમાં બળદોને શણગારવામાં

આવે છે. ઝૂલ પહેરાવી, શિંગડાં રંગી, બળદોનાં મોઢાંમાં ગોળ આપી તેમને ગાડે જોડવામાં આવે છે.

કચ્છના લોકાચારો અને લોકવિધિઓ :

પરંપરાથી ઊતરી આવેલા લોકાચારોએ કચ્છી પ્રજાનું કાઠું ઘડ્યું છે. જુદીજુદી લોકજાતિઓ હોવા છતાં કેટલાક સામાજિક લોકાચારો કચ્છની લોકસંસ્કૃતિના દ્યોતક બની રહે છે. જે-તે લોકજાતિઓએ તેમના નક્કી કરેલા લોકાચારો મુજબ જ ચુસ્તપણે વર્તવું પડે છે. Hero worshipની ભાવના કચ્છની વિવિધ લોકજાતિઓમાં પ્રબળ હોવાને લીધે રાજાઓનાં ક્ષત્રિય કુળોની પરંપરાઓ કચ્છની વિવિધ લોકજાતિઓમાં જોવા મળે છે. જામ અબડાની શરણાગતવત્સલતાનાં ઉદાહરણ લગભગ દરેક લોકજાતિ ગૌરવપૂર્વક આપે છે અને તેથી જ જ્યારે કોઈપણ જાતિનો માણસ કચ્છની પ્રજાને શરણે આવ્યો છે ત્યારે કચ્છની ખમીરવંતી પ્રજાએ તેનું પૂરેપૂરું રક્ષણ કર્યું છે.

કચ્છની લગભગ તમામ હિન્દુ લોકજાતિઓ બ્રાહ્મણ, ચારણ, મીર વગેરેને પવિત્ર માને છે. લોકજાતિઓની તમામ વિધિઓમાં જન્મથી માંડીને મૃત્યુ સુધી બ્રાહ્મણને ખૂબ જ મહત્ત્વ આપે છે. બ્રાહ્મણની આંતરડી છળે, એને અપશુકન માને છે, તેથી હંમેશાં બ્રાહ્મણને ખુશ રાખવા પ્રયત્ન કરે છે. કૃષિપાલક જાતિઓ બ્રાહ્મણને શુકન પૂછીને જ બ્રાહ્મણ જે દિશા દર્શાવે ત્યાં પહેલો ચાસ ખેડે છે. તે વખતે બ્રાહ્મણને દાન-દક્ષિણા આપે છે. તો ભાટ-ચારણો પણ લોકવંદ્ય રહ્યા છે. જામ રાવળ કચ્છ છોડતી વખતે સમગ્ર કચ્છ ચારણોને દાનમાં આપતો ગયેલો. ક્ષત્રિયોના દરબારમાં ચારણોનું સ્થાન મહત્ત્વનું રહેતું. ચારણની પત્નીને 'માતામા' કહેવામાં આવતી, જે પરંપરા આજપર્યંત ચાલુ છે. કચ્છની તમામ લોકજાતિઓ ચારણ સ્ત્રીને 'માતામા' કે 'ફુઈ'ના નામે ઓળખે છે. બ્રાહ્મણ, ચારણ, મીરની માગણીઓ સંતોષવા અમુક લોકજાતિઓએ પોતાનાં માથાં પણ આપ્યાં હોવાના દાખલા કચ્છના લોકસાહિત્યમાં જોવા મળે છે. રબારી, આહીર, સોરઠિયાઓના ખાસ નક્કી થયેલા મીરોને તેઓ પ્રસંગોપાત્ત વસ્તુઓ આપે છે. એમની પરંપરાના વહીવંચાઓ પણ તેમનો પેઢી-દર-પેઢીનો ઇતિહાસ સાચવે છે.

કચ્છની લગભગ તમામ લોકજાતિઓમાં જે-તે જાતિનું બંધારણ નક્કી થયેલું હોય છે. એનો કોઈ ભંગ કરે તો જ્ઞાતિના આગેવાનો તેને સખત શિક્ષા કરે છે કે જ્ઞાતિબહાર પણ મૂકે છે, જેથી એનો સામાજિક બહિષ્કાર થાય છે. જે કસૂવારને જ્ઞાતિમાં પાછા ભળવું હોય તો એ પાંચાળાના આગેવાનો જે નક્કી કરે તે દંડ ભરવો પડે છે. અગાઉના સમયમાં બહિષ્કૃત થયેલી વ્યક્તિએ તો મોઢામાં ઘાસનું તણખલું લઈ, હાથ પાછળ રાખી, ભેગી થયેલી નાત સમક્ષ જાહેર માફી માગવી પડતી. અમુક લોકજાતિઓમાં તો એક જ જ્ઞાતિ હોવા છતાં અમુક કુળો ઊંચાં તથા અમુક કુળોને હલકાં ગણવામાં આવે છે. તેમની વચ્ચે રોટીબેટીનો વ્યવહાર પણ હોતો નથી. સુધારાવાદી વાયરાઓ બાદ હવે જ્ઞાતિપ્રથા ઢીલી પડતી જાય છે, તેથી પરંપરાઓ તૂટતાં થોડા ફેરફાર થવા લાગ્યા છે અને રોટીબેટીનો વ્યવહાર બંધાયા છતાં પણ હલકા કુળના માણસોને ઉચ્ચ કુળના માણસો સાથે સંબંધ બાંધવો હોય તો જ્ઞાતિએ નક્કી કરેલ દંડ આપવો પડે છે. તો જ તે એની સમકક્ષ ગણાય છે. કચ્છની કેટલીય લોકજાતિઓ અસ્પૃશ્યતાને ખૂબ જ મહત્ત્વ આપતી હતી. પૈસાનો વ્યવહાર કરતી વખતે પણ પૈસા જમીન પર રખાવી, તેના પર પાણીની છાંટ માર્યા બાદ જ લેતી હતી, જે હવે ક્રમશઃ દૂર થવા લાગ્યું છે.

ગરાસ બાબતમાં અન્યાય થતાં બહાદુર કચ્છીઓ બહારવાટે ઊતરી જતા તોપણ નેક અને ટેકને કદી વીસરતા નહીં. વિચારભેદ કે અન્યાયને ખાતર બહારવટું લેતાં કચ્છીઓ ગામ ભાંગતા તોપણ નિર્દોષ ગરીબોને રંજાડતા નહીં. સ્ત્રીઓને 'નિયાણી' ગણી કશુંક લૂંટાયું હોય તોપણ તેમાંથી કશુંક આપતા. બાળકો, અશક્તો, વૃદ્ધો અને ગરીબોના તેઓ બેલી ગણાતા. કચ્છનો બહારવટિયો ખાનજી એનું જ્વલંત ઉદાહરણ છે.

કચ્છની લોકજાતિઓ તેમના પહેરવેશ પરથી ઓળખાતી. ક્ષત્રિયની આંટાવાળી પાઘડી, વચ્ચ સેંથો પાડીને બે બાજુ વાળેલી દાઢી, કણબી પટેલની લાલ પટ્ટાવાળી પાઘડી, ભાટિયાઓની અલગ ચાંચવાળી લાલ રંગની પાઘડી તથા ઝીણું ધોતિયું, દેવીપૂજક જાતિઓનો લાલ રંગનો ફેંટો તથા કેડિયું અને ચોરણું એ તમામ પોશાકો પરસ્પર જાતિઓને અલગ તારવી આપતા. કોઈ પણ જાતિ કશી માનતા માની પંચકેશ વધારે તો એના નિયમોનું ચુસ્ત પાલન કરવું પડતું. નદી ઓળંગી ન શકાતી. એક ગામથી બીજા ગામ જવું હોય તો પાણીનો વહેળો પણ ઓળંગી ન શકાતો.

ટૂંકમાં વટ, વચન, વેર, વીરતા તથા નેક અને ટેકને ખાતર જાનફેસાની કરવામાં કચ્છની લોકજાતિઓ ગૌરવ અનુભવે છે.

લોકવિધિઓ :

(૧) ભૂમિપૂજન :

કચ્છમાં કોઈ નવું ગામ વસાવતી વખતે ક્ષત્રિયકુળો ભૂમિપૂજન કરતા. ભૂમિપૂજન એ ભારતીય સંસ્કૃતિનું ખાસ શાસ્ત્રોક્ત અંગ છે, પરંતુ ધીમે-ધીમે તેમાં જે-તે પ્રદેશના લોકાચારોનો પ્રભાવ જોવા મળે છે. પરંપરાથી ચાલી આવતી વિધિ મુજબ નવું ગામ વસાવતી વખતે સૌપ્રથમ ગામના વિસ્તારની કલ્પના કરી ખીલો ખોડવામાં આવે છે. ભુજનગરની સ્થાપનાવિધિ વખતની દંતકથા છે કે ખીલો જમીનમાં ખોડતાં તે લોહીવાળો થઈને બહાર આવતાં તે શેષનાગની ફેણમાં લાગ્યો હોવાનું માનીને મહારાવે ભુજિયાના ડુંગર પર ભુજંગની દેરી બંધાવી. ખીલો ખોડ્યા બાદ ગામને ફરતે ધારાવાડી કરવામાં આવે છે. એક માણસ પાણીનો હાંડો લઈ પાણીની ધાર કરતો આગળ ચાલે છે. બીજો માણસ પાછળ ઘીનો દીવો તથા બીજા હાથમાં દૂધનો લોટો લઈ દૂધની ધાર કરતો ચાલે છે. આ રીતે બંને જણ આખા ગામની ફરતે આંટો મારી મૂળસ્થાને પરત આવે છે. એ દરમિયાન ગામની શિલાવિધિ થાય છે. પીળા પથ્થરમાંથી કોતરીને બનાવેલી 'કૂર્મશિલા' પર વિવિધ આકૃતિઓ કોતરીને ભોંમાં ભંડારવામાં આવે છે. 'કૂર્મશિલા'માં કાચબો મધ્યસ્થાને હોય છે અને આસપાસ શંખ, જલલહર, માછલી, સાપ, દેડકો, કુંભ, ગ્રાસ અને મગર હોય છે. ઉપર ચારે બાજુ રક્ષકોની આકૃતિઓ હોય છે, જેમાં ત્રિશૂળ, વજ, શક્તિ, તલવાર, દંડ, નાગપાશ, ધજા અને ગદાની આકૃતિઓ કોતરેલી હોય છે. અગાઉ કચ્છનાં વિવિધ ગામોના ભૂમિપૂજનમાં આ પ્રકારની શિલાઓ વપરાતી.

કચ્છમાં નવું મકાન બાંધતી વખતે તેનો પાયો ખોદી, પાયાની પૂજા થાય છે, જેમાં દંપતીના હસ્તે પાયામાં સોપારી, હળદર, ચાંદીનાં મત્સ્ય અને નાગ સાથે પંચામૃત દ્વારા પાયાનું પૂજન થાય છે. ત્યાર બાદ તેના પર ચણતર થાય છે. નવું ખેતર ખરીદતી વખતે બ્રાહ્મણને પૂછીને સોદાવિધિ થાય છે. ખેતર ખરીદ્યા બાદ ગાયની પૂજા કરી, બળદનાં શિંગડાં રંગી, બ્રાહ્મણ કહે ત્યાં ચાસ પાડી, ખેતીનો શુકનવંતો પ્રારંભ કરે છે.

(૨) વૃક્ષપૂજા :

કચ્છની લોકસંસ્કૃતિમાં વડ, પીપળો, તુલસી, શમી (ખીજડા) વગેરેનું પૂજન થાય છે. કચ્છની તમામ લોકજાતિઓમાં તુલસીક્યારો તો આંગણામાં હોય જ છે. ઉપરાંત વટસાવિત્રીના વ્રત નિમિત્તે સ્ત્રીઓ વડની પૂજા કરે છે. જયાપાર્વતી તથા 'ભેસ્વતવાર'- (બૃહસ્પતિ)ના વ્રત દરમિયાન સ્ત્રીઓ પીપળાને પૂજે છે. 'ભેસ્વતવાર'ના વ્રતમાં સ્ત્રીઓ સફેદ વસ્તુ જ ખાય છે. પીપળાને પાણી આપતાં પિતૃઓને પાણી મળે છે, એવી લોકમાન્યતા છે. દશેરાના દિવસે ક્ષત્રિયો શમીપૂજન કરે છે. લગ્ન વખતે પણ કંઢીપૂજન થાય છે. જયાપાર્વતી વ્રત, મોળાકત વ્રત અને દિવાસાના વ્રત નિમિત્તે સ્ત્રીઓ ઘઉંના જવારા ઉગાડે છે અને પૂર્ણાહુતિ દરમિયાન બ્રાહ્મણ જવારાની પૂજા કરાવી એનું વિસર્જન કરાવે છે.

(૩) પ્રાણીપૂજા :

કચ્છની લોકસંસ્કૃતિમાં ગૌપૂજા અને નાગપૂજાનું મહત્ત્વ છે. કેટલીક લોકજાતિની સ્ત્રીઓ સવારના નાહીને ગાયની પૂજા કરે છે, તો 'બોળચોથ'ના દિવસે ગાય અને વાછરડાની પૂજા કરે છે. તેમાં પણ સફેદ ગાય અને લાલ વાછરડો ઉત્તમ મનાય છે. તેમને

'કુલર' (બાજરાના લોટ અને ગોળના બનાવેલા લાડુ) ખવડાવી, ચાંદલો કરી, કપાસનો હાર બનાવી, પૂજા કરે છે. 'નાગપાંચમ'ના દિને નાગની સિંદૂરવાળી મૂર્તિની પૂજા થાય છે. એમાં દૂધ, તલવટ (તલના લાડુ) તથા શ્રીફળ મુખ્ય હોય છે. કેટલીક સ્ત્રીઓ નાગના રાફડા પાસે દૂધ મૂકે છે. નાગપાંચમના દિને કચ્છના રાજા ભુજિયા ડુંગર પર ભુજંગની દેરીએ દૂધના લોટા લઈને જાય છે. દંતકથા મુજબ અગાઉ ભુજંગ દૂધ પીવા આવતા. કચ્છની સંઘાર જેવી લોકજાતિઓ યક્ષપૂજા સાથે યક્ષીઓના વાહન ઘોડાઓની પણ પૂજા કરે છે.

(૪) જાતરની સ્થાપનાવિધિ :

શાસ્ત્રોક્ત વિધિ મુજબ ચંડીપાઠ થાય છે. પરંતુ સંસ્કૃતની અઘરી વિધિઓ લોકજાતિઓ સમજી ન શકતાં તેમાં ધીમેધીમે લોકવિધિઓ આવતી ગઈ. એમાંની એક વિધિ જાતરની સ્થાપનાની વિધિ છે. જાતર રમાડવાના સ્થળે મંડપ બાંધી, કળશની સ્થાપના કરી, કુમારિકાએ ભરેલ શુદ્ધ પાણીવાળા કળશ પર દોરી બાંધી, બાજુમાં પાટ મૂકી, એના પર દોરી બાંધી, બાજુમાં કુંભ રાખી જાતરની વિધિ થાય છે. પ્રસાદી તરીકે શીરો રંધાય છે. પછી ભૂવો ધૂણે છે અને માતાજીના 'અખા' નાખે છે. એ અખાને ઉપસ્થિત લોકો એક હથેળીમાં લઈ ઉપર બીજી હથેળી ઢાંકી બેસે છે. થોડી વાર બાદ જેના પંડમાં દેવ પ્રવેશે તે ધૂણવા લાગે છે.

કેટલીક લોકજાતિઓમાં 'પેડીની વિધિ' થાય છે. રાતના પાટ મંડાય છે. પ્રસાદી તરીકે શીરો રંધાય છે, જે તમામને અપાય. બાકી વધતાં ગાયને આપી દેવો પડે છે. પ્રસાદી વધવી ન જોઈએ. આખી રાત ભજનો ગવાય છે.

વર્ષનાં શુકન જોવાની વિધિ :

નવું વર્ષ કેવું આવશે તે જોવા કચ્છની લોકજાતિઓ અનેક અટકળો કરે છે.

૧. અષાઢી બીજના દિને સાયંકાળે ચંદ્રને જોતાં જો ચંદ્ર દક્ષિણદિશા તરફ નમેલો હોય તો આખું વર્ષ સારું જશે અને મોંઘવારી ઘટશે, ઉત્તર-દિશાએ નમેલો હોય તો બજારમાં ભાવો વધશે અને પ્રમાણસર હોય તો ભાવાંક સ્થિર રહેશે એમ કચ્છનો ખેડૂતવર્ગ તથા વેપારીવર્ગ માને છે.

૨. જેઠમાસની પૂનમના દિને કચ્છના સીદી લોકો 'મોગડમામા' વગાડતા તેમના પીર પાસે વર્ષનાં શુકન માગવા જાય છે. સાથે 'મુશીરા' હોય છે. મોરપિચ્છ લઈને સાંજના નાચતા-નાચતા તેઓ જાય છે. લોબાનનો ધૂપ કરીને તેમનો મુજાવર ધૂણે છે. ધુમાડાની સેરની દિશાના આધારે તેઓ સારા-નરસા વર્ષની ધારણા બાંધે છે. રાત્રે તેઓ પાછા ફરે છે.

૩. રવિવારના દિને દિવાળી આવે તો આખું વરસ સારું જશે એવી માન્યતા પ્રચલિત છે.

૪. અષાઢ સુદ નોમના દિને વાદળછાયો ચંદ્ર દેખાય તો વર્ષ સારું જશે એવી માન્યતા છે.

(૫) પાટકોરીની વિધિ :

કચ્છની કેટલીક લોકજાતિઓમાં રામદેવપીરના પાટ ઉપરાંત પાટકોરીની વિધિ થાય છે, જે રામદેવપીરના પાટને મળતી આવે છે. જેને પાટકોરી કરવી હોય છે તે જાતિના 'ભાગરિયા' (જ્ઞાતિના ઘરોઘર સંદેશો પહોંચાડનાર વ્યક્તિ)ને અખા આપીને પાટકોરી માટે બધાને નિમંત્રવાનું કહે છે. અખા લીધા બાદ ભાગરિયો ઉપવાસી રહે છે. રાતના તમામ હાજર થઈ જાય છે. લાકડાના બાજોઠ પર બે 'અંચરા' (ધોળું અને લાલ વસ્ત્ર) પાથરી, ચોખા દ્વારા નવ ખંડ અને નવ સ્તંભની આકૃતિ દોરી, તેના પર લવિંગ, એલચી અને સિક્કા મૂકવામાં આવે છે. નવ સ્તંભ પર ઘઉંની નાની નવ રોટલીઓ રખાય છે. પાટના ચાર ખૂણે ચાર પ્રગટીઆ (દીવા) રખાય છે. મોદક, માટીની કુલડીમાં દૂધ, પિત્તળની કળસલીમાં પાણી વગેરે પાટની બાજુમાં રાખી પાટની વચ્ચે સોળ કાંગરાવાળી જ્યોત રાખવામાં આવે છે. આટલી વિધિ બાદ પાંચ આસન મૂકવામાં આવે છે. એક આસન પર ગણપતિ અને બીજા આસન પર હનુમાનની પ્રતિષ્ઠા થાય છે. ત્રીજા આસન પર આરતી આપનાર 'રખિયો' બેસે છે. ચોથા આસન પર

'જોગણ' અને પાંચમા આસન પર 'આદનાથ' બેસે છે. પછી આદનાથ ચાર વાટવાળી આરતીનો થાળ લઈ જાગરિયાને અગ્નિ લાવવાનો હુકમ કરે છે. જાગરિયો પહેલેથી છાણાંની રાખ લઈને બેઠો હોય છે. આ વિધિમાં છાણાં પહેલેથી સંપૂર્ણ બાળી, બાદમાં બળતણની રાખ પરથી રેડી અગ્નિ પ્રગટાવવાનો હોય છે. જો અગ્નિ ન પ્રગટે તો બીજી વખત છાણાં સંપૂર્ણ બાળીને તેની રાખ લાવવી પડે છે. એમાંથી પ્રગટ અગ્નિને 'પાતાળી જ્યોત' કહે છે, જેને પગે લાગીને નરનારીઓ બોલી ઊઠે છે, 'ધણીબાવા' પધાર્યા. આ પાતાળી જ્યોતમાંથી આદનાથ આરતી વગાળી અને સોળ કાંગરાવાળી જ્યોત પ્રગટાવે છે. ત્યાર બાદ રખિયાના આસન પર બેઠેલી વ્યક્તિ મંજીરા વગાડી આરતી ગાય છે. આરતી બાદ પ્રસાદી લેવામાં આવે છે. થોડી પ્રસાદી કૂતરાં માટે રાખવામાં આવે છે. જો કૂતરાં પ્રસાદી ગ્રહણ કરે તો તેને 'સાંખીઓ પૂજ્યો' કહેવાય છે. પછી સમગ્ર રાત ભજનોની રમઝટ ચાલે છે. જાગરિયા આદનાથનો આદેશ લઈ ઉપવાસ છોડે છે અને એનો ઉપવાસ છૂટ્યા બાદ જ ઘરનાં દંપતીનું વ્રત છૂટે છે.

(૬) પાળિયા ઊભા કરવાની વિધિ :

ગૌરક્ષા કાજે કે અન્ય ધિંગાણામાં વીર થનારના પાળિયા ઊભા કરવામાં આવે છે. તદુપરાંત કુટુંબમાં પણ જો નડતર જેવું હોય તો ભૂવાને ધુણાવીને તેના જણાવ્યા અનુસાર પાળિયો ઊભો કરવામાં આવે છે. હરિજન પાસેથી પાળિયો કોતરાવી, બ્રાહ્મણને મુહૂર્ત પૂછી, પાળિયાને સિંદૂરથી રંગી, યોગ્ય વિધિ દ્વારા ગામની ભાગોળે પૂર્વાભિમુખ પાળિયો ઊભો કરવામાં આવે છે. ગામની ભાગોળ ઉપરાંત જે સ્થળે વીરપુરુષ મરાયો હોય ત્યાં રણખાંભી ઊભી કરવાનો રિવાજ છે.

(૭) ભૂત-પ્રેત કાઢવાની વિધિ :

કચ્છમાં જાગરિયા કોમ ભૂત-પ્રેત કાઢવાની વિધિ કરે છે. તદુપરાંત મુસલમાનોમાં મુજાવરો ભૂત-પ્રેત કાઢવાની વિધિ કરતા હોય છે. જેને ભૂત વળગ્યું હોય તેને ભૂવા પાસે તેડી જાય છે. અન્ય જાગરિયાઓ ડાકલાં વગાડીને ભૂવાને ધુણાવે છે. તે વખતે વળગાડ જે વસ્તુઓ માગે તે સગાવહાલાઓ લાવીને ઉતારામાં મૂકે છે. સાથે ચોખા, મગ, લીંબુની ફાડ, હળદરના ગાંગડા વગેરે કોરી માટીના ઘડામાં મૂકી, માથે કાળું કોરું કપડું નાડાછડીથી બાંધી, વળગાડના માથેથી ઉતારી સ્મશાને મૂકવા જાય છે. સાથે અન્ય વ્યક્તિ દીવો લઈને જાય છે. દીવો હોલવાઈ ન જાય એનું ખાસ ધ્યાન રાખવામાં આવે છે. કોઈ નાનકડું બાળક ચમકીને માંદું પડે તો તેના માથેથી 'ગડૂલો' ઉતારી ગામની ભાગોળે મૂકી આવે છે.

કચ્છીઓની લોકશ્રદ્ધા અને લોકમાન્યતાઓ :

સૃષ્ટિના આદિકાળથી માનવ પ્રકૃતિના સંપર્કમાં રહ્યો છે. મનુષ્યની અનેક સાહજિક વૃત્તિઓએ કે જેને મૂળભૂત વૃત્તિ (Instinct) કહેવામાં આવે છે તે પૈકી ધર્મ તથા ભય જેવી ગ્રંથિઓને મનુષ્ય પ્રકૃતિનાં તત્ત્વો સાથે જોડીને તેને ધાર્મિક રૂપ આપી, પોતાનો ભય દૂર કરવા પ્રયત્ન કર્યો છે. પ્રકૃતિનાં સુંદર તત્ત્વો જેવાં કે વૃક્ષ, પવન, સૂર્ય, ચંદ્ર, તારા જેવાં તત્ત્વોને પોતાના મિત્ર સમ બનાવીને પૂજા કરી છે, તો ભયંકર સ્વરૂપોથી ડરી જઈને પણ પૂજા-અર્ચના દ્વારા સખ્યપ્રાપ્તિ કરવાનો પ્રયત્ન કર્યો છે, જેનું ધીમેધીમે લોકધર્મ તરીકેનું કાઠું ઘડાયું. પરંપરાગત અને અનુસરતા લોકોએ ક્રમશઃ એનાથી આગળ વધીને સમાજના કોઈ કાર્ય માટે બલિદાન આપનાર નર-નારીઓને પૂજવાનું શરૂ કરતાં તે નર-નારીઓ પણ લોકશ્રદ્ધાનું પ્રતિબિંબ બની રહ્યાં. આ રીતે લોકસમુદાયમાં વેદોક્ત – પુરાણોક્ત દેવો ઉપરાંત લૌકિક દેવો પૂજાવા લાગ્યા. એમના પ્રતીકરૂપ ખાંભીઓ, પાળિયાઓ, સતીઓની દેરીઓ વગેરે લોકસમુદાયના શ્રદ્ધેય વિષય બન્યાં છે. ધીમેધીમે ધર્મ-સમન્વયની ભાવના આવતાં પીરો પણ પૂજાનાં સ્થાનકો બન્યા. કઠિનાઈઓ, મુશ્કેલીઓ, રોગો વગેરેને દૈવી કોપ સમજીને તેમાંથી રાહત મેળવવા લોકસમુદાય વિવિધ દેવ-દેવીઓને પૂજતો થયો છે.

કચ્છમાં આ રીતે અનેકવિધ સ્થાનિક દેવી-દેવતાઓ છે, જેમાં યક્ષદેવતાઓ (જખ્ખો), દત્તાત્રય, રાવળપીર, જેસલપીર અને હાજીપીર જેવા પીરો

ઉપરાંત કચ્છની કુળદેવી આશાપુરામા સાથે તેમનાં સ્થાનકો, વિંધ્યવાસિની મા (વિંઝાણ), આશાર મા અને રવેચી મા તથા મા જોગણીનાળ, ગુંદલમા, ડોણ માતા (આયુ મા) જેવી દેવીઓ ઉપરાંત સ્થાનિક સતીઓ અને શૂરાપૂરાઓ પૂજાય છે.

કચ્છનાં દેવ-દેવીઓ :

યક્ષદેવતાઓ (જખ્ખો)

કચ્છ સિવાય ભાગ્યે જ કોઈની લોકસંસ્કૃતિમાં જોવા મળતા યક્ષદેવતાઓ અંગેની રસપ્રદ કથા છે. શ્રી કંચનપ્રસાદ છાયાના મત મુજબ યક્ષો બેબીલોનીઆના વતની હતા. તો શ્રી રામસિંહજી રાઠોડ તેમને રૂમસૂમ(રોમ કે રશિયા)ના વતની માને છે.

યક્ષપૂજા ભારતીય સંસ્કૃતિમાં પણ છે. કુબેરનો સેવક 'યક્ષ' હતો, જેને શાપ મળવાથી રામગિરિપર્વત પર રહ્યો હોવાની વાત કાલિદાસના 'મેઘદૂત'- કાવ્યમાં આવે છે. આમ યક્ષપૂજા લોકધર્મમાં વ્યાપક હતી, જે આજપર્યંત ચાલી આવે છે. બૌદ્ધ સાહિત્યમાં અશ્વમુખી યક્ષોનો ઉલ્લેખ છે.

કચ્છની લોકસંસ્કૃતિમાં યક્ષોનું અલગ જ પ્રકારનું વર્ણન જોવા મળે છે. કચ્છમાં યક્ષોને 'જખ્ખ' કહેવામાં આવે છે, એમનાં સ્થાનકોને 'થડો' કહેવામાં આવે છે. ભારતીય સંસ્કૃતિની પ્રણાલી મુજબ દેવ-સ્થાનકોનું શિખરબંધ મંદિર હોય છે, જ્યારે આ થડા કોઈ એક ટેકરા પર ખુલ્લી અગાસીમાં હોય છે. સ્થાનિક 'સંઘાર' જાતિ જખ્ખોની પૂજક છે. જખ્ખની માનતા માનવાથી કોઢ મટી જાય છે એવી લોકમાન્યતા છે.

કચ્છની ઉત્તરે આવેલ કાળાડુંગર પર લખગુરુ દત્તાત્રેયનાં પગલાં છે. કચ્છનો લોકસમૂહ દત્તાત્રેયની ખાસ માનતા રાખે છે. લોહાણા, બ્રાહ્મણ, આહીરો વગેરે જાતિઓમાં દત્તાત્રેય શ્રદ્ધેય છે. કચ્છમાં પ્રર્વતમાન દંતકથા મુજબ હિંગળાજ તરફ જવા આ રસ્તે થઈને દત્તાત્રેય જતા હતા ત્યારે ગાયોનાં ધણ વાળીને જતા લૂંટારાઓ પાસેથી ગાયોને છોડાવી-પોતાનાં પગલાં આ ડુંગર પર કર્યાં હતાં. પોતાના થોડા સમયના રોકાણ દરમિયાન ભૂખ્યા લોકો ઉપરાંત લખગુરુને દ્વારે મૂંગાં પશુઓને પણ પ્રસાદી મળતી. એક વાર એક ભૂખ્યું શિયાળ ગુરુના દ્વારે ઊભું રહ્યું. એ સમયે લખગુરુ પાસે કશી પણ ભોજનસામગ્રી ન હોવાથી પોતાના દ્વારેથી કોઈ ભૂખ્યું પાછું ન જાય તે નિયમ જાળવી રાખવા માટે ગુરુએ પોતાના શરીરનું એક અંગ ભૂખ્યા શિયાળને અર્પણ કરેલું અને કહેવાય છે કે જંગલી શિયાળ પણ આ જોઈને પોતાની ભૂખ ભૂલી જઈને પાછું ચાલતું થયું. શિયાળમાં ઉત્પન્ન થયેલા સંસ્કારને યાદ કરીને તેમ જ શિયાળ લખગુરુનું વાહન કહેવાતું હોઈ, આજે પણ લખગુરુને ધરાવેલ 'નૈવેદ્ય' (પ્રસાદ) શિયાળને અર્પણ થાય છે. આજે પણ 'પેડી' થાય ત્યારે 'લે-અંગ'ના અપભ્રંશ 'લોંગ લોંગ' નાદ દ્વારા શિયાળને બોલાવાય છે અને સામાન્યતઃ માનવવસાહતથી દૂર રહેતાં શિયાળો પણ માનવવસાહત વચ્ચે ૧૦થી ૧૫ના ઝુંડમાં પ્રસાદ આરોગવા આવે છે.

કચ્છની લોકજાતિઓમાં અન્ય દેવો ઉપરાંત સ્થાનિક રાવળપીર, મોડપીર જેવા પીરોનું પૂજ્ય સ્થાન છે. હિન્દુ-મુસ્લિમ-એકતાના પ્રતીક સમા હાજીપીર કચ્છીઓની શ્રદ્ધાના વિસામારૂપ છે. કેટલીક લોકજાતિઓના ગરીબ માણસો પોતાને વસ્ત્રો મળે તે માટે તેઓ 'ચીંથરિયા પીર'ની પણ માનતા રાખે છે.

કચ્છની લોકજાતિઓની કુળદેવીઓ :

કચ્છની લોકજાતિઓની અનેક કુળદેવીઓ પૈકી કચ્છપ્રદેશની કુળદેવી આશાપુરાને કચ્છમાં તમામ લોકો શ્રદ્ધાપૂર્વક પૂજે છે. કચ્છ સિવાય કચ્છ બહાર જ્યાંજ્યાં કચ્છીઓ વસે છે ત્યાંથી તમામ માનવપ્રવાહ નવરાત્રિમાં માતાના મઢ તરફ વહે છે. કચ્છમાં અન્ય સ્થળોએ પણ આશાપુરાનાં બેસણાં છે. માંડવી તાલુકાના રમણીય દરિયાકિનારે 'આશર માતા' તરીકે ખારવાની જાતિ તેમને પૂજે છે. અબડાસા તાલુકામાં 'વિંધ્યવાસિની' દેવી તરીકે બિરાજે છે, જેના નામ પરથી વિંઝાણ ગામ વસ્યું છે, તો રાપર તાલુકામાં રવ પાસે 'રવેચી મા' તરીકે આશાપુરાનું સ્થાનક છે.

અંજાર તાલુકાના આહીરો, સોરઠિયાઓ તથા રબારીઓ મા જોગણીનારને સવિશેષ માને છે અને કોઈ પણ સત્કાર્ય માટે માતાની માનતા માની તેના પરચા પ્રગટ કરે છે. શ્રાવણમાસમાં મંદિરે મેળો ભરાય છે.

રાવળપીરનાં વાગ્દત્તા તરીકે મા ગુંદલની પૂજા થાય છે. રાવળપીરની સગાઈ થતાં તેઓ ચાલી નીકળ્યા અને માંડવી પાસેના મસ્કા નજીક દરિયાકિનારે આવીને રહ્યા. ઘણાં વર્ષો બાદ તેમની વાગ્દત્તા ગુંદલે તેમનાં દર્શનાર્થે આવવાની ઇચ્છા કરી. એના સમાચાર મળતાં રાવળપીરે સમાધિ લઈ લીધી અને તેથી ગુંદલે પણ સમાધિ લઈ લેતાં તે સ્થળનું નામ 'ગુંદિયાળી' પડ્યું, જે રાવળપીરના સ્થાનકથી થોડે દૂર છે. કચ્છના ચારણો ગુંદલમાને પૂજે છે.

કચ્છમાં કોઈને આંખ-માથું દુખે કે હાથ-પગમાં ઈજા થાય તો 'ડોણ' ગામમાં આવેલ 'ડોણ માતા'(કે આયુ માતા)ની માનતા માને છે અને સારું થતાં લાકડાના હાથ-પગ ચડાવે છે.

કચ્છીઓની લોકમાન્યતાઓ :

કચ્છની વિશિષ્ટ સંસ્કૃતિને પ્રગટ કરતી લોકમાન્યતાઓને ત્રણ વિભાગમાં વહેંચી શકાય :

(૧) ક્ષાત્રજીવનને સ્પર્શતી માન્યતાઓ, (૨) કૃષિજીવનને સ્પર્શતી માન્યતાઓ અને (૩) ધાર્મિક જીવનને સ્પર્શતી માન્યતાઓ.

(૧) ક્ષાત્રજીવનને સ્પર્શતી માન્યતાઓ :

કચ્છનાં લગભગ તમામ ગામોની ભાગોળે પાળિયાઓ જોવા મળે છે, જે કચ્છીઓનાં નેક, ટેક અને વીરત્વના સૂચક છે. નેક, ટેક અને શૌર્ય ખાતર કચ્છીઓ જાન આપી દેતાં પણ અચકાતા નથી. આજે પણ કચ્છની કેટલીક લોકજાતિઓ તો વટને ખાતર વેર બાંધીને પેઢી-દર-પેઢી બદલો વાળતી રહે છે. કોઈનું પણ ખૂન થયું હોય તો એના સગા સામી વ્યક્તિનું ખૂન કરવા માટે પ્રતિજ્ઞા લે છે. ઘણી વખત તો જ્યાં સુધી બદલો ન લે ત્યાં સુધી એ ગામનું પાણી પણ હરામ છે. સ્ત્રીદાક્ષિણ્યને કચ્છીઓ ગૌરવપ્રદ માને છે અને તેથી જ તો છેડતી જેવા કિસ્સાઓ બહુ ઓછા બને છે અને ભૂલેચૂકે જો એવો બનાવ બને તો છોકરીના કુટુંબીઓ ઉપરાંત ગામના લોકો પણ 'પાંજે ગામજી ધીયારુ આય' કહીને સામી વ્યક્તિને અતિશય સખત શિક્ષા કરે છે. હજુ પણ કેટલાય કિસ્સાઓનો અદાલતને બદલે ગામના ચોરે જ નિકાલ થાય છે, વડીલોની આમન્યા જળવાય છે અને કેટલાક કિસ્સા તો તેમની શેહમાં જ દબાઈ જાય છે. પ્રસંગોપાત્ત કામધંધાર્થે કોઈ વ્યક્તિ પોતાનું ગામ છોડી અન્ય ગામ વસાવે અને એ જ ગામમાં પોતાના જૂના ગામની છોકરી પરણીને આવે તોપણ એ 'પાજે ગામજી ધીયારુ આય' એ લોકોક્તિ અન્વયે એની સાથે દરેક ટાણા-પ્રસંગે પોતાની દીકરી જેવો જ વ્યવહાર રાખે છે.

કચ્છની કેટલીક લોકજાતિઓ હજુ ભણતરને મહત્ત્વ આપતી નથી. એમના માટે તો પશુપાલન જ સર્વસ્વ છે. 'ભણતર' કરતાં પશુઓની સંખ્યા તથા તેઓની સાચવણીની આવડત પરથી એના 'ગણતર'ની મહત્તા વધુ અંકાય છે. કચ્છની કોઈ પણ લોકજાતિ ખુલ્લું માથું રાખતી નથી. માથા પરના વસ્ત્રને તેઓ ખૂબ જ મહત્ત્વ આપે છે. માથે ઉઘાડી વ્યક્તિને તેઓ 'અપશુકનિયાળ' ગણે છે.

(૨) કૃષિજીવનને સ્પર્શતી માન્યતાઓ :

કચ્છમાં પ્રચલિત માન્યતાઓ નીચે મુજબ છે :

૧. કચ્છના લોકજીવનમાં અષાઢી બીજનું બહુ જ મહત્ત્વ છે, તેથી તો અષાઢી બીજની સાંજના બુઝુર્ગ ખેડુવર્ગ આંખ પર છાજલી રાખીને જુએ છે અને બોલી ઊઠે છે, 'અષાઢી બીજ, કાં વડર કાં વીજ'.
૨. જો આર્દ્રાનક્ષત્રમાં વરસાદ પડે તો જમીનમાં ભેજ વધે એવું લોકો માને છે.
૩. ચોમાસામાં ચાતકપક્ષી દેખાય તો વર્ષ સારું જાય છે એમ કચ્છની લોકજાતિઓ માને છે.
૪. ચોમાસા સમયે ગ્રામ્ય વિસ્તારના ખેડૂતો રાત્રે આકાશના મધ્યભાગમાં નજર નાખે છે. જો કૃત્તિકાનક્ષત્ર આકાશની વચ્ચે દેખાતું હોય તો દુષ્કાળ પડશે એમ માની લે છે.

૫. સાપ વૃક્ષ પર ચઢતો જોવામાં આવે તો વરસાદ સારો પડે તેમ માનવામાં આવે છે.

(૩) ધાર્મિક જીવનને સ્પર્શતી માન્યતાઓ :

કચ્છમાં ધાર્મિક ઉત્સવોનું અનેરું મહત્ત્વ છે તેથી ઉત્સવ દરમિયાન કચ્છની લોકજાતિઓ અપવાસ-એકટાણાં કરે છે. અગિયારસ નિમિત્તે પણ કચ્છની લોકજાતિઓ અપવાસ-એકટાણાં કરે છે. સાગર ખૂંદવા જતા નાખવાઓની પત્નીઓ પતિ પાછા ફરે ત્યાં સુધી જુદાંજુદાં દેવ-દેવીઓ કે પીરોની માનતાઓ રાખે છે. કચ્છની લોકજાતિઓ વાર-તહેવારે પિતૃઓની પુણ્યતિથિ નિમિત્તે ગામના ગોંદરે ગાયને ખડ નાખે છે. નારી-આદરની લાગણી લોકસમૂહમાં વણાયેલી હોવાને કારણે શુભપ્રસંગે કુમારિકા, નિયાણી, ગોરી વગેરેને જમાડવામાં પુણ્ય સમજે છે. એ જ રીતે સ્ત્રીદાક્ષિણ્યની મહત્તા પણ લોકસમૂહમાં વણાયેલી હોવાને કારણે પારકી સ્ત્રીને મા-બહેન સમાન ગણી વ્યવહાર કરવામાં આવે છે. દરેક ધાર્મિક પ્રસંગ વખતે શુભકાર્યોનાં શુકન જોવામાં આવે છે. આ રીતે કચ્છીઓમાં ધાર્મિક જીવનને સ્પર્શતી માન્યતાઓ નીચે મુજબ છે :

૧. સોનેરી મૂછવાળા સર્પના દર્શનને શુકનવંતું માનવામાં આવે છે.

૨. બે વ્યક્તિ એકીસાથે એક જ વાત બોલી ઊઠે તો લાભ થાય એમ કચ્છની લોકજાતિઓ માને છે.

૩. કીડીઓ મોઢામાં ઈંડાં લઈને ઘરમાં પ્રવેશતી દેખાય તો એ શુભ ચિહ્ન ગણાય છે.

૪. કચ્છની લોકજાતિઓ ગુરુ તથા રવિવારે હાથની આંગળીઓના કે પગનાં નખ કાપતી નથી. તે દિવસે નખ કાપવાથી દરિદ્રતા આવે તેમ માને છે.

૫. કાચ તૂટે એને શુકન માનવામાં આવે છે અને દૂધ ઢોળાય તો અપશુકન માનવામાં આવે છે.

આ રીતે કચ્છની લોકજાતિની માન્યતાઓ પણ ગુજરાતના લોકસમાજમાં પ્રચલિત માન્યતાઓ સાથે મળતી આવે છે. જો કુંવારો છોકરો મરણ પામે તો એની સદ્ગતિ થતી નથી અને એ પિતૃ બનીને નડે છે એવું તેઓ માને છે, તેથી તેની સદ્ગતિ માટે 'નીલ પરણાવવાની' વિધિ કરવામાં આવે છે. ઘણી વખત પિતૃઓની મુક્તિ માટે સપ્તાહ પણ બેસાડવામાં આવે છે. કચ્છની તમામ લોકજાતિઓ ભૂતપ્રેતમાં માને છે.

કચ્છની લોકજાતિઓની માન્યતા મુજબ સુવાવડી સ્ત્રીને પિતૃના નડતરની શક્યતા વધી જાય છે, તેથી તે બહાર નીકળી શકતી નથી. જન્મથી 'બાલમુવારા' ન ઉતાર્યા હોય તેના પર કાળી છાયાની અસર થાય છે. તેને ભૂત વળગે છે. 'બાલમુવારા' ઉતાર્યા ન હોય એના પર વીજળી જરૂર પડે છે એવી માન્યતા પ્રચલિત છે. અગ્નિજ્વાળા નજીક ભૂતપ્રેત આવતાં નથી. જેને ભૂત વળગ્યું હોય તેને દેવદેવીઓ કે પીરોના સ્થાને લઈ જવામાં આવે છે. ભૂવો કે મુજાવર ધૂણીને ભૂતને કાઢે છે. વળગાડને ઇચ્છિત વસ્તુ મળી જવાથી ભૂત જતું રહે છે, એવી માન્યતા લોકજાતિઓ ધરાવે છે. ભૂત, પ્રેત, ખવીસ, ચુડેલ, ડાકણ જેવા અનેક પ્રકારો કલ્પીને તેઓની આકૃતિઓ પણ લોકજાતિઓ નક્કી કરે છે. ભૂત અને પ્રેત ધારે તેવો આકાર ધારણ કરી શકે છે, ભૂત-પ્રેતનું શરીર તદ્દન ઠંડું હોય છે, ચુડેલે માથા પર સગડી ધારણ કરેલી હોય છે, જ્યારે ડાકણના પગ ઊંધા હોય છે, ખવીસને માથું જ હોતું નથી – એવી અનેકવિધ માન્યતાઓ કચ્છની લોકજાતિઓ ધરાવે છે.

કચ્છની લોકજાતિઓની અંધશ્રદ્ધા :

રોગ, દુઃખ અને મુશ્કેલી જેવા પ્રસંગોએ કચ્છની લોકજાતિઓ દેવી-દેવતાઓનો આશરો લે છે. સંતાનના વાળ અમુક એકી વર્ષો સુધી વધારી પોતાનાં કુળદેવી-દેવતાના સ્થાનકે જઈને ઉતારે છે. શીતળા નીકળ્યા હોય તો દવા-દારૂ ન કરાવતાં શીતળામાતાને પગે લગાડે છે, જેને 'શીતળા નમાવ્યા' કહેવાય છે. ઓરી નીકળે તો બળિયાદેવને પગે લગાડવામાં આવે છે. સાપ કે વીંછી કરડે તો તે ઉતારનારા ગારુડી પાસે જવાનું વધારે પસંદ કરે છે.

વર્જિત શબ્દો :

કચ્છીઓ પોતાની બોલીમાં કેટલાક શબ્દોને વર્જ્ય ગણી એના પર્યાયરૂપ અન્ય શબ્દોનો ઉચ્ચાર કરે છે, જેને પરિણામે શબ્દાર્થ નહીં પરંતુ ભાવાર્થ બદલ્યો હોવાનું કચ્છીઓ માને છે. એમાંના કેટલાક શબ્દો નીચે મુજબ આપ્યા છે :

વર્જિત શબ્દો	વર્જિત શબ્દોના સ્થાને પ્રયોજાતા શબ્દો
૧. સાપ કરડી ગયો	એરુ આભડી વ્યો
૨. દાઢી કરવી	વત્તો કે'ણું
૩. અક્કલ નથી	મીઠો નાંય, વેતો નાંય, ચઈતર મે'ણેં વારો આય
૪. નાડું	અગાઠ
૫. દૂધ, દહીં, ઘી વગેરે રાખવાનું સ્થળ	ધરી, ઢાંકાબારી રાખવાનું બારણાવાળું નાનું કબાટ
૬. રોટલી રાખવાનો ડબ્બો	ભતાર (રોટલીનો ડબ્બો ખાલી થાય પણ ભતાર ભરેલ રહે તેવી માન્યતા)
૭. કપાળ	ડબાર
૮. ચકલી	ઝરકલી
૯. મોઢું ચડાવી બેસવું	બુથો બારી બે'ણું
૧૦. નોખો, અલગ	ધાર
૧૧. અડીખમ બનીને ઊભવું	ધુરાય ઊભણું
૧૨. શી વાત છે ?	કુરો ગાલ આય !
૧૩. ગાલ	મટ

કચ્છી બોલીમાં સંબંધ દર્શાવતા કેટલાક વિશિષ્ટ શબ્દપ્રયોગો વપરાય છે.

વર્જિત સંબોધન	વર્જિત સંબોધનની જગ્યાએ પ્રયોજાતું સંબોધન
૧. દાદી	ભાભુ
૨. દાદા	જીભા
૩. પિતાજી	ભા, અધા
૪. માતા	બાઈ
૫. બનેવી	ભેણૈયો

અશાબ્દિક લોકશાસ્ત્ર

કચ્છપ્રદેશના લોકસ્થાપત્યમાં કળાની દૃષ્ટિએ બેનમૂન ગણાવી શકાય અને ભૂતકાળની સમૃદ્ધિનાં દર્શન કરાવે એવા અનેક ઉત્કૃષ્ટ નમૂનાઓ જોવા મળે છે.

કચ્છના લોકસ્થાપત્યનાં અનેક દર્શનીય સ્થળો છે, જે પૈકી નીચે મુજબ ગણાવી શકાય :

(અ) ધાર્મિક
 ૧. લખપતમાં આવેલાં ઘોષ મહમ્મદનો કૂબો તથા લખપતિ પીરની દરગાહ
 ૨. નખત્રાણામાં આવેલું પુંઅરેશ્વરનું મંદિર
 ૩. ભુજ તાલુકામાં આવેલું કોટાયનું મંદિર
 ૪. કેરાકોટનું શિવમંદિર
 ૫. કંથકોટનું શિવમંદિર
 ૬. જૈન પંચતીર્થનાં લોકસ્થાપત્યો વગેરે પ્રમુખ ગણાવી શકાય

(બ) ગઢ, કિલ્લા વગેરે
 ૧. લખપતનો કિલ્લો
 ૨. ભુજનો કિલ્લો
 ૩. કચ્છનાં ગામડાંઓના કિલ્લાઓ

(ક) દેવી-દેવતાનાં સ્થાનકો
 ૧. માતાનો મઢ : ચાચરાકુંડ
 ૨. જખના થડા.

હવે આપણે વિગતે જોઈએ.

લોકસ્થાપત્યના મુખ્ય નમૂનાઓ નીચેનાં ધર્મસ્થાનોમાં જોવા મળે છે :

લખપતમાં આવેલ પીર ઘોષ મહમ્મદનો કૂબો તથા લખપતિ પીરની દરગાહ અમદાવાદની સીદી સૈયદની મસ્જિદની કોતરકામવાળી જાળીના નમૂના સાથે સ્પર્ધા કરે તેવી બારીક કોતરકામવાળાં છે. પાછલા ભાગમાં આવેલ કોતરકામવાળી જાળી મસ્જિદમાં હવા આવી શકે એ હેતુથી રાખવામાં આવી છે. પરંતુ એનું કોતરકામ તાણા અને વાણાની પેઠે વણાયેલું છે. પીર ઘોષ મહમ્મદના કૂબાના પ્રવેશદ્વારે બંને બાજુએ પથ્થરનાં લાંબાં તોરણિયાં બનાવેલાં છે, જેમાં પથ્થરની દીવડીઓ કોતરેલી છે, જે હિન્દુ-મુસ્લિમ સ્થાપત્યનો વિશિષ્ટ નમૂનો છે.

નખત્રાણા તાલુકામાં આવેલ 'વડી મેડી'ના નામે જાણીતું સ્થાપત્ય તથા પુંઅરેશ્વરનું મંદિર – બંને લોકસ્થાપત્યના નમૂનારૂપ છે. મંદિરના ટોડાઓની સુંદર કૃતિઓ, તેના કીચકોનાં શોભન-સ્થાપત્યો અને પુષ્પોની સુરેખ આકૃતિઓ મનોહર છે.

કચ્છમાં આવેલ કાઠીઓએ સૂર્યમંદિર બાંધ્યું છે. કોટાયમાં આવેલું કર્કવૃત્ત પર બંધાયેલું આ કોટ્યર્ક મંદિર હાલ નામશેષ થઈ ગયું છે. કેરાકોટમાં આવેલું શિવમંદિર પણ તેના બારીક નકશીકામ, સુરેખ અંગભંગીઓ, મુદ્રાઓ અને તેમાં ઊભરાતાં લાવણ્ય આભૂષણોથી નોખું તરી આવે છે.

કંથકોટના દુર્ગમાં આવેલા મંદિરમાં હાથ જોડેલી સૂર્યની પ્રતિમા આવેલી છે, જે ભાગ્યે જ જોવા મળે છે.

સ્થાપત્યના વિશિષ્ટ નમૂના જૈન પંચતીર્થ તરીકે ઓળખાતાં અબડાસાનાં કોઠારા, સાંધણ, સુથરી વગેરે ગામોનાં દેરાસરોમાં પણ જોવા મળે છે.

આમ કચ્છના મંદિરેમંદિરે લોકસ્થાપત્યના વિશિષ્ટ નમૂના જોવા મળે છે. હિન્દુ સંસ્કૃતિ મુજબ દરેક મંદિર પૂર્વાભિમુખ હોય છે. મંદિરમાં બિરાજિત દેવ અને એની બાજુના પાસા ઉપર કરાલમુખોનાં સ્થાપત્યો પથ્થર કોતરીને ફૂલ પેદા કર્યાં હોય એટલાં કોમલ અને આકર્ષક હોય છે. પુષ્પો અને પ્રાણીઓનાં અનેકવિધ સ્વરૂપો સજીવતા અને સૌષ્ઠવમાં વધારો કરતાં હોય છે. છતમાં રાસમંડળ આલેખતાં સ્થાપત્યો તો અવશ્ય જડેલાં જ હોય. કોટાયના પ્રાચીન શિવમંદિરની બહાર પરિક્રમામાં જૈવ સંસ્કૃતિ આલેખતાં ભોગાસનો નિહાળતાં અજંતા-ઇલોરાની ગુફાઓનાં સ્થાપત્યો ઘડીભર ભૂલી જવાય છે. તો ગોળાકાર પથ્થરમાં નાગદમનનું સ્થાપત્ય, ચંદ્રનું સ્થાપત્ય પણ મંદિરોમાં જોવા મળે છે.

મોટા પથ્થર કોતરીને એમાં ફૂલ-પાંદડાં-આચ્છાદિત વેલની ડિઝાઇન બનાવનાર કરામતી કાંડાં પ્રત્યે અહોભાવ જાગ્રત થયા વિના રહેતો નથી.

ઘરોના કાષ્ઠકામની કોતરણી પણ એટલી જ ચીવટભરી જોવા મળે છે. લાકડાના એક લાંબા ટુકડામાંથી જાતજાતની ડિઝાઇનો કોતરવામાં આવે છે. ઘરના ઉંબરા પર કાષ્ઠનું તોરણ જડવામાં આવ્યું હોય છે, જે અતિશય નકશીકામથી ભરપૂર હોય છે. કચ્છી ઉંબરાને 'ચાંઠ' કહે છે. આ 'ચાંઠ' પણ કોતરણી-કામથી ભરપૂર હોય છે.

(બ) ગઢ-કિલ્લાઓ :

લખપત ગામના સંરક્ષક તરીકે કામ આપતો કિલ્લો સ્થાપત્યનો વિશિષ્ટ નમૂનો છે. આજે પણ એક મોટું ગાડું કે જીપ જઈ શકે એટલા વિશાળ મથાળાની દીવાલ ધરાવતો આ કિલ્લો પશ્ચિમ કચ્છના આ પ્રથમ ગામના સંત્રી તરીકેનું વિશિષ્ટ કાર્ય કરે છે.

ભુજનો ભુજિયા ડુંગર પરનો કિલ્લો પણ વ્યૂહાત્મક સંરક્ષણની દૃષ્ટિએ બાંધવામાં આવ્યો છે. કચ્છનાં ગામડાંઓના કિલ્લાઓમાં લોકસ્થાપત્યના નમૂનાનાં દર્શન થાય છે. કિલ્લાના દરેક દિશાના મુખ્ય માર્ગોને જોડતાં ચારથી પાંચ દ્વાર રહેતાં, જેને 'મુખ્યદ્વાર' કહેવામાં આવતું. મોડી રાતના કિલ્લાઓના દરવાજા બંધ થઈ જતા ત્યારે અનિવાર્ય સંજોગો અનુસાર જવા-આવવા માટે એક નાનકડી બારી રાખવામાં આવતી, જેને 'ગડકબારી' કહેવામાં આવતી. ભુજમાં પાંચ નાકાં અને છઠ્ઠીબારી પ્રખ્યાત છે.

કિલ્લામાં પ્રવેશદ્વારની બંને બાજુએ મોટા ગોખલા રહેતા, જેમાં ગામના રક્ષણાર્થે કુળદેવીઓની સ્થાપના હતી. સિંદૂર વડે તેમની પૂજા થતી. કિલ્લાની રચનામાં મજબૂત પથ્થર અને ચૂનો વાપરવામાં આવતા. કિલ્લાના દરવાજા ગોળ રહેતા અને એમાં વિશિષ્ટ નકશીદાર કોતરણીવાળું 'કાષ્ઠકામ' જોવા મળતું. ગઢની અંદર સંરક્ષણાર્થે નાનકડી ઓરડીઓ, એમાં કલાત્મક કાંગરા, તેની બાજુમાં ગઢમાં છિદ્રો પાડી ત્રાંસાં બાકોરાંમાંથી દેખાતાં તોપોનાં નાળચાં – એ સર્વે લોકસ્થાપત્યના વિશિષ્ટ નમૂના છે.

(ક) દેવી-દેવતાઓનાં સ્થાનકો :

કચ્છમાં દેવ-દેવીઓનાં સ્થાનકોનાં સ્થાપત્યો સાદાં છે. ધાર્મિક સ્થાનિક દેવી-દેવતાઓ જેવાં કે

આશાપુરામાતાના મંદિર(મઢ)ની રચનામાં ભારતીય સંસ્કૃતિ મુજબનું સ્થાપત્ય જોવા મળે છે. સાથે ચાચરા-કુંડનું સ્થાપત્ય પણ કોઈ પગથિયાંવાળી વિશાળ વાવના સ્થાપત્યને મળતું આવે છે. વિશાળ કુંડ, તેમાં ઊતરવાનાં પગથિયાં, કુંડના ગોખલાઓમાં દેવીઓની મૂર્તિઓ વગેરે તેમાં જણાય છે. તદુપરાંત ભુજના પ્રસિદ્ધ રામકુંડનાં પગથિયાંની રચના પણ નયનરમ્ય છે.

કચ્છની લોકસંસ્કૃતિમાં વિશિષ્ટ ભાત પાડતાં અને કચ્છ સિવાય જવલ્લે જ જોવા મળતાં જખ્ખનાં સ્થાનકો સ્થાપત્યના નમૂનારૂપ છે. જખ્ખના સ્થાનકને 'થડો' કહેવામાં આવે છે. સામાન્યતઃ થડો ઊંચા ટેકરા પર આવેલો હોય છે. ટેકરો ન હોય તો વીસેક પગથિયાંવાળી લાંબી અગાસી પર જખ્ખના થડા આવેલા હોય છે, જેમાં એકીસાથે હારબંધ ઘોડેસવાર જખ્ખની પથ્થરની મૂર્તિઓ હોય છે. જખ્ખના પૂજારી સામાન્યતઃ સંઘાર જ્ઞાતિના હોય છે, તેથી કચ્છનાં જે ગામડાંઓમાં સંઘારોની વસતી વધારે હોય ત્યાં જખ્ખના થડા આવેલા હોય છે. જખણિયા, જખૌ, જખ વગેરે સ્થળે જખ્ખના થડા આવેલા છે. તેમના સ્થાનકને લીધે ગામનું નામ પણ તેમની ઓળખ જેવું પડી ગયું છે. લોકવાયકા મુજબ કચ્છમાં કુલ ૭૨ જખ્ખો આવ્યા હતા, તેથી તેમના સ્થાનકને 'જખ્ખ બઉતેરા' પણ કહેવાય છે. એના પૂજારીના કહેવા મુજબ જખ્ખની મૂર્તિઓને ડાબીથી જમણી કે જમણીથી ડાબી, એમ બે વખત ગણતાં કદી પણ એક જ સંખ્યા મળતી નથી. જખ્ખની મૂર્તિઓ તથા ઘોડાઓ સફેદ ચૂનાથી રંગવામાં આવે છે.

કચ્છના દરેક ગામની બહાર જે-તે ગામની કુળદેવીઓની દેરીઓ આવેલી છે, જે ગામની રક્ષા કાજે હોય છે. ગામના પશ્ચિમ દ્વારે હનુમાનની દેરીઓ આવેલી હોય છે. એ સિવાય ગામબહાર વાછરડાનાં સ્થાનક પણ જોવા મળે છે, જેમાં માત્ર દીપપૂજા જ થતી હોય છે. ગામમાં પ્રવેશતાં નાગની દેરી આવે છે. પથ્થર પર નાગની આકૃતિ દોરી સિંદૂર વડે તેનું પૂજન થતું હોય છે.

પીરની દરગાહોમાં હાજીપીરની દરગાહ પ્રખ્યાત છે. જૂના જમાનામાં માત્ર ભૂંગામાં હાજીપીરની કબર (જેને અહીં સમાધિ પણ કહેવામાં આવે છે) અને એના પર ચાદર ઓઢાડેલી હતી, પરંતુ આજે ત્યાં ભવ્ય મસ્જિદ જોવા મળે છે.

અંજારમાં જેસલ-તોરલની પ્રખ્યાત સમાધિ આવેલી છે. કહેવાય છે કે વર્ષ દરમિયાન જેસલની સમાધિ જવભાર અને તોરલની સમાધિ તલભાર ખસે છે.

તદુપરાંત જૂના જમાનામાં રાજાઓ મૃત્યુ પામતા ત્યારે તેમના મૃતદેહોનો અગ્નિસંસ્કાર થતો તેના પર ભવ્ય સ્થાપત્ય અંકિત સ્મારક રચાતું, જેને અહીંની લોકભાષામાં 'છતરડી' કહેવામાં આવે છે. ભુજના હમીરસર તળાવમાં રાજાઓના અંતિમ સ્મારકરૂપ કલાત્મક છતરડીઓ આવેલી છે.

કચ્છના ગ્રામ્યપ્રદેશની વસાહત અને ગૃહરચના પણ જોવાલાયક હોય છે.

કચ્છના ગ્રામ્યપ્રદેશની રચનાના મુખ્યત્વે નીચે મુજબના ત્રણ વિભાગ પાડી શકાય :

૧. રણકંઠારના માલધારીઓની વસાહતો (ઝીલ)
૨. મધ્યભાગમાં આવેલ કૃષિકારોની વસાહતો
૩. સાગરકાંઠે આવેલ સાગરખેડુઓની વસાહતો (ધંગા)

(૧) રણકંઠારની વસાહતો (ઝીલ)

કચ્છના ઉત્તર-ભાગે મુખ્યત્વે પશુપાલક માલધારીઓ વસે છે. ઉત્તરભાગ એટલે રણવિસ્તાર. પાણીની સમસ્યાવાળો પ્રદેશ તેથી માલધારીઓને ભટકતું જીવન જીવવું પડે છે. છતાં પણ પાણીની જ્યાં સગવડ હોય ત્યાં ઠરીઠામ થઈને રહેવાની કોશિશ કરે છે. બન્નીમાં જે નાની વસાહતો છે તેને 'ઝીલ' કહે છે. જળવાળું સ્થળ એટલે 'ઝીલ'. એને 'વાંઢ' પણ કહે છે. તેમાં ભીરંડીયારો, હોડકો, ડુમાડો, ગોરેવાલી, ધોરડો વગેરે મુખ્ય વસાહતો છે. કાચી માટીનાં બનાવેલાં ગોળ ઝૂંપડાંને વાંસનો ટેકો આપીને ઊભાં કરવામાં આવે છે. લીંપીગૂંપીને એવાં સુંદર બનાવેલાં હોય છે કે તેમાં ઉનાળામાં ગરમી ઓછી, શિયાળામાં ઠંડી ઓછી તથા ચોમાસામાં વરસાદથી રક્ષણ મળે છે. ભૂંગાના ઉપરના

ભાગે બન્નીવાસીઓ સૂકા ઘાસના પાંદડાનું છાપરું બાંધે છે. જેને મજબૂત દોરી વડે ગૂંથીને સિમેન્ટની છત જેવું મજબૂત બનાવવામાં આવે છે. તેઓ ભૂંગાને 'પખો' પણ કહે છે.

ભૂંગાની ચારે તરફ આશરે પંદરેક ફૂટની જગ્યા રાખી કાંટાળી વાડ કરવામાં આવે છે. અંદર ગાયો-ભેંસો સુરક્ષિત રીતે બાંધે છે. અંદર ઘરમાં દાખલ થવા માટે બાવળનાં સૂકાં થડ કાપી, ચોકડી આકારે ગોઠવી દોરી વડે બાંધી નાનકડું બારણું બનાવવામાં આવે છે, જેને સ્થાનિક બોલીમાં 'ધંગડિયો' કહે છે.

(૨) મધ્યભાગમાં આવેલ કૃષિકારોની વસાહતો :

કૃષિકારોની વસાહતો પણ જોવા જેવી હોય છે. ખાસ કરીને લેઉવા તથા કડવા પાટીદારોની વસતી ધરાવતાં સમૃદ્ધ ગામોની વસાહતો જોવાલાયક હોય છે. નાનકડા ગામની રચના કોઈ આદર્શ વિશાળ નગરરચનાને મળતી આવતી હોય છે. ગામના એક છેડે ઊભા રહેતાં બીજો છેડો સ્પષ્ટ દેખાતો હોય છે. ગામના મુખ્ય રસ્તાની બંને બાજુએ શેરીઓ અને એની બંને બાજુએ ડેલીઓ હોય છે. ડેલીમાં દાખલ થતાં બંને બાજુએ વિશાળ ઓટલા હોય છે. જ્યાં કુટુંબના બુઝુર્ગ પુરુષો બેસીને નાનકડાં બાળકોને રમાડતા હોય છે. ડેલી પર દેશી નળિયાનું છાપરું હોય છે. ફળીમાં દાખલ થતાં તુલસીક્યારો આવેલો હોય છે. એ પસાર થતાં સૌપ્રથમ વિશાળ ઓટલો આવે છે, જેના પર છાપરું બાંધેલું હોય છે. ઓટલાની બાજુમાં ગમાણ હોય છે. ઓટલા પરથી પસાર થઈ ઘરમાં દાખલ થવાય છે, જેને ઓસરી કહે છે. ઓસરીના ડાબા કે જમણા ખૂણે અંદર દાખલ થઈ શકાય એવું રસોડું હોય છે. રસોડાનો ભાગ બહારના ઓટલા પર નીકળેલો હોય છે. જ્યારે ઓસરીની અંદરની બાજુમાં બે ઓરડા આવેલા હોય છે, જેને અહીંની સ્થાનિક બોલીમાં 'કરઈ' કહે છે.

બન્નીની વસાહતો તથા કૃષિકારની વસાહતોના વાસણો રાખવાની પદ્ધતિમાં સામ્ય જોવા મળે છે. કૃષિકારોની 'કરઈ'માં કે બન્નીની ભૂંગાના અંદરના ભાગમાં અનાજ ભરવા માટે ગાર-માટીની લીંપેલી-ગૂંપેલી કલાત્મક કોઠી હોય છે. 'મજૂસ' નામ ધરાવતું મોટું કબાટ પણ હોય છે. તેની પાસે માટીના નાના બારણાવાળી 'ટાંકાબારી' હોય છે, જેના પર હીર-ભરત વગેરે ચોંટાડેલાં હોય છે. તેમાં તેઓ દહીં-દૂધ રાખે છે. મજૂસ પર ધડકીઓ પણ બિછાવવામાં આવે છે.

ઓરડીમાં કે રસોડામાં માટીની બનાવેલી ગોળ કાણાંવાળી કલાત્મક અભેરાઈઓ હોય છે, જેમાં પિત્તળનાં ચકચકિત વાસણો હારબંધ ગોઠવાયેલાં હોય છે. રસોડામાં હૂક હોય છે, જેમાં શીકાં ટીંગાવેલાં હોય છે.

ભૂંગા કે ઓસરીના એક ખૂણે માટીનો ગોળો હોય છે, જેમાં ઇન્દ્રને દુર્લભ એવું ગોરસ હોય છે. ઘરની સ્ત્રીઓ સવારના વહેલી ઊઠીને લાકડાના 'જંગણિયા' વડે છાસ વલોવે છે.

રાચરચીલું :

માલધારીઓને વારંવાર પડતા દુષ્કાળને લીધે હિજરતનો ભય તથા કૃષિકારોને કૃષિની ધમાલ હોવાને કારણે તેમના ઘરમાં રાચરચીલું મર્યાદિત હોય છે. પાણી ભરવાનો માટીનો ગોળો, પાણીનું કૂંડું, માટીની તાવડી કે માટીનો બનાવેલો ચૂલો જેવી તમામ માટીની વસ્તુઓ ઉપરાંત પિત્તળ કે ઍલ્યુમિનિયમના ઢાંકણ અને કથરોટ, જમવા માટે થોડાંક કાંસાનાં તાંસળાં, બે-ત્રણ તપેલીઓ જેવાં વાસણો જોવા મળે છે. અહીંની ખૂબી એ છે કે ઘરની વ્યક્તિઓ થાળીમાં ખાવાને બદલે લાકડાના પાટલા પર કે પછેડી પર રોટલા કે રોટલી મૂકીને ખાય છે.

અગાઉના જમાનામાં આ તમામ વાસણો માટીનાં હતાં. જોકે હજુ આજે પણ માલધારીઓ તથા કૃષિકારો સાંજના વાળુમાં તો ચૂલા પર માટીની હાંડલી મૂકીને તેમાં રાંધેલી ખીચડી ખાય છે. કૃષિકારોના ઘરમાં રંગત ઢોલિયો તેમ જ જમતી વખતે ગોઠણ રાખવામાં ઢીંચણિયો જોવા મળે છે. માલધારીઓના ઘરમાં આ વસ્તુ હોતી નથી.

(૩) સાગરકાંઠાની વસાહતો (ધંગા)

કચ્છના કંઠારે દરિયાથી થોડે દૂર રેતાળ ઢૂવા પર વસતી જાતિઓમાં મુખ્યત્વે ખારવા, ભડાલા ઉપરાંત મચ્છીમાર કોમો જેવી કે મુસ્લિમ, વાઘેર વગેરે છે.

તેમનાં ઘરો કાચાં-પાકાં હોય છે. માંડવી તાલુકાના 'મોઢવા' ગામના માછીમારોની વસતી છે. એમની વસાહતને 'ધંગો' કહે છે. ઘરની બહાર સામસામા બે થડ ખોડી, તેના પર માછલી માટેની જાળ સુકાતી હોય છે. ઘરની આસપાસ સુકાવેલી માંછલીઓના ટોપલા પડ્યા હોય છે. જ્યારે થોડેક દૂર ચોપાસ કાંટાળી વાડ બાંધી વચ્ચે માછલીઓ સૂકવવા મૂકી હોય છે. તેઓ મરઘાં, બિલાડાં, કૂતરાં પણ પાળે છે. ઘણી વખત ઘરમાં માણસોની સંખ્યા કરતાં ઉપરોક્ત પક્ષી-પ્રાણીઓની સંખ્યા ઘણી વધારે હોય છે.

તો વહાણવટી ખારવા-ભડાલાનાં મકાનો માંડવીના સલાયા વિસ્તાર, મુંદ્રાના કાંઠાળ વિસ્તાર જખૌ વગેરેમાં આવેલાં છે. અગાઉ તેમનો વસવાટ, ઝૂંપડાં જેવાં મકાનોમાં હતો. હાલે વહાણવટું વિકસવાથી તથા વિદેશની ખેપો કરવાથી તેમની જીવન-પદ્ધતિમાં ફરક આવી ગયો છે અને અદ્યતન મકાનોમાં વસવા લાગ્યા છે.

કચ્છનું લોકભરત :

કચ્છનું લોકભરત વિશ્વવિખ્યાત છે. તેમાંથી જાતિવાર અલગ-અલગ લોકભરત ગણાવી શકાય. અલબત્ત, પ્રથમ નજરે તમામ ભરત એકસરખું લાગે, પરંતુ તાણાવાણા મેળવવાની રીતમાં કે ભરત ભરવાની પદ્ધતિમાં ફેરફાર જણાય છે.

કચ્છ લોકભરતના નીચે મુજબ ચાર પ્રકાર પાડી શકાય :

(૧) બન્નીનું ભરત, (૨) આહીરોનું ભરત, (૩) રબારીઓનું ભરત.

ઉપરોક્ત ત્રણેય જાતિઓનું લોકભરત ભારતના સીમાડા પાર કરી વિશ્વની કક્ષાએ પહોંચ્યું છે. પરંપરાની હૈયાની ઉકલતથી સોયદોરા અને આભલાંનો ઉપયોગ કરીને સ્ત્રીઓ ઘરવપરાશની અનેક વસ્તુઓ બનાવે છે, જે પૈકી કેટલીક જોઈએ.

ધડકીકામ (ગોદડીકામ) :

કચ્છની બન્નીની ધડકીઓ વખણાય છે. જૂની સાડીઓ કે જૂના ફાટેલા રંગબેરંગી કપડાના ટુકડાઓ ધડકી માટેની સામગ્રી છે. સોયદોરાની મદદ વડે એ રંગીન ટુકડાઓને બન્નીની સ્ત્રીઓનો જાદુઈ સ્પર્શ થાય કે કલાત્મક ધડકી બની જાય.

તોરણકામ (લટકણિયું) :

કપડાની કતરનનો ઉપયોગ કરી એનાં રંગબેરંગી તોરણો બનાવવામાં આવે છે. એમાં કાચના ટુકડા નાખી, આજુબાજુ ભરત ભરવાથી તોરણ ઓર સુંદર લાગે છે. એમાં હાથી, મોર, પોપટ જેવી આકૃતિઓ ઉપસાવવામાં આવે છે. આહીર લોકો તોરણને 'લટકણિયાં' કહે છે.

માથાની ટોપી :

આ સિવાય બન્નીના ભરતકામમાં પુરુષો પહેરે છે એવી કલાત્મક ટોપી પણ ગણાવી શકાય. કપાળ આગળ ઊંચી અને કાન પર છવાઈ જતી ટોપીમાં ઝીણી રંગબેરંગી ભાત આલેખેલી હોય છે. નાનકડા બાળકની ટોપીમાં ઝૂમખાં વગેરે ટાંકીને ભપકાદાર બનાવવામાં આવે છે.

હીરભરેલ જાકીટ :

પુરુષોને બહાર પહેરવા માટે હીરભરેલી જાકીટ સ્ત્રીઓ તૈયાર કરે છે. આહીરોમાં પહેરાતી આ જાકીટનું કાપડ કાળા રંગનું હોય છે. એના પર લાલ કે પીળા મોટા દોરા વડે ભરત કરી વચ્ચેવચ્ચે ગોળ આભલાં મૂકવામાં આવે છે.

તદુપરાંત ઘરનો સામાન ભરવા માટે ૨ X ૪નો થેલો પણ આહીરો બનાવે છે, જેને તેઓ 'કોથળી' કહે છે. એ પણ રંગબેરંગી, કલાત્મક હોય છે. નાનું બાળક પહેરી શકે એવા 'ઝભલા'ને તેઓ 'ડગલી' કહે છે. હીરભરતની ભાતવાળી ડગલી પહેરતાં જ બાળકની પ્રતિભા ઓર વધી જાય છે. મોટા બાળકને પહેરાવવામાં આવતા ઝભલાને 'આંગળું' કહે છે. રબારીઓ આવા ઝભલાને 'ઝૂલડી' કહે છે. બાળકને પહેરાવવામાં આવતી ટોપીને તેઓ 'ગલેચી' કહે છે.

શહેરના મોટા ડ્રોઇંગરૂમમાં રહી શકે એવા 'વૉલપીસ' રબારીઓ તૈયાર કરતા હોય છે. રબારણ સ્ત્રીઓનું 'વૉલપીસ' માટે મનપસંદ ભરત એટલે 'મૈયારી'ની ભાત. મૈયારી એટલે મહી વેચવા જતી

સ્ત્રીઓના આકારની ભાત. મોટા કાળા કપડા પર લાલ કે પીળા રંગના મોટા દોરા લઈ એના પર પાણી ભરવા જતી સ્ત્રીઓનું વૃંદ ચીતરવું અને એમાં આભલાં, ટીકી, સતારા વગેરે લગાડીને રંગબેરંગી ભાત ઉપસાવવી એટલે મૈયારી.

રબારી ભરતમાં ઊનનું પણ ભરતકામ થાય છે. ખાસ કરીને ઘોડા, ઊંટ પર બેસવાનો સાજ બનાવવામાં રબારીઓ નિપુણ ગણાય છે. ઊનની ઉપરનો ભાગ 'થૂવો' કહેવાય છે. એને કાપી નખાય. પછી એની 'ઝૂલ' બનાવાય. એના માટે જાડું કપડું લઈ, ઝીણા કાપડની બે પટ્ટીઓ લગાડી, કલાત્મક ઝૂલ બનાવવામાં આવે છે.

ગાદલા પર પાથરવાની ચાદર પણ કલાત્મક ભરતથી ભરેલી હોય છે, જેને આહીર લોકો 'ઓછાડ' કે 'ધાણી' કહે છે.

રંગબેરંગી કાપડની જુદાજુદા ઘાટની ગોળ, ત્રિકોણ, ચોરસ એવી નાનીમોટી કાપલીઓ કાપી, ઓશીકાં, ગાદી, તકિયા વગેરેનાં કવર હાથે સીવી લઈ, એના પર હાથી, બળદ, વૃક્ષ, મોર, પોપટ વગેરે જાતની સુરખ આકૃતિઓ દોરી, ભરતકામ દ્વારા સુશોભિત કરવામાં આવતા કાર્યને 'પેંચવર્ક' કહે છે. કચ્છના જાડેજાઓમાં આ કળા વિશેષ જોવા મળે છે. આ કાપલીઓ જેમ નાની – ટચલી આંગળીના ટેરવાથીય નાની તેમ કામ વધુ ચડિયાતું બને છે.

લગ્નોત્સવમાં તો 'પેંચવર્ક' સુપેરે દર્શનીય બને છે. ગાય, ભેંસ, ઊંટ, ઘોડા આદિ પશુઓને શણગારવા ઓઢાડાતી ઝૂલ, વેલના માફા, નાના-મોટા મંડપના ચંદરવામાં 'પેંચવર્ક'ની કલાત્મકતા અનુભવાય છે. પેંચવર્કથી ગૃહ તથા પ્રસંગોનું સુશોભન વધી જાય છે, અવસરને શણગારી શકાય છે અને ઉત્સવનો રંગ છલકાઈ જાય છે.

સૂફ ભરત :

આ ભરતકામ કાપડના પાછલા ભાગથી શરૂ કરાય છે અને ડિઝાઈન આગળ બને છે. ભરતકામની પ્રિન્ટ કર્યા વિના માત્ર કાપડના તાણા અને વાણાની ગણતરી કરીને જ સોય આગળ વધે છે. 'સૂફ અને ખારેક' એમ બે જાતનું ભરતકામ હોય છે, જેમાં ફળીવાળી ખારેક, ચોકડીવાળી ખારેક અને ફૂલ જેવી ડિઝાઈન હોય છે. જમીન પર બેસીને કોઈ પણ મશીન વિના માત્ર હાથ વડે જ આ જાતનું ભરતકામ થાય છે.

બાંધણીકામ :

કચ્છમાં માંડવીનું બાંધણીકામ વિખ્યાત છે. મીણના ઉપયોગથી બનતી બાંધણીને 'અજરખ' અને 'બાટીક' એવા બે વિભાગોમાં વહેંચી શકાય. રેશમી કે સુતરાઉ કાપડને હાથથી અથવા લાકડાના બીબાથી ડિઝાઈન પાડવામાં આવે છે. તે પછી દોરાથી નાની-નાની ગાંઠો બાંધી દેવામાં આવે છે, જેને 'ભીંઢી' કહે છે. પછી જુદાજુદા રંગોમાં કપડાને રંગી દેવામાં આવે છે. ત્યાર બાદ ગાંઠોને છોડી, કપડાને પહોળું કરતાં એમાં જુદાજુદા પ્રકારની વિવિધ રંગોમાં આકૃતિઓ ઊઠી આવે છે, જેને 'બાંધણી' કહે છે.

ગૃહસુશોભનમાં માટીનું લીંપણકામ :

કચ્છના ગૃહસુશોભનમાં માટીનું લીંપણકામ અવનવી ભાતવાળું અને સુંદર હોય છે. માટીકામના ભૂંગા, કોઠલા, મજૂસ, પાણિયારું, અભેરાઈ, દરવાજો વગેરે ગણાવી શકાય.

ભૂંગા :

બન્નીના ભૂંગા વિશ્વવિખ્યાત છે. સૌપ્રથમ ચારે બાજુથી જમીન ખોદીને પથરા અને માટીનો પાયો ભરવામાં આવે છે. ત્યાર બાદ લાલ માટી ગૂંદીને એની દીવાલ બનાવવામાં આવે છે. વચ્ચે ખોડેલા થંભ પર ખારેકડીના ગોળાકાર બાંધેલા કૂબા પર ઘાસ અને પાંદડાં પાથરી છાપરું ઢાળી અને જમીન પર લીંપણ કરેલા વર્તુળાકારના આ સુંદર ભૂંગામાં બારી જ નથી હોતી. માત્ર નાનાં બાકોરાં – ગોખલા હોય છે. બારણું નીચું અને નાનું હોય છે, જેમાં નીચા નમીને જવું પડે છે.

ઘરમાં ગૃહિણીની સૂઝ મુજબની અનોખી ગોઠવણ જોવા મળે છે. ઘરમાં લીંપણ-કામના શ્રેષ્ઠ નમૂના જોવા મળે છે.

realpatidar.com

કોઠી :

લીંપણકામના નમૂના તરીકેની કોઠી ગાર-માટીની બનાવેલી હોય છે. એના ઉપર ફૂલ અને વેલની માટીની જ બનાવેલી ભાત હોય છે.

કોઠલા :

ધાન્ય રાખવાના કોઠલા તરીકે માટીની દીવાલનો ઉપયોગ થાય છે. સફેદ માટી વડે લીંપી-ગૂંપીને એને સ્વચ્છ રાખવામાં આવે છે અને એમાં બારે માસનું ધાન્ય રાખવામાં આવે છે.

મજૂસ :

કચ્છના ખેડૂતવર્ગના ઘરમાં લાકડાની મજૂસ હોય છે, જ્યારે માલધારીઓના ઘરમાં માટીની મજૂસ જોવા મળે છે. તેના પર કલાત્મક ભાતો હોય છે. મજૂસને જમીનથી ઊંચી રાખવામાં આવે છે. એના પાયા પણ માટીના જ હોય છે. મજૂસનું બારણું લાકડાનું હોય છે. મજૂસ એટલી મોટી હોય છે કે તેમાં તમામ ઘરવખરી સમાઈ જાય છે.

પાણિયારું :

કચ્છના તળપદા લોકજીવનમાં પાણિયારાનું ખૂબ જ મહત્ત્વ છે. આહીર, રબારી જેવી કોમો દરરોજ સવારના નાહી-ધોઈને પાણિયારાને શુકન તરીકે થોડુંક લીંપે છે અને ઘીનો દીવો કરે છે. આ પાણિયારા પર વિશિષ્ટ કોતરણી જોવા મળે છે.

અભેરાઈઓ, કમાડ વગેરે :

ગાર-માટીની બનાવેલી અભેરાઈઓમાં વિશિષ્ટ ભાત જોવા મળે છે. અંગ્રેજી 'એલ' આકારની અભેરાઈ તળિયેથી સપાટ અને બાજુની ઊપસેલી ધારમાં વચ્ચે ગોળ કાણાંવાળી હોય છે, જેના પર ગોઠવેલાં વાસણો નયનરમ્ય લાગતાં હોય છે.

ભીંતો પર લીંપણકામ :

નારીઓના હાથનું લીંપણકામ ભૂંગાને અદ્ભુત શોભા આપે છે. લીંપણ માટે સામાન્યતઃ સફેદ, લાલ કે પીળી માટી પસંદ કરવામાં આવે છે. પાણી ઉમેરીને તેને ગૂંદવામાં આવે છે. લીંપેલી માટીને હાથમાં ઉપાડી ભીંત પર થપેડી, હાથ વડે જાતજાતની ડિઝાઈન બનાવવામાં આવે છે. ખજૂરી, ખારેક, ફૂલવેલ, ફુવારો જેવી અને ડિઝાઈનો આંગળીઓની કરામત દ્વારા કરાતી હોય છે. એના પર રંગો વડે ચિતરામણ કરીને પોતાની ઊર્મિની અભિવ્યક્તિ કરે છે. આ ચિતરામણને લોકબોલીમાં 'આલેખ' કહે છે, જે સંસ્કૃતના 'આલેખન' પરથી પ્રચલિત બન્યો છે. લાંબી ઝીણવટભરી પ્રક્રિયામાંથી લીંપણચીતરનું ગારિયું બનાવી માતા હળવે હાથે લીંપણનાંચીતર કરે છે ત્યારે નાની છોકરીઓ એ જોતી જાય છે ને લીંપણકળાને હાથમાં ઓગાળતી જાય છે. આ બધામાં વિવિધ આકૃતિ અને ફૂલવેલની કોતરણી હોય છે. આ ચિતરામણમાં કાચના ટુકડા ખૂંપાવીને આકર્ષક બનાવવામાં આવે છે. બહારથી અત્યંત સાદા દેખાતા ભૂંગામાં ચતુર લોકનારીઓએ મનોહર લીંપણકળા દ્વારા આગવી સૃષ્ટિનું નિર્માણ કર્યું છે.

છૂંદણાં :

કચ્છમાં બન્નીની હરિજન, આહીર, ભાનુશાલી વગેરે જાતિની સ્ત્રીઓ છૂંદણાં છૂંદાવે છે. હાથ, હથેળીનો પાછલો ભાગ, બે ભમરોની વચ્ચનો ભાગ, ગળું, છાતી, પગ વગેરે ત્રાજવાં ત્રોફાવવાનાં ખાસ અંગો છે.

છૂંદણાંની અનેક ભાતો હોય છે, જેમાં કેટલાંક પ્રતીકોનો સમાવેશ થાય છે, તો કેટલીક માનવઆકૃતિઓનો સમાવેશ થાય છે, જેમાં ઘોડીલો, મોરલો જેવાં પશુપંખીઓ ઉપરાંત ઢોલિડયા, બેરડી, ઘોડિયું, લાડુડો, કૂવો, સોગઠી, બીજ, સાથિયો, શ્રીરામ, સાંકળું વગેરે પ્રતીકો તેમ જ બાવળિયો, કેવળો, ફૂલ, પાંદડી જેવાં ફૂલઝાડ ઉપરાંત હાથે પૂતળી અને પગમાં શોક્યની આકૃતિઓ તેમની લોકકલ્પનાથી મઢીને આલેખે છે. આ છૂંદણાનાં શોભન-પ્રતીકોમાં પણ તેમની વિશિષ્ટ લોકસંસ્કૃતિનું દર્શન થાય છે.

પ્રકીર્ણ :

કચ્છના લોકશાસ્ત્રમાં ચર્મકામ, ધાતુકામ, કમાંગરી, માંડવીનું વહાણોનું બાંધકામ વગેરે ગણાવી શકાય.

ચર્મકામ :

કચ્છમાં ચર્મકામમાં સુમરાસરમાં બનતા ચાંચવાડા જોડા, ચંપલ વગેરે ગણાવી શકાય. બરછટ ચામડાને સુંવાળું બનાવીને તેના પર ઈલાયચા, મશરૂ વગેરે લગાવીને મનોરમ્ય ભાગ ઉપસાવવામાં આવે છે. તો ચાંચવાળા જોડા પરનું ભરતકામ પણ સુંદર હોય છે.

ધાતુકામ :

કચ્છના ધાતુકામમાં સૂડી-ચપ્પુ પરની ડિઝાઈન નયનરમ્ય હોય છે. સૂડીના ઘાટ પણ અતિશય કલાત્મક હોય છે. તેના પરનું બારીક નકશીકામ ઊડીને આંખે વળગે છે.

કચ્છનું મીનાકામ પણ મશહૂર છે. એમાં વપરાતા લાલ, પીળા, વાદળી, જાંબલી જેવા રંગો અજબનો જાદુ સર્જે છે. તેના કોતરકામની બારીકી, ભાવવાહી ચિત્રણની પસંદગીમાં સર્જકને ખૂબ જ પરિશ્રમ તથા એકાગ્રતાની જરૂર પડે છે.

કચ્છમાં વિશિષ્ટ પ્રકારનાં તાળાં બને છે. સુથરીનાં તાળાં આકારોની વિવિધતા અને મજબૂતાઈની દૃષ્ટિએ કોઈ કારખાનાનાં તાળાંનેય ટપી જાય તેવાં હોય છે. પિત્તળના ભંગારને ગાળી, તેમાંથી ગોળ, અર્ધગોળ પાન-આકાર તથા અખંડ ભરતના કમળ-આકારનાં ચિત્તાકર્ષક તાળાં બને છે.

ધાતુકામમાં નિરોણા વિસ્તારના લોહાર-વાઢાના કાર્ય 'ખરકી'ને મુખ્ય ગણાવી શકાય. ગાય, ભેંસ, બકરીઓની ડોકમાં નાની-મોટી તાંબાની ઘંટડી બાંધવામાં આવે છે, જેને સ્થાનિક બોલીમાં 'ખરકી' કહે છે. કારખાનાની યાંત્રિક મદદ લીધા વિના લોહારવાઢાઓ જાતમહેનત વડે ભઠ્ઠીમાં લોખંડના પતરાંની ઘંટ-આકારની નાનામાં નાની અંગૂઠા જેવી અને તાંબા-પિત્તળનું પાણી ચઢાવીને બનાવી લે છે. તેમાં નકશીકામ પણ હોય છે. નંબરવાર માપની ખરકી સારેગમમાં વાગે કે પવનની લહેરથી પણ વાગતી રહે એમાં જ કારીગરની કળા વર્તાય છે. મોટાં શહેરોમાં બંગલામાં દરવાજાના પરદા અને તોરણ પર કે ઝુમ્મરમાં પણ નાની 'ખરકીઓ' લગાવવામાં આવે છે.

કમાંગરી :

કચ્છમાં ચિત્રકારને 'કમાંગર' તથા ચિત્રકળાને 'કમાંગરી' કહે છે. લુપ્ત થતી જતી કમાંગરીની વિશેષતા એ છે કે, એમાં પ્રસંગચિત્રો આલેખાયેલાં હોય છે. ભીંતો પર જ કમાંગરી દોરવામાં આવે છે. અગાઉ કચ્છમાં ભીંતચિત્રોનું આલેખન શુભ અને સમૃદ્ધિદાયક ગણાતું.

કમાંગરીની પ્રક્રિયામાં પહેલાં ચૂનો અને ચિરોડી મેળવી તેના લીંપણથી ભીંત ચકચકિત કરવામાં આવતી. ત્યાર બાદ તેના પર ખજૂરીનાં કૂણાં પાનની પીંછીઓ વડે ઝીણી ડિઝાઈનો આલેખી તેમાં ભભકાદાર રંગો પુરાતા. માનવઆકૃતિઓ, પશુપક્ષીઓ, ફૂલવેલીઓ, લડતા મલ્લો, પનિહારી જેવા વર્ણ્ય વિષયો રહેતા. ભરાપરના સુજાબાના ગઢમાં મોટી રાયણમાં ધોરમનાથના ભંડારામાં, આયનામહલમાં, અંજારમાં મેકમર્ડોના બંગલામાં 'કમાંગરી'ની કળાનાં દર્શન થાય છે.

કચ્છનાં વિશિષ્ટ બાંધણીનાં વહાણોની આગવી પહેચાન છે. 'ગૈધરો' વંશપરંપરાગત પ્રાપ્ત કરેલી આ કળામાં પારંગત છે. અગાઉ તેઓ કોટિયા, પડાવ, બગલા, બતેલા, બાજ, દંગી, ગજા, મછવા, હોડા, નાવડી, કટારી અને તર એવા અનેક પ્રકારનાં નાનાંમોટાં વહાણો બંધાતાં.

હાલ માંડવીના બંદર પર મશીનવાળાં વહાણો બનતાં રહે છે તેથી ઉપરોક્ત જણાવેલ વહાણોની કશી કિંમત રહી નથી. પરંતુ જૂના 'કચ્છી સંભારણાં' તરીકે આજે પણ લોકો તેને યાદ કરે છે.

૩. કચ્છની ધર્મપરંપરા

ડૉ. ફતેહસિંહ જાડેજા

હિન્દુધર્મ

હિન્દુધર્મ મૂળમાં માનવધર્મ છે. તેનું સ્વરૂપ સાંપ્રદાયિક નથી. એટલે જ તેનો ન કોઈ એક ગ્રંથ છે ન કોઈ એક પંથ છે, ન કોઈ એક સંત છે. હિન્દુધર્મમાં કેવળ બે વાત મુખ્ય છે. એક બ્રહ્મવિદ્યા જેને વેદાંત કહે છે અને બીજી ભૂતદયા જેને માનવપ્રેમ કહે છે. આ બે વાત જેમાં ન હોય તે હિન્દુધર્મ ન હોઈ શકે. શંકરાચાર્યે એક સ્તોત્ર બનાવ્યું છે. જેનો પાઠ એમના મઠોમાં થાય છે. જેમાંનો એક શ્લોક છે :

[અવિનયમપનય વિષ્ણોર્દમય મનઃ શમય વિષયમૃગતૃષ્ણા ।
ભૂતદયા વિસ્તારય તારય સંસારસાગરતઃ ॥]

અર્થાત્ ભગવાન, તું મારી ભૂતદયાનો વિસ્તાર કર. શંકરાચાર્યે જીવનભર અદ્વૈત-મંત્રનો જાપ કર્યો, પરંતુ એ વિષ્ણુને કહે છે, 'નારાયણ કરુણામય' અને પ્રાર્થના કરે છે કે અમે તે કરુણામયનાં દર્શન કરવા માગીએ છીએ. તે માટે કહે છે, 'ભૂતદયાં વિસ્તારય'- ભૂતદયાનો વિસ્તાર કરતા રહો તો અદ્વૈત સધાશે. એટલે બ્રહ્મવિદ્યા અને ભૂતદયા એ બે શબ્દોમાં હિન્દુ-ધર્મનો સાર છે.

મનુએ માણસનાં નીચે મુજબ ધર્મ-લક્ષણ બતાવ્યાં છે. ધૃતિ, ક્ષમા, દમ, અસ્તેય, શૌચ, ઇન્દ્રિય-નિગ્રહ, ધી (બુદ્ધિ), વિદ્યા, સત્ય, અક્રોધ આ દસ ધર્મલક્ષણો છે. બસ, આટલાનું સંપૂર્ણ પાલન કરનારો માણસ બીજું કાંઈ કરે કે ન કરે, હિન્દુધર્મને માન્ય છે. બ્રહ્મ નિરાકાર છે, છતાં તે સાકાર સાથે સમન્વય કરે છે. જે કોઈ દૈવી તત્ત્વો પ્રસિદ્ધ થયાં છે તે બધાંની સત્તાનો અસ્વીકાર ન કરતાં તે બધાં જ એક જ બ્રહ્મનાં કાલ્પનિક યા ભાવાત્મક પ્રતીક છે તેમ બતાવી ઉપનિષદ એકમાત્ર બ્રહ્મ જ સર્વસ્વ છે એમ સિદ્ધ કરવા પ્રયત્ન કરે છે.

ઉપનિષદો અને પુરાણો તેમ જ અન્યને સુખ આપવું તે પુણ્ય અને દુઃખ આપવું તે પાપ – જેવી ધર્મની સરળ સમજ આપતું કમહાભારત', કર્મનો મહિમા કરતી ગીતા, આદર્શ કુટુંબને સમાજ સમક્ષ રાખનાર કરામાયણ' ઉપરાંત અનેક ગ્રંથો હિન્દુધર્મમાં છે.

ઉપનિષદે એમ કહ્યું કે એકમાત્ર બ્રહ્મ જ સર્વસ્વ છે. આ એકેશ્વરવાદ યા બ્રહ્મવાદ સાથે દેવવાદ (બહુદેવવાદ) વર્ષો સુધી ચાલ્યો. પછી પૂજાનાં પ્રતીકોમાં એક નવો ફાંટો શરૂ થયેલો દેખાય છે અને તે છે વ્યક્તિપૂજાનો અથવા વ્યક્તિવાદનો. પ્રાચીન વેદકાળમાં દેવ અથવા બ્રહ્મની ઉપાસનાનાં ઘણાં પ્રમાણ મળે છે. પરંતુ વૈદિક પરંપરાની શિથિલતા પછી આ દેશમાં જે અવૈદિક પરંપરાનો પ્રારંભ થયો તેમાં ઉપાસ્ય તરીકે બ્રહ્મ નહીં, દેવ નહીં, પણ કોઈ સમર્થ વ્યક્તિત્વને સ્થાન મળ્યું. બ્રહ્મનો સ્વીકાર એટલા માટે થયો કે તેઓ અનીશ્વરવાદી હતા. આ રીતે વ્યક્તિપૂજાની શરૂઆત હિન્દુધર્મમાં થઈ. ત્યારપછીની પરંપરામાં ધર્મના રક્ષણ માટે અને અધર્મના નાશ માટે અવતારવાદ આવે છે.

હિન્દુધર્મમાં વિચારસ્વાતંત્ર્યની પરાકાષ્ઠા જોવા મળે છે. સ્વામી સચ્ચિદાનંદના શબ્દોમાં કહું તો 'ભારતમાં ૯૯૬ દર્શનો પ્રચલિત છે.' ('ભારતીય દર્શનો', પૃ. ૫૦) કોઈ એક નિશ્ચિત વિચારસરણી એક પ્રકારે દર્શન છે. આપણે ત્યાં વિચારસરણી પર ધાર્મિક અથવા રાજકીય પ્રતિબંધ ન હોવાને કારણે ભિન્ન-ભિન્ન વિચારસરણીઓ પ્રગટ થઈ. જ્યાં આવી ઉદારતા ન હતી ત્યાં આવાં દર્શનો મળી શક્યાં નથી.

હિન્દુધર્મમાં પ્રાચીનકાળથી દર્શનો હતાં. વ્યક્તિને શંકા, તર્ક, પ્રશ્ન કે જિજ્ઞાસા કરવાની છૂટ હતી.

નાસ્તિકને માત્ર નાસ્તિક હોવાને કારણે રંજાડવામાં કે મારવામાં આવ્યો નથી એ હિન્દુધર્મની ઉદારતાનું પરિચાયક છે.

હિન્દુધર્મમાં અનેક આચારભેદો તેમ જ વિચારભેદોનો સમાવેશ થયેલો છે. હિન્દુધર્મમાં કેટલીક આચારવિધિઓ ઊભી કરવામાં આવી છે. આ વિધિઓના બંધનથી હિન્દુધર્મ પોતે ન બંધાયેલો છે, ન કોઈને બાંધવા માંગે છે, તેમ છતાં હિન્દુધર્મે ઇચ્છાસ્વાતંત્ર્યની જવાબદારી વ્યક્તિમાત્ર ઉપર નાખી દીધી છે. ગીતામાં કહી દીધું છે કે જેવા સ્વરૂપમાં ઈશ્વરની ભક્તિ કરવા માગતા હોય તેવા જ સ્વરૂપમાં તેની શ્રદ્ધા હું દઢ કરું છું. હિન્દુધર્મની આ પ્રતિજ્ઞા છે. આમ હિન્દુધર્મની રચના'વિશ્વ-સંગ્રાહક સ્વરૂપની છે, તેથી બધા ધર્મોના આચારવિચાર માટે હિન્દુધર્મમાં પૂરતો અવકાશ છે. હિન્દુધર્મનું અસલ સ્વરૂપ છે આચાર-સહિષ્ણુતા, વિચારસ્વાતંત્ર્ય તથા નીતિધર્મ બાબતમાં દઢતા.

કચ્છમાં પણ હિન્દુધર્મનાં વિવિધ ઉપાસ્ય સ્વરૂપો, સંપ્રદાયો વગેરેનું સમયાંતરે આગમન થયું. સૌ સ્વતંત્ર રીતે પોતપોતાની વિચારધારા અનુસાર ધર્મનું પાલન કરી હિન્દુધર્મને સમૃદ્ધ કરતા રહ્યા. કચ્છમાં પ્રવર્તમાન સમયમાં જે સ્વરૂપો, સંપ્રદાયો, વિચારધારાઓ અસ્તિત્વ ધરાવે છે તેને તપાસીએ.

નાથ સંપ્રદાય

રાજકીય અંધાધૂંધી અને બર્બરતાના એ યુગમાં સાધુપુરુષો સાધના માટે જે પ્રદેશમાં સામાજિક શાંતિ અને રાજકીય સ્થિરતા હોય એ પ્રદેશને વધુ પસંદગી આપતા, જેથી તેમના તપમાં કોઈ ખલેલ ન પડે.

દાદા ધોરમનાથ ભારતના એક મહાન તપસ્વી અને સિદ્ધયોગી પુરુષ હતા. સમગ્ર ભારતમાં વિહાર કર્યા પછી અને અનેક પ્રદેશોની પરિસ્થિતિ જોયા પછી તેમણે કચ્છને પોતાની તપોભૂમિ બનાવ્યું. દાદા ધોરમનાથ કયા સમયમાં કચ્છમાં આવ્યા, ક્યાંથી આવ્યા અને ધીણોધર તપ કર્યા પછી ક્યાં ગયા એ વિશે ઇતિહાસકારોમાં વિવાદ છે. કોઈ એમનો ત્રીજી શતાબ્દીનો સમય ગણાવે છે, તો કોઈ આઠમી સદીનો (સંવત ૭૦૯), તો કોઈ ચૌદમા સૈકાનો ગણાવે છે. કેટલાક લોકો ધોરમનાથને મત્સેન્દ્રનાથ(મછંદર)ના શિષ્ય અને ગોરખનાથના ગુરુભાઈ ગણાવે છે. ઘણાનું માનવું છે કે દાદા ધોરમનાથ પેશાવર અથવા પંજાબ થઈને બિહાર ફરતા કચ્છ આવ્યા હતા.

દાદા ધોરમનાથની જેમ ભચાઉ તાલુકાના કંથકોટ-ગામે બાર વર્ષ તપ કરનાર યોગી કંથડનાથને પણ કચ્છમાં નાથસંપ્રદાયના આદ્યગુરુ કહી શકાય. તેમના સમય અંગે કોઈ વિવાદ નથી. કંથડનાથે જામ મોડના સમયમાં સાતમા સૈકામાં કચ્છમાં તપ કર્યું. બાહરી આક્રમણોથી બચવા જામ મોડે આ ડુંગર પર કિલ્લો બંધાવવાનું નક્કી કર્યું. કંથડનાથનો ધૂણો આ કિલ્લાની વચ્ચે આવતો હોવાથી તેણે કંથડનાથને એ જગા છોડી અન્યત્ર તપ કરવાનું કહ્યું. પરંતુ યોગી કંથડનાથે વિનંતી કરી કે હજી પાંચ વર્ષ તપ બાકી હોવાથી ધૂણો ઉથાપી શકાશે નહીં. જામ મોડ માન્યા નહીં, તેમણે કિલ્લાનું કામ શરૂ કર્યું, પરંતુ યોગીની હઠના પ્રતાપે દિવસે કિલ્લો ચણાતો જાય અને રાત્રે બાંધકામ પડી જાય. જામ મોડને પોતાની ભૂલ સમજાતાં તેણે બાંધકામ પડતું મૂક્યું. તેના મૃત્યુ પછી પુત્ર સાડે યોગી કંથડનાથની ક્ષમા પ્રાર્થી, કિલ્લો બાંધવાની અનુમતિ માગી, જે મળતાં કિલ્લો બાંધવામાં આવ્યો. એ કિલ્લો કંથકોટ તરીકે ઓળખાયો.

કંથડનાથના એક શિષ્ય સાધક ઉદય સંવત ૧૭૦૫ (ઈ.સ. ૧૬૪૯)માં ઉગ્ર તપશ્ચર્યામાં બેઠા હતા. ત્યારે રાવ શ્રી ભારમલજીએ પોતાના રસાલા સાથે ત્યાં પડાવ નાખ્યો હતો. રાવશ્રી ઉદય કંથડનાં દર્શને ગયા ત્યારે ઉદયજીએ તેમને ભોજનનું નિમંત્રણ આપ્યું અને એક નાનકડા પાત્રમાં અખૂટ ભોજન પીરસીને રાવના રસાલાને જમાડ્યું. રાવશ્રી ભારમલજીએ આ સાધકની શક્તિથી પ્રભાવિત થઈ તેમને વંદન કર્યાં અને જે કંથડનાથ મનફરિયા વાવ પાસે બેઠા હતા, ત્યાં મનફરા ગામ વસાવ્યું અને આજુબાજુની જમીન બક્ષિસમાં આપી, ઉદય કંથડને મનફરા જાગીરના પીર તરીકે સ્થાપ્યા.

કોટેશ્વર અને અંજારમાં અજ્યપાળની જાગીર પણ આરંભમાં નાથ સંપ્રદાયની હતી, જે પાછળથી દશનામી સંપ્રદાયને મળી. ભુજની શિવરામંડપની જાગીર પણ નાથ સંપ્રદાયની છે, સતનામી પંથની છે.

નાથ સંપ્રદાયમાં કચ્છમાં ગરીબનાથ નામના ત્રણ સિદ્ધયોગીઓ થઈ ગયા, પણ એ ત્રણેના સમય વિશે મતમતાંતર છે.

ધીણોધરનું ધામ તેની કુદરતી સુંદરતા, ભૂસ્તરીય પરિવર્તનો તેમ જ ધાર્મિક અને આધ્યાત્મિક દૃષ્ટિએ તો ભવ્ય છે જ, પણ એક જમાનામાં આર્થિક દૃષ્ટિએ પણ આ સ્થાનની જાહોજલાલી હતી. જાગીર હસ્તક કુલ ૧૮ ગામો હતાં. ઉપરાંત બીજાં ઘણાં ગામોનો ગરાસ હતો. જાગીર હસ્તકનાં ગામોમાં ભેરૈયા, નાની રાયણ, સરલી, ચાવડકા, વિથોણ, સુખપર, અંગિયા નાના-મોટા, ધાવડા મોટા, ધાવડા નાના, રસલિયા, રતાડિયા, ડાડોર, ભીમાસર, ઉલટ, ખરાડિયા, હીરાપર અને બિબ્બરનો સમાવેશ થાય છે.

દાદા ધોરમનાથે થાનમાં પોતાનો મઠ સ્થાપ્યા પછી – એ સ્થાનને જાગીરનો દરજ્જો મળ્યા પછી પહેલા પીર (આયશબાવા) તરીકે ભિખારીનાથ ગાદીએ આવ્યા. અત્યાર સુધીના મહંત નીચે મુજબ રહ્યા છે : (૧) ભિખારીનાથ, (૨) ભિખારીનાથ બીજા, (૩) ગોધડનાથ, (૪) પ્રભાતનાથ, (૫) રંગનાથ, (૬) ભૂતનાથ, (૭) નિર્મલનાથ, (૮) મેઘનાથ, (૯) તનનાથ, (૧૦) ભૂતનાથ, (૧૧) વાલનાથ, (૧૨) રિદ્ધનાથ, (૧૩) કુંવરનાથ, (૧૪) અમૃતનાથ, (૧૫) સેજનાથ, (૧૬) રૂગનાથ, (૧૭) બુધનાથ, (૧૮) સેજનાથ, (૧૯) રામનાથ, (૨૦) દોલતનાથ, (૨૧) ઉમરનાથ, (૨૨) વાચાનાથ, (૨૩) સુંદરનાથ, (૨૪) વડનાથ, (૨૫) ચાંપાનાથ, (૨૬) શંકરનાથ, (૨૭) હંજનાથ, (૨૮) સુગારનાથ, (૨૯) હરિનાથ, (૩૦) સુગારનાથ, (૩૧) હીરાનાથ, (૩૨) સોમનાથ, (૩૩) જ્યોતિનાથ, (૩૪) જ્યોતનાથ, (૩૫) વીરનાથ અને (૩૬) દુર્ગાનાથ.

થાન જાગીરમાં જે પીરની સ્થાપના થતી અને ચેલા બનાવવામાં આવતા તેઓ નાથ સંપ્રદાયના નિયમોને માનતા. આ ઉચ્ચ પરંપરા જળવાઈ રહે તે માટે તથા જાગીર પ્રત્યેનો આદર વ્યક્ત કરવા કચ્છ-રાજ્યે તેમને ગામો પણ બક્ષિસમાં આપેલાં, પણ પાછળથી મહંતો અને પીરો સંપ્રદાયની પરંપરા જાળવી શક્યા નહીં. પરિણામે જાગીરનું ધાર્મિક મહત્ત્વ ઘટતું ગયું. લોકો તરફથી મળતું ધર્માદાદાન ઘટી ગયું. ધીણોધર જાગીર ધાર્મિક સ્થાનને બદલે રાજ્ય-આશ્રિત જાગીર અને વૈભવનું પ્રતીક બની ગઈ. તેમ છતાં અન્નક્ષેત્રપરંપરા આજે પણ જાળવી રાખી છે, તે નોંધનીય છે.

કચ્છમાં ઇનામ નાબૂદી ધારાના અમલ સાથે થાન જાગીર હસ્તકનાં ગામો સરકાર દાખલ થયાં. ઊપજ બંધ થઈ. વાર્ષિક વર્ષાસન રૂપે રૂ. ૫૦,૦૦૦ સરકારશ્રી તરફથી મળે છે. છેલ્લે પીર દુર્ગાનાથ હતા ત્યારે સરકારે ઈ. સ. ૧૯૭૦માં જાગીરના વહીવટ માટે ટ્રસ્ટ બનાવ્યું હતું, જેમાં કચ્છના કલેક્ટર, પીર દુર્ગાનાથ અને નખત્રાણાના આગેવાન જુગતરામ રાવળ એમ ત્રણ ટ્રસ્ટી હતા. દુર્ગાનાથજી તથા જુગતરામજીના અવસાન પછી તેમની જગા ખાલી છે. હાલ માત્ર કચ્છના કલેક્ટરશ્રી ટ્રસ્ટી તરીકે છે એમાં તેમને સલાહ-સૂચનો માટે સ્થાનિક સમિતિ બનાવવામાં આવી છે.

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય

આ સંપ્રદાયના સ્થાપક શ્રી સહજાનંદ-મહારાજનો ઉત્તરપ્રદેશમાં અયોધ્યા પાસેના છપૈયા ગામે વિક્રમ સંવત ૧૮૩૭ (ઈ. સ. ૧૮૭૧)ના ચૈત્ર સુદ ૯ના પ્રાદુર્ભાવ થયો. તેમના પિતાનું નામ ધર્મદેવ અને માતાનું નામ ભક્તિદેવી. બાલ્યાવસ્થામાં તેમનું નામ ઘનશ્યામ મહારાજ ઉપરાંત સંપ્રદાયનાં પુસ્તકોમાં શ્રીહરિ, શ્રીજીમહારાજ, શ્રીનારાયણદેવ એવાં વિધવિધ નામો છે.

શ્રી રામાનંદસ્વામીના ભૌતિક-શરીર-ત્યાગ બાદ શ્રી સહજાનંદમહારાજે ઉદ્ધવ સંપ્રદાયની ધર્મધુરા ધારણ કરી, એટલે વાસ્તવમાં આ સંપ્રદાય ઉદ્ધવ સંપ્રદાય છે, જે કચ્છમાં સ્વામીનારાયણ સંપ્રદાય તરીકે પ્રસિદ્ધ થયો. તે હિન્દુધર્મના સિદ્ધાંતોને વરેલો છે. ધર્મગ્રંથોમાં જે ૨૪ અવતારો કહ્યા છે તેમને તથા ઘણા

સિદ્ધાંતોને અનુસરે છે. એ સમયે કચ્છમાં રાઓશ્રી લખપતજીએ સ્થાપિત વ્રજભાષા પાઠશાળામાં આ સંપ્રદાયના ઘણા સાધુઓ અભ્યાસ અર્થે આવતા.

દીક્ષા ગ્રહણ કર્યા પછી સ્વામી સહજાનંદજીએ ગુજરાત, કાઠિયાવાડ અને કચ્છમાં પરિભ્રમણ કર્યું. સ્વામીશ્રીનું ભુજમાં આગમન સંવત ૧૮૬૧ કાર્તિક સુદ ૧૧ના રોજ થયું અને સંવત ૧૮૬૭ના વૈશાખ માસ સુધી કચ્છમાં જુદીજુદી જગ્યાએ અને ગામોએ વિચર્યા.

ભુજમાં સંવત ૧૮૭૯ (ઈ. સ. ૧૮૨૩)ના વૈશાખ સુદ ૫ના દિવસે સ્વહસ્તે શ્રી નરનારાયણદેવની મૂર્તિઓની ઘણી ધામધૂમથી પ્રતિષ્ઠા કરી. તેઓશ્રીનાં ભક્તિભાવ, વ્યક્તિત્વ અને સરળ ઉપદેશથી આકર્ષાઈ ઘણા લોકો આ સંપ્રદાયમાં જોડાયા. તેમના અનુયાયીઓમાં લેઉઆ પટેલ ઉપરાંત લુહાણા-મોચી-બ્રાહ્મણો-સુથાર-જ્યેષ્ઠીમલ-કાયસ્થ વગેરે અનેક જ્ઞાતિઓ અને લોકો તેમની વિચારસરણીને અનુસર્યા.

અન્ય જ્ઞાતિઓની સાથે લેઉઆ પટેલ જ્ઞાતિના બહોળા સમુદાયના આ સંપ્રદાયમાં જોડાવાથી કચ્છના લેઉઆ પટેલની સાથેસાથે અન્ય ગામો તથા શહેરોમાં આ સંપ્રદાયનો સારો એવી વિકાસ થયો, જેના પરિણામે જે-તે સ્થળે આ સંપ્રદાયનાં મંદિરોની સાથે શિક્ષણ-ગૌશાળા વગેરે જેવી કલ્યાણકારી પ્રવૃત્તિ પાંગરી. કાળક્રમે આ સંપ્રદાયમાં પણ ફાંટા પડ્યા, જેવા કે ગુણાતીતસ્વામી તરીકે અક્ષર પુરુષોત્તમની ઉપાસના કરતો આ સંપ્રદાય BAPS તરીકે પ્રસિદ્ધ થયો, જેના વડા શ્રી પ્રમુખસ્વામી મહારાજ છે. આ ફાંટાનો કચ્છમાં પ્રચાર-પ્રસાર ભૂકંપ પછી થયો. ભુજ મધ્યે ભાનુશાલી-નગરમાં શ્રી નિર્મળસિંહજીની વાડી વિસ્તારમાં તેનું મંદિર આવેલું છે. તથા ભૂકંપ વખતે રાહત અને પુનર્નિર્માણક્ષેત્રે આ શાખાએ મહત્ત્વનું યોગદાન આપેલું, જેના પરિણામે કચ્છનાં ઘણાં ગામોમાં આ શાખાનાં મંદિરો તથા અનુયાયીવર્ગમાં વૃદ્ધિ થઈ.

સહજાનંદસ્વામીના નામથી જોડાયેલો આ સંપ્રદાયનો બહોળો પ્રચાર ભારત ઉપરાંત નાઈરોબી, કેન્યા, મોમ્બાસા, બોલ્ટન, લંડન, મોરેશિયસ, શિસલ્સ, કંપાલા, અમેરિકા, ઑસ્ટ્રેલિયા, કેનેડા, સ્વિડન વગેરે દેશોમાં તેમના અનુયાયીવર્ગને કારણે પ્રસાર પામ્યો છે. આરબ દેશ મસ્કતમાં પણ આ સંપ્રદાયનાં ચાર મંદિર છે.

આ સંપ્રદાયના ધાર્મિક પુસ્તકમાં 'શિક્ષાપત્રી'નું સ્થાન મહત્ત્વનું છે. 'શિક્ષાપત્રી' સહજાનંદસ્વામીએ સ્વયં લખી હોવાથી તેનું મૂલ્ય અનેક ગણું વધી જાય છે. પોતાના સંપ્રદાયના સર્વે અનુયાયીઓને ઉદ્દેશીને લખાયેલ આ એક ઉપદેશાત્મક ગ્રંથ છે. તેમાં કોઈ પૌરાણિક કથાઓ નથી. સંવત ૧૮૮૨ એટલે કે ઈ.સ. ૧૮૨૬માં વડતાલ મધ્યે વસંતોત્સવ ઊજવાઈ રહ્યો હતો. ત્યારે મધ્યાહ્ન પછી સહજાનંદસ્વામીએ એકાંતમાં બેસીને આ 'શિક્ષાપત્રી'ની રચના કરી. તેઓશ્રી કહે છે કે : "હું જ્યારે પૃથ્વી પર અંતર્ધ્યાન થઈશ ત્યારે મારા વહાલા હરિભક્તો માટે સ્પષ્ટ તથા મારાં વાક્યોરૂપવાળી શિક્ષાપત્રી પૃથ્વી ઉપર આલંબનરૂપ થશે." વધારે સ્પષ્ટતા કરતાં તેઓશ્રી નોંધે છે કે "મારી વાણી ને મારા સ્વરૂપ રૂપ પરમ આદરથી માનવી." 'શિક્ષાપત્રી'માં કુલ ૨૧૨ શ્લોકો છે, જેમાં સંપ્રદાયના અનુયાયીઓને તેમ જ ધર્માચાર્યોને ધર્મપૂર્ણ જીવન જીવવાનો માર્ગ દર્શાવ્યો છે. આમ, 'શિક્ષાપત્રી' સંપ્રદાયની આચારસંહિતા અને માનવમૂલ્યોને ઉદ્દીપન કરતું શાસ્ત્ર છે.

સંપ્રદાયનો પ્રભાવ

પ્રારંભે કચડાયેલા વર્ગને સંપ્રદાયમાં પ્રવેશ આપી ગૌરવપૂર્ણ જીવન જીવવાનો માર્ગ દર્શાવ્યો. અહિંસા, પશુબલિનિષેધ, સત્તા, સંપત્તિ અને સ્ત્રીપ્રાપ્તિ માટે ખૂન-ખરાબાનો નિષેધ, વ્યસનનિષેધ સ્વચ્છતા તથા શિક્ષણ પર ખાસ ભાર મૂકવામાં આવ્યો. બહેનો સ્વમાનભેર રહી શકે તે માટે અલગ-નિવાસ-મંદિરની વ્યવસ્થા, અસ્પૃશ્યોને યોગ્ય દિશા આપી સત્સંગી બનાવ્યા. સત્સંગીને સુખી જીવન માટે પાંચ વ્રતો આપ્યાં છે : (૧) માંસાહાર ન કરવો, (૨) દારૂ ન પીવો, (૩) ચોરી ન કરવી, (૪) વ્યભિચાર ન કરવો, (૫) ધર્મપરિવર્તન ન કરવો-કરાવવો.

આમ, સમગ્રતયા જોઈએ તો શ્રી સહજાનંદ-સ્વામીએ નૈતિક તેમ જ આધ્યાત્મિક પ્રકાશપુંજ પાથરી સમાજસુધારણાનો માર્ગ સરળ બનાવ્યો છે.

ભુજ મધ્યે ભવ્ય મંદિર

તા. ૧૫થી ૨૩ મે ૨૦૧૦ દરમિયાન નવ દિવસનો શ્રી નરનારાયણદેવનો નૂતન મંદિર મહોત્સવ ભુજમાં યોજાયો હતો. આ ભવ્ય મંદિરમાં ધર્મ-ભક્તિ ઘનશ્યામ મહારાજ, નરનારાયણદેવ, રાધાકૃષ્ણદેવ અને સુખશય્યા સાથેનાં પાંચ મુખ્ય મંદિર છે. આ મહામંદિરમાં ભારત ઉપરાંત જે દેશોમાં પ્રસિદ્ધ સંગેમરમર સફેદ માર્બલ મળે છે તેનો ઉપયોગ થયો છે. કચ્છમાં પ્રચલિત વિવિધ સંપ્રદાયોમાં ધાર્મિક સામાજિક અને સેવાકીય પ્રવૃત્તિઓમાં આ સંપ્રદાયનું અગ્રીમ સ્થાન છે.

અગાઉ ઉદ્ધવ સંપ્રદાય તરીકે ઓળખાતા અને ત્યાર બાદ સ્વામિનારાયણ સંપ્રદાય તરીકે પ્રસિદ્ધ થયેલા આ સંપ્રદાયના આદ્યસ્થાપક શ્રી સહજાનંદ-સ્વામી સંવત ૧૮૮૬ જેઠ સુદ-૧૦ (ઈ. સ. ૧૮૩૦) ને મંગળવારે ભૌતિક શરીરનો ત્યાગ કરી અક્ષરનિવાસી થયા.

કબીર પંથ

કચ્છમાં કબીર પંથના આગમન બાબતે જાણવા મળેલી વિગતો મુજબ ભુજનું કબીર મંદિર રાજકોટના કબીર મંદિરની શાખા છે. કબીર મંદિર – રાજકોટના આદિપુરુષ મહાત્મા શ્રી ગોદડદાસજીસાહેબ, જેઓ સંવત ૧૮૦૧(ઈ. સ. ૧૭૪૫)માં અમોલસાહેબના હસ્તે પંજા લાવી પ્રથમાધિપતિ થયા. ત્યાર બાદ અનુક્રમે કેવળદાસજીસાહેબ, દયાળદાસજીસાહેબ, વનમાલીકાદાસજીસાહેબ, પુરણદાસજીસાહેબ, દયાળદાસજીસાહેબ અને જુગલદાસજીસાહેબ મહંતપદે રહ્યા. આ જુગલદાસજીસાહેબ ભુજ કબીર મંદિરના પ્રથમાધિપતિ રહ્યા.

શ્રી જુગલદાસજી ધર્મના પ્રસાર અર્થે રાજકોટ, ભાવનગર અને કચ્છ વગેરે સ્થાનોએ પરિભ્રમણ કરતા. એ સમયે કચ્છમાં મહારાવશ્રી ભારમલજીનું શાસન હતું. તેમના સોઢીરાણીશ્રી તાજુબાસાહેબે શ્રી જુગલદાસજીસાહેબ પાસેથી મંત્રદીક્ષા લીધી અને ગુરુદક્ષિણા તથા સદાવ્રત ખાતે, ધુણઈ ગામ સાહેબની સેવામાં અર્પણ કર્યું. રાણીસાહેબે ભક્તિ તથા પ્રેમાગ્રહથી રાજકોટની ગાદી ગુરુભાઈ શામળદાસજી-સાહેબને સોંપી. સંવત ૧૮૮૮માં પોતે ભુજ પધાર્યા. રાણીસાહેબે તેમને ભુજમાં રહેવાનો આગ્રહ કરતાં તાજુબાસાહેબની વંડી તરીકે ઓળખાતી જગ્યાનો અર્ધો ભાગ શ્રી જુગલદાસજીસાહેબના આશ્રમ માટે કાઢી આપ્યો. ત્યારથી તેમણે ભજનભાવની સાથે લોકકલ્યાણની પ્રવૃત્તિનો પ્રારંભ કર્યો. સંવત ૧૯૧૭-૧૮ (ઈ. સ. ૧૮૬૧-૬૨)માં શ્રી જુગલદાસજીસાહેબ સત્યલોકવાસી થયા. તેમની સમાધિ આજે પણ ભુજમાં ભીડવાળા નાકા બહાર, સલાટવાડીમાં મોજૂદ છે.

તેમના પછી ભુજ મંદિરની ગાદી પર અનુક્રમે મહંત લક્ષ્મણદાસજીસાહેબ, મહંત શ્રી ઉપરાવદાસજી-સાહેબ મહંત શ્રી શ્યામદાસજીસાહેબ અને મહંત શ્રી કિશોરદાસજીસાહેબ રહ્યા છે. કચ્છમાં કબીર સંપ્રદાયનું સૌથી મોટું સ્થાનક ભુજ મધ્યે ઉપલી પાળ રોડ, પારેશ્વર ચોકની સામે આવેલું છે. આ મંદિરના મહંત શ્રી કિશોરદાસજીસાહેબની સાત્ત્વિકતા અને સમદષ્ટિને કારણે આજે શિક્ષણ, આરોગ્ય તથા ધાર્મિક પ્રવૃત્તિઓનું આ મંદિર કેન્દ્ર બન્યું છે, જેમાં નાનું એવું છાત્રાલય, નિઃશુલ્ક આરોગ્ય કેમ્પો, ફિઝિયોથેરાપી સેન્ટર, ગૌશાળા, અન્નક્ષેત્ર જેવી માનવકલ્યાણની પ્રવૃત્તિ ચાલે છે.

ભુજ ઉપરાંત આ પંથના અનુયાયીઓ તથા નાનાં-મોટાં મંદિર-સ્થાનકોમાં દેવપર યક્ષ-ભારાસર, નાગલપર, અંગિયા, વિરાણી, કોટડા, ચોબારી, રામવાવ, લાકડિયા વગેરે સ્થળે સેવારત છે. નોંધપાત્ર બાબત એ છે કે કચ્છની લગભગ તમામ જ્ઞાતિના લોકો આ સંપ્રદાય સાથે જોડાયેલા છે. દલિત સમાજના અનુયાયીઓમાં ધમડકા, વોંધ, અંજાર, રતનાલ, કકરવા, ચીરઈ વગેરે ગામોમાં છે.

સંપ્રદાયમાં આધુનિકતા

આ સંપ્રદાયના આચરણ માટેના નિયમોમાં વૈષ્ણવ સંપ્રદાયની શાખા હોવાથી, સદાચાર, ખાનપાનશુદ્ધિ તેમ જ વ્યસન, અંધશ્રદ્ધા વગેરેથી મુક્તિ, ભજન-કીર્તન, સત્ય-અહિંસા પર ભાર, પશુબલિનિષેધ, અંધશ્રદ્ધાનિવારણ, અસ્પૃશ્યતાનિષેધ, નિર્ગુણની ઉપાસના – આ સંપ્રદાયમાં પાયાના વિચારો છે.

મહેશ પંથ

ભારતીય ઉપખંડ અનેક ધર્મો, સંપ્રદાયો, જાતિઓ અને વિવિધ સમાજને સમાવી બેઠો છે. વિજ્ઞાન અને શિક્ષણને કારણે માહિતીના આ યુગમાં વિવિધ જાતિઓ અને સંપ્રદાય વિશેની માહિતીઓ બહાર આવી છે, પરંતુ ભારતીય વર્ણવ્યવસ્થાને કારણે ઘણી જાતિના લોકોને વેઠવું પડ્યું છે. એમાંની એક જાતિ કે જે વર્ગના લોકો હરિજન, દલિત, અસ્પૃશ્ય વગેરે વિશેષણોથી ઓળખાયા છે એવા લોકોનો ઊજળો અને ક્રાંતિકારી ઇતિહાસ છે. કચ્છના સંદર્ભે જ્યારે વાત કરવાની હોય, તો એ છે કચ્છમાં વસતા મહેશ્વરી મેઘવાળ સંપ્રદાયની. આમ તો કચ્છમાં મેઘવાળના ચાર વાડા છે : મહેશ્વરી, ગુર્જર, મારુ અને ચારણિયા. આ ચારેય સંપ્રદાય હિન્દુધર્મ પાળે છે, છતાં મહેશ્વરી મેઘવાળ અલગ પડે છે. મહેશ્વરીઓનાં સ્વતંત્ર વિધિ-વિધાનો-વેદવચન છે.

આમ તો 'મેઘવાળ' શબ્દ જ ઘણું કહી જાય છે. મેઘને પાછો વાળનાર અથવા મેઘ વાળીને લઈ આવનાર. પણ મેઘઋષિના વંશજો મેઘવાળ કહેવાય એવું પણ કહેવાય છે. આજથી સાડાબારસો વર્ષ અગાઉ આ સંપ્રદાયમાં એક ક્રાંતિ થઈ. એ ક્રાંતિના સૂત્રધાર હતા શ્રી માતંગદેવ. પોતાના જીવનકાળ દરમિયાન અનેક પ્રદેશોના પરિભ્રમણ બાદ તેઓશ્રી કચ્છ પધાર્યા. તે વખતે ગુજરાતમાં આ સંપ્રદાયમાં સિંભારિયા, રખિયા, ઝાંખરિયા વગેરે જાતિઓની સ્થિતિ સારી ન હતી.

આ જાતિઓના ઉદ્ધાર માટે ઈ. સ.ની નવમી સદીમાં સૌરાષ્ટ્રના શત્રુંજય પર્વત પાસે આવેલા કારુભાપર્વત પર વરમેધ-યજ્ઞ કરાવ્યો. આ યજ્ઞમાં વિવિધ પ્રદેશોમાંથી આવેલી વિવિધ જાતિઓને એક સંપ્રદાય હેઠળ લાવી, ભાષાપ્રદેશના ભેદભાવ દૂર કરી, મહેશપંથની સ્થાપના કરી. આ યજ્ઞમાં આવેલી જ્ઞાતિઓએ પોતાનો સંપ્રદાય છોડી મહેશપંથ અપનાવ્યો અને તે બધા મહેશ્વરી કહેવાયા. માતંગદેવના દેહાંત પછી કેટલાક પ્રદેશના મહેશ્વરીઓએ મહેશ પંથ ત્યાગી સનાતની હિન્દુ પરંપરા સ્વીકારી. આજે મહેશ્વરીઓ મહદંશે કચ્છ, સિંધ અને થોડા પ્રમાણમાં હાલાર(જામનગર)માં રહે છે.

માતંગદેવે મહેશ પંથ સ્થાપ્યો ત્યારે ત્યાં મુખ્યત્વે બાર જાતિઓ આવી હતી, જેમાં જોડ, ધુવા, લોઈયા, ફફલ, દનીચા, ભોઈયા, એડિયા, ચંદે, સોંધરા, કજાર, નાગશીપોત્રા અને રોશિયા – આ બાર જાતિઓએ યજ્ઞ સંપન્ન કરાવ્યો અને માતંગદેવે બારમતિ(બારાઈ)ની સ્થાપના કરી. એ માતંગદેવના જન્મ વિશે વિગતે જોઈએ તો અદ્ભુત વિદ્યાને વરેલા સિંધના એક વિદ્વાન બ્રાહ્મણની વિદ્યાથી લડાઈમાં વિજયશ્રીને વરેલા જામ લાખા ઘુરારાએ પેલા બ્રાહ્મણને પોતાના વંશપરંપરાના દેવ તરીકે સ્વીકાર્યા અને તેમને પેઢી-દર-પેઢી 'દેવ'નો દરજ્જો આપ્યો. આ વિદ્વાન બ્રાહ્મણના પુત્ર એટલે શ્રી માતંગદેવ, જેઓ મહેશ પંથના આદ્યસ્થાપક છે. શ્રી માતંગદેવની જન્મતિથિ સંવત ૮૦૯ (ઈ. સ. ૭૫૩) માગસર માસના કૃષ્ણપક્ષમાં છે. તેમનાં માતાનું નામ શ્રી જસદેવી અને પિતાનું નામ શ્રી માત્રરખ હતું.

સિંધના નગરસમાના રાજવી લાખા ઘુરારાએ શ્રી માતંગદેવને પેઢી-દર-પેઢી ગુરુનો દરજ્જો આપ્યો અને જ્યારેજ્યારે રાજ્યતિલક કરવાનો અવસર આવે ત્યારે શ્રી માતંગદેવના વરદ હસ્તે રુધિરથી રાજતિલક કરવાની પરંપરા શરૂ કરી. આગળ જતાં માતંગ શબ્દ અવટંકમાં પરિણમે છે. સમયના વહેણની સાથે લાખા ઘુરારાના વંશજોની સાથે માતંગદેવના વંશજો પણ સિંધમાંથી કચ્છમાં આવ્યા. આ પરંપરા કચ્છમાં રાજાશાહી સુધી ચાલુ રહી.

શ્રી માતંગદેવના વંશમાં થઈ ગયેલા મહાપુરુષો ક્રમશઃ આ પ્રમાણે છે : માતંગદેવ – લુણંગદેવ –

માતઈદેવ અને મામૈદેવ. આમ માતંગની ચોથી પેઢીએ થયેલા મામૈદેવ કચ્છના પધ્ધર(લાખોંદ)ની બાજુમાં તેમનો જન્મ થયો હતો. તે મહાન ભવિષ્યવેત્તા હતા. તેમનાં કંઠોપકંઠ વાણીમાં, આખ્યાન વગેરે અકબંધ મળે છે. તેમના વિશે મળતી માહિતી મુજબ કચ્છમાં જ્યારે જામ મુળવાજીનું શાસન હતું ત્યારે મામૈદેવ જૂનાગઢથી કચ્છમાં આવ્યા. જામ નંદાએ છળ-કપટ કરી તલવારથી મામૈદેવનું મસ્તક ધડથી અલગ કરી નાખ્યું. મામૈદેવના મુખેથી વહેલી અગમવાણી અને ભવિષ્યવાણી લોકહૈયે વસી ગઈ.

આમ મહેશ પંથ પણ એક આગવો સંપ્રદાય છે.

કચ્છની કાપડી પરંપરા

ભારતીય સમાજમાં અનેક ધાર્મિક પરંપરાઓ છે. દરેક પરંપરાને પોતાનું આગવું અસ્તિત્વ છે. પ્રાચીનકાળની મુખ્ય ત્રણ ધારાઓ, જેમાં શૈવ, વૈષ્ણવ અને શક્તિ આ ત્રણેય પરંપરાગત સંપ્રદાયો એક યા બીજી રીતે આ ત્રણેયમાંથી ઉદ્‌ભવેલા મનાય છે.

ભારતમાં વિવિધ સ્થળે શક્તિપરંપરા અનુસાર કુલ બાવન શક્તિપીઠો છે. તેમાં હિંગળાજ શક્તિપીઠ-તીર્થ બલુચિસ્તાન(પાકિસ્તાન)ના રણમાં આવેલું છે.

અહીં ચૈત્રમાસની નવરાત્રિએ ૧૫થી ૨૦ હજાર શ્રદ્ધાળુઓ દર્શનાર્થે આવે છે, જે બાબત આશાપુરા-ધામ – કચ્છ અને હિંગળાજ માતાજીના સંબંધની યાદ અપાવે છે. તો હિંગળાજ-યાત્રાની પૂર્ણાહુતિ પણ માતાના મઢ આશાપુરામાં થાય છે. આમ કચ્છદેશના દેવી મા આશાપુરા માત્ર કચ્છમાં જ નહીં પણ પશ્ચિમ ભારતમાં અને એશિયાખંડમાં પ્રસિદ્ધ છે. આદિ શક્તિપીઠ હિંગળાજ માતાજી પણ આશાપુરાઇચ્છાપૂર્ણ કરનારી દેવી તરીકે ઓળખાય છે.

કચ્છ અને કચ્છ બહારના લોકોનાં હૃદયમાં વસી ગયેલું આ તીર્થસ્થાન, ભુજની ઉત્તર-પશ્ચિમ-દિશામાં ૯૪ કિ.મી. દૂર લખપત તાલુકાની ઐતિહાસિક ધરતી પર ભુજ-નારાયણસરોવર રાજ્ય ધોરી માર્ગ પર પ્રાચીન પવિત્ર માતાના મઢમાં આઈ શ્રી આશાપુરાનું સ્થાનક છે. ૧૮૦૦ વરસ જૂનું મનાતું આ મંદિર મૂળ મારવાડના દેવચંદ શાહ નામના કરાડ વણિકે બંધાવ્યું હતું. સંવત ૧૮૭૪માં ભૂકંપને કારણે આ મંદિર પડી ગયું હતું. મંદિરમાં શિલાલેખમાં જણાવ્યા અનુસાર શ્રેષ્ઠી શ્રી સુંદરજી સોદાગર અને લક્ષ્મીદાસ કામદારે સાથે મળી આ મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો. કચ્છના જાડેજાવંશના પ્રથમ રાજવી ખેંગારજી (પ્રથમ) મા આશાપુરાની કૃપાથી રાજા બન્યા હોવાની વાયકા છે. તેમના રાજ્યાભિષેકથી માંડીને આજપર્યંત કચ્છનું રાજકુળ આશાપુરામાતાને પૂજતું રહ્યું છે.

અશ્વિન નવરાત્રિના દિવસમાં અહીં લાખોની સંખ્યામાં પદયાત્રીઓ આવે છે, જેમાં છેક બેંગલોર, ગોવા, હુબલી, કલકત્તા, મુંબઈ, નાસિક, રાજસ્થાન વગેરે સ્થળોથી ઉપરાંત ગુજરાતના લગભગ તમામ જિલ્લાઓમાંથી પગપાળા સંઘ માનાં દર્શને આવે છે. શ્રદ્ધાળુ દ્વારા બારે માસ મંદિરમાં જમવાની વ્યવસ્થા ઉપરાંત નવરાત્રિ દરમિયાન આવતા પદયાત્રીઓ માટે ઠેરઠેર કુલ લગભગ ૩૦૦ જેટલા કૅમ્પો દ્વારા તબીબી સારવાર, સ્નાન, ફળાહાર, દૂધ, ભોજન-આરામ વગેરે સગવડો ઉપલબ્ધ કરવામાં આવે છે.

શ્રી આશાપુરા ભંડાર અને અતિથિગૃહ ટ્રસ્ટ માતાના મઢ મધ્યે અન્નક્ષેત્ર ઉપરાંત ઘણી કલ્યાણકારી પ્રવૃત્તિઓનું સંચાલન કરે છે. હાલમાં ત્યાં અદ્યતન વિશ્રાંતિગૃહ તથા અન્ય અદ્યતન સુવિધાઓ વિકસાવવામાં આવી છે.

આસો સુદ સપ્તમીના શુભદિને કચ્છના મહારાવની સવારી વર્ષોથી ચાલી આવતી પરંપરા પ્રમાણે માતાજીની માનતા પૂરી કરવા, જાતર ચડાવવા દર્શને પધારે છે. રાત્રે મહંતના હસ્તે બ્રાહ્મણો હોમહવન લાખોની મેદની વચ્ચે કરે છે. અષ્ટમીના પ્રાતઃકાળે મહારાવ સૂર્યોદય પહેલાં ચાચરાકુંડ પર સ્નાન કરવા જાય છે. એ વિધિ પૂર્ણ થયા બાદ, ચાચરભવાનીનાં પૂજન, અર્ચન બાદ મહારાવ ગાજતે-વાજતે આગેવાનો અને શ્રદ્ધાળુઓ સાથે ઉઘાડા પગે મંદિરમાં પ્રવેશે છે. મહારાવશ્રીના હસ્તે પૂજનવિધિ થાય છે. પૂજા પૂર્ણ થયા બાદ માતાનો ભૂવો પત્રી માતાના જમણા ખભા પર

મૂકે છે. સામે મહારાવશ્રી પત્રી ઝીલવા ખડે પગે ઊભા રહે છે. એ દરમિયાન વાજિંત્રો વગાડવામાં આવે છે. પત્રી રાવશ્રીના ખોબામાં પડે છે. આ રીતે સમગ્ર પ્રસંગ હર્ષોલ્લાસથી સંપન્ન થાય છે.

અન્ય એક માન્યતા અનુસાર સંવત ૧૮૧૯માં સિંધના ગુલામશાહ કલોરાએ કચ્છ પર ચઢાઈ કરી એ વખતે અમુક સૈનિકોએ માતાના મઢ તથા જાગીર લૂંટવાનો પ્રયત્ન કર્યો, જેના રક્ષણ માટે કાપડી તથા ભુવાઓએ પોતાના પ્રાણોની આહુતિ આપી. આની જાણ ગુલામશાહને થતાં બાદશાહે માતાજીની માફી માગી, લૂંટેલો માલ પરત કર્યો તથા તેના દીવાન ગિધુમલના કહેવા પ્રમાણે એક ઘંટ તૈયાર કરાવી મંદિરને આપ્યો, જે આજે પણ મંદિરમાં મોજૂદ છે.

મંદિરની પૂજા કરતા કાપડીઓના ઇતિહાસ મુજબ વરસો પહેલાં કાપાલિક સાધુના વંશજ દેવીદાસ નામના મહાત્મા તીર્થાટન કરતાકરતા મંદિરે આવી પહોંચ્યા. તેમણે આ મંદિરની પૂજા સ્વીકારી ત્યારથી કાપડી પરંપરાનો વિકાસ થયો. આ પરંપરાના લોકોએ મંદિરના રક્ષણ માટે બલિદાનો પણ આપ્યાં જેના પાળિયા આજે પણ મઢમાં મોજૂદ છે.

કાપડીઓની ઐતિહાસિક પરંપરાને જોઈ કચ્છ-રાજ્ય તરફથી માતાના મઢના પૂજારી મહંતને 'રાજા' જેવું આદરવાચક બિરુદ આપવામાં આવ્યું અને આ જગ્યાના નિભાવ માટે આસપાસનાં પાંચેક ગામની આવક આપી. મહાત્મા દેવીદાસજીને હરિયા અને શિરયા નામે બે ચેલાઓ હતા, જેમાં હરિયાએ માતાજીની ઉપાસના ચાલુ રાખી પોતાનો પંથ કાયમ રાખવા ગુરુ-શિષ્ય-પરંપરા સ્વીકારી, પોતે કાપાલિક સંપ્રદાયના શિષ્ય હોવાથી તેમણે પોતાની અટક કાપડી રાખી. ત્યારથી માતાના મઢના મહંતપદે કાપડી અટકવાળા પૂજારી નીમવાની પરંપરા વર્ષો સુધી કાયમ રહી હતી. આ પાવન પરંપરામાં આગળ જતાં ગંગારાજા કરીને મહંત થયા તેમની પાસેથી કચ્છના કબીર એવા દાદા મેકરણે દીક્ષા લીધેલી જે આ પરંપરાનું ઉજ્જ્વળ પ્રકરણ છે.

દાદા મેકરણ :

કચ્છના ખોંભડી નાનીના ભટ્ટી કુળના હરધોળજી અને માતા પવાંબાની કૂખે કચ્છના સુપ્રસિદ્ધ સંત મેકરણનો જન્મ સંવત ૧૭૨૩ (ઈ. સ. ૧૬૬૭)ના આસો સુદ ૧૦-વિજયાદશમીના થયો હતો. બાળપણથી જ ભક્તિના સંસ્કારોથી રંગાયેલા આ મેકાજી ગુરુ ગંગારાજા પાસેથી દીક્ષા લઈ સંત મેકરણ બન્યા. તેમની સેવાની સુવાસને પરિણામે આ પરંપરા સૌરાષ્ટ્ર અને કચ્છમાં વધુ ઉજ્જ્વળ બની. ભૂખ્યાંને ભોજન અને તરસ્યાંને પાણી એવા માનવસેવાના સંદેશને મેકરણે વિસ્તાર્યો. 'સાધુ તો ચલતા ભલા' એ ન્યાયે મેકરણે બિલખા (સૌરાષ્ટ્ર), જંગી (ભચાઉ), લોડાઈ (ભુજ) અને છેલ્લે ધ્રંગ (ભુજ) એમ ચાર સ્થાનકોએ રહી માનવસેવાનો મહિમા વિસ્તાર્યો. આ લોકસેવાના ભેખધારીની સેવાથી પ્રભાવિત થઈ ઘણા લોકો તેમના શિષ્ય બન્યા. નોંધપાત્ર ઘટના એ છે કે તમામ વર્ણના લોકો માટે આ પરંપરાનાં દ્વાર ખુલ્લાં હતાં. આથી લગભગ તમામ વર્ણ-જાતિમાંથી લોકો સંત મેકરણના શિષ્ય બનીને કાપડી બન્યા. જીવનભર માનવસેવાની જ્યોત જલતી રાખનાર દાદા મેકરણની જીવનજ્યોત વિ. સં. ૧૭૮૬ (ઈ. સ. ૧૭૩૦) આસો વદ ૧૪ના બુઝાય છે, એટલે કે તેમણે પોતાના અગિયાર શિષ્યો સાથે સમાધિ લીધી. સમગ્ર કચ્છ-સૌરાષ્ટ્રમાંથી કુલ ૪૨ (બેતાળીસ) કાપડી સંતોએ જુદાં-જુદાં સ્થળે સમાધિ લીધી, જે એક વિરલ ઘટના છે.

મેકરણ જેવા સંતે સેવા દ્વારા ઉજ્જ્વળ બનાવેલી આ પરંપરાને આગળ જતાં સંસારી (બુંદ શિષ્યો) સંતોએ સંસારમાં રહીને પણ તેના સદ્‌ગુણોનો પ્રચાર ચાલુ રાખ્યો. આજે કચ્છનાં ઘણાં ગામોમાં કાપડી સંન્યાસીઓની સમાધિ જોવા મળે છે તથા ત્યાં કોઈ ને કોઈ કાપડી ધૂપ-દીપ તથા માનવસેવા દ્વારા કાપડી પરંપરાના યજ્ઞમાં યત્કિંચિત્ આહુતિ આપે છે. આમ, સેવાનો યજ્ઞ અવિરત ચાલે છે. મેકરણ પછી આ પરંપરાનાં કેટલાંક નોંધપાત્ર નામોમાં ધ્રંગમાં મેકરણ પછી અરજણ રાજા અને તેમના શિષ્ય રાયમલ રાજા

પ્રસિદ્ધ મહાપુરુષ થઈ ગયા. હાલ ધ્રંગ ખાતે મુરજી રાજા ગુરુ શ્રી કાનજી રાજા કાપડી બિરાજે છે. જંગીમાં પ્રેમસાહેબ પ્રસિદ્ધ સંત થયા. હાલ ત્યાં રણછોડ રાજા કાપડી જંગી અખાડાના મહંતપદે છે. તો અંજાર-દબડામાં રાજા કાપડીની સમાધિપૂજા છે. હાજલદાદા કાપડી આદિપુર પાસે તુણા-ભારાપર ગામે પૂજાય છે. એ અખાડે વર્તમાન મહંત દેવજી રાજા ગુરુશ્રી મૂળજી રાજા બિરાજે છે. તો નખત્રાણા તાલુકાના મોરઝર ગામે પૂજલદાદાની સમાધિ છે. હાલ ત્યાં શ્રી દિલીપરાજા સેવાકીય પ્રવૃત્તિઓ ચલાવે છે. આ ઉપરાંત ચિરઈ તથા લોડાઈ ખાતે પણ કાપડી પરંપરાના અખાડા આવેલા છે. કચ્છના પ્રસિદ્ધ મા આશાપુરાના મંદિરે મહંતશ્રી યોગેન્દ્રસિંહજી ગુરુશ્રી કરમશી રાજા બિરાજે છે.

આ પરંપરામાં 'જીનામ' (પરમતત્ત્વને 'જી' આદરસૂચક શબ્દ છે) પરંપરાનો મંત્ર છે.

મેકરણે સરળ શબ્દો દ્વારા તત્કાલીન સમાજને પરમતત્ત્વ, જીવન અને જગતનું દર્શન કરવા 'માનવસેવા એ જ પ્રભુસેવા'નો મંત્ર આપ્યો. (લાલિયો અને લીલિયો) કૂતરો અને ગધેડાને પણ સેવામાં જોતરી વસુંધરાનાં સૌ સંતાનોને વૃક્ષ, પશુ, પક્ષી, માનવને એક તાંતણે બાંધ્યાં.

આમ, કાપડી પરંપરામાં મેકરણ એક ઉજ્જવળ પ્રકરણ છે.

રવિભાણ સંપ્રદાય :

રવિ અને ભાણ બન્ને શબ્દોનો અર્થ સૂર્ય થાય છે. રવિભાણ સંપ્રદાયમાં થયેલા સંતોનાં નામની પાછળ 'સાહેબ' જેવો માન-આદર-વાચક શબ્દ મૂકવામાં આવે છે.

દક્ષિણ ગુજરાતના ચરોત્તર પ્રદેશના કનખીલોડ ગામે લોહાણા સમાજમાં પિતા કલ્યાણજી અને માતા અંબાબાઈની કૂખે છ સંતાનો પછી મહા સુદ ૧૧ ને સંવત ૧૭૫૪ (ઈ. સ. ૧૬૯૮)ને સોમવારે એક પુત્રનો જન્મ થયો જેનું નામ ભાણજી. કલ્યાણજીના કુટુંબના તમામ ગુણો પુત્ર ભાણજીમાં ઊતર્યા હતા. તેમને એક ભક્ત ભરવાડ પાસેથી ગુરુમંત્રની પ્રાપ્તિ થતાં તેમનું જીવન ભક્તિના રંગે રંગાવા લાગ્યું. સંસારની અસારતા પામી ગયેલા આ ભાણજી સાંસારિક બંધનોથી મુક્ત થઈ ભાણસાહેબ તરીકે સંતનું જીવન જીવવા લાગ્યા. ભાણસાહેબે એ પૂર્વે ગૃહસ્થધર્મ પણ નિભાવેલો અને એ દરમિયાન તેમને ખીમજી નામે પુત્ર થયેલો જે આગળ જતાં રવિ-ભાણ સંપ્રદાયમાં જોડાયો.

ભાણસાહેબને ચાલીસ શિષ્યો હતા. જ્યાં પણ જવાનું થાય ત્યાં આ સંતપરિવાર સાથે જ જતો. આથી લોકોમાં એ ભાણફોજ તરીકે પ્રસિદ્ધ થયેલા. આ સંત-સમુદાયમાં કુંવરજી-રવિભાણ-જીવણદાસ-ખીમદાસ-શામદાસ-કૃષ્ણદાસ-શંકરદાસ-ચારણદાસ-હરિદાસ-દયાળદાસ-ગરીબદાસ વગેરે મુખ્ય હતા.

સંવત ૧૮૦૫(ઈ. સ. ૧૭૪૯)માં રાઓશ્રી દેશળજીએ શિવરામંડપનો એક મોટો સમારંભ ભુજ મધ્યે કર્યો હતો ત્યારે ભાણસાહેબ સાથે આ સંત-સમુદાયને પણ આમંત્ર્યો હતો. ભુજથી પરત જતાં રાપર-વાગડના લોકોની અનન્ય ભક્તિથી પ્રભાવિત થયા. આથી રાપરના લોકો સાથે સ્નેહનો તંતુ જોડાયો, જેથી આગળ જતાં રાપર રવિભાણ સંપ્રદાયના સંતોનું માનીતું સ્થાનક બન્યું. રવિભાણ સંપ્રદાયની કાયમી ગાદીની સ્થાપના ખીમસાહેબના પુત્ર ગંગારામે સંવત ૧૮૩૭(ઈ. સ. ૧૭૮૧)માં કરી. આ ખીમસાહેબ ભાણસાહેબના પુત્ર હતા. ભાણસાહેબનો દેહોત્સર્ગ તેમના જ એક ભક્તના મુખેથી સરી પડેલી અવળવાણીના કારણે સંવત ૧૮૧૧ (ઈ. સ. ૧૭૫૫) ચૈત્ર સુદ ૩ ને ગુરુવારે થયેલ અને કચ્છના સંત મેકરણની માફક જ તેમણે પણ જીવતાં સમાધિ લઈ પોતાની જીવનલીલા સંકેલી હતી. ભાણસાહેબના શિષ્યસમુદાયમાં રામદાસ કે રવિરામ – રવજી, જેમનો વૈશ્યજ્ઞાતિમાં પિતા મંછરામ અને માતા ઇચ્છાબાઈને ત્યાં સંવત ૧૭૮૩ (ઈ. સ. ૧૭૨૭)માં વૈશાખ સુદ ૧૫ ને ગુરુવારે જન્મ થયો હતો. ભક્તિના રંગે રંગાયેલા આ રવજીની વૈશ્યવૃત્તિ નષ્ટ થઈ. ભક્તિરૂપી વેપારમાં મન પરોવ્યું. ગુરુ ભાણસાહેબે શિષ્યમાં રહેલા સત્યને પારખી લીધેલું, જે પુત્ર ખીમસાહેબ માટે અસહ્ય બની

ઈર્ષાનું કારણ બન્યું. પરંતુ રવિસાહેબમાં રહેલા સત્યે ખીમસાહેબના અંતરને પણ ઓળખી નિજના કરી લીધા, જેથી ખીમસાહેબનું પણ તેમના પ્રત્યે માન વધી ગયું અને તેમને પોતાની ભૂલ સમજાઈ. રવિસાહેબની ભજનવાણીમાં એક આધ્યાત્મિક પ્રશ્નોત્તરી રહેલી છે. ભાણસાહેબે ખીમસાહેબને રવિસાહેબ દ્વારા જ સત્ય-માર્ગની પ્રતીતિ કરાવી, જેના પરિણામે આગળ જતાં ખીમસાહેબ પણ એ માર્ગે આગળ વધી શક્યા.

રવિસાહેબે ભક્તિના પ્રતાપ અને પ્રભાવથી ઘણા લોકોને સાંસારિક બંધનોથી મુક્ત કરી ભક્તિને માર્ગે વાળ્યા હતા, જેમાં થરાદના વાઘેલા રણવંશના શ્રી માનસિંહજીનો સમાવેશ થાય છે. સાંસારિક બાબતોથી વિરક્ત અને રાજકીય ખટપટોથી દૂર રહેનાર આ ભક્તાત્માએ રવિસાહેબની પ્રેરણાથી જ સંવત ૧૮૩૫ (ઈ. સ. ૧૭૭૯)માં રાજવૈભવ-સુખસાહેબી છોડી, સાધુજીવન અપનાવી માનસિંહજીમાંથી મોરારસાહેબ થયા. તો ત્રિકમસાહેબ વાગડના રામવાવ ગામના હરિજન ગરવા જ્ઞાતિમાં જન્મેલા કુશળ વણકર હતા.

પૂર્વમાં રાપરની જેમ પશ્ચિમમાં અબડા અડભંગની ભૂમિ અબડાસાના હિંગરિયા ગામે વિક્રમની ઓગણીસમી સદીના અંતમાં કાંઈયા વંશમાં હરિસાહેબનો જન્મ થયો. બાળપણથી વૈરાગ્ય-પ્રકૃતિ ધરાવતા હોવાથી સાંસારિક બંધનોથી મુક્ત રહી યોગસાધનામાં જીવન વ્યતીત કરતા. ખંભાળિયાના મહાત્મા શ્રી ચરણસ્વામીના સંસર્ગમાં આવી તેમનાથી પ્રભાવિત થઈ તેમની પાસેથી દીક્ષાગ્રહણ કરી. પંચાણું વર્ષનું દીર્ઘ આયુષ્ય હરિભજનમાં વ્યતીત કરી હરિચરણ પામ્યા. તેમની સમાધિ હિંગરિયામાં તેમના આશ્રમ ખાતે છે. આ ઉપરાંત આ સંપ્રદાયનો આશ્રમ બિબ્બર ગામે છે. ત્યાં હાલ શ્રી જગજીવનરામજી ગુરુ તુલશીદાસજી ગાદીપતિ છે. તો ભુજ તાલુકાના મોટા બંદરા ગામે ભજનભોંયરા તરીકે ઓળખાતી જગા પણ આ જ સંપ્રદાયની છે. હિંગરિયા આશ્રમ મધ્યે હાલ મહંત તરીકે કલ્યાણદાસજી ગુરુ શ્રી દયાળ મહારાજ બિરાજે છે. તો નખત્રાણા તાલુકાના વિરાણી ગામે મહંત શાંતિદાસજી ગુરુ લક્ષ્મીદાસજી છે. આ સંપ્રદાયની ગાદીના મૂળ સ્થાપક કમીજલા છે, જેમાં મહંત શ્રી જાનકીદાસજી મહારાજ છે. આ સંપ્રદાયનો પ્રભાવ લગભગ સમગ્ર કચ્છમાં રહ્યો છે.

સામાજિક દૃઢ બંધનો, છૂતાછૂતના ભેદભાવ વગેરે જેવાં દૂષણોથી પર રહી લગભગ તમામ જ્ઞાતિના લોકોનો અનુયાયીવર્ગ મેળવનાર આ સંપ્રદાય તેના સમય કરતાં આગળ હતો એમ કહી શકાય.

ભાણસાહેબે, લોહાણા પરિવારમાંથી રવિસાહેબે વૈશ્ય-વણિક પરિવારમાંથી, મોરારસાહેબે રાજપૂત પરિવારમાંથી અને ત્રિકમસાહેબે હરિજન પરિવારમાંથી આવી આ પરંપરાને આગળ ધપાવી. આમ આ સંપ્રદાય કોઈ જ્ઞાતિ પૂરતો સીમિત ન રહ્યો તથા ખીમસાહેબે એ કાળે સવર્ણોને અવગણીને ત્રિકમસાહેબ(હરિજન)ને દીક્ષા આપી એ ક્રાંતિકારી પગલું છે, સાથે-સાથે આ સંપ્રદાયના સંતોની જીવન પ્રત્યેની સાચી દૃષ્ટિનો પણ પરિચય મળે છે. લોકોને પણ આ શિક્ષણ મળે તો સમાજમાં ઘણી બદીઓ દૂર થાય એ અર્થમાં આ પરંપરાના સંતોએ લોકશિક્ષણનું કાર્ય પણ ભક્તિની સંગેસંગે કરી સમાજ-એકતાની મોટી સેવા કરી છે એમ કહી શકાય. આમ એ અર્થમાં આ સંપ્રદાય પ્રભાવક રહ્યો છે.

હરિહર સંપ્રદાય

કચ્છ-ધરાના માંડવી તાલુકાના હમલા ગામે ખેતીકામમાં પરોવાયેલા ક્ષત્રિય જાડેજા યુવક દેવાજીને જોઈ, તેમના લલાટે યોગીપુરુષની સ્પષ્ટ દેખાતી રેખા નિહાળી, તીર્થાટને નીકળેલા એક મહાત્માએ તેમને આશીર્વાદ આપ્યા, ત્યારે દેવાજીએ 'દીક્ષા આપો'. એવી યાચના કરી. પ્રથમ ગૃહસ્થાશ્રમ પછી જ વૈરાગ્યનો ઉદ્ભવ થાય છે. ત્યાગ તો ગૃહસ્થાશ્રમ પછી જ થાય. તે દિવસથી દેવાજીના હૃદયમાં જાગેલી વૈરાગ્યની લગની દિન-પ્રતિદિન વધતી ચાલી. એક દિવસ તેમના ગામ હમલામાંથી દ્વારકાની યાત્રાએ જતા સાધુઓના સંઘ સાથે જવાની પિતાએ ના પાડી અને એક ઓરડામાં પૂરી દીધા છતાં છૂટ્યા કે તરત જ

માંડવીની વાટ પકડી અને વહાણે ચડી બેઠા. યાત્રા કર્યા બાદ માતાની આજ્ઞાથી સંસાર માંડ્યો. એક પુત્રના પિતા પણ થયા, પરંતુ ભીતરથી ભક્તિને વરેલા આ સંતપુરુષે માત્ર ૨૦ વર્ષની ભરયુવાનીમાં જ સંસારનો ત્યાગ કર્યો. આ દેવાજી એ જ દેવાસાહેબ. દેવાસાહેબ જેવા સંત હતા તેવા જ કવિ હતા.

તેમને મુખ્ય ચાર શિષ્ય હતા : (૧) શ્રી જ્યેષ્ઠીરામજી, (૨) શ્રી બિહારીદાસજી, (૩) શ્રી સેવાદાસજી, (૪) શ્રી કૃષ્ણદાસજી.

સંપૂર્ણ રીતે હિન્દુધર્મનાં તમામ રીત-રિવાજો તથા દેવીદેવતામાં માનનાર આ દેવાસાહેબનો સંપ્રદાય પછીથી હરિહર સંપ્રદાય તરીકે પ્રસિદ્ધ થયો. ત્યાર બાદ આ પરંપરામાં બિહારીદાસજી થયા, જેમણે વાંઢાયમાં આશ્રમ સ્થાપ્યો. શ્રી બિહારીદાસજી સમર્થ કવિ હોવાથી તેમની પાસેથી પણ સારું એવું ભજનસાહિત્ય પ્રાપ્ત થાય છે. એ બિહારીસાહેબના ચાર શિષ્યો પૈકી મહારાજ શ્રી ક્ષેમસાગરજીએ તેમની આ વાંઢાય પરંપરાને જારી રાખી. એ ભવ્ય પરંપરામાં ત્યાર બાદ એક બ્રહ્મવેત્તા અને સિદ્ધપુરુષ એવા સંતશ્રી ઈશ્વરરામજી મહારાજ આવ્યા, જેમના નામ પરથી વાંઢાયનું નામ 'ઈશ્વરનગર' રખાયું અને અહીં ચાલતી લગભગ તમામ સંસ્થાઓ સાથે તેમનું નામ આજે પણ જોડાયેલું રહ્યું છે. તેમના સમયમાં મુંબઈના એક શ્રેષ્ઠીએ સંવત ૧૯૪૮માં ઈશ્વરસાગર નામે સરોવર બંધાવી આપ્યું, જે આજે પણ મોજૂદ છે. તેમના નિર્વાણ બાદ ૧૯૭૧માં તેમના શિષ્ય શ્રી લાલરામજીની ચાદરવિધિ કરી ગાદીપતિ તરીકેની નિયુક્તિ કરવામાં આવી. તેમણે ઈશ્વરરામજીની સમાધિ અને શિવમંદિરનું નિર્માણ કરાવ્યું. તેઓનું શરીર પાટીદારનું હોવાથી આ જ્ઞાતિને સનાતન ધર્મમાં વાળવાનો પ્રારંભ કર્યો, જે તેમનું મહત્ત્વપૂર્ણ યોગદાન રહ્યું. અંતકાળ નજીક જોઈ જતાં આ મહાપુરુષે પોતાનાં અધૂરાં કાર્યને પૂર્ણ કરવા પોતાના પ્રિય શિષ્ય ઓધવરામજી સમક્ષ પોતાની ઇચ્છા વ્યક્ત કરી. ૧૯૭૧ (ઈ. સ. ૧૯૫૫)માં લાલરામજી બ્રહ્મલીન થતાં મહારાજ શ્રી ઓધવરામજીની ચાદરવિધિ કરવામાં આવી. તેમણે તેમના જીવનકાળ દરમિયાન સમાજોપયોગી અનેક પ્રવૃત્તિ કરી, માનવસેવાના મંત્રને ઉજાગર કર્યો. તેઓશ્રીએ ઈશ્વર આશ્રમમાં વિદ્યાભ્યાસ માટે ગુરુકુળ સ્થાપ્યું, અંધજનોના શિક્ષણ માટે અંધશાળા શરૂ કરી, જે ૧૯૬૨ સુધી વાંઢાયમાં રહી. મહારાજશ્રીના દેહવિલય પછી તેને ભુજ ખસેડવામાં આવી અને આજે પણ સરકારશ્રી દ્વારા તેનું સંચાલન કરવામાં આવે છે. તેમણે ગુરુકુળમાં હરિજન છાત્રાલય શરૂ કરી તે સમયમાં ક્રાંતિકારી કદમ ઉઠાવ્યું. તેમના વરદહસ્તે ઉમિયામાતાજીની મૂર્તિ પધરાવવામાં આવી. સંવત ૨૦૦૯માં હરિદ્વારમાં કચ્છી લાલરામેશ્વર આશ્રમની સ્થાપના કરી પાટીદારો, મિસ્ત્રી, ભાનુશાલી, આહીર વગેરે જ્ઞાતિઓને ધર્મનો સાચો રાહ બતાવ્યો, એટલું જ નહીં, પણ સદનવાડી ખાતે ગાંધીજી-પ્રેરિત નવી તાલીમ માટેની સંસ્થા શરૂ કરી. વાંઢાયમાં પાછળથી ખેતીશાળા પણ શરૂ કરવામાં આવી. આમ સંતશ્રી ઓધવરામજીએ ભક્તિની સાથે-સાથે લોકજીવનને ઉપયોગી એવાં ખેતી, શિક્ષણ, સંસ્કાર વગેરેનો પાયો મજબૂત બનાવી, સંસારને સમૃદ્ધ કરવાનો એક નવતર સફળ પ્રયોગ કર્યો.

સંતશ્રી ઓધવરામજીએ પોતાની હયાતીમાં જ પોતાના શિષ્ય મહારાજ શ્રી દયાળદાસજીને વિ. સં. ૧૯૯૭માં ચાદરવિધિથી ગાદી આપી. તેમણે ગુરુની પ્રેરણાથી સંવત ૨૦૦૦ (ઈ. સ. ૧૯૪૪)માં ઉમિયામાતાજીનું મંદિર બંધાવ્યું. તેઓ શ્રી સંવત ૨૦૧૯ (ઈ. સ. ૧૯૬૩) આસો સુદ ૩ના બ્રહ્મલીન થતાં તેમના પટ્ટશિષ્ય શ્રી શાંતિદાસજી મહારાજને વાંઢાયની ગાદી સોંપવામાં આવી. તેઓશ્રીએ પૂર્વસૂરિઓએ વિકસાવેલી તમામ સંસ્થાઓનું સંચાલન સુચારુ રૂપે કરી. સંવત ૨૦૩૬ (ઈ. સ. ૧૯૮૦)ના દિને તે મોક્ષ પામ્યા, તેથી તેમના શિષ્ય શ્રી કરસનદાસજીને ગાદી સોંપવામાં આવી. શ્રી કરસનદાસજીએ ભક્તો અને દાતાઓના સહયોગથી શિવ-ઉમિયા-મંદિરની બાજુમાં હિંગળાજમાતાજીના મંદિરનું નિર્માણ કરાવ્યું.

મહારાજશ્રી ઓધવરામના બીજા શિષ્ય મહારાજશ્રી વાલદાસજીને ઓધવરામજીએ કચ્છી લાલરામેશ્વર આશ્રમ-હરિદ્વારની જવાબદારી સોંપી હતી. તેઓશ્રી મિતભાષી અને સૌમ્ય પ્રકૃતિના સંત હતા. તેમણે કન્યાકેળવણી અને ગૌસેવામાં ઊંડો રસ દાખવ્યો હતો. તેમની પ્રેરણાથી જ વાંઢાયની પાવન ધરતી પર સોમનાથ મંદિરની પ્રતિકૃતિ સમું રામમંદિર તા. ૧૨-૩-૯૩ના નિર્માણ પામ્યું. તેઓ શ્રી હરિદ્વાર આશ્રમની જવાબદારીની સાથે વાંઢાય ખાતે સાધના કુટિર બનાવી ઘણો સમય ગાળતા. તેઓશ્રી તા. ૫-૬-૯૩ના બ્રહ્મલીન થતાં તેમના શિષ્ય શ્રી હરિદાસજી હરિદ્વારની ગાદીના ગાદીપતિ થયા. તેમણે હરિદ્વારની ગાદી ઉપરાંત પોતાના ગુરુ શ્રી વાલદાસજીની સ્મૃતિમાં ગુરુની જન્મભૂમિ મુર્ચબાણ ખાતે વાલરામતીર્થનું નિર્માણ કરાવ્યું છે, જે ભક્તો તથા પ્રવાસીઓના આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. આ પરંપરાના એક સંત ગરીબદાસજીએ કુકમા ખાતેના નિવૃત્તિ આશ્રમની સ્થાપના કરી છે. હાલ ત્યાં વાસુદેવદાસજી ગાદીપતિ છે. હમલા ગામે માધવપ્રસાદજી ગાદીપતિ છે.

આ સંપ્રદાયનો બહોળો અનુયાયીવર્ગ મુંબઈ મહાનગર તથા કચ્છના લગભગ બધા તાલુકામાં છે. સંપ્રદાયનું નામ હરિહર – હરિ એટલે વિષ્ણુ અને હર એટલે મહાદેવ.

આમ, કચ્છના ગ્રામીણ વિસ્તારોમાં ભક્તિની ચેતના દ્વારા માનવજીવનમાં અધ્યાત્મ, શિક્ષણ, સમાજસેવાની સુવાસ આ સંપ્રદાયે ફેલાવી છે.

વૈષ્ણવ સંપ્રદાય – પુષ્ટિમાર્ગ

આ માર્ગના આદ્યસ્થાપક શ્રી વલ્લભાચાર્ય મહાપ્રભુજી તરીકે પણ ઓળખવામાં આવતા. પોતાના વિચરણ દરમિયાન કચ્છમાં તેઓશ્રી પધાર્યા હોવાનો ઇતિહાસમાં ઉલ્લેખ છે. ભારતભરમાં તેમની ૮૪ બેઠકો છે. તે પૈકી એક બેઠક કચ્છમાં નારાયણસરોવર ખાતે છે. જ્યાં તેઓશ્રીએ ભાગવત પારાયણનું વાચન કર્યું હોય તેને જ 'બેઠક' કહેવાય.

કચ્છમાં આ માર્ગના અનુયાયીઓમાં વીશા શ્રીમાળી સોની જ્ઞાતિ, માહેશ્વરી, ભાટિયા, વાયડા, વણિક કંદોઈ, મોઢ વણિક, માંડલિયા, મારુ કંસારા, પુષ્કર્ણા, સાંચોરા, કાયસ્થ ઉપરાંત નાગ્રેચા જાગીરના શ્રી નિર્મળસિંહજી જાડેજાનાં પરિવારજનોનો સમાવેશ થાય છે. જિલ્લામાં ચાર હવેલીમાં નિત્ય સેવા થાય છે, જેમાં માંડવી (લીંબડાવાળી હવેલી) છે. નલિયા, મુંદ્રા, અંજાર, તેરામાં હવેલી છે, પણ સેવા થતી નથી. આ સંપ્રદાયના અનુયાયીઓ મરજાદી કહેવાય અને તે એટલે સુધી કે પોતાનાં સગાંઓનો પણ સ્પર્શ સુધ્ધાં કરતા નથી. આ સંપ્રદાયનો મંત્ર અષ્ટાક્ષર (શ્રીકૃષ્ણઃ શરણં મમ) છે. સંપ્રદાયનાં મંદિરોમાં માંડવી-કચ્છની મોટી હવેલીમાં હાલ શ્રી ગુસાંઈજી શરદચંદ્ર બિરાજે છે. ભુજમાં ઉપલી પાળ પાસે આવેલા મંદિરની વિગતો જોઈએ તો ભુજની સ્થાપના પછીના પ્રથમ દાયકામાં બનેલાં પાંચ મંદિરો પૈકી શ્રી દ્વારકાનાથજીનું મંદિર છે. એ કાળના કચ્છનાં રાણી રાજસ્થાનનાં હોઈ, વૈષ્ણવ પરંપરામાં માનતાં હોઈ આ મંદિરનો સેવાક્રમ પણ વૈષ્ણવ પરંપરા અનુસાર થતો. અંદાજે પોણાચારસો વર્ષ જૂનું આ મંદિર છે, જેમાં દરેક સમાજના દરેક વર્ગ માટે વિશિષ્ટ સમૃદ્ધ ગામો મળ્યાં હતાં. એ ગામની આવકમાંથી ગૌશાળા, અન્નક્ષેત્ર અને મંદિરનો નિભાવખર્ચ થતો. ભગવાન સ્વામિનારાયણ અનન્ય કૃષ્ણભક્ત હોવાને કારણે તેમના ભુજનિવાસ દરમિયાન નિયમિત દ્વારકાધીશના મંદિરે પધારતાં.

આ મંદિરની જાહોજલાલી-ભવ્યતાની વાત કરીએ તો શ્રી દ્વારકાધીશની સેવામાં સોળ મુખિયાજીનો સ્ટાફ હતો તેમ જ કુલ ૧૦૦ માણસો મંદિરની વિવિધ સેવાકીય પ્રવૃત્તિ જેવી કે અન્નક્ષેત્ર, ધર્મશાળાનો વહીવટ, ગૌશાળા વગેરેમાં સેવા આપતા. હોળી તથા અન્ય ધાર્મિક ઉત્સવોમાં મંદિર તરફથી પ્રસાદ તથા અબીલ, ગુલાલ અને કેસુડાના રંગનું આયોજન થતું. લોકો મંદિરના પ્રાંગણમાં મનભરી ઉત્સવો માણતા. ઠાકોરજીને અર્પણ થયેલ તેમની શોભામાં અભિવૃદ્ધિ કરતા શૃંગારમાં હીરા, માણેક, નીલમ, સોના ચાંદીનાં અભૂષણો મંદિરની સમૃદ્ધિના પરિચાયક હતાં. ઈ. સ. ૧૮૧૯માં આવેલ ભૂકંપથી નિજમંદિર અડીખમ રહ્યું,

પણ બાહ્ય ભાગ ક્ષતિગ્રસ્ત બન્યો. ત્યારે તે વખતનાં રાજા-રાણીશ્રી તરફથી શ્રી લક્ષ્મીદાસ કામદારને સૂચના આપી, મંદિરની મરામતનું કાર્ય કરવામાં આવ્યું. ઉપરાંત રાઓશ્રી દેશળજીનાં કુંવરી બાશ્રી બાઈરાજબા તરફથી વાવ પણ બાંધી આપવામાં આવી. ૨૦૦૧માં આવેલા ભયાનક ભૂકંપથી મંદિરનો બાહ્ય પરિસર તૂટી પડતાં પુનઃનિર્માણનું કાર્ય ચાલી રહ્યું છે, જે માટે મંદિરનાં વયોવૃદ્ધ મુખિયાણી શ્રી ચંદ્રિકાબા તથા તેમનાં પુત્રવધૂ શ્રી રક્ષાબહેને પોતાની અંગત મૂડીથી આ ધાર્મિક કાર્યનો પ્રારંભ કર્યો છે, જેમાં અનુયાયી વર્ગનો સહકાર મળતો રહ્યો છે. આ મંદિરની શૈલી રાજસ્થાનના નાથદ્વારા શૈલી રહેશે. આંતરિક ચાંદીકાર્ય તથા અન્ય આનુષંગિક કાર્યો કચ્છી શૈલીનાં રહેશે. મંદિરના આંતિરક દર્શનમાં સમગ્ર ભારતની વૈષ્ણવી પરંપરા, આચાર્યપરંપરા, ભક્તિપરંપરા અને ભાગવતના કૃષ્ણપ્રસંગો કાંગરા શૈલીનાં ચિત્રોથી સુશોભિત થશે. હજારો ફીટના આ ભવ્ય મંદિરમાં ભારતવર્ષની શ્રેષ્ઠ કલાકૃતિઓનો સમાવેશ થશે. દ્વારો રાજસ્થાની શૈલીના શ્રેષ્ઠ કાષ્ઠકલાના નમૂનારૂપ બનાવવામાં આવશે. આમ વૈષ્ણવ સંપ્રદાયમાં આ મંદિર ચેતનાનો સંચાર કરશે. હાલમાં ભુજ ખાતેના મંદિરમાં તેનાં વયોવૃદ્ધ મુખિયાણી શ્રી ચંદ્રિકાબા તથા તેમના પુત્ર ચંદ્રેશભા તથા તેમનો પરિવાર સેવારત છે.

આર્યસમાજ

આર્યસમાજ સમગ્ર વિશ્વ(પ્રાણીમાત્ર)ના કલ્યાણની ઉદાત્ત ભાવના સાથે કાર્ય કરતું એક આંદોલન છે. આ આંદોલનના પ્રવર્તક આર્યસમાજના સ્થાપક ગુજરાતના પનોતા પુત્ર મહર્ષિ દયાનંદ સરસ્વતી છે.

કચ્છમાં આર્યસમાજનું ક્યારે આગમન થયું તે જાણવું રસપ્રદ બની રહેશે. કચ્છમાં આર્યસમાજના પાયાના પથ્થર સમા માંડવી તાલુકાના લુડવા ગામના કડવા પાટીદાર સદ્‌ગૃહસ્થ સ્વ. શિવગણ કાનજી વેલાણી (જન્મ ઈ. સ. ૧૮૯૮) હતા. એમના પ્રયત્નોથી (ઈ. સ. ૧૯૩૧)માં લુડવા મધ્યે વિધિવત્ આર્યસમાજની સ્થાપના થઈ. શિવગણભાઈના પ્રયત્નોથી કચ્છમાં ખાસ કરીને કડવા પાટીદારનાં ગામોમાં – નિરોણા અમૃત ફાર્મ, રાજપર, ભવાનીપુર, અમરગઢ, પાલનપુર વગેરે સ્થળોએ વૈદિક ધર્મનો ફેલાવો થયો. ત્યાર બાદ શહેરી વિસ્તારો જેવા કે નખત્રાણા, માંડવી, અંજાર અને ભુજમાં લાલ ટેકરી મધ્યે આજથી લગભગ ૨૭ વર્ષ પૂર્વે આર્યસમાજની સ્થાપના થઈ. ગાંધીધામ ખાતે કાર્યરત આ સંસ્થામાં વાચોનિધિ આચાર્ય છે. તેમની આગેવાની હેઠળ આ સંસ્થા સ્કૂલ અને છાત્રાલય ચલાવે છે. ભૂકંપ પછી ૧૪૦ અનાથ વિદ્યાર્થીઓને છાત્રાલયમાં નિઃશુલ્ક પ્રવેશ આપી શિક્ષણની સાથે વૈદિક સંસ્કારો આપવાનું ઉમદા કાર્ય કરે છે. ગાંધીધામ ઉપરાંત અબડાસાના ભવાનીપુર ખાતે વૈદિક ધર્મ પ્રેરિત ગુરુકુળ ચાલે છે.

આર્યસમાજનો પ્રભાવ

સ્વાતંત્ર્યની ચળવળના ઘણા આગેવાનો આર્યસમાજી હતા. કચ્છના સંદર્ભે કચ્છના પનોતા પુત્ર આદ્ય ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણ વર્મા પ્રખર આર્યસમાજી હતા, બલકે મહર્ષિ દયાનંદજીના માનસપુત્ર સમાન હતા. ભારતીય સ્વતંત્રતાની ચળવળને પ્રેરણા અને પ્રોત્સાહન પૂરાં પાડવામાં તથા વૈદિક ધર્મના પ્રસારમાં તેમનું ગૌરવપૂર્ણ યોગદાન રહ્યું.

આ ઉપરાંત અર્ધ-હિન્દુ – અર્ધ-મુસ્લિમ સંપ્રદાયના આચારવિચાર સાથે જોડાયેલા સત્યપંથીઓમાં મોટે પાયે ધાર્મિક જાગૃતિ આવી. તેઓ ધાર્મિક દુવિધા – વહેમોમાંથી મુક્ત થઈ આર્યસમાજી બન્યા, જેને પરિણામે ભૂતપ્રેત, ભૂવા, ઢોંગી સાધુઓ, વહેમ ફેલાવનાર અને અંધશ્રદ્ધાનો પ્રસાર કરનાર લોકોથી મુક્ત થયા. ધર્મ અંગે સાચી સમજણ વિકસી પોતે શું છે તેનું ભાન થયું. બાળલગ્ન, મિથ્યા ધારણાઓ વગેરે જેવાં દૂષણોથી મુક્ત થઈ કુરિવાજોને તિલાંજલિ આપી.

લક્ષ્મીનારાયણ સંપ્રદાય

કડવા પાટીદારોના ઇતિહાસના પુસ્તકમાં જે ઉલ્લેખ મળે છે એ અનુસાર ૧૫મી સદી સુધીમાં તો કચ્છના કડવા પાટીદારો જે હાલ કચ્છમાં છે

તેમના પૂર્વજો ગુજરાતમાં વસવાટ કરતા હતા, પરંતુ ૧૬મી સદીના આરંભે મુસ્લિમ ગુરુ ઇમામ શાહે બતાવેલો પીરનો પંથ અથવા પીરાણા પંથ સ્વીકાર્યો. નાતમાં કલહ ન થાય એટલા માટે આ પંથ સ્વીકારનાર કડવા પાટીદારોનાં કુટુંબો ક્રમે-ક્રમે કચ્છમાં આવતાં ગયાં અને કચ્છના જુદા-જુદા વિસ્તારોમાં વસતાં ગયાં, એટલે એ વખતે કચ્છમાં આવનાર જ્ઞાતિનાં બધાં કુટુંબો પીરાણાને માનનારાં હતાં. આ પીરાણા પંથ પાછળથી જ્યોતિષધામ અને સતપંથ નામે ઓળખાવા લાગ્યો.

વિ. સં. ૧૮૬૧ (ઈ. સ. ૧૮૦૫)માં શ્રી લક્ષ્મીનારાયણ સંપ્રદાયના સંતોની નેત્રા ગામે પધરામણી થઈ. આ સંપ્રદાયના સંપર્કને પરિણામે કેસરાબાપાએ પીરાણા પંથમાંથી મુક્ત થઈ લક્ષ્મીનારાયણ સંપ્રદાય સ્વીકાર્યો. તેમના પ્રયત્નોના પરિપાકરૂપે એ કાળે કચ્છમાંના કડવા પાટીદરો માટે નેત્રા, ઘડાણી, રવાપર, આમારા, અંગિયા, દોલતપર અને દયાપરનાં લક્ષ્મીનારાયણ સંપ્રદાયનાં મંદિરો સ્થપાયાં.

કેસરાબાપાએ ધાર્મિક જાગૃતિનું કાર્ય આરંભ્યું. વિરાણી મોટી ગામે જન્મેલા શ્રી નારાયણજીભાઈનું એમને બળ પ્રાપ્ત થયું ને સુવ્યવસ્થિત ધાર્મિક જાગૃતિ માટે શ્રી રતનશીભાઈ ખીમજી અને શ્રી નથુભાઈ નાનજીની આગેવાની હેઠળ સૌએ સંગઠિત થઈ 'કચ્છ કડવા પાટીદાર સનાતની સમાજ' નામની કેન્દ્રીય સંસ્થાની સ્થાપના કરી. આ જાગૃતિના પરિપાકરૂપે વિ. સં. ૧૯૮૬ (ઈ. સ. ૧૯૩૦)માં શ્રી રતનશીભાઈના ગામ વિરાણી મોટી ખાતે લક્ષ્મીનારાયણ મંદિરની સ્થાપના થઈ. ત્યાર બાદ કડવા પાટીદારોનાં ગામેગામ લક્ષ્મીનારાયણ મંદિરો નિર્માણ પામ્યાં ને લક્ષ્મીનારાયણ સંપ્રદાયની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થતો ગયો. પોતાની અલગ ઓળખ માટે વિ. સં. ૨૦૦૦ (ઈ. સ. ૧૯૪૪)માં ઊંઝાથી ઉમિયામાતાજીની જ્યોત લાવી સંતોની પાવનભૂમિ વાંઢાય ખાતે પધરાવવામાં આવી. વિ. સં. ૨૦૦૩ (ઈ. સ. ૧૯૪૭)ના રામનવમીના દિવસે સંત શ્રી ઓધવરામની પ્રેરણાથી કુળદેવી ઉમિયા-માતાજીની મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવી. આજે પણ ઉમિયામાતાજી સંસ્થાનમાં અનેકવિધ ધાર્મિક અને સામાજિક પ્રવૃત્તિઓનું આયોજન થાય છે.

કચ્છમાં શ્રી લક્ષ્મીનારાયણ મંદિરોમાં સ્તુતિ, પ્રાર્થના અને પૂજાપદ્ધતિમાં એકસૂત્રતા લાવવા અને ધાર્મિક જાગૃતિ લાવવાના ઉદ્દેશ સાથે ૧૯૯૬, મહા સુદ પૂર્ણિમાના દિવસે ઉમિયામાતાજી સંસ્થાન – વાંઢાય ખાતે શ્રી લક્ષ્મીનારાયણ સનાતન ધર્મપ્રચાર સમિતિની રચના કરવામાં આવી અને વાંઢાયથી વિરાણી સુધી વિરાટ ધર્મયાત્રા લઈ જવામાં આવી. આ સમિતિ દ્વારા કચ્છ, સાબરકાંઠા અને ભારતના વિવિધ વિસ્તારોમાં ૧૮૫ જેટલી ધર્મસભાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. પૂ. સંતશ્રી શાંતિદાસજી, વિરાણી સંત રમાદેવી તેમ જ સ્વામિનારાયણ સંપ્રદાયના સંતોનો સહયોગ મળ્યો.

એક નોંધપાત્ર બાબત એ રહી કે પૂર્વે પીરાણા પંથમાં માનતા હોવા છતાં પાટીદારોમાં સાતમ-આઠમ અને કૃષ્ણજન્મોત્સવ જેવા ધાર્મિક પ્રસંગો ઊજવાતા. હાલમાં હિન્દુઓના તમામ તહેવારો, સોળ સંસ્કારો ખૂબ ધામધૂમથી કરાય છે. આ સંપ્રદાયના અનુયાયીઓ ધંધાર્થે અને તેમાં પણ 'સૉમિલ'ના ધંધા માટે પૂરા ભારતમાં પથરાયેલા છે. ધાર્મિક જાગૃતિ તથા આર્થિક સધ્ધરતાને કારણે આ સંપ્રદાયમાં સમાજસુધારણા, સામાજિક કુરિવાજોને તિલાંજલિ, શિક્ષણ વગેરે પર ભાર મૂકવામાં આવે છે. સમાજનું સંગઠન મજબૂત હોવાને કારણે ધાર્યાં કાર્યો કરી શકે છે, જેથી ધાર્મિક, સામાજિક, સાત્ત્વિક, શૈક્ષણિક વગેરે ક્ષેત્રે નોંધપાત્ર પ્રગતિ સાધી છે.

સતપંથ

આ પંથનું મુખ્ય મથક પીરાણા, તા. દસક્રોઈ, જિ. અમદાવાદ છે. આ પંથને સતપંથ અથવા પીરાણા પંથ કહેવાય છે. આ પંથમાં ગુરુ-શિષ્યની પરંપરા છે. આ પંથના મંદિરને જ્યોતિધામ કહેવામાં આવે છે. કેટલાક લોકો આ મંદિરને 'ખાનો' અને આ પંથના અનુયાયીઓને 'ખાનાઈ' પણ કહે છે.

કચ્છમાં મહદંશે માત્ર કડવા પાટીદારો જ આ સંપ્રદાયના અનુયાયીઓ છે. આ પંથમાં જોડાયા પૂર્વે તેઓ શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનની પૂજાઅર્ચના કરતા હતા. જેઓ સતપંથમાં ન જોડાયા તેઓ લક્ષ્મીનારાયણ સંપ્રદાયમાં રહ્યા.

આ પંથના અનુયાયીઓ શ્રી નિષ્કલંકી નારાયણ ભગવાનની જય બોલાવે છે. જ્યોતિધામને જ્યોતિષધામ પણ કહે છે. ત્યાં એક મોટા ખંડમાં લાકડાના સિંહાસનની વચ્ચે ધર્મપુસ્તક હોય છે અને અખંડ દીવો પ્રજ્વલિત હોય છે. આ પંથના અનુયાયીઓ રાજ્યમાં જુદા-જુદા પ્રાન્ત ઉપરાંત કચ્છમાં જે ગામોમાં છે તેમનાં નામ નીચે પ્રમાણે છે : કાદિયા મોટા, નાના કાદિયા, સાંયરા યક્ષ, ઘડાણી, નવાવાસ, માનકૂવા, દેશલપર, કોટડા (ચકાર), દુર્ગાપુર (માંડવી), ખેડોઈ મોટી વગેરે.

આ સંપ્રદાયના આચાર્ય સ્વ. કરસનદાસજી હતા, જે કચ્છના મોટી ખેડોઈના વતની હતા. હાલ શ્રી નાનકદાસજી મહારાજ છે. શ્રી પૂંજાભાઈ (દેશલપર)માં રામજિયાણી કચ્છ જિલ્લાના આ સતપંથના અગ્રણી છે. શિક્ષણ-ધંધા-રોજગાર અર્થે પાટીદારોનાં દેશ-વિદેશમાં ભ્રમણ તથા ધાર્મિક જાગૃતિને પરિણામે આ પંથના અનુયાયીઓ દિવસે-દિવસે સીમિત થતા જાય છે. એ અર્થમાં તે લોકપ્રભાવક રહ્યો નથી. લોકો સંપ્રદાય સાથે સંલગ્ન રહે તેથી કાળક્રમે સુધારા-વધારાને દરેક સંપ્રદાયમાં અવકાશ હોય છે. એ ન્યાયે આચાર્ય શ્રી કરસનદાસજીએ એમના કાર્યકાળ દરમિયાન સુધારાવાદી અભિગમ અપનાવી સતપંથમાં સમયાનુસાર ઉલ્લેખનીય ફેરફારો કર્યા છે. તેમના દ્વારા નખત્રાણા ખાતે સંતસંમેલનોનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. ઉપરાંત છેલ્લાં થોડાં વર્ષોમાં કચ્છનાં કેટલાંક ગામોમાં સતપંથ સમાજ દ્વારા નિષ્કલંકી નારાયણનાં શિખરબદ્ધ મંદિરોનું નિર્માણ કરવામાં આવ્યું છે.

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વવિદ્યાલય

સમગ્ર વિશ્વને ઈશ્વરનું વિદ્યાલય માનતી આ સંસ્થાની સ્થાપના ૧૯૩૭માં હૈદરાબાદ – સિંધ ખાતે થઈ. એક સૂર અને એક મતથી કાર્ય કરતી આ આંતરરાષ્ટ્રીય સંસ્થાનું મુખ્યાલય રાજસ્થાન માઉન્ટ આબુ ખાતે આવેલું છે. સંયુક્ત રાષ્ટ્ર સંઘના આર્થિક અને સામાજિક પરિષદની સલાહકાર સભ્ય આ સંસ્થાએ શાંતિના ક્ષેત્રમાં ઈ. સ. ૧૯૮૫ના શાંતિવર્ષમાં શાંતિપદક મેળવેલ છે. એક આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રકક્ષાની શાંતિદૂતની પદવી પણ પ્રાપ્ત કરેલ છે.

વિશ્વના ૧૩૦ દેશોમાં પથરાયેલ લગભગ ૮૫૦૦ શાખાઓ દ્વારા સુખમય સંસારના નિર્માણ માટે તે વિવિધ કાર્યક્રમો યોજે છે.

કચ્છમાં ચાલતી પ્રવૃત્તિની વાત કરીએ તો જુદા-જુદા વર્ગને આવરી ૧૯ વિભાગ પાડવામાં આવ્યા છે, જેમાં યુવાવિભાગ, શિક્ષણવિભાગ, મેડિકલ-વિભાગ, રમત-ગમત-વિભાગ, ધર્મ-વિભાગ, આરોગ્યમેળાઓ, ગ્રામ્યવિકાસલક્ષી મેળાઓ, પ્રદર્શન, વ્યસનમુક્તિ-અભિયાન વગેરે પ્રવૃત્તિઓ યોજવામાં આવે છે.

આ પ્રવૃત્તિ સાથે સંકળાયેલા લોકો માનસિક શાંતિની અનુભૂતિ કરી તનાવમુક્ત જીવન જીવે છે. લોકોમાં નિયમિતતા, સ્વજાગૃતિ અને સહયોગની ભાવના કેળવાય છે.

આ સંસ્થાનો ઉદ્દેશ લોકો શાંતિપૂર્વક, ટેન્શન-મુક્ત થઈ એકબીજા સાથે પ્રેમપૂર્વક રહે તેવો છે.

ગાયત્રી પરિવાર

ગાયત્રી પરિવાર(યુગનિર્માણ યોજના)ની સ્થાપના વેદમૂર્તિ, તપોનિષ્ઠ પંડિત શ્રી રામશર્માજીએ ૧૯૫૮માં મથુરા (ઉત્તરપ્રદેશ) ખાતે કરી હતી. તેમણે ગાયત્રીમંત્ર અને યજ્ઞને માધ્યમ બનાવીને ધર્મતંત્રના વિશ્વવ્યાપી પુનરુદ્ધારનો પ્રારંભ કર્યો. ૧૯૭૨માં મથુરાથી હરિદ્વારમાં કાયમી નિવાસ કર્યો અને હરિદ્વારમાં 'શાંતિકુંજ' નામના આશ્રમની સ્થાપના કરી. હાલમાં તેનું સંચાલન ડૉ. પ્રણવ પંડ્યા કરી રહ્યા છે.

કચ્છમાં ગાયત્રી પરિવારની સ્થાપના ૧૯૮૨માં ગાંધીધામ ખાતે ગાયત્રી શક્તિપીઠની સ્થાપના સાથે થઈ. ત્યાર બાદ અનુક્રમે અંજાર, ભુજ, માંડવી, નલિયા વગેરે સ્થળોએ થઈ. કચ્છમાં પ.પૂ. ગુરુદેવ

શ્રી રામશર્માજીને લાવનાર પરિવારજનોમાં સ્વ. લાભશંકરભાઈ દવે, શ્રી રત્નાકરભાઈ ધોળકિયા, શ્રી કાંતિભાઈ ઠક્કર, શ્રી ચમનલાલભાઈ ગોર વગેરેનો સહયોગ રહ્યો છે. ૧૯૬૦માં ગુરુદેવ સ્વયં કચ્છ પધાર્યા હતા. એ પછી આ પ્રવૃત્તિને વધુ વેગ મળ્યો હતો.

આ શક્તિપીઠના નેજા હેઠળ સમગ્ર કચ્છમાં લોકકલ્યાણની પ્રવૃત્તિઓ થાય છે, જેનો જનજીવન પર સારો એવો પ્રભાવ પડ્યો છે. આ પ્રવૃત્તિઓમાં ગાયત્રી મહિલા મંડળ, યજ્ઞપીઠો, બાલસંસ્કારકેન્દ્રો અને ગાયત્રી પરિવાર શાખાઓની સ્થાપના કરવામાં આવેલ છે. કચ્છનાં ઘણાં ગામોમાં ગાયત્રી પરિવારના સદસ્યો બહોળી સંખ્યામાં છે અને તેઓ સમગ્ર કચ્છમાં ધર્મતંત્રના માધ્યમથી પ. પૂ. ગુરુદેવનો સંકલ્પ '૨૧મી સદી : ઉજ્જ્વળ ભવિષ્ય'ને સાકાર કરવા માટે અવિરત પ્રયત્નો કરી રહ્યા છે. તેઓ ઘેર-ઘેર દીપયજ્ઞો, ગ્રામસફાઈ, આદર્શ લગ્નો, ૧૬ સંસ્કારવિધિ, બ્લડ ડોનેશન કૅમ્પ, સામૂહિક નવરાત્રિ અનુષ્ઠાનો, મંત્રલેખન અભિયાન, વૃક્ષારોપણ, સજીવ ખેતી પ્રચાર, વ્યસનમુક્તિ અભિયાન, પુસ્તકમેળાઓ વગેરે કાર્યક્રમો જેવી આધ્યાત્મિક, સામાજિક, શૈક્ષણિક પ્રવૃત્તિઓ દ્વારા ઉજ્જ્વળ સમાજના નિર્માણ માટે પ્રયત્નો કરી રહ્યા છે.

પ્રણામી સંપ્રદાય

આ સંપ્રદાયના શરૂઆત અંગે એવી કથા છે કે હરિવંશ ગુસાંઈના એક ત્યાગી સાધુ હરિદાસ તે અગિયારસ, જન્માષ્ટમી વગેરે દિવસે ઉપવાસ કરતા. ગુરુશિષ્ય થોડા સમય સાથે રહ્યા બાદ અમુક કારણોસર હરિદાસ મારવાડમાં ઉમરકોટ ગામમાં જઈને રહ્યા. ત્યાં તેમણે શ્રી દેવચંદ નામના ક્ષત્રિયને પ્રતિબોધ કરી, સંવત ૧૩૩૮ (ઈ. સ. ૧૨૭૨)ની સાલમાં ચેલા કર્યા. એ દેવચંદ ગુરુની આજ્ઞા લઈ કચ્છના રેતીના મેદાનમાં થઈને ભુજ આવીને રહ્યા. ત્યાંથી નવાનગર થઈ પોતાની ગાદી સ્થાપી. ત્યાં તેમણે ઘણા લોકોને પ્રતિબોધ્યા. શ્રી દેવચંદના એક શિષ્ય પ્રાણનાથ, જેમણે શ્રી છત્રસાલ રાજાને પ્રતિબોધ આપ્યો. આ રાજાને દિલ્હીના બાદશાહ ઔરંગઝેબ સાથે લડાઈ થઈ, જેમાં શ્રી પ્રાણનાથની કુશળતાથી રાજાએ થોડા માણસો દ્વારા ઔરંગઝેબને હરાવ્યો અને વિજય મેળવ્યો. શ્રી પ્રાણનાથે હિન્દીભાષામાં કેટલાક ગ્રંથ રચ્યા. એમના શિષ્યોમાં આજે પણ કંઈ ઉપવાસ કરતા નથી. આ પંથને 'પ્રણામીનો પંથ' કહે છે.

આ સંપ્રદાયના આરાધ્યદેવ શ્રીકૃષ્ણ જ છે, પરંતુ કૃષ્ણનું બાલમુકુન્દ-સ્વરૂપ જ તેઓ ભજે છે. મંદિરમાં ભગવાનની મૂર્તિની જગ્યાએ મુરલી, મુકુટ અને વાઘાની પૂજા-અર્ચના કરે છે.

આ સંપ્રદાયનું મંદિર અંજાર અને સીનુગ્રામાં છે. વડું મથક જામનગર છે. હાલ ત્યાં મહંત તરીકે કૃષ્ણદાસજી મહારાજ છે. આ સંપ્રદાયના અનુયાયીઓ બધા હિન્દુ તહેવારોમાં ભાગ લે છે. અહીં સ્ત્રી-પુરુષ બન્નેને પ્રાધાન્ય અપાય છે. આમ, આ અર્થમાં સમાનતાનો આદર્શ છે. બન્નેને સખીભાવે પૂજે છે. સંપ્રદાયનો ભાદરવા વદ ૧૪ના શ્રી પ્રાણનાથનો પ્રાગટ્ય મહોત્સવ ધામધૂમથી ઊજવાય છે. હિન્દુ ધર્મનાં શાસ્ત્રો પ્રમાણે જે સોળ સંસ્કારો છે એ તમામનું અમુક અંશે પાલન કરવામાં આવે છે. આ સંપ્રદાયના અનુયાયીઓમાં લોહાણા અને મિસ્ત્રીઓ મુખ્યત્વે છે. કચ્છમાં આ સંપ્રદાયના અનુયાયીઓ છૂટાછવાયા હોઈ પ્રભાવક રહ્યા નથી. જામનગરના મુખ્ય મંદિરને શ્રી નવતનપુરીધામ કહેવામાં આવે છે. શ્રી લાલજાતજી સ્વામી લિખિત 'શ્રી નિજાનંદ મુક્તાવલી વિતક' નામનું પુસ્તક આ સંપ્રદાયનો ગ્રંથ પણ છે, જેમાં ૧૮૦૦૦ ચોપાઈઓ છે, જેમાં વેદ, ભાગવત, ગીતા અને વેદની વિવિધ ઋચાઓનું સરળ સાહિત્ય છે. આ સંપ્રદાયના અનુયાયીઓ નેપાળ-આસામ-બિહાર-ઉત્તરપ્રદેશ અને વિદેશમાં પણ વસે છે. આ સંપ્રદાયના અનુયાયીઓ પરસ્પરને મળે ત્યારે 'પ્રણામ' એવું કહે છે.

સચ્ચિદાનંદ સંપ્રદાય

રવિભાણ સંપ્રદાયના શ્રી સુંદરદાસજીએ આ સંપ્રદાય ચલાવ્યો. આ સંપ્રદાયમાં ગુરુશિષ્યપરંપરા છે. મંદિર અંજારમાં છે. આરાધ્યદેવ રાધાકૃષ્ણ છે. આ સંપ્રદાયના સંતો શ્વેત વસ્ત્રો પહેરે છે. હિન્દુધર્મના સોળ

સંસ્કારને માને છે. આ સંપ્રદાયના અનુયાયીઓ કચ્છમાં સત્તાપર, હિરાપર, રતનાલ, ખેડોઈ, વવાર, પાંચોટિયા વગેરે ગામોમાં છે. આ સંપ્રદાયમાં કચ્છના આહીર, રાજપૂતો, લુહાણા, ચારણ વગેરે છે. બાળક-બાળકીના જન્મ પછી મંદિરમાં લઈ જઈ કંઠી (પારો) બંધાવે છે. ત્યાર બાદ જ નામસંસ્કાર થાય. આ સંપ્રદાયનો મંત્ર 'જયશ્રી સચ્ચિદાનંદ જગ પાવન, પરમધામ ધણી પૂરણ પુરુષોત્તમ' છે. આ સંપ્રદાયનો મોટો તહેવાર રાધાછઠ છે, જેમાં સર્વે અનુયાયીઓ ભેગા મળી રાધાજીની પૂજા-અર્ચના કરી પ્રસાદ લે છે. આ ઉત્સવમાં વિદેશ વસતા અનુયાયીઓ પણ આવે છે. હાલ અંજાર મંદિરના અધિપતિ શ્રી ત્રિકમદાસજી છે.

કચ્છમાં આ સંપ્રદાયનો પ્રસાર-પ્રચાર મર્યાદિત હોઈ પ્રભાવક નીવડ્યો નથી.

માતાપંથી

આ એક બહુ ઓછો પ્રચલિત અને ગુપ્ત પ્રવૃત્તિઓ કરતો સંપ્રદાય છે. તેની પૂજાવિધિમાં તેના અનુયાયી સિવાય કોઈને પ્રવેશ મળતો નથી. કચ્છના ગ્રામ્ય વિસ્તારોમાં મર્યાદિત અનુયાયીવર્ગ સાથે આ સંપ્રદાયનું અસ્તિત્વ સીમિત છે.

આ પંથના કોઈ અનુયાયીનું મૃત્યુ થાય તો તેની જગાએ તેના વારસમાંથી કોઈકને બેસવું પડે, એટલે કે અનુયાયી બનવું પડે. તેનો સીધો અર્થ થાય છે કે પરિવારના તમામ સદસ્યો આ પંથમાં હોતા નથી. મોટે ભાગે પુરુષવર્ગ પૂરતો સીમિત પંથ છે. માતાપંથીના અવસાન બાદ તેના પરિવારના સદસ્યોમાંથી કોઈ આ પંથમાં જવા તૈયાર ન હોય તો અન્યને પૈસા આપી માતાપંથી બનાવવા પડે.

માતાપંથી પ્રવૃત્તિ ગુપ્ત હોઈ પૂજાવિધિ સમયે એક વ્યક્તિ પૂજાના ઓરડાના બારણા પાસે ઊભી રહે તેને કોટવાલ કહે છે. આવેલ અનુયાયી એ પંથનો કોડવર્ડ બોલે પછી જ તેને પ્રવેશ મળે. આ પંથના અનુયાયી પૂજા માટે એકઠા થાય તે કહેણને 'વાયેક' કહેવામાં આવે છે. વાયેક બોલે એટલે કોટવાલ પંથના અનુયાયીને ચોખાના દાણા આપે, જેથી વાયેક મળ્યો એમ કહેવાય. પ્રસાદીમાં ભાગ કાઢે તેને થાપો કહેવાય. 'થાપો' જે વ્યક્તિ ઉપાડે તેને ત્યાં આગામી પૂજા માટેની બેઠક થશે એવું માનવામાં આવે. આ સંપ્રદાયનું કોઈ મંદિર, સાહિત્ય, ગ્રંથ, ગુરુ વગેરે જેવું કશું જ નથી. હા, એ બેકઠની વિધિ પૂરી થાય પછી ભજનો ગવાય, જે મહદંશે આરાધી ભજનો હોય છે. કચ્છમાં આ પંથ ખૂબ અલ્પપ્રચલિત અને લુપ્ત થવાની અણી પર હોઈ તેનો પ્રભાવ રહ્યો નથી.

ઉપસંહાર :

આમ, કચ્છમાં હિન્દુધર્મના અનેક સંપ્રદાયો પોતપોતાની ધાર્મિક માન્યતાઓ અનુસાર ધર્મનું આચરણ, લાલન-પાલન કરતા રહ્યા છે. હિન્દુધર્મમાં અન્ય ધર્મની સરખામણીએ વિશેષ સ્વાતંત્ર્ય હોઈ સંપ્રદાયોનું પ્રમાણ વધતું રહ્યું છે.

શીખધર્મ

નાનકે ચલાવ્યો તે શીખધર્મ કહેવાયો. શીખધર્મ હિન્દુધર્મથી કાંઈ જુદો નથી, પરંતુ લૌકિક હિન્દુધર્મ અનેક પરસ્પર વિરોધી ઉપાસનાઓમાં અવ્યવસ્થિત જેવો થઈ ગયેલો તેમાં તેમણે સુધારો કર્યો, અર્થાત્ તે હિન્દુધર્મનો એક સુધારક પંથ છે. સગુણ-નિર્ગુણનો વિરોધ મિટાવવાની કળા ભક્તિમાર્ગમાં સરસ સધાયેલી હોવાથી શીખો અને હિન્દુઓમાં કોઈ વૈમનસ્ય ઊભું થયું નહીં. જોકે કેટલાક કાયર મુસ્લિમ શાસકોએ શીખોને બહુ સતાવ્યા. તેને લીધે મૂળતઃ સમન્વયવાદી નિર્ગુણ શીખપંથ આગળ જતાં પ્રતિકારવાદી અને શક્તિનો ઉપાસક બન્યો. અસામાન્ય ત્યાગવૃત્તિ, ધીરજ અને વીરતાથી એમણે જુલ્મી રાજસત્તાનો સામનો કર્યો.

શીખધર્મની એક વિશેષતા જોવા મળે છે. શીખ-ધર્મના બધા ગુરુઓએ પદ્યો લખ્યાં, પણ તે બધાએ છેવટે 'નાનક'નું નામ લખી દીધું, એટલે એ બધાં પદ્યો નાનકના નામે છે. ગુરુ નાનકથી આરંભાયેલા શીખધર્મના દસ ગુરુ થયા.

(૧) ગુરુ નાનક (૧૪૬૯-૧૫૩૯)
(૨) ગુરુ અંગદ (૧૫૦૪-૧૫૫૨)
(૩) ગુરુ અમરદાસ (૧૪૭૯-૧૫૭૪)

(૪) ગુરુ રામદાસ (૧૫૩૪-૧૫૮૧)
(૫) ગુરુ અર્જુનદેવ (૧૫૬૩-૧૬૦૬)
(૬) ગુરુ હરગોવિંદ (૧૫૯૫-૧૬૪૪)
(૭) ગુરુ હિરરાય (૧૬૩૦-૧૬૬૧)
(૮) ગુરુ હરિકિશન (૧૬૫૬-૧૬૬૪)
(૯) ગુરુ તેગબહાદુર (૧૬૨૧-૧૬૭૫)
(૧૦) ગુરુ ગોવિંદસિંહ (૧૬૬૬-૧૭૦૮)

શીખના સમગ્ર માનસિક વલણને બદલવા ગુરુ ગોવિંદરાયે ઈ. સ. ૧૬૯૯ના માર્ચની ત્રીસમી તારીખે એટલે કે વૈશાખીના દિવસે આનંદપુરમાં વિધર્મીઓના જુલમ અને સતામણીનો સામનો કરવાનો સંકલ્પ અમલમાં મૂક્યો. ખાલસાપંથની સ્થાપના કરી. (હવે વૈશાખી તેરમી એપ્રિલે આવે છે અને તે પ્રમાણે ઊજવવામાં આવે છે.) વૈશાખીના એ મેળામાં સવારની પ્રાર્થના થઈ ગયા પછી ગુરુ ખુલ્લી તલવારે દરબારમાં આવ્યા. એમણે ધર્મ માટે સર્વસ્વ ત્યાગનાર માણસના મસ્તકની માગણી કરી. એક પછી એક એમ વારાફરતી પાંચ માણસો મસ્તક આપવા માટે ગુરુ પાસે આવ્યા : (૧) લાહોરનો દયારામ ક્ષત્રિય, (૨) દિલ્હીનો ધરમદાસ જાટ, (૩) દ્વારકાનો મોહકમચંદ છીપો, (૪) જગન્નાથપુરીનો હિંમતરાય ભોઈ અને (૫) બીડરનો સાહિબચંદ નાઈ. એમાં દયારામ સિવાયના ચારે ક્ષુદ્ર હતા. મોહકમચંદ ગુજરાતનો હતો. એ પાંચે 'પંજ પ્યારે' (પાંચ પ્યારા) કહેવાયા.

પણ હવે એ બધા 'સિંહ' બની ગયા. જે માણસો તલવાર-બંદૂકને અડક્યા પણ નહોતા એ શક્તિશાળી વીર બની ગયા. પછી છીપા, ચમાર અને નાઈ એમના સેનાની બન્યા. એમના પ્રતાપથી મહારાજાઓ પણ કાંપવા લાગ્યા. ત્યારે ગુરુ ગોવિંદસિંહ બોલ્યા : 'જ્યારે ચકલીઓ પાસે હું બાજોને છિન્નભિન્ન કરાવું ત્યારે ખડ્‌ગપાણિ કહેવાઉં. ગુરુએ એક મોટી લોઢાની કડાઈમાં પવિત્ર જળ ભર્યું. માતા સાહેબ કૌરે એમાં પતાસાં નાખ્યાં. ગુરુવાણીનું ઉચ્ચારણ કરતાં બેધારી તલવારથી વલોવી અમૃત સિદ્ધ કર્યું. 'ખંડ કી પાહુલ' બનાવી શીખોને ચરણામૃત પાયું. એ પાંચ પ્યારાને વીરાસને બેસાડી દરેકને પાંચ-પાંચ અંજલિ અમૃત પાયું. પછી જેમ પોતે પાંચે પ્યારાને અમૃતપાન કરાવ્યું હતું એમ એ પાંચે પાસેથી તે જ પાત્રમાં પોતે દીક્ષા લીધી. પાંચને બે હાથ જોડીને નમ્યા. દીક્ષા લઈને સમભાવથી નમ્ર અને પુરુષાર્થી વાણીમાં બોલ્યા, "વાહવાહ ગુરુ ગોવિંદસિંહ ! આપે ગુરુ – ચેલા ગુરુ." ગોવિંદરાય મટી ગોવિંદસિંહ થયા.

આમ ગુરુ ગોવિંદસિંહ પંજાબીઓના આદર્શ પુરુષ બની રહ્યા. એ કવિ હતા, સેનાની હતા, ચિંતક હતા, સચ્ચા બાદશાહ હતા અને ગુરુ પણ હતા. 'હિસ્ટરી ઑફ પંજાબ'ના કર્તા સૈયદ મુહમ્મદ લતીફે ગુરુ માટે લખ્યું છે કે 'એમનામાં ગુરુ અને સિપાહીના ગુણો સંમિલિત હતા. એ ગુરુગાદી પર ધર્મવિધાયક નેતા, રણક્ષેત્રમાં નિર્ભય યોદ્ધા, તખ્ત પર બાદશાહ અને શીખ સંગતોમાં માનનીય ફકીર હતા.'

શીખધર્મનું કચ્છમાં કેવી રીતે આગમન થયું, તેનો વિકાસ અને લોકજીવન પર તેનો કેવો પ્રભાવ પડ્યો તે તપાસવું રસપ્રદ થઈ રહેશે. શીખધર્મના સંસ્થાપક ગુરુ નાનક આજથી લગભગ સવા પાંચસો વર્ષ પહેલાં આવ્યા હતા. કચ્છની ભૂમિ શીખધર્મના સ્થાપક ગુરુ નાનકદેવજીનાં પાવન પગલાંથી પવિત્ર થઈ છે. સર્વધર્મસમભાવમાં માનતા ગુરુ નાનકદેવ લખપતથી હજ કરવા મક્કા ગયા હતા. મહાવીરસ્વામી અને સહજાનંદસ્વામીની જેમ ગુરુ નાનકદેવજીએ પણ કચ્છમાં વિચરણ કરેલ છે. લખપતમાં તેમની પ્રસાદીરૂપ રહેલ ગુરુદ્વારા યુનેસ્કો દ્વારા હેરીટેજ તરીકે જાહેર થયેલ છે. ગુરુદેવની પાવન સ્મૃતિમાં અહીં લગભગ ૪૦૦ વર્ષ પહેલાં એટલે કે ૧૬મી સદીમાં તેમના સુપુત્ર શ્રીચંદે આ ગુરુદ્વારા બનાવેલ, જે ઠીકાના તરીકે ઓળખાય છે. તે ઉદાસી સંપ્રદાયનું મથક છે. અહીં કાચ અને લાકડાનું બનેલું એક પાલખીના આકારનું પ્રાર્થના સ્થળ છે. આ ગુરુદ્વારામાં ગુરુ નાનકદેવની પ્રતિમા તથા તેમની પાદુકાની પૂજા-અર્ચના કરાય છે. આ ઉપરાંત ગુરુ ગ્રંથસાહેબ તો ખરા જ.

કચ્છ ઉપરાંત ભરૂચ-વડોદરાના ઘણાં શીખ કુટુંબ લખપતમાં સ્થિર થયાં છે. તેઓ આ ગુરુદ્વારાની સફાઈ તથા સંભાળ રાખે છે. આ ગુરુદ્વારામાં એક કૂવો આવેલો છે. તેનું પાણી મીઠું છે. બાકીના વિસ્તારના તમામ કૂવાનું પાણી ખારું છે. આ ગુરુદ્વારા ગોલ્ડન સૅન્ડી ગ્રાઉન્ડમાં આવેલ હોવાથી શીખ લોકો તેને રણના સુવર્ણમંદિર તરીકે ઓળખે છે. બી.એસ.એફ.ના જવાનો તથા અધિકારીઓ આ ગુરુદ્વારામાં 'મથ્થા ટેકન' માટે આવે છે. આમ, ગુરુ નાનકજીનાં પાવન પગલાંથી શીખધર્મનું કચ્છમાં આગમન કહી શકાય. આઝાદી પછીના ગાળામાં મૂળ પંજાબના ફગવાડાના વતની અને ભારતીય લશ્કરના નિવૃત્ત લાન્સ નાયક તારાચંદસિંહ ચંદનસિંહ વર્માની લશ્કરી કારકિર્દી યશસ્વી રહી હતી. તેઓ ૧૯૪૭માં ભારતીય સેનામાંથી નિવૃત્ત થયા અને ૧૯૫૧માં કચ્છમાં રાપર તાલુકામાં ખીરઈ ગામે સ્થાયી થયા. આરંભમાં ખેતીવાડીના વ્યવસાયમાં પોતાનું નસીબ અજમાવી, બાદમાં ટ્રાન્સપૉર્ટ ઉદ્યોગ સાથે જોડાઈ પ્રગતિ કરી વાગડમાં તેઓ 'ઉમીભાઈ' તરીકે જાણીતા થયા. તો ભુજ મધ્યે આવીને વસનારાઓમાં શ્રી ગોવિંદભાઈ ક્ષત્રિય કુટુંબ અગ્રેસર છે. કિશ્નલાલ (પંજાબ જનરલ સ્ટોર), સરદાર લિટ મિલટરી જનરલ સ્ટોર, ઍડવોકેટ મુન્શીરામ, શિક્ષણક્ષેત્રે રાજબહેન ક્ષત્રિય વગેરે કુટુંબોએ ભુજને પોતાનું બનાવ્યું છે.

કચ્છમાં શીખસમુદાય ખાસ કરીને ગાંધીધામ, ભુજ, રાપર, લખપત અને અબડાસામાં મોટા પ્રમાણમાં વસે છે. વાય. પી. નંદા અને તેમના પરિવારનું કચ્છમાં પરિવહનક્ષેત્રે બહુ મોટું નામ છે. ૧૯૫૯માં જ્યારે કચ્છમાં માલપરિવહન જૂજ પ્રમાણમાં હતું એ કાળે આ પરિવારે પંજાબથી કચ્છમાં આવીને કારગો મોટર્સના પોતાના વ્યાવસાયિક પ્રતિષ્ઠાનનો પાયો નાખ્યો અને ટાટાની ટ્રકો કચ્છમાં લાવીને વેચાણ દ્વારા કચ્છમાં પરિવહનક્ષેત્રે ક્રાંતિ આણી દીધી હતી. આજે કચ્છમાં અંદાજે ૪૦ હજારથી વધુ ટ્રકો દોડે છે તેના મૂળમાં આ શીખ પરિવારનું યોગદાન મહત્ત્વનું છે.

૧૯૬૨માં ચીનની લડાઈ પછી તત્કાલીન વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરુને દેશના સૂના પડેલા સીમાવર્તી ઇલાકામાં સંરક્ષણની બીજી હરોળ મજબૂત બનાવવા, ખડતલ અને રાષ્ટ્રભક્ત પંજાબી ખેડૂતોને વસાવવાનો વિચાર આવ્યો. તેમણે પંજાબના તત્કાલીન મુખ્યમંત્રી પ્રતાપસિંહ કૈરોંને શીખ ખેડૂતોને કચ્છ સરહદી વિસ્તારોમાં જમીન આપવાની ઑફર કરી. ભારત સરકારની આ પ્રોત્સાહક યોજના હેઠળ પંજાબના કેટલાક ખેડૂતો કચ્છમાં ખેતી માટે વસવા તૈયાર થયા. ગુજરાત સરકારે તેમને ઈ. સ. ૧૯૬૮માં તબક્કાવાર નરા, સાંધવ, ભાચુંડા, વિંઝાણ, કનકપર, પાનધ્રો વગેરે જુદાં-જુદાં ગામોમાં કુટુંબદીઠ ૩૦થી ૪૦ એકર જમીન આપી.

એ જથ્થામાં આવેલા સરદાર અમરજિતસિંહ કહે છે કે તેઓના પિતા સાથે ૧૯૬૮માં કચ્છમાં પ્રથમ વિંઝાણ આવ્યા, જ્યાં તેમને સરકારે જમીન આપી હતી. એ પછી તેમણે ભાનાડા પાસે ૫૦ રૂ. એકરના ભાવે ખાનગી જમીન ખરીદી હતી ત્યારથી ત્યાં ખેતી કરે છે.

એ સમયે સમગ્ર અબડાસા તાલુકો સૂકો હતો. છૂટુંછવાયું મીઠું પાણી નીકળતું ત્યાં કૂવામાં કોશ-મશીનથી સિંચાઈ થતી. ડેમ પણ ગણ્યા-ગાંઠ્યા હતા. સ્થાનિક ખેડૂતો એવું માનતા કે અબડાસાની ધરતીમાં મીઠું પાણી છે જ નહીં. બધી જગ્યાએ દરિયાની ખારાશ ભરી છે એટલે કોઈ પાતાળકૂવાનું સમારકામ કરતું નહીં. કોઈકે બોર કર્યો હશે ત્યાં મીઠું પાણી ન મળતાં આ માન્યતા દૃઢ બની હશે. પણ પંજાબમાં પોતાનું બધું જ છોડીને આવેલા શીખોને આ માન્યતાને આધારે બેસી રહેવું પાલવે તેમ નહોતું. "હિંમતે મરદા તો મદદે નાનકા." સરદાર સુરેન્દ્રસિંહે પરજાઉમાં પોતાની વાડીના ખુલ્લા કૂવામાં ૧૯૭૭માં પહેલો બોર કર્યો અને મીઠું પાણી મળ્યું. ૧૯૭૮માં અમરજિતે ૩૦ ફીટના કૂવામાં ૭૦ ફીટ બોર કર્યો ત્યારે ડ્રિલિંગ મશીનો પણ ન હતાં. મજૂરો તાર ખેંચીને હાથથી ડ્રિલ કરતા. તેમની એ મહેનતે ઉજ્જડ અબડાસાને હર્યાભર્યા પંજાબ જેવો બનાવ્યો. આવા જ એક આધુનિક ખેડૂત સરદાર

હરદયાલસિંહ, પંજાબના મોલ જિલ્લાના વતની, અબડાસાના ભાનાડા ગામથી ત્રણેક કિ.મી. દૂર ૧૫૦ એકર જમીનમાં ખેતી કરે છે. પંજાબના આ સરદારો કોઠારા અને તેની આસપાસના ૨૫ કિ.મી.નાં ત્રીસેક ગામોમાં મુખ્યત્વે સ્થાયી થયા છે. અબડાસા ઓળંગીને હવે તેમણે માંડવી તાલુકાના લાયજા, બિદડા, ખાખર, તો ભુજ તાલુકાના નાગોર, ઢોરી, સુમરાસરમાં પણ પગપેસારો કર્યો છે. મુખ્યત્વે પંજાબના ભટીંડા, જલંધર, સંગરૂર તેમ જ હરિયાણાના અમુક જિલ્લાઓના સ્થળાંતર કરી આવેલા આ લોકોના કોઠારા પંથકમાં જ ૮૦૦થી ૯૦૦ પરિવાર છેલ્લા બે દાયકાથી 'સવાયા કચ્છી' બનીને ખેતી કરે છે. એ પંથકમાં તેમની જનસંખ્યા આશરે ૨૧૦૦૦ (એકવીસ હજાર) જેટલી છે. કચ્છમાં હવે એમની બીજી પેઢી ઊછરી રહી છે.

પંજાબથી આવ્યા પછી શરૂઆતમાં તેમને સામાજિક વ્યવહારો માટે પંજાબ જવું પડતું, પણ હવે સારી એવી વસ્તી થવાથી આ પ્રશ્ન ઉકેલાઈ ગયો છે. શરૂઆતમાં છોકરાંઓના શિક્ષણની મુશ્કેલી પડતી. તેમણે કોઠારામાં અંગ્રેજી માધ્યમની સ્કૂલ શરૂ કરી છે. ત્યાં ૨૦૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. તમામ શીખો તેમની વાડી પર જ રહે છે. વાડીઓને ગુરુ નાનક ફાર્મ, ખાલસા ફાર્મ જેવાં નામ આપ્યાં છે. ત્યાંની મુલાકાત લેતાં જાણે પંજાબમાં ફરતા હોઈએ તેવો અનુભવ થાય છે.

જ્યાંજ્યાં શીખ લોકો વસે છે ત્યાંત્યાં ગુરુદ્વારા પણ હોય છે. આ ગુરુદ્વારામાં ગ્રંથસાહેબ-પૂજા તથા શુભ અવસરોએ 'ગુરુકા લંગર' લાગે છે અને ગ્રંથસાહેબનો અખંડ પાઠ થાય છે. ભુજના ગુરુદ્વારાની સ્થાપના ૧૯૬૬માં થઈ છે. ભુજ ઉપરાંત કોઠારા ખાતે ગુરુ નાનકસાહેબનો ગુરુદ્વારા છે. તેમની ગુરુદ્વારા પ્રબંધક કમિટી છે, જે સ્થાનિક પ્રશ્નોનું નિરાકરણ કરવામાં અગત્યનો ભાગ ભજવે છે. ગાંધીધામ ઔદ્યોગિક નગર હોવાથી ત્યાં પણ શીખોની વસ્તી સારા પ્રમાણમાં છે. ગાંધીધામ ખાતે પણ ગુરુદ્વારા આવેલ છે. ત્યાં પણ વિવિધ ઉજવણી ધામધૂમથી કરવામાં આવે છે.

આપત્તિમાં સહાયક :

કચ્છને પોતાનું વતન બનાવનાર શીખધર્મના અનુયાયીઓ આપત્તિસમયે પણ કચ્છની સાથે રહ્યા છે. ૨૦૦૧ના ગોઝારા ભૂકંપ વખતે કચ્છીઓની સેવા માટે બાબા માનસિંહજી ટ્રસ્ટ – પિહોવા (હરિયાણા) દ્વારા ભુજની મોતીલાલ નહેરુ વ્યાયામશાળાના મેદાનમાં ગુરુ નાનકદેવજીકા લંગરનો પ્રારંભ કર્યો હતો. સંતબાબા માનસિંહજી તથા બાબા મદનસિંહજી પોતાના ૭૦૦ અનુયાયીઓ સાથે આ લંગરમાં સેવા માટે ઉપસ્થિત થયા હતા. ૭૦ ટ્રકો, ૭૦ રસોઈ કરવાની આધુનિક ભઠ્ઠીઓ, ૪૦ રસોયા અને એક લાખ લિટર ઈંધણ સાથે દિવસો સુધી ભૂકંપપીડિતોને દેશી ઘીનું મિષ્ટાન્ન પીરસ્યું હતું એટલું જ નહીં, દિલ્હીના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી સાહિબસિંહ વર્માએ અંજાર તાલુકાના દુધઈનું ઇન્દ્રપ્રસ્થ તરીકે નવનિર્માણ કર્યું, જેનું લોકાર્પણ ભારતના તાત્કાલીન વડાપ્રધાન અટલજીએ કર્યું હતું. આ ઉપરાંત સ્વાભિમાન ટ્રસ્ટના નેજા હેઠળ ઇન્દ્રપ્રસ્થ ખાતે આધુનિક સુવિધાથી સજ્જ શૈક્ષણિક સંકુલ પણ ઊભું કરવામાં આવ્યું છે, જેમાં વિવિધ વ્યાવસાયિક અભ્યાસક્રમો ચાલે છે.

ખ્રિસ્તીધર્મ

પરમપિતા પરમાત્મા ઈશુ એ પ્રેમ, નમ્રતા અને કરુણાની મૂર્તિ હતા. સમગ્ર વિશ્વને પરમ પિતાનું ઘર માનનાર ઈશુ કહે છે કે 'ઈન માય ફાધર્સ હાઉસ આર મેની મેન્શન્સ' – મારા પિતાના ઘરમાં ઘણાં સ્થાન છે. એ ઘણાં મેન્શન્સ એટલે હિન્દુ, બૌદ્ધ, ઇસ્લામ, જૈન વગેરે એ અર્થમાં. ઈશુ માટે 'વસુધૈવ કુટુંબકમ્'નું સૂત્ર જીવનમંત્ર હતું. ઈશુના નામે ધર્મનો પ્રસાર કરવા ઇચ્છતા લોકોને ઈશુ જણાવે છે કે 'હું અગાઉના મહાપુરુષોના કથનનું ખંડન કરવા નથી આવ્યો, એમની પૂર્તિ કરવા આવ્યો છું.' એ વાત એમણે એવી રીતે કરી કે નવો ધર્મ બની ગયો.

ખ્રિસ્તીઓનું કચ્છમાં આગમન :

ઈ. સ. ૧૮૧૩માં કચ્છના રાવ રાયધણ અને કચ્છના ક્રોમવેલ જમાદાર ફતેહમહંમદ માત્ર તેર

દિવસના અંતરાલમાં અવસાન પામ્યા અને એ પછી કચ્છની ગાદીના વારસ રાવ ભારમલજીના સાત વર્ષના શાસનમાં કચ્છે પોતાની સ્વાયત્તતા પર બ્રિટિશ હિન્દની સત્તાને હાવી થતી જોઈ, કૅપ્ટન મેકમર્ડોએ બ્રિટિશરોની આગવી રીત મુજબ કચ્છના શાસકો પર પોતાની ધાક જમાવી, કચ્છના ભાયાતી જાગીરદારો અને કચ્છના રાજવી બંને પાસે અંગ્રેજોના સાર્વભૌમત્વનો સ્વીકાર કરાવ્યો.

આમ કચ્છમાં બ્રિટિશ લશ્કરના આગમન સાથે ઈસાઈઓનું સૌપ્રથમ આગમન થયું.

એ સમયે સરકારે બંધાવી આપેલું ચર્ચ કચ્છનું સૌથી જૂનું ચર્ચ છે. ભુજની સેન્ટ ઝેવિયર્સ સ્કૂલના પાછળના ભાગે આવેલા આ ચર્ચ બહાર જે તકતી છે તેના પર નીચે મુજબનું લખાણ છે :

સેન્ટ મેરીઝ કૅથોલિક ચર્ચનો ઘટનાક્રમ (અંગ્રેજીનો ગુજરાતી અનુવાદ)

(૧) પ્રથમ કૅથોલિક પાદરીની નિમણૂક મુંબઈ – ઑર્થોડક્સ ચર્ચ દ્વારા ભુજમાં કરવામાં આવી. ઈ. સ. ૧૮૩૫

(૨) ભુજમાં સૌપ્રથમ કૅથોલિક ચર્ચ મિસ્ટર પી. એ. કેલી દ્વારા બાંધવામાં આવ્યું. ઈ. સ. ૧૮૩૬

(૩) ૧૮૪૮માં આ ચર્ચમાં ભયંકર આગ લાગવાથી એ ચર્ચનો નાશ થયો.

(૪) ત્યાર બાદ એફ. આર. એન્ટોની લોરેન્સ દ્વારા ૧૮૫૧માં એ ચર્ચને ફરીથી એ જ જગ્યાએ બાંધવામાં આવ્યું.

(૫) ૧૯૫૧માં એ પ્રોસ્ટોલિક નામના પ્રવાસી મુલાકાતી દ્વારા આ ચર્ચનું રિનોવેશન કરવામાં આવ્યું.

(૬) ૧૯૭૯માં વાવાઝોડાને કારણે આ ચર્ચનું છાપરું નાશ પામ્યું.

(૭) ૧૯૮૨માં એફ. આર. મેથ્યુ કેલોથોર સી.એમ.-આઈ. દ્વારા આ ચર્ચને પુનઃ બાંધવામાં આવ્યું.

(૮) ૧૯૮૨માં પ્રથમ નિવાસી પાદરી તરીકે ફાધર જ્યૉર્જ કુન્નથની નિમણૂક થઈ.

(૯) ૨૦૦૧માં આ ચર્ચ ભૂકંપના કારણે નાશ પામ્યું.

(૧૦) ૨૦૦૪માં આ ચર્ચનું પુનઃ બાંધકામ કરી આર. ટી. રેવરન્ડ ગ્રેગરી કોરોને દ્વારા ટેમ્પલ ખુલ્લું મૂકવામાં આવ્યું.

આ ચર્ચના નિવાસી ફાધર જ્યૉર્જ કુન્નથ છે. આ ચર્ચમાં સેન્ટ મેરીની પ્રતિમા પણ મૂકેલી છે, જ્યારે પ્રોટેસ્ટન્ટ શાખાનું ચર્ચ જે સીએનઆઈ સેન્ટ ઍન્ડ્રુઝ ચર્ચ તરીકે ઓળખાય છે અને જે સેન્ટ ઍન્ડ્રુઝ સ્કૂલની પાછળના ભાગે આવેલું છે તેની બહાર જે તકતી લાગેલી છે તેની પરનું લખાણ નીચે મુજબ છે :

S. T. Adrew's Church
Built 1856-57
Conserted Dec. 1st 1872

આ ચર્ચમાં કોઈ પ્રતિમા મૂકવામાં આવતી નથી. તેમાં લાકડાંનું ફર્નિચર છે. તેમાં વિવિધ નામ, સાલ કોતરીને લખવામાં આવ્યાં છે. હાલમાં રેવરન્ડ સુરેશ ક્રિશ્ચિયન તેની દેખભાળ કરે છે. તેમના જણાવ્યા અનુસાર મહારાવશ્રી ખેંગારજીએ તેમના મિત્ર એવા અંગ્રેજ અધિકારી જ્હોન હર્બર્ટ સ્મિથને આ જમીન આપી હતી. તેના પર આ ચર્ચ બાંધવામાં આવ્યું છે.

ફાધર જ્યૉર્જ કુન્નથ સાથેની રૂબરૂ મુલાકાત દરમિયાન જાણવા મળ્યું કે પ્રારંભે, એટલે કે રાજાશાહીના વખતમાં બ્રિટિશ અધિકારીઓ, લશ્કરના અધિકારીઓ, રાજદ્વારીઓનો આ રીતે કચ્છમાં પ્રવેશ થયો. આઝાદી પછી કંડલા પૉર્ટ ફ્રી ટ્રેડ ઝોન, આર્મી, એરફોર્સ, બી.એસ.એફ. વગેરેમાં ખ્રિસ્તીઓની સંખ્યા વધતી રહી.

અહીં ધ્યાન ખેંચે તેવી એક બાબત એ છે કે આઝાદી પૂર્વે આવેલા ખ્રિસ્તીઓ વિદેશી હતા, જ્યારે આઝાદી બાદ આવેલા અધિકારી, કર્મચારી કે ધાર્મિક સંસ્થાઓ સાથે જોડાયેલા પાદરીઓ મોટે ભાગે દક્ષિણ ભારતમાંથી આવેલા છે. તેઓ અથવા તેમના પૂર્વજો કન્વર્ટ થયેલા ખ્રિસ્તીઓ છે. ગુજરાતમાં – ખાસ કરીને દક્ષિણ ગુજરાતમાં હિન્દુમાંથી પરિવર્તિત થઈ ખ્રિસ્તી થયેલાની સંખ્યા આણંદ અને તેની આસપાસ વિશેષ છે. કચ્છમાં આઝાદી પછી આવેલા ખ્રિસ્તીઓમાં કે જેમણે

કચ્છને પોતાનું વતન બનાવ્યું છે એવા એક છે ફાધર જ્યૉર્જ કુન્નથ.

કેરાલા રાજ્યના ઈહકી જિલ્લાના મન્નોર ગામના વતની અને કેથોલિક ચર્ચની સીએમઆઈ સોસાયટી સાથે જોડાઈ ૧૮ વર્ષની ઉંમરથી જ આજે પંચોતેર વર્ષની આસપાસ પહોંચેલા આ ફાધરે પોતાનું સમગ્ર જીવન તેમના મિશન દ્વારા સમાજસેવા માટે સમર્પિત કરી દીધું છે. પ્રારંભે બૅંગલોરમાં કાર્ય કર્યા બાદ ૧૯૮૨માં કચ્છ આવ્યા, પછી પરત ગયા નથી. ફાધર જ્યૉર્જે પોતાની તાલીમ દરમિયાન વિવિધ ધર્મોનું જ્ઞાન મેળવ્યું છે. ત્યાર બાદ ભુજથી દસ કિ.મી. દૂર નાગોર રોડ પર આવેલા રાયધણપર ગામની ભાગોળે 'કચ્છ વિકાસ ટ્રસ્ટ' નામની સંસ્થાની સ્થાપના ૨૭ નવેમ્બર ૧૯૮૦માં કરી. આ સંસ્થાના સ્થાપક ડિરેક્ટર ફાધર જ્યૉર્જ કુન્નથે માનવસેવાનું પ્રણ લીધેલું છે. તેમની અથાક મહેનતથી આ સંસ્થાએ વિવિધ પ્રવૃત્તિમાં નામ કાઢ્યું છે.

ખ્રિસ્તીઓનો કેળવણીક્ષેત્રે પ્રભાવ

કચ્છમાં કેળવણી અને તે પણ મુખ્યત્વે અંગ્રેજી માધ્યમના શિક્ષણ માટેનું તેમનું પ્રદાન નોંધપાત્ર છે. ભુજમાં આ ધર્મના અનુયાયી દ્વારા ૧૯૭૬થી સેન્ટ ઝેવિયર્સ સ્કૂલનું સંચાલન થાય છે. હાલમાં કે. જી.થી લઈ ધો. ૧૨ સુધી શિક્ષણ આપતી આ સંસ્થામાં અંદાજે ૨૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. આ ઉપરાંત માઉન્ટ કાર્મેલ ગાંધીધામ, કંડલા, અંજાર, ભચાઉ, નલિયા, નખત્રાણા, માંડવી, મુંદ્રા વગેરે સ્થળે તેમની શાળાઓ આવેલી છે. ભુજની ઑલ્ફ્રેડ જેવી ઐતિહાસિક શાળાનું નામ જ ખ્રિસ્તી ધર્મના વ્યક્તિ પરથી છે.

ભૂકંપમાં મદદ

ભૂકંપ-સમયે કચ્છ વિકાસ ટ્રસ્ટના નેજા હેઠળ આ ધર્મના લોકોએ સેવાકીય કાર્યો કરી પુનઃવસનક્ષેત્રે પ્રદાન કરેલું.

ખ્રિસ્તીધર્મના લોકોની વસતી

ફાધર જ્યૉર્જ કુન્નથના જણાવ્યા અનુસાર અંદાજે ૨૦૦૦થી ૨૫૦૦ની હશે, જેમાં મુખ્યત્વે કંડલા, ગાંધીધામ, આદિપુર ઉપરાંત એરફોર્સ, બી.એસ.એફ. વગેરેનો સમાવેશ થાય છે. તેમાં પણ કચ્છમાં કાયમી વસતા ખ્રિસ્તીઓની વસતી ૧૦૦૦થી ૧૫૦૦ની આસપાસ હોવાનું તેમણે ઉમેર્યું હતું.

ચર્ચની સંખ્યા

ભુજમાં રાયધણપર અને ગાંધીધામ ખાતે સંત થોમસ કેથોલિક ચર્ચ છે. ફાધર થોમસ ઉપરાંત ફાધર સબાસ્ટાન કલતીલ, ફાધર જોસેફ તથા કે. એમ. કુટિયાકોસે વગેરેના નેતૃત્વમાં અહીં વિવિધ ધાર્મિક કાર્યક્રમો તથા પ્રાર્થનાનું આયોજન થાય છે.

નાતાલ, ગુડ ફ્રાઈડે વગેરે તહેવારો અહીં ધામધૂમથી ઊજવાય છે.

બ્રિટિશ સલ્તનતના સમયથી આજપર્યંત કચ્છમાં ખ્રિસ્તીઓનું આગમન એક યા બીજા હેતુસર ચાલુ રહ્યું છે અને તે પૈકીના કેટલાક પરિવારોએ કચ્છને પોતાની કર્મભૂમિ બનાવ્યું છે. સંખ્યાની દૃષ્ટિએ ખ્રિસ્તીઓનું પ્રમાણ અલ્પ હોવા છતાં કચ્છના વિકાસમાં તેમનું યોગદાન રહ્યું છે.

પારસીધર્મ

કચ્છમાં આગમન

'કચ્છમિત્ર'ના 'કચ્છ તારી અસ્મિતા' પ્રકાશન : ૧૯૯૭માં પારસીઓના આગમન અંગે સંજય ઠાકર નોંધે છે કે પારસી કોમનો કચ્છપ્રવેશ ઈ. સ. ૧૮૧૨માં કચ્છના પહેલા પૉલિટિકલ એજન્ટ કૅપ્ટન જેમ્સ મેકમર્ડો સાથે અંજારમાં થયેલો હતો.

શરૂઆતથી જ પાંખી વસતી, પણ પ્રબળ પ્રભાવ

ઈ. સ. ૧૮૧૨માં પારસી કોમની વસતી કચ્છમાં ૪૦ જેટલી હતી, જે વધીને ૧૯૨૧માં ૬૮ થવા પામી હતી. પરંતુ એ પછીના ગાળામાં પારસી વસતી વધી હોવાનું માની શકાય, કારણ કે ભુજના પારસી કબ્રસ્તાનમાં ૧૦૦થી ૧૫૦ જેટલી કબરો આવેલી છે. હાલમાં સમગ્ર કચ્છમાં પારસીઓની વસતી એકાદ ડઝન માંડ છે. આટલી ઓછી વસ્તી હોવા છતાં પારસી-ધર્મના અનુયાયીઓનો સર્વ ક્ષેત્રે પ્રભાવ નોંધપાત્ર છે, જેમાં કચ્છના સ્થાયી થયેલા પારસીઓની મોટા ભાગની અવટંક ભુજવાળા. બોટવાલા, વાડિયા,

ઊનવાલા, દસ્તૂર, ડાંગર વગેરે હતી, જેમાંથી રતનજી વાડિયા ભુજમાં પોસ્ટમાસ્તર હતા, તો તેમના પુત્ર જાલભાઈ વાડિયા એસ.ટી.માં સ્ટોર્સ વિભાગના વડા હતા. તેમનાં પત્ની ફેનીબહેન મૉડર્ન હોટેલ ચલાવતાં હતાં. શ્રી સોરાબજી બોટવાલા સ્ટોર્સ સુપરિન્ટેન્ડેન્ટ હતા. ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી બળવંતરાય મહેતાનું વિમાન સુથરી પાસે તોડી પાડવામાં આવ્યું (૧૯-૯-૧૯૬૫) ત્યારે કચ્છના ડી.એસ.પી. દાદાભાઈ પારસી હતા.

શેઠ ફરામરોજ બેજનજીએ કંડલા પૉર્ટના આર્કિટેક્ટ તરીકે કાર્ય કરેલું છે. તો ૧૮૯૦માં અરદેશર દારાબજી એલ.એમ.પી. ડૉક્ટર થયા હતા. ૧૯૪૫-૪૬માં કોઠાવાલા પોલીસ કમિશનર હતા. જે. જે. નાણાવટી ડિરેક્ટર ઑફ એજ્યુકેશન હતા.

કચ્છમાં પારસીઓની મહાજાતિના અંતિમ અવશેષ એવાં રોડાબહેન બોટવાલા સાથે રૂબરૂ મુલાકાતમાં નીચેની વિગતો જાણવા મળી. ભુજમાં હાલમાં જ્યાં પારસી અગિયારી આવેલી છે ત્યાંથી જૂના 'કચ્છમિત્ર' ભવન સુધી પારસીઓની વસતી રહેતી હતી.

કચ્છમાં પારસીઓની વસતી ભલે ઓછી થતી ગઈ, પણ ભુજ મધ્યે તેમણે બનાવેલી (તા. ૩-૭-૧૯૦૪) અગિયારી અડીખમ ઊભી પારસીઓના ભવ્ય ભૂતકાળની સાક્ષી છે. અગિયારીની જાળવણી તથા ધાર્મિક વિધિ વગેરે પારસીઓના ધર્મગુરુ કરતા-છેલ્લે નારગોલી (દીવ-દમણ બાજુનું ગામ) ત્યાંના બમનશા દસ્તૂર તથા તેમના પુત્ર પરવેઝ આ બધું સંભાળતા હતા. આ અગિયારીનો વહીવટ મુંબઈમાં આવેલું ટ્રસ્ટ 'કચ્છ પારસી અંજુમન' સંભાળે છે.

ભુજ અને માંડવી મધ્યે પારસી કબ્રસ્તાન (આરામગાહ) આવેલાં છે. ભુજમાં આરામગાહ કેમ્પ એરિયાના જેષ્ઠાનગર ખાતે 'શ્રી કચ્છી મેવાડા સુતાર સમાજની વાડી'ની સામેની સાઈડ આવેલું છે, જેમાં સૌથી જૂની કબર તા. ૨૩-૧૧-૧૮૭૦ના મૃત્યુ પામનાર રૂસ્તમજી મહેરવાનજીની છે.

ઇસ્લામધર્મ

કચ્છમાં ઇસ્લામધર્મનું આગમન

કચ્છમાં હિન્દુ-મુસ્લિમ સહિત મોટા ભાગની વસતી મૂળ સિંધમાંથી આવેલી છે. મોટા ભાગના કચ્છી મુસ્લિમ છેલ્લાં એક હજાર વર્ષમાં સિંધમાંથી આવીને સ્થાયી થયા છે. ચારસો વર્ષ અગાઉ કચ્છમાં જાડેજા-વંશના સ્થાપક રાઓ શ્રી ખેંગારજી પહેલાએ સુવ્યવસ્થિત રાજ્યતંત્ર સ્થાપ્યું. તેમણે નવાં શહેરો ભુજ, અંજાર, માંડવી વસાવ્યાં. રાજ્યતંત્ર વ્યવસ્થિત થતાં કચ્છમાં શાંતિ સ્થપાઈ. નવા શહેરના વિકાસ માટે તેમણે સિંધમાંથી અને ગુજરાતમાંથી લોકોને કચ્છ આવી સ્થાયી થવા પ્રોત્સાહન આપ્યું. તે કારણે જુદી-જુદી જાતિઓનું આગમન કચ્છમાં થયું.

કચ્છ અને ઇસ્લામનો સંબંધ ઘણો જૂનો છે. છેક છઠ્ઠા અને સાતમા સૈકાથી મુસ્લિમ આરબ વેપારીઓ અને નાવિકોની સિંધ, કચ્છ, સૌરાષ્ટ્ર વગેરે સમુદ્રકાંઠે અવરજવર રહેતી.

પરદેશી મુસ્લિમોનું આગમન કચ્છમાં સાતમી સદીના મધ્યભાગથી શરૂ કરીને અઢારમી સદીના અંતભાગ સુધી ચાલ્યું. કચ્છમાં પ્રથમ આવનાર મુસ્લિમો કચ્છના કિનારે બગદાદથી મોકલવામાં આવેલ નૌકાદળના આરબ નાવિકો અને સૈનિકો હતા. તેમના પછી ઈરાની અખાતમાંથી આવેલા વેપારીઓએ કચ્છનાં શહેરોમાં વસવાટ કર્યો. અગિયારમી, બારમી અને તેરમી સદીમાં ઉત્તર તરફથી મુસ્લિમ આક્રમણ શરૂ થયાં. નવમી અને દશમી સદીમાં આવેલ પરદેશી યાત્રિકોએ તેમના પ્રવાસવર્ણનમાં કચ્છનાં શહેરોમાં મસ્જિદ હોવાનું નોંધ્યું છે. અગિયારમી સદીમાં મહમદ ગજનવી, બારમી સદીમાં મહમદ ગોરીના સેનાપતિ કુતુબદ્દીન ઐબક તથા તેરમી સદીમાં અલાઉદ્દીન ખીલજીના સેનાપતિ અલફખાને ગુજરાત અને કચ્છ પર આક્રમણ કર્યું. જમીન તથા દરિયાઈ માર્ગે મુસ્લિમ સૈનિકો, વ્યાપારીઓ, આશ્રિતો અને ગુલામો મોટી સંખ્યામાં સિંધ અને કચ્છ આવતા રહ્યા, તેની સાથે-સાથે ધર્મગુરુઓ અને ઉપદેશકો પણ આવ્યા. અગિયારમી સદીના અંતમાં

અરબસ્તાનના યમન પ્રાંતમાંથી શિયા વહોરાઓના વડા ધર્મગુરુ મોટા મુલ્લાસાહેબ તેમના અનુયાયી સાથે ગુજરાત આવ્યા. મુસ્લિમ શાસકો સાથે આવેલા ઇસ્લામી ઉપદેશકો તથા ધર્મગુરુઓનાં સમજાવટ અને પ્રભાવ તેમ જ દિલ્હી તેમ જ ગુજરાતના મુસ્લિમ શાસકોના સમય દરમિયાન ઘણા સ્થાનિક હિન્દુઓએ સિંધ અને ગુજરાતમાં મુસ્લિમધર્મ અંગીકાર કર્યો. કચ્છમાં આવેલા મોટા ભાગના મુસ્લિમો સિંધમાંથી, જ્યારે કેટલાક ગુજરાતમાંથી આવ્યા. મોટા ભાગના કચ્છી મુસ્લિમ છેલ્લાં એક હજાર વર્ષમાં સમયાંતરે કચ્છમાં આવીને વસ્યા.

કચ્છમાં આવેલ મુસ્લિમ જાતિઓમાંના કેટલાકે કચ્છમાં આવ્યા પહેલાં ઇસ્લામધર્મ અપનાવેલ, જ્યારે બીજા કેટલાકે કચ્છમાં આવ્યા પછી ધર્મપરિવર્તન કર્યું. કચ્છમાં કેટલીક જાતિઓ મારવાડ અને ઉત્તર-ભારતમાંથી પણ આવી. મહારાવશ્રી પહેલાના સમયમાં સવાચારસો વર્ષ અગાઉ સિંધમાંથી કચ્છમાં આવેલી જાતિઓમાં સૈયદ, મેમણ, ખોજા, સુમરા, સમા વગેરે જાતિઓનો સમાવેશ થાય છે. કચ્છમાં આવેલ વિવિધ મુસ્લિમ જાતિઓનું આગમન વિકાસ અને પ્રભાવના સંદર્ભે મૂલવતાં સૌપ્રથમ આપણે આરબોનું અરબસ્તાન, પર્સિયન ગલ્ફના દેશો અને ખાસ કરીને મસ્કતથી કચ્છમાં આગમન ઈસવીસનના સાતમા સૈકાથી ઓગણીસમી સદીના અંત સુધી ચાલુ રહ્યું. કચ્છમાં સૈનિકોનો વ્યવસાય કરવા તેઓ વિશેષતઃ આવ્યા અને સ્થાયી થયા. કચ્છરાજ્યમાં પણ આરબ બેરખો (ટુકડીઓ) હતી. તે ઉપરાંત રાજ્યની મહત્ત્વની વ્યક્તિઓ પણ પોતાના અંગરક્ષક તરીકે આરબ બેરખો રાખતા. આ બેરખના નાયકને જમાદાર કહેતા. સૈનિક તથા અંગરક્ષક તરીકે તેમનું નોંધપાત્ર યોગદાન રહ્યું છે.

તુર્ક :

સૈયદ શાહ મુરાદ બુખારી સાથે પોણાચારસો વર્ષો પૂર્વે બે તુર્ક સરદારો તોગાન બિન જલાલ અને અબ્દુલાહ બિન જલાલ પણ આવેલા. કચ્છના તુર્ક આ બે તુર્ક સરદારના વંશજ છે.

કચ્છમાં સીદીઓનું આગમન બે રીતે થયું : (૧) મુંદ્રા-માંડવીના ભાટિયા, ખોજા, લોહાણા અને ભડાલાના વહાણવટી તરીકે તેમ જ તેમના નોકરો તરીકે આવેલા છે. (૨) કચ્છના પ્રથમ રાજવી પહેલા ખેંગારજીને ગુજરાતના સુલતાને પોતાના સૈનિકોની મદદથી ગાદીએ પુનઃ બેસાડેલ, ત્યારે સીદીઓ સૈનિક તરીકે કચ્છમાં આવેલા છે. મહારાવશ્રી દેશળજીના સમયમાં કચ્છના લશ્કરમાં 'સીદી બટાલિયન' હતી. મહારાવશ્રી દેશળજીના અંગરક્ષક અને કારભારી 'સીદી મસૂદ' હતા. કચ્છમાં આવેલા સીદીઓ હજરત બાવાગોર(ર.હ.અ.)ના અનુયાયીઓ મુરીદો છે. કચ્છના સીદીઓ સૈનિક તરીકે રાજ્યને વફાદાર રહ્યા અને કચ્છમાં સ્થાયી થયા. તેઓ બાવાગોરના અનુયાયી મુરીદો હોઈ ગૌમી (સ્ફાઈ) ધમાલની જકરિયો (શાયરીઓ) તળપદી ઉર્દૂમાં ગાય છે, જેમાં હમ્દે બારેતુઆલા (સ્તુતિ) નાતે રસૂલ (સ.વ.) મુનાજાત, શાયરે ઈલ્તેજા વગેરે ગોમી લય અને ઝલકની શૈલી ધીમા સંગીતમાં તેમ જ ધમાલમાં જકરિયો પુરુષો બોલે છે – ગાય છે અને સ્ત્રીઓ ઝીલે છે.

ખોજા :

સાડાપાંચસો વર્ષ અગાઉ ઇસ્માઈલીના ધર્મગુરુ પીર સદરૂદ્દીન કે જે પીર શમસના બાલકો કહેવાય છે તેમણે સિંધમાં હિન્દુ વ્યાપારીઓમાંથી કેટલાક લોકોનું ધર્મપરિવર્તન કરાવ્યું, જેઓ ખોજા કહેવાયા. આ ખોજા કોમના ઘણા લોકો સિંધ, કચ્છ અને ગુજરાત મુંબઈ અને જંગબારમાં ફેલાયા. બાવા હારામ(હરિચંદ)ના વંશજ દાદુ પીર સં. ૧૬૦૬ (ઈ. સ. ૧૫૫૦)માં સિંધનો મુલક છોડી કચ્છમાં આવ્યા, ત્યાંથી નવાગામ ગયા. જામ તમાચીજીના સૂચનથી દાદુ પીર કચ્છનાં ખોજાઓનાં ૫૦ કુટુંબ બોલાવી નવાનગરમાં રહ્યા. આ પછી દાદુ પીર ફરી કચ્છ આવ્યા તે વખતે રાવશ્રી ભારમલજી પહેલા (ઈ. સ. ૧૫૮૬-૧૬૩૨) ગાદીપતિ હતા. એ સમયે વરસાદ ખેંચાઈ જતાં દાદુ પીરે ચાળિયો (ચાળીસ દિવસ સુધી ખુદાની બંદગી કરાવી તે) કર્યો. યોગાનુયોગ વરસાદ થતાં તેમની પ્રશંસા થઈ. દાદુ પીરે

કેટલાક સિંધી ખોજાઓને કચ્છમાં બોલાવી લીધા. દાદુ પીરના વંશજ સલામદીનનો વંશ કચ્છમાં જ રહ્યો.

સં. ૧૯૦૧માં ઈરાનના આગાશાહ હસનઅલી તરફથી તેમના ભત્રીજા આગા જાફરખાન કચ્છ-ભુજમાં અને પછી કેરા આવ્યા હતા. સં. ૧૯૦૪માં ઇસ્લામધર્મ શરીઅત વિશે સવાલો ઊઠતાં કેટલાક ખોજાઓએ આગાખાનને માનવું છોડી દીધું. ખાનું કાઢી મસ્જિદ બંધાવી. તે સમયે તેમનાં આશરે ચારસો કુટુંબ હતાં. તેમાં ચારપાંચ કુટુંબો સુન્ની સિવાય સર્વે શિયા તનાશરી હતા. કચ્છમાં તેમની વસતી મુંદ્રા, નાગલપર તા. અંજાર અને ભુજ તાલુકાના કેરા ખાતે મળે છે. કચ્છમાં ઈસ્નાઅશરી ખોજાનું આસ્થાસ્થાન ગુલામઅલી શાહ પીરની દરગાહ, કેરા મુખ્ય છે.

વહોરા :

કચ્છમાં વસવાટ કરીને સ્થાયી થયેલી વિવિધ જાતિ પૈકી વહોરા એક વિશિષ્ટ કોમ છે. મુસ્લિમધર્મ પાળતા હોવા છતાં અન્ય મુસલમાનોથી કેટલેક અંશે તેઓ જુદા પડે છે. ધાર્મિક રીતે શિયા અને સુન્ની એવા બંને સંપ્રદાય ધરાવતા વહોરાઓ પૈકી કચ્છના વહોરાઓ શિયાપંથી અકીરો રાખનાર કોમ છે. કચ્છમાં મુખ્યત્વે દાઉદી વહોરાની વસતી છે. આ દાઉદી વહોરા કચ્છમાં આજથી લગભગ ૩૫૦ વર્ષ પહેલાં હાલાર-(જામનગર)થી કચ્છમાં આવ્યા. દાઉદી વહોરાના ૩૪મા ધર્મગુરુ સૈયદના ઇસ્માઈલજી બહરૂદ્દીન સાહેબ (પહેલા) જેઓ મૂળ જામનગરના જ વતની હતા.

કચ્છમાં વહોરાઓની વસતી ૨૦૦૦થી ૨૫૦૦ સુધીની છે. મુખ્યત્વે ભુજ, માંડવી, અંજાર, મુંદ્રા, નલિયા ખાતે રહે છે. વ્યવસાયે લોખંડ, હાર્ડવેર, રંગ, સાબુ, કાગળ, ઇમારતી લાકડું વગરે ધંધામાં તેમનો સિંહફાળો રહ્યો છે.

મેમણ :

વેપાર-ઉદ્યોગના ખેલંદા કચ્છી મેમણનું આગમન કચ્છમાં ઈ. સ. ૧૫૪૮થી ૧૫૮૪ના ગાળામાં મહારાવશ્રી ખેંગારજી પહેલાના સમયમાં થયું. સિંધના બરાયા ગામેથી સુંદરજી જે ધર્મપરિવર્તન કરી 'આદમ' બન્યા હતા તેમના પૌત્ર કાના સાથે કચ્છમાં આવ્યા હતા. મેમણોને આવકારતાં રાજા તરફથી 'શેઠ'નો માનવંત ઇલ્કાબ તથા ખાસ પોશાક ભેટ આપવામાં આવ્યો હતો. હાલમાં ધંધાર્થે કચ્છમાં જુદાં-જુદાં સ્થળે સ્થાયી થયા છે.

આ ઉપરાંત ખત્રી, સોનારા, કમાંગર, ઘાંચી, કુંભાર, લોહાર, હજામ, લંઘા વગેરે જાતિઓનું કચ્છમાં આગમન થતું રહ્યું. આ દરેક પોતાની સૂઝ અને આવડત પ્રમાણે કચ્છના વિકાસમાં યોગદાન આપતા રહ્યા અને સમાજજીવન પર તેમનો વિવિધ ક્ષેત્રે પ્રભાવ પડતો રહ્યો.

જૈનધર્મ

જૈનધર્મ કે જૈનદર્શન વિશ્વનાં મહાન તત્ત્વજ્ઞાનોમાં સ્થાન પામે છે. જૈનધર્મે વિશ્વને ઘણું આપ્યું છે. ભારતવર્ષમાં જૈનવિચારધારાનું યોગદાન અમીટ છે.

કચ્છની ધરા પર આ પુનિત પ્રવાહ ક્યારથી પ્રવાહિત થયો એ અંગે વિદ્વાનોના જુદા-જુદા મત નીચે મુજબ છે. શ્રી ઉમિયાશંકર અજાણીના મતાનુસાર રતિલાલ દીપચંદ દેસાઈ કૃત 'શ્રી ભદ્રેશ્વર વસઈ મહાતીર્થ'માં દર્શાવેલા વિક્રમ સંવત ૧૯૩૯ના એક શિલાલેખમાં ભદ્રેશ્વરનું મંદિર ક્યારે કોણે બંધાવ્યું તેની વિગતો દર્શાવવામાં આવી છે. આ શિલાલેખના ઉલ્લેખ મુજબ કચ્છદેશમાં ભદ્રાવતી નામની નગરી હતી. તેમાં મહાન ઋષિવાન દેવચંદ નામના શ્રાવકે લાખોના લેખે દ્રવ્ય ખર્ચીને વીર નિર્વાણ સંવત ૨૩માં એક દેરાસર બંધાવ્યું હતું. આ ઉલ્લેખના આધારે કહી શકાય કે મહાવીરસ્વામીના સમયે કચ્છમાં જૈનધર્મ પ્રવર્તતો હતો. તો સુધા પી. ઝવેરી 'કચ્છ તારી અસ્મિતા'- (૧૯૯૬)ના અંકમાં પૃ. ૨૯૮ પરના તેમના 'જીવદયાના જસભાગી જૈન' નામક લેખમાં જણાવે છે કે ઠેઠ પ્રાચીનકાળથી વેપાર અને વાણિજ્ય સાથે સંકળાયેલા વૈશ્ય વણિકોનું મહત્ત્વ સમગ્ર ભારતમાં રહ્યું છે.

જૈનધર્મનો વિકાસ

કચ્છના શાસકોનો જૈનધર્મ પ્રત્યેનો આદરભાવ હંમેશાં પ્રશંસનીય રહ્યો હતો, જે નીચેના આધારો પરથી કહી શકાય.

રાવશ્રી ખેંગારજી પહેલાના (ઈ. સ. ૧૫૧૦થી ૧૫૮૬) રાજ્યશાસનમાં કટોકટીના સમયમાં કચ્છના સીમાડે ધ્રાંગધ્રા પાસે ચરાડવા ગામમાં રહેતા ગોરજી શ્રી માણેક મેરજીએ રાવ ખેંગારજીને પોતાના જ્ઞાનને બળે એમનું ઉજ્જ્વળ ભવિષ્ય ભાખીને જે સાથ અને સાંગ (મોટો તોલદાર ભાલો) આપ્યાં હતાં. તેમણે કચ્છના લોહીનીતરતા ઇતિહાસને સુખ શાંતિજનક નવો વળાંક આપ્યો હતો. રાવશ્રી ખેંગારજીએ એમને કચ્છમાં ભુજ બોલાવી તેમને માટે ખાસ પોશાળ બંધાવી આપીને રાજ્યમાં તેમને વિશિષ્ટ દરજ્જો આપી કૃતજ્ઞતા દર્શાવી હતી.

તો શ્રી કલ્યાણસાગરસૂરિ અને કચ્છના રાવ ભારમલજી(ઈ. સ. ૧૫૮૬-૧૬૩૨)નો સ્નેહાદર ઇતિહાસપ્રસિદ્ધ છે. આચાર્યના ઉપદેશથી ભારમલજીએ પોતાના રાજ્યમાં જૈનધર્મના ઉદાત્ત સિદ્ધાંતોના પ્રસારાર્થે સહયોગ આપ્યો હતો અને પોતાના જીવનમાં પણ કેટલાક સિદ્ધાંતો અપનાવ્યા હતા, જેને અનુસરી રાવશ્રીએ માંસાહારનાં પ્રત્યાખ્યાન કર્યાં. પર્યુષણમાં પોતાના રાજ્યમાં આઠ દિવસ સુધી 'અમારી પડહ'ની ઉદ્‌ઘોષણા કરાવી. ભુજમાં રાજવિહાર નામક જિનપ્રસાદ બંધાવ્યો. રાવ ભારમલજીના કુંવર ભોજરાજજી પણ આચાર્યના ભક્ત હતા. આચાર્ય વિનયસાગરે રાવ ભોજરાજજીની તુષ્ટિ માટે એમની વિનંતીથી 'ભોજ વ્યાકરણ' સંસ્કૃત પદ્યમાં રચ્યું હતું.

૧૭મા સૈકામાં રાવશ્રી પ્રાગમલજીએ (ઈ. સ. ૧૬૯૮-૧૭૧૫) તપગચ્છના શ્રી વિવેકહર્ષગણિની અને અચલગચ્છના શ્રી કલ્યાણસાગરસૂરિજીની પ્રેરણાથી ધર્મનાં અને લોકકલ્યાણનાં અનેક કાર્યો કર્યાં હતાં અને રાજ્યમાં કેટલાક દિવસો માટે 'અમારી'નું-જીવરક્ષાનું પ્રવર્તન પણ કર્યું હતું. ગોવધ હંમેશને માટે બંધ કરાવ્યો હતો. નોંધનીય છે કે શ્રી વિવેકહર્ષગણિની પ્રેરણાથી ભુજ અને મોટી ખાખરમાં દેરાસરો બંધાયાં હતાં. ભદ્રેશ્વર પાસે વડાલાનું દેરાસર પણ એમની પ્રેરણાથી જ બંધાયું હતું એમ કહેવાય છે.

મહારાવ શ્રી લખપતજી(ઈ. સ. ૧૭૫૨-૧૭૬૧)ની વિદ્યાપ્રીતિ ઇતિહાસપ્રસિદ્ધ છે. પોતે પણ કવિ હતા. તેમના સમયમાં અદ્વિતીય કહી શકાય એવી વ્રજભાષા પાઠશાળાની સ્થાપના (ઈ. સ. ૧૭૪૯) થઈ હતી. રાજસ્થાનના કિસનગઢથી જૈન યતિ કનકકુશળજીને બોલાવી, તેમને 'ભટ્ટારક'ની પદવીથી વિભૂષિત કરી, આ પાઠશાળાના આચાર્યપદે બેસાડ્યા હતા.

૨૦૦૧ના ભૂકંપમાં રાપર(કચ્છ)નું ૨૧૨ વર્ષ જૂનું જિનમંદિર સંપૂર્ણ નષ્ટ થયું, પરંતુ તેમાંથી એક શિલાલેખ મળી આવ્યો હતો. આ શિલાલેખનો શબ્દશઃ અંશ 'ભૂકંપમાં ભ્રમણ' પુસ્તક, પૃ. ૧૨૮ પર નીચે મુજબ નોંધેલો છે : 'કચ્છના મહારાજા લખપતજી થયા. તેમના પછી ગોડજી થયા. તેમની ગાદીએ રાયધણજી આવ્યા. તેમના આદેશથી આ મંદિર બન્યું છે'. રાવ શ્રી રાયધણનું ઐતિહાસિક દૃષ્ટિએ મૂલ્યાંકન કરતી વખતે આ બાબતની નોંધ થાય તે જરૂરી છે.

તપગચ્છના યતિશ્રી ખાંતિવિજયજીને રાવ શ્રી દેશળજી બીજાએ (ઈ. સ. ૧૮૧૯-૧૮૬૧) ભદ્રેશ્વર-તીર્થનો ઉદ્ધાર કરાવી આપવાનું વચન આપ્યું હતું અને આ મહાતીર્થની ઉપેક્ષા બદલ કચ્છના જૈનસંઘના અગ્રેસરોને ઠપકો આપી, છેવટે એનું સમારકામ સારી રીતે થાય એવી ગોઠવણ એમણે કરી હતી. તેઓની હયાતીમાં આ કામ પૂરું ન થયું તેથી એમના ઉત્તરાધિકારી મહારાવશ્રી પ્રાગમલજી બીજાએ (ઈ. સ. ૧૮૬૧-૧૮૭૬) પૂરું કરાવ્યું હતું.

મહારાવશ્રી ખેંગારજી ત્રીજાના સમયમાં પાટણથી શ્રી નગીનદાસ કરમચંદ સંઘવીએ સંઘયાત્રા (ઈ. સ. ૧૯૨૭) કાઢેલ, જેને પૂરતો સહયોગ આપેલ.

કચ્છના રાજવીઓ પર જૈન સાધુઓના આચરણના તથા જૈનધર્મના પ્રભાવ વિશે શ્રી ઉમિયાશંકરભાઈ 'કચ્છમાં જૈન સંસ્કૃતિ – એક દૃષ્ટિપાત'ના અભિપ્રાયમાં નોંધે છે કે તા. ૧૩-૮-૧૯૪૩ના એક ઠરાવ કચ્છરાજ્યે બહાર પાડેલ અને તે દ્વારા જણાવેલ કે શ્રાવણ સુદ ૧૨થી તે ભાદરવા

સુદ ૫ સુધી કોઈએ કોઈ પ્રકારે જીવહિંસા કરવી-કરાવવી નહીં. લોધીઓએ માછલી પકડવી પણ નહીં, વેચવી પણ નહીં. મુસલમાનો આ પરંપરાનો આદર કરતા. જીવદયાની સાથે વહેવારુ બનેલ મહાજન લોધીઓની આજીવિકાની પણ ચિંતા કરતા. પર્યુષણના આઠઆઠ દિવસો માટે લોધીઓને શરૂઆતમાં રોજની ૨ કોરી અને તે પછીની રોજની ૩ કોરી આપતા.

જૈનધર્મના વિકાસમાં જૈન યતિઓનો ફાળો

જૈનધર્મના પ્રચાર-પ્રસારમાં જૈન યતિઓનો પણ પ્રભાવ રહ્યો છે, જેમાં ગોરજી માણકમેરજીનું સ્થાન મહત્ત્વનું છે. અગાઉ નોંધ્યું તેમ મહારાવશ્રી ખેંગારજીએ તેમને રાજ્યાશ્રય આપેલ, જેના દ્વારા તે જૈનધર્મના સિદ્ધાંતોનો પ્રચાર કરવામાં યશસ્વી નીવડ્યા છે. તો મહારાવશ્રી દેશળજી બીજા(ઈ. સ. ૧૮૧૯-૧૮૬૧)ના સમયમાં તેના દરબારમાં ચૌદ નવરત્નો હતાં. તેમાં પ્રથમ ત્રણ તો અનુક્રમે અંજાર-ગોરજી મોતીચંદજી, (૨) ભુજની મોટી પોશાળના યતિ માણેકમેરજી, (૩) માંડવીના ગોરજી ખાંતિવિજયજી. ઉપરોક્ત યતિશ્રીઓએ પોતાના વિવિધ ક્ષેત્રના જ્ઞાનના આધારે જૈનધર્મના વિકાસમાં મહત્ત્વનું યોગદાન આપ્યું છે.

યતિની જેમ કચ્છમાં દીવાનપદે પણ હંસરાજ શાહ અને આશકરણ શાહે પોતાના દીવાનપદ તથા રાજા પરના પ્રભાવને લઈને જૈનધર્મના વિકાસમાં યોગદાન આપ્યું.

જૈનધર્મનું સૌભાગ્ય એ રહ્યું કે એ જ્ઞાતિ-ધર્મમાંથી દીવાન, યતિ, શ્રેષ્ઠીઓ, વેપારીઓ સારી સંખ્યામાં થતા રહ્યા, જેમણે પોતાની શક્તિ અનુસાર જૈનધર્મના વિકાસમાં ફાળો આપ્યો, જેમાં જૈનધર્મ-શ્રેષ્ઠીઓનું પ્રદાન નોંધપાત્ર રહ્યું.

જૈનધર્મના પ્રસાર માટે શ્રેષ્ઠીઓની લોકકલ્યાણની નીતિ પણ એટલી જ મહત્ત્વની છે, જેટલી જૈન મુનિઓ અને જૈન યતિઓની. કચ્છમાં જૈન શ્રેષ્ઠીઓની નામના, પ્રતિષ્ઠા, દીનદુખિયાંની સેવા, કાર્યશક્તિ અને પ્રભાવશીલતા પ્રશંસનીય રહી છે, જેમાં સૌથી પ્રથમ નામ આવે છે જગડુશાહ.

કંથકોટમાં શ્રીમાળી સોલ નામે દાની ધર્માત્મા થઈ ગયા તેમના પુત્ર તે જગડુશાહ. જગડુશાહ જૈનધર્મના ચુસ્ત અનુયાયી હતા, પરંતુ તેમનામાં સંકીર્ણવૃત્તિનું નામનિશાન ન હતું. મુસ્લિમો માટે તેમણે ભદ્રેશ્વરમાં ખીમલી મસ્જિદ બંધાવી, ઓખામંડળમાં હરસિદ્ધમાતાનું સ્થાનક સ્થાપિત કરાવ્યું, ભદ્રેશ્વરમાં તેમણે એકાવન જિનપ્રાસાદ બંધાવ્યા. એક અન્ય પરંપરા અનુસાર તેમણે ભદ્રાવતીનગરીમાં ૧૦૮ જૈન મંદિર બંધાવ્યાં હતાં. ધાર્મિક વૃત્તિના આ ધનાઢ્યે જુદા-જુદા ધર્માવલંબીઓ માટે અનેક ધાર્મિક સ્થાનોમાં સુવિધાઓ ઊભી કરી હતી. તેમની ધર્મપરાયણતા જોઈને આચાર્ય પરમદેવસૂરિએ તેમને સંઘપતિનું તિલક કર્યું. ત્યાર બાદ તેઓ ત્રણ વાર શાનદાર સંઘ લઈને શત્રુંજયતીર્થની યાત્રાએ ગયા. જગડુશાહના સમયમાં કચ્છમાં જામ ઓઢાનું (ઈ. સ. ૧૨૨૫-૧૨૫૫) રાજ્ય હતું.

વિ. સં. ૧૩૧૧(ઈ. સ. ૧૨૫૫)માં જગડુશાહ એક વખત પરમદેવસૂરિ આચાર્યનું વ્યાખ્યાન સાંભળવા ગયા ત્યારે 'દાન' વિશે વ્યાખ્યાન આપ્યા પછી ગુરુદેવે જગડુશાને એકાંતમાં બોલાવી કહ્યું, 'તમારી લક્ષ્મીના સદ્વ્યયનો પ્રસંગ આવી રહ્યો છે. હવે ત્રણ વર્ષ સુધી ઉપરાઉપરી દુષ્કાળ આવશે, તેથી બને તેટલું ધાન્ય ભરી લોકોને જિવાડશો.' ને બન્યું પણ એમ જ. જગડુશાહે સિંધ, ઉજ્જૈન, દિલ્હી, કાશી, કંધાર આદિના અનેક રાજવીઓને દુષ્કાળ સમયે મદદ કરી હતી. એ રીતે તેમને 'જગદાતાર'નું બિરુદ પ્રાપ્ત થયું હતું. આ મદદના મૂળમાં જૈનધર્મનો વ્યાપક પ્રભાવ રહ્યો છે. 'જીવદયા' જેવો સિદ્ધાંત કે પૃથ્વી પરના તમામ જીવો પર દયા કરવી – એ પછી તે કોઈપણ પ્રદેશના હોય – આવા જગડુશાહનો પ્રભાવ પણ જે-તે રાજવી પર પડે તે સ્વાભાવિક છે અને એ પ્રભાવ ધર્મના પ્રચાર-પ્રસારમાં ઉપકારક નીવડે તે સમજી શકાય તેવી બાબત છે.

જૈનધર્મના પ્રસાર માટે દાતાર ઉપરાંત સમાજમાં વગદાર, મોભાદાર વ્યક્તિઓનો પણ ફાળો નોંધપાત્ર છે, જેમાં ૧૯૪૦માં કચ્છના પ્રવાસે આવેલા જૈન મુનિ શ્રી વિદ્યાવિજયજી મહારાજ તેમના પુસ્તક 'મારી કચ્છયાત્રા'માં નોંધે છે તે મુજબ : 'ચાતુર્માસની સ્થિતિ

રાવશ્રી ખેંગારજી પહેલાના (ઈ. સ. ૧૫૧૦થી ૧૫૮૬) રાજ્યશાસનમાં કટોકટીના સમયમાં કચ્છના સીમાડે ધ્રાંગધ્રા પાસે ચરાડવા ગામમાં રહેતા ગોરજી શ્રી માણેક મેરજીએ રાવ ખેંગારજીને પોતાના જ્ઞાનને બળે એમનું ઉજ્જ્વળ ભવિષ્ય ભાખીને જે સાથ અને સાંગ (મોટો તોલદાર ભાલો) આપ્યાં હતાં. તેમણે કચ્છના લોહીનીતરતા ઇતિહાસને સુખ શાંતિજનક નવો વળાંક આપ્યો હતો. રાવશ્રી ખેંગારજીએ એમને કચ્છમાં ભુજ બોલાવી તેમને માટે ખાસ પોશાળ બંધાવી આપીને રાજ્યમાં તેમને વિશિષ્ટ દરજ્જો આપી કૃતજ્ઞતા દર્શાવી હતી.

તો શ્રી કલ્યાણસાગરસૂરિ અને કચ્છના રાવ ભારમલજી(ઈ. સ. ૧૫૮૬-૧૬૩૨)નો સ્નેહાદર ઇતિહાસપ્રસિદ્ધ છે. આચાર્યના ઉપદેશથી ભારમલજીએ પોતાના રાજ્યમાં જૈનધર્મના ઉદાત્ત સિદ્ધાંતોના પ્રસારાર્થે સહયોગ આપ્યો હતો અને પોતાના જીવનમાં પણ કેટલાક સિદ્ધાંતો અપનાવ્યા હતા, જેને અનુસરી રાવશ્રીએ માંસાહારનાં પ્રત્યાખ્યાન કર્યાં. પર્યુષણમાં પોતાના રાજ્યમાં આઠ દિવસ સુધી 'અમારી પડહ'ની ઉદ્‌ઘોષણા કરાવી. ભુજમાં રાજવિહાર નામક જિનપ્રસાદ બંધાવ્યો. રાવ ભારમલજીના કુંવર ભોજરાજજી પણ આચાર્યના ભક્ત હતા. આચાર્ય વિનયસાગરે રાવ ભોજરાજજીની તુષ્ટિ માટે એમની વિનંતીથી 'ભોજ વ્યાકરણ' સંસ્કૃત પદ્યમાં રચ્યું હતું.

૧૭મા સૈકામાં રાવશ્રી પ્રાગમલજીએ (ઈ. સ. ૧૬૯૮-૧૭૧૫) તપગચ્છના શ્રી વિવેકહર્ષગણિની અને અચલગચ્છના શ્રી કલ્યાણસાગરસૂરિજીની પ્રેરણાથી ધર્મનાં અને લોકકલ્યાણનાં અનેક કાર્યો કર્યાં હતાં અને રાજ્યમાં કેટલાક દિવસો માટે 'અમારી'નું-જીવરક્ષાનું પ્રવર્તન પણ કર્યું હતું. ગોવધ હંમેશને માટે બંધ કરાવ્યો હતો. નોંધનીય છે કે શ્રી વિવેકહર્ષગણિની પ્રેરણાથી ભુજ અને મોટી ખાખરમાં દેરાસરો બંધાયાં હતાં. ભદ્રેશ્વર પાસે વડાલાનું દેરાસર પણ એમની પ્રેરણાથી જ બંધાયું હતું એમ કહેવાય છે.

મહારાવ શ્રી લખપતજી(ઈ. સ. ૧૭૫૨-૧૭૬૧)ની વિદ્યાપ્રીતિ ઇતિહાસપ્રસિદ્ધ છે. પોતે પણ કવિ હતા. તેમના સમયમાં અદ્વિતીય કહી શકાય એવી વ્રજભાષા પાઠશાળાની સ્થાપના (ઈ. સ. ૧૭૪૯) થઈ હતી. રાજસ્થાનના કિસનગઢથી જૈન યતિ કનકકુશળજીને બોલાવી, તેમને 'ભટ્ટારક'ની પદવીથી વિભૂષિત કરી, આ પાઠશાળાના આચાર્યપદે બેસાડ્યા હતા.

૨૦૦૧ના ભૂકંપમાં રાપર(કચ્છ)નું ૨૧૨ વર્ષ જૂનું જિનમંદિર સંપૂર્ણ નષ્ટ થયું, પરંતુ તેમાંથી એક શિલાલેખ મળી આવ્યો હતો. આ શિલાલેખનો શબ્દશઃ અંશ 'ભૂકંપમાં ભ્રમણ' પુસ્તક, પૃ. ૧૨૮ પર નીચે મુજબ નોંધેલો છે : 'કચ્છના મહારાજા લખપતજી થયા. તેમના પછી ગોડજી થયા. તેમની ગાદીએ રાયધણજી આવ્યા. તેમના આદેશથી આ મંદિર બન્યું છે'. રાવ શ્રી રાયધણનું ઐતિહાસિક દૃષ્ટિએ મૂલ્યાંકન કરતી વખતે આ બાબતની નોંધ થાય તે જરૂરી છે.

તપગચ્છના યતિશ્રી ખાંતિવિજયજીને રાવ શ્રી દેશળજી બીજાએ (ઈ. સ. ૧૮૧૯-૧૮૬૧) ભદ્રેશ્વર-તીર્થનો ઉદ્ધાર કરાવી આપવાનું વચન આપ્યું હતું અને આ મહાતીર્થની ઉપેક્ષા બદલ કચ્છના જૈનસંઘના અગ્રેસરોને ઠપકો આપી, છેવટે એનું સમારકામ સારી રીતે થાય એવી ગોઠવણ એમણે કરી હતી. તેઓની હયાતીમાં આ કામ પૂરું ન થયું તેથી એમના ઉત્તરાધિકારી મહારાવશ્રી પ્રાગમલજી બીજાએ (ઈ. સ. ૧૮૬૧-૧૮૭૬) પૂરું કરાવ્યું હતું.

મહારાવશ્રી ખેંગારજી ત્રીજાના સમયમાં પાટણથી શ્રી નગીનદાસ કરમચંદ સંઘવીએ સંઘયાત્રા (ઈ. સ. ૧૯૨૭) કાઢેલ, જેને પૂરતો સહયોગ આપેલ.

કચ્છના રાજવીઓ પર જૈન સાધુઓના આચરણના તથા જૈનધર્મના પ્રભાવ વિશે શ્રી ઉમિયાશંકરભાઈ 'કચ્છમાં જૈન સંસ્કૃતિ – એક દૃષ્ટિપાત'ના અભિપ્રાયમાં નોંધે છે કે તા. ૧૩-૮-૧૯૪૩ના એક ઠરાવ કચ્છરાજ્યે બહાર પાડેલ અને તે દ્વારા જણાવેલ કે શ્રાવણ સુદ ૧૨થી તે ભાદરવા

સુદ ૫ સુધી કોઈએ કોઈ પ્રકારે જીવહિંસા કરવી-કરાવવી નહીં. લોધીઓએ માછલી પકડવી પણ નહીં, વેચવી પણ નહીં. મુસલમાનો આ પરંપરાનો આદર કરતા. જીવદયાની સાથે વહેવારુ બનેલ મહાજન લોધીઓની આજીવિકાની પણ ચિંતા કરતા. પર્યુષણના આઠઆઠ દિવસો માટે લોધીઓને શરૂઆતમાં રોજની ૨ કોરી અને તે પછીની રોજની ૩ કોરી આપતા.

જૈનધર્મના વિકાસમાં જૈન યતિઓનો ફાળો

જૈનધર્મના પ્રચાર-પ્રસારમાં જૈન યતિઓનો પણ પ્રભાવ રહ્યો છે, જેમાં ગોરજી માણકમેરજીનું સ્થાન મહત્ત્વનું છે. અગાઉ નોંધ્યું તેમ મહારાવશ્રી ખેંગારજીએ તેમને રાજ્યાશ્રય આપેલ, જેના દ્વારા તે જૈનધર્મના સિદ્ધાંતોનો પ્રચાર કરવામાં યશસ્વી નીવડ્યા છે. તો મહારાવશ્રી દેશળજી બીજા(ઈ. સ. ૧૮૧૯-૧૮૬૧)ના સમયમાં તેના દરબારમાં ચૌદ નવરત્નો હતાં. તેમાં પ્રથમ ત્રણ તો અનુક્રમે અંજાર-ગોરજી મોતીચંદજી, (૨) ભુજની મોટી પોશાળના યતિ માણેકમેરજી, (૩) માંડવીના ગોરજી ખાંતિવિજયજી. ઉપરોક્ત યતિશ્રીઓએ પોતાના વિવિધ ક્ષેત્રના જ્ઞાનના આધારે જૈનધર્મના વિકાસમાં મહત્ત્વનું યોગદાન આપ્યું છે.

યતિની જેમ કચ્છમાં દીવાનપદે પણ હંસરાજ શાહ અને આશકરણ શાહે પોતાના દીવાનપદ તથા રાજા પરના પ્રભાવને લઈને જૈનધર્મના વિકાસમાં યોગદાન આપ્યું.

જૈનધર્મનું સૌભાગ્ય એ રહ્યું કે એ જ્ઞાતિ-ધર્મમાંથી દીવાન, યતિ, શ્રેષ્ઠીઓ, વેપારીઓ સારી સંખ્યામાં થતા રહ્યા, જેમણે પોતાની શક્તિ અનુસાર જૈનધર્મના વિકાસમાં ફાળો આપ્યો, જેમાં જૈનધર્મ-શ્રેષ્ઠીઓનું પ્રદાન નોંધપાત્ર રહ્યું.

જૈનધર્મના પ્રસાર માટે શ્રેષ્ઠીઓની લોકકલ્યાણની નીતિ પણ એટલી જ મહત્ત્વની છે, જેટલી જૈન મુનિઓ અને જૈન યતિઓની. કચ્છમાં જૈન શ્રેષ્ઠીઓની નામના, પ્રતિષ્ઠા, દીનદુખિયાંની સેવા, કાર્યશક્તિ અને પ્રભાવશીલતા પ્રશંસનીય રહી છે, જેમાં સૌથી પ્રથમ નામ આવે છે જગડુશાહ.

કંથકોટમાં શ્રીમાળી સોલ નામે દાની ધર્માત્મા થઈ ગયા તેમના પુત્ર તે જગડુશાહ. જગડુશાહ જૈનધર્મના ચુસ્ત અનુયાયી હતા, પરંતુ તેમનામાં સંકીર્ણવૃત્તિનું નામનિશાન ન હતું. મુસ્લિમો માટે તેમણે ભદ્રેશ્વરમાં ખીમલી મસ્જિદ બંધાવી, ઓખામંડળમાં હરસિદ્ધમાતાનું સ્થાનક સ્થાપિત કરાવ્યું, ભદ્રેશ્વરમાં તેમણે એકાવન જિનપ્રાસાદ બંધાવ્યા. એક અન્ય પરંપરા અનુસાર તેમણે ભદ્રાવતીનગરીમાં ૧૦૮ જૈન મંદિર બંધાવ્યાં હતાં. ધાર્મિક વૃત્તિના આ ધનાઢ્યે જુદા-જુદા ધર્માવલંબીઓ માટે અનેક ધાર્મિક સ્થાનોમાં સુવિધાઓ ઊભી કરી હતી. તેમની ધર્મપરાયણતા જોઈને આચાર્ય પરમદેવસૂરિએ તેમને સંઘપતિનું તિલક કર્યું. ત્યાર બાદ તેઓ ત્રણ વાર શાનદાર સંઘ લઈને શત્રુંજયતીર્થની યાત્રાએ ગયા. જગડુશાહના સમયમાં કચ્છમાં જામ ઓઢાનું (ઈ. સ. ૧૨૨૫-૧૨૫૫) રાજ્ય હતું.

વિ. સં. ૧૩૧૧(ઈ. સ. ૧૨૫૫)માં જગડુશાહ એક વખત પરમદેવસૂરિ આચાર્યનું વ્યાખ્યાન સાંભળવા ગયા ત્યારે 'દાન' વિશે વ્યાખ્યાન આપ્યા પછી ગુરુદેવે જગડુશાને એકાંતમાં બોલાવી કહ્યું, 'તમારી લક્ષ્મીના સદ્વ્યયનો પ્રસંગ આવી રહ્યો છે. હવે ત્રણ વર્ષ સુધી ઉપરાઉપરી દુષ્કાળ આવશે, તેથી બને તેટલું ધાન્ય ભરી લોકોને જિવાડશો.' ને બન્યું પણ એમ જ. જગડુશાહે સિંધ, ઉજ્જૈન, દિલ્હી, કાશી, કંધાર આદિના અનેક રાજવીઓને દુષ્કાળ સમયે મદદ કરી હતી. એ રીતે તેમને 'જગદાતાર'નું બિરુદ પ્રાપ્ત થયું હતું. આ મદદના મૂળમાં જૈનધર્મનો વ્યાપક પ્રભાવ રહ્યો છે. 'જીવદયા' જેવો સિદ્ધાંત કે પૃથ્વી પરના તમામ જીવો પર દયા કરવી – એ પછી તે કોઈપણ પ્રદેશના હોય – આવા જગડુશાહનો પ્રભાવ પણ જે-તે રાજવી પર પડે તે સ્વાભાવિક છે અને એ પ્રભાવ ધર્મના પ્રચાર-પ્રસારમાં ઉપકારક નીવડે તે સમજી શકાય તેવી બાબત છે.

જૈનધર્મના પ્રસાર માટે દાતાર ઉપરાંત સમાજમાં વગદાર, મોભાદાર વ્યક્તિઓનો પણ ફાળો નોંધપાત્ર છે, જેમાં ૧૯૪૦માં કચ્છના પ્રવાસે આવેલા જૈન મુનિ શ્રી વિદ્યાવિજયજી મહારાજ તેમના પુસ્તક 'મારી કચ્છયાત્રા'માં નોંધે છે તે મુજબ : 'ચાતુર્માસની સ્થિતિ

દરમિયાન જે કેટલીય શુભ પ્રવૃત્તિઓ થઈ છે તેમાં જૈનોમાં ધ્યાન, જ્ઞાન, તપશ્ચર્યા અને પર્યુષણના તહેવારોમાં હંમેશના નિયમ મુજબની ધામધૂમો તો હતી જ, તે ઉપરાંત સ્વર્ગસ્થ જગતપૂજ્ય ગુરુદેવ શ્રી વિજયધર્મસૂરિ મહારાજનો ૧૮મો "પુણ્યતિથિ ઉત્સવ" ઘણા જ સમારંભ સાથે ઊજવાયો હતો. આ ઉત્સવના પ્રમુખ તરીકે કરાંચીના ભૂતપૂર્વ મેયર અને સિંધ ધારાસભાના મેમ્બર ભાઈ રૂસ્તમ સીધવા એરોપ્લેનથી આવ્યા હતા. ગુજરાત, કાઠિયાવાડ અને સમગ્ર કચ્છમાંથી સેંકડો લોકો આ ઉત્સવમાં ભાગ લેવા આવ્યા હતા. આ જયંતીની ઉજવણીનું શ્રેય કચ્છના મહારાજકુમાર સાહેબશ્રી વિજયરાજજી સાહેબના ફાળે જાય છે. આ જયંતીની બધી વ્યવસ્થા માટે નગરશેઠ સાકરચંદભાઈના પ્રમુખપણા નીચે એક વગદાર કમિટી નીમવામાં આવી હતી. આ ઉપરાંત કચ્છ સ્ટેટના ખાનગી ખાતાના ઑફિસર શ્રીયુત હીરાચંદભાઈ સંઘવી અને તેમના પુત્ર વાડીલાલભાઈની ભક્તિ પ્રશંસનીય દેખાતી હતી.' આમ, સમાજમાં જે વ્યક્તિ પ્રભાવક હોય – પછી એ વ્યક્તિ જે ધર્મની અનુયાયી હોય એ ધર્મનો પણ જાણ્યે-અજાણ્યે સમાજ પર પ્રભાવ પડતો હોય છે. જૈનધર્મના પ્રભાવમાં મહાજન ઉપરાંત સમૃદ્ધિને કારણે જીવકલ્યાણ-પ્રવૃત્તિ જે કચ્છમાં મોટે ભાગે કોઈ પણ ધર્મ-જાતિના ભેદભાવ વિના થતી તેથી આડકતરી રીતે પણ જૈનધર્મનો અન્ય સમાજ પર પ્રભાવ રહેતો.

જૈનધર્મે માત્ર આ લોક અને પરલોકની વાતો કરી વિરમી ન જતાં સેવાની સુવાસ સમગ્ર કચ્છમાં ફેલાવી છે. હાલમાં કચ્છમાં ચાલતી સખાવતી સંસ્થાઓની યાદી જોઈએ તો તે બાબત સ્પષ્ટ થાય છે કે 'જીવદયા'ના મંત્રને જૈનોએ ખરા અર્થમાં જીવનમાં ઉતાર્યો છે. તેમને મળેલી સમૃદ્ધિ માત્ર પોતાના સ્વાર્થ-શોખમાં ન વાપરતાં માનવતાનાં – સેવાનાં કાર્યોમાં એ સંપત્તિનો સદુપયોગ કરી, જૈનધર્મનો પ્રભાવ જાળવવામાં – વિકાસ કરવામાં સહાયભૂત થયા છે. ધર્મની સાથે એ પ્રવૃત્તિઓ દ્વારા માનવીની મોટી સેવા કરી છે.

કચ્છમાં જૈન જાતિ અને ગચ્છો

જૈનધર્મના અલગ સમૂહો બન્યા જે ગચ્છ તરીકે ઓળખાયા જેમ કે – અચલગચ્છ, ખરતરગચ્છ, તપગચ્છ, પાયચંદગચ્છ, પાર્શ્વચંદ્રગચ્છ, લોકાગચ્છ, તેરાપંથ. આ બધાનું પ્રચલન કચ્છમાં જોવા મળે છે. તેમ જ કચ્છના જૈનોમાં મુખ્ય ઓશવાળ અને શ્રીમાળી ઓશવાળ, 'ગુર્જર' અને 'કચ્છી' એમ બે વિભાગ જોવા મળે છે. વળી 'ગુર્જર' અને 'કચ્છી' વીશા, દશા ને પાંચા એમ પાછા ભેદો છે. કચ્છી ઓસવાળોમાં 'કચ્છી વીશા ઓસવાળ' અને 'કચ્છી દશા ઓસવાળ' એમ બે ભાગ છે. આ ભેદનું કારણ એમ દર્શાવાય છે કે જેઓ પુનર્લગ્ન કરતા હતા તેઓ 'દશા' અને નહીં કરનારા 'વીશા'. કચ્છી વીશા ઓસવાળોમાં પુનર્લગ્નઃ પ્રતિબંધ છે, જ્યારે દશા ઓસવાળોમાં પુનર્લગ્ન સ્વીકૃત છે.

સ્થાનકવાસી વિશે 'કથાસૂત્ર'માં જાણવા મળે છે તે મુજબ લોકાગચ્છના મુનિશ્રી ઇંદરજીસ્વામી અને તેમના શિષ્યો ઈ. સ. ૧૭૭૨માં કચ્છ આવ્યા, જેમાં માંડવી, મુંદ્રા, અંજાર અને ભુજમાં તેમણે સારો ધર્મપ્રચાર કર્યો. આજે પણ તેમનાં સ્થાનકો આવેલાં છે. કાળક્રમે તેમના શ્રાવકો જુદા-જુદા સ્થાનકવાસી સંપ્રદાયમાં ભળી ગયા. સમય જતાં સ્થાનકવાસી સંપ્રદાયમાં ઈ. સ. ૧૯૨૮માં છ કોટિ અને આઠ કોટિ એમ બે પક્ષ થયા. તેમાં છ કોટિમાં શ્રી અજરામરજી સ્વામી થયા. કેટલાંક વર્ષ બાદ આઠ કોટિના પણ, આઠ કોટિ મોટી પક્ષ અને આઠ કોટિ નાની પક્ષ એમ બે ભાગ પડ્યા. આઠ કોટિ મોટી પક્ષમાં પૂ. આચાર્ય શ્રી દેવજીસ્વામી ગચ્છાધિપતિ થયા અને આઠ કોટિ નાની પક્ષમાં પૂ. આચાર્યશ્રી જસરાજજી સ્વામી થયા.

પ્રાચીન તીર્થ વસઈ – ભદ્રેશ્વર

૨૦૦૧માં ભયાનક ભૂકંપમાં ખંડેર બની ગયેલ અને હાલમાં જીર્ણોદ્ધાર પામતું વસઈ જૈનોનું મહાતીર્થ છે. એક માન્યતા પ્રમાણે તે ૨૫૦૦ વર્ષ જૂનું છે. મુનિશ્રી ખાંતિવિજયજીએ એકત્ર કરેલી માહિતી મુજબ સં. ૪૪૯માં આ મંદિરો ભદ્રાવતીના સિદ્ધસેને બંધાવેલાં ત્યાર પછી સંવત ૬૧૮માં ભદ્રાવતી કનકસેન

ચાવડાની સત્તા નીચે આવતાં એનો જીર્ણોદ્ધાર કરાવેલો અને એ ભદ્રાવતીમાંથી ભદ્રેશ્વર બન્યું.

શાહસોદાગર જગડુશાહના સમયમાં સંવત ૧૩૧૫(ઈ. સ. ૧૨૫૯)માં જીર્ણોદ્ધાર થયો. સંવત ૧૫૯૩માં મુસ્લિમ આક્રમણખોરોના હાથે આ મંદિરમાં લૂંટફાટ થઈ. આ મહાતીર્થની અવદશા થઈ. જૈન મુનિ શ્રી ખાંતિવિજયજીએ કચ્છના રાવ શ્રી દેશળજી અને પ્રાગમલજીની સહાયથી ઈ. સ. ૧૮૦૨માં જીર્ણોદ્ધાર કરાવ્યો. ઈ. સ. ૧૮૧૬માં અંગ્રેજ રેસિડેન્ટ મેકમર્ડો અને ચાર્લ્સ વોલ્ટરે પણ જીર્ણોદ્ધાર માટે સહાય કરી હતી. આમ કાળની અનેક થપાટો ખાઈને પુનઃ જીર્ણોદ્ધાર પામતા આ મંદિરનું ભવ્ય પુનઃ નિર્માણકાર્ય ચાલી રહ્યું છે.

મોટી પંચતીર્થી

કચ્છની મોટી પંચતીર્થીમાં જૈન ચૈત્યો સુથરી, કોઠારા, જખૌ, નલિયા અને તેરા એ પાંચ ગામોનો સમાવેશ થાય છે, જેમાં સુથરી તીર્થ ધૃતકલ્લોલ પાર્શ્વનાથના તીર્થ તરીકે નામાંકિત થયું. તેની પ્રતિષ્ઠા ઈ. સ. ૧૮૪૦માં થયેલી.

કોઠારા : શ્રેષ્ઠીઓ દ્વારા નિર્મિત આ મંદિરના મૂળનાયક શ્રી શાંતિનાથ પ્રભુ છે. આ તીર્થ ૧૮૬૧-૬૨માં નિર્માણ પામ્યું. કચ્છની નાની પંચતીર્થીમાં મુંદ્રા, ભુજપુર, નાની-મોટી ખાખર, બિદડા અને માંડવીનો સમાવેશ થાય છે. આ ઉપરાંત બોંતેર જિનાલય અચલગચ્છાધિપતિ પૂ. આચાર્ય શ્રી ગુણસાગરસૂરિશ્વરજીની પ્રેરણાથી નિર્માણ પામેલું છે.

ભુજનાં જૈન દેરાસર અને સ્થાનકો

ભુજનું સૌથી પહેલું જિનાલય ડાંડાબજારમાં આવેલ મોટી પોશાળનું જિનાલય છે, જે ગોરજી માણેકમેરજીના સમયમાં બંધાયેલ છે. આ ઉપરાંત ઈ. સ. ૧૫૪૪માં ભુજમાં વાણિયાવાડ ડેલામાં તપગચ્છનું દેરાસર બંધાયું, તો શ્રી ચિંતામણિ પાર્શ્વનાથનું દેરાસર ઈ. સ. ૧૬૦૭માં વાણિયાવાડ ડેલામાં બંધાયું તે અચલગચ્છનું છે. તો ઈ. સ. ૧૭૯૪માં વાણિયાવાડ ડેલામાં ખરતરગચ્છનું દેરાસર બંધાયું. આ ઉપરાંત દાદાવાડી, જેમાં ઈ. સ. ૧૯૫૩માં આચાર્ય જિનપ્રભસૂરિજીના હસ્તે ગુરુદેવશ્રી જિનદત્તસૂરિજીની ભવ્ય મૂર્તિ તથા દાદાસાહેબની, જિનચંદ્રસૂરિજીની તથા દાદા જિનકુશળસૂરિજીની ચરણપાદુકાઓને વિધિપૂર્વક ગુરુમંદિરમાં સ્થાપિત કરવામાં આવી. આ ઉપરાંત સંભવનાથ જિનાલય, ઘંટાકર્ણ મહાવીરનું મંદિર, થોભશેરીનું ગુરુમંદિર, શિવપારસ, આઠ કોટિ મોટી પક્ષનાં સ્થાનકો, છ કોટિ જૈન સ્થાનકો, આઠ કોટિ નાની પક્ષનાં સ્થાનકોનાં ઘણાં તીર્થસ્થળો – જિનમંદિરો આવેલાં છે.

કચ્છના કેટલાક સાધુભગવંતો

કચ્છમાં શ્રી કુશલચંદ્રજી, કલ્યાણચંદ્રજી, વ્રજપાલજી સ્વામી, ઉપાધ્યાય લબ્ધિમુનિ, જેમણે ૧૨ જેટલા સંસ્કૃત ગ્રંથોની રચના કરી છે, આચાર્ય દેવેન્દ્રસૂરિ જે શાસ્ત્રનાં અવતરણો, પૃષ્ઠસંખ્યા અને શ્લોકસંખ્યા સહિત કહી શકતા. જિનેન્દ્રસાગરસૂરિ, સાગરચંદ્રસૂરિ, મુનિ દેવચન્દ્રજી અને મુનિ રત્નચંન્દ્રજી વિદ્વાન સાધુઓ હતા.

૧૧મા કે ૧૨મા સૈકામાં અચલગચ્છની સ્થાપના કરનાર આર્યરક્ષિતસૂરિ, શ્રી કલ્યાણસાગરસૂરિ, ગૌતમસાગરસૂરિ વગેરે મહાન જૈનાચાર્યો ગઈ ગયા. આચાર્ય ગુણસાગરસૂરિ અને એમના શિષ્ય શ્રી ગુણોદયસાગરસૂરિ તથા શ્રી કલાપ્રભસાગરસૂરિ વગેરે વિદ્વાન સાધુભગવંતો છે. આ ગુણસાગરસૂરિજીએ ૧૧૯ જેટલા ગ્રંથની રચના કરી છે કે સંપાદન કર્યું છે. ખરતરગચ્છના પૂ. શ્રી લબ્ધિમુનિજી, શ્રી જયાનંદમુનિજી જ્યારે વાગડમાં પૂજ્ય શ્રી જિતવિજયજી, દાદાશ્રી પદ્મવિજયજી, કનકવિજયજી, આ ઉપરાંત પાર્શ્વચંદ્રગચ્છના શ્રી ભુવનચંદ્રજી, અન્ય સાધુભગવંતોમાં પૂ. પ્રાણલાલ મુનિ, પૂ. રમેશ મુનિ, પૂ. દિનેશ મુનિ, પૂ. નરેશ મુનિ, પૂ. કુશલ મુનિ મ.સા., પૂ. કવીન્દ્રસાગરજી, પૂ. તારાચંદમુનિ, પૂ. કંચનસાગર મુનિ મ.સા. આ સૌ મુનિયો પોતાનાં જ્ઞાન અને તપ દ્વારા જૈનધર્મના વિકાસમાં યોગદાન આપી રહ્યા છે.

૪. કચ્છનું અર્થકારણ

ડૉ. તુષાર હાથી

રાજકોષીય અર્થતંત્ર :

વર્તમાન લોકશાહીને માણી રહેલા નાગરિકો પૈકી યુવાન પેઢીની સમજ એવી છે કે લોકશાહી વ્યવસ્થાના ભાગરૂપે આપણે ત્યાં જે રાજ્યનું અર્થકારણ જોવા મળે છે તે આટલા વ્યવસ્થિત સ્વરૂપે પૂર્વકાળમાં જોવા મળતું ન હતું. આ સંદર્ભમાં જો ઇતિહાસનાં પૃષ્ઠોને ઉથલાવીએ તો વાસ્તવિક ચિત્રનો ખ્યાલ આવે.

''રાજકોષ'' એ મૂળ ગ્રીક 'Fisc' શબ્દ ઉપરથી અંગ્રેજીમાં 'Fiscal' શબ્દ પ્રયોજવામાં આવ્યો અને ગુજરાતી ભાષામાં તેને ''રાજકોષ'' તરીકે ઓળખવામાં આવે છે. લોકકલ્યાણ અર્થે જે રોજબરોજનો વહીવટ ચલાવવાનો થાય તેમાં ''તંત્ર''ને થતા ''ખર્ચ''ને પહોંચી વળવા માટે ''આવક''નાં સાધનો પણ ઊભાં કરવાં પડે. આ સંદર્ભમાં ''રાજ્ય મહેસૂલ''ની વ્યવસ્થા અમલમાં હતી. કચ્છમાં રાજકોષના સંદર્ભમાં મહેસૂલી વ્યવસ્થા અંગેનો ચિતાર વિવિધ ગ્રંથોમાં જોવા મળે છે. તે પૈકી સૌથી વધુ વિગતપૂર્ણ અને પદ્ધતિસરનું ચિત્ર શ્રી બી. એમ. બૂચના કચ્છમાં જાગીરદારી પ્રથા અહેવાલ (૧૯૫૧)માં પ્રાપ્ત છે. ૩૯૯ જેટલાં તત્કાલીન ગામડાંઓનાં સર્વેક્ષણનો અહેવાલ તેની ઐતિહાસિક પૃષ્ઠભૂમિ સાથે પ્રસિદ્ધ થયેલ છે.

ઈ. સ. ૧૮૧૯ની ૧૩મી ઑક્ટોબરના દિવસે તત્કાલીન બ્રિટિશ ઇસ્ટ ઇન્ડિયા કંપની અને કચ્છ રજવાડા સાથેની સંધિની કલમ ૧૬ અને ૧૮માં દર્શાવેલ હતું તે મુજબ ''બિનખાલસા'' ગામડાંઓ જાગીરદારોના કબજામાં હતાં અને તેમને કેટલીક ખાતરીપૂર્વકની સત્તાઓ સુપરત કરવામાં આવી હતી. આ સંધિ અંતર્ગત તત્કાલીન જાગીરદારોને તેમની ''જાગીર'' હેઠળનાં ગામડાંઓની સંપત્તિનું ખાનગી વ્યક્તિઓ સુધ્ધાંને વેચાણ કરવાની સત્તા હતી. તે સમયે જાગીરોનું પાંચ પ્રકારે વિભાજન થયેલું હતું, જેમાં ઈ. સ. ૧૮૧૯થી ૧ જૂન ૧૯૪૮ સુધી તે સમયનાં સત્તાધીશ કુટુંબોના સભ્યો, ઈ. સ. ૧૯૪૭ના સ્વતંત્રતા ધારા હેઠળ આવરી લેવાયેલ ગામડાંઓ કે ગામડાંઓના અંશો જે ગિરાસદારોએ ''ખાતરી'' ગુમાવેલ કે જેમની પાસે ''ખાતરી'' ન હતી તેવાં ''ભાયાત'' કે ''ગરાસિયા'' કુટુંબો, જેઓ ઈ. સ. ૧૮૧૯ પહેલાં પણ જમીન ધરાવતા હોય પણ જેઓ રાજપૂત કુટુંબના વડા કે વારસદાર ન હોય પણ ઈ. સ. ૧૮૧૯ની સંધિની કલમ ૧૬ હેઠળ આવરી લેવાયેલ હોય અને એવા ''શાહુકારો'' કે જેઓ ''ગિરાસ'' જમીનની ખરીદી કરી હોય તેમનો સમાવેશ થતો હતો.

આ ઐતિહાસિક અહેવાલમાં નોંધાયેલ છે તેમ ઈ. સ. ૧૮૧૯ અને ૧૮૧૯ના તબક્કામાં તત્કાલીન મહારાવશ્રી ભારમલજીના ઇસ્ટ ઇન્ડિયા કંપની સાથેના અઘટિત વ્યવહારોથી કેટલાક વ્યવસ્થાના પ્રશ્નો ઊભા થયા હતા જે વેળાએ ભાયાતોએ કંપની શાસનની તરફદારી કરી હતી.

ઇસ્ટ ઇન્ડિયા કંપનીના નિયામકમંડળે આ સંધિ હેઠળની ''ખાતરી'' બાબત રુક્ષ વ્યવહાર અપનાવેલ, જેના પરિણામસ્વરૂપે રાજકારભારમાં ઘણી અગવડ વેઠવી પડી હતી. આ સંદર્ભમાં શ્રી બૂચના વિસ્તૃત અહેવાલના ૭૫ અને ૭૬મા પરિચ્છેદમાં સ્પષ્ટ ઉલ્લેખ

છે તેમ જાગીરદારો કચ્છ દરબારની સેવા જાળવે તે શરતે "જાગીર"ના ભોગવટાનો અધિકાર આપવામાં આવેલ, જેના કારણે "ગિરાસદાર" અને/અથવા રાજપૂત સૂત્રધારો કે જેઓ જાગીર ધરાવતા હતા તેઓએ રાજ્યના વહીવટ માટે ભરણું ફરજિયાત કરવું પડતું હતું. પરંતુ જ્યારે જાગીરદારો આ ભરણા માટે નામુકર થયા હતા તે વેળાએ કચ્છ દરબારને "આયાત-નિકાસ અને નગર-જકાત" લાદવાની ફરજ પડી હતી. આમ થવાથી વ્યાપારવણજમાં અવરોધ ઊભા થયા હતા અને રાજ્યનો વિકાસ ખોરંભે પડ્યો હતો.

નાણાકીય ઉત્તરદાયિત્વ નિર્ધારિત કરવાના હેતુથી તત્કાલીન "બૉમ્બે ગવર્નમેન્ટ" દ્વારા ઈ. સ. ૧૮૮૯માં પેસ્તનજી જહાંગીરની નિમણૂક કરવામાં આવી હતી, જે અન્વયે વહીવટી ખર્ચ માટે જાગીરદારોનું ભરણું નક્કી કરવા યોગ્ય સૂચનો કરવાનાં હતાં. પેસ્તનજી જહાંગીરના અહેવાલને ધ્યાનમાં લઈને જાગીરદારોની કચ્છ દરબાર માટેની વ્યક્તિગત સેવાઓ પણ મુકરર કરવામાં આવી હતી. આ ઉપરાંત તત્કાલીન બૉમ્બે ગવર્નમેન્ટ દ્વારા કરવેરા-સ્વરૂપે જાગીરદારોએ સામાન્ય વહીવટમાં પ્રદાન કરવા અંગે એક ખાસ ઉલ્લેખ એવો પણ છે કે ઈ. સ. ૧૮૧૯ હેઠળની સંધિના લાભાર્થીઓમાં ૧૮૯૨થી ૧૯૪૨ના સમયગાળામાં બહારથી આવેલાનો સમાવેશ થઈ શકશે નહીં.

ઈ. સ. ૧૯૪૩માં બૉમ્બેના તત્કાલીન નિવૃત્ત ચીફ પ્રેસિડેન્સી મૅજિસ્ટ્રેટ રાવબહાદુર ઇન્દ્રવદન મહેતાને કચ્છની સંધિના ૧૪ લાભાર્થી ધારકોની યોગ્યતા સંદર્ભે તપાસ સુપરત કરવામાં આવી હતી. આ તપાસના અહેવાલના ભાગરૂપે "વેસ્ટર્ન ઇન્ડિયા સ્ટેટ એજન્સી"ની સંમતિથી આ વિશેષાધિકાર નાબૂદ કરવામાં આવ્યો. ૧૯૪૭ની ૨૪મી માર્ચના નોટિફિકેશન નં. ૩૯૪થી જારી કરવામાં આવેલ આદેશ અલબત્ત, ૨૬ માર્ચ ૧૯૪૭ના નં. ૪૯થી રદ કરવામાં આવેલ, કેમ કે તે સમયે કચ્છ-સંઘનું "કેન્દ્રીય ભારત"માં વિલીનીકરણ થયું હતું.

કચ્છ-સંઘ રાજ્યના તાબા હેઠળનાં ૯૦૧ ગામડાંઓને "ખાલસા", ખાલસા-મજમુ સંચાલન હેઠળની જાગીર અને "ઇનામ" એમ ચાર પ્રકારમાં વિભાજિત કરવામાં આવેલાં હતાં. ૯૦૧ પૈકીનાં ૧૫૩ ગામડાંઓ "ખાલસા" હતાં, ૧૨૮ ખાલસા-મજમુ હતાં, જ્યારે બાકીનાં ૬૨૦ ગામડાંઓ ત્રીજી અને ચોથી શ્રેણીમાં હતાં.

ખાલસા ગ્રામ આર્થિક વહીવટ :

ખાલસા ગામ રાજ્યના તાબા હેઠળ હતાં, જેમને ભોગ આપવો ફરજિયાત હતો એટલે કે આ ગામડાંઓને જમીન-મહેસૂલ-વસૂલીનો અધિકાર હતો. આ ગામડાંઓમાં કચ્છ રાજવીને ભોગ આપવાની શરતે ખેડૂતોને "બુટાહક" આપવામાં આવેલ. આ સંજોગોમાં બુટાદારે ભોગ ઉપરાંત બુટકડ નામનો વેરો આપવો ફરજિયાત હતો.

આ "બુટાહક"નો હેતુ બહારથી ખાતેદારોને આકર્ષવાનો હતો. બુટાહક એ સુવાંગ માલિકીનો હક્ક હતો, જે કાયમી, વારસાગત અને કચ્છ રાજવીને ભોગ આપવાની શરતે તબદીલપાત્ર હતો. આ પ્રકારના ભોગવટાનો અધિકાર ૨૮૧ જેટલાં ખાલસા અને ખાલસા રાજ્ય પ્રકારનાં ગામડાંઓને સુપરત થયેલ હતો, જ્યારે "સંચાલન હેઠળના જાગીર" કે "ઇનામ"ના વર્ગનાં ગામડાંઓમાં ઇનામ દ્વારા ખાતેદારોને આવા અધિકાર નહોતા આપવામાં આવ્યા.

આ બુટા પણ બે સ્વરૂપના જોવા મળતા હતા. ખેડાણપાત્ર જમીનો માટેના બુટાને "ચાસબુટા" તરીકે અને બિનખેડાણપાત્ર જમીન માટેના બુટાને "ગોખરૂબુટા" કબજા-કિંમત વગર લીઝ ઉપર આપવામાં આવતા હતા, જે "અઘાટ ટકા" સ્વરૂપના પ્રીમિયમની ચુકવણીની શરતે જાગીરદારની મંજૂરીથી તબદીલપાત્ર હતા.

૧૯૫૩માં જોવા મળેલ નોંધ મુજબ ખાતેદારોને "બુટાહક" નીચેની શરતોને આધીન આપવામાં આવતા હતા.

૧. દસ વર્ષથી જમીન ખેડનારને કોઈ જ કબજા-કિંમત વગર આ અધિકાર આપવામાં આવે.

૨. પછી ૧૦ વર્ષના સમયગાળાથી જમીન ખેડનારને એક આકારણી સમયની કબજા-કિંમત વસૂલીને આ અધિકાર આપવામાં આવે.

૩. પછી પણ ઓછાં વર્ષથી જમીન ખેડનારને આ અધિકાર બે "આકારણી" સમકક્ષની બજારકિંમત વસૂલીને આપવામાં આવે.

ખાલસા-મજમુ ગામડાં :

અત્રે "ખાલસા-મજમુ"નો જે ઉલ્લેખ છે તે સ્પષ્ટપણે સૂચવે છે કે આ ગામડાંઓની મહેસૂલ નિશ્ચિત પ્રમાણમાં "શાસક" અને "ઇનામદાર" વચ્ચે વહેંચી દેવામાં આવતી હતી. મૂળભૂત રીતે આ ગામડાંઓ કચ્છરાજના તાબામાં ન હતાં, પરંતુ આ ગામડાંઓના વહીવટી સંચાલન માટે થઈને અને / અથવા આગોતરા પેરણીના અનુસંધાને આ મહેસૂલી અધિકાર હતો. વહીવટ સામાન્ય રીતે "ખાલસા"-પદ્ધતિની જેમ જ થતો હતો, પરંતુ ગામડાંઓની ઊપજ પૈકી કેટલોક હિસ્સો "જાગીરદાર" કે "ઇનામદાર"ને ચૂકવવામાં આવતો હતો.

રાજ્યના સંચાલન હેઠળનાં જાગીર ગામડાં :

આ પ્રકારમાં નીચેના સંજોગોમાં ગામડાંઓને મૂકવામાં આવેલાં હતાં :

૧. સંચાલન

૨. કબજેદારના મૃત્યુના કારણે અને રાજકર્તાની ખાસ ઇચ્છાના કારણે.

મુખ્યત્વે આ પ્રકારનાં ગામડાંને "ધર્માદા જાગીર" તરીકે ઓળખવામાં આવતાં હતાં. રાજ્ય હસ્તક આવ્યા બાદ આ ગામડાંઓનો વહીવટ પણ "ખાલસાગામ"ની પદ્ધતિથી જ થતો હતો, જ્યારે "ઇનામદારો"ની શ્રેણી હસ્તકનાં ગામડાંઓ ગુજરાતનાં અન્ય "ઇનામી" ગામડાંઓથી અલગ ખાસિયત ધરાવતાં હતાં. કચ્છનાં "ઇનામી" ગામડાંઓ કચ્છરાજના તાબા હેઠળનાં ન હતાં પરંતુ સ્વતંત્ર હતાં. તેઓ રાજકર્તાઓને કોઈ જ પ્રકારનું ચુકવણું કરતાં ન હતાં. આ ઇનામદારો "ભોગ" ઉઘરાવતા હતા પણ "દરબાર"ને આપતા ન હતા અને જો કોઈ સંજોગોમાં ઇનામદાર "ઇનામ" હેઠળનો ૧/૪ ભોગ ઇનામ બિનઇનામીને આપે તો તે ખરીદનાર "બિનઇનામી" પણ ઇનામદાર ગણાતો હતો. વાસ્તવમાં તત્કાલીન ગુજરાતનાં અન્ય ગામડાંઓમાં પ્રવર્તમાન પદ્ધતિ કરતાં કચ્છની આ ઇનામદાર-પ્રથાની આગવી વિરોધાભાસી ખાસિયત હતી.

કચ્છમાં પણ પરંપરાગત "ભાગબટાઈ"ની પદ્ધતિ અમલમાં હતી, જેમાં પિયત વગરની જમીન ઉપરની પેદાશનો ૧/૪ હિસ્સો અને પિયતની જમીન ઉપરની પેદાશનો ૧/૫ હિસ્સો રાજ્યમાં જમા કરાવવાનો રહેતો હતો. "ખાલસા" ગામડાંઓમાં ચરિયાણ જમીન ઉપર રાજ્યનો કોઈ જ હક્ક રહેતો ન હતો. ભોગ તરીકે જાણીતી આ મહેસૂલ જણસ-રૂપે વસૂલ કરવામાં આવતી હતી. પાકની લણણી પૂર્વે "ધ્રુ" (તલાટી) પાકનું જાત નિરીક્ષણ કરીને પરવાનગી આપે પછી જ લણણી શક્ય બનતી. પેદાશ લીધા પછી રાજ્યના "ખળાવાડ"માં તે જમા કરાવવાની રહેતી. ગામનાં બધાં જ ખેતરોની પેદાશની પ્રક્રિયા ખળાવાડમાં પૂર્ણ થાય પછી ધ્રુ (તલાટી) દ્વારા ખાલસા અધિકારીને જાણ કરવામાં આવતી હતી અને તદનુરૂપ પ્રત્યેક ખેડૂતે લીધેલ પ્રત્યેક પાકની કુલ પેદાશની નોંધ "ભોગવહી"માં થતી અને પછીથી તેના હિસ્સા કરવાના આદેશ જારી થતા જે પૈકીનો ૧/૪ હિસ્સો "રાજભોગ" તરીકે ઓળખાતો હતો.

રાજભોગ સિવાય પણ કેટલાક લાગા-ટકા વસૂલ કરવામાં આવતા હતા, જેનું પ્રમાણ, અલબત્ત, દરેક ગામમાં અલગઅલગ જોવા મળતું હતું. "ખાલસા" ગામ અને "બિનખાલસા" ગામમાં આ વસૂલાતની પ્રક્રિયા ભિન્ન સ્વરૂપની જોવા મળતી હતી. તત્કાલીન કચ્છરાજ્યમાં આ સઘળી પ્રક્રિયામાં "તલાટી" ચાવીરૂપ ભૂમિકા ભજવતા હતા.

મહત્ત્વનો મુદ્દો એ છે કે "ખાલસા" કે "બિનખાલસા" ગામમાં જમીનને લગતા દસ્તાવેજો-

નોંધની જાળવણી માટે પણ સ્વતંત્ર પ્રકારની વ્યવસ્થા હતી. ઈ. સ. ૧૮૮૫માં પ્રસિદ્ધ થયેલ "દેશી શિરસ્તાસંગ્રહ"માં તેની વિગતવાર નોંધ જોવા મળે છે અને તે જ પ્રમાણે વહીવટી નોંધની પ્રક્રિયા અમલમાં હતી. આ વિવિધ પ્રકારની નોંધમાં "ભોગવહી" (કબજા અંગેનું રજિસ્ટર), કોઠારવહી (જમા થયેલ કૃષિપેદાશની નોંધ), નીલા-શેઢા-વહી (પાકનો નિરીક્ષણ-અહેવાલ) ભારવહી (મોકલાયેલ કૃષિપેદાશ નોંધ), દાણા કલાવહી, પગચાલવહી, ખાતાવહી વગેરે મુજબ ગણાવી શકાય.

સ્વતંત્રતા પછી જૂન ૧૯૪૮થી કચ્છરાજ્ય ભારતીય રાષ્ટ્રનો હિસ્સો બનતાં "સી" શ્રેણીમાં તેનો સમાવેશ થયો અને મુખ્ય કમિશનરના વડપણા હેઠળ સમગ્ર વહીવટી માળખું ગોઠવાયેલું જોવા મળે છે. ૧૯૫૦ મે માસ પછી ધી બૉમ્બે લૅન્ડ રેવન્યૂ કોડ, ૧૮૭૯ મામલતદાર કૉર્ટ્સ ઍક્ટ, ૧૯૦૬, ધી બૉમ્બે રેવન્યૂ ટ્રીબ્યુનલ, ૧૯૩૮ અને ધી બૉમ્બે ટેનન્સી ઍન્ડ ઍગ્રિકલ્ચરલ લૅન્ડ ઍક્ટ – ૧૯૪૮નું અમલીકરણ થયું.

સ્વતંત્ર ભારતનો હિસ્સો બન્યા પછી વખતોવખત આર્થિક આયોજનના ભાગરૂપ જે સુધારાઓ અમલમાં આવ્યા તેનો પણ કચ્છ જિલ્લામાં સ્વાભાવિક રીતે જ અમલ થયેલો જોવા મળે છે, જેમાં ખાસ નોંધનીય એવા પ્રારંભિક વિધેયક ગણોતસુધાર 'ખેડે તેની જમીન' વગેરે ઉલ્લેખનીય છે.

રાજ્યની તિજોરીમાં નિશ્ચિત પ્રમાણે જમીન-મહેસૂલ કે તે પ્રકારની આવક પ્રાપ્ત થાય તેની સાથોસાથ ખેડૂતોનાં હક્કહિતને પણ જફા ન પહોંચે તેવા હેતુથી ખાલસા તેમ જ બિનખાલસા ગામો જે પૂર્વકાલીન કચ્છરાજ્યનાં હતાં તેના વિવાદી પ્રશ્નોના નિકાલ અર્થે તથા જે ગામડાંઓના સર્વેક્ષણની કામગીરી બાકી હતી તે કામગીરી 'સર્વે ઑફ ઇન્ડિયા'ને સુપરત કરવામાં આવી હતી, જે કામગીરી લગભગ ત્રીજી પંચવર્ષીય યોજના સુધી અર્થાત્ ૧૯૬૪–૬૫ સુધી ચાલુ રહી હતી.

આ સમગ્ર પ્રક્રિયાનો અર્થકારણ સાથે સીધો સંબંધ જોવા મળે છે. જમીનની પુનઃ આકારણી હાથ ધરવામાં આવતાં એ સ્પષ્ટ થયેલ કે અગાઉ કરવામાં આવેલ આકારણીના દર તુલનાત્મક રીતે ઊંચા નક્કી થયા હતા. ૧૯૪૧થી ૧૯૫૧ના સમયગાળામાં રાજની તિજોરીમાં આ જૂના દર પ્રમાણે રકમની વસૂલાત થઈ હતી. કચ્છ સરકારે તેમાં સુધારો કરીને રાપર તાલુકાને બાદ કરતાં, અન્ય તાલુકાઓમાં જૂના દરમાં ૨૫%નો ઘટાડો કર્યો હતો અને રાપર તાલુકામાં આ દરનું પ્રમાણ ૩૭.૫ ટકા ઘટાડવામાં આવેલ. તે સમયે જમીનના વર્ગીકરણમાં કેટલાક ફેરફારો કરવામાં આવ્યા હતા અને તેને અનુરૂપ દરમાં પણ તફાવત જોવા મળતા હતા. તેવી જ રીતે કચ્છરાજ્ય ભારતીય સંઘમાં ભળ્યા પછી ૧૯૬૦ સુધી અને ૧૯૬૦ પછી ગુજરાતના અંગરૂપે ૧૯૬૪–૬૫ સુધી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ દ્વારા વિવિધ પ્રકારના "સેસ"ની વસૂલાત કરવામાં આવતી હતી.

અલબત્ત, ૧૯૬૧ પછી ગુજરાત પંચાયત અધિનિયમ અંતર્ગત તે અંગેના અધિકારોમાં પણ કેટલાક મહત્ત્વના ફેરફારો કરવામાં આવેલા હતા.

સ્વતંત્રતા પછીના કચ્છની જે વિગતો વિશેષ પ્રાપ્ય છે તે તપાસતાં એ સ્પષ્ટ થાય છે કે ઇન્ડિયન સ્ટૅમ્પ્સ ઍક્ટ-૧૮૮૯ હેઠળ વેચાણવેરા, બૉમ્બે મોટર વ્હીકલ ઍક્ટ ૧૯૫૮, તેમ જ ગુજરાત કૅરેજ ઑફ ગુડ્ઝ ટૅક્સેશન ઍક્ટ-૧૯૬૨ હેઠળ વાહનવેરો, આબકારી જકાત – આ સઘળા વેરાની વસૂલાતનું તંત્ર ગોઠવાયેલું હતું.

કૃષિ અર્થકારણ :

પરંપરાગત સંદર્ભમાં કચ્છના મુલકને ખેતીપ્રધાન મુલક તરીકે ઓળખવામાં આવતો હતો. કૃષિની સમૃદ્ધિનો આધાર પાણી છે. કચ્છ દુકાળના પ્રદેશ તરીકે વધુ જાણીતો છે. અઢારમી અને ઓગણીસમી સદીમાં કચ્છમાં એકંદર વરસાદ ખૂબ જ ઓછો જોવા મળેલો છે. જે ઐતિહાસિક નોંધ પ્રાપ્ય છે તેના આધારે એવું જોવા મળે છે કે "કચ્છને દુકાળ

સાથે દોસ્તી" છે. ઈ. સ. ૧૫૭૭માં કારમો દુકાળ પડ્યાનો ઉલ્લેખ જોવા મળે છે. અસાધારણ એવા આ કટોકટીના વર્ષમાં સમૃદ્ધ ખેડૂતો પણ કંગાળ બન્યા હતા, જ્યારે પછીના પ્રાપ્ય આધારો મુજબ અઢારમી સદીના મધ્યભાગમાં એટલે કે ૧૭૪૬, ૧૭૫૭, ૧૭૬૬, ૧૭૭૪, ૧૭૮૨, ૧૭૮૪ અને ૧૭૯૧માં દુકાળના કારણે કટોકટીની પરિસ્થિતિ ઊભી થઈ હતી. ઈ. સ. ૧૭૪૬ના દુકાળમાં મહારાવશ્રીએ ભુજની દાણાબજારના નાકે વિપુલ માત્રામાં રાંધેલા અનાજની વ્યવસ્થા ગોઠવી હતી, જેમાં પ્રત્યેક વ્યક્તિ ભોજન કરી જાય અને એક વ્યક્તિ માટેનું ભોજન સાથે લઈ જાય તેવી ગોઠવણ કરી હતી. તેવી જ વિપરીત પરિસ્થિતિની નોંધ ઈ. સ. ૧૭૯૧ના વર્ષની પણ જોવા મળી છે.

ઈ. સ. ૧૮૦૩ના દુકાળ વેળાએ તત્કાલીન વડા જમાદાર ફતેહમહંમદ દ્વારા ચાર પટી કોરીની કિંમતે જરૂરિયાતમંદ લોકો માટે અનાજવિતરણની વ્યવસ્થા તત્કાલીન ભુજ મધ્યે કરવામાં આવી હતી. આ દુકાળ વખતે એક મોટો વર્ગ કચ્છના મુલકથી તત્કાલીન સિંધ પ્રદેશમાં સ્થળાંતરિત થયેલ અને ૧૮૧૨-૧૩ના સમયમાં પરત આવ્યાના ઉલ્લેખો પ્રાપ્ય છે. અન્નવિતરણની આ વ્યવસ્થા દરમિયાન ખૂબ ઊંચી કિંમતે (૧.૫ પટી કોરી) પણ વેચાણ થયાનો ઉલ્લેખ છે. આ સમયમાં ભુજ, માંડવી, મુન્દ્રા, અંજાર મધ્યે 'દૈનિક રોકડ ચુકવણી' (વર્તમાનના કેશ ડોલ્સ) પણ કરવામાં આવી હતી.

ઈ. સ. ૧૮૧૫માં "ઉંદરિયા" નામના વિચિત્ર રોગચાળામાં ઉંદરો દ્વારા ખળામાં રહેલા અનાજ તથા ગોદામના અનાજને ખાઈ જવાનાં વિપુલ દૃષ્ટાંતો જોવા મળેલાં છે. ઈ. સ. ૧૮૨૦ના લીલા દુકાળમાં અનાજ તણાઈ જવાથી જે કટોકટી ઊભી થઈ હતી તે કારણે બજારમાં અનાજનું વેચાણ (૬ પટી કોરી) જેટલી ઊંચી કિંમતે થયું હતું.

અર્થશાસ્ત્રીય દૃષ્ટિએ 'રાજ્યના અર્થકારણ'ની નીતિનો જન્મ કેઈન્સ પછી થયાનું માનવામાં આવે છે. બ્રિટિશ અર્થશાસ્ત્રી કેઈન્સ દ્વારા મંદીથી અર્થકારણને મુક્ત કરવા, જીવનને બેઠું કરવા 'ખાડા ખોદો અને પૂરો'ની નીતિની ભલામણ કરવામાં આવે છે. જ્યારે વાસ્તવિકતા એ છે કે પરંપરાગત રજવાડાના અર્થતંત્રમાં આ પ્રકારની નીતિ સર્વસામાન્ય જોવા મળતી હતી. આ ઉલ્લેખ એટલા માટે જરૂરી છે કે તાજેતરની ૨૦૦૮ની મંદી પછી, યુરોપ અને અમેરિકાના અર્થતંત્રના સંદર્ભમાં "Return of the Master"ના નામથી કેઈન્સના પુનર્જન્મને પ્રકાશિત કરવામાં આવે છે. ત્યારે છેક ૧૮૨૫માં કચ્છના દુકાળ વેળાએ જળાશયો ખોદવાની, પરંપરાગત જળાશયોને ઊંડાં કરવાની ખાસ યોજનાઓ તત્કાલીન મહારાવશ્રીએ અમલમાં મૂકી હતી. આજનું વિખ્યાત હમીરસર તળાવ પણ તે વખતે ઊંડું કરવામાં આવેલું હતું અને દુકાળરાહતનાં કામ થકી રોજગારી પૂરી પાડવાના પ્રયત્નો થયા હતા. "કામ સાટે અનાજ"ની સ્વતંત્ર ભારતની યોજનાનાં મૂળ તો "રજવાડા"ના વખતમાં સ્પષ્ટ રીતે જોવા મળેલાં છે. ઈ. સ. ૧૮૨૬માં ફરીથી ઉંદરિયાનો રોગ જોવા મળ્યો હતો, પરંતુ તેની તીવ્રતા ૧૮૨૫ના ઉંદરિયા જેટલી જોવા મળી ન હતી. ઈ. સ. ૧૯૩૪માં હિમપ્રપાતથી તૈયાર અનાજને નુકસાન થયું હતું. ઈ. સ. ૧૮૪૬, ૧૮૪૯ અને ૧૮૫૮માં પણ દુષ્કાળની પરિસ્થિતિમાં અનાજનું વેચાણ ઊંચા ભાવે થયાના દાખલા જોવા મળ્યા હતા. ઈ. સ. ૧૮૬૯થી ૧૮૭૨નાં વર્ષોમાં સળંગ પ્રથમ હવામાન અચાનક બદલાવાના લીધે અને પછીથી ખૂબ જ ઓછા વરસાદના કારણે દુકાળની કટોકટી ઊભી થઈ હતી. ઈ. સ. ૧૮૭૭ના વર્ષમાં જીવજંતુઓ દ્વારા પાકને નુકસાન થવાથી નાના ખેડૂતો અને ગરીબવર્ગ કફોડી સ્થિતિમાં મુકાયા હતા તે વખતના મહારાવશ્રીએ અનાજની આયાતમાં સબસિડી ઉપરાંત જળાશયો ખોદાવવાં, જમીન સમથળ કરવી વગેરે પ્રકારનાં રાહતકામો પણ શરૂ કરાવ્યાં હતાં. તૂણા-અંજાર, માંડવી, મુન્દ્રા પંથકના રસ્તાઓ ઉપર આ પ્રકારનાં કામો વિશેષ શરૂ કરાવવામાં આવ્યાં હતાં. અનિયમિત અને કમોસમી વરસાદના કારણે ૧૮૯૧-

૯૨ના વર્ષમાં કટોકટીનું નિર્માણ થયું હતું. જખૌ, લખપત, નખત્રાણા, ખડીર અને ખાવડા વિસ્તારના લોકોનું સિંધ તરફ કામચલાઉ સ્થળાંતર થયું હતું.

ઐતિહાસિક રીતે કચ્છના કૃષિ અર્થકારણને અને એકંદરે કચ્છના જનજીવનને ભારે વિપરીત અસર ઈ. સ. ૧૮૯૯–૧૯૦૦ના દુકાળની થઈ હતી. વિક્રમ સંવત ૧૯૫૬માં આવેલા આ ભીષણ દુકાળને તેથી જ "છપ્પનિયા" દુકાળનું ઉપનામ મળ્યું હતું. માત્ર બે ઇંચ જેટલા જ વરસાદના કારણે અનાજ ઉપરાંત પાણીની પણ તીવ્ર કટોકટી ઊભી થઈ હતી. અનાજના ભાવોમાં ૫૦%નો અસાધારણ વધારો તો ઘાસચારાની કિંમતમાં ૨૦૦થી ૩૦૦%નો વધારો થયો હતો. પશુધનનો પણ વ્યાપક નાશ થયો હતો. રાજ્યશાસન દ્વારા રાહતકામો, અનાજવિતરણનું કામ તો થયું જ હતું, પરંતુ મૂળ કચ્છના વતની અને મુંબઈમાં સ્થિર થયેલા શાહ-સોદાગરોએ દ્વારા પણ સખાવતરૂપે અનાજનું વિતરણ કરવામાં આવ્યું હતું. રાજ્યની તિજોરીમાંથી તે સમયે ૩૬૯ નવા કૂવા ગાળવાનું કામ, ૫૭૧૧૦ કોરી તગાવી, ૭૦૦૦૦ કોરી જળાશયના બાંધકામ માટે મંજૂર થયેલ. ૪૯૦૦૦ જેટલા કામદારોને રાહતકામમાં જોડવામાં આવ્યા. અંદાજે રૂ. ૨૪ લાખનો ખર્ચ રાહતકામમાં થયો હતો. "છપ્પનિયા" દુકાળ પછીનાં ત્રણ જેટલાં વર્ષો પણ સારાં નહોતાં. ૧૯૦૦–૧૯૦૧ દરમિયાન પણ નબળા વરસના કારણે ૬૭૦૦૦ કોરી રાહતકામ માટે ખર્ચવામાં આવેલી. આ સિવાય ૧૯૦૪–૦૫ અને ૧૯૦૫–૦૬માં પણ વર્ષ નબળાં રહ્યાં. ૧૯૧૧–૧૨નું વર્ષ ફરીથી સદંતર નિષ્ફળ રહ્યું હતું. આ વર્ષમાં પણ સિંધ તરફ વ્યાપક સ્થળાંતરનું પ્રમાણ જોવા મળ્યું હતું. રાજ્યની તિજોરી ઉપર ૯૧૦૪૧ કોરીનો બોજ પડ્યો હતો. બીજા અને ત્રીજા દાયકા જેવી વિપરીત પરિસ્થિતિ નહોતી. આમ છતાં ૧૯૧૯–૨૦, ૧૯૨૦–૨૧, ૧૯૩૧–૩૨ અને ૧૯૩૨–૩૩માં અનાજની તંગી ઊભી થઈ હતી. ૧૯૩૯–૪૦ના વર્ષમાં ફરીથી તીવ્ર કટોકટી જોવા મળી હતી. તે વર્ષમાં રાજતિજોરીમાંથી ૨૩ લાખ કોરી રાહત માટે ખર્ચવામાં આવી હતી. મફત ઘાસચારાનું વિતરણ જંગી માત્રામાં થયું હતું.

૧૯૪૧થી ૧૯૫૦ના દાયકામાં બે હળવા અને એક ભારે દુકાળનાં વર્ષ જોવા મળ્યાં હતાં. ૧૯૪૨–૪૩માં ૭ ઇંચ સરેરાશ વરસાદ હતો. ભુજ, અંજાર, માંડવી, ભચાઉ, નખત્રાણા, અબડાસાની સ્થિતિ વધુ કફોડી હતી. સ્વતંત્રતા પછી તુર્ત જ એટલે કે ૧૯૪૮–૪૯ના વર્ષમાં પણ સમગ્ર કચ્છપંથકને દુકાળગ્રસ્ત જાહેર કરવામાં આવ્યો હતો અને રાહતકામ માટે તત્કાળ રૂ. ૬૧ લાખની જોગવાઈ કરવામાં આવી હતી, તો ઈ. સ.૧૯૫૦માં ભારે પૂર જોવા મળેલ. નદી-તળાવો છલકાઈને પાણી રસ્તા ઉપર ખેતરોમાં ફરી વળતાં વ્યાપક નુકસાની થઈ હતી. આ પછી ૧૯૫૨–૫૪, ૫૭–૫૮, ૧૯૬૦–૬૧, ૬૧–૬૨, ૬૨–૬૩, ૬૩–૬૪, ૬૪–૬૫, ૬૫–૬૬ અને ૬૬–૬૭નાં વર્ષ પણ તંગીનાં રહ્યાં, જે પૈકી ૧૯૫૭–૫૮ અને ૧૯૬૦–૬૧માં અછતની પરિસ્થિતિ વધુ કપરી જોવા મળી હતી.

રોજગારીના સંદર્ભમાં તપાસવામાં આવે તો :

(૧) અઢારમી સદીથી કૃષિક્ષેત્રનું પ્રભુત્વ ઉત્તરોત્તર ઘટતું રહ્યું છે. (૨) વરસાદની અનિયમિતતા અને અનિશ્ચિતતાના કારણે પિયત ખેતીનું પ્રમાણ ઓછું હોવાથી "આકાશી ખેતી"ના કારણે રોજગારીના સંદર્ભમાં કૃષિક્ષેત્રનો હિસ્સો ઘટતો રહ્યો છે. ૧૯મી સદીમાં ઐતિહાસિક નોંધ મુજબ કચ્છરાજ્યની કુલ કામ કરતી જનસંખ્યાના ૬૬%થી વધુ લોકો કૃષિક્ષેત્ર પર ગુજરાન ચલાવતા હતા, જે પ્રમાણ ૧૯૬૧ની વસતીગણતરીમાં ઘટીને ૫૯.૧૮% થઈ ગયું હતું. ગુજરાત રાજ્ય વ્યવસાયિક જૂથના સંદર્ભમાં ૧૯૬૧માં ગુજરાત રાજ્યની કુલ કામ કરતી જનસંખ્યાના ૬૮.૦૯% લોકો જ્યારે ખેતી પર આધારિત હતા તેની તુલનામાં આ પ્રમાણ કચ્છરાજ્યમાં અને પછીથી કચ્છ જિલ્લામાં ઓછું જોવા મળેલ. રાપર-લખપત તાલુકામાં કૃષિ-આધારિત જનસંખ્યાનું પ્રમાણ ખૂબ ઓછું, જ્યારે નખત્રાણા, માંડવી, અંજારમાં પ્રથમથી જ વધુ જોવા મળ્યું હતું.

કૃષિસંલગ્ન ઘટકોને ધ્યાનમાં લેવામાં આવે તો "પશુપાલન" અને 'મત્સ્યોદ્યોગ" આ બંને પ્રથમથી જ મહત્ત્વ ધરાવે છે. ૧૮મી સદીના મધ્યભાગથી શરૂ કરીને ૧૯મી સદીના ઉત્તરાર્ધ સુધી તો કચ્છના પશુધનને ઉત્પાદકતા, ગુણવત્તાના સંદર્ભમાં વિશિષ્ટ દરજ્જો આપવામાં આવતો હતો. પરંતુ "જળ"-કટોકટીના કારણે "પશુધન"ની અવારનવાર "હિજરત" થતી જોવા મળતી હતી.

આઝાદી પૂર્વેના સમયગાળામાં કુલ ૩૧ નાના કદની સિંચાઈ યોજનાઓ અમલમાં હતી. પ્રથમ પંચવર્ષીય યોજનના સમયગાળામાં(૧૯૫૧થી ૧૯૫૬) આ સંદર્ભમાં બીજી ૩૨ યોજનાઓનો ઉમેરો થતાં આ પ્રમાણ ૬૩નું થયું. બીજી યોજના (૧૯૫૬થી ૧૯૬૧)ના અંતે આ પ્રમાણ વધીને ૮૨ થયું. ત્રીજી યોજનાના અંતે (૧૯૬૬) કુલ ૯૭ જેટલી યોજનાઓ અમલમાં હતી, પરંતુ બારમાસી નદીઓના અભાવે લગભગ બધી જ યોજનાઓ ચોમાસાના આધારે કૂવાની આવ ઉપર આધારિત હતી.

કચ્છમાં રાજાશાહીના સમયથી ધાન્યપાકોમાં બાજરો અને જુવારનું મહત્ત્વ રહ્યું છે. કઠોળમાં મગ, મઠ, જ્યારે તેલીબિયામાં મગફળીનું વાવેતર વધારે પ્રમાણમાં જોવા મળ્યું છે.

આજે પણ કચ્છમાં યાંત્રિક ખેતીનું પ્રમાણ સાપેક્ષ રીતે ઓછું છે. રાજાશાહીના સમયમાં ઐતિહાસિક નોંધને ધ્યાનમાં લેવામાં આવે તો ૧૭મી સદીના મધ્યભાગથી શરૂ કરીને વીસમી સદીના પ્રથમ ભાગ સુધી બળદ-હળ જેવાં પરંપરાગત સાધનોથી જ ખેતી થતી હતી.

ઔદ્યોગિક અર્થકારણ :

પરંપરાગત રીતે પછાત પ્રદેશ તરીકે ઓળખાતો કચ્છ પ્રદેશ "ઔદ્યોગિક સંસ્કૃતિ"ના પારણા તરીકે પણ ઓળખાવી શકાય તેમ છે. "હસ્તઉદ્યોગ" એ કચ્છી પ્રજામાં પેઢી-દર-પેઢીનું નજરાણું છે, જ્યારે સમગ્ર રાજ્યમાં પ્રાચીન ગુજરાતમાં ઉદ્યોગોનો વાયરો હજી શરૂ પણ નહોતો થયો એ વેળાએ કચ્છમાં પરંપરાગત એવી "હસ્તકલા-કારીગરી"નું પ્રભુત્વ જોવા મળતું હતું. ઈ. સ. ૧૯૮૦ના મુંબઈ પ્રેસિડેન્સીના સમયમાં પ્રસિદ્ધ થયેલ ગૅઝેટિયરમાં જેનો સ્પષ્ટ ઉલ્લેખ છે તે સોના-ચાંદી અને તાંબાનું કામ, પૉલિશિંગ, કડિયાકામ, કૉટન જિનિંગ, સ્પિનિંગ, વીવિંગ, એમ્બ્રોડરી, ડાઈંગ, સિલ્ક પ્રિન્ટિંગ, ઑઈલ પ્રેસિંગ વગેરે મુખ્ય ગણાવાય છે. ડાર્ક બ્લ્યુ અને ડાર્ક કૉટન એક જમાનામાં કચ્છના ઉદ્યોગનું નજરાણું ગણાતું હતું. પરંપરાગત રીતે મોચી જ્ઞાતિમાં કુટુંબો એમ્બ્રોઈડરી કામમાં એટલા વિખ્યાત હતા કે તે સમયના કાઠિયાવાડી રાજવીઓ આ વર્ગને ખાસ માન આપીને નોકરીમાં બોલાવતા હતા અને રાષ્ટ્રભરમાં આ એમ્બ્રોઈડરી પ્રતિષ્ઠા પામેલ હતી. "ખત્રી" કુટુંબોએ રેશમના તાંતણાનો જબરો કસબ કેળવ્યો હતો. ખાસ કરીને નોંધવામાં આવ્યું છે તેમ રુક્માવતીના કાંઠે પાણીની વિશેષતાના કારણે રંગકામની જે ગુણવત્તા હતી તેના કારણે આ "સિલ્ક"નું કામ ખાસ પ્રસિદ્ધિ પામ્યું હતું.

ઈ. સ. ૧૮૭૭માં ભુજ ખાતે કૅન્ડલ અને દીવાસળીના કારખાનાનો પણ પ્રારંભ થયો હતો, જે થોડો સમય ચાલ્યા બાદ બંધ પડી ગયેલ. ઈ. સ. ૧૮૮૦માં ઑઈલ પ્રેસિંગના ઉદ્યોગ પર ઘાંચી, ચાકી અને વૉહોરાનાં અંદાજે ૩૦૦ કુટુંબો નભતાં હતાં, જેમાં મુખ્યત્વે એરંડાના તેલ, રેપ સીડના તેલનો સમાવેશ થતો હતો.

કચ્છના મહારાવશ્રી લખપતસિંહજીએ કચ્છના હસ્તઉદ્યોગમાં ઊંડો રસ દાખવ્યો હતો અને બહારની દુનિયામાં તે લઈ જવામાં ખાસ રસ લીધો હતો. મહારાજાશ્રી લખપતસિંહજી મૂળ ઓખામંડળના રામસિંઘ માલમના સંપર્કમાં આવ્યા. આ યુવા સાહસિક ખલાસીએ ૧૮ વર્ષની નાની ઉંમરે તે કાળમાં દરિયો ખેડ્યો હતો અને દરિયાઈ મુસાફરીમાં આફ્રિકા જતી વેળા ભટકી જતાં યુરોપિયન સાહસિક ખલાસીઓએ તેને બચાવી લીધો હતો. આ રામસિંઘ માલમ તત્કાલીન યુરોપના વિવિધ "હુન્નરો" શીખીને ભારતમાં પરત આવેલ ત્યારે મહારાવશ્રી

લખપતસિંહજીએ તેમને ખાસ પેટ્રનેજ (સહાય) આપીને માંડવી નજીક કાચના હુન્નર માટે સગવડ કરી આપી હતી. રામસિંઘ માલમના માર્ગદર્શન અને પ્રયાસથી ખૂબ લાંબા સમય સુધી ભુજમાં સોના-ચાંદીના "ઈનેમલ"નું કામકાજ શરૂ થયું હતું, જે તેના મૃત્યુ પછી પણ લગભગ દોઢ સૈકા સુધી આ કામ માટે કચ્છ ખ્યાતનામ બની ગયું હતું.

કચ્છના બાંધણીકામનું પરંપરાગત ઔદ્યોગિક અર્થકારણમાં ખૂબ જ પ્રભુત્વ જોવા મળતું હતું. પ્રમાણમાં ઓછા ખર્ચથી આ તૈયાર થતી બાંધણીઓમાં કુટુંબોને ઠીકઠીક રોજી મળી રહેતી હતી. એક કાળે તો આ બાંધણી રૂ. ૧૦થી ૫૦ના ભાવમાં બજારમાં પ્રાપ્ય હતી અને તેમ છતાં તે કામ વળતરદાયી ગણાતું હતું. આજે કચ્છી બાંધણી ઉદ્યોગને "યંત્રઉદ્યોગ"ની હરીફાઈમાં ટકી રહેવા ઘણા પ્રયત્નો કરવા પડે છે. ગુણવત્તા અને વિવિધતાના સંદર્ભે કચ્છી બાંધણીનું મહત્ત્વ આજે પણ તેટલું જ જોવા મળે છે. પરંતુ ઔદ્યોગિક બજારીકરણના આ યુગમાં મૂળ કારીગરો ઓછું કૌશલ્ય ધરાવતા હોવાથી સ્પર્ધામાં મુશ્કેલી પડે છે.

કચ્છી એમ્બ્રોઈડરીનો ઇતિહાસ લગભગ ૩૦૦ વર્ષ જૂનો છે. એમ કહેવાય છે કે અઢારમી સદીના પ્રારંભમાં સિંધ પ્રાંતથી "થાપાજી" નામનો ફકીર કચ્છમાં આવેલ, જેણે તત્કાલીન ભુજ અને માંડવીનાં કેટલાંક મોચી કુટુંબોને આ એમ્બ્રોઈડરીની પ્રાથમિક કેળવણી આપી હતી, જેનો પછીથી વિસ્તાર થયો હતો. આ એમ્બ્રોઈડરી કામનું કૌશલ્ય જ્ઞાતિપરંપરાગત ખ્યાતિ પામેલ જેમ કે ભુજ અને માંડવીના મોચી, ખાવડાનાં લોહાણા, બન્નીનાં મુતવા અને જત કુટુંબો.

કચ્છના પરંપરાગત ઔદ્યોગિક અર્થકારણમાં આરી ભરતનું પણ વિશેષ મહત્ત્વ હતું. આ કૌશલ્ય-કસબની માગ કાઠિયાવાડ, જૂના મુંબઈ કે દક્ષિણ સુધી જ સીમિત ન રહેતાં દરિયાપાર છેક ઝાંઝીબાર સુધી જોવા મળતી હતી. પરંપરાગત ગણાતા પોશાક જેવા કે પેટીકોટ, ચોળી, ટોપી કે ભીંત-શણગારમાં ખૂબ જ વિખ્યાત થયેલ આ બુટીકામ મૂળભૂત રીતે મોગલ સંસ્કૃતિનું નજરાણું હોવાનું માનવામાં આવે છે. મૂળભૂત રીતે ખેતી કરતાં કુટુંબોમાં "કણબી ભરત"નો કસબ પણ જોવા મળતો હતો. ઐતિહાસિક દૃષ્ટિથી કણબીવર્ગ મુખ્યત્વે સૌરાષ્ટ્ર(કાઠિયાવાડ)થી ઊતરી આવેલ છે. તેથી સાંકળી કે અન્ય ખાસ પસંદગીમાં પહેરાતાં વસ્ત્રોમાં "કણબી ભરત" વિશેષ જોવા મળે છે.

કચ્છના "બન્નીના ભરતકામ"ને પણ વિશેષ ખ્યાતિ મળેલ છે. ખાવડાઈ લોહાણા તથા બન્નીનાં જત તથા મુતવા કુટુંબોમાં આ કસબ વિશેષ કેળવાયેલો જોવા મળે છે. ખૂબ જ બારીક કામ હોવાથી તેમાં મહત્તમ સમય ખર્ચ થાય છે. આ કસબમાં ઝીણવટભર્યું કામ હોવાથી "આંખો"ને અસર થતી હોય છે, તેમ અનુભવી કસબીઓ જણાવે છે.

સલાટ તરીકે ઓળખાતા કચ્છી કારીગરો સોનાચાંદીના કસબમાં પણ નિપુણ ગણાતા હતા અને આજે પણ "ચાંદીકામ" માટે તુલનાત્મક રીતે 'કચ્છક પ્રધાન ગણાય છે. મૂળભૂત રીતે આ કારીગરીનો કસબ ભુજની વિશેષતા હતો. અલબત્ત, પછીથી અંજાર, માંડવી, ગાંધીધામમાં તેનો પ્રચાર થયેલો છે. "કચ્છી કામ" અને "મીનાકળા" એ સોનાચાંદીના કામમાં વિશેષ ચલણમાં છે. "મીના" માટે મહદંશે સ્વિટ્ઝરલૅન્ડ ઉપર આધાર રાખવાનો રહે છે. કલકત્તાના મીનાનું કચ્છના બજારમાં મહત્ત્વ ઓછું છે.

આર્થિક દૃષ્ટિએ પરંપરાગત સ્વરૂપમાં કાપડની હૅન્ડ પ્રિન્ટ (હાથનું છાપકામ) જે "બાટીક" તરીકે જાણીતી છે તેનું ચલણ પણ ઓગણીસમી સદીમાં વિશેષ જોવા મળતું હતું. બાટીછામ ડિઝાઈનિંગમાં પણ હાથી, પૂતળી, મોર, ફૂલ કે ભૌમિતિક આકારો વિશેષ જોવા મળતા હતા. આ સિવાય ઔદ્યોગિક સ્વરૂપે અજરખ પ્રિન્ટિંગ, રોગન વગેરેનો પણ સમાવેશ થતો હતો.

કચ્છના અર્થકારણમાં ખનીજક્ષેત્રનું પ્રભુત્વ પ્રથમથી જ જોવા મળેલું છે. લિગ્નાઈટ, બૉક્સાઈટ, ચૂનાનો પથ્થર, જિપ્સમ વગેરેનો વિપુલ જથ્થો કચ્છમાં જોવા મળેલો છે. રાજાશાહીના સમયમાં આ ખોદકામની

પ્રવૃત્તિઓ વિશેષ પ્રમાણમાં જોવા મળેલ નથી, પરંતુ સ્વતંત્રતા પછીના સમયથી આ ક્ષેત્રમાં કચ્છે કાઠું કાઢ્યું છે અને આજે ગુજરાત તેમ જ રાષ્ટ્રના અર્થકારણમાં કચ્છના ખનીજક્ષેત્રનો હિસ્સો વધુ જોવા મળે છે.

ઊર્જાક્ષેત્રે માતાનો મઢ, પાનધ્રો, અકરી-મોટીમાંથી લિગ્નાઈટ દ્વારા મોટા પાયે કામ થયું છે, તો ઍલ્યુમિનામાં જેનો મહત્તમ ઉપયોગ થાય છે તે બૉક્સાઈટ માંડવી, નખત્રાણા, લખપત, ભુજ, અંજાર વિસ્તારમાંથી વિપુલ પ્રમાણમાં પ્રાપ્ત થયેલ છે.

વર્તમાન સમયમાં આપણે જેને ઔદ્યોગિક ક્ષેત્ર તરીકે ઓળખીએ છીએ તે પ્રકારના ઉદ્યોગીકરણની પ્રક્રિયા કચ્છમાં ૨૦મી સદીના પ્રારંભિક તબક્કાથી થઈ એમ કહી શકાય. ઈ. સ. ૧૯૦૩-૦૪ની અંદર ટેક્સટાઈલ ઉદ્યોગથી કચ્છમાં યાંત્રિક ઉદ્યોગોનો પાયો નંખાયો. તે સમયે ત્રણ જિનિંગ ફૅક્ટરી અને એક કૉટન પ્રેસ શરૂ થયાં હતાં. ૧૯૪૧-૪૨માં નવ જિનિંગ ફૅક્ટરી અને ત્રણ હાઈડ્રૉલિક પ્રેસ શરૂ થયા હતા, જેમાંનું એક જિનિંગ અને પ્રેસિંગ એકમ અંજારમાં રાજ્યના સંચાલન હેઠળ હતું. ઇતિહાસમાં નોંધાયું છે તેમ મહારાવશ્રી ખેંગારજીના શાસનકાળમાં કંડલા ખાતે મીઠું પકવવાનો સૌપ્રથમ ઇજારો જોફરે આર્કરને આપવામાં આવ્યો, જે કચ્છ સૉલ્ટ વર્ક્સના નામથી કાર્યરત થયેલ અને પછીથી તેનું નામ યુનાઈટેડ સૉલ્ટ વર્ક્સ ઍન્ડ ઇન્ડસ્ટ્રીઝ એવું થયું હતું. ૧૯૩૭માં આ એકમનો પ્રારંભ થયો હતો. આ સમયગાળામાં પણ કૉટન સ્પિનિંગના ક્ષેત્રમાં નવાં સાહસો શરૂ થયાં હતાં. બીજા વિશ્વયુદ્ધના પ્રારંભ પછી કેટલાંક નવાં ઔદ્યોગિક એકમો પણ કચ્છમાં શરૂ થયાં, જેમાં માંડવી નજીક મેરાઉ ખાતે બ્રાસ અને તાંબાના વાસણ માટેના એકમને મુખ્ય ગણાવી શકાય. ૧૯૪૪-૪૫માં માંડવીની નજીક દીવાસળી માટેની મેસર્સ તેજુ કાયા નામની કંપની શરૂ થઈ હતી. કચ્છ દરબારે તે માટે ખાસ રાહતો અને સુવિધાઓ આપી હતી. તે સમયે માંડવીમાં શેઠ જીવણદાસે ઑઈલ મિલનો પ્રારંભ કર્યો હતો.

૧૯૪૮ પછી કચ્છ પ્રાંતનો વહીવટ ભારતીય સંઘ સરકાર હસ્તક થયો. ૧૯૪૯માં આદિપુર ખાતે સિંધુ રીસેટલમેન્ટ કૉર્પોરેશનની સ્થાપના થઈ હતી જેનો મુખ્ય હેતુ ભારત-પાકિસ્તાનના ભાગલાના કારણે ભારત આવેલા નિર્વાસિતોને સ્થિર કરવાનો હતો. તે સંદર્ભમાં કૉર્પોરેશને એક સિમેન્ટ કૉંક્રીટ બ્લૉક બનાવવાનું એકમ, એક પાઇપ ફૅક્ટરી, ઇલેક્ટ્રિક પોલ્સ માટેની ફૅક્ટરી વગેરેનો પ્રારંભ કર્યો. ૧૯૫૧માં લાકડિયા ખાતે પણ એક ઑઈલ મિલનો પ્રારંભ થયો. જખૌ પાસે એ જ સમયમાં કચ્છ સૉલ્ટ ઍન્ડ ઍલાઈડ ઇન્ડસ્ટ્રીઝનો પ્રારંભ થયો. તો બીજી તરફ ૧૯૫૪-૫૫ના અરસામાં મુન્દ્રા અને અંજાર તરફ નવાં જિનિંગ એકમોનો પણ પ્રારંભ થયો. ૧૯૬૫માં કંડલા ફ્રીટ્રેડ ઝોનની સ્થાપના થઈ.

આંતરમાળખાના સંદર્ભમાં કચ્છના અર્થકારણમાં પ્રથમથી જ વીજળી ચાવીરૂપ મહત્ત્વ ધરાવે છે. કચ્છ-પ્રદેશમાં પ્રારંભિક તબક્કે ભુજ, માંડવી અને અંજાર આ ત્રણ મથકોમાં જ વીજળીનો પુરવઠો પ્રાપ્ય હતો. આ વીજમથકોની માલિકી ભુજ અને માંડવીમાં કચ્છ ડેવલપમેન્ટ કૉર્પોરેશનની અને અંજારમાં શાહ સ્પિનિંગ અને વીવિંગ મિલની હતી. ભુજ અને માંડવીનાં વીજમથકોની ક્ષમતા ૮૪૦ કિ.વૉટની હતી, જ્યારે અંજારની વીજમથકની ક્ષમતા ૩૯૮ કિ.વૉટની હતી. આ બંને વીજમથકો લગભગ ૫૨૧૩૪૪ એકમ ઊર્જા ઉત્પન્ન કરતાં હતાં અને ૧૦૦૦ ગ્રાહકોને તે પહોંચાડતાં હતાં. વીજળી કંપનીઓનો કબજો કચ્છ સરકારે ૧૯૫૨ની ૧લી એપ્રિલથી સંભાળી લીધો હતો. ૧૯૪૮-૪૯ સુધી ૯.૬૬ કિ.વૉટની ભારે વીજપ્રવાહની લાઈનો અને ૬૪.૩૭ કિ.વૉટની હળવા વીજપ્રવાહની લાઈનો હતી. કચ્છ સરકારના સી વિભાગના સત્તાધીશોએ આ વીજપુરવઠો વધે તે માટેના પ્રયત્નો કર્યા, જેના ભાગરૂપે ૧૯૫૩માં ૩૦૦ કિ.વૉટના નવા વીજમથકનો પ્રારંભ ભુજમાં થયો, જેમાં પછીથી ૭૫ કિ.વૉટ ડીઝલ જનરેટિંગ સેટનો ઉમેરો કરવામાં આવ્યો હતો. ૧૯૫૦-૫૧માં ઘરગથ્થુ વીજળીનો વપરાશ

૦.૬૭૧ મી. કિ.વૉટ હતો જે ૧૯૬૦-૬૧માં ૦.૭૫૭ અને ૧૯૬૫–૬૬માં ૧.૮૮૦ મી.કિ.વૉટનો થયો હતો. વાણિજ્યના હેતુ માટેનો વીજવપરાશ ૧૯૫૫-૫૬માં ૦.૩૯૬ મી.કિ.વૉટ ૧૯૬૦-૬૧માં ૧.૩૩૯ મી.કિ.વૉટ અને ૧૯૬૫–૬૬માં ૧.૨૩૦ મી.કિ.વૉટ થયો હતો. ઔદ્યોગિક હેતુ માટેનો વીજવપરાશ ૧૯૫૫-૫૬માં ૦.૮૨૧ મી.કિ.વૉટ ૧૯૬૦-૬૧માં ૪.૯૫૦ મી.કિ.વૉટ અને ૧૯૬૫-૬૬માં ૫.૫૫૦ મી.કિ.વૉટ થયો હતો.

૧૯૬૧ની અધિકૃત નોંધ પ્રમાણે ૨૯૯૨ જેટલાં જે કારખાનાં જેવાં એકમો હતાં તે પૈકી ૨૩૯૨ (૭૯.૯૫%) એકમો કોઈ જ પ્રકારનો વીજવપરાશ કરતાં ન હતાં. જ્યારે બાકીનાં એકમોમાં વિવિધ પ્રકારની વીજળીના પુરવઠાનો વપરાશ થતો હતો. ૧૯૫૦–૫૧માં ત્રણ નગર અને એક ગામડામાં ૧૦૦% વીજળીકરણ હતું, જેનું પ્રમાણ ૧૯૬૦-૬૧માં વધીને ૫ (પાંચ) નગરો અને ૬૯ ગામનું થયું હતું. ૧૯૬૫–૬૬માં ૬ નગરોમાં તથા ૯૬ જેટલાં એકમોમાં ૧૦૦% વીજળીકરણ થયું હતું.

બૅકિંગ અને બચત :

ઇતિહાસનાં પૃષ્ઠો તપાસતાં એટલું સ્પષ્ટ થાય છે કે સમગ્ર ભારતવર્ષમાં "શાહ-સોદાગરો અને દેશી શાહુકારો"ની પ્રવૃત્તિનું સાપેક્ષ મહત્ત્વ પ્રાચીન સમયમાં જોવા મળે છે. તેમાં કચ્છ પ્રાંત પણ અપવાદ ન હતો. નાણાકીય કટોકટીના સમયે દેશી શાહુકારોએ સામાન્ય માનવીથી માંડીને રાજ્યતંત્રને જે મદદ કરી છે તેમાં કચ્છ પણ બાકાત નથી. રજવાડાના સમયમાં કચ્છના મહાજનોએ "ગરાસિયાઓ" સાથે તે સમયના સંદર્ભમાં માતબર રકમના વ્યવહારો કર્યા હતા. ૧૭મી સદીના અંતભાગથી ૧૯મી સદીના પ્રારંભિક તબક્કા દરમિયાન આવા વ્યવહારો વિશેષ જોવા મળેલા છે. ખાસ કરીને દુષ્કાળના કપરા દિવસોમાં સામાન્ય માણસોને મદદ કરીને સ્થિર કરવામાં આ દેશી શાહુકારોએ મહત્ત્વનું પ્રદાન કર્યું છે. રાજની તિજોરીમાં જ્યારે મહેસૂલની અછત ઊભી થઈ હોય ત્યારે આ શાહુકાર સંસ્કૃતિ સેવા જાળવી રાખતી હતી. ઇતિહાસમાં આ સંદર્ભમાં શેઠ સુંદરજી શિવજી સોદાગરનું નામ આજે પણ લોકજીભે રમે છે. પરંપરાગત રીતે તપાસતાં કચ્છી વાણિયા (જૈન વાણિયા), ભાટિયા, લોહાણા કુળમાં અને મુસ્લિમોમાં વહોરા, મેમણ અને ખોજા કુળમાં આ પ્રવૃત્તિનું પ્રભુત્વ જોવા મળ્યું હતું.

શાહુકાર સંસ્કૃતિના સંદર્ભમાં પ્રાચીન કચ્છનું મોટું જમાપાસું "કિંમત"-સ્વરૂપે જોવા મળતું હતું. એટલે કે "વ્યાજ"ની સંસ્કૃતિને ધ્યાનમાં લઈએ તો શાહસોદાગરી વ્યાજ એકંદરે કેટલાક અપવાદોને બાદ કરતાં મર્યાદિત સ્વરૂપનું હતું. હસ્તઉદ્યોગના કારીગરોને કરજ પેટે વાર્ષિક નવથી બાર ટકા વ્યાજ ચૂકવવું પડતું હતું જે ખેડૂતોએ વાર્ષિક સરેરાશ છથી બાર ટકા અને છૂટક મજૂરી કરનારને (દાડિયાઓને) બારથી પંદર ટકા ચૂકવવાનું થતું હતું.

ધીરધારના સ્વરૂપના સંદર્ભમાં દરિયાઈ અને આંતરિક વ્યાપારને ધ્યાનમાં લેતાં પ્રાચીન સમયમાં કચ્છમાં "હૂંડી"નું ચલણ વિશેષ જોવા મળતું હતું. તે કાળમાં (અઢારમી અને ઓગણીસમી સદી) રૂ. ૧૦થી શરૂ કરી રૂ. ૭૦૦૦ સુધીના હૂંડીના વ્યવહારો સરળતાથી થતા હોય તેવું જોવા મળેલ હતું અને વટાવનો દર સામાન્ય રીતે ૧/૪થી ૧/૨ ટકાનો જોવા મળતો હતો.

"નામજોગ" અને "શાહજોગ" બંને પ્રકારની હૂંડીનું ચલણ જોવા મળતું હતું અને ૧ દિવસથી માંડી ૯૧ દિવસની મુદતની હૂંડી સ્વીકારવામાં આવતી હતી.

કચ્છી માડુ પરંપરાગત રીતે બચતપ્રિય હતા અને આજે પણ નવી પેઢીને બાદ કરતાં એકંદરે કચ્છી માડુમાં આ સ્વભાવગત ખાસિયત જોવા મળે છે. એક કાળે આ બચત સોના કે જમીનના સ્વરૂપમાં હતી, વર્તમાન સમયમાં જોવા મળતા વ્યાજદરની સરખામણીમાં તે વખતના વ્યાજદર બહુ વધારે ગણાવી શકાય નહિ.

૧૯૬૨માં જનસંખ્યાનું ગણતરીના ભાગ રૂપે સર્વેક્ષણ કરવામાં આવેલ હતું. તત્કાલીન ગ્રામીણ લોકોની કરજની સ્થિતિ જાણવા માટે આ સર્વેક્ષણ હાથ ધરવામાં આવેલ હતું. બન્ની પંથકના ભીરંડિયારા

ગામના આ સર્વેક્ષણનાં પ્રાથમિક તારણો એ પ્રકારનાં હતાં કે તે કાળે માલધારીઓ ઉપર દેવાનો બોજ વિશેષ કરીને પશુસંવર્ધનના કારણે હતો. કુલ દેવાબોજનો ૪૩.૧૩ ટકા બોજ આ પ્રકારના ઉત્પાદકીય હેતુસર હતો. ૨૫.૫૪ % દેવાબોજ ઘરવપરાશના હેતુથી હતો. આ સર્વેક્ષણમાં એવું પણ જાણવા મળ્યું હતું કે કરજની રકમ માટે સ્થાનિક વેપારીઓ પ્રાથમિક સ્રોત હતા. કુલ કરજના ૪૩.૭૦% કરજ સ્થાનિક વેપારીઓ પાસેથી મેળવેલ, જ્યારે સહકારી સંસ્થાઓ પાસેથી ૧૯.૭૧% અને સરકારી સંસ્થાઓ પાસેથી ૧૬.૨૯% કરજ મેળવાયેલ હતું.

સામાન્ય ખાતેદાર માનવી દેવાના વિષચક્રમાં ફસાય નહિ અને તેની આર્થિક બરબાદી ન થાય તેવા હેતુથી ૧૯૪૬માં તત્કાલીન મુંબઈ રાજ્ય દ્વારા 'ધ બૉમ્બે મનીલેન્ડર્સ ઍક્ટ' ઘડવામાં આવેલ હતો. કચ્છ જિલ્લામાં આ કાયદાનો અમલ સ્વતંત્રતા પછી કરવામાં આવેલ હતો, જે અન્વયે જામીનગીરી સાથેના ધિરાણ ઉપર મહત્તમ ૧૫% વ્યાજની વસૂલાત થઈ શકતી હતી. કાયદાના કડક અમલીકરણના કારણે શાહુકારો ખાતેદારોની જમીન પચાવી શકતા ન હતા, જેના લીધે ધીમેધીમે ખેતપેદાશ સામે અથવા તો જે-તે સમયના પેદાશના આગોતરા વેચાણની સામે ધિરાણ આપવાની નીતિ શાહુકારોએ અમલમાં મૂકેલી હતી.

નાણાકીય ધીરધારના હેતુથી પ્રથમ વખત જ પરવાનો મેળવનારનું પ્રમાણ ૧૯૬૦-૬૧થી શરૂ કરી ૧૯૬૬ના સમયમાં અનુક્રમે ૫૧, ૪૨, ૧૨, ૬ અને પાંચનું હતું. જ્યારે પરવાનો તાબે કરાવનારનું પ્રમાણ તે જ સમયગાળામાં ૨૧, ૫૩, ૬૬, ૮૩, ૭૩, ૬૫નું હતું. જે સાલ સૂચવે છે કે આયોજનની પ્રક્રિયા દરમિયાન સરકારની પ્રવિધિ દરમિયાનગીરીથી આ જાતના વ્યવસાયનું પ્રમાણ ઓછું થતું ગયું.

કચ્છની એકંદરે આર્થિક સ્થિતિ નબળી હોવાના કારણે ખાસ કરીને મર્યાદિત ધંધાકીય વિકાસના લીધે રાજ્યના અન્ય વિસ્તારોની સરખામણીમાં કચ્છ-પંથકમાં બૅંકિંગ પ્રવૃત્તિનો વિકાસ બહુ મોડો અને મોળો જોવા મળે છે. રાજાશાહી શાસનમાં તો એક પણ અધિકૃત નાણાકીય સંસ્થાનો ઉલ્લેખ જોવા મળતો નથી. સહુ પ્રથમ બૅંકનું આગમન કચ્છપંથકમાં છેક ૧૯૯૩થી જોવા મળે છે. એટલે કે કચ્છપંથકનો બૅંકિંગ સાથેનો નાતો હજી આજે પણ ઓછો છે.

પૂર્વકાલીન કચ્છરાજ્યમાં સૌપ્રથમ વાણિજ્ય બૅંકનો પ્રારંભ ભુજ ખાતે ૧૯૪૩માં ધ બૅંક ઑફ ઇન્ડિયા લિમિટેડના નામાભિધાનથી થયો હતો. ત્યાર પછી બીજી બૅંક માંડવી ખાતે ધી પંજાબ નૅશનલ બૅંક ૧૯૪૯માં શરૂ થયેલ. ત્યારબાદ ૧૯૫૩માં ભુજ, અંજાર અને ગાંધીધામ ખાતે સ્ટેટ બૅંક ઑફ ઇન્ડિયા, સેન્ટ્રલ બૅંક ઑફ ઇન્ડિયા લિમિટેડ અને બૅંક ઑફ ઇન્ડિયાની શાખાઓ શરૂ થઈ હતી.

નાણાકીય સંસ્થાઓ – ખાસ કરીને ખાનગી બૅંકોનું વલણ મોટા ભાગે ધંધાકીય હતું. ૧૯૬૨ અને ૧૯૬૫ના કચ્છ જિલ્લાની બૅંકિંગ પ્રવૃત્તિની આંકડાકીય વિગતો ઉપરથી એ સ્પષ્ટ થાય છે કે થાપણદારોમાં વ્યક્તિગત બચત ખાતેદારો અને જાહેર સંસ્થા સ્વરૂપના બચત ખાતાધારકોનું પ્રમાણ મહત્તમ જોવા મળેલ. ૧૯૬૨માં તત્કાલીન કચ્છની કુલ થાપણોમાં બચત થાપણોમાં વ્યક્તિગત થાપણોનું પ્રમાણ ૬૯.૨૯% હતું, જે વધીને ૧૯૬૫માં ૯૬.૪૨% થયું હતું. વ્યાપારી કંપનીઓ કે એજન્સીઓ મહત્તમ પ્રમાણમાં ચાલુ થાપણદાર, કરન્ટ ડિપોઝિટના સ્વરૂપમાં જોવા મળેલ હતા, જ્યારે ધિરાણના સંદર્ભમાં આ ચિત્ર તપાસવામાં આવે તો ૧૯૬૨માં બૅંકોનાં કુલ ધિરાણ-ખાતાંનું પ્રમાણ ૧૯૬૨માં ૨૮૮ હતું, જે વધીને ૧૯૦૫માં ૩૮૮નું થયું હતું. ધિરાણની રકમનું પ્રમાણ રૂ. ૨૮૭૨ હજાર અને ૧૯૬૫માં ૫,૨૫૦ હજાર રૂપિયા હતું. વ્યાપારી હેતુ માટેના ધિરાણનું ટકાવારી-પ્રમાણ ૧૯૬૨માં ૪૪.૫૦% હતું, જે વધીને ૧૯૬૫માં ૫૩.૭૩% હતું. ૧૯૬૦થી ૧૯૬૫ના તબક્કામાં જિલ્લામાં કુલ થાપણોના પ્રમાણની સામે ધિરાણનું ટકાવારી-પ્રમાણ માત્ર ૬%ની આસપાસ હતું. એનો અર્થ એ થાય કે એકંદરે ધિરાણનું ધંધાકીય સંદર્ભે,

સંતોષનું વલણ અને શાહુકારોની સગવડમાં ધિરાણની નીતિ પણ અંશતઃ જવાબદાર ગણાવી શકાય.

નાની બચતો :

કરકસરને વરેલી કચ્છની પ્રજા પ્રથમથી જ બચતપ્રિય છે. આજે પણ જ્યારે મૂડીબજારમાં શૅર, સોના-ચાંદીની ચમક પ્રર્વતે છે ત્યારે પણ સરકારની નાની બચત યોજનાઓનું ભંડોળ છલકાયેલું હોય છે, તો ૨૦મી સદીના પ્રારંભિક તબક્કે તો તે વલણ વિશેષ હોય તે સ્વાભાવિક છે. ૧૯૧૪થી '૧૮ના પ્રથમ વિશ્વયુદ્ધના તબક્કામાં નાની બચત યોજનાઓનો પ્રારંભ થયો. પોસ્ટલ કેશ સર્ટિફિકેટથી તેનો પ્રારંભ થયો, જે બીજા વિશ્વયુદ્ધ પછી પણ ચાલુ રહ્યો હતો અને ૧૯૪૩માં એન.એસ.સી.થી લોકપ્રિય એવાં રાષ્ટ્રીય બચત પ્રમાણપત્રોનો પણ પ્રારંભ થયો હતો. આ પછી ૧૨-વર્ષીય રાષ્ટ્રીય સંરક્ષક પ્રમાણપત્રો, ૧૦ વર્ષનાં સંરક્ષક થાપણ પ્રમાણપત્રો, ૧૫ વર્ષનાં એન્યુઈટી સર્ટિફિકેટ વગેરે પણ શરૂ થયાં હતાં. ૧૯૬૨-૬૩માં કચ્છની પ્રજા દ્વારા કુલ મળીને ૪,૯૮,૩૫,૦૦૦/-નું રોકાણ નાની બચતમાં થયેલું નોંધાયેલું હતું. ૧૯૫૫થી '૬૫ના તબક્કામાં ભુજ, માંડવી અને અંજાર મધ્યેની પોસ્ટ ઑફિસોમાં બચતનાં પ્રમાણપત્રોની ભારે પ્રમાણમાં માગ રહેતી.

ચલણી નાણું :

કચ્છ પ્રાંતમાં ઇતિહાસમાં તત્કાલીન વ્યવહારમાં કયા પ્રકારનું ચલણ અમલમાં હતું તેના સ્પષ્ટ ઉલ્લેખો બહુ જ મર્યાદિત પ્રમાણમાં જોવા મળેલા છે. એક ઉલ્લેખ એવો જોવા મળે છે કે માંડવી નજીક રીયાન કે રાયપુર પાસેથી ગઢિયાલ પ્રકારના સિક્કાઓ પ્રાપ્ત થયા હતા. ભદ્રેશ્વર નજીકથી ભદ્રાવતી નામના સોના-ચાંદીના સિક્કા પણ મળી આવેલા હતા. અલબત્ત, તેનો રોજબરોજના વ્યવહારમાં કેટલી માત્રામાં ઉપયોગ થતો હતો તે અંગે કોઈ અધિકૃત નોંધ જોવા મળેલ નથી. પણ તે વખતના કેટલાક નાણાકીય વ્યવહારો ઉપરથી ગુપ્ત સામ્રાજ્યનો કચ્છના સીમાડા સુધી વિસ્તાર હોય તેમ જાણી શકાય છે. અલબત્ત, સોળમી સદીના પૂર્વાર્ધ સુધી કચ્છ પ્રાંત કેવળ એક જ શાસકના તાબા હેઠળનો જોવા મળતો નથી. રાવ ખેંગારજી પહેલાએ કચ્છ પ્રાંત સમગ્રને સૌપ્રથમ વખત એક શાસન હેઠળ મૂક્યું હતું. અલબત્ત, રાવ ખેંગારજી પહેલાના આ શાસનમાં પણ ગુજરાતના સુલતાનના સિક્કા ચલણમાં હતા. ઇતિહાસમાં નોંધાયું છે તે મુજબ ઈ. સ. ૧૯૧૭માં જહાંગીરની ગુજરાત મુલાકાત વેળાએ રાવ ભારમલજીએ મોગલ સમ્રાટને બહુમૂલ્ય વસ્તુઓ ભેટમાં આપી હતી. આ સત્કારથી પ્રભાવિત થયેલા જહાંગીરે રાવ ભારમલજીને સ્વતંત્ર ટંકશાળ શરૂ કરવાની સત્તા આપી હતી, જેના પરિણામે ૧૭મી સદીના પ્રારંભથી "કોરી"નું ચલણ અમલમાં આવ્યું હતું. પ્રારંભિક તબક્કામાં આ "કોરી" સોના અને ચાંદીના સ્વરૂપમાં હતી. મૂલ્યના સંદર્ભમાં ૧ સુવર્ણ-કોરીનું મૂલ્ય ૨૬.૫ ચાંદીની કોરી બરાબર હતું.

ઐતિહાસિક નોંધ તપાસતાં એવું પ્રતીત થાય છે કે સોનાની કોરીનું ચલણ રાવ પ્રાગમલજીના શાસનકાળ સુધી જોવા મળતું હતું. ત્યાર બાદ સુવર્ણમૂલ્યમાં થતા ફેરફારોને ધ્યાનમાં લઈ સોનાની કોરી છાપવાનું બંધ કરવામાં આવ્યું હતું. સોના અને ચાંદી સ્વરૂપની "કોરી" સિવાય "તાંબા" સ્વરૂપની કોરી પણ વ્યવહારમાં હતી. તે સમયે તાંબા અને ચાંદીના સંદર્ભમાં કોરીનું વિનિમયમૂલ્ય ગૅઝેટિયરમાં નોંધાયા મુજબ નીચે પ્રમાણેનું હતું :

તાંબાના સંદર્ભમાં	ચાંદીના સંદર્ભમાં
૧ ઢબુ = ૨ ઢીંગલા	૧ પાંચિયા = ૫ ચાંદીની કોરી
૧ ઢીંગલા = ૧.૫ દોકડા	૧ અડધિયા = ૨.૫ ચાંદીની કોરી
૧ દોકડા = ૨ તાંબિયા	૧ અઢિયા = ૦.૫ કોરી
૧ કોરી = ૮ ઢબુ	
= ૧૬ ઢીંગલા	
= ૨૪ દોકડા	

ઈ. સ. ૧૮૬૦ સુધી કોરીના એક ભાગ ઉપર મોગલ શાસકનું નામ ફારસી ભાષામાં અને બીજા ભાગ ઉપર દેવનાગરી લિપિમાં "રાવશ્રી"નું નામ

આવતું હતું. ઈ. સ. ૧૮૬૦ પછી "કોરી"ના એક ભાગમાં મોગલ શાસકને બદલે રાણી વિક્ટોરિયાનું નામ છાપવામાં આવ્યું. અત્રે એ ઉલ્લેખનીય છે કે "કોરી"નું ચલણ માત્ર આંતરિક વ્યવહારો પૂરતું મર્યાદિત હતું, જ્યારે સામાન નિકાસના વ્યવહારો માટે બ્રિટિશ ઇન્ડિયાના ચલણનો રૂપિયાનો ઉપયોગ થતો હતો. વિદેશના વ્યવહારો માટેના આ ચલણ-મૂલ્યમાં ઘણો મોટો તફાવત સમયાનુસાર જોવા મળતો હતો. કોઈ એક સમયે બ્રિટિશ ઇન્ડિયાના ૧૯૦ રૂ. સામે ૧૭૫ રૂ. કોરીનું ચલણ હતું. તો કેટલીક વખત આ મૂલ્ય વધીને ૧૦૦ = ૬૨૦ કોરી સુધીનું જોવા મળતું હતું. આ પ્રકારની ઊથલપાથલોના કારણે વિદેશવ્યાપારને પણ વિપરીત અસર થતી હતી. અર્થતંત્રમાં ખાસ કરીને વ્યાપારમાં અસ્થિરતા લાવનાર આ ચલણવ્યવહારને રદબાતલ ગણીને એપ્રિલ ૧૯૪૯થી રૂપિયા-આના-પાઈનું ચલણ દાખલ કરવામાં આવ્યું. ૧૯૫૦થી ૧૯૭૦ના તબક્કામાં ચલણમાં ૧, ૨, ૫, ૧૦, ૨૦, ૨૫ અને ૫૦ પૈસાનું ચલણ મૂલ્ય અસ્તિત્વમાં આવ્યું.

સહકારી પ્રવૃત્તિ :

સમગ્ર ભારતમાં એકંદરે આર્થિક ક્ષેત્રે સહકારી પ્રવૃત્તિનો પ્રારંભ ૧૯૦૪થી થયો છે. કચ્છપંથકમાં આર્થિક ક્ષેત્રે સહકારી પ્રવૃત્તિનો પ્રારંભ ૧૯૪૮માં થયો છે. મે ૧૯૪૮માં કચ્છમાં પ્રથમ સહકારી સંસ્થાની નોંધણી થયેલી જોવા મળે છે. રાષ્ટ્રીય કે રાજ્યના સરેરાશ વલણની સામે કચ્છ જિલ્લામાં સહકારી ક્ષેત્રનો સંચાર પણ ધીમો અને મોળો રહ્યો છે. કચ્છમાં સહકારી આર્થિક પ્રવૃત્તિનાં પગરણ પ્રથમ પંચવર્ષીય યોજનાથી થયાં અને તેનું પ્રાથમિક વિસ્તરણ બીજી પંચવર્ષીય યોજના (૧૯૬૦થી ૧૯૬૧) દરમિયાન થયું હતું. ૧૯૬૫માં કચ્છમાં નોંધાયેલી સહકારી મંડળીઓનું કુલ પ્રમાણ ૪૯૯નું હતું, જે પૈકી ૩૦૫ (૬૧.૧૨%) કૃષિ ધિરાણ મંડળીઓ હતી. કુલ ખેત સહકારી સંસ્થાઓ ૩૦૫ (૧૯૬૧–૬૨) પૈકી ૧૬૧ (૫૨.૭૦%) સેવા સહકારી મંડળીઓ હતી.

રાજ્યના અન્ય વિસ્તારોમાં, પાડોશી એવા સૌરાષ્ટ્રના જિલ્લાઓમાં જે પ્રકારે શહેરી સહકારી આર્થિક પ્રવૃત્તિઓ પાછળ શહેરી સહકારી બૅંકોનો દોરીસંચાર જોવા મળે છે, તેની સરખામણીમાં કચ્છમાં તેનું પ્રમાણ ઓછું છે. અલબત્ત, શહેરીકરણનું કુલ પ્રમાણ અને શહેરી વિકાસના વલણને ધ્યાનમાં લેતાં નાગરિક સહકારી બૅંકોનું પ્રમાણ વધવાની સંભાવના પણ ઓછી છે. ૧૯૫૭માં ગાંધીધામ ખાતે શરૂ થયેલી સહકારી બૅંક તે આ જિલ્લાની પ્રથમ નાગરિક સહકારી બૅંક હતી. બાદમાં જેની આજે ઘણી મોટી પ્રતિષ્ઠા છે તેવી ભુજ મર્કન્ટાઈલ કો-ઑપરેટિવ બૅંક ગણાવી શકાય.

સહકારના આર્થિકીકરણમાં કચ્છની નિષ્ક્રિયતા દૂધ સહકારી પ્રવૃત્તિમાં જોવા મળી છે. મહત્તમ પશુધન અને ગુણવત્તાયુક્ત પશુધન હોવા છતાં કચ્છ જિલ્લામાં દૂધ સહકારી પ્રવૃત્તિનો પ્રસાર બહુ જ મર્યાદિત રહ્યો. વર્તમાનમાં તેને જીવંત કરવાનાં ચક્રો ગતિમાન થયાં છે, પરંતુ તે માટેની સામૂહિક સતર્કતાનો અભાવ જોવા મળે છે.

વ્યાપાર-ધંધા :

કચ્છની પ્રજાની સૌથી મોટી ખાસિયત અથવા તો વિશેષતા તે તેની વ્યાપાર-સંસ્કૃતિ છે. વ્યાપાર-ધંધામાં કચ્છીઓનું પદાર્પણ સૈકાઓ જૂનું છે. માત્ર આંતરિક જ નહીં, આંતરરાષ્ટ્રીય વ્યાપારમાં પણ કચ્છ મોખરે જોવા મળતું હતું. ભજન અને ગીતમાં પણ જે સ્થાન પામ્યા છે તે શેઠ જગડુશા સૌપ્રથમ ગુજરાતી વ્યાપારી હતા તેમ કહેવાય છે, જે મૂળ કચ્છના હતા. દરિયાપારના વેપાર માટે તો મુન્દ્રાની વિરાટતા છેલ્લાં પાંચ વર્ષથી છે અને કંડલાની જાહોજલાલી ૫૦ વર્ષથી છે, પણ જો ઇતિહાસની દૃષ્ટિથી નોંધવાનું થાય તો માંડવીબંદરનો ધમધમતો વ્યાપાર તે કાળે ભારતભરમાં ઈર્ષા જન્માવતો હતો. જ્યારે કચ્છમાં એક પણ રેલવેલાઈન ન હતી ત્યારે માંડવીબંદર વ્યાપારનું મુખ્ય મથક હતું. વાસ્તવમાં તો ૧૬મી અને ૧૭મી સદીના કચ્છની જીવાદોરી તરીકે માંડવીને

ગણાવી શકાય. કચ્છમાંથી ઍલ્યુમિનિયમ, ખજૂર, ખાંડ, રેશમ, ગોળ, એમ્બ્રોઈડરી, કાચનો માલસામાન, ઊની વસ્ત્રો વગેરેની નિકાસ મોટા પ્રમાણમાં થતી હતી. આંતરિક દરિયાઈ વ્યાપારની વાત કરીએ તો કચ્છ-માંડવી, મલબાર, દમણ, મુંબઈ, કોચીન વગેરે સાથે જોડાયેલું હતું, તો પરદેશમાં પૂર્વ આફ્રિકાના ઝાંઝીબાર, પર્શિયન અખાતના બસરા અને મસ્કત અને તે વખતના સિલોન સાથે પણ જોડાયેલું હતું. ભદ્રાવતી પણ એક બંદર તરીકે ઇતિહાસમાં ખૂબ જાણીતું હતું. ખાસ કરીને જહાજી પ્રવૃત્તિઓનો વિકાસ ભદ્રાવતીથી મોટે પાયે થતો હતો. વાસ્તવમાં જગડુશાએ ૧૩મી સદીમાં જે વ્યાપાર ખેડ્યો હતો તેનું મુખ્ય મથક ભદ્રાવતી હતું.

વ્યાપાર-ધંધાના વિકાસ માટે રાજકીય સ્થિરતા જરૂરી છે. રાવ ખેંગારજી પહેલાના સમયથી કચ્છને સ્થિર રાજ્યશાસન મળ્યું તેમ કહી શકાય. ખરેખર તો તેમના વડપણ હેઠળ વ્યાપાર-સંસ્કૃતિનો વિકાસ થયો છે. એ સમયમાં નગરઠઠ્ઠાના ટોપણ શેઠને રાવશ્રીએ ખાસ નિમંત્રિત કર્યા અને એમની આગેવાની અને સલાહસૂચન હેઠળ ૧૬મી સદીમાં માંડવીબંદર તૈયાર થયું હતું. તે કાળે રાવ ભારમલજીએ મુન્દ્રાબંદરનું પણ નિર્માણ કર્યું હતું તે સમયે તે ખાસ પ્રસિદ્ધિ પામ્યું ન હતું. બંદર અને વ્યાપારની વાત છે ત્યારે રાવ ગોડજીનું નામ પણ મુખ્ય ગણાવી શકાય. તેઓએ અંગત શોખથી માંડવી ખાતે મહેલ પણ બનાવ્યો અને બંદરની સુધારણા માટે વિશાળ ભંડોળ અલગ ફાળવ્યું હતું.

વ્યાપારના વિકાસના સંદર્ભમાં વહીવટી પ્રક્રિયાઓ પણ મહત્ત્વનો ભાગ ભજવે છે. રાવ દેશળજી બીજાના શાસન સુધી વ્યાપાર-ધંધાના સંદર્ભમાં જેને ખૂબ મહત્ત્વ આપવામાં આવે છે તે કસ્ટમની વસૂલાત બાબતમાં ભારે અનિયમિતતા જોવા મળતી હતી. ઉલ્લેખનીય હકીકત એ છે કે કેટલીક રાજકીય અરાજકતાઓ વચ્ચે પણ રાયધણજી અને ભારમલજીના સમયમાં માંડવીબંદરનો વ્યાપાર સતત ચાલુ રહ્યો હતો. રાવ દેશળજી બીજાએ કચ્છના તે સમયના અગ્રણી નાગરિકોની સમિતિ બોલાવીને કસ્ટમની વસૂલાત માટેની નિશ્ચિત વ્યવસ્થા ગોઠવી હતી. ઇસ્ટ ઇન્ડિયા કંપનીનું ભારતમાં આગમન થયા પછી ભારતના આંતરિક વ્યાપાર માટે પણ તેનું જોડાણ અને તેનું પ્રભુત્વ વધ્યું.

કંપની સરકારે ૧૮૧૯માં તે કાળના કચ્છના મહારાવ સાથે જે વ્યાપારી સંધિ કરી હતી તેમાં એવી જોગવાઈ હતી કે બ્રિટિશ બંદરોનાં બધાં જ જહાજો જે કચ્છ બંદર ઉપર લાંગરે તેના ઉપર કોઈ જ કિંમત વસૂલવામાં આવશે નહીં. ૧૮૫૧માં જે સંધિ થઈ હતી તેમાં પણ એવો સ્પષ્ટ નિર્દેશ કરવામાં આવ્યો કે તે કાળના મુંબઈબંદર અથવા તો ગાયકવાડના શાસન, જૂનાગઢના નવાબી શાસન, નવાનગરના રાજવી શાસન, ભાવનગરના રાજવી શાસન, પોરબંદરના રાજવી શાસન કે માંગરોળ સાથે જ્યાં કંપનીના વ્યાપારસંબંધો હોય તે માટેના જહાજો લાંગરે ત્યારે તેની કોઈ કિંમત વસૂલવી નહીં. આ પ્રકારની જોગવાઈ સ્વાભાવિક રીતે જ કચ્છના વ્યાપારવિકાસને અનુકૂળ ન હતી. આમ છતાં કંપની શાસને તે પછી પણ વધારાની જોગવાઈઓ માટે દબાણ કર્યું અને જકાત-સંઘમાં ભળી જવા માટે આગ્રહ કર્યો. કચ્છના શાસને તેનો સ્પષ્ટ અસ્વીકાર કર્યો અને આ પ્રકારના માલ ઉપર પૂરેપૂરી જકાત લાદવાનો નિર્ણય કર્યો. એ કાળમાં પણ વાગડ પાસે કચ્છના પ્રવેશનાકે ચેકપોસ્ટ ઊભી કરવામાં આવી હતી. કંડલાનો વિકાસ નહોતો થયો તે વેળાએ માંડવી જ મુખ્ય બંદર હતું અને કોલંબો, મસ્કત અને માર્મુગાઓ જેવાં બંદરો કે જે બ્રિટિશ હકૂમત નીચે હતાં તેમને ત્યાંથી આવતો માલ પણ જરૂરી જકાત વગરનો આવતો હતો.

વાસ્તવમાં બ્રિટિશ કંપનીની સ્વાર્થપ્રેરિત શાસનનીતિને કારણે જ યુરોપ અને જાપાન અને હળવે હળવે બધા જ પ્રદેશ સાથેનો વ્યાપાર જે કચ્છ સાથે જોડાયેલો હતો તે ભાંગી પડ્યો હતો. કચ્છ સરકારે બ્રિટિશ સરકારની આ નીતિનો સખત શબ્દોમાં વિરોધ કર્યો હતો.

ખેંગારજી ત્રીજાના સમયે કંડલાબંદરનો જન્મ થયો અને મહારાજાએ કંડલાબંદરને ભારતીય દરિયાઈ સીમાના સંદર્ભમાં જોડી દીધું. ભારત સરકારે આ માટેની પણ પરવાનગી ન આપી અને કચ્છનો વ્યાપાર રૂંધાય તે પ્રકારની નીતિ ચાલુ રાખી. આમ છતાં પણ કચ્છ સરકાર દબાણને વશ ન થઈ. કસ્ટમ યુનિયનના સભ્યપદનો પણ અસ્વીકાર ચાલુ રાખ્યો. ૧૯૪૭માં સ્વતંત્રતા પછી કચ્છ પણ ભારતીય સંઘનો ભાગ બની ગયું.

વ્યાપાર-ધંધો એ વળતર માટે અનિશ્ચિત છે તે હકીકતને ધ્યાનમાં લઈએ તો ૧૯મી સદીના અંત-ભાગથી કચ્છના વ્યાપાર-ધંધાની રાજ્યની તિજોરીને થયેલી આવક તેનું ઉદાહરણ છે. ૧૮૮૪માં ૯૩.૫૬ લાખ રૂપિયાની આવક થયેલી, જે વધીને ૧૮૯૦માં ૧.૦૩ કરોડ રૂપિયા, પણ ૧૮૯૯માં ૯૨.૯૩ લાખ રૂપિયા થઈ હતી. ૧૯૦૧–૦૨ પછી જમીન અને દરિયાઈ માર્ગે નિશ્ચિત પ્રકારનાં જોડાણો થતાં વ્યાપાર-ધંધામાં નિશ્ચિતતા જોવા મળી. ૧૯૦૧–૦૨માં વ્યાપારની રાજ્યને થયેલી આવક ૧.૬૭ કરોડની હતી. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન સરકારના અનેક પ્રકારના પ્રતિબંધો છતાં ૧૯૩૮–૩૯માં ૨.૨૩ કરોડ રૂપિયાની આવક થઈ હતી, જે વધીને ૧૯૪૪–૪૫માં ૩.૫૦ કરોડ રૂપિયાની થઈ હતી. ૧૯૪૭ પછી ક્રમશઃ કંડલા બંદરનો વિકાસ થયો છે.

વ્યાપાર ૧૮૧૩માં
માંડવીબંદરનો આંતરિક જોવા મળ્યો હતો.
મારવાડ અને માળવા સાથે વધારે આંતરિક વ્યાપારમાં
૧૮૨૩માં પરદેશની સાથોસાથ હતો. બંદરીય
પણ વધારો થયેલો જોવા મળ્યો એવી છે કે
વ્યાપારના સંદર્ભમાં અધિકૃત નોંધ આવતાં હતાં,
૧૭૮૦માં માંડવીબંદરે ૪૦૦ જહાજો હતાં. ૧૯૫૩-
જે ૧૮૭૩માં ઘટીને ૨૬૦ થયાં વ્યાપારનું પ્રમાણ ઘટતું
૫૪માં કચ્છના આયાત-નિકાસ-૫૪માં આ પ્રમાણ
હોવાનું નોંધાયું હતું. ૧૯૫૩–૫૭માં વધીને ૩૬૫૧
૨૮.૧૩૪ ટનનું હતું, જે ૫૬–તે ફરીથી ઘટીને
ટનનું થયું હતું. ૧૯૫૯–૬૦માં ૬૭માં ૨૩,૬૪૭
૨૫,૮૪૫ ટન થયું હતું. ૧૯૬૬–વ્યાપાર ૧૯૫૩–૫૪માં
ટન થયું હતું. મુન્દ્રાબંદરનો ૧૯૬૫–૬૬માં
૬૯૬૪ ટનનો હતો જે વધીને નિકાસ-વ્યાપારની વાત
૮૪,૯૬૪ ટનનો થયો હતો. ૧૯૫૩–૫૪માં
કરીએ તો મુન્દ્રાનો નિકાસ-વ્યાપાર વધીને ૮૩,૪૮૦
૩૦૬૩ ટનનો હતો જે ૬૫–૬૬માં ૭૮,૧૦૯
ટનનો થયો હતો, પણ ૧૯૬૬–૬૭માં કરીને '૬૬-
ટનનો થયો હતો. ૧૯૫૩-૫૪થી શરૂ માંડવી અને
૬૭' સુધીના કચ્છનાં કંડલા, મુન્દ્રા, આંકડા નીચે
જખૌ બંદરના આયાત-નિકાસના સળંગ
પ્રમાણે છે.

કચ્છના વ્યાપાર-ધંધામાં રેલમાર્ગનો વ્યાપાર ૧૯૬૦ પછી ઉલ્લેખનીય રીતે શરૂ થયો તેમ કહી

વર્ષ	કંડલા		માંડવી		મુન્દ્રા		જખૌ	
	આયાત	નિકાસ	આયાત	નિકાસ	આયાત	નિકાસ	આયાત	નિકાસ
૧૯૫૩-૫૪	૩૪૮૫૯	૮૪૨૬૨	૨૫૫૨૬	૨૬૦૮	૩૯૦૧	૩૦૬૩	૩૩૬	૧૩૦૩૮
૧૯૫૪-૫૫	૪૦૦૨૧	૧૧૨૫૭૨	૩૨૬૮૪	૫૦૫૭	૪૪૫૧	૧૩૩૨૩	૮૯૧	૧૬૫૧૭
૧૯૫૫-૫૬	૨૦૫૩૯૦	૧૦૨૫૧૨	૩૦૧૦૦	૩૪૦૭	૪૯૩૦	૩૩૬૩૭	૯૫૮	૪૦૯૦૩
૧૯૫૬-૫૭	૩૨૭૮૨૯	૧૪૪૬૫૭	૩૦૫૬૦	૫૪૯૧	૪૪૭૮	૪૨૯૮૪	૧૦૮૧	૪૧૩૮૭
૧૯૫૭-૫૮	૬૦૮૯૭૮	૨૩૫૨૭૭	૨૩૯૩૭	૩૭૮૯	૩૫૨૩	૩૩૬૯૪	૩૭૬	૪૩૨૬૪
૧૯૫૮-૫૯	૮૮૨૩૧૪	૧૮૭૮૬૩	૧૬૪૩૪	૬૫૮૭	૨૨૪૦	૩૭૨૦૭	૧૪૪	૪૭૦૨૮
૧૯૫૯-૬૦	૮૨૮૦૧૮	૨૯૫૪૬૯	૧૮૮૪૮	૬૯૯૭	૧૬૧૩	૨૯૪૧૯	૫૦૪	૨૪૬૯૦
૧૯૬૦-૬૧	૧૨૨૦૫૬૫	૩૪૧૬૧૦	૨૩૭૬૩	૭૦૨૫	૨૧૩૯	૩૩૭૮૫	૩૦	૪૦૦૦૯

વર્ષ	કંડલા		માંડવી		મુન્દ્રા		જખૌ	
	આયાત	નિકાસ	આયાત	નિકાસ	આયાત	નિકાસ	આયાત	નિકાસ
૧૯૬૧-૬૨	૧૧૧૩૬૯૨	૨૭૨૫૪૨	૨૨૩૩૫	૧૦૭૮૦	૧૪૭૫	૪૫૩૨૩	૧૨૪	૪૫૮૧૭
૧૯૬૨-૬૩	૧૪૦૯૧૦૦	૩૩૩૬૭૪	૧૯૬૭૪	૧૧૧૮૦	૧૦૮૦	૫૯૭૭૬	૨૨૩	૪૮૦૬૮
૧૯૬૩-૬૪	૧૪૯૧૩૯૨	૨૮૮૦૯૮	૧૭૮૨૬	૧૧૦૪૨	૧૩૩૧	૪૫૯૨૩	૦	૮૩૯૮૯
૧૯૬૪-૬૫	૨૦૫૩૮૨૬	૨૫૮૨૪૮	૧૨૦૦૧	૧૩૪૦૬	૧૩૩૬	૮૩૨૦૯	૮૮	૪૦૪૬૭
૧૯૬૫-૬૬	૨૩૩૬૩૭૫	૧૬૮૫૧૯	૧૩૯૪૭	૧૪૯૭૦	૧૮૪૮	૮૩૪૮૦	૫૦	૨૮૨૫૧
૧૯૬૬-૬૭	૨૪૨૩૮૯૦	૨૩૭૪૪૦	૧૪૭૩૯	૮૯૦૮	૪૬૧૬	૭૮૧૯૦	૦	૩૬૦૮૩

શકાય. ૧૯૬૬ના વર્ષમાં કચ્છ જિલ્લાનાં રેલવેમથકો પૈકી આડેસરના રેલવેમથકેથી કુલ રેલવે વ્યાપારનો ૪૧% જેટલો વ્યાપાર (૨૯૮૨૦૦ ટન) થયો હતો. નવા કંડલા સ્ટેશનેથી ૧૪૨૩૧૧ ટન (૧૯.૫૪%), ચીરઈ સ્ટેશનથી ૧૩૦૬૨૧ ટન (૧૭.૫૪%) વ્યાપાર નોંધાયો હતો. ચિત્રોડ પણ રેલવે વ્યાપારનું મહત્ત્વનું મથક ગણાવી શકાય.

કચ્છના વ્યાપારમાં જથ્થાબંધ વ્યાપારની સરખામણીમાં છૂટક વ્યાપારની ભારે બોલબાલા છે. ૧૯૬૧માં કચ્છમાં વ્યાપારક્ષેત્રે ૧૪૨૯૦ લોકોને રોજગારી પૂરી પાડી હતી, જે પૈકી ૧૩૭૨૩ પુરુષો અને ૫૬૭ મહિલાઓ હતી. પરંતુ આ ૧૪૨૯૦ વ્યાપારક્ષેત્રમાં રોકાયેલા હતા તે પૈકીના ૧૨૯૮૯ છૂટક વ્યાપારમાં રોકાયેલા હતા. છૂટક વ્યાપારમાં પણ ખોરાક, અનાજ, કાપડ, પાન બીડી, તમાકુ વગેરેનું ચલણ વિશેષ જોવા મળ્યું છે. વ્યાપારનાં મુખ્ય મથકો તરીકે ભુજ, અંજાર, માંડવી પ્રથમથી જાણીતાં છે, જ્યારે ૧૯૫૦ પછી નખત્રાણા, મુન્દ્રા અને ગાંધીધામનો પણ તેમાં ઉમેરો થયો તેમ કહી શકાય.

૧૯૬૬–૬૭માં વેચાણવેરાનો નંબર ધરાવતા હોય તેવા ચોપડે નોંધાયેલા અધિકૃત ડીલરોનું પ્રમાણ ૨૨૦૨નું હતું, જેનો કુલ વકરો રૂ. ૩૩૪૦૫૭.૧૪૩ હતો. તે પૈકી પણ પરચૂરણ વેપારની આવકનો હિસ્સો ૭૨.૭૦% હતો.

માપનો :

'કચ્છ ગૅઝેટિયર'(ઈ. સ. ૧૯૮૦)માંથી પ્રાપ્ત અધિકૃત વિગતો મુજબ વિવિધ માપન કચ્છરાજ્યમાં નીચે પ્રમાણે જોવા મળતાં હતાં (ધાતુના સંદર્ભમાં) – ૪ મગ = ૧ રતી; ૩ રતી = ૧ વાલ; ૧૬ વાલ = ૧ ગદી

સોનાચાંદી સિવાયની ધાતુઓ, કિરાણાનો માલસામાન વગેરે માટે નીચેના માપદંડો હતા :

૪ પૈસાભાર = ૧ નવટાંક; ૨ નવટાંક = ૧ પાશેર; ૨ પાશેર = ૧ અર્ધો શેર; ૨ અર્ધો શેર = ૧ શેર; ૬ શેર = ૧ પાકી શેરી; ૨ પાકી શેરી = ૧ દસશેરો; ૨ દસશેરા = ૧ અધમણ; ૨ અધમણ = ૧ મણ; ૨૦ મણ = ૧ ખાંડી

કીમતી પથ્થરો અને મોતીઓનું વજન અને સંખ્યા બન્ને રીતે અને અનાજનું વેચાણ સિલિન્ડરના આકારની ક્ષમતા ધરાવતા માપનથી થતું હતું. કાપડનું વેચાણ 'ગજ'માં થતું હતું. આ 'ગજ'નું વેચાણ 'તસુ' તરીકે ઓળખાતા ૨૪ ભાગમાં પણ થતું હતું. કાપડની જાડાઈના સંદર્ભમાં "હિસાબી ગજ"નું માપ ચલણમાં હતું. દરબારી મહોર ધરાવતા છાપકાંટા સમગ્ર પંથકમાં ચલણમાં જોવા મળતા હતા. આ બધાં જ ચલણો કચ્છ-રાજ્યની ભારતીય સંઘમાં રૂપાંતર થયું ત્યાં સુધી અમલમાં હતાં. અલબત્ત દ્વિભાષી મુંબઈ રાજ્યના સમયમાં પણ આ માપદંડો ચલણમાં જોવા મળ્યા હતા, પરંતુ તે અંગે તે સમયે ગૂંચવાડો વ્યાપક પ્રમાણમાં જોવા મળતો હતો.

પછીથી ભારત સરકારે દશાંશપદ્ધતિ અને મૅટ્રિક ટન પદ્ધતિ અમલમાં મૂકી હતી, જે આજે પણ મહદંશે તે સ્વરૂપમાં વ્યવહારમાં જોવા મળે છે.

પરિશિષ્ટ — ૧

૧૭૪૫થી ૧૮૭૮ વચ્ચે મહત્ત્વના અનાજના ભાવો

	વર્ષ																	
ઉત્પાદન	૧૭૪૫	૧૭૪૬	૧૭૪૭	૧૭૫૫	૧૭૫૬	૧૭૫૭	૧૭૬૪	૧૭૬૫	૧૭૬૬	૧૭૭૨	૧૭૭૩	૧૭૭૪	૧૭૮૧	૧૭૮૨	૧૭૯૦	૧૮૦૧	૧૮૦૪	૧૮૧૧
બાજરી	૮૩	૩૨	૪૨	૫૦	૪૮	૭૫	૯૭	૯૪	૬૫	૧૬૭	૭૭	૬૬	૧૨૦	૮૭	૩૫	૩૪	૪૯	૪૮
કોરાડ	૯૪	૦	૦	૫૪	૫૦	૧૦૦	૧૨૫	૦	૯૮	૨૫	૯૪	૯૧	૧૨૦	૧૦૭	૫૩	૦	૫૭	૫૫
ચોખા (લાલ)	૬૨	૪૦	૫૯	૪૫	૪૫	૪૮	૩૧	૫૩	૪૨	૪૨	૩૪	૪૨	૪૪	૪૪	૩૦	૪૫	૩૮	૪૫

	વર્ષ																	
ઉત્પાદન	૧૮૧૨	૧૮૧૩	૧૮૨૩	૧૮૨૪	૧૮૨૫	૧૮૩૩	૧૮૩૭	૧૮૩૮	૧૮૩૯	૧૮૪૦	૧૮૪૧	૧૮૪૪	૧૮૪૫	૧૮૪૭	૧૮૪૮	૧૮૫૨	૧૮૫૩	૧૮૬૦
બાજરી	૧૭	૨૦	૩૯	૨૩	૩૪	૩૨	૫૦	૨૭	૫૦	૩૭	૩૮	૫૮	૩૭	૫૦	૬૭	૫૪	૪૪	૨૨
કોરાડ	૧૬	૧૯	૫૮	૨૮	૩૨	૫૦	૬૮	૩૭	૫૩	૪૦	૨૯	૮૮	૪૫	૫૮	૬૦	૧૦૦	૬૨	૨૮
ચોખા (લાલ)	૨૦	૧૯	૪૨	૨૩	૩૪	૩૪	૪૫	૨૩	૦	૨૯	૨૬	૩૪	૩૧	૩૬	૩૭	૩૬	૩૯	૨૩

	વર્ષ																	
ઉત્પાદન	૧૮૬૧	૧૮૬૨	૧૮૬૩	૧૮૬૪	૧૮૬૫	૧૮૬૬	૧૮૬૭	૧૮૬૮	૧૮૬૯	૧૮૭૦	૧૮૭૧	૧૮૭૨	૧૮૭૩	૧૮૭૪	૧૮૭૫	૧૮૭૬	૧૮૭૭	૧૮૭૮
બાજરી	૨૧	૩૦	૧૬	૧૫	૨૨	૨૭	૨૨	૨૧	૧૮	૨૨	૨૪	૨૯	૩૨	૩૪	૩૩	૩૨	૧૭	૧૭
કોરાડ	૨૬	૩૩	૪૮	૩૪	૧૫	૨૨	૨૬	૨૫	૨૩	૧૮	૨૦	૨૫	૩૮	૩૭	૩૩	૩૨	૩૪	૨૩
ચોખા (લાલ)	૧૯	૨૮	૨૯	૧૪	૧૬	૧૯	૨૯	૨૭	૨૨	૧૭	૨૧	૨૫	૩૧	૩૩	૨૭	૨૫	૨૪	૧૯

પરિશિષ્ટ – ૨
મુખ્ય અનાજના ભાવો ૧૮૮૩થી ૧૯૧૫-૧૬

વર્ષ	ઘઉં				બાજરી				કોરાડ			
	ભુજ	માંડવી	અંજાર	મુન્દ્રા	ભુજ	માંડવી	અંજાર	મુન્દ્રા	ભુજ	માંડવી	અંજાર	મુન્દ્રા
૧૮૮૩-૮૪	૨૪	૨૪	૨૬	૨૬	૨૭	૨૬	૨૬	૨૬	૩૭	૩૬	૨૬	૨૬
૧૮૮૪-૮૫	૨૭	૨૯	૨૮	૨૮	૨૯	૨૭	૨૬	૨૫	૪૩	૩૪	૨૮	૨૪
૧૮૮૫-૮૬	૨૪ ૧/૨	૨૯	૩૦	૨૬ ૧/૨	૨૪	૨૫	૨૫	૨૫	૩૯ ૧/૨	૩૫ ૧/૨	૨૯ ૧/૨	૨૮
૧૮૮૬-૮૭	૨૫ ૧/૨	૨૨ ૧/૨	૨૬ ૧/૨	૨૫	૨૪ ૧/૪	૩૩ ૧/૪	૨૩ ૧/૪	૨૫ ૧/૨	૨૮	૩૪ ૧/૪	૨૬	૨૮
૧૮૮૯	૨૦	૧૯	૨૦ ૧/૨	૨૦	૨૦	૨૧ ૧/૪	૨૧ ૩/૪	૨૧ ૩/૪	૨૨	૨૩ ૩/૪	૨૨ ૧/૪	૨૮
૧૮૯૦	૨૪	૨૨ ૧/૪	૨૩	૧૯ ૧/૨	૨૪	૨૦ ૩/૪	૨૧ ૩/૪	૨૦	૨૫ ૧/૪	૨૫	૨૪	૨૧ ૧/૨
૧૮૯૧	૨૩ ૧/૨	૨૨ ૧/૨	૨૭	૨૩ ૧/૨	૨૭ ૧/૨	૨૨	૨૮ ૧/૨	૨૪ ૧/૨	૨૮ ૧/૪	૨૩ ૧/૨	૨૬ ૩/૪	૨૮
૧૮૯૨	૨૧ ૧/૪	૨૨ ૧/૨	૨૮	૩૨	૨૦ ૧/૨	૧૮ ૩/૪	૩૧	૨૭	૨૫ ૧/૪	૨૨ ૧/૨	૨૮	૩૦
૧૮૯૩	૨૪	૨૩	૨૭ ૧/૨	૨૦ ૧/૨	૨૬ ૧/૨	૨૬	૨૮	૧૯ ૧/૪	૪૩ ૧/૨	૩૮	૩૧	૨૫
૧૮૯૪	૨૬ ૧/૪	૨૫	૨૨	૨૧ ૧/૨	૨૯	૨૬ ૧/૪	૨૯ ૧/૪	૩૪ ૧/૪	૩૪ ૧/૨	૩૮ ૧/૨	૩૫ ૧/૨	૪૩ ૧/૨
૧૮૯૫	૨૭ ૧/૨	૨૭ ૧/૪	૨૭	૨૬ ૧/૨	૨૪	૨૧	૩૪ ૩/૪	૩૦	૪૫ ૩/૪	૩૫	૪૯ ૧/૪	૪૮
૧૮૯૬	૨૨ ૧/૪	૨૬	૨૭ ૧/૪	૨૭	૨૪	૨૧	૨૯ ૧/૨	૩૩	૨૫ ૧/૨	૨૪ ૧/૨	૪૩ ૧/૨	૪૬ ૩/૪
૧૮૯૭	૧૯૩/૧૬	૧૮ ૧/૨	૩૪ ૧/૪	૨૭	૨૨ ૫/૧૬	૨૨ ૧/૪	૨૪ ૧/૪	૨૬	૨૪	૨૬ ૧/૪	૨૫૧૫/૧૬	૪૦
૧૮૯૮	૨૦	૨૧ ૧/૪	૨૦ ૧/૪	૨૪	૨૬ ૩/૪	૨૧ ૧/૪	૨૨ ૩/૮	૨૯	૩૨	૩૫	૨૬ ૧/૧૬	૪૦ ૧/૪
૧૮૯૯	૨૪ ૫/૮		૨૨	૨૭	૩૦	૨૩ ૧/૨	૨૬૧૩/૧૬	૨૪ ૩/૪	૨૭ ૩/૮	૩૧ ૩/૪	૩૨ ૧/૪	૩૧ ૩/૪
૧૯૦૦	૧૦૨૯/૩૨	૧૪	૧૪ ૩/૪	૧૫	૧૦	૧૧ ૧/૨	૧૩	૧૫	૧૦૨૯/૩૨	૧૪	૧૫ ૧/૪	૧૬ ૧/૨
૧૯૦૧	૧૮ ૧/૪	૧૫ ૧/૨	૧૧ ૧/૪	૧૪ ૧/૨	૧૬ ૧/૨	૧૯	૧૧ ૧/૪	૧૬ ૧/૨	૧૭	૨૦		૧૭ ૧/૨
૧૯૦૨	૧૪ ૧/૮	૩૧ ૧/૨		૧૫ ૧/૨	૧૬	૨૦	૧૫ ૩/૪	૧૪ ૧/૨	૧૨	૧૫	૧૮	૧૬ ૧/૨
૧૯૦૨-૦૩	૧૮ ૩/૪	૧૩ ૧/૪	૧૪	૧૬	૧૭ ૧/૪	૧૯ ૩/૪	૧૬ ૩/૮	૧૯ ૩/૪	૧૬ ૧/૪	૨૧ ૧/૨	૧૩ ૧/૪	૧૬

પરિશિષ્ટ – ૨

વર્ષ	ઘઉં				બાજરી				કોરાડ			
	ભુજ	માંડવી	અંજાર	મુન્દ્રા	ભુજ	માંડવી	અંજાર	મુન્દ્રા	ભુજ	માંડવી	અંજાર	મુન્દ્રા
૧૯૦૩-૦૪	૨૬ ૨૧/૩૨	૨૧ ૧/૨	૨૦ ૧/૨	૨૪	૨૯ ૩/૩૨	૨૮	૧૭	૨૦	૪૧ ૩/૪	૨૬ ૧/૨	૨૬ ૧/૨	૧૪ ૩/૪
૧૯૦૪-૦૫	૧૩ ૧/૨	૨૧ ૧/૪	૨૮ ૧/૨	૧૪ ૧/૨	૧૪	૨૧	૩૧ ૧/૨	૨૦	૧૯	૩૦ ૩/૪	૩૬ ૩/૪	૩૬ ૧/૨
૧૯૦૫-૦૬	૧૫ ૧/૪		૧૫ ૧/૪	૧૪ ૧/૨	૧૫ ૩/૪	૧૬	૧૭ ૧/૨	૨૦ ૩/૪	૨૦ ૩/૪		૨૧ ૧/૪	૧૭ ૧/૨
૧૯૦૬-૦૭	૧૯	૧૮ ૧/૨	૩૦	૨૨ ૧/૨	૩૭ ૧/૨	૨૯	૩૦	૩૫	૩૯	૩૨ ૩/૪	૩૨	૩૯
૧૯૦૮-૦૯	૧૫	૧૫	૧૬ ૧/૪	૧૫ ૧/૨	૧૯ ૧/૪	૧૬	૧૯ ૩/૪	૧૯ ૩/૪	૩૧	૩૨	૨૯ ૩/૪	૨૮ ૫/૪
૧૯૧૦-૧૧	૧૫	૧૭ ૩/૪	૨૦ ૧/૨	૨૨	૧૯	૧૭	૨૫	૨૮	૨૯	૨૮	૩૩	૨૮
૧૯૧૧-૧૨	૧૪	૧૭ ૧/૪	૧૮	૧૫	૧૪ ૧/૨	૧૯	૧૪ ૧/૨	૧૬	૧૬		૨૦	૧૬
૧૯૧૨-૧૩	૨૧ ૩/૪	૧૬	૧૯	૨૩	૧૯ ૧/૪	૧૬	૧૪	૨૦	૨૮ ૩/૪	૨૦ ૧/૨	૨૩	૨૮
૧૯૧૩-૧૪	૨૨ ૩/૪		૧૭	૨૨	૨૦ ૩/૪	૧૮	૧૬	૨૦	૩૪ ૧/૪	૨૧	૨૨	૩૦
૧૯૧૪-૧૫	૧૭ ૧/૪	૨૩ ૧/૨	૨૧	૧૭	૨૧ ૩/૪	૨૩ ૧/૪	૨૧	૨૦	૨૮ ૧/૪	૩૦ ૩/૪	૨૪ ૧/૨	૨૮
૧૯૧૫-૧૬	૨૧ ૧/૨		૨૦	૨૦	૨૦	૨૩	૨૧ ૩/૪	૨૦	૨૧	૨૮	૨૯ ૩/૪	૨૨

પરિશિષ્ટ – ૩

૧૯૩૯થી ૧૯૪૫ વચ્ચે મુખ્ય અનાજના ભાવો

વર્ષ	ઘઉં				બાજરી				કોરાડ				ગુવાર				જુવાર			
	ભુજ	માંડવી	અંજાર	મુન્દ્રા	ભુજ	માંડવી	અંજાર	મુન્દ્રા	ભુજ	માંડવી	અંજાર	મુન્દ્રા	ભુજ	માંડવી	અંજાર	મુન્દ્રા	ભુજ	માંડવી	અંજાર	મુન્દ્રા
૧૯૩૯	૧૭	૧૮	૧૭	૧૮	૨૦	૨૧	૨૧	૨૨	૨૮	૨૯	૩૦	૩૦	૨૪	૨૬	૨૫	૨૭	૨૩	૨૪	૨૫	૨૫
૧૯૪૦	૧૧	૧૧	૧૧	૧૨	૧૦	૧૦	૧૦	૧૧	૧૦	૧૧	૧૦	૧૧	૧૨	૧૩	૧૩	૧૪	૧૨	૧૩	૧૪	૧૩
૧૯૪૧	૧૨	૧૨	૧૨	૧૨	૧૪	૧૪	૧૪	૧૫	૧૦	૧૧	૧૦	૧૧	૧૪	૧૪	૧૪	૧૪	૧૪	૧૪	૧૪	૧૫
૧૯૪૨	૧૨	૧૨	૧૨	૧૩	૧૩	૧૨	૧૨	૧૪	૧૦	૧૦	૧૦	૧૦	૧૩	૧૩	૧૩	૧૩	૧૪	૧૪	૧૪	૧૫
૧૯૪૩	૪	૪	૫	૫	૭	૭	૮	૮	૯	૯	૮	૮	૧૦	૧૦	૧૦	૧૦	૯	૯	૯	૯
૧૯૪૪	૪	૪	૫	૫	૬	૬	૭	૬	૮	૮	૮	૮	૯	૯	૯	૯	૬	૭	૭	૭
૧૯૪૫	૫	૫	૫	૬	૭	૭	૬	૬	૯	૯	૯	૯	૧૨	૧૨	૧૨	૧૨	૭	૪	૬	૪

પરિશિષ્ટ – ૪
મુખ્ય અનાજના ભાવો ૧૮૮૩થી ૧૯૧૫-૧૬

વર્ષ	ગુવાર				જુવાર			
	ભુજ	માંડવી	અંજાર	મુન્દ્રા	ભુજ	માંડવી	અંજાર	મુન્દ્રા
૧૮૮૩-૮૪	૩૧	૩૧	૩૧	૩૧ ૧/૨	૩૩	૩૬	૪૦	૩૭
૧૮૮૪-૮૫	૩૩	૩૩	૩૧	૩૪	૩૧	૩૫	૩૮	૩૮
૧૮૮૫-૮૬	૩૩	૩૦ ૧/૨	૩૩	૩૪	૩૩	૩૨ ૧/૨	૩૮	૩૬ ૧/૨
૧૮૮૬-૮૭	૩૦ ૩/૪	૨૯	૩૨ ૧/૨	૨૯ ૧/૨	૩૩	૩૩	૩૪ ૧/૪	૨૭
૧૮૮૯	૨૧	૩૧	૨૩ ૧/૪	૨૮	૨૫	૩૦	૨૭ ૧/૪	૩૦ ૧/૪
૧૮૯૦	૩૨	૨૬	૨૮ ૧/૪	૨૪	૩૨	૩૨	૩૧	૨૪
૧૮૯૧	૩૪ ૧/૪	૨૬	૩૩ ૩/૪	૩૨	૩૪ ૩/૪	૩૦ ૧/૪	૨૪ ૧/૪	૩૫ ૩/૪
૧૮૯૨	૨૭	૨૩ ૩/૪	૩૫ ૩/૪	૩૩	૨૫ ૧/૪	૨૮	૨૪ ૧/૪	૩૩
૧૮૯૩	૩૯	૩૧ ૧/૨	૩૫	૨૫ ૧/૪	૩૭ ૧/૨	૩૫	૩૦	૨૬ ૧/૨
૧૮૯૪	૩૪ ૧/૪	૩૦	૩૮ ૩/૪	૪૨ ૧/૪	૩૭	૩૫	૪૨ ૩/૪	૪૭ ૩/૪
૧૮૯૫	૩૨	૨૮ ૧/૪	૪૩	૪૮	૩૪ ૧/૪	૩૦	૪૧ ૧/૨	૪૮
૧૮૯૬	૨૫ ૧/૨	૨૧	૩૦ ૩/૪	૪૨	૨૮ ૧/૪	૨૬ ૧/૪	૪૧ ૧/૨	૪૭
૧૮૯૭	૨૮ ૧/૪	૨૮ ૩/૪	૨૫ ૧/૪	૩૩	૨૪	૨૪ ૩/૪	૩૧ ૪/૯	૩૯
૧૮૯૮	૩૫ ૧/૨	૩૨	૩૩ ૧/૨	૪૦ ૧/૪	૨૬	૩૧ ૧/૨	૨૪	૩૬ ૧/૪
૧૮૯૯	૩૦	૩૧ ૩/૪	૪૦ ૧/૪	૩૧ ૩/૪	૩૨	૩૧ ૩/૪	૩૨	૩૪
૧૯૦૦	૧૨ ૩૧/૩૨	૧૪	૧૬ ૧/૪	૧૬ ૧/૨	૧૨	૧૪	૧૫ ૧/૨	૧૫ ૧/૨
૧૯૦૧	૨૬	૨૭	૧૩ ૧/૪	૨૮	૨૪	૩૨	૧૩ ૩/૪	૨૦ ૧/૨
૧૯૦૨	૧૪ ૧/૮	૩૧	૨૬ ૧/૨	૧૮	૧૬	૩૩ ૧/૨	૨૪ ૧/૪	૨૦ ૧/૨
૧૯૦૨-૦૩	૧૮ ૩/૪	૨૧ ૧/૪	૧૪ ૧/૨	૨૨ ૧/૨	૨૪	૧૪ ૩/૪	૧૯ ૧/૪	૨૬ ૧/૪
૧૯૦૩-૦૪	૩૧ ૧/૨	૨૪	૧૯ ૧/૪	૨૪	૪૧ ૩/૪	૨૯	૨૩ ૧/૨	૩૦
૧૯૦૪-૦૫	૧૮ ૧/૪	૨૪ ૧/૨	૩૬ ૧/૪	૨૬	૧૭ ૩/૪	૩૧	૩૮	૨૦
૧૯૦૫-૦૬	૨૦ ૩/૪	૧૯ ૧/૨	૧૯ ૧/૨	૨૩ ૧/૨	૧૭ ૧/૪	૧૯ ૧/૨	૨૧ ૩/૪	૨૪ ૧/૨
૧૯૦૬-૦૭	૨૮ ૩/૪	૨૬ ૧/૨	૩૦ ૩/૪	૨૯ ૩/૪	૧૯	૧૮ ૧/૨	૩૦	૨૨ ૧/૨
૧૯૦૭-૦૮	૨૬ ૩/૪	૨૯	૩૫	૨૮ ૧/૪	૦	૨૮ ૩/૪	૪૦	૨૪ ૩/૪
૧૯૦૮-૦૯	૩૦	૨૮	૨૭ ૩/૪	૨૯	૧૫	૧૫	૧૬ ૧/૪	૧૫ ૧/૨
૧૯૧૦-૧૧	૨૯	૨૫ ૧/૨	૩૦	૨૮	૨૧ ૩/૪	૨૨ ૧/૨	૨૫ ૧/૨	૨૮
૧૯૧૧-૧૨	૧૭ ૩/૪	૧૪ ૩/૪	૨૯	૧૯	૨૧ ૩/૪	૧૮ ૧/૨	૧૮	૨૧
૧૯૧૨-૧૩	૨૩ ૧/૨	૧૫ ૧/૪	૦	૨૪	૨૫ ૩/૪	૨૫ ૧/૨	૧૭	૩૮
૧૯૧૩-૧૪	૩૦ ૩/૪	૨૦	૦	૩૦	૩૨	૨૦	૧૮	૩૦
૧૯૧૪-૧૫	૨૬ ૧/૨	૨૭	૦	૨૮	૨૬ ૧/૨	૩૦ ૩/૪	૨૫	૨૮
૧૯૧૫-૧૬	૨૩	૨૧	૨૮ ૩/૪	૨૪	૨૫ ૧/૨	૩૨	૨૮	૨૮

માહિતી સ્રોત : ગૅઝેટિયર ઑફ ઇન્ડિયા, ૧૯૭૧, એમાં જણાવ્યા અનુસાર
મૂળ પ્રાપ્તિસ્થાન, ૧૮૯૦-૧૯૧૬ દરમિયાનના વાર્ષિક વહીવટી અહેવાલો.

પરિશિષ્ટ – ૫

ખેતી આધારિત કોમોડિટીના જથ્થાબંધ ભાવો ૧૯૫૯-૬૬

ક્રમ	નામ	વર્ષ							
		૧૯૫૯	૧૯૬૦	૧૯૬૧	૧૯૬૨	૧૯૬૩	૧૯૬૪	૧૯૬૫	૧૯૬૬
					ભુજ				
૧.	ચોખા સારા	૯૧.૫૯	૧૪૯.૬૧	૧૫૯.૫૩	૧૨૫.૩૪	૧૦૬.૬૬	૦	૦	૦
૨.	ચોખા મધ્યમ	૮૭.૩૪	૧૧૦.૧૮	૯૩.૫૨	૮૬.૯૪	૯૨.૧	૧૧૪.૪	૦	૨૧૫
૩.	ચોખા	૦	૭૫.૨૫	૬૧.૩૬	૫૬.૩૪	૬૫.૭	૮૧.૭૭	૦	૦
૪.	ઘઉં સારબતી	૦	૬૦.૦૧	૫૪.૦૨	૫૪.૬૨	૦	૪૬.૧૩	૧૧૮.૮૮	૧૦૩.૭૪
૫.	ઘઉ લાલ	૮૧.૭	૫૧.૦૬	૪૪.૦૭	૪૧.૧૯	૪૧	૦	૫૧	૫૧.૮૩
૬.	જુવાર	૪૪.૮	૪૩.૪૫	૩૯.૮૬	૪૪.૪૨	૩૫.૯૩	૫૮.૯૬	૬૩.૩૯	૬૮.૨
૭.	બાજરી	૪૮.૯૪	૪૮.૫૯	૪૭.૬૫	૪૮.૩૫	૪૩.૬૪	૫૭.૪૫	૬૭.૪૪	૭૫.૬૯
૮.	મગ	૪૭.૮૬	૬૪.૫	૬૪.૮૫	૫૭.૧૮	૫૩.૫૯	૧૧૦.૫૭	૧૧૮.૮૭	૧૦૬.૦૮
૯.	ઉડીડ	૦	૮૭.૮	૫૩.૮૮	૫૭.૯૭	૬૦.૦૧	૭૦	૬૯.૬૪	૧૨૫
૧૦.	મગફળી તેલ	૦	૧૯૧.૭	૨૧૦.૫૪	૧૯૬.૯૮	૧૮૮.૨૫	૨૦૭.૪૧	૨૩૨.૯૪	૩૦૫.૪૭
					માંડવી				
૧.	ચોખા સારા	૯૫.૭૮	૧૫૧.૭૯	૧૧૯.૮૬	૮૦	૦	૧૧૦	૦	૨૩૦
૨.	ચોખા મધ્યમ	૭૭.૯૩	૧૦૭.૧૮	૯૪.૫૭	૭૫	૮૭.૫	૮૦	૦	૨૧૫
૩.	ચોખા	૪૭.૦૩	૭૫.૨	૬૪.૧૨	૫૮	૬૩.૮૫	૦	૦	૦
૪.	ઘઉં સારબતી	૦	૦	૫૬.૦૩	૫૫	૫૪.૮૨	૭૭	૧૦૦	૯૫
૫.	ઘઉ લાલ	૭૦.૫૪	૬૦.૨૮	૪૪.૦૭	૪૦	૪૩.૦૯	૭૨	૮૫	૮૨
૬.	જુવાર	૪૧.૮૪	૪૧.૬	૪૩.૪૮	૫૬	૩૯.૬૫	૦	૫૦	૫૫
૭.	બાજરી	૫૦.૭૯	૪૬.૪૧	૪૫.૩૯	૫૭	૪૮.૮૪	૫૭	૬૭	૭૬
૮.	મગ	૪૯.૪૮	૫૪.૩૪	૬૫.૯	૫૦	૫૫.૨૭	૯૨	૧૦૭	૧૧૦
૯.	ઉડીડ	૦	૮૫.૮૯	૬૮.૧૩	૬૫	૯૦.૫૪	૮૦	૧૧૦	૧૧૫
૧૦.	મગફળી તેલ	૦	૧૯૬.૦૨	૨૦૫.૧૯	૨૧૦	૧૯૮.૩૧	૦	૦	૦
					અંજાર				
૧.	ચોખા સારા	૧૦૫.૪૮	૧૪૩.૧૯	૧૦૭.૯૬	૧૦૨.૪૩	૧૦૦.૦૩	૧૧૫	૦	૦
૨.	ચોખા મધ્યમ	૭૯.૯૫	૧૦૮.૦૯	૮૭.૫૯	૧૦૧.૩૫	૯૪.૧૫	૧૦૫.૫	૦	૦
૩.	ચોખા	૦	૭૫.૯૨	૬૫.૨૩	૬૩.૩૭	૬૩.૪૭	૦	૦	૦
૪.	ઘઉં સારબતી	૭૨.૨૪	૫૩.૫૬	૫૩.૯૪	૫૧.૫૭	૫૧.૪	૬૭	૭૫.૫	૦
૫.	ઘઉ લાલ	૪૪.૬૯	૫૬.૭	૪૪.૮૭	૪૬.૨૫	૪૮.૦૪	૬૦	૫૯.૫	૦
૬.	જુવાર	૩૫.૯૬	૪૫.૧૨	૪૫.૦૩	૩૯.૫૪	૩૫.૧૧	૪૯	૫૯.૭૫	૦
૭.	બાજરી	૪૩.૩૨	૩૧.૦૮	૪૪.૪૨	૪૦.૧૭	૩૭.૮૭	૪૭	૬૪.૭૫	૦
૮.	મગ	૫૬.૫૭	૩૬.૭	૬૭.૭૨	૬૩.૪૫	૫૪.૩૪	૮૭	૧૦૦	૦
૯.	ઉડીડ	૯૪.૦૬	૮૦.૨૭	૬૪.૩	૬૧.૩૨	૭૫	૦	૮૦	૦
૧૦.	મગફળી તેલ	૦	૨૦૨.૬૬	૨૦૭.૯૯	૨૦૦.૩	૧૬૭.૪	૩૪	૪૫	૦

પરિશિષ્ટ – ૬

નક્કી કરેલ વ્યવસાયમાં રોકાયેલ વ્યક્તિઓની સંખ્યા ૧૯૬૧

ક્રમ	વ્યવસાયનું નામ	કુલ			શહેરી			ગ્રામ્ય		
		કુલ	પુરુષો	સ્ત્રીઓ	કુલ	પુરુષો	સ્ત્રીઓ	કુલ	પુરુષો	સ્ત્રીઓ
૧.	ફિઝિશિયન, સર્જન અને ડેન્ટીસ્ટ	૩૦૯	૩૦૧	૮	૧૨૪	૧૧૯	૫	૧૮૫	૧૮૨	૩
૨.	નર્સ, ફાર્માસિસ્ટ, અન્ય મેડિકલ અને									
	આરોગ્ય ટેક્નિશિયન	૬૬૩	૩૩૭	૩૨૬	૨૭૯	૧૭૧	૧૦૮	૩૮૪	૧૬૬	૨૧૮
૩.	શિક્ષકો	૨૧૫૨	૧૫૬૭	૫૮૫	૭૨૨	૫૦૫	૨૧૭	૧૪૩૦	૧૦૬૨	૩૬૮
	– યુનિવર્સિટીના શિક્ષકો	૪૧	૩૯	૨	૪૧	૩૯	૨	૦	૦	૦
	– માધ્યમિક સ્કૂલના શિક્ષકો	૧૨૭	૧૨૨	૫	૧૨૬	૧૨૧	૫	૧	૧	૦
	– મીડલ અને પ્રાથમિક સ્કૂલના શિક્ષકો	૧૮૮૭	૧૩૫૬	૫૩૧	૫૦૬	૩૧૬	૧૯૦	૧૩૮૧	૧૦૪૦	૩૪૧
	– કે. જી. અને નર્સરીના શિક્ષકો	૨૨	૭	૧૫	૧૮	૭	૧૧	૪	૦	૪
	– એન. ઈ. સી. શિક્ષકો	૭૫	૪૩	૩૨	૩૧	૨૨	૯	૪૪	૨૧	૨૩
૪.	ધારાશાસ્ત્રી, કાયદાશાસ્ત્રી	૧૫૭	૧૫૭	૦	૧૦૩	૧૦૩	૦	૫૪	૫૪	૦
૫.	આર્ટસ, લેટર અને સાયન્સ	૨૩૧૩	૨૧૨૧	૧૯૨	૬૯૯	૬૬૮	૩૧	૧૬૧૪	૧૪૫૩	૧૬૧
	– આર્કિટેક, ઇજનેર, સર્વેયર	૩૨૪	૩૨૪	૦	૨૨૯	૨૨૯	૦	૯૫	૯૫	૦
	– બાયોલોજિસ્ટ, વેટરનરીયન્સ,									
	એગ્રોનોમિસ્ટ અને તેના જેવા વિજ્ઞાનીઓ	૮૯	૮૯	૦	૫	૫	૦	૮૪	૮૪	૦
	– સમાજ વિજ્ઞાની અને તેના જેવા કાર્યકરો	૧૨૯	૯૭	૩૨	૮૦	૬૮	૧૨	૪૯	૨૯	૨૦
	– કલાકાર, લેખક અને તેના જેવા કાર્યકરો	૨૩૪	૨૨૭	૭	૬૦	૫૯	૧	૧૭૪	૧૬૮	૬
	– ડ્રાફ્ટમેન, સાયન્સ અને એન્જિનિયરિંગના									
	ટેક્નિશિયન, એન. ઈ. સી.	૬૦	૬૦	૦	૬૦	૬૦	૦	૦	૦	૦
	અન્ય વ્યવસાયિકો	૧૪૭૭	૧૩૨૪	૧૫૩	૨૬૫	૨૪૭	૧૮	૧૨૧૨	૧૦૭૭	૧૩૫

પરિશિષ્ટ – ૬

ક્રમ	વ્યવસાયનું નામ	કુલ			શહેરી			ગ્રામ્ય		
		કુલ	પુરુષો	સ્ત્રીઓ	કુલ	પુરુષો	સ્ત્રીઓ	કુલ	પુરુષો	સ્ત્રીઓ
૬.	વહીવટકાર અને સરકારી અધિકારીઓ	૮૦૯	૭૮૨	૨૭	૩૧૮	૩૧૩	૫	૪૯૧	૪૬૯	૨૨
૭.	લારી, ગલ્લા અને શેરી ફેરિયા	૧૧૧૧	૧૦૦૫	૧૦૬	૭૭૧	૭૦૮	૬૩	૩૪૦	૨૯૭	૪૩
૮.	દરજી, છરી-ચપ્પા બનાવનાર અને ચામડાના વેપારી અને તેના જેવા કારીગરો	૨૪૭૧	૧૬૯૧	૭૮૦	૭૨૯	૫૬૩	૧૬૬	૧૭૪૨	૧૧૨૮	૬૧૪
૯.	સોની, સોના અને ચાંદીના દાગીના બનાવનાર	૧૧૦૯	૧૧૦૫	૪	૪૨૮	૪૨૮	૦	૬૮૧	૬૭૭	૪
૧૦.	ડેરીના કામદારો	૯૫૩	૩૧૦	૬૪૩	૪	૩	૧	૯૪૯	૩૦૭	૬૪૨
૧૧.	મિલકામદારો, બેકરીના કામદારો, ફૂડ અને બેવરેજીસ વર્કર	૨૦૪૧	૧૨૧૮	૮૨૩	૩૩૯	૩૦૦	૩૯	૧૭૦૨	૯૧૮	૭૮૪
૧૨.	ઘરસફાઈ કામદાર, રસોયા અને તેના જેવા કારીગરો	૧૬૭૧	૪૮૦	૧૧૯૧	૧૧૧૪	૨૯૩	૮૨૧	૫૫૭	૧૮૭	૩૭૦
૧૩.	હજામ, વાણંદ, બ્યુટીશિયન અને તેના જેવા કારીગરો	૧૧૯૮	૧૧૯૫	૩	૨૪૫	૨૪૫	૦	૯૫૩	૯૫૦	૩
૧૪.	લોન્ડ્રી ચલાવનાર, ડ્રાય ક્લીનર્સ અને પ્રેસ કરનાર	૨૯૩	૧૭૭	૧૧૬	૨૪૦	૧૪૦	૧૦૯	૪૪	૩૭	૭

પરિશિષ્ટ – ૭

મજૂરોનું એવરેજ વેતન-દર ૧૯૬૧-૬૭

ક્રમ	મજૂરના પ્રકાર	જાન્યુઆરી ૧૯૬૧	જુલાઈ ૧૯૬૧	જાન્યુઆરી ૧૯૬૨	ઑગષ્ટ ૧૯૬૨	જાન્યુઆરી ૧૯૬૩	જુલાઈ ૧૯૬૩	જાન્યુઆરી ૧૯૬૪
	ભુજ							
૧.	સ્કીલ્ડ લેબર							
	– સુથાર	૪.૫	૫		૫	૫		૫
	– લુહાર	૪.૫	૫		૫	૫		૫
	– કૉબલર (મોચી)	૪.૫	૫		૪.૫	૪.૫		૩
૨.	– ખેતમજૂર							
	– પુરુષ	૨.૫	૩		૪	૪		૨
	– સ્ત્રી	૧.૫	૨		૩	૩		૧.૭૫
	– બાળકો	૦.૭૫	૧.૫		૧.૭૫	૧.૭૫		૧
૩.	અન્ય ખેતમજૂર							
	– પુરુષ	૨	૩		૪	૪		૨
	– સ્ત્રી	૧.૨૫	૨		૨.૫	૨.૫		૧.૭૫
	– બાળકો	૦.૫	૧.૫		૧.૨૫	૧.૭૫		૧
૪.	હર્ડ્સમેન (ગોવાળ)							
	– પુરુષ	૧.૫	૫		૨	૨		૧.૭૫
	– સ્ત્રી	૧	૩		૧.૫	૧.૫		૧.૨૫
	– બાળકો	૧	૨		૧.૨૫	૧.૨૫		૦.૭૫
	ભુજ							
૧.	સ્કીલ્ડ લેબર							
	– સુથાર	૫		૫	૫	૫	૫.૫	૫.૫
	– લુહાર	૫		૫	૫	૫	૫	૫
	– કૉબલર (મોચી)	૨		૨	૨	૨	૨	૨
૨.	– ખેતમજૂર							
	– પુરુષ	૨		૨	૩.૫	૪.૫	૪.૫	૪.૫
	– સ્ત્રી	૧.૭૫		૧.૭૫	૨.૫	૩.૫	૩.૫	૩.૫
	– બાળકો	૧		૧	૧.૨૫	૧.૨૫	૧.૨૫	૧.૨૫
૩.	અન્ય ખેતમજૂર							
	– પુરુષ	૨		૨	૩.૫	૪.૫	૪.૫	૪.૫
	– સ્ત્રી	૧.૭૫		૧.૭૫	૨.૫	૩.૫	૩.૫	૩.૫
	– બાળકો	૧		૧	૧.૨૫	૧.૨૫	૧.૨૫	૧.૨૫
૪.	હર્ડ્સમેન (ગોવાળ)							
	– પુરુષ	૧.૨૫		૧.૨૫	૧.૨૫	૧.૫	૧.૫	૧.૫
	– સ્ત્રી	૧.૨૫		૧.૨૫	૧	૧	૧	૧
	– બાળકો	૦.૭૫		૦.૭૫	૦.૭૫	૦.૭૫	૦.૭૫	૦.૭૫

પરિશિષ્ટ – ૮

મજૂરોનો સરેરાશ વેતન-દર : ૧૯૬૧-૬૭

ક્રમ	મજૂરના પ્રકાર	જાન્યુઆરી ૧૯૬૧	જુલાઈ ૧૯૬૧	જાન્યુઆરી ૧૯૬૨	ઑગષ્ટ ૧૯૬૨	જાન્યુઆરી ૧૯૬૩	જુલાઈ ૧૯૬૩	જાન્યુઆરી ૧૯૬૪
				રાપર				
૧.	સ્કીલ્ડ લેબર							
	– સુથાર		૫	૫	૫	૪.૨૫	૪.૨૫	૪.૨૫
	– લુહાર		૫	૫	૫	૪.૨૫	૪.૨૫	૪.૨૫
	– કૉબલર (મોચી)							
૨.	– ખેતમજૂર							
	– પુરુષ		૩	૩	૩	૨	૨	૧.૭૫
	– સ્ત્રી		૨	૨.૫	૨.૫	૧.૫	૧.૫	૧.૫
	– બાળકો		૧.૫	૧	૧.૫	૧	૧	૧
૩.	અન્ય ખેતમજૂર							
	– પુરુષ		૩	૩	૩.૫	૨.૭૫	૨.૫	૨
	– સ્ત્રી		૨	૨	૨.૫	૧.૭૫	૧.૭૫	૧.૫
	– બાળકો		૧.૫		૧.૫	૧	૧	
૪.	હર્ડ્સમેન (ગોવાળ)							
	– પુરુષ		૩		૩	૨	૨	
	– સ્ત્રી		૨		૨	૧.૫	૧	
	– બાળકો		૧.૫		૧.૫	૧	૧	
				રાપર				
૧.	સ્કીલ્ડ લેબર							
	– સુથાર	૬	૫	૫	૪.૭૫	૫	૫.૫	૫.૭૫
	– લુહાર	૬	૪	૪.૫				
	– કૉબલર (મોચી)							
૨.	– ખેતમજૂર							
	– પુરુષ	૨	૨	૨.૨૫	૧.૭૫	૨	૨.૩૭	૨.૫
	– સ્ત્રી	૧.૫	૧.૭૫	૧.૭૫	૧.૫	૧.૫	૨	૨.૨૫
	– બાળકો	૧	૧.૨૫	૧.૨૫	૧	૧	૧.૫	૧.૫
૩.	અન્ય ખેતમજૂર							
	– પુરુષ	૨	૨.૫	૨.૨૫	૧.૭૫	૨	૨.૧૨	૨.૨૫
	– સ્ત્રી	૧.૫	૨	૨	૧.૩૭	૧	૧.૭૫	૧.૯૫
	– બાળકો							
૪.	હર્ડ્સમેન (ગોવાળ)							
	– પુરુષ							
	– સ્ત્રી							
	– બાળકો							

ક્રમ	મજૂરના પ્રકાર	જાન્યુઆરી ૧૯૬૪	જુલાઈ ૧૯૬૪	જાન્યુઆરી ૧૯૬૫	જુલાઈ ૧૯૬૫	જાન્યુઆરી ૧૯૬૬	જુલાઈ ૧૯૬૬	જાન્યુઆરી ૧૯૬૭	જુલાઈ ૧૯૬૭
				અબડાસા					
૧.	સ્કીલ્ડ લેબર								
	– સુથાર	૫	૪.૫	૪	૫.૫	૫	૬	૬	૭
	– લુહાર	૫	૪.૨૫	૩.૫	૫	૫	૫	૫	૬
	– કૉબલર(મોચી)	૪	૪.૨૫	૩	૩.૫	૪	૪	૫	૫
૨.	– ખેતમજૂર								
	– પુરુષ	૨.૨૫	૨	૨.૫	૩	૨.૫	૩	૩	૩
	– સ્ત્રી	૧.૫	૧.૫	૧.૫	૨	૧.૭૫	૨.૫	૨.૫	૨.૫
	– બાળકો	૧	૧	૦.૮૭	૧.૫	૧	૧.૫	૧.૫	૧.૫
૩.	અન્ય ખેતમજૂર								
	– પુરુષ	૨.૨૫	૧.૭૫	૨	૩	૨	૩	૩	૨.૫
	– સ્ત્રી	૧.૫	૧.૨૫	૧.૫	૨	૧.૫	૨	૨.૫	૨
	– બાળકો								
				મુન્દ્રા					
૧.	સ્કીલ્ડ લેબર								
	– સુથાર		૫	૫	૫	૫	૫		૭
	– લુહાર		૫	૫	૫	૫	૫		૫.૫
	– કૉબલર(મોચી)		૪	૪		૫	૫		૫
૨.	– ખેતમજૂર								
	– પુરુષ		૨.૫	૨.૫	૨.૫	૨.૫	૨.૫		૩
	– સ્ત્રી		૧.૫	૧.૫	૧.૫	૧.૫	૧.૫		૨
	– બાળકો		૦.૭૫	૦.૭૫	૦.૭૫	૦.૭૫	૦.૭૫		૧.૨૫
૩.	અન્ય ખેતમજૂર								
	– પુરુષ		૨.૫	૨.૫	૨.૫	૨.૫	૨.૫		
	– સ્ત્રી		૧.૫	૧.૫	૧.૫	૧.૫	૧.૫		
	– બાળકો								

૫. કચ્છનો સાગરકાંઠો અને તેનાં બંદરો

હસમુખ અબોટી 'ચંદન'

ગુજરાતના ૧૬૬૩ કિ. મી. દરિયાકાંઠામાંથી ૨૩ ટકા એટલે કે ૩૫૨ કિ.મી. દરિયાકિનારો કચ્છને મળ્યો છે. કચ્છનો કાંઠો સપાટ છે. લખપતથી લઈ કંડલા સુધી ૩૫૨ કિ. મી. પર સાગરના જોરદાર પ્રવાહોના કારણે મોટી ખાડીઓ અને નદીઓના પ્રવાહોના લીધે નાની ખાડીઓનું સર્જન થયું છે. કેટલીક ખાડીઓમાં કાયમ પાણી ભરાયેલાં રહે છે, તો વળી કેટલીક ખાડીઓમાં ભરતી વખતે પાણી ભરાયેલાં જોવા મળે છે. તોફાન વખતે આ ખાડીઓ સુરક્ષિત દેખાય છે. કોરી ખાડી પર લખપત અને કોટેશ્વર, બોચા ખાડી પર મુંદ્રા અને ગોડિયા ખાડી પર જખૌ બંદર આવેલાં છે. સમુદ્રનો ભાગ અંદર સુધી ઘૂસી જવાને કારણે સુરક્ષિત બંદરનો લાભ કંડલાને મળ્યો છે. કંડલા માત્ર ગુજરાતનું જ નહિ, પણ આઝાદી બાદ દેશના મહાબંદર તરીકે જાણીતું બન્યું છે, જ્યારે મુંદ્રા ગુજરાતના મોટા બંદર તરીકે વિકસી રહ્યું છે. લખપત, કોટેશ્વર, જખૌ, શિકારપુર અને તુણા નાનાં બંદરો છે. કોટેશ્વર અને જખૌ 'ફેર વેધર પૉર્ટ' છે, જે ચોમાસા દરમિયાન બંધ રહે છે. માંડવી મધ્યમકક્ષાનું કુદરતી બંદર છે. જૈન પ્રબંધોમાં જેનો ઉલ્લેખ થયેલો છે તે 'રિયાણપત્તન' એટલે કે રાયપુર જેને આપણે રાયણ તરીકે ઓળખીએ છીએ તે આ રાયણમાં એક સમયે દરિયો વિસ્તરેલો હતો. એ જ રીતે કહેવાય છે કે અબડાસાનાં સાંયરા અને વિંઝાણ ગામ સુધી દરિયાનાં પાણી ઘૂઘવતાં, જેનો પુરાવો વિંઝાણના પીળા પથ્થરોની ખાણો આપે છે.

ઈ. સ. ૧૫૦થી ૧૮૦ના ગાળામાં ગેલેઝી અને ટૅમસે કચ્છના દરિયાનો અને કાંઠાળ પટ્ટીનો ઉલ્લેખ કર્યો છે. જ્યારે ઈ. સ. ૬૪૨માં ચીની મુસાફર હ્યુ-એન-સંગે કચ્છનાં વ્યાપાર, વહાણવટું, બંદરો તેમ જ તેની સમૃદ્ધિનો ઉલ્લેખ કર્યો છે.

ભૂતકાળમાં જંગી, ખારી રોહર અને ભદ્રેશ્વર પણ ધીકતાં બંદરો હતાં. કોરીનાળની ખાડી પરના લખપત-બંદરની સમૃદ્ધિ આંખો ઠારે તેવી હતી. ૧૯૬૩થી આ બંદરની અવદશા શરૂ થઈ.

માંડવી, મુંદ્રા અને જખૌની આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક સમૃદ્ધિની શાખ આજે પણ તે વખતે બનેલાં મકાનો તેમ જ હવેલીઓ પૂરે છે. જખૌમાં તો એ વખતે નગર પંચાયત અને તાર ઑફિસ સુધ્ધાં હતી. જ્યાં ચોર્યાસી દેશોના વાવટાઓ ફરકતા એવા માંડવી અને કચ્છનું પૅરિસ ગણાતું મુંદ્રા એ વખતે કચ્છની આન, બાન અને શાન હતાં.

કચ્છના ભાટિયા, લોહાણા, ખોજા અને વહોરાનાં વહાણો ખારવા તેમ જ ભડાલા સાત સમુદ્રો પાર કરી વેપારવણજ કરતા. વહાણોમાં મીઠું, અફીણ, જાડું કપડું, ઢાલ અને ચામડામાંથી બનેલી વિવિધ વસ્તુઓની નિકાસ થતી, જ્યારે હાથીદાંત, ખજૂર, ઘઉં, ચોખા, સૂકો મેવો, નાળિયેર, રેશમ, મસાલા જેવા કીમતી માલની આયાત થતી,

દામોદર આણંદજી, જેઠા લીલાધર, પરસોતમ ધનજી, ગોરધનદાસ ખેતશી, કાકુભા જેવાઓની પેઢીઓ જગવિખ્યાત હતી. કલ્યાણજી દોશી અને રામજી પ્રાગજીએ મસ્કતના રાજાના પુત્ર માટે મોટી ફોજ તૈયાર કરી વતનનું ઋણ ચૂકવ્યું હતું, જ્યારે જંગબારમાં મુંદ્રાના જેરામ શીવજીની પેઢીને ઈ. સ. ૧૮૪૦થી ૧૮૫૦ સુધી મહેસૂલ-વસૂલાતનો ઇજારો મળ્યો હતો જેમાં તેના મુનીમ લધા દામજીએ રંગ રાખ્યો હતો.

ઈ. સ. ૧૮૧૮માં બ્રિટિશ શાસન સ્થિર થયું તેના એક વર્ષ પછી મહારાવ દેશળજી બીજા સાથે થયેલી સંધિ મુજબ કચ્છનાં બંદરો બ્રિટિશ વહાણો માટે ખુલ્લાં હતાં. એ જ રીતે બ્રિટિશ બંદરો પર કચ્છનાં વહાણોને મુક્ત રીતે પ્રવેશવાની છૂટ મળી. મતલબ કે કચ્છના કોઈ પણ બંદરે આ વહાણોએ જકાત ચૂકવી દીધી હોય તેવાં વહાણોને બ્રિટિશનાં બંદરો પર અલગથી જકાત ચૂકવવાની નહિ એવા સંધિમાં લેખિત કરારો થયા.

ઈ. સ. ૧૮૫૧માં બીજી સંધિ થઈ, જેમાં એવું નક્કી થયું કે ગુજરાતના વડોદરા, જૂનાગઢ, નવાનગર, ભાવનગર, જાફરાબાદ તથા માંગરોળ અને મુંબઈ રાજ્યોનાં વહાણો ખરાબ હવામાન વખતે કચ્છના કોઈ પણ બંદરે દાખલ થઈ શકે અને તેમની પાસેથી અલગથી જકાત ઉઘરાવવી નહિ. આ જ ગાળામાં લૉર્ડ કર્ઝને કચ્છને હિંદી કસ્ટમ યુનિયનમાં જોડાવા અપીલ કરેલી, પરંતુ મહારાવે તેમને સખત શબ્દોમાં ના પાડી દીધી હતી, એટલે બ્રિટિશ શાસને 'વેસલ્સ' (વહાણો) શબ્દનો અર્થ 'માત્ર સઢવાળાં વહાણો જ' એવું અર્થઘટન કર્યું. આયાત થયેલો માલ જ્યારે સ્ટીમરો મારફતે બ્રિટિશ બંદરોએ પ્રવેશતો ત્યારે બ્રિટિશ સરકારે તેમની પર ભારે જકાત લાગુ કરી દીધી હતી. આમ, કચ્છને વેપારક્ષેત્રે મોટો ફટકો પડ્યો, જે સ્થિતિ આઝાદીના આગમન સુધી જેમની તેમ રહી.

અતીતના ઉંબરે ઊભેલાં કચ્છનાં બંદરો

કચ્છનું વહાણવટું હજારો વર્ષ પુરાણું છે. ઈસવીસન પૂર્વે કચ્છના વ્યાપારિક સંબંધો મેસોપોટેમિયાથી લઈ યુરોપિયન રાષ્ટ્રો સાથે હતા, જેની સાબિતી ધોળાવીરાના ઉત્ખનનમાંથી મળી આવેલા કેટલાક અવશેષો પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે આપી જાય છે. કચ્છના વ્યાપારિક સંબંધો અન્ય રાષ્ટ્રો સાથે હતા, જેમાં લખપત, જખૌ, માંડવી, ભદ્રેશ્વર, તુણા કે પછી મુંદ્રા જેવાં બંદરો આયાત-નિકાસથી સતત પ્રવૃત્ત રહેતાં. એ પછી આર્ષદ્રષ્ટા સંતશ્રી મામૈદેવજીએ એંધાણી આપતાં કહ્યું – 'મડઈ થીંધી મસાણ ને સરવો થીંધો શેર.' તેમના સમયમાં પણ કંડલા અને માંડવી બંદરો હતાં જ. એમની એંધાણી છેક ઈ. સ. ૧૮૫૧માં સાચી જણાવા લાગી. અમૃત વસંત પંડ્યાએ પોતાના પુસ્તક 'ગુજરાતદર્શન'માં પૃષ્ઠ ૮૦-૮૧ પર કંડલા ખાડીનો પ્રાથમિક સર્વે શાહી નૌકાદળે કરેલો તેવું નોંધ્યું છે. ખરેખર તો કંડલાના વિકાસનાં પગરણ ૧૯૩૦ પછી ખેંગારજી ત્રીજાએ કર્યાં, જેમાં ત્રણસો ફીટનો ધક્કો બનાવી વહાણને લાંગરવાની વ્યવસ્થા ઊભી કરી આપી.

આઝાદી બાદ કંડલા દેશનું છઠ્ઠા નંબરનું મહાબંદર બન્યું. ૨૩મી જાન્યુઆરી ૨૦૦૦ની સાલમાં અદાણી જૂથ અને રાજ્ય સરકારના સંયુક્ત સાહસથી વિકાસાવાયેલા મુંદ્રાબંદરને તત્કાલીન ગુજરાતના મુખ્યમંત્રી કેશુભાઈ પટેલે રાષ્ટ્રને સમર્પિત કર્યું. અર્વાચીન સમયમાં આ બંને બંદરો વિકાસની દીવાદાંડી સમાન બની ગયાં છે. વીસરાઈ ગયેલાં, યા તો કહો કે મૃતપ્રાય બનેલાં અન્ય બંદરોના વિકાસની ગાથા પણ જાણવા જેવી છે.

સિંધુનું મુખ એટલે લખપતબંદર : કચ્છના સિંધ સાથેના વેપારમાં માંડવી, જખૌ અને કોટેશ્વરની જેમ લખપત પણ મહત્ત્વનું બંદર હતું. લખપતનો દરિયો સપાટ અને છીછરો એટલે માલના પરિવહનમાં સઢવાળાં નાનાં વહાણો ચાલતાં. કચ્છના મહારાવ લખપતજીએ (ઈ. સ. ૧૭૫૨-૧૭૬૧) લખપત-બંદરનો પાયો નાખ્યો. તે પછી બંદરની સમૃદ્ધિ આંખો ઠારે તેવી થઈ હતી. માનવસર્જિત અવળચંડાઈ અને કુદરતી આપદાઓએ લખપતબંદરને રુગ્ણ બનાવી દીધું. કોરીખાડીની શાખા મારફતે કચ્છની જીવાદોરી સમાન વહેતી લોકમાતા સિંધુના વહેણને ઈ. સ. ૧૭૬૫માં સિંધના બાદશાહના સરદાર ગુલામશાહ ક્લોરાએ સિંધુ નદી પર બંધ બાંધ્યો. અધૂરામાં પૂરું કર્યું ઈ. સ. ૧૮૧૯માં જૂન માસમાં આવેલા ભૂકંપે આ ભૂકંપે લખપતવિસ્તારમાં સિંધોડીનો દુર્ગ તોડી પાડ્યો અને ત્યાં ચોપાસ ચાલીસેક કિલોમીટરના વિસ્તારમાં સમુદ્ર ધસી આવ્યો. આ સમયથી લઈ ઠેઠ ઈ. સ. ૧૮૨૬ પર્યંત મોરાના બંધ અને અલ્લાહ બંધે તમામ વ્યવહાર તોડી પાડ્યો. ત્યારબાદ ફતેહમામદ જમાદારે

લખપતબંદરનો વિકાસ થાય તેવા પ્રયત્નો આદર્યા, પરંતુ લાંબા ગાળાની કોઈ સિદ્ધિ તેમને મળી શકી નહિ.

આસ્થાનું પ્રતીક કોટેશ્વર-બંદર : લખપતના વિકાસની સાથોસાથ અત્યારનું કોટેશ્વર પણ જોડાયેલું હતું. ચીની મુસાફર હ્યુ-એન-સંગે કચ્છની લીધેલી મુલાકાતમાં કચ્છના અતિ પશ્ચિમના દરિયાકાંઠા અને વ્યાપારની વાત લખી છે, જેમાં અત્યારના લખપત અને કોટેશ્વરની વાત આવી જાય છે. ભરતી વખતે કોટેશ્વર-બંદરે પંદરેક ફીટ જ પાણી રહે છે. પરંતુ કોટેશ્વરથી ઊભાં રાખવા પડતાં વહાણો કે સ્ટીમરોના ટ્રાફિકના અભાવે આ બંદર પણ બંધ હાલતમાં રહ્યું છે. કોટેશ્વરથી ૨૦-૨૫ કિ. મી. દૂર ક્રીકમાં સાંવલાપીરની દરગાહ આવેલી છે. ત્યાં સુધી જવા અત્યારે પ્રતિબંધ છે. કોટેશ્વર-સ્થિત કોસ્ટગાર્ડ અને બી.એસ.એફ.નાં થાણાં આવેલાં છે.

કોટેશ્વરના વિકલ્પરૂપે અત્યારે કોટેશ્વરથી પૂર્વ-દક્ષિણ કિનારે આવેલા સાંઘીપુરમ, વાઘોટ અને અકરીનો દરિયાકિનારો આળસ મરડી ઊભો થવા જઈ રહ્યો છે. મોટી બેરથી પાંચ કિલોમીટરે સાંઘીપુરનો સિમેન્ટ પ્લાન્ટ આવેલો છે, જેની જેટી ૧૪ કિ.મી. દૂર ઊભી કરાઈ છે. એવી જ રીતે વાગોટ ગામથી ૧૫ કિ.મી. દૂર 'અંજન' સિમેન્ટ અને અકરી પાસે 'આદિત્ય બિરલા' ગ્રૂપ દ્વારા પણ જેટી ઊભી કરાઈ રહી છે. લખપત અને ઘડુલી વચ્ચે 'દીપક' સિમેન્ટ પ્લાન્ટનું કામ ચાલુ છે. આના માટે નારાયણસરોવરથી મુંદ્રા સુધી નૅશનલ હાઈવે જોડાયેલો છે.

લખપત કોટેશ્વરની ખાડીમાં ભરતી વખતે કૅનાલમાંથી પંપ દ્વારા અકરી મોટી સ્થિત થર્મલ પાવર સ્ટેશનમાં દરિયાનું પાણી લઈ જવાય છે. અહીં એમ. ઇ. ડી. (મલ્ટીઇફેક્ટ ડીસેલીનેશન) પ્લાન્ટ આધારિત દરિયાનાં પાણીને પ્રતિ કલાક ૫૦,૦૦૦ લિટર મીઠું પાણી બનાવાય છે.

આ શુદ્ધ પાણીને વરાળમાં રૂપાંતરિત કરી ટર્બાઈન દ્વારા વીજળીનું ઉત્પાદન કરાય છે. સવાસો મેગાવૉટનાં બે યુનિટો દ્વારા કચ્છને જી.એમ.ડી.સી. વીજળી પૂરી પાડે છે. અકરી મોટીના પાવર સ્ટેશનમાં આસિસ્ટન્ટ મૅનેજર પ્રકાશભાઈ એ. અબોટીનું કહેવું છે કે જી.એમ.ડી.સી.નું આ કદમ સરહદી વિસ્તારને ધબકતો રાખવા અને ઉદ્યોગોને વીજળી પૂરી પાડવા અતિ મહત્ત્વનું બની રહ્યું છે.

પિંગલેશ્વર અને સુથરીનો દરિયો ખડકાળ હોતાં અહીં ધક્કાઓ બાંધવા શક્ય નથી. જ્યારે લાયજા આશારના દરિયાકિનારાના વિકાસ માટે થોડાં વર્ષો પહેલાં વાતચીત ચાલેલી. એ જ રીતે માંડવી બંદરને આશાપુરા ગ્રૂપે વિકાસાર્થે હાથ લંબાવેલો પરંતુ હજી સુધી તેનો વિકાસ થયો નથી. માંડવીની બાજુમાં ત્રગડી પાસે ઍલ્યુમિનિયમ પ્લાન્ટ અને મેગાપાવર પ્રોજેક્ટ બનાવવાના હોઈ તેનો પૂર્વનો કાંઠો વિકસે તેવું દેખાઈ રહ્યું છે.

ગોડિયા ખાડી પર આવેલું યક્ષોનું બંદર જખૌ : ગોડિયા ખાડી ઉપર ૨૩-૧૫ અંશ ઉ.અ. અને ૬૮-૩૬ અંશ પૂ.રે. પર આવેલું જખૌ બંદર પુરાણું બંદર છે. ભરતી વખતે અહીં ૧૫ ફીટ પાણી રહે છે. ચોમાસા દરમિયાન જખૌ બંદરનું કામકાજ ઠપ રહે છે. કાંપના ભરાવાથી જૂનું બંદર બંધ પડી જતાં ગોડિયા ખાડીના અંદરના ભાગમાં ૧૬ કિ. મી. દૂર નવું બંદર બંધાયું. તેની આઠેક કિ. મી. દૂર એની લંગરગાહ પાસે ત્રીસથી પાંત્રીસ ફીટ ઊંડું પાણી રહે છે. ભાટિયા અને લોહાણાની માલિકીનાં વહાણો કરાંચી, મસ્કત, દુબઈ, આફ્રિકા, દમણ, મુંબઈ અને દક્ષિણ ભારતનાં બંદરો સાથે વેપારવિનિમય કરતાં. કોઠારાના ચના શરજી ભગદેની માલિકીનાં ચાર-પાંચ વહાણો હતાં. કરમશી જેઠા સોમૈયાનું એક મીઠાનું કારખાનું કાર્યરત હતું અને તેણે પોતાની જેટી પણ બાંધી હતી. અહીંનું મીઠું કોરિયા, જાપાન અને છેક પૂર્વના દેશોમાં જતું. સેટેલાઈટ મારફતે મત્સય ઉદ્યોગ ખાતું માછીમારોને યોગ્ય માર્ગદર્શન આપતું હોઈ અહીંના દરિયામાં વિપુલ પ્રમાણમાં વિવિધ જાતોનાં માછલાં મળી આવે છે વલસાડ, વેરાવળ, પોરબંદર, ઓખાના માછીમારો અહીં સુધી આવે છે. અહીં એક ફિશિંગ જેટી પણ બનાવવામાં આવી છે.

કચ્છી વહાણોનું નિર્માતા બંદર માંડવી : ૨૨'-૧૯' ઉ. અ. અને ૬૯'-૨૧' પૂ. રે. ૫૨ આવેલું માંડવી બંદર કચ્છની દક્ષિણ દિશાએ સ્થિત છે. સમગ્ર ભારતનો દરિયાકાંઠો કરાંચી, આરબ દેશો, આફ્રિકી દેશો અને યુરોપિયન દેશો સાથે સેંકડો વર્ષોથી વ્યાપક વ્યાપારિક સંબંધો ધરાવતું આ મધ્યમકક્ષાનું બંદર છે. મહારાવ શ્રી ગોડજી બીજાના શાસન (ઈ. સ. ૧૭૬૧-૧૭૭૯) દરમિયાન અહીંની જાહોજલાલી અન્ય બંદરો કરતાં ઈર્ષા જન્માવે તેવી હતી. વળી, અહીંનો જહાજવાડો સમગ્ર દુનિયાને આકર્ષિત કરતો અહીંના કુશળ ગઈધરા(વહાણ બાંધનાર)ની ખ્યાતિ જાણીતી હતી. જહાજવાડામાં બંધાતાં કચ્છી વહાણો ગમે તેવાં તોફાનો સામે ટકી શકે તેવાં મજબૂત હતાં. ઈ. સ. ૧૭૮૦માં માંડવીના ભાટિયા, જૈનો, લોહાણા અને વહોરા લોકોની માલિકીનાં સાડાચારસો વહાણો હતાં. અહીંથી આ વહાણોમાં રૂ, રેશમી અને સુતરાઉ કપડાં, મીઠું, ખનિજ, લાકડું, નળિયાં અને ઘી જેવી વસ્તુઓની નિકાસ અન્ય દેશોમાં થતી; જ્યારે ખજૂર, હાથીદાંત, ગેંડાનાં શિંગડાં, ચામડું, સીસું, તાંબું, મરી, મસાલા, નાળિયેર, દવાઓ, કાચ, રંગ, રસાયણ, વાંસ અને સાગ જેવી વસ્તુઓની આયાત થતી.

રાયધણજી બીજાના શાસનકાળના (ઈ. સ. ૧૭૭૯-૧૮૪૧) ગાળામાં ઈ. સ. ૧૭૮૪માં માંડવી કચ્છ રાજ્ય શાસનમાંથી અલગ પડી રામજી ખવાસની આગેવાની હેઠળ સ્વતંત્ર બન્યું. એ પછી ફતેહમહમદ જમાદારે માંડવી પર ચડાઈ કરી. તેને કબજે કરવા અથાગ પ્રયત્નો કરેલા, પરંતુ હંસારાજ ભાટિયાએ ઈસ્ટ ઇન્ડિયા કંપની સાથે સંધી કરી, માંડવીમાં સિપાઈઓનાં થાણાં નાખ્યાં, પણ તેનું આકસ્મિક અવસાન થતાં તેના ભાઈ ટોકરશીએ માંડવીનો વહીવટ સંભાળ્યો. પુનઃ ફતેમહમદ જમાદારનો વટભેર સામનો કર્યો. તત્સમયે માંડવીના દીવાન દેવકરણે ઓખાના ચાંચિયાઓને અંકુશમાં રાખવા માંડવી બંદરની દક્ષિણે ઓખા નજીક 'કચ્છી ગઢ'નું થાણું સ્થાપેલું. આજે પણ તેના ભગ્નાવશેષો છે. આમ, માંડવીનું વહાણવટું ચોમેરથી સુરક્ષિત હતું. રાવ ગોડજી બીજાએ માંડવી બંદરે એક ધક્કો બાંધ્યો અને ઈ. સ. ૧૮૬૫માં રાવ પ્રાગમલજીએ આઠ લાખ કોરીના ખર્ચે 'બ્રેકવૉટર' બંધાવ્યો હતો. ઈ. સ. ૧૮૭૦ પછી સ્ટીમરોના આગમન થકી માંડવી બંદરે જે વહાણોમાં આયાત-નિકાસ થતી હતી તેમાં મંદી વર્તાણી. બ્રિટિશ શાસનતળે આ બંદરે ઘણી ચડતી-પડતી જોઈ. ભારત સ્વતંત્ર બનતાં ઈ. સ. ૧૯૫૧થી ૧૯૬૬ દરમિયાન ભારત સરકારે માંડવીના વિકાસાર્થે ૪૧.૩૩ લાખ રૂપિયાનો ખર્ચ કર્યો હતો. બ્રેકવૉટરથી મોસમી પવનો સામે બંદરને રક્ષણ મળ્યું. ઈ. સ. ૧૯૬૫ સુધી કરાંચી, માંડવી અને મુંબઈ વચ્ચે 'સરસ્વતી' અને 'દ્વારકા' નામની સ્ટીમરોની સેવા ચાલુ હતી અને ઓખા-માંડવી વચ્ચે ફેરી સર્વિસ સિત્તેરના દાયકાના ઉત્તરાર્ધ સુધી ચાલુ હતી. આજની તારીખે સ્ટીમરોને દર ત્રણ કિલોમીટર દૂર લંગર નાખવાં પડે છે. માંડવીના અનુભવીઓ સર્વ શ્રી શિવજી ભુદા ફોફીંડી, રામજી કરસન જેઠવા અને ચાંપશી માધવજી ફોફીંડીનું માનવું છે કે, અગર અત્યારના ધક્કાને હજુ અડધા કિલોમીટર સુધી આગળ વધારવામાં આવે તો વહાણો આસાનીથી આવજા કરી શકે અને માંડવી બંદર ફરીથી ધમધમતું બની શકે તેવી શક્યતાઓ રહેલી છે. આ બંદરે અર્ધભરતી વખતે ખાડીમાં ખૂબ જ ઓછું પાણી રહે છે, પરંતુ પૂર્ણ ભરતીવેળાએ જ વહાણો બંદરે લંગર નાખી શકે છે. માંડવીબંદરની નાળમાં વારંવાર કાંપ-રેતીનું પુરાણ થતાં ડ્રેજિંગની સમસ્યા રહે છે. સાંપ્રત સમયમાં ૨૦૦૦થી ૨૨૦૦ ટન સુધીનાં વહાણો બને છે.

ધીકતું બંદર નવીનાળ : બંદર ભલે માંડવી જેવું રેતાળ લાગે તેમ છતાંય તેના કિનારે ટ્રાફિક રહેતો. આ બંદરનું દાણ અત્યારે દાણેશ્વર મહાદેવનું મંદિર છે ત્યાંની તેની દાણદેરી હતી. દાણ ઉઘરાવવાનો રૂક્કો માડી ગામના અજોજી ટિલાતને અપાયેલો હતો. માડીમાં અત્યારે દરિયાની અંદર ચારેક કિ.મી.ના અંતરે મોટી જેટીનું કામ પુરજોશથી ચાલુ છે.

ભદ્રાવતી નગરીનું બંદર – ભદ્રેશ્વર : મુંદ્રાથી બાવીસ કિ. મી. દૂર ભદ્રેશ્વરબંદર જાણીતું હતું. બારમી સદીમાં જગડુશાહે આ બંદરેથી આરબ દેશો સાથે વ્યાપકપણે વેપાર કરેલો. એ કાળે ગુજરાતમાં પડેલા ભયંકર દુષ્કાળમાં કચ્છ અને પાટણને અનાજનાં ગોદામો ખોલી આપી લોકોને ઉગાર્યાં હતા.

અત્યારે ૪૦૦ જેટલાં વાઘેર કુટુંબો ભરતીવેળાએ માછીમારી કરે છે. આઠથી દશ કુટુંબો મીઠું પકવે છે. મુંબઈગરા જૈન લોકો રજાના દિવસોમાં વહાણોમાં બેસી સહેલ કરતાં આનંદ મેળવે છે. ચોખંડા પાસે આવેલી નાળની નજીક એક પ્રખ્યાત નાળેશ્વર મહાદેવનું મંદિર આવેલું છે. ભદ્રેશ્વરમાં ભાટિયા કુટુંબોનું વર્ચસ્વ કાયમ રહેતું. જીવણદાસ આશર અને મોહનભા ભાટિયાની સાહેબી જાણીતી હતી. તેમનો વ્યાપાર આફ્રિકાના દેશો સાથે મહત્ત્વનો રહેતો. લવિંગ, હાથીદાંત અને કીમતી લાકડાના વેપારમાંથી તેઓ માલેતુજાર બન્યા હતા. નિમક અને માછીમારી સિવાય આ બંદરનું મહત્ત્વ અત્યારે લઘુતમ રહ્યું છે.

ફતેહમહમદનું બંદર – તુણા : તુણા નાનું બંદર છે. તે કંડલાથી દક્ષિણે આવેલું છે. સઢવાળાં વહાણોનું આશ્રયસ્થાન હતું. આઝાદી બાદ તેનો વેપાર કંડલા-બંદરે ખેંચી લીધો છે. કંડલાના વિકાસની સાથે હવે આ બંદરોનો પણ વિકાસ થઈ રહ્યો છે. કંડલાની જેટીઓનું બાંધકામ હવે તુણા તરફ થતું રહ્યું છે.

બંદરથી દૂર માટી અને ઘાસ ઊગતું હોવાથી તેનું અસલ નામ તૃણા પરથી તુણા પડ્યું હોય તેવી એક સંભાવના બંધાય છે. અહીંનાં માટલાં વહાણો મારફતે આરબ દેશો સુધી જતાં. આ બંદર ફતેહમહમદ જમાદારે બાંધ્યું હોવાના પુરાવા મળે છે. તે અંજાર અને કંડલા સાથે રેલવેમાર્ગથી જોડાયેલું બંદર છે. નિમક અને માછલાંની નિકાસ આ બંદરની પ્રમુખ કામગીરી રહી છે. તે કંડલા મહાબંદરના તાબા હેઠળ છે.

ખારી રોહર અને જંગી : ખારી રોહરથી દરિયો છ કિ. મી. દૂર છે. યુનાઇટે સૉલ્ટ વર્ક તરીકે ઓળખાતું સરવો એટલે કે કંડલાની પાસે ખારી રોહર આવેલું છે, જેની જેટી અત્યારે 'ઇફ્કો' પ્લાન્ટની નજદીક આવેલી છે. તેનો ઉપયોગ મીઠા માટે થયો હતો. કંડલાનો વિકાસ થતાં તે મૃત હાલતમાં છે. ભદ્રેશ્વરથી જોગણીનાર, તુણા, ભારાપર, કીડાણા, ખારી રોહર, મીઠી રોહર, ચૂડવા, પડાણા, વરસાણા, નાની ચીરઈ, મોટી ચીરઈ, ભચાઉ, વોંધ, જંગી વાંઢિયા, આંબલિયા, શિકારપુર અને છેક સુરબારી સુધી લગભગ ૭૦૦ જેટલા મીઠાના અગરો આવેલા છે. મુખ્યત્વે ઉપરોક્ત બધો જ દરિયાઈ વિસ્તાર મીઠું પકવે છે, જેનામાંથી ૫૦,૦૦૦ લોકો રોજી-રોટી મેળવે છે. જે કુટુંબની વાર્ષિક આવક ૧૫ હજારથી ઓછી છે તેવા કુટુંબને સરકાર દ્વારા દશ વર્ષ માટે દશ એકર જમીન લીઝ પર અપાય છે, જેનું વાર્ષિક ભાડું ૩૫૦૦ રૂપિયા છે. આ કુટુંબ આ જમીનમાંથી વર્ષે ૧૫૦૦થી ૨૫૦૦ ટન જેટલું મીઠું મેળવે છે. ઉત્પાદિત મીઠું ટ્રેન અને અન્ય પરિવહન મારફતે બાંગ્લાદેશ, ચીન, ઑસ્ટ્રેલિયા, નેપાળ, જાપાન, કેનેડા અને યુરોપિયન દેશોમાં નિકાસ થાય છે.

જંગીબંદરનો દરિયાકિનારો કાદવ-કીચડવાળો અને છીછરો છે. રાજાશાહી વખતે આધોઈ મોરબી સ્ટેટના તાબામાં હતું અને જંગીનો કારોબાર આધોઈ હસ્તક હતો.

જહાજવાડાના સ્રોતો

કચ્છી વહાણોની બાંધણી વિશે પણ જાણવું એટલું જ રસપ્રદ છે. વહાણોના પાંચેય પ્રકારોની 'ફૉર્મ્યુલા' એકસરખી રહેતી. માનો કે ૬૦-૬૫ ટનનું વહાણ બનાવવાનું છે તો તેનું પઠાણ (વહાણની કરોડરજ્જુ) જમીન ઉપર આડું ૪૦ ફીટનું રાખવામાં આવે છે. તેની બંને તરફના મોરાઓની (મુખની) લંબાઈ જમીનથી દશ ફીટ ઊંચી રાખવામાં આવે છે. આ વહાણોની પહોળાઈ પણ દશ ફીટ હશે. અહીં પહોળાઈનો મતલબ એ છે કે વહાણની વચ્ચેથી બંને તરી સુધીનું અંતર રાખવામાં આવે છે. પઠાણની જેટલી લંબાઈ એટલી જ મુખ્ય કૂવાસ્તંભ કરતાં ત્રણ ફીટ વધારે હોય છે, જે કૂવાસ્તંભની ઉપરથી નીચે ત્રાંસી

રીતે રાખવામાં આવે છે. પરમાણના ઉપર-નીચેના બંને છેડાઓ વહાણની બહારની બાજુએ દોઢ-દોઢ ફૂટ બહાર જઈ શકે છે અથવા તો ઘણા પાંજરી પરમણને પરિસ્થિતિ મુજબ ઓછા-વત્તા અંશે ત્રાંસું રાખે છે.

મુખ્ય સઢ ઉપરાંત એક કલામી સઢ મુકાય છે, જેની ઊંચાઈ મુખ્ય સઢ કરતાં પોણા ભાગની હોય છે અને જાડાઈ કૂવાસ્તંભ કરતાં પા ભાગની રાખવામાં આવે છે. વયોવૃદ્ધ નાખુદાઓના કહેવા અનુસાર જૂના સમયમાં વહાણોમાં કૂવાસ્તંભ ઉપરાંત તેની બંને બાજુ આગળ-પાછળ એમ બે કલમીઓ પણ મૂકવામાં આવતી, અર્થાત્ એક વહાણમાં ત્રણ-ત્રણ કૂવાઓ રહેતા. અનુકૂળ હવામાન હોય તો મોરાની આગળ કાતરાનો સઢ પણ મૂકવામાં આવતો. જોકે તેઓ સ્વીકારે છે કે ત્રણ કૂવાવાળાં વહાણો મોટાં હોય અને આવા પ્રકારનાં લાંબાં વહાણોનું ચલણ કચ્છમાં ઓછું રહેતું. કચ્છી વહાણો બહુધા મુખ્ય સઢ અને કલમી દ્વારા ચાલતાં. દરેક વહાણની બાંધણી ગઈધરની પોતાની આગવી સૂઝ પર રહેતી. જેટલા ટનનું વહાણ બનાવવું હોય તે પ્રમાણે ગઈધરો હિસાબ લગાડતા અને વહાણના મોરાઓ, ઊંચાઈ અને પહોળાઈ તેની ગણતરી મુજબ કરતા. વંશપરંપરાગત વહાણોમાં અનુભવે ફેરફારો કરતા ગયા અને સમયની માગ મુજબ નૂતન વહાણો બનતાં ગયાં.

(પારિભાષિક શબ્દાર્થ : પાંજરી = પરમણ અને સઢનું કામ કરનાર વ્યક્તિ)

કચ્છી વહાણોની બાંધણી, પ્રકારો અને તેમની વિશેષતાઓ

એક સમયે વિશ્વના નકશામાં કચ્છના વહાણવટાએ સાહસિકતા, હિંમત અને અલ્પવિકસિત સાધનો વડે કચ્છને ગૌરવ અપાવ્યું હતું. તેના મૂળમાં કચ્છના જ હુન્નરબાજ કારીગરો હતા. કચ્છી વહાણો દેશ-દેશાવરમાં ખ્યાતિ પામી ચૂક્યાં હતાં. અસ્સલ કચ્છી વહાણો બનાવવાની શરૂઆત રાવ ગોડજી બીજાએ પોતાના શાસનકાળ (ઈ. સ. ૧૭૬૧-૧૭૭૯) દરમિયાન માંડવી ખાતે કરેલી. તેમણે અહીં એક જહાજવાડો સ્થાપ્યો હતો. માંડવીમાં બંધાતાં વહાણો પર તેમની જાતદેખરેખ રહેતી, જે કારણે માંડવીની ખ્યાતિ ધીરેધીરે વધવા લાગી. અહીં બંધાયેલાં કોટિયા પ્રકારનાં વહાણોએ તો 'કૅપ ઑફ ગૂડ હોપ' થઈને ઇંગ્લૅન્ડ જઈ ત્યાંથી મલબાર થઈને કચ્છ-માંડવી પાછા ફરવા જેટલી લાંબી સફર કાપી હતી. આ તેમના ટકાઉપણાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ હતું. ઈ. સ. ૧૭૮૦ પછી માંડવીમાં કચ્છી વહાણોની સંખ્યા સાડાચારસો જેટલી હતી.

વહાણ બાંધનારાઓ મિસ્ત્રીઓ-સુથારોને કચ્છીમાં વાઢાઓ કહે છે. આ વાઢાઓને કચ્છી વહાણવટી ભાષામાં ગઈધર કહેવાય. ગઈધર ખારવા તેમ જ મુસ્લિમો હતા. તેમની વહાણ બાંધવાની કુશળતાની કીર્તિ ચોમેર ફેલાવા લાગી, કેમ કે તેઓ કોઈ પણ કચ્છી વહાણ તેની ડિઝાઇન (બ્લુપ્રિન્ટ) વગર, રેખાંકનો કે નકશા વિના માત્ર હૈયા-ઉકલતથી અને વારસાઈ આવડત, સૂઝ અને અનુભવના આધારે બનાવી શકતા. આમ કચ્છ-સૌરાષ્ટ્ર ઉપરાંત આરબ અને આફ્રિકાના દેશોમાં કચ્છી વહાણોની માગ વધવા લાગી. કેટલાક પરદેશીઓ માંડવી આવી વહાણોની ખરીદી કરી પોતાના દેશમાં લઈ જતા. બ્રિટિશ શાસનકાળમાં કચ્છના પૉલિટિકલ એજન્ટ મેકમર્ડોની નોંધ મુજબ તે સમયે માંડવીમાં ૮૦૦ જેટલાં દેશી વહાણ (કન્ટ્રી ક્રાફ્ટ) બન્યાં હતાં.

કચ્છી વહાણોમાં અવ્વલ સ્થાન ગોયરાવાળા કોટિયા પ્રકારના વહાણનું આવે. ત્યારબાદ તેમાં થોડા-ઘણા ફેરફારોને લઈને ગંજો, બરછાદંગી, દંગી, મછવો, બ્રિગ બતેલો, જાલીબોટ, હોડી ઇત્યાદિનો સમાવેશ થાય છે. કચ્છી વહાણો સાગવાનનાં લાકડાંમાંથી બનતાં. આ લાકડાંનાં પાટિયાંઓ સાંધાઓની ધાર મૂકતાં નહિ અને તેની કલફાત (પાટિયાંઓના સાંધાઓમાં પુરાતી રૂની વાટો) કરવી પડતી નહીં, આ વહાણો ૩૦-૫૦ ટનથી લઈ છેલ્લે ૩૫૦ ટન સુધી બન્યાની તવારીખ છે. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન સારાયે યુરોપમાં યાંત્રિક યુગનું મંડાણ થઈ ચૂક્યું હતું,

જેનો પ્રચાર પ્રસાર ધીરે-ધીરે બ્રિટિશ-શાસિત દેશોમાં પણ થતો રહ્યો. ભારત બ્રિટિશ હકૂમત તળે, એટલે તે વખતના ૧૫૦-૨૦૦ ટનના કોટિયાઓમાં પણ એન્જિન બેસાડવાની શરૂઆત થઈ. કોટિયા સઢ અને એન્જિન એમ બન્ને રીતે ચાલવા લાગ્યાં. છેલ્લો કોટિયો ઈ. સ. ૨૦૦૪માં માંડવીસ્થિત આ પ્રકારનો બન્યો હતો. કચ્છી વહાણો ખાસ કરીને મુસાફરી અને ઓછા માલના પરિવહન માટે જ હતાં. આજના યુગમાં માત્ર ભારવહનની ક્ષમતાને જ ધ્યાનમાં લેવામાં આવે છે. એ હિસાબે કચ્છી વહાણોના સ્થાને તુતીકોરિન ડિઝાઇનનાં 'તુતકડાં' બનવા લાગ્યાં છે, જેની ક્ષમતા ૧૫૦૦થી ૨૨૦૦ ટન સુધીની છે, જે કારણે આ કચ્છી વહાણો આપોઆપ લુપ્ત થઈ ગયાં.

રચનાસ્રોતો

કચ્છ-માંડવીની રુક્માવતી નદી પર આવેલા પુલની દરિયા બાજુની ખાઈના વિસ્તાર સુધી અને નદીના બંને કિનારે જહાજવાડો આવેલો છે. જહાજવાડામાં મહત્તમ ૧૪૦૦થી ૧૫૦૦ ટનની ક્ષમતાવાળાં વહાણો અહીં બને છે. વાર્ષિક આઠથી દશ વહાણો બને છે. વર્ષારંભે સમારકામ થતું હોય તેવાં વહાણોની સંખ્યા દશથી બારની થવા જાય છે, જ્યારે થોડા જ વખતમાં સમારકામ થઈ જતું હોય તેવાં વહાણોની ગણતરી જ નથી ! જહાજવાડામાં અંદાજિત ૧૦૦૦થી ૧૨૦૦ માણસો કામ કરી રહ્યા છે. એક વહાણની બનાવટ પાછળ પ્રત્યક્ષ રૂપે ૬૦થી ૬૫ વ્યક્તિ કામે લાગેલી જણાય છે, જેમાં મિસ્ત્રી (ગઈધર), વાઢાઓ (મિસ્ત્રીના મદદગાર), મજૂર-ખલાસીઓ, કલફાત કરનારા વિવિધ સ્રોતો, 'ગુડિયા' કારીગરોનો સમાવેશ થાય છે, જ્યારે અપ્રત્યક્ષ કામ કરવાવાળાઓમાં રેંકડી પર તોતિંગ લાકડાં લાવનારા મજૂરો, ટ્રેક્ટરો, જે. સી. બી., તૈયાર વહાણને દરિયામાં લઈ જવા બનાવવી પડતી નેળમાં રોકાયેલા મજૂરો અને તૈયાર થયેલા વહાણને દરિયામાં ખેંચી જનાર વ્યક્તિઓ, ઇલેક્ટ્રિશિયન ઇત્યાદિનો સમાવેશ થાય છે. તદુપરાંત અપ્રત્યક્ષ રૂપે કામ કરનારી વ્યક્તિઓની સંખ્યા પણ ઓછી નથી. ટૂંકમાં કચ્છ-માંડવીનો આ ઉદ્યોગ અત્યાર સુધીનો ધીકતો અને ચિરંજીવ રહ્યો છે. વર્ષો જૂનો આ ઉદ્યોગ છે. કચ્છમાં આવતા પ્રવાસીઓને વ્યક્તિગત ધોરણે માંડવીમાં જહાજવાડો, તેનો ઇતિહાસ તથા વિવિધ વહાણો અંગેનું નિર્દેશન અને માર્ગદર્શન અને માહિતી મળે છે.

'તુતકડાં' વહાણો બનાવનાર ગઈધરો ઢીંઢ, સુખપર (સુમરાવાસ-માંડવી) નાગલપર અને માંડવીના સ્થાનિક મુસ્લિમ કારીગરો દ્વારા તેમની ડિઝાઈન અને બાંધણી થાય છે. તેમને મદદ કરનારા વાઢાઓ તરીકે ઓળખાતા કચ્છી મુસ્લિમો અને કાકીનાડાના (દક્ષિણ ભારત) હિન્દુ કારીગરો કામ કરી રહ્યા છે, જેમાં કચ્છી મુસ્લિમોની અંદાજિત સંખ્યા ૨૦૦ વ્યક્તિની અને કાકીનાડાની ૩૦૦ વ્યક્તિની છે. તદુપરાંત ખલાસી મજૂર તરીકે કામ કરતા ખારવા અને મુસ્લિમોની સંખ્યા ૫૦૦થી પણ વધુ છે. કલફાતનું કામ કરનારા (રૂની વાટો પૂરવાવાળા) ખારવા તથા મુસ્લિમો મળીને ૨૫૦ માણસો અહીંથી રોજી-રોટી મેળવી રહ્યા છે.

વહાણ માટેનું 'મલેશિયન લાકડું' મલેશિયાથી સ્ટીમર મારફતે કંડલા પહોંચે છે. કંડલાથી ગાંધીધામ અને ત્યાંથી ટ્રેઈલર મારફતે માંડવી પહોંચે છે, જ્યારે ગુજરાતના વિવિધ ભાગોમાંથી ગુજરાતી બાવળ, મહુડો, અંદરખ અને રાયણનું લાકડું ટ્રક-ટ્રેઈલર દ્વારા માંડવી પહોંચે છે. અઢી-ત્રણ ફીટ વ્યાસથી એક મીટર વ્યાસ ધરાવતું મલેશિયન લાકડું યંત્રો મારફતે ઉપાડી સૉ-મિલમાં આઠથી દસ વ્યક્તિ કામ કરી રહી છે. બીજી નોંધવા જેવી બાબત એ છે કે ઘણાં ગરીબ કુટુંબોના ઘરનો ચૂલો સળગાવવામાં આ જહાજવાડો અને સૉ-મિલ નિમિત્ત બને છે. સંધ્યાવેળાએ ટાબરિયાંઓ અહીંથી લાકડાના નાના ટુકડાઓ અને છોડાંઓને ભેગાં કરી ગંબેલાં અથવા સિમેન્ટની થેલીઓમાં ભરીને લઈ જાય છે.

લાકડા ઉપરાંત ભાવનગર-મહુવાથી લોખંડના ખીલાઓ અને રાજકોટથી નટ-બોલ્ટ્સ મંગાવવામાં આવે છે. આ સિવાય કલફાત માટે વપરાતાં કપાસ,

સીંગતેલ, રાળ, ચૂનો, ફિશ ઑઈલ અને ઑઈલ પેઇન્ટની જરૂર રહે છે.

૧૬૦૦ ટનનું વહાણ બનાવવું હોય તો કઈ વસ્તુ કેટલી જોઈશે તેના પર નજર કરીએ. વહાણમાં વપરાતાં લાકડાં અને પાટિયાં પૈકી મલેશિયન 'સાલવૂડ'નું લાકડું 'વાંકિયા' સિવાય જરૂરી રહેશે. આ લાકડું અંદાજે ૧૮૦૦૦ ઘનફૂટ જોઈશે અને ઘનફૂટ લાકડાની કિંમત રૂપિયા ૮૦૦થી શરૂ થાય છે. જેવું લાકડું તેવી તેની કિંમત. 'લે' (વાંકિયા) માટે દેશી બાવળ, મહુડો, અંદરખ અને રાયણનું લાકડું વપરાય છે. 'લે' માટે વપરાતાં આ પ્રકારનાં લાકડાંની ખપત ૫૫૦ ટનની રહે છે. લાકડાં અને પાટિયાંઓને ખીલા અને નટબોલ્ટથી જડવામાં આવે છે. ભાવનગરથી મંગાવવામાં આવતા ખીલાઓ અને રાજકોટનાં નટ-બોલ્ટનો વપરાશ અંદાજિત ૨૩ ટન જેટલો રહે છે. એક ફૂટથી દોઢ ફૂટના લંબાઈના ખીલા અને નટ-બોલ્ટ વપરાય છે. બહારનું પાણી સાંધાઓ વાટે વહાણની અંદર આવી ન જાય તે સારુ કલફાત-કામ કરવું અતિ જરૂરી હોય છે. આ સાંધાઓ પૂરવા માટે કપાસની જરૂર પડે છે. આ કપાસ અંદાજે ૮૦૦થી ૧૦૦૦ કિલો જોઈશે. કલફાતમાં માત્ર કપાસની વાટો હોતી નથી પરંતુ વાટોને સીંગતેલમાં બોળી પછી સાંધાઓમાં ભરાવવામાં આવે છે. ૯૦૦ લિટર જેટલું તેલ આ વાટો પી જાય છે અને પછી ઈયળની જેમ સાધાઓમાં ભરાયેલી રહે છે ! દરિયાનું પાણી લાકડાને નુકસાન ન પહોંચાડે અને નાનીનાની કોઈ જીવાત લાકડાને કોરી ખાય નહિ તે વાસ્તે રાળ અને ચૂનો લગાડવામાં આવે છે. રાળ અને ચૂનો ૨૦૦-૨૦૦ કિલ્લો વપરાઈ જાય છે. તેની ઉપર ફિશઑઈલ લગાડવામાં આવે છે. ફિશઑઈલ સિફ્ના માટે ખાસ જોઈએ. ૨૦૦૦ લિટર જેટલું ફિશઑઈલ વહાણના બાહ્ય ભાગનાં પાટિયાંને લગાડવું પડે છે. સિફ્ના પછી આંતરી સુધીના પટ્ટા, કેબિન, પરમણ, સંધા અને રાચરચીલાને ટકાઉ અને આકર્ષક બનાવવા ઑઈલ પેઇન્ટની જરૂર રહેશે. ૨૦૦ લિટર ઑઈલ પેઇન્ટ આખા વહાણને રૂપાળું બનાવી દે છે. સફેદ, નીલો, લાલ, કાળો અને કથ્થઈ રંગ વહાણના બાહ્ય ભાગમાં લગાડવામાં આવે છે, જ્યારે કૅબિનમાં ગોઠવાયેલા ફર્નિચર પર મનપસંદ રંગ લગાડી શણગારવામાં આવે છે.

વહાણ બાંધનારા મિસ્ત્રીઓને કચ્છી ભાષામાં 'ગઈધર' કહેવામાં આવે છે. આવા અનુભવી અને કુશળ ગઈધરો પૈકી માંડવીના સુમરા મામધ, ઓસમાણ ઇસ્માઈલ, ઇબ્રાહીમભાઈ, સાજણ જાકબ, અકબર જાકબ અને અબ્બાસ જાકબ ગઈધર, ઠીંઠના બાબુ ગઈધર અને ઓસમાણ, નાગલપુરના જાકુબ ગઈધર અને ઇલિયાસ ગઈધરનો સમાવેશ થાય છે. આ મિસ્ત્રીઓનો માસિક પગાર ૭૦૦૦ રૂપિયાથી ૮૦૦૦ રૂપિયા હોય છે. વાઢાઓને (મિસ્ત્રીના મદદગાર) પગાર દર સપ્તાહે ચૂકવવામાં આવે છે. એક સપ્તાહનો પગાર રૂપિયા ૧૨૦૦ થાય છે. શરૂ-શરૂમાં કામે લાગેલા યુવાનોને 'પેટોડિયા' કહેવાય છે. તેમને દૈનિક રૂપિયા ૬૦થી ૭૦ આપવામાં આવે છે. કલફાતનું કામ કરનાર દૈનિક રૂપિયા ૧૦૦થી ૧૨૫ કમાઈ લે છે. માંડવીમાં પાંચ બેન્શા (સૉ-મિલ) છે. અહીં કામ કરવાવાળાઓને વ્યક્તિદીઠ રૂપિયા ૪૦૦૦થી ૭૦૦૦ માસિક પગાર પેટે આપવામાં આવે છે. વહાણ બની ગયા પછી પૉર્ટ ઑફિસમાં રજિસ્ટ્રેશન કરાવતાં આપવી પડતી કાયદેસરની ફીનો પણ સમાવેશ થાય છે.

પારિભાષિક શબ્દાર્થ : પઠાણ – વહાણની કરોડરજ્જુ, જે તોતિંગ બિમ્બ પર વહાણનું નિર્માણ થાય છે. સર – એક મીટર જેવડું લાંબું નળાકાર લાકડું, વહાણની ઉપર છેલ્લા પાટિયાની ધાર, વહાણની કિનારી. કલફાત – પાટિયાંઓના સાંધાઓમાં ભરાવાતી કપાસની વાટો. તાગરું – અંદરનું પાટિયું, પાસી – ડેક બીડિંગ. ફનો – પ્લૅટફૉર્મ. ધરો – વહાણનું પેટાળ, જ્યાં માલ મુકાય છે તે જગ્યા. ફાલકા – માળિયા. બિમ્બ – લાકડાની આડીઓ.

(નોંધ : લેખમાં દર્શાવેલ વસ્તુઓનો ખર્ચ ઈ. સ. ૨૦૦૯ની શરૂઆતનો છે.)

દિશાસૂચકનું જ્ઞાન મેળવવાની પદ્ધતિઓ

પૌરાણિક કથાઓમાં મહર્ષિ અગત્સ્યમુનિને સાત સમુદ્રો પી જનારા ઋષિ તરીકે ગણાવ્યા છે. તેઓ અનેક શાસ્ત્રોના જ્ઞાતા, મર્મજ્ઞ અને શોધક હતા. નૌકાશાસ્ત્રની રચના કરવાવાળા પણ અગત્સ્યમુનિ જ હતા. કહેવાય છે કે તેમનાં પત્ની લોપામુદ્રા પણ મહાજ્ઞાની હતાં, એટલે નૌકાશાસ્ત્રની રચનામાં તેમનો ફાળો પણ રહેલો. એ પછી તો સાગરી સાહસ થકી અનેક નાવિકો એ અજાણ્યાં સ્થળો સુધી પહોંચી શક્યા હતા, પણ આ વાત તો માત્ર ધારણાઓ અને માન્યતાઓના આધારે હતી. તેમાં પણ ક્યાંક-ક્યાંક અનુશ્રુતિઓ ઉમેરાતી ગઈ. દરિયાઈ સફરોની સાહસિકતા અને શોધખોળોની ખરેખરી જાણકારી તો આપણને આધુનિક કાળમાં જ મળી.

આધુનિક કાળનો પ્રારંભ ચૌદમી શતાબ્દીથી થયો એમ મનાય છે. વિશેષતાઓ છે : વૈજ્ઞાનિક વિકાસ, રાષ્ટ્ર-રાજ્ય, રાષ્ટ્રોની એકબીજા પર નિર્ભરતા, ઔદ્યોગિક વિકાસ, સાંસ્કૃતિક આદાન-પ્રદાન, વ્યાપારિક સંબંધો અને શહેરીકરણ. આ કારણે યુરોપના લોકોને પૂર્વીય દેશોની સાથે વ્યાપાર માટે માર્ગ શોધવા વિચારવું પડ્યું. આ પ્રયાસોના પરિણામસ્વરૂપ ત્યાં સુધી અજ્ઞાત રહેલા દેશોની શોધ સંભવિત બની. આ શોધને ભૌગોલિક શોધો કહેવામાં આવે છે. હમણાં સુધી લાંબી સમુદ્રી યાત્રાઓ માટે આવશ્યક ઉપકરણો જેવાં કે હોકાયંત્ર, સેકસ્ટન્ટ કમાન, ક્વાડ્રન્ટ અને નકશાઓનો ઝડપથી વિકાસ થયો. પછી તો વિશ્વમાં સમુદ્રી યાત્રિકોમાં અનેક યુરોપિયન યાત્રિકોનો ઉમેરો થતો ગયો જેમાં ઈટાલીનો રાજકુમાર હેન્રી પ્રથમ હતો. તેણે ભારત પહોંચવા નકશાઓનું નિર્માણ કરાવ્યું. હેન્રી નાવિક ન હતો છતાંય નાવિક તરીકેની તેને ઓળખ મળી. ઈ. સ. ૧૪૮૬માં બાર્થોલોમ્યુ દીલાઝે આફ્રિકાના છેક દક્ષિણ સુધી જવાનો પ્રયત્ન કર્યો, પરંતુ ત્યાં વિપરીત વહેણના કારણે તે આગળ ન જઈ શક્યો. જ્યાં સુધી પહોંચી શક્યો તેને પૉર્ટુગલના રાજા જોન બીજાએ કેપ ઑફ ગૂડ હોપ નામ આપ્યું. એ પછી ક્રિસ્તોફર કોલંબસ અને અમેરિગો વેસપુચીએ અમેરિકા શોધ્યું. ઈ. સ. ૧૪૯૮માં દશ મહિના અને બાર દિવસ પછી વાસ્કો-દ-ગામા કાલિકટ પહોંચ્યો.

સરવાળે આ વિદેશી સાહસિકોએ અવિરત સાગરી સફરો કરી. તેમના અનુભવના આધારે દરિયાઈ સાધનો શોધાયાં, પરંતુ આ સાધનો જે-તે સમયે આપણા સાહસિકોને નસીબે ન આવ્યાં. તેમાંય કચ્છ-સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના સાગરખેડુઓ પરંપરાગત રીતે દરિયો ખેડતા રહ્યા. કચ્છના માલમોને સંબંધ છે ત્યાં સુધી તેઓ વારસાઈ હૈયા-ઉકલત અને અનુભવને આધારે સફરો ખેડતા રહ્યા.

'ગુજરાતની દરિયાવટ'માં શ્રી નાનાલાલ વસા નોંધે છે તે મુજબ ઈ. સ. પૂર્વે ૨૫૦ના સમયમાં ગુજરાતના દક્ષિણ છેડે સુપારિક બંદરે નૌપ્રચારવિદ્યાનું પ્રચલિત આ 'નિય્યાયક સુત્ત' સૌ માલમોએ ફરજિયાત શીખવું પડતું. પાછળથી એ શિક્ષણપ્રથાનો લોપ થયો પણ તેનો વારસો એક યા બીજા સ્વરૂપે સચવાઈ રહ્યો. મહત્તમ ખારવા લોકો નિરક્ષર હતા તોય વારસાઈ આવડત અને કોઠાસૂઝથી માલમી વિદ્યાને હસ્તગત કરી પાછળથી નાખુદા બનતા. અનુભવી માલમો તારાઓ, નક્ષત્રો, સૂર્યની ગતિ અને ધ્રુવતારાઓના આધારે દિશાઓ તેમ જ દિવસ-રાત્રિના સમય નક્કી કરતા. લઘુતમ અક્ષરજ્ઞાનના લીધે શાસ્ત્રીય નામોને બદલે ખુદની ભાષામાં ઓળખતા. જેમ કે અક્ષાંશ-રેખાંશને અરજ અને તુલ, ક્ષિતિજને સીમ, વિષુવવૃત્તને ખત અને ડિગ્રીને એટલે કે ૬૦ માઈલ અર્થાત્ ૧૧૧ કિલોમીટરને એક 'દરજ્જો' કહેતા. દરજ્જાના પાંચ ભાગ થાય અને પ્રત્યેક ભાગને 'જામ' તરીકે ઓળખે.

આફ્રિકાથી આવતું વહાણ જ્યારે કચ્છના કોઈ પણ કિનારાની કંધી પર પહોંચે ત્યારે નાખુદા વહાણના મુજરા પાસે ઊભી ક્ષિતિજ અને ધ્રુવતારા વચ્ચે આંગળીઓનું માપ લ્યે. પ્રત્યેક આંગળાનું માપ સાત દરજ્જા થાય. જેટલાં આંગળાં થાય તેને સાત વડે ગુણતાં કિનારાનું માપ મળી રહે. કંધીનો ખ્યાલ

અમસ્તો નહિ પણ સફરની વચ્ચે આગળ 'મારેજો' (ત્રણેક ફીટનું સાપોલિયું જે કંધીના પાણીમાં દેખાય છે.) દેખાય તો કંધીનો ખ્યાલ સાચો પડતો. તેમાં પણ જે વ્યક્તિને મારેજો પ્રથમ દેખાય તેને નાખુદા બે પૈસા બક્ષિસરૂપે આપે. આગળ જતાં પક્ષીઓ દેખાય પછી ત્રીજા તબક્કામાં કંધીનું માપ નીકળે. જે ભુરદ્‌થી નીકળે. ભુરદ્‌ ૨૦થી૨૫ વામ (એક વામ = ૬ ફીટ) થાય એટલે કે કંધીનાં પાણી આવ્યાં એમ માની લેવાતું. ત્યાર બાદ પાણીની ઝડપના આધારે જે-તે કિનારે પહોંચવા કેટલો સમય લાગશે તે નક્કી થતું. દરિયાના પાણીનો રંગ તથા કચરા પરથી પણ અંતિમ નિર્ણય લેવાતો. આ પરિસ્થિતિ ઈ. સ. ૯૦૦ની સાલથી ચાલી આવતી હતી. સાધનો વિના મોઢે કરેલાં કોષ્ટકોની મદદથી વહાણનું સંચાલન કરી નિર્ધારિત લક્ષ્ય શોધી શકતા અને પોતાના ગંતવ્યે પહોંચી શકતા.

ધ્રુવતારો અને ક્ષિતિજ વચ્ચે માલમો આંગળાં મૂકી જે ગણતરી કરતા એ તેમને જાણે જૂનીપુરાણી પદ્ધતિ લાગી હશે તેથી વડીલોએ વર્તુળ આકારના ચોથા ભાગ જેવો વળાંકવાળા લાકડાના ટુકડામાંથી 'ક્વાડ્રન્ટ' સાધન બનાવ્યું જેના આધારે ધ્રુવતારો અને દરિયાની સપાટીના ખૂણાનું માપ લઈ દરિયામાં પોતાના વહાણનું સ્થાન નક્કી કરતા. પાછળથી 'નૂરી' (દરિયાઈ પંચાંગ) પણ અમલમાં આવ્યું.

સૂર્યની ગતિ, તેનો પડછાયો અને દિશા પરથી સમય નિશ્ચિત કરવામાં આવતો. રાત્રે તારાઓ, નક્ષત્રો, ગ્રહોનાં બદલાતાં સ્થાનો પરથી સમય જાણી શકાતો. એક સમયે શીશામાં રેતી ભરી, તેની વચ્ચે બારીક છિદ્ર કરી, સૂર્યોદય વખતે એ શીશો બીજા શીશામાં ઊંધો વાળી દેતા. ખાલી શીશા પર કલાકના આંક મારેલા હોય. તદુપરાંત સૂર્યના પડછાયાની નોંધ પણ કરી લ્યે. જેમ-જેમ પડછાયો આગળ વધતો જાય તેમ-તેમ રેતીનું માપ નીકળતું જાય અને સાંજના સૂર્યાસ્ત-સમય સુધી ખાલી શીશામાં રેતી ભરાઈ જાય એટલે બાર-બાર કલાકનું ઘડિયાળ આપોઆપ ચાલુ રહેતું અને સમયનો તાળો મળી રહેતો. આ હતાં અનુભવી માલમોનાં હાથવગાં સાધનો અને દિમાગની પેદાશ !

પારિભાષિક શબ્દાર્થ : કંધી – છીછરા પાણીનો કિનારો, ભુરદ્‌ : દરિયાઈ ઓળંબો.

૬. કચ્છમાં વાહનવ્યવહાર-સુવિધાઓનો વિકાસ

ધનજી ભાનુશાળી 'કડક બંગાલી'

ઉપર કિ. મી.નો દરિયાકાંઠો ધરાવતા કચ્છમાં ગાડું પછી વહાણ એ મુસાફરી માટે અને પરિવહન માટે હાથવગું સાધન હતાં. કચ્છી વહાણવટીઓ અરબસ્તાનથી અરબી ઘોડા, ખજૂર અને સૂકો મેવો; ઈરાનથી હાથીદાંત અને સોનું, આફ્રિકાથી કાચ અને તેની બનાવટો લઈ આવતા હતા અને જતાં અહીંથી મલબારી મસાલા, સુખડ અને મોરપીંછ તેમ જ મુલાયમ કાપડ લઈ જતા હતા. માલસામાનની હેરફેર કરતાં વહાણોમાં મુસાફરોની પણ આવનજાવન થતી હતી. પછી તો પૅસેન્જર સ્ટીમરોનો જમાનો આવતાં તેનો ઉપયોગ થવા લાગ્યો. ત્યાર પછી તો મુંબઈ વગેરે ભારતના અન્ય ભાગોમાં જવા માટે બ્રિટિશ ઇન્ડિયા સ્ટીમ નેવિગેશન કંપની તરફથી 'વીરા', 'ચકલા' વગેરે નામની અને 'બૉમ્બે સ્ટીમ નેવિગેશન કંપની' તરફથી 'નેત્રાવતી', 'સોનાવતી', 'સરસ્વતિ' નામની સ્ટીમરો મોસમી રીતે ચલાવવામાં આવતી હતી.[1] 'બૉમ્બે સ્ટીમ નેવિગેશન કંપની' કે જે પાછળથી 'સિંધિયા સ્ટીમ નેવિગેશન કંપની'માં ભળી જતાં તે કંપની મારફતે આ જળવ્યવહાર થતો. આ રીતે સને ૧૮૭૨માં શરૂ થયેલ કરાંચી-માંડવી-કચ્છ માટે મુંબઈની પૅસેન્જર સ્ટીમરો સને ૧૯૬૫ના પાકિસ્તાન સાથેના યુદ્ધ સુધી 'મુંબઈ-કરાંચી વાયા માંડવી' (કચ્છ) વચ્ચે અઠવાડિયામાં બે દિવસ ચલાવવામાં આવતી હતી અને પ્રવાસીઓની હેરફેર કરાવતી હતી. આ પ્રસંગે, લોકજીભે ચડેલ 'હાજી કાસમ તારી વીજળી વેરણ થઈ...' એ લોકગીતમાંની 'વૈતરણા' નામની સ્ટીમરે પૅસેન્જરો ભરી માંડવીથી મુંબઈની સફરમાં જળસમાધિ લીધી તે કારણે સૌરાષ્ટ્ર અને કચ્છમાં હાહાકાર મચી ગયો હતો.

લગભગ ૧૨૩ વર્ષ પહેલાં ઈ. સ. ૧૮૮૮ના ઑક્ટોબર માસમાં મુંબઈથી કચ્છી કુટુંબો બહોળી સંખ્યામાં દિવાળીપર્વ નિમિત્તે વતન કચ્છમાં આવ્યાં હતાં. કારતક માસમાં તુલસી-વિવાહ પત્યા પછી તા. ૮-૧૧-૧૮૮૮ ગુરુવારના રોજ માંડવી(કચ્છ)થી ૫૨૦ જેટલાં પ્રવાસીઓ, જેમાં મીંઢોળબંધા વરરાજાઓ અને જાનૈયાઓ અને વિદ્યાર્થીઓ પણ હતા. તેઓ 'એસ. એસ. વૈતરણા' નામની તે સમયની આધુનિક પૅસેન્જર સ્ટીમરમાં સવારના ૭-૩૦ કલાકે માંડવીથી મુંબઈ તરફ રવાના થયા હતા. એ સ્ટીમરના રજિસ્ટ્રેશન પ્રમાણે ૧૦૪૭ મુસાફરો તે લઈ શકે તેવું એના માલિક પાસે સર્ટિફિકેટ પણ હતું. તે ૧૭૦ ફૂટ લાંબી, ૨૬.૫ ફૂટ પહોળી અને ૯.૨ ફૂટની ઊંડાઈ ધરાવતી હતી. મહારાષ્ટ્રની ૧૧ નદીઓ પૈકી 'વૈતરણા' પણ એક નદીનું નામ છે અને એના નામ પરથી આ નામ પસંદ કરવામાં આવેલ હતું, કેમ કે એ કંપનીની બીજી સ્ટીમરોનાં નામ પણ મહારાષ્ટ્રની નદીઓનાં નામ

૧. મુંબઈથી કરાંચી વચ્ચે સિંધિયા સ્ટીમ કંપનીની અઠવાડિયામાં ૩ સ્ટીમરો 'વીરા', 'કલા' અને 'નેત્રા' આવતી. વચમાં માંડવીબંદરે ઊભતી 'વીરા' વગેરે સ્ટીમરો બંધ થયા પછી 'સરસ્વતી' અને 'સાબરમતી' નામની સ્ટીમરો ચાલતી હતી. સને ૧૯૭૧ના પાકિસ્તાન સાથેના યુદ્ધ વખતે પાકિસ્તાને 'સાબરમતી' નામની સ્ટીમરને જપ્ત કરી લીધી તે પછી મુંબઈ-કરાંચી-(વાયા માંડવી)ની સ્ટીમર સેવા બંધ પડી. આમ ૧૯૬૫ પછી મુંબઈ-કરાંચી(વાયા માંડવી) વચ્ચેની સ્ટીમર સેવા ચાલુ જ રહી હતી અને તે સને ૧૯૭૧માં બંધ થઈ.

(સંદર્ભ : 'કચ્છમિત્ર', તા, ૩૧-૩-૧૯૧)

ઉપરથી પાડવામાં આવેલ હતાં, જેવાં કે 'ભીમા', 'ગોદાવરી', 'કાલિન્દી', 'કૃષ્ણા' વગેરે.

આ સ્ટીમર બાંધવાના ઑર્ડર તો સને ૧૮૮૪માં ફ્લેકર્ક કાઉન્ટી સ્થિત નવા બાંધવામાં આવેલ ગ્રંથમાઉથ ડોકયાર્ડને અપાયા હતા. એટલે એ સ્ટીમર એ ડોકયાર્ડ દ્વારા બંધાયેલ પ્રથમ સ્ટીમર હતી. એ અંગેની નોંધ એ ડોકયાર્ડમાં કામ કરતા એક કર્મચારી મિ. બ્રાઉને કરી હતી. એ ગ્રંથમાઉથ ડોકયાર્ડે સને ૧૮૯૫માં કામકાજ બંધ કર્યું અને એક વર્ષ પછી તે ફડચામાં ગયું હતું. મૂળ તો ભારતના કાંઠાના વેપાર માટે તે બાંધવામાં આવેલ, પરંતુ તેનો ઉપયોગ થયો પૅસેન્જર જહાજ તરીકે. તેનાં એન્જિન અને બૉઈલર્સ ગ્લાસગોની મેસર્સ ડન્સમુઈર ઍન્ડ જેક્સન કંપનીએ બનાવેલાં. ઊભાં પિસ્ટન અને સ્ક્રૂ શાફ્ટનો એના એન્જિનમાં ઉપયોગ કરવામાં આવેલ હતો. એના એન્જિનની ૭૩ હોર્સ પાવરની શક્તિ હતી તેમ જ સ્ટીમ પ્રેશર ૧૧૫ રતલ હતું.

સારા હવામાનમાં તેમાં ૧૦૪૭ મુસાફરો લઈ જવાની છૂટ હતી અને ખરાબ વાતાવરણ હોય ત્યારે ૩૬૭ મુસાફરો લઈ જવાની મંજૂરી સત્તાવાળાઓએ આપી હતી. મુંબઈથી કચ્છ-માંડવી અને પરત આવવા-જવા માટે ૨૨ ટન કોલસાના ઈંધણની તેને જરૂર પડતી હતી. તેના ઉપરના ડેક પર જમણી બાજુએ ત્રણ અને ડાબી બાજુએ એક એમ કુલ ચાર બચાવનૌકાઓ હતી. આમ, નૌકા કે લાઈફબોટ દ્વારા 'વૈતરણા'માં ફક્ત ૨૦૦ મુસાફરોનો કે વ્યક્તિનો બચાવ થઈ શકે તેમ હતું.

આ 'વૈતરણા' ઈ. સ. ૧૮૮૫માં તે ગ્લાસગોથી આજના ઇસ્તમ્બુલ, સમીરના અને જેદ્દાહ થઈ મુંબઈ આવી હતી. પ્રથમથી જ તેને મુંબઈ-માંડવી-માર્ગ પર મૂકવામાં આવી હતી અને માંડવીથી દ્વારકા, પોરબંદર અને માંગરોળ થઈ મુંબઈ પહોંચતી. મુંબઈથી સવારે ૭-૩૦ કલાકે ઊપડી, બીજા દિવસે બપોરના ૧૩-૩૦ (દોઢ વાગ્યે) માંડવી પહોંચતી હતી. આ સફરમાં તેને ૩૦ કલાક જેટલો સમય લાગતો હતો. જ્યારે હવામાન બહુ અનુકૂળ હોય ત્યારે ૨૮ કલાકમાં પણ પહોંચતી હતી. તે સમયે મુંબઈથી માંડવીના ટિકિટના દર રૂ. આઠ હતા અને વેરાવળ-મુંબઈની ટિકિટ હતી રૂ. સાડાપાંચ.

આ રીતે સને ૧૮૮૫થી આ સ્ટીમર પૅસેન્જર સ્ટીમર તરીકે ચાલતી હતી. એટલે આ તેની પહેલી સફર ન હતી, જ્યારે લોકભાષામાં અને લોકગીતોમાં

---

૨ ઈ. સ. ૧૮૩૦-૪૦ના અરસામાં માંડવીનો કલ્યાણજી શિવજીનો એક નામ અભણ મજૂર મુંબઈ ગયો. તે સમયે હાલના મસ્જિદ બંદર સુધી દરિયાનાં પાણી આવતાં હતા. પેસન્જરો લઈ આવતી સ્ટીમરો કાંઠાથી ૩૦૦ મિટર જેટલી દૂર ઊભી રહેતી. ત્યાં ઊતરતા, ખાસ કરીને ગોરાસાહેબોને સ્ટીમરથી કાંઠાની સૂકી જમીન સુધી પોતાના ખભે બેસાડી કાંઢે પહોંચાડવાનું મજૂરી કામ કલ્યાણજી કરતા. એક મુસાફરને ખભે બેસાડી કાંઠે ઉતારવાની મજૂરી એક પૈસો લે. જે દિવસે ૧૦ પૈસા મજૂરી મળી જાય તો ૧૧મો પૈસો તેઓ મુસાફરો પાસેથી લેતા નહિ અને મફતમાં, પાણીથી કાંઠા સુધી, મુસાફરોને ઉતારતા હતા. એ એમનો નિયમ હતો. એક દિવસ, ત્યાં નખાતી રેલવેના કામે એન્ડરસન નામે એક અંગ્રેજને કલ્યાણજીએ ખભે બેસાડી સૂકી જમીન પર ઉતાર્યા. અંગ્રેજે ખુશ થઈ ચાર આના એટલે કે પાવલી મજૂરી માટે સામે ધરી. પણ તે દિવસે ૧૦ પૈસા મજૂરી મળી ગઈ હોવાથી કલ્યાણજીએ પાવલી લેવાની ના પાડી અને પોતાની ટેક અંગે વાત કરી. સાહેબે પોતાનું વિઝિટિંગ કાર્ડ આપ્યું અને કોઈ કામકાજ હોય તો પોતાને યાદ કરવાનું પણ કહ્યું. ખરાઈ કરવા એક દિવસ કલ્યાણજી પૂછતો પૂછતો એમની ઑફિસે ગયો. ત્યાં એને માનપાન મળ્યાં અને ચર્ચગેટથી કલ્યાણ સુધીના રેલવે ટ્રેકની માટી-કામનો કોન્ટ્રાક્ટ કલ્યાણજીને ખાસ આગ્રહ કરી આપ્યો. અભણ મજૂર કલ્યાણજીએ આનાકાની પછી તે સ્વીકાર્યો અને કામ શરૂ કર્યું. સમય કરતાં છ માસ પહેલું કામ પૂરું કરી આપ્યું અને એ ટ્રૅક ઉપર તા. ૧૬-૪-૧૮૫૩ના રોજ ટ્રેન શરૂ થતાં, એ ટ્રૅક પરના રેલવેના સ્ટેશનોનું લોકાર્પણ થયું ત્યારે અંગ્રેજ એન્ડરસને કલ્યાણજી શિવજીને મંચ પર બેસાડી તેની પ્રામાણિકતા, ટેક અને ખંત બદલ આનંદ વ્યક્ત કર્યો હતો. અને એ છેલ્લા સ્ટેશનનું નામ 'કલ્યાણ' આપ્યું. તે આજનું મુંબઈ-મહારાષ્ટ્રનું 'કલ્યાણ' સ્ટેશન છે.

૮૮૨ મીંઢોળબંધા વરરાજા તેમાં હતા એમ કહેવાયું છે તે અતિશયોક્તિ હોય એમ લાગે છે, કેમ કે તે સીઝન લગ્નગાળાની નથી. વળી, મુસાફરોની સંખ્યા અંગે પણ મતમતાંતર હતા. પરંતુ હાલ જ પ્રસિદ્ધ થયેલ 'વીજળી હાજી કાસમની' નામના સંશોધન-પુસ્તકમાં કુલ મુસાફરો ૭૪૬ બતાવવામાં આવેલ છે અને તે સંખ્યા જ વેચાયેલી ટિકિટોના આધારે આપવામાં આવેલી છે જે સાચી છે. આમ થવાનું કારણ એ સ્ટીમરે જળસમાધિ લીધી એ ઘડીથી આજ સુધી અનેક પ્રયત્નો શોધખોળ કર્યા છતાં એના કોઈ વાવડ કે કોઈ એંધાણી કે નિશાની મળ્યાં નથી.

'હાજી કાસમ તારી વીજળી વેરણ થઈ...' એ લોકગીતથી એવી માન્યતા બંધાઈ કે હાજી કાસમ નામની વ્યક્તિ તેની માલિક હતી. પરંતુ તે સાચું નથી. તેઓ પોરબંદરે શેફર્ડ કંપનીના ટિકિટના બૂકિંગ માટે એજન્ટ હતા. એમના બીજા એજન્ટો પણ હતા. જેમ કે,

૧. માંડવી – રસૂલ પ્રેમજી
૨. દ્વારકા – દયારામ લીલાધર
૩. પોરબંદર – હાજી કાસમ નૂરમોહમદ
૪. માંગરોળ – બાલકૃષ્ણ બાવાજી.

આ હાજી કાસમ ઓછામાં ઓછાં ત્રણ વર્ષ સુધી બૂકિંગ એજન્ટ રહ્યા હતા. પણ 'વીજળી' ડૂબી ગયા પછી તેઓ શેફર્ડમાં કોઈ આર્થિક રીતે જોડાયા હોય એમ લાગે છે. પરંતુ બૂકિંગ એજન્ટ હોવાથી અને લોકવાયકામાં તે ચગ્યું એમાં તેઓ આ સ્ટીમરના માલિક હોય એમ લોકજીભે અમર થઈ ગયા. આમ તો એ સ્ટીમરના કૅપ્ટન કાસમ ઇબ્રાહીમ હતા, પણ તેઓ કોંકણી હતા, જ્યારે હાજી કાસમ નૂરમોહમદ મેમણ હતા. એ રીતે કાસમ ઇબ્રાહીમ જ એના માલિક હોઈ શકે. પણ લોકજીભે હાજી કાસમ નૂરમોહમદ નામ રૂઢ થઈ ગયું અને કહેવાયું કે 'હાજી કાસમ તારી વીજળી વેરણ થઈ....'

એવું જ માંડવીથી ઓખા અને દ્વારકા પણ દેશી વહાણોથી જવાતું હતું. આ વહાણો સઢવાળાં વહાણો હતાં. ઉપરાંત મુન્દ્રા અને તુણા બંદરેથી જામનગર જવાતું હતું. હમણાં સુધી એટલે કે સને ૧૯૬૯ સુધી તો કંડલા-નવલખી બંદર વચ્ચે ફેરી સર્વિસ – લૉંચ સર્વિસ – નિયમિત ચાલતી હતી. કંડલા-નવલખી ફેરી સર્વિસમાં સામે કાંઠે નવલખી ઉતરાતું ને ત્યાંથી જામનગર-રાજકોટ વગેરે સૌરાષ્ટ્ર તેમ જ અન્ય સ્થળોએ અન્ય વાહનથી જવાતું. કચ્છ બહાર જવાનો એ પણ એક જળમાર્ગ હતો. આ ફેરી સર્વિસ સને ૧૯૭૧માં બંધ કરવામાં આવી હતી.

આકાશી મુસાફરી :

કચ્છનો ભૂભાગ જેમ વિશાળ છે તેમ એનું ગગન વિશાળ છે. આંતરરાષ્ટ્રીય વિમાની સર્વિસનો રૂટ કચ્છમાંથી પસાર થાય છે અને કર્કવૃત્ત પણ કચ્છમાંથી પસાર થાય છે. એટલે આંતરરાષ્ટ્રીય વિમાની સર્વિસમાં કચ્છનું ગગન પસાર કરવું જ પડે.

ભારતમાં વિમાન મારફતે ટપાલસેવા સૌપ્રથમ શરૂ થઈ સને ૧૯૩૨માં. ટપાલની હેરફેર માટે આપણા જાણીતા જે. આર. ડી. તાતાએ મુંબઈ-કરાંચી વચ્ચે વિમાન ઉડાડી આ શુભારંભ કર્યો હતો, જ્યારે કચ્છમાં ઈ. સ. ૧૯૩૭માં મુંબઈ-અમદાવાદ-ભુજ થઈ કરાંચી ટપાલસેવા શરૂ કરવામાં આવી હતી. પણ તે પહેલાં એક કચ્છીએ વિમાન ઉડાવવાનું લાઇસન્સ મેળવી વિમાની સેવા શરૂ કરી હતી. ઈ. સ. ૧૯૩૬માં કચ્છના લખપત તાલુકાના લખપત ગામના વતની પુરુષોત્તમ મેઘજી વલ્લભજી કબાલી[3] નામના એક કચ્છીએ 'એર સર્વિસ

૩ પુરુષોત્તમ મેઘજી વલ્લભદાસ કબાલી. જાતે રઘુવંશી. તેઓ લખપતના વતની હતા. એમના પિતાજી મેઘજી શેઠ લખપતથી કરાચી ગયા અને ત્યાંથી થોડા સમય પછી મુંબઈ આવ્યા. મેઘજી શેઠ બર્માથી ચોખા અને ટીકવુડ લાકડું મંગાવતા. એક રશિયન પેટ્રોલ કંપની પાસેથી ભારતમાં કેરોસીન આયાત કરતા. આ મેઘજી શેઠને બે પુત્રો થયા. એક પુરુષોત્તમ અને બીજા જમનાદાસ. પુરુષોત્તમે સને ૧૯૨૮માં વિમાન ચલાવવાનું શિક્ષણ મેળવવા ઇંગ્લૅન્ડ ગયા. બ્રિટિશરોએ એમને એરોનોટિક્સનું શિક્ષણ આપવાનું નકાર્યું. આ કારણે તેઓ ૨૧મી એપ્રિલ ૧૯૨૮ના રોજ જર્મની ગયા. ત્યાં તેઓ વિમાન ચલાવવાની વિદ્યા શીખી તેમાં

ઑફ ઇન્ડિયા નામની કંપની શરૂ કરી હતી અને પ્રથમ વિમાની સેવા શરૂ કરી હતી. ભારતમાં વિમાન ચલાવવાનું પહેલું લાઇસન્સ તા. ૧૦-૨-૧૯૨૯થી જે. આર. ડી. તાતાને ''ધી રૉયલ એરો ક્લબ ઑફ ગ્રેટ-બ્રિટન' તરફથી આપવામાં આવેલું હતું અને બીજું લાયસન્સ આ કચ્છી માડુ પુરુષોત્તમ કબાલીને આપવામાં આવ્યું હતું.

સને ૧૯૩૭માં મુંબઈ-અમદાવાદ-ભુજ-કરાંચી વચ્ચે ટપાલસેવા વિમાન મારફતે દાખલ કરવામાં આવી હતી. આ સેવામાં પાર્સલો ઉપરાંત જો વિમાનમાં જગ્યા હોય તો વજનના હિસાબે મુસાફરો લેવામાં આવતા હતા. એ સમયે ભુજમાં એરોડ્રોમ ટપકેશ્વરી રોડ ઉપર આવેલું હતું જે હાલ મિલિટરી હસ્તક છે. ત્યાંથી આ વિમાની સેવા ઉપલબ્ધ થતી હતી. આ ટપાલ સર્વિસ અનિયમિત હોતાં સને ૧૯૪૩માં તાતા કંપનીએ નિયમિત ટપાલેસેવા શરૂ કરી હતી. ત્યાર બાદ 'એર સર્વિસ ઑફ ઇન્ડિયા' નામની કંપનીએ મુંબઈ-જામનગર-ભુજ, કરાંચી વચ્ચે ડાકોટા વિમાન મારફતે દૈનિક પૅસેન્જર સર્વિસ શરૂ કરી હતી. આ સર્વિસ જામી જતાં મુંબઈ-અમદાવાદ-જામનગર-ભુજ વચ્ચે વિશેષ રીતે સર્વિસ શરૂ કરવામાં આવી હતી. આ કારણે મુંબઈ તથા જામનગરની પ્રજા પોતાનું કામકાજ એક જ દિવસમાં પતાવી સાંજે પોતાને ઘેર પહોંચી જતી હતી. કચ્છ સ્વતંત્ર ભારતનો ભાગ બન્યા પહેલાં પણ 'એર સર્વિસ ઑફ ઇન્ડિયા'એ તા. ૩-૫-૧૯૪૮થી અઠવાડિયામાં ત્રણ દિવસ (સોમ, ગુરુ, શનિવાર) ભુજ-

---

પાવરધા થયા. જર્મની જતાં પહેલાં તેઓનાં લગ્ન નારાયણ સરોવરના દેવજી શિવદાસ પટેલની પુત્રી નારાયણીબાઈ સાથે થયાં હતાં.

જર્મનીમાં એમણે રૂપિયા સોળ હજારમાં એક વિમાન ખરીદ્યું અને એ જ સાલે એટલે કે સને ૧૯૨૮માં 'ધ એરો ક્લબ ઑફ ગ્રેટ બ્રિટન' નામની સંસ્થામાં વિમાન ચલાવવાની પરીક્ષા પાસ કરી. એમણે ઇંગ્લૅન્ડ-લંડનથી મુંબઈ એકલે હાથે ૨૦ હજાર માઈલ વિમાન ઉડાડી વિશ્વવિક્રમ સ્થાપ્યો. જેના સમાચાર તારીખ ૨૪-૫-૧૯૨૯ના રોજ જગતભરના વર્તમાનપત્રોમાં છપાયા હતા. એમના વિમાનનું નામ 'ધ ફિધર ઑફ ડોન' હતું. ભારતમાં આવતાં શ્રીમતી સરોજિની નાયડુએ નવું નામ સૂચવ્યું : 'અરુણપિચ્છ' અને એનું નામકરણ કરવા કૂચબિહારનાં મહારાણીસાહેબા પધાર્યાં હતાં.

એમણે પંડિત નહેરુ, શ્રીમતી ઇંદિરા ગાંધી અને શ્રીમતી વિજયાલક્ષ્મી પંડિતને પણ વિમાન ચલાવવાનું શિક્ષણ આપ્યું હતું. બાદ એમણે જર્મનીના સર્વેસર્વા હિટલર સાથે અને સુભાષચંદ્ર બોઝ સાથે ઘનિષ્ઠ સંબંધો કેળવ્યા હતા. જ્યારે સુભાષબાબુને પોતાનો જીવ જોખમમાં હોવાનું જાણવા મળ્યું ત્યારે એ ઘડીના વિલંબ વિના એમને કલકત્તાના મિદનાપુરના એક ખેતરમાંથી વિમાન દ્વારા કાબુલ પહોંચાડ્યા હતા. અફઘાનિસ્તાનના સરદારોએ ત્યાંના રાજા અમાનુલ્લા ખાનને મારી નાખવાનું ષડ્યંત્ર રચ્યું ત્યારે એમને સહીસલામત મુંબઈ પહોંચાડ્યા હતા. સને ૧૯૪૧માં તેઓ ભુજ આવ્યા. મુંબઈથી ભુજ પોતાના વિમાનમાં આવ્યા. ટપકેશ્વરી રોડ પરના જૂના એરફોર્સના મેદાને ઊતર્યા. એના સમાચાર મળતાં કચ્છના તત્કાલીન મહારાવ શ્રી વિજયરાજજીસાહેબ એમનું સ્વાગત કરવા ખુદ એરપૉર્ટ પહોંચ્યા હતા. એમનો ઉતારો એર એજન્ટ જદુરામ વ્યાસને ઘેર હતો. સને ૧૯૩૧માં પૂ. બાપુએ રાજકોટમાં ઉપવાસ શરૂ કર્યા. ત્યારે તેમણે રાત્રે ૧૨ વાગે સરદાર પટેલ ક. મા. મુનશી વગેરેને રાજકોટ પહોંચાડ્યા હતા.

એમણે સુભાષબાબુને ભારતથી કાબુલ પહોંચાડ્યા એટલે સરકારે એક વર્ષની સખ્ત મજૂરી સાથે કેદની સજા કરી. આ ઉપરાંત તેઓ અનેક વખત જેલમાં ગયા હતા. શ્રીમતી ગાંધીએ સને ૧૯૭૨માં એમને દિલ્હી બોલાવી સ્વાતંત્ર્યસૈનિકનું પ્રમાણપત્ર-પુરસ્કાર આપ્યું હતું. એમણે પ્રમાણપત્ર સ્વીકાર્યું પણ પુરસ્કાર તે જ સમયે પરત કર્યો હતો અને કહ્યું કે 'મેં જે કંઈ કર્યું હતું તે માતૃભૂમિ માટે કર્યું હતું... એનો પુરસ્કાર ન હોય....' એમણે એમના બંગલાના પાછળના ભાગે હરિજનોને માટે આશ્રમ સ્થાપ્યો હતો.

પુરુષોત્તમ કબાલીને બે પુત્રો મૂળરાજ કબાલી અને વિષ્ણુ કબાલી આજે પણ મુંબઈમાં છે. વિષ્ણુ શેઠના પુત્ર ભારત ખાતેના બ્રિટિશ હાઈકમિશનમાં પ્રેસ અને પબ્લિક એફેયર્સ ઑફિસર છે.

આવા એ ભારતના પહેલા વિમાની, સ્વાતંત્ર્યજંગના લડવૈયા, ૧૯૮૦માં મુંબઈમાં અવસાન પામ્યા છે.

માંડવી વચ્ચે પણ સાત બેઠકવાળા 'ડી. એચ. રૅપિડર્સ' નામથી વિમાની સેવા આપી હતી. તે સમયે માંડવીમાં વિમાનનું ઉતરાણ એટલે કે લૅન્ડિંગ હાલની ટી. બી. ક્લિનિક નજીક બનાવવામાં આવેલી હવાઈ પટ્ટી પર કરવામાં આવતું હતું. એ સમયે એક ખાસ વાત એ હતી કે જે સમયે જોઈએ ત્યારે વિમાનની સગવડ મળી શકતી હતી. માંડવીથી ભુજનું ભાડું રૂ. ૧૦ હતું.

વિમાની સેવાનું રાષ્ટ્રીયકરણ :

પણ ભારત સરકારે ઈ. સ. ૧૯૫૨માં વિમાન ઉદ્યોગનું રાષ્ટ્રીયકરણ કર્યું. પરિણામે 'એર ઇન્ડિયા' અને 'ઇન્ડિયન એરલાઇન્સ' નામના બે સરકારી કૉર્પોરેશનો – નિગમો ઊભાં કરવામાં આવ્યાં. સને ૧૯૮૬માં સરકારે 'નૅશનલ એરપોર્ટ ઑથોરિટી'ની સ્થાપના કરી. આ સમયે એક મહત્ત્વનો નિર્ણય પણ લેવાયો. દેશનાં નાનાંમોટાં શહેરો વચ્ચે હવાઈ મુસાફરી સારી રીતે જળવાઈ શકે તેવા ઉદ્દેશથી કેટલીક ખાનગી કંપનીઓને પણ વિમાની સેવા માટે છૂટ આપી.

આઝાદી પહેલાં કચ્છ માટે વિમાની સેવા ઉપલબ્ધ હતી તે સેવાઓ મહદંશે આ ઉદ્યોગના રાષ્ટ્રીયકરણ પછી સને ૧૯૫૩થી 'ઇન્ડિયન એરલાઈન્સ કૉર્પોરેશન'ની સેવા ભુજ-મુંબઈ વાયા જામનગર વચ્ચે ચલાવવામાં આવતી હતી અને ૧૨૬ મુસાફરોની ક્ષમતા ધરાવતું બોઈંગ વિમાન પણ તા. ૨૦-૫-૧૯૭૮થી સેવા આપવા લાગ્યું. આ દરમિયાન બીજી કેટલીક નવી વિમાની સર્વિસો દાખલ થઈ, બંધ થઈ અને ફરીથી થઈ. આ અંગે જોઈએ તો તા. ૧-૨-૧૯૬૪માં ભુજ-અમદાવાદ વચ્ચે વિમાની સર્વિસ ચાલુ કરવામાં આવી હતી. એ જ રીતે, સને ૧૯૬૭માં ભુજ-મુંબઈ વાયા રાજકોટ વચ્ચે પણ વિમાની સર્વિસ ચાલુ કરવામાં આવી હતી... પણ તા. ૫-૫-૨૦૦૩થી 'ટ્રાફિક મળતો-નથી' તેવા બહાના નીચે આ સર્વિસ બંધ કરવામાં આવી હતી, જે ફરીથી ચાલુ થઈ નથી. પરંતુ તા. ૭-૪-૧૯૯૮થી ખાનગી વિમાની કંપની 'એરવેઝ' પોતાની સેવા શરૂ કરી. સને ૨૦૦૭માં વધુ એક ખાનગી કંપની 'કિંગફિશરે' પણ કચ્છમાં પોતાનાં પગરણ કર્યાં છે, પણ તેને ટ્રાફિકનો અભાવ નડ્યો નથી.

સને ૧૯૩૭માં ટપાલ લઈ જવા માટે વિમાની સર્વિસ શરૂ થઈ ત્યારે તે વિમાનમાં જગ્યા હોય તે મુજબ મુસાફરોને પણ લઈ જવાતા હતા. તે સમયે ભુજ-મુંબઈ વચ્ચે વિમાનની ટિકિટનો દર રૂપિયા ૩૮થી ૪૦ જેટલો હતો. હાલ જેટ એરવેઝનું ૧૪૨ પ્રવાસીઓની ક્ષમતાવાળું અને ૧૩૪ પ્રવાસીઓની ક્ષમતા ધરાવતું કિંગફિશર કંપનીનું વિમાન પર્યાપ્ત ટ્રાફિક સાથે આકાશમાં ઊડે છે.

ભુજમાં ટપકેશ્વરી રોડ ઉપર વિમાનપટ્ટી હતી અને ત્યાંથી ટપાલની સાથે, વિમાનમાં બચતી જગ્યા પ્રમાણે વજન પ્રમાણે મુસાફરોને પણ આ લાભ મળતો હતો. આ દરમિયાન તા. ૩-૯-૧૯૩૯થી બીજા વિશ્વયુદ્ધનાં મંડાણ થયાં અને સક્ષમ હવાઈ પટ્ટીની ખાસ જરૂરત કચ્છ-રાજ્યને જણાઈ. એટલે કચ્છ-રાજ્ય તરફથી ભુજની પાસે જ, નાની રુદ્રાણી નજીક નવા એરોડ્રોમનું બાંધકામ શરૂ કરવામાં આવ્યું. બાંધકામ પૂરું થતાં ટપકેશ્વરીનું એરોડ્રોમ નાગરિક હેતુઓ માટે બંધ કરવામાં આવ્યું અને આ નવી હવાઈ પટ્ટી ઉપર લશ્કરી અને નાગરિક એમ બંને માટે સેવાઓ ઉપલબ્ધ બની. આ નવા એરોડ્રોમનાં મકાન સને ૧૯૪૭માં બાંધવામાં આવ્યાં છે.

આ તબક્કે સને ૧૯૭૧ના પાકિસ્તાની યુદ્ધની એક વાત ઉલ્લેખનીય છે. આ સમયે પાકિસ્તાને ભુજ ઉપર અવાર નવાર બૉમ્બમારો કર્યો હતો અને તા. ૮-૧૨-૧૯૭૧ની રાત્રે અસંખ્ય બૉમ્બ ભુજ એરોડ્રોમની આસપાસ ફેંકવામાં આવ્યા હતા. એરોડ્રોમને સારું એવું નુકસાન થયું હતું. આ નુકસાનને રિપેર કરવા ચાલુ યુદ્ધે માધાપરની આપણી શ્રમજીવી બહેનોએ રાતદિવસ કામ કરી રિપેર કરી આપ્યું હતું. એની નોંધ રાષ્ટ્ર-કક્ષાએ પણ લેવામાં આવી હતી. આ માટેની પ્રેરણા પટેલ ચોવીસીના કાર્યકર શ્રી. વી. કે. પટેલ અને માધાપર ગ્રામ પંચાયતના સરપંચ શ્રી જાદવજીભાઈ વરસાણીએ આપી હતી.

સને ૧૯૭૨માં ઇન્દિરા ગાંધીએ કબાલી શેઠને દિલ્હી બોલાવી સ્વાતંત્ર્યસેનાનીનું બિરુદ અને તામ્રપત્ર

અર્પણ કરી સન્માન આપ્યું હતું. કબાલી શેઠનું અવસાન સને ૧૯૮૦માં થયું.

આંતરરાષ્ટ્રીય આકાશી માર્ગ માટે નક્કી થયેલ રૂટ મુજબ વિમાનીને વિમાન ચલાવવાનું હોય છે. આવો માર્ગ કચ્છમાંથી પસાર થાય છે. આ કારણે બીજા વિશ્વયુદ્ધના સમયમાં વિમાનોની અવરજવરથી કચ્છનું આંકાશ સતત ગાજતું રહેતું હતું. આ કારણે કેટલાક વિમાની અકસ્માતો પણ કચ્છમાં થયા છે, તેની પણ નોંધ લેવી જોઈએ. તા. ૪-૧૦-૧૯૪૧ના રોજ રૉયલ એરફોર્સનું એક વિમાન કુકમા અને માધાપર ગામ વચ્ચે તૂટી પડ્યું હતું. એ જ રીતે, ૧૯૪૨ના એપ્રિલ માસમાં ભુજ તાલુકાના દેશલપર ગામ પાસે પણ એક વિમાન તૂટ્યું હતું. વળી, તા. ૨૬-૪-૧૯૪૨ના રોજ પણ એક ફાઇટર અમેરિકન ફ્લાઈંગ ફોર્સનું – વિમાન પણ રાપર ગઢવાળી પાસે તથા તા. ૮-૪-૧૯૪૪ના રોજ એક ફાઇટર પ્લેન નલિયા પાસે અને એક અમેરિકન ફાઇટર વિમાન તા. ૧૪-૪-૧૯૪૫ના રોજ કોટેશ્વર પાસે અને રૉયલ એરફોર્સનું બે એન્જિનવાળું ડાકોટા એરક્રાફ્ટ નખત્રાણા તાલુકાના મેડીસર ગામ પાસે તૂટી પડ્યું હતું. તા. ૧૯-૫-૧૯૬૫ના અબડાસા તાલુકાના સુથરી ગામ પાસે એક ભારતીય ડાકોટા વિમાન સાંજના ૪-૦૬ વાગે પાકિસ્તાની ફાઇટરોનો ભોગ બન્યું હતું, જેમાં ગુજરાત રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી બળવંતરાય ગો. મહેતા, એમનાં પત્ની સરોજબહેન મહેતા, ગુજરાત સરકારના પ્રતિનિધિ કે. પી. શાહના, અંગત સચિવ પરેશભાઈ તથા પાઇલટ, ઇજનેર અને અંગરક્ષકનો ભોગ લેવાયો હતો એની યાદ આજે પણ સૌને છે.

આપણે જોયું કે પ્રથમ કચ્છી પાઇલટ પુરુષોત્તમ કબાલીનાં પત્ની નારાયણીબાઈ પણ વિમાન ઉડાડતાં હતાં. પરંતુ આપણા આ જિલ્લાના ભુજનાં ચંદાબહેન બુદ્ધભટ્ટી ગુજરાતનાં પ્રથમ મહિલા કમર્શિયલ પાઇલટ હતાં. એમણે અમેરિકામાં સૌથી વધુ ઝડપી વિમાન ઉડાડવા માટેનો વિશ્વવિક્રમ સ્થાપિત કર્યો હતો.

આ તબક્કે કોટડી-મહાદેવપુરીના એક લોહાણા સદ્‌ગૃહસ્થ નામે કાનજી જાદવજીએ વિમાની સેવા, રેલવે સેવા, સ્ટીમરમાં મુસાફરી કરવાની સેવા માટેની ટિકિટો મેળવી આપવાની ખાનગી સેવા શરૂ કરી હતી.

કચ્છ રોજિંદી વિમાની સેવાથી મુંબઈ સાથે જોડાયેલું છે. ભુજથી મુંબઈ માટે દરરોજ બે અને એક ફ્લાઇટ કંડલાથી મુંબઈ માટે જાય છે. આ સેવા કિંગ-ફિશર અને જેટ એરવેઝ કંપનીઓ આપે છે, જ્યારે કંડલા અને મુંબઈ વચ્ચે એર ડેક્કનનું વિમાન ઊડે છે.

વિમાનો જ્યાંથી ઊડે અને આકાશેથી ધરતી પર લૅન્ડિંગ કરે એ સ્ટેશન વિમાની મથકની વાત પણ કરવી જોઈએ. ટપકેશ્વરી રોડ પરનું વિમાનપટ્ટીનું મથક મિલિટરી એરિયામાં હોવાથી એમના હસ્તક જતાં, નાની રુદ્રાણી પાસે જે વિમાની મથક બનાવવામાં આવ્યું છે, જે મિલિટરી અને નાગરિક એમ બંનેના કામ માટે ઉપયોગમાં લેવાય છે. કંડલામાં તા. ૧૪-૩-૧૯૫૯ના રોજ વિમાનપટ્ટી ખુલ્લી મૂકવામાં આવી, જેને ગુજરાતમાં આઈડિયલ લોકેશન ધરાવતું મથક કહી શકાય. ત્યાં હજુ પણ રનવે વધારવા માટે જમીન ઉપલબ્ધ છે. અબડાસા તાલુકાના નલિયા નજીકના ભાનાડા પાસે મિલિટરીના ઉપયોગ માટે હવાઈમથક બનાવવામાં આવેલ છે. માંડવીમાં પણ એક એર-સ્ટ્રીપ બાંધવામાં આવેલ છે, જ્યારે મુન્દ્રા ખાતે અદાણી પૉર્ટ સેઝ હસ્તક એર-પટ્ટીનું સ્વપ્ન રહ્યું છે. ભુજના એર-સંકુલને રાષ્ટ્રને લોકાર્પણ કરવા તા. ૪-૯-૨૦૦૩ના રોજ તે સમયના ભારતના નાયબ વડા પ્રધાન લાલકૃષ્ણ અડવાણીએ ભુજમાં વિધિ કરી હતી. આ વિમાની મથકને 'પંડિત શ્યામજી કૃષ્ણવર્મા એરપૉર્ટ' નામ આપવાની જાહેરાત પણ એ સભામાં થઈ હતી.

સને ૧૯૩૨માં ભારતમાં વિમાની ટપાલની સેવા શરૂ થઈ તે પહેલું વિમાન આપણા જાણીતા ઉદ્યોગપતિ જે. આર. ડી. તાતાએ ઉડાડ્યું હતું એ બનાવને ૫૦ વર્ષ પૂરાં થતાં, તેની સુવર્ણજયંતી નિમિત્તે એ જ રૂટ પર ૧૯૮૮માં જે. આર.ડી. તાતાએ ફરીથી વિમાની ઉડ્ડયન ભરી વિમાન ચલાવ્યું હતું અને 'રિફ્યુઅલિંગ'

માટે ભુજમાં ટૂંકું રોકાણ પણ કરવામાં આવેલ હતું. જ્યારે સને ૧૯૩૭માં મુંબઈ-કરાંચી વચ્ચે વિમાનથી ટપાલસેવા ચાલુ હતી એ સેવા અમદાવાદ-ભુજ રૂટ ઉપર પણ ચાલુ કરવામાં આવી હતી. એ વિમાનમાં જો જગ્યા હોય તો વજનના હિસાબે પ્રવાસીઓને પણ લેવામાં આવતા હતા.

રેલવે અને કચ્છ :

કચ્છમાં ઈ. સ. ૧૯૦૨માં સૌપ્રથમ રેલવે પાટા પડ્યા. કેશવજી બુદ્ધભટ્ટીએ અંજાર અને તુણાબંદર વચ્ચે ૩૦ કિ.મી.ની નેરોગેજ રેલવે નાખી. તુણાબંદરે ઊતરતા પ્રવાસીઓને તુણાથી અંજાર સુધી લાવવા તેનો ઉપયોગ થતો હતો. એ જ રીતે સને ૧૯૦૫માં અંજાર-ભુજ વચ્ચે ૪૯ કિ. મી.નો રેલવે ટ્રેક તૈયાર કરવામાં આવ્યો. આ પણ નેરોગેજ રેલવે હતી. આ રેલવે લગભગ ૨૩ વર્ષ સુધી ચાલી તે દરમિયાન અન્ય કોઈ વિકાસ થયો નહિ. ઈ. સ. ૧૯૨૮માં અંજાર-કંડલા વચ્ચે તેમ જ સને ૧૯૩૦માં અંજાર-ભચાઉ વચ્ચે નેરોગેજ પાટાવાળી રેલવેના પાટા નાખવામાં આવ્યા. આ રીતે આઝાદી પહેલાં વિશાળ પટ પર પથરાયેલા ભૂભાગના લોકોના આવાગમન માટે માત્ર ૧૨૦ કિ. મી.ની રેલવે કચ્છમાં કાર્યરત હતી, જે ભુજથી તુણા, અંજારથી કંડલા અને અંજારથી ભચાઉ સુધીની હતી. સને ૧૯૫૬માં ભુજથી ગાંધીધામ સુધીમાં નેરોગેજમાંથી તેનું રૂપાંતર મીટરગેજમાં કરવામાં આવ્યું હતું.

બ્રૉડગેજનાં મંડાણ :

સને ૧૯૬૯માં બ્રૉડગેજના પાટા પાથરવાનું શરૂ કરવામાં આવ્યું અને ગાંધીધામ સુધી બ્રૉડગેજના પાટા પડતાં ત્યાં સુધી આ સેવાનો લાભ કચ્છની પ્રજાને મળ્યો. આ બ્રૉડગેજના પાટા પાથરવાના કામ પાછળ પણ એક ઇતિહાસ રચાયો છે.

આઝાદી બાદ કરાંચી બંદર પાકિસ્તાનમાં જતાં, કચ્છમાં કરાંચીની ખોટ પૂરી શકાય તેવા બંદરની તાતી જરૂરિયાત ઊભી થઈ હતી. ભારત સરકારે આ માટે મહાબંદર વિકાસ સમિતિની રચના કરી અને આ સમિતિએ પુખ્ત વિચારણાને અંતે કંડલા બંદરની પસંદગી કરી હતી. શ્રી કુંદનલાલભાઈ ધોળકિયાના અધ્યક્ષપદે આ માટે એક રેલવે વિસ્તરણ સમિતિ રચવામાં આવી હતી. સમિતિની ભલામણ હતી કે કંડલાને દેશના બાકીના ભાગ સાથે મીટરગેજ અને બ્રૉડગેજથી જોડવામાં આવે. તે માટે કચ્છના નાના રણમાં પુલ બાંધીને ઝુંડ-કંડલાની ૨૧૯ કિ. મી.ની બ્રૉડગેજ લાઇન નાખવી અને બીજો ટ્રેક ડીસાથી કંડલા કે જે ૨૭૮ કિ. મી. થતો હતો તે પાથરવાની ભલામણ કરી હતી. સમિતિની ભલામણ મુજબ જાન્યુ. ૧૯૫૦ના કામ શરૂ થયું અને પૂરું થતાં તા. ૨-૧૦-૧૯૫૨ના રોજ એટલે કે ગાંધીજયંતીના દિવસે તત્કાલીન રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્રપ્રસાદના હસ્તે ડીસા-કંડલા વચ્ચે મીટરગેજ લાઇન ખુલ્લી મુકાઈ હતી. ચાર વર્ષ બાદ સને ૧૯૫૬માં ભુજ-ગાંધીધામ વચ્ચે ચાલતી નેરોગેજને મીટરગેજમાં ફેરવવામાં આવી હતી. આ દિવસ કચ્છ માટે શુકનવંતો ગણી શકાય. આ દિવસે ભારતના અન્ય ભાગોથી કચ્છ રેલવેમાર્ગે રીતસર જોડાયું.

ઝુંડ-કંડલા વચ્ચે બ્રૉડગેજ લાઇનની સમિતિની ભલામણ હતી તે મુજબ તા. ૧૭-૫-૧૯૬૪ના રોજથી બ્રૉડગેજના પાટા પાથરવાનું શરૂ કરવામાં આવ્યું અને તા. ૩૦-૧૨-૧૯૬૯માં તે પૂરું થયું અને મુંબઈ સાથે જોડાણ ધરાવતી અને ગાંધીધામથી સૌરાષ્ટ્ર મેલ અને સૌરાષ્ટ્ર જનતા એક્સપ્રેસ ટ્રેન સવારે અને રાત્રે આઠ કલાકે ગાંધીધામથી ઉપાડવાની શરૂઆત કરવામાં આવી હતી. આ ટ્રેન રાજકોટ થઈ વિરમગામ પહોંચતી હતી. અહીં વિરમગામમાં, ત્યાંથી ઊપડતી મુંબઈ જતી સીધી ટ્રેનમાં જોડાણ આપવામાં આવ્યું હતું. આ રીતે મુંબઈ જવા વિરમગામ થઈ જવું પડતું હતું અને વિરમગામમાં રોકાણ કરવું પડતું હતું. શરૂમાં અમદાવાદ સુધી ટ્રેન જતી હતી અને ત્યાર બાદ ગાંધીધામથી મુંબઈની સીધી ટ્રેન શરૂ થઈ.

ગાંધીધામ-મુંબઈ બ્રૉડગેજ ટ્રેન :

તા. ૨-૧૦-૧૯૮૪થી કચ્છને મુંબઈ સાથે સીધું જોડાણ આપતી ટ્રેન ગાંધીધામ એક્સપ્રેસના નામે મળી.

તે દિવસે મુંબઈમાં કચ્છીઓએ મોટો ઉત્સવ ઊજવ્યો હતો. 'ગાંધીધામ એક્સપ્રેસ' નામની સુપર ફાસ્ટ ટ્રેનને મુંબઈથી તે સમયના મહારાષ્ટ્રના મુખ્યમંત્રી શ્રી વસંતરાવ પાટિલે લીલી ઝંડી આપતાં, આરંભ થયો હતો. આ ગાડી શરૂ થવાથી મુંબઈ વસતા કચ્છીઓને કચ્છમાં આવન-જાવન માટે ખૂબ જ સારી સગવડ ઊભી થઈ હતી. ગાંધીધામથી રાત્રે ૧૦ કલાકે મુંબઈ માટે જતી આ ટ્રેન સાડાપંદર કલાકમાં મુંબઈ પહોંચતી હતી. કચ્છ એટલે કે ગાંધીધામથી મુંબઈ જતી આ ટ્રેનને 'ગાંધીધામ એક્સપ્રેસ' નામ આપવામાં આવ્યું હતું. પણ તે ગાડીમાં જે એન્જિન જોડવામાં આવતું હતું તેના પર 'કચ્છ એક્સપ્રેસ' એવું લખાણ હતું. આથી કચ્છીઓએ એ ટ્રેનનું નામ 'કચ્છ એક્સપ્રેસ' આપવામાં આવે તેવી બુલંદ માગ કરી હતી.

આ ટ્રેનના ઉદ્‌ઘાટનના દિવસે પત્રકારોએ રેલવેના જનસંપર્ક અધિકારી વી. એન. માથુરને કચ્છીઓની આ માગણી અને લાગણી અંગે વાકેફ કરતાં તરત જ હકારાત્મક અભિગમ અપનાવવામાં આવ્યો હતો અને રાજ્ય સરકારની સહમતીથી 'કચ્છ એક્સપ્રેસ' નામ આપવામાં આવ્યું. આ પ્રથમ ટ્રેનમાં જે પત્રકારો ગયા હતા તેમાં કચ્છના પત્રકારો સર્વશ્રી સુરેશભાઈ શાહ, કનૈયાલાલ જોષી, હરેશ વૈદ્ય, 'વાવડ'ના તંત્રી રામભાઈ ઠક્કર, ઉમરશી પરમાર અને મધુકાંત રાયસોની તેમ જ બીજાઓ પણ હતા.

ગાંધીધામ ભલે કચ્છનું આર્થિક પાટનગર ગણાતું હોય પણ ભુજ એ જિલ્લા મથક છે અને કચ્છની વચ્ચોવચ આવેલું અને સરકારી કચેરીઓનું મોટું માળખું ધરાવતું મથક છે તે હકીકત આગળ ધરી, ગાંધીધામને બદલે ભુજથી મુંબઈની બ્રૉડગેજ ટ્રેન ઊપડે એવી માગણી સતત ચાલુ હતી. અત્રે એક ખાસ વાતની નોંધ લેવી જોઈએ કે મીટરગેજમાંથી બ્રૉડગેજમાં રૂપાંતર કરવા માટે તે સમયના સાંસદ ડૉ. મહીપતરાય એમ. મહેતા તેમ જ ત્યાર બાદના સાંસદોએ અને ઉષાબહેન ઠક્કરે પણ આ માટે અવાજ ઉઠાવ્યો હતો અને ભુજ રેલવે સ્ટેશનના વિસ્તૃતીકરણ માટે સાંસદ પુષ્પદાનભાઈ ગઢવીએ જહેમત ઉઠાવી હતી.

સને ૧૯૬૯માં કંડલા-ઝુંડ બ્રૉડગેજના પાટા પથરાતા હતા ત્યારથી ભુજ સુધી બ્રૉડગેજ લંબાવવાની હિલચાલ તેમ જ વાતાવરણ ઊભું થયું હતું. આ માટે કચ્છના તત્કાલીન સાંસદ તુલસીદાસભાઈ શેઠે રેલવે મંત્રી પુનાચા પાસે જોરદાર રીતે આંકડા-દલીલો સાથે રજૂઆત કરી હતી, જે કારણે રેલવે મંત્રી ભુજ સુધી બ્રૉડગેજ લંબાવવા સહમત થયા હતા. પણ ભુજ સુધી મીટરગેજના પાટા હતા તેનું બ્રૉડગેજમાં રૂપાંતર કરવાનો ખર્ચ રૂ. ત્રણ કરોડ અંદાજવામાં આવતો હતો અને નવી બ્રૉડગેજના પાટા નાખવાનો ખર્ચ રૂપિયા સાત કરોડનો આવતો હતો. આ રીતે આ પ્રશ્ન નાણાકીય રીતે લંબાતો આવતો હતો. મીટરગેજ ચાલુ રાખીને વધારાની બ્રૉડગેજ લાઇન આપવાની માગણી પણ કરવામાં આવી હતી. આ માટે એક સમિતિની રચના પણ કરવામાં આવી હતી.

આમ તો ભુજને બ્રૉડગેજનો લાભ આપવા માટે ઈ. સ. ૨૦૦૧ની ૨૬મી જાન્યુઆરી નક્કી કરવામાં આવી હતી. પણ આ દિવસે કચ્છમાં ભયંકર ધરતીકંપ થતાં બધું જ અસ્તવ્યસ્ત થઈ ગયું અને તેમાં આ પ્રશ્ન પણ અટવાઈ ગયો. પરંતુ ચાર મહિના પછી તા. ૩-૬-૨૦૦૧ના રોજ તે સમયના વડાપ્રધાન અટલબિહારી બાજપાઈએ રીમોટ કંટ્રોલથી લીલું સિગ્નલ આપતાં ભુજથી બ્રૉડગેજની માગણી સ્વીકારવામાં આવી છે. તે અનુસંધાને તા. ૨-૧૦-૦૯, શુક્રવારે, કચ્છને બ્રૉડગેજ મળવાને ૨૫ વર્ષ પૂરાં થતાં હોવાથી ભુજમાં તેની ઉજવણી કરવામાં આવી હતી.

પશ્ચિમ કચ્છ માટે રેલવે :

કચ્છ એ સરહદ પર આવેલો પશ્ચિમ ભારતનો છેવાડાનો જિલ્લો છે. કચ્છના સામે પાર પાકિસ્તાનનું બદીન એરબેઝ છે, એટલે સંરક્ષણની દૃષ્ટિએ પણ ભુજથી કોટેશ્વર સુધી રેલવેની તાતી જરૂર છે. સને ૧૯૬૫ના પાકિસ્તાનના આક્રમણ સમયે ખાવડા સુધી જવા સારા રસ્તા ન હતા અને તે કારણે મિલિટરી

પહોંચાડવામાં જે તકલીફ થઈ હતી તે અંગે સૌ વાકેફ હોવા છતાં બજેટ અને ખર્ચના નામે આ પ્રશ્ન એક યા બીજી રીતે ઠેલાતો આવ્યો છે. અલબત, ભુજ-નલિયા મીટરગેજ ઉતારુ ટ્રેન તા. ૮-૮-૧૯૯૦ના શરૂ કરવામાં આવી હતી પણ પછી બંધ કરવામાં આવી છે. તેને બદલે 'રેલબસ' નામની સગવડ તા. ૬-૧૧-૨૦૦૦ની સાલથી શરૂ કરવામાં આવી હતી, જે ટ્રાફિકના અભાવે બંધ થઈ છે.

ખાનગી સાહસ :

કચ્છમાં ઉદ્યોગોનાં પગરણ થતાં અને મુન્દ્રામાં અદાણી પૉર્ટ અસ્તિત્વમાં આવતાં, માલની હેરફેર માટે અદાણી પૉર્ટથી આદીપુર સુધી ૫૭ કિ.મી. ના બ્રૉડગેજના પાટા નાખવામાં આવ્યા છે અને અદાણી પૉર્ટથી દેશના અન્ય ભાગોમાં માલની હેરફેર તા. ૧૫-૧૧-૨૦૦૧થી ચાલુ કરવામાં આવી છે. ખાનગી સાહસનો આ પ્રયાસ રેલવેના ઇતિહાસમાં ભારતભરમાં પ્રથમ છે એ કચ્છ માટે અતિ ગૌરવની વાત છે. જ્યારે ડબલ ડેકર કન્ટેઇનર ટ્રેન કચ્છમાં આવે તેવી માંગણી પણ સતત ચાલુ છે. ટ્રાયલ પણ કરવામાં આવી છે. તા. ૨૪-૪-૨૦૦૯ના રોજ મુન્દ્રા-સામખિયાળી વચ્ચે ડબલ ડેકર માલગાડીનું પ્રયોગાત્મક પરીક્ષણ કરવામાં આવેલ છે.

અત્રે એક ખાસ નોંધ લેવી જોઈએ કે ડબલ ડેકર કન્ટેઈનર ટ્રેન ભુજ સુધી લંબાવવાની જાહેરાત તો થઈ છે ટ્રાયલ પણ કરવામાં આવી છે. પણ ખાનગી સાહસ અદાણી પૉર્ટથી તો આ ડબલ ડેકર ટ્રેન શરૂ કરવામાં આવી રહી છે.

આ રીતે કચ્છમાંથી સાત ટ્રેનો જે બ્રૉડગેજ છે તે ચાલી રહી છે અને અગાઉના બજેટમાં ગાંધીધામ-કામાખ્યા એક્સપ્રેસ અને લાંબા રૂટની મંજૂરી મળી ગઈ છે, જ્યારે રૂ. ૧૦ કરોડના ખર્ચે કુકમા પાસે નવું સ્ટેશન બનાવવા માટે તથા ચીરઈ પાસે માલ લઈ જવા માટે નવી લૉર્ડિંગ લાઇન નાખવાની મંજૂરી પણ મળી ગયેલ છે.

ભુજ-અમદાવાદ વચ્ચે અને ભુજ-રાજકોટ વચ્ચે ઇન્ટરસિટી ટ્રેનો શરૂ કરવામાં આવી હતી પણ ટ્રેનોનો સમય પ્રતિકૂળ હતો, ટ્રાફિકના અભાવે તે બંધ થઈ ગઈ છે.

આમ થવાનું કારણ આ બંને ભુજથી રાત્રે નીકળી પરોઢે અમદાવાદ – રાજકોટ પહોંચે અને વળતાં રાત્રે રાજકોટ – અમદાવાદથી નીકળી વહેલી સવારે ભુજ પહોંચે તેવી ટ્રેનની માંગ છે. વળી વૅકેશનમાં મુંબઈ જવા વધારાની ટ્રેન તેમ જ હરિદ્વાર જવા ભુજથી સીધી ટ્રેનની સગવડ મળે તેવું કચ્છીઓ ઇચ્છી રહ્યા છે.

અત્યારે પશ્ચિમ કચ્છ માટે રેલવેની કોઈ સગવડ નથી. પણ કચ્છમાં અને ખાસ કરી મુન્દ્રા-માંડવી-નલિયા થઈ ઠેઠ કોટેશ્વર સુધી ઉદ્યોગો ધમધમી રહ્યા છે ત્યારે પરપ્રાંતીય શ્રમિકો અને ટેક્નિશિયનોની આવન-જાવન ખૂબ જ વધી ગયેલ છે. અત્યારે દાવો કરાય છે તેમ વિશ્વનો સૌથી વિશાળ સિમેન્ટ પ્લાન્ટ 'સાંઘી' એ સાંઘીપુરમ (અબડાસા)માં કાર્યરત થયો છે. પશ્ચિમ-કચ્છના છેવાડે આ પ્લાન્ટ તેમ જ અન્ય પણ તેવાં જ કારખાનાં કાર્યરત થયાં છે. ત્યારે હવે ભુજથી બરંદા થઈ કોટેશ્વર સુધી બ્રૉડગેજની જરૂરત ઊભી થઈ છે. વળી સંરક્ષણની દૃષ્ટિએ પણ આ રૂટ પર ટ્રેનની ખાસ જરૂરત છે અને જો આમ થાય તો માંડવી તાલુકા સિવાય કચ્છના બાકીના બધા તાલુકા એટલે કે નવ તાલુકા રેલવેથી જોડાઈ જાય તેમ છે. એ જ રીતે, કચ્છથી ૧૮ માલગાડીઓ દરરોજ કચ્છ બહાર જાય છે અને મોટા પાયે માલની હેરફેર કરે છે. આમ થવાથી કચ્છમાં કોઈ માલની અછત વર્તાતી નથી અને માલની હેરફેરના કારણે ટ્રક ઉદ્યોગને પણ ધંધો મળી રહે છે અને કચ્છી માડુ રોજીરોટી અહીં કચ્છમાં જ કમાઈ લે છે.

સમાપન :

કચ્છની રેલવે અંગે આપણે વિગતે જોયું છે. તે છતાં કેટલીક વસ્તુઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી અને કેટલીક વસ્તુઓ વધારે સ્પષ્ટતાથી સમજી શકાય તે માટે આપણે સમાપન કરીને કહી શકીએ કે :

* સને ૧૯૦૮માં સિંધને મુંબઈ ઇલાકા સાથે, કે જે તે સમયે બૉમ્બે પ્રેસિડેન્સીનો ભાગ હતો તેને જોડવા મુંબઈ-કરાંચી-વીરમગામ-માળિયા-લખપત-ભુજ-બદીન-હૈદરાબાદને આવરી લેતો રૂટ નક્કી કરી સર્વે કરવામાં આવ્યો હતો.
* કચ્છ તા. ૧-૬-૧૯૪૮થી હિંદીસંઘ સાથે જોડાતાં, કચ્છમાં ચાલતી નેરોગેજની રેલવેનો વહીવટ પણ વેસ્ટર્ન રેલવે હસ્તક એટલે કે ભારત સરકાર હસ્તક ચાલુ થયો. પરંતુ અહીં કચ્છમાં જે-તે સમયે રેલવે ટિકિટના જે દરો હતા તે ભારતના અન્ય પ્રાંતોની સરખામણીએ ૫૦ ટકા ઊંચા હતા, તે ભારતભરના રેલવે ટિકિટોના દર મુજબ કચ્છમાં પણ ટિકિટના સમાન દરો લેવાની શરૂઆત થઈ હતી.
* તા. ૨-૧૦-૧૯૫૨ના કંડલા-ડિસા રેલવે શરૂ થતાં કચ્છના સંપર્કો રાજસ્થાન, પંજાબ, દિલ્હી તેમ જ ઉત્તર ભારત સાથે વધ્યા.
* ભુજ-ગાંધીધામ નેરોગેજને મીટર ગેજમાં ફેરવવા ૧૯૫૪ના રોજ રેલવે પ્રધાન શ્રી લાલબહાદુર શાસ્ત્રીને પ્રતિનિધિમંડળ મળ્યું હતું. એ કામ એપ્રિલ, ૧૯૫૫માં પૂરું થયું અને ૭મી એપ્રિલ, ૧૯૫૫ના રોજ શાસ્ત્રીજીના હસ્તે ભુજ-ગાંધીધામ ટ્રેનનું ઉદ્ઘાટન થયું અને તે દિવસે ભુજ અન્ય પ્રદેશો સાથે જોડાયું.
* અન્ય ત્રણ લાઇનો નાખવાનો પ્રસ્તાવ પણ હતો. જેમાં અંજાર-ભદ્રેશ્વર-મુન્દ્રા-નલિયા-લખપત સુધીની ૧૫૦ માઈલની અને ભુજ-નખત્રાણા-લખપતની ૯૦ માઈલની માગણી કરવામાં આવી હતી.
* ચિત્રોડ-બેલાની ૨૨ માઈલની રેલવે નાખવાની પણ માગણી હતી. ટૂંકમાં કુલ ૨૭૨ માઈલની માગણી હતી.

સંદેશાવ્યવહાર :

૧૯૫૨ની ૨૧મી નવેમ્બરે કચ્છ તમામ ભાગો સાથે જીવંત સંદેશા-વ્યવહાર સંપર્કમાં આવ્યું તે દિવસે પહેલી વાર ટ્રંક-ટેલિફોનની સગવડ કચ્છને મળી.

રોડ ટ્રાફિક :

કચ્છમાં આજથી ૭૦-૭૫ વર્ષ પહેલાં થોડી લાંબી મુસાફરી કરવા માટે ગાડું કે ઊંટગાડીનો ઉપયોગ કરવામાં આવતો હતો. રાજાશાહીના જમાનામાં ખાનગી મોટરોની પ્રથમ પરવાનગી માંડવીના કલ્યાણજી ઉકાને મહારાવશ્રી વિજયરાજજી બાવાએ આપી હતી. કલ્યાણજીએ ભુજ જતા માર્ગ પર જિનિંગ અને પ્રેસિંગ પ્રોસેસ શરૂ કરતાં, મિલના સ્થળે જવા-આવવા માટે માંડવીની હદ પૂરતી જ આવી પરવાનગી રાજ્ય તરફથી આપવામાં આવી હતી.

યાંત્રિક વાહનો દોડતાં થયાં :

પહેલું વિશ્વયુદ્ધ સને ૧૯૧૪માં શરૂ થયું અને એ પૂરું થયા પછી પર્શિયન ગલ્ફમાં લડાઈમાં વપરાયેલી ટ્રકો લિલામમાં વેચાણ માટે કાઢવામાં આવી હતી. કચ્છરાજ્યના એ સમયના ચીફ મિકેનિકલ એન્જિનિયર જાદવજીભાઈ બુદ્ધભટ્ટીએ આવી ચાર ટ્રકો વેચાતી લીધી હતી અને તેના પર તાલપત્રીઓ ફિટ કરી પૅસેન્જર બસ તરીકે તૈયાર કરવામાં આવી હતી. મુસાફરોને બેસાડવા માટે સળંગ બાંકડાઓ મૂકવામાં આવેલ હતા અને તે ચલાવવા માટે રાજ્ય પાસે પરવાનગી માગી. આવી પરવાનગી મળી પણ ખરી. આ તૈયાર થયેલ બસ 'નેપીયર' ટાઇપની હતી તેમ જ તેનાં ટાયર સૉલિડ હતાં. સને ૧૯૨૧માં સૌપ્રથમ ખારી રોહર બંદરે આવતા મુસાફરોની સગવડ માટે અંજાર અને ખારી રોહર વચ્ચે આવી બસ શરૂ કરવામાં આવી હતી, જ્યારે મુંબઈથી માંડવી તેમ જ કરાંચીથી માંડવી સ્ટીમર મારફતે અને વહાણો મારફતે આવતા મુસાફરો માટે સને ૧૯૨૩માં ભુજ-માંડવી વચ્ચે આવી બસ દોડાવવાની શરૂઆત કરવામાં આવી હતી. આ માટે મુંબઈથી નીકળતા 'સ્વદેશ' નામના સાપ્તાહિકમાં છ મહિના પહેલાંથી બસના ફોટા સહિત જાહેરખબર આપવામાં આવી હતી. છ માસ અગાઉથી જાહેરાતો કરવામાં આવતી હતી છતાં પહેલા દિવસે માત્ર એક જ મુસાફર હતા જેમનું નામ મોરારજી વેલજી મહેતા હતું, જેઓ ઑલ્ફ્રેડ હાઇસ્કૂલમાં શિક્ષક હતા. આ બસના પહેલા ડ્રાઇવર મોતીલાલ આર. બુદ્ધભટ્ટી હતા.

ભુજ-માંડવી વચ્ચેનું ૫૯ કિ.મી.નું અંતર કાપતાં ૩ કલાકનો સમય લાગ્યો હતો. આ બસની વળતી મુસાફરીમાં આઠ પ્રવાસીઓ મળ્યા હતા. અઠવાડિયામાં બે વખત આવતી સ્ટીમરને કારણે અઠવાડિયામાં બે દિવસ આ બસ ભુજ-માંડવી વચ્ચે ચલાવવામાં આવતી હતી. તે અતિ લોકપ્રિય થવાથી તેને એકાંતરે કરવામાં આવી હતી, એટલું જ નહિ, પણ મુસાફરોની માગ વધતાં સને ૧૯૩૧માં દરરોજ ચાર ટ્રીપો કરાવવામાં આવતી હતી.

કચ્છની ચારેબાજુથી બસની માગ વધતાં સને ૧૯૩૮માં અંજાર-મુન્દ્રા-માર્ગ પર પણ મોતીલાલ આર. બુદ્ધભટ્ટીને બસ ચલાવવાની પરવાનગી આપવામાં આવી હતી. એ જ અરસામાં ભુજ-મુન્દ્રાના રસ્તે નાગોરના દેવશી રાજાભાઈ અને એમના પછી મુન્દ્રાના વકીલ રેવાશંકરભાઈને પરવાનગી આપવામાં આવી હતી. ભુજ-નખત્રાણા વચ્ચે રસ્તા ઉપર બસ ચલાવવાની પરવાનગી વર્કશૉપ ઇન્ચાર્જ ભોંસલે નામના એક અધિકારી હતા તેમને આપવામાં આવી હતી. તેઓ માતાના મઢ તેમ જ નારાયણસરોવરના મેળા જેવા પ્રસંગોએ પણ ખાસ બસો ચલાવતા હતા. આ રીતે પશ્ચિમ કચ્છમાં માત્ર લખપત તાલુકો બસ-સેવાથી વંચિત રહી ગયો હતો.

ભુજ શહેરની વચ્ચે જૂની શાક માર્કેટ પાસે સિટી ડિસ્પેન્સરી હતી ત્યાંથી ભુજ-વિજયવિલાસના રૂટની બસ ચલાવવાની પણ ભોંસલેને જ આ જ અરસામાં પરવાનગી મળી હતી. જ્યારે સંવત ૧૯૯૫માં ભુજ-ખાવડા વચ્ચે લાલજી હધુ નામના એક સજ્જનને આવી પરવાનગી આપવામાં આવી હતી. પણ સંવત ૧૯૯૬માં આ સેવા શિવજી નારાણજી જોશીને તબદીલ થઈ હતી. આ નવા માલિક ભુજ-ખાવડા-બન્ની અને હાજીપીર વચ્ચે બસ ચલાવતા હતા. આ બસ ભુજમાં ભીડના નાકેથી ઉપાડવામાં આવતી હતી. એ જ રીતે માંડવી અને મુન્દ્રા વચ્ચેના રસ્તા ઉપર નારાણદાસભાઈ(ઇબજી શિવજીભાઈવાળા)ને તેવી પરવાનગી આપવામાં આવી હતી. માંડવી-નલિયા વચ્ચે પહેલાં મામદ બાવલા અને ત્યાર બાદ હરિભાઈ લોહાણાને તેવી પરવાનગી આપવામાં આવી હતી.

પૂર્વે કચ્છ માટે અંજારના ભાટિયા ત્રિકમજી જીવણદાસવાળા રણછોડદાસભાઈને પરવાનો મળ્યો. આ જ અરસામાં ધ્રાંગધ્રા મોટર સહકારી મંડળી તરફથી ધ્રાંગધ્રાથી ચિત્રોડ-પલાસવા બસ મોસમી રીતે ચલાવવામાં આવતી હતી. તે સમયે કચ્છ સ્ટેટ રેલવેએ પણ સૌપ્રથમ ભુજથી અંજાર અને ત્યાર બાદ નવલખી-કંડલા વચ્ચે ચાલતી પૅસેન્જર લૉંચ સર્વિસને જોડાણ આપતી ભુજ-કંડલા બસ સર્વિસ શરૂ કરી હતી.

આ બધી બસોમાં બેસવા માટે ૧૮થી ૨૮ સુધીની બેઠકોની વ્યવસ્થા હતી. કચ્છના ઑપરેટરોથી, બસની નિયત થયેલી જેટલી બેઠક-વ્યવસ્થા હોય તેનાથી એક પણ વધારે મુસાફર (બાળમુસાફર તેમ જ અડધી ટિકિટવાળા ઊભેઊભે મુસાફરી કરે તેના સિવાય) લેવાતા ન હતા. અડધી ટિકિટવાળા તેમ જ બાળમુસાફર માટે આ બસોમાં ડ્રાઇવરની સીટ પાસે 'અપર સીટ' નામવાળી બે બેઠકો પણ રખાતી હતી જેનું ભાડું સામાન્ય ટિકિટ કરતાં દોઢું લેવામાં આવતું હતું. સ્ત્રી મુસાફરો માટે એક ભાગ અલગ રહેતો, જ્યાં પુરુષ મુસાફરોને બેસવાની મનાઈ હતી. આવી બસમાં શરૂઆતમાં સ્ત્રી-મુસાફરોની મર્યાદા જાળવવા સ્ત્રીઓની બેઠકો આડે એક પડદો પણ લગાવવામાં આવતો હતો.

વાહનવ્યવહારના ક્ષેત્રે સને ૧૯૫૦ના 'રોડ ટ્રાન્સપૉર્ટ કૉર્પોરેશન ઍક્ટ'ના અમલ પછી બસસેવાનું ભારતભરમાં રાષ્ટ્રીયકરણ કરવાની શરૂઆત કરવામાં આવી હતી, પણ તે પહેલાં સને ૧૯૪૨ના ફેબ્રુઆરી માસમાં કચ્છરાજ્યના તે વખતના દીવાન વેબસાહેબે કચ્છરાજ્યમાં 'કચ્છ સ્ટેટ મોટર સર્વિસ' એવું નામ આપી બસસેવાની અલાયદી વ્યવસ્થા ઊભી કરી હતી. આમ, ભારતભરમાં બસસેવાનું સર્વપ્રથમ રાષ્ટ્રીયકરણ કરવાનો યશ કચ્છ-રાજ્યને જાય છે. આ નવા ઊભા

થયેલા સેટ અપ(સંસ્થા)ના પહેલા જનરલ મૅનેજર મોતીલાલ આર. બુદ્ધભટ્ટી નિમાયા હતા. એમના પછી ગાંગજી લધુભાઈ આવ્યા અને કચ્છ 'ક' વર્ગનું રાજ્ય થયું ત્યારે કચ્છ રેલવેના જનરલ મૅનેજર તરીકે એસ. કે. કોઠારીને નીમવામાં આવ્યા. ત્યાર પછી ફરીથી મોતીલાલ આર. બુદ્ધભટ્ટીને આ પદે નિમણૂક આપવામાં આવી હતી.

આઝાદી બાદ તા. ૧-૧-૧૯૫૪ના રોજ 'કચ્છ સ્ટેટ રોડ ટ્રાન્સપૉર્ટ કૉર્પોરેશન'ના નામથી એક અલગ અને સ્વાયત્ત સંસ્થા સ્થાપી કામગીરી શરૂ કરવામાં આવી હતી અને એ રીતે કૉર્પોરેશન બૉર્ડની રચના કરવામાં આવી હતી. પહેલા બૉર્ડમાં ટી. એમ. શેઠ, હુસેનભાઈ લાલજી, પ્રભુલાલ કે. વોરા, સુબોધચંદ્ર અંજારિયા વગેરે આગેવાનો હતા, જેના પ્રથમ જનરલ મૅનેજર તરીકે શરદભાઈ દેસાઈની નિમણૂક કરવામાં આવી હતી. ૧લી નવેમ્બર ૧૯૫૬ના રોજ કચ્છ દ્વિભાષી મુંબઈ રાજ્યનો ભાગ બન્યું, પરંતુ કચ્છનો વાહનવ્યવહાર 'કચ્છ સ્ટેટ રોડ ટ્રાન્સપૉર્ટ કૉર્પોરેશન'ના નામે જ ચાલુ રહ્યો હતો.

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર કૉર્પોરેશન :

તા. ૧-૫-૧૯૬૦ના રોજ દ્વિભાષી મુંબઈ રાજ્યમાંથી ગુજરાત રાજ્યની સ્થાપના થતાં અને કચ્છને ગુજરાત રાજ્યના એક જિલ્લા તરીકે પ્રસ્થાપિત કરાતાં સમગ્ર ગુજરાતની બસ-સેવા માટે 'ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર કૉર્પોરેશન'ની સ્થાપના કરવામાં આવી અને તે કૉર્પોરેશનમાં 'કચ્છ સ્ટેટ ટ્રાન્સપૉર્ટ કૉર્પોરેશન'નું વિલીનીકરણ કરવામાં આવ્યું. કચ્છને વિભાગીય ઑફિસ આપવામાં આવી. 'ભુજ વિભાગ' તરીકે ઓળખ ઊભી થઈ... તે વખતે ભુજ વિભાગમાં વાહનોની સંખ્યા અંદાજે ૯૨ની હતી, ૮૪ રૂટ હતા તથા ૫૭ શિડ્યુલ હતા. તેનાં દૈનિક ઑપરેશન કિ. મી. ૭૩૮૮ હતાં તેમ જ તેના દરરોજના મુસાફર ૯૨૨૪ જેટલા હતા. તે સમયે બસ-વ્યવહારથી આવરી લેવાયેલ ગામોની સંખ્યા ૪૨૬ની હતી.

ગુજરાત સ્ટેટ ટ્રાન્સપૉર્ટ :

ગુજરાતનું આ કૉર્પોરેશન નિગમ ત્રિસ્તરીય રીતે કામ કરે છે. સૌથી ઉપર, અમદાવાદ મધ્યે ગીતામંદિર રોડ ઉપર આવેલી મધ્યસ્થ કચેરી. ઉપરાંત, ગુજરાતના તે સમયના લગભગ દરેક જિલ્લામાં વિભાગીય કચેરીઓ તેમ જ ડેપોના સ્થાપના કરવામાં આવી હતી. વળી, મધ્યસ્થ કચેરી હસ્તે સી.ડબ્લ્યુ.એ. એટલે કે સેન્ટ્રલ વર્કશૉપ – અમદાવાદ નામનું મધ્યસ્થ યંત્રાલય જે નરોડા મધ્યે આવેલ છે તે બસ-કોચ બનાવવાનું ૪૫ એકરમાં પથરાયેલું યંત્રાલય છે. જ્યાં સવારના પાળી શરૂ થતા ૮-૦૦ કલાકે છ ચેસીસની રૅંપ ઉપર મૂકી સાંજે ૧૬-૩૦ કલાકે કચેરીના સમય સુધી એ છયે છ ચેસીસ ઉપર કમ્પલીટ બસ-બૉડી બંધાઈ જાય ને બસ તરીકે બહાર આવી શકે તેવી એની કૅપેસીટી છે. તેમ જ એશિયાભરમાં બસ-બૉડી બાંધવાનું સૌથી મોટું કોચ છે. અહીં નવી ચેસીસ ઉપર બસ બાંધવાનું, હેવી રિપેરની બસો રિપેર કરવાનું, જૂની ચેસીસ ઉપર નવી બસનું બૉડી બાંધવાનું તેમ જ મોલ્ડિંગનું કામ, ટાયર રીટ્રેડ કરવાની કામગીરી વગેરે પણ થાય છે.

કચ્છ બહાર કચ્છ એસ. ટી.

ગુજરાત રાજ્યની સ્થાપના થતાં અને ઈ. સ. ૧૯૬૫માં આડેસરથી સાંતલપુર વચ્ચે રાજ્ય ધોરી માર્ગ શરૂ થતાં ભુજ-અમદાવાદ વાયા રાધનપુરના માર્ગે ભુજથી અમદાવાદને જોડતી બસ શરૂ કરવામાં આવી. આ બસને સારામાં સારો ટ્રાફિક મળવા લાગ્યો. ત્યાં તા. ૧-૫-૧૯૬૯માં કચ્છ અને સૌરાષ્ટ્રને જોડતો સુરજ બારીનો પુલ, વાહનવ્યવહાર માટે, તત્કાલીન વડાંપ્રધાન શ્રીમતી ઇન્દિરા ગાંધી દ્વારા ખુલ્લો મુકાયો અને સૌરાષ્ટ્ર તેમ જ ગુજરાતમાં અને દેશના અન્ય ભાગોમાં જવા માટેનાં દ્વાર ખુલ્લાં થયાં.

ગુજરાત એસ. ટી.માં સૌપ્રથમ રાત્રિ બસ સેવા ઉપલબ્ધ નહોતી. પરંતુ ભુજ વિભાગે આવી સેવા શરૂ કરી. ભુજ-અમદાવાદ અંબાજી બસો શરૂ થઈ. પછી તો નખત્રાણા-અંબાજી, ભુજ-બારમેડ વગેરે રૂટોની

બસો ભુજ વિભાગ તરફથી ચાલુ કરવામાં આવી હતી તથા ભુજ-અમદાવાદ વચ્ચે વાયા હળવદ-માલવણના માર્ગે પણ રોડ બની જતાં આ રસ્તે પણ રાત્રિ બસ સેવા શરૂ કરવામાં આવી હતી. વાયા માલવણ રસ્તે જતાં ૮૫ કિ. મી. જેટલું અંતર ઘટે છે.

આ રીતે ઉત્તર ગુજરાત સહિત દક્ષિણ ગુજરાતમાં પણ સૌરાષ્ટ્રના બધા જિલ્લા સહિત ભુજ વિભાગે રાત્રિ બસ સેવા આપતી હતી – રાખી છે. આજે ગુજરાતના બીજા વિભાગોની કુલ ૧૭૩ બસો કચ્છમાં આવે છે અને રાજસ્થાન વિભાગની એક બસ પણ આ વિભાગમાં આવે છે, જ્યારે ભુજ વિભાગની અપવાદ સિવાય બીજા વિભાગોમાં જતી બસોની સંખ્યા આંગળીના વેઢે ગણી શકાય એટલી પણ નથી.

આ દરમિયાન કચ્છ એસ. ટી.થી એટલે કે ભુજ વિભાગની એસ.ટી.ની સેવાની એક વિશેષ વિગત તરફ પણ ધ્યાન દોરવું જરૂરી છે. આ વિભાગે સને ૧૯૭૬થી મુન્દ્રા અને માંડવી તાલુકાનાં સોએ સો ટકા ગામોને બસ સેવાથી સાંકળી લેવામાં આવેલ હતાં.

તદુપરાંત રાજ્યમાં અને કચ્છમાં ખાનગી ટ્રાવેલ્સવાળાએ પ્રવાસી જનતાની સેવા આપવાનું ચાલુ કર્યું. આમ તો ચોરીછૂપીથી અને તૂટક-તૂટક સને ૧૯૮૫ પછી આવી સેવાઓ મળવા લાગી હતી. અલબત્ત, એવી સેવાઓ કોન્ટ્રેક્ટ કૅરેજની પરમિટ નીચે ચાલતી હતી. પછી તો કચ્છ બહાર અને રાત્રી બસો પણ ખાનગી ટ્રાવેલ્સવાળાઓએ શરૂ કરી અને સને ૧૯૯૦ પછી નાના પાયે શરૂ થયેલી ખાનગી બસ સેવા ૨૦૦૦ની સાલ સુધીમાં તો ખૂબ જ વિકસી ગઈ છે.

એસ. ટી. નિગમ તરફથી જે ટિકિટો પ્રવાસીઓને આપવામાં આવે છે તે દરેક રૂપિયા ઉપર ૧૭.૫૦% પૅસેન્જર ટૅક્સ રાજ્ય સરકારને મળે છે. વળી, એસ. ટી.નો વ્યવહાર એક નંબરનો હોવાથી રાજ્યને દર મહિને લાખો રૂપિયા પૅસેન્જર ટૅક્સ તરીકે એસ. ટી. ચૂકવે છે. પૅસેન્જર ટૅક્સની રકમમાંથી રાજ્યમાં વિકાસનાં કામો થાય છે, જ્યારે ખાનગી ઑપરેટરો તરફથી આવા કોઈ ટૅક્સની વ્યવસ્થા નથી. લમ્પસમ ટૅક્સની રકમ લેવાય છે, પણ એમાં તો ઘણી આંટીઘૂંટીઓ છે ને રાજ્યની તિજોરીને રીતસર મોટું નુકસાન થાય છે.

હવે એસ. ટી. દ્વારા શરૂ કરવામાં આવેલી નોંધપાત્ર બસો અંગે પણ જરા વિચાર કરી લઈએ, કેમ કે સને ૨૦૦૦ સુધીના એસ. ટી.ના સુવર્ણયુગમાં આ બસો ચાલુ કરવામાં આવી હતી – લોકોમાં લોકપ્રિય બની હતી તે અંગે વિચાર કરીએ.

૧. તા. ૭-૮-૧૯૮૨ના રોજ આ વિભાગના ભુજ ડેપો દ્વારા ભુજ-અમદાવાદ વચ્ચે લક્ઝરી બસ સેવા શરૂ કરવામાં આવી હતી.
૨. તા. ૧-૬-૧૯૯૧ના રોજ ભુજ-ઘાટકોપર-કુર્લા લક્ઝરી બસ સેવા શરૂ કરવામાં આવી હતી.
૩. એ જ રીતે, ભુજ-ડોંબીવલી વાયા મનોર-ભીવંડીની બસ પણ શરૂ કરવામાં આવી હતી.
૪. હાલ ભુજ-મુલુંડ બસ શરૂ કરવામાં આવેલ છે.
૫. રાપરથી મુલુંડ માટેની પણ એક બસ રાપર ડેપો દ્વારા ચાલુ છે.
૬. ભુજ-બારમેડ વચ્ચે પણ હાલ રાત્રિ બસ સેવા ચાલુ છે.

આમ, ભુજથી ઠેઠ મુલુંડ-મુંબઈ-ઘાટકોપરની સીધી બસ સેવા શરૂ કરવામાં આવી, પરંતુ કામદારોના કાયદાઓ અન્વયે એક (ડ્રાઇવર વત્તા કંડક્ટર) પાસેથી આઠ કલાકથી વધારે ફરજ લઈ શકાય નહિ અને વધુમાં વધુ અગિયાર કલાક (ઓવરટાઇમ આપી) સુધીની ફરજ લઈ શકાય. તેમાં પણ ચાર કલાકની સ્ટીયરિંગ ડ્યુટી પછી ૩૦ મિનિટનો 'સ્ટીયરિંગ બ્રેક' આપવો પડે એવી કાયદાની જોગવાઈ છે. આ રીતે ભુજથી મુંબઈ ૧૯-૨૦ કલાક પહોંચતાં લાગે. આ કારણે અગિયાર કલાક પછી વચ્ચે ક્રૂ ચેન્જ આપવો પડે – ડ્રાઇવર-કંડકટર બદલવા પડે. આ રીતે ભુજથી ઊપડતી મુંબઈ તરફની કે કોઈ પણ સ્થળની બસને વડોદરા કે અન્ય જગ્યાએ જ્યાં ડેપો હોય ત્યાં ક્રૂ ચેન્જ અપાતો. આ કેસમાં ભુજથી ઊપડેલી બસ રાત્રે અઢી-ત્રણ વાગ્યે વડોદરા આવે ત્યારે ફરજ માટે ડ્રાઇવર-

કંડક્ટરને ફરજ અગાઉથી અપાયેલી જ હોય. તેઓ હાજર હોય કે ક્યારેક ન હોય, પણ તે સમયે કોઈ અધિકારી કે જવાબદાર કર્મચારીની ફરજ ન હોય, એટલે બનતું એવું કે વડોદરાના લગભગ છાંટોપાણી કરનારા જ ગોઠવવામાં આવેલ હોય. આ સમયે ફરજમાં ચડનારાને ઊંઘ તો મળે જ નહિ. વળી, મુંબઈથી વળતાં પણ નવ કલાકનો રાત્રે આરામ આપ્યા પછી વળતી રાત્રે એ જ ક્રૂએ બસ ચલાવવાની હોય. વળી મુંબઈમાં દિવસના ભાગમાં ઊંઘ ખેંચવા માટે અલાયદી સગવડ ક્યાંથી કાઢવી ? આવી સ્થિતિને કારણે મુંબઈ તરફથી બસો અનિયમિત થવા લાગે... અનિયમિતાને કારણે ટ્રાફિક ઘટવા માંડે અને તેવી બસ બંધ કરવી પડે એવી સ્થિતિ આવીને ઊભી રહે.

પ્રવાસીઓ ખાનગી બસો તરફ દોટ ન મૂકે એ માટે મિનિ બસો પણ કચ્છમાં મૂકવામાં આવી હતી. નખત્રાણા ડેપો હસ્તક આવી મિનિ બસ ચાલુ કરવામાં આવી હતી અને તે ખૂબ જ લોકપ્રિય થઈ હતી.

એસ. ટી. માત્ર પ્રવાસીઓને આવન-જાવન માટે સગવડ નથી આપતી પણ કેટલીક સામાજિક જવાબદારી પણ અદા કરે છે. ઉ. ત. વિદ્યાર્થીઓને ૧૯૮૨ના ભાડા મુજબ ૮૨.૫% કન્સેશન આપે છે. અપંગો અને અંધજનોને (અંધજન સાથે સહાયક હોય તો તેને પણ) સ્વાતંત્ર્યસેનાનીઓ અને રાજ્યઘોષિત શ્રેષ્ઠ શિક્ષકોને, કેન્સરના દર્દીઓ વગેરેને પણ કન્સેશન કે તદ્દન મફત મુસાફરી કરવાની પરવાનગી આપે છે. વળી યુદ્ધ જેવા સમયે કે કટોકટીના સમયે માણસો / સૈનિકોની હેરફેર માટે પણ સરકારને બસો આપે છે. એ રીતે એસ. ટી. સામાજિક-નૈતિક જવાબદારી પણ અદા કરે છે. વળી, પત્રકારોને પણ નિયત કિ.મી.ની ૧૦૦% રાહત અપાય છે.

છેલ્લે, કચ્છ બહાર જવા માટે ખાનગી ટ્રાવેલ્સવાળા પણ અત્યારે કેટલીક બસોથી સવાર-સાંજના આ કામ કરે છે. આવી ટ્રાવેલ્સવાળા 'સ્લીપિંગ બસ'ની સગવડ પણ આપે છે. રાત્રિ બસો ફુલ ફૉર્મમાં ચાલે છે. હવે તો ગામડાગામમાં પણ ટ્રાવેલ્સવાળા પોતાની સેવાઓ આપે છે. ભુજ, માંડવી, નખત્રાણા, ગાંધીધામ, ભચાઉ, રાપર, નલિયા, ખાવડા – એમ કચ્છના ખૂણેખૂણામાં ખાનગી ઑપરેટરો પહોંચી ગયા છે. આ ઉપરાંત, ટૅક્સી જેવી સગવડો પણ ભરચક રીતે ચાલે છે. જ્યારે શહેરના જે-તે ગામડાંઓ તરફના પ્રવાસીઓ માટે રિક્ષાઓ તો 'ભીંગારા'(ભમરા)ની જેમ દોડતાં વાહનોની સગવડ હવે મળે છે. હવે તો એવું થાય છે કે પ્રવાસીઓને વાહનોની રાહ જોવી પડતી નથી... વાહનોને પ્રવાસીઓની રાહ જોવી પડે છે. એ જ રીતે, આ જિલ્લામાં જે ટ્રાન્સપૉર્ટ ઉદ્યોગ ચાલે છે તેમાં કચ્છમાં અંદાજે દશ હજાર ઉપર ટ્રકો ચાલે છે તેમાં પણ પ્રવાસીઓને લઈ જવાની સગવડ મળે છે. આપણે માતાના મઢ કે ભુજમાં જ્યુબિલી સર્કલ પાસે ઊભા હોઈએ તો આ દૃશ્ય કાયમી રીતે જોવામાં આવે છે.

આવી રીતે ૩૧-૩-૨૦૦૯ના અંતે એસ. ટી. ભુજ વિભાગ તરફથી ૨૪૬ શિડ્યુલો અને ૩૨૪૫૯ની ૧૦૫૭ ટ્રીપોનું ૩૫.૯૨ લાખ કિ.મિ.નું ઑપરેશન ચાલુ હતું.

૭. કચ્છમાં ખેતી

હરેશ ધોળકિયા
હસમુખ પટેલ

કચ્છ પણ ભારતનો જ એક ભૌગોલિક હિસ્સો છે. ઇતિહાસમાં ભલે તે એક અલગ પ્રદેશ રહ્યો હતો, પણ અહીં પણ ભારતીય સંસ્કૃતિ જ પ્રવર્તતી હતી. સદીઓથી ભારતનો મુખ્ય વ્યવસાય ખેતી જ રહ્યો છે, એટલે કચ્છમાં પણ મુખ્ય વ્યવસાય ખેતી જ રહ્યો હતો. દૂરના ભૂતકાળમાં કઈ રીતે ખેતી થતી હતી તેની માહિતી મળતી નથી, માત્ર ઇશારા જોવા મળે છે. ટુકડે-ટુકડે તેની માહિતી મળે છે.

સૌથી પહેલો ખ્યાલ ધોળાવીરા સંસ્કૃતિમાં જોવા મળે છે. તેમાં વ્યવસાયો બાબતે કોઈ વિસ્તૃત માહિતી મળતી નથી, પણ અનાજના દાણા મળી આવ્યા છે જે સૂચવે છે કે ત્યારે ત્યાં ખેતી થતી હશે.

ખેતી વિશેની પ્રથમ નોંધ અકબરના સમયમાં થયેલ અબુલ ફઝલની નોંધમાં જોવા મળે છે. તે કચ્છને 'વિશાળ અલગ અને ઝાડપાન વગરનો અને રેતાળ પ્રદેશ' કહે છે. પણ તેણે અહીં 'ઘેટાં-બકરાં ઉછેરાય છે' એમ કહ્યું છે જે સૂચવે છે કે કચ્છમાં પશુપાલન થતું હશે એટલે ખેતી પણ થતી તો હશે જ – ભલે ઓછા પ્રમાણમાં. બીજી નોંધ જોવા મળે છે કચ્છના રાવ ગોડજીના સમયની. તેમણે જાતે અને અન્ય ભાયાતોની પ્રેરણાથી અને મદદથી નવાં ગામો વસાવ્યાં હતાં. તેનાથી સંતોષ ન માનતાં તેની આસપાસની વિશાળ જમીન ખેડવાણ બનાવી હતી. તે ઓછું જીવ્યા, નહીં તો તેમણે ખેતીનો વિકાસ કર્યો હોત એમ જરૂર કહી શકાય.

રાવ દેશળજીએ પણ ખેતીને પ્રોત્સાહન આપ્યું દેખાય છે. તેમના દીવાન દેવકરણે ખેડવાણ જમીનનો વિસ્તાર વધાર્યો. તે માટે ખેડૂતોને રાજ્ય તરફથી નગાવી આપી ઉત્તેજન આપવામાં આવ્યું.

રાવ લખપતજીએ પણ પોતાના દીવાન જીવણશેઠની મદદથી અન્ય બાબતો સાથે ખેતી પર ધ્યાન આપ્યું ્તું તેમ દેખાય છે. તેમની એક નોંધ કહે છે કે માત્ર લખપત તાલુકામાં જ ચોખાના વાવેતરમાંથી વાર્ષિક આઠ લાખ કોરી મહેસૂલની આવતી હતી. આ 'માત્ર' શબ્દ સૂચવે છે કે સમગ્ર કચ્છમાં ખેતી થતી હશે અને તેમાંથી સારી આવક થતી હશે, એટલે કે ખેડૂતો પણ સમૃદ્ધ હશે જ.

રાવ ગોડજી બીજાના સમયમાં ગુલામશા કલોરાએ કચ્છ પર ચડાઈ કરી ત્યારે સિંધુનદીની એક શાખા લખપતમાંથી વહેતી હતી તે કારણે ચોખાનો સારો એવો પાક થતો હતો, પણ ગુલામશા કલોરો કચ્છમાંથી પાછો ફર્યો, ત્યારે વેરનો બદલો લેવા તેણે આ શાખા પર માટીનો એક બંધ બાંધી નાખ્યો અને તેના વહેણને ફેરવી નાખ્યું. તે કારણે લખપત તાલુકાની પાણીની સગવડો ઘટી ગઈ અને ખેતીને ખૂબ જ નુકસાન થયું. ત્યારથી ચોખાનો પાક લેવાનો અટકી ગયો. કચ્છની ખેતી પર આ સૌથી મોટી આફત બની રહી. મહારાવના મૂલ્યાંકનમાં કહેવાયું છે કે તેમના રાજ્યકાળનાં પાછળનાં વર્ષોમાં ખેતીનો ઠીકઠીક વિકાસ થયો હતો. કચ્છમાંથી સિંધ તરફ અનાજ નિકાસ કરવામાં આવતું હતું. એ સૂચવે છે કે કચ્છના અન્ય વિસ્તારોમાં પણ સારી ખેતી થતી હતી.

રાવ રાયધણજીના સમયમાં ૧૮૧૯માં ભયાનક ભૂકંપ થયો હતો ત્યારે મોટા રણમાં થોડી જમીન ઊપસી આવી હતી અને સિંધુનું પાણી આવતું અટકી ગયું તે કારણે સિંધુ નદીના પાણીના આધારે જે ખેતી થતી હતી તે અટકી ગઈ. તેથી ખેતીને ખૂબ નુકસાન ગયું. વળી ત્યારે રાવનું શાસન નબળું પડ્યું હોવાથી

કચ્છમાં અંધાધૂંધી વ્યાપી ગઈ હતી. તેની સૌથી ખરાબ અસર વાગડમાં થઈ હતી. ત્યાં લૂંટફાટ વધુ થતી હતી. સમૃદ્ધ ગામડાં એક પછી એક લૂંટાવા લાગ્યાં. તેનું પરિણામ ખેડૂતોને ભોગવવું પડતું હતું. તેઓ બરબાદ થઈ ગયા અને ખેતીની કેડ પણ ભાંગી પડી હતી.

૧૮૨૪-૨૮ દરમિયાન કૅપ્ટન બર્ન્સે જે રિપૉર્ટ લખ્યો છે, તેમાંથી પણ ખેતીની માહિતી મળે છે. તેમાં નોંધ્યું છે કે ત્યારે ખેતી કરતા માલધારીઓની સ્થિતિ સુધરી હતી. ત્યારે વ્યાપક પ્રમાણમાં પશુપાલન થતું હતું. ખેતી કરનારાની સ્થિતિ સારી ન હતી. દુકાળ પડતો ત્યારે લોકો સિંધ ચાલ્યા ગયા હતા.

ભાયાતો હેઠળ જે ગામો હતાં તેમાં એટલી અંધાધૂંધી હતી કે ખેતી કરવા માટે લોકોને જરા પણ ઉત્સાહ ન હતો. અર્ધોઅર્ધ જમીન પડતર પડી રહેતી હતી. અન્ય તાલુકાઓની તુલનામાં અબડાસાની સ્થિતિ સારી હતી. ત્યાં કપાસ, એરંડા અને તમાકુનો પાક સારો થતો હતો. સમગ્ર કચ્છમાં અનાજનું વાવેતર તો થતું, પણ સામાન્ય રીતે રોકડિયો પાક વધારે લેવાતો. વરસાદ સારો થાય તો ખેતી ઠીક રહેતી, પણ દુકાળમાં લોકો સિંધ ચાલ્યા જતા તેથી ખેતીને નુકસાન થતું.

મહારાવ દેશળજીના સમયમાં કચ્છમાં આંતરિક શાંતિ પ્રવર્તતી હતી. પોલીસતંત્ર પણ સક્ષમ બન્યું હતું. તેથી ગુનાઓ ઘટ્યા હતા. પરિણામે ખેતી સારી થતી હશે, કારણ કે રાજ્યની આમદાની તે વખતે સારી હતી.

મહારાવ પ્રાગમલજી આમ તો તેમની શૈક્ષણિક કામગીરી માટે પ્રખ્યાત છે, પણ તેમણે અન્ય ક્ષેત્રોમાં પણ સારી કામગીરી કરી હતી. તેમણે નવાં તળાવો બંધાવ્યાં, તળાવોને ઊંડાં કરાવ્યાં. એક નોંધ પ્રમાણે તેમની ડહાપણભરી નીતિના કારણે તેમને ખેતીમાંથી પણ રૂ. ૪,૧૨,૦૦૦ સુધી આવક વધી હતી. પણ તેમને વારંવાર દુકાળની સમસ્યાનો સામનો કરવો પડતો હતો. ૧૮૭૦માં દુકાળ પડ્યો, તો ૧૮૬૨માં ખૂબ વરસાદ પડ્યો. પછી તીડની સમસ્યા આવી. પછીના વર્ષે વરસાદ આવ્યો તો અમેરિકન સિવિલ વૉરના કારણે અનાજની તંગી થઈ, કારણ કે ખેડૂતોએ અનાજ વાવવાને બદલે રોકડિયા પાક પર વધારે ધ્યાન આપ્યું. આવું વારંવાર બન્યા કરતું. તે ખેતીને ખૂબ પ્રભાવિત કરતું, છતાં તેના વિસ્તારમાં અને ભાયાતોના વિસ્તારમાં એકંદરે ખેતીની સ્થિતિ સારી હતી એમ જણાય છે. આ બધી આવકના પરિણામે જ તેમણે વિવિધ બાંધકામો પણ કરાવ્યાં હતાં.

આ જ વાત રાવ ખેંગારજી ત્રીજાના સમયમાં ચાલુ રહી દેખાય છે. તેમણે પણ ખેડવાણ જમીન વધારવાનું, જળ-સિંચાઈની યોજનાઓ કરવાનું, જંગલોનો ઉછેર કરવાનું વગેરે કામો કર્યાં. પણ તેમને પણ દુકાળ અને ભાયાતોના વહીવટને પરિણામે સતત આર્થિક ખેંચ રહેતી હતી. છતાં તેમણે ઘણી જમીનને ખેતીલાયક બનાવી, વધારે કૂવાઓ અને તળાવો બંધાવ્યાં. ખેતીમાં નવા પાકો ઊભા કરવાની તથા નવી જાતનાં વૃક્ષો ઉછેરવાની પદ્ધતિઓ દાખલ કરી.

રાવ વિજયરાજજી તો આધુનિક વિચારસરણી ધરાવતા હતા. તે ખૂબ મોડા ગાદીએ બેઠા હતા. ત્યારે તે વૃદ્ધ થઈ ગયા હતા. તેમણે રાજ્ય પણ ઓછો સમય કર્યું, પણ તેમણે પણ જળસિંચાઈનાં કામોનો વિસ્તાર કર્યો. છેલ્લા મહારાવ મદનસિંહજીએ તો માત્ર ચારેક માસ જ રાજ્ય કર્યું અને તે દરમિયાન તેમણે કચ્છને ભારતમાં ભેળવી દેવાની પ્રક્રિયા કરી, તેથી તેમને ખેતી બાબતે કામ કરવા માટેની કોઈ તક જ ન મળી.

પણ સમગ્ર રાજાશાહી પર નજર કરાય તો સ્પષ્ટ જોવા મળે છે કે કચ્છમાં ખેતી પર બે માલિક હતા- રાજા અને ભાયાતો. બન્ને પોતપોતાના વિસ્તારની ખેતી પર ધ્યાન રાખતા હતા. રાજાઓને હજી ખેતીનો વિકાસ કરવામાં રસ હતો અને તેઓ શક્ય હોય ત્યાં નવા સુધારા કરતા કે ખેતીને પ્રોત્સાહન પણ આપતા. પણ જ્યાં સુધી ભાયાતોનો સવાલ હતો ત્યાં સુધી સ્પષ્ટ જોવા મળે છે કે તેમને મહેસૂલ ઉઘરાવવા સિવાય કશામાં રસ ન હતો. ખેતી કે ખેડૂતને રક્ષણ આપવું વગેરેમાં તેમને જરા પણ રસ ન હતો. તેનો વિપરીત પ્રભાવ ખાસ કરીને વાગડમાં જોવા મળતો હતો.

એટલે રાજાશાહી દરમિયાન ખેતી તો થતી હતી, તે જ મુખ્ય વ્યવસાય રહ્યો, પણ તેમાં ખાસ વિકાસ થયો હોય તેવું દેખાતું નથી.

સ્વતંત્રતા પછી...

૧૯૪૮માં કચ્છ ભારત સાથે ભળી ગયું. ત્યારથી તેનો વહીવટ કેન્દ્ર અને રાજ્ય સરકારો દ્વારા ચાલતો રહ્યો છે.

સ્વતંત્રતા પછી ખેતીમાં જે સુધારા શરૂ થયા તેમાં મહત્ત્વનો સુધારો હતો 'ઈનામ-નાબૂદી' અથવા તો 'જાગીરદારીની નાબૂદી'. ખેડૂતને જમીનનો માલિક બનાવવામાં આવ્યો. હવે તે જ સીધો સરકારને મહેસૂલ આપવા લાગ્યો. આમ રૈયતવારી પ્રથા શરૂ થઈ.

કચ્છમાં આનો મોટો પ્રભાવ ખેડૂતો પર પડ્યો. 'લાગાલેતરી-પ્રથા' બંધ કરવામાં આવી. ૧૯૫૨માં 'ભાગબટાઈ-પ્રથા' નાબૂદ થઈ અને વિઘોટી-પ્રથા શરૂ થઈ. ૧૯૫૭માં તેમાં સુધારા કરવામાં આવ્યા. ૧૯૫૮માં ઇનામનાબૂદી ધારો પસાર થયો તેમાં આ સિદ્ધાંતો સ્વીકારવામાં આવ્યા.

- તમામ જમીન રાજ્ય સરકારની છે. અન્ય કોઈ વિઘોટી ન લઈ શકે.
- સરકાર અને ખેડૂત વચ્ચે કોઈ મધ્યસ્થી નહીં રહે.
- જેમનાં હક્ક-હિતનું વિસર્જન થાય, તેમને વળતર આપવું.

આના પરિણામે બધા ખેડૂતો સમાન કક્ષાએ આવી ગયા. તે જમીનના માલિક બન્યા, તેથી તેમને ખેતીમાં રસ વધવા લાગ્યો. તેમણે ઉત્પાદન વધારવા માંડ્યું. તે સમૃદ્ધ થવા લાગ્યા.

સરકારે પણ તેમને પ્રોત્સાહન આપવા વિવિધ સામૂહિક વિકાસ યોજનાઓ શરૂ કરી. તેમાં ખેડૂતોને સુધારેલ બિયારણો, રાસાયણિક ખાતરો, વૈજ્ઞાનિક ખેતીપદ્ધતિ વગેરે લાભો મળવા લાગ્યા.

તે સાથે સરકારે સમગ્ર કચ્છમાં સિંચાઈ-યોજનાઓ પણ શરૂ કરી. નાના, મધ્યમ અને મોટા ડેમો બાંધવાની શરૂઆત થઈ. ખેડૂતો પણ ખેતી માટે આધુનિક સાધનો વસાવવા લાગ્યા. નવા પાકોના પ્રયોગો પણ શરૂ થયા. ખેતી-આધારિત સહકારી પ્રવૃત્તિ શરૂ થઈ. પિયાણમંડળીઓ શરૂ થઈ. આજ સુધી આ વિકાસપ્રક્રિયા ચાલુ છે.

વીસમી સદીના છેલ્લા દાયકામાં એવું જોવા મળ્યું કે ભૂગર્ભ જળ ખૂટતાં જાય છે. પાણીમાં ખારાશ વધતી જાય છે. તેની અસર ખેતી પર પડી. સાથે ખેતીમાં નવા પ્રયોગો પણ શરૂ થયા. તે બાબતે સંશોધન થવાં પણ શરૂ થયાં. સાથે નવી પેઢીને ખેતીમાં રસ ઘટવા લાગ્યો. નવી પેઢી અન્ય ધંધાઓમાં રસ લેવા લાગી છે. ભૂકંપ પછી કચ્છમાં ઉદ્યોગો આવવાથી ખેતીની જમીન મોંઘા ભાવે વેચાવા લાગી, ખેડૂતોને જમીન વેચવામાં રસ વધવા લાગ્યો. તેથી વિચિત્ર સ્થિતિ થઈ. છતાં હજી પણ કચ્છમાં પિયત અને કપીત ખેતી મોટા પ્રમાણમાં થાય છે.

ખેતીવિષયક માહિતી

જમીન :

કચ્છમાં ખેડવાણ જમીન સ્વતંત્રતા વખતે ૧૪,૫૦૦ એકર હતી. બાકીની જમીન ખડકાળ, ડુંગરાળ, રેતાળ અને ખારી હતી. ખેતીને લાયક શ્રેષ્ઠ કાળી માટીવાળી જમીન કેવળ ડુંગરોની તળેટીમાં અને થોડી અન્ય સ્થળોએ હતી. બાકીની ગોરાડુ હતી. માંડવી, મુંદ્રા અને નખત્રાણામાં સારી જમીન છે. થોડી ભચાઉમાં છે.

દુકાળ :

ઈ. સ. ૧૮૦૦ પહેલાં કચ્છમાં દુકાળ પડ્યો હોય તેવી રાજ્યના દફતરમાં નોંધ જોવા નથી મળતી. પ્રથમ નોંધ ૧૮૬૯માં જોવા મળે છે.

ખેતીની ઊપજ :

કચ્છમાં બે જાતની ખેતી થાય છે : ઉનાળામાં ખરીફ પાક અને શિયાળામાં રવી પાક.

મુખ્ય પાકો :

- અનાજ : જુવાર, બાજરી, ઘઉં.
- કઠોળ : મગ, મઠ, અડદ, કળથી, ચણા, વાલ.
- તેલ બીજ : ભોંયસિંગ, તલ, રાઈ, નાળિયેર, કપાસ.
- ફળો : કેરી, પપૈયું, ચીકુ, જાંબુ, જામફળ, નાળિયેર, ખજૂર, દ્રાક્ષ.
- શાકભાજી : ગાજર, ડુંગળી, બટાટાં, રીંગણાં, ભીંડા, ટમેટાં, કોબી.

- મસાલા : મરચાં.
- ખેતીનાં ઓજારો : હળ, રાંપી, દંતાલ, ધૂડિયું, કોદાળી, દાતરડું, ખૂરપી, દંતાલી, પાવડો, ચામડાનો થેલો (મશક), કોસ, સૂપડું, ટ્રેક્ટર, ગાડું.

ખાતર :

છાણ, પશુઓનું મૂત્ર, રાસાયણિક ખાતર

પશુઓ :

ગાય, બળદ, ભેંસ, બકરી, ઘેટાં, ઊંટ, ઘોડા.

કચ્છમાં પશુપાલન

પશુપાલન એ પ્રાચીન કાળથી જ ખેતી તેમ જ માનવજાત સાથે સંકળાયેલું એક અતૂટ અવિભાજ્ય અંગ છે. ખેતીમાં પશુઓનાં મળમૂત્રનો ઉપયોગ પ્રાચીન કાળથી કરતા આવ્યા છીએ. આજે સજીવ ખેતીને પ્રમાણિત કરવા માટે ખેડૂત માટે પશુપાલન ફરજિયાત બની ગયું છે. સજીવ ખેતીનું પ્રમાણન કરતી સંસ્થાઓ પશુઓની સંખ્યાને ધ્યાનમાં લઈને પણ ક્યારેક પ્રમાણનના નિર્ણયો લેતી હોય છે. આમ, પશુપાલન એ ખેતીવાડીનું ખૂબ જ જરૂરી – અત્યંત મહત્ત્વનું અંગ કહી શકાય. આપણાં શાસ્ત્રોમાં દરેક પશુ અને પંખીનું પ્રકૃતિમાં ચોક્કસ સ્થાન છે. પશુઓમાં ગાયનું સ્થાન આપણા દેશમાં ખૂબ જ મહત્ત્વનું છે. આપણાં શાસ્ત્રોમાં તેમ જ અમૂલ્ય કેટલાય ગ્રંથોમાં ગાયને વિવિધ નામે ઓળખવામાં આવી છે, જેમ કે ત્રિલોકધારિણી, તેત્રીસ કરોડ દેવતાની માતા, જગતની જનની, પર્યાવરણની દેવી, પૃથ્વી, પ્રકૃતિ અને પરમાત્માનું પ્રગટ સ્વરૂપ વગેરે. વિજ્ઞાનયુગમાં પણ ગાયના દૂધ અને ગૌમૂત્ર મહત્ત્વનાં મનાય છે.

કચ્છમાં પશુપાલનમાં ગાય, ભેંસ, બકરાં, ઘેટાં, ઊંટ જેવાં પ્રાણીપશુઓનો સમાવેશ થાય છે. દુધાળાં પશુઓમાં 'થરપારકર' નામની ગાયોની ઓલાદનું મૂળ રહેણાક પકિસ્તાનની સરહદને અડીને આવેલા કચ્છ તેમ જ રાજસ્થાનના જોધપુર અને જેસલમેર જિલ્લાના વિસ્તારોમાં છે. મધ્યમ કદનું શરીર, હલકો સફેદ રંગ, રાખોડી રંગની છાંટ એ થરપારકર ગાયનાં મુખ્ય બાહ્ય લક્ષણો છે. ગાયની આ ઓલાદ ૧૮૦૦થી ૨૬૦૦ કિલોલિટર દૂધ આપવાની ક્ષમતા ધરાવે છે.

ગાયની આ ઓલાદ સિવાય પશુપાલનમાં જાફરાબાદી ભેંસનું મૂળ રહેઠાણ ગુજરાત રાજ્યમાં કચ્છ અને સૌરાષ્ટ્રના જૂનાગઢ તથા જામનગર જિલ્લાનો વિસ્તાર છે. આ વેતરની દૂધ-ઉત્પાદન- ક્ષમતા ૧૦૦૦થી ૧૨૦૦ કિલોલિટરની છે. મોટું કદ, ભારે વજન, મેશ જેવો કાળો રંગ, ભારે ઊપસેલા કપાળવાળું માથું એ આ ભેંસની ઓલાદનાં મુખ્ય બાહ્ય લક્ષણો છે.

કચ્છમાં કાંકરેજ ગાયનું પાલન અને ઉછેર મુખ્ય હતું. આ ઓલાદ દૂધમાં સારી અને તેનાં વાછરડાં ખેતી માટે ખૂબ જ તેજીલાં, માટે બન્નીવિસ્તાર કાંકરેજનાં વાછરડાં ઉછેરીને સમગ્ર ગુજરાતમાં બળદ તરીકે વેચવા માટે જાણીતો હતો. કાળક્રમે દુષ્કાળની વારંવાર સર્જાતી વણજારને કારણે કચ્છના પશુપાલન પર ખૂબ જ મોટી અસર પડી.

કાંકરેજ ગાયના ઉછેરનો ધંધો છિન્નભિન્ન થઈ ગયો છે. બન્નીનાં ઘાસિયાં મેદાનોમાં ગાંડો બાવળ આવી જતાં ઘાસ પણ ઘટવા લાગ્યું છે. ગાયના વર્ગનાં પશુઓને બાવળ લાગવાથી ઉછેરવાનું મુશ્કેલ થતું ગયું છે.

આ પરિસ્થિતિમાં સિંધી ભેંસ નાના કદની પણ શાંત અને દૂધમાં ખૂબ જ સારી. તેના વેતરનો ગાળો પણ ટૂંકો અને વિષમ પરિસ્થિતિમાં પણ સારી રીતે ટકી શકે તેવી ખડતલ તેમ જ તેને ગાંડા બાવળ સામે ટકવાની કુદરતી શક્તિ હોવાથી અને દૂધનું બજાર ફેટ- આધારિત થઈ જતાં હવે સમગ્ર કચ્છમાં ભેંસની સંખ્યા ખૂબ જ ઝડપથી વધવા લાગી, જેને હવે બન્ની ઓલાદ તરીકે માન્યતા મળી રહી છે. ગાય ઝડપથી ઘટવા લાગી અને દુષ્કાળના સ્થળાંતરથી ઓલાદની શુદ્ધતા બગડી, નવી બીમારીઓ આવી અને ખોરાક બદલાઈ જવાથી દૂધઉત્પાદન તથા પ્રજનનની કુદરતી ચક્ર પર માઠી અસર થઈ. કચ્છમાં પશુપાલનને દુષ્કાળમાં ઢોરવાડામાં પુરાઈને લાચારી સાથે માત્ર નિભાવ થયો, પણ વિકાસની યાત્રા થંભી ગઈ, જેથી ડેરી ઉદ્યોગ પણ બંધ થઈ ગયો.

ગાય-ભેંસ જેવાં દુધાળાં પશુઓ સિવાય પણ કચ્છમાં ઊંટ, બકરાં, ઘેટાં વગેરે પશુઓનો સરખામણીમાં બહોળા પ્રમાણમાં ઉછેર કરવામાં આવે છે.

૮. કચ્છમાં ઉદ્યોગો

નિખિલ પંડ્યા

આગવી વેપારી સૂઝ ધરાવતા કચ્છીઓએ સદીઓથી દેશ-વિદેશમાં વ્યાપાર અને ઉદ્યોગનાં ક્ષેત્રે ચાવીરૂપ વિકાસ સાધ્યો છે. ભારતની વેપારી રાજધાની મુંબઈ હોય કે મધ્ય-પૂર્વના દેશો કે પછી આફ્રિકા-યુરોપના દેશો હોય, કચ્છીઓ જ્યાં ગયા છે ત્યાં જે ક્ષેત્રમાં હાથ નાખ્યો તેમાં સફળતા મેળવી છે. ૨૦૦૧ના ભૂકંપ પછી કચ્છે સર્વાંગી વિકાસ સાધ્યો છે. સરકારી નીતિઓ અને લોકઇચ્છાને સમન્વયથી સાકાર કરાયેલા વિકાસમાં ઔદ્યોગિક ક્ષેત્રે સધાયેલી પ્રગતિ ઊડીને આંખે વળગે છે.

દેશના સૌથી મોટા જિલ્લામાં બીજા ક્રમે આવતા કચ્છમાં પુષ્કળ પ્રમાણમાં ખનિજ-સંપદા ધરબાયેલી પડી છે. બે મોટાં બંદરો છે અને સૌથી વિશેષ તો મહાકાય ઉદ્યોગો માટે જમીનોની સરળ ઉપલબ્ધિ છે.

૨૦૦૧ના વિનાશક ભૂકંપે દેશ-દુનિયાનું ધ્યાન આ જિલ્લા તરફ સ્વાભાવિક રીતે ખેંચ્યું. કચ્છને તમામ ક્ષેત્રે ફરી બેઠું કરવા શરૂ થયેલા મનોમંથનમાં ઇચ્છિત વિકાસ માટે ઔદ્યોગિક અને આર્થિક પ્રગતિની જરૂરત સ્પષ્ટ રીતે જણાઈ આવી. આ પ્રગતિ માટે સરકારે ખાસ ટૅક્સ હોલિડેના પૅકેજની જાહેરાત કરી.

કચ્છમાં ભૂકંપ બાદ શરૂ થયેલા ઉદ્યોગોને પાંચ વર્ષ માટે આબકારી જકાત–એક્સાઈઝ ડ્યૂટી અને સેલ્સ-ટૅક્સની માફી આપવાની તત્કાલીન વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીએ ત્રીજી જૂન ૨૦૦૧ના જાહેરાત કરી હતી. જોકે આ માફી યોજનાના અમલ અને અર્થઘટન અંગે ઘણા જટિલ પ્રશ્નો પાછળથી જાગ્યા હતા. પરંતુ સરવાળે તો ટૅક્સ હોલિડે વિકાસ માટે પ્રોત્સાહક બની રહેલ છે. ભૂકંપ પછીના નવ વર્ષના ટૂંકા ગાળામાં કચ્છ ગુજરાતના ઔદ્યોગિક ક્ષેત્રના રોકાણમાં સિંહફાળો આપતું થઈ ગયું છે. ભૂકંપ પછીના ટૅક્સ હોલિડેના પ્રતાપે કચ્છમાં અત્યાર સુધીમાં રૂ. ૩૫૦૦૦ કરોડનું ઔદ્યોગિક રોકાણ આવી ચૂક્યું છે. ૨૦૦૯ના વાયબ્રન્ટ સમજૂતી કરારો અનુસાર ૨૦૧૦નું વર્ષ પૂરું થાય ત્યાં સુધીમાં બીજું રૂ. ૭૫૦૦૦ કરોડનું રોકાણ આવી જવાની ધારણા છે. હાલના ચિત્રની વિગતે સમીક્ષા કરતાં પહેલાં કચ્છના ભૂકંપ અગાઉની ઔદ્યોગિક સ્થિતિ પર નજર નાખવી જરૂરી છે.

આઝાદી બાદ કરાંચીના વિકલ્પ તરીકે કચ્છ માટે વિકસાવાયેલા મહાબંદર કંડલાનો વિસ્તાર બંદરને સંલગ્ન ઔદ્યોગિક કેન્દ્રની ગરજ સારતો હતો. દેશના સૌપ્રથમ કંડલા ફ્રી ટ્રેડ ઝોનમાં નાનાનાના ઉદ્યોગો વિકસ્યા હતા. બેન્ટોનાઈટ અને ચાઇના ક્લે જેવા ખનિજ-આધારિત એકમો એકલદોકલ પ્રમાણમાં અસ્તિત્વમાં હતા. આ ચિત્ર કોઈ દિશાએ ઉત્સાહજનક ન હતું. જોકે ભૂકંપ અગાઉ કાર્યરત થઈ ગયેલા મુંદ્રા ખાતેના અદાણી બંદર અને અબડાસા અને લખપત તાલુકાના ખનિજસંપન્ન વિસ્તારમાં ઊભા થઈ રહેલા સાંઘી સિમેન્ટના મહાકાય એકમે વિકાસની શક્યતાઓથી કચ્છને વાકેફ જરૂર કર્યું હતું.

આજે કોઈ પણ રાજ્યને ટક્કર મારે તેવી માળખાકીય સુવિધાઓ ધરાવતા કચ્છમાં હવે ઉદ્યોગો માટે લગભગ કશું ખૂટતું નથી. બે મહાબંદરો, ત્રણ વિમાનમથક અને સારા માર્ગો જિલ્લામાં ઉપલબ્ધ છે. વીજળી અને પાણી અંગેની અમુક મૂળભૂત તકલીફો છે, પણ તેના ઉકેલ પણ શોધાઈ રહ્યા છે.

ભૂકંપ અગાઉ અબડાસા-લખપતમાં આઠ હજાર મે. ટન દૈનિક ઉત્પાદનની ક્ષમતાનો સિમેન્ટ પ્લાન્ટ નાખવાનો આરંભ કરનાર સાંઘી જૂથને હવે ઘણા

અનુસરી રહ્યા છે. શ્રેષ્ઠ લાઈમસ્ટોનનો ભંડાર ધરાવતા આ વિસ્તારમાં હવે દીપક સિમેન્ટ અને જે. પી. સિમેન્ટ કાર્યરત થઈ રહ્યા છે. એ.બી.જી. સિમેન્ટનું કામ ચાલુ થઈ ગયું છે. અદાણી સહિતનાં જૂથો પોતાના મહાકાય સિમેન્ટ એકમોનું આયોજન કરી રહ્યા છે. આ બધા પ્લાન્ટ શરૂ થઈ ગયેથી કચ્છનો આ દુર્ગમ વિસ્તાર સિમેન્ટના ઉત્પાદનમાં વિશ્વના નકશામાં મોખરાનું સ્થાન પામી શકશે.

પાનધ્રો વિસ્તારમાં ઉપલબ્ધ લિગ્નાઈટના જથ્થા સાથે સંલગ્ન ૨૫૦ મે.વૉ.ના થર્મલ વિદ્યુતનો જી.ઈ.બી.એ આરંભ કર્યો ત્યારે કચ્છની વીજ-ઉત્પાદન- ક્ષમતાનું પ્રથમ ડગ ભરાયું હતું. તે પછી ગુજરાત ખનિજ વિકાસ નિગમે ૨૫૦ મે.વૉ.ના મથકની સ્થાપનાનું કાર્ય આરંભ્યું. આ મથક હાલ પ્રાયોગિક ધોરણે વીજ-ઉત્પાદન કરતું થઈ ગયું છે. તો મુંદ્રામાં અદાણી જૂથ અને ટાટા પાવર દ્વારા આયાતી કોલસા પર આધારિત અલ્ટ્રા મેગા પાવર પ્રોજેક્ટની કામગીરી પણ ઝડપભેર ચાલી રહી છે. બીજાં ઉદ્યોગગૃહો પણ પાવર પ્રોજેક્ટ સ્થાપવા ઉત્સુક છે. આગામી દાયકામાં ૧૦૦૦૦ મે.વૉ.ની ઉત્પાદનક્ષમતા સાથે પવન-ઊર્જાના ક્ષેત્રે કચ્છનો દેશમાં ડંકો વાગતો હતો.

ધાતુ-આધારિત ઉદ્યોગો પણ વિકસી રહ્યા છે. કચ્છ આજે સો પાઈપ્સ, સ્ટીલ, કોક, લાકડાંની સૉ-મિલો જેવાં ક્ષેત્રોમાં દેશમાં મોખરાને સ્થાને છે.

સામાન્ય માનવીને સ્પર્શે તેવાં લોકપ્રિય ઉત્પાદનોમાં પણ 'મેઈડ ઈન કચ્છ'નો સિક્કો હવે કચ્છીઓને ગૌરવ આપી રહ્યો છે. પારલે બિસ્કિટ, ઍન્કર, યુરો, હિન્દુસ્તાન લિવર, એશિયા મોટર વર્કસની ટ્રકો, ગોકુલ ઑઈલ, યો બાઈક્સ – 'મેઈડ ઈન કચ્છ'ની યાદી લાંબી છે.

લોકપ્રિયતાની ટોચે કચ્છનું ઍન્કર ગ્રૂપ :

સમગ્ર ભારતમાં ઍન્કર ગ્રૂપ વીજ-સ્વિચ અને વીજ-ઉપકરણોથી ઘરઘરમાં જાણીતું છે. એના પ્રણેતા દામજીભાઈ અને તેમના ભાઈ જાદવજીભાઈ છે.

ઍન્કર પેનાસોનિક : કચ્છમાં ઔદ્યોગિક ઉત્પાદનનો રાહ બતાવનાર દામજીભાઈ-જાદવજીભાઈના પિતા લાલજીભાઈ અને તેમના પરિવારે ઍન્કર ગ્રૂપને ખૂબ ઊંચાઈઓ સર કરાવી છે. ઍન્કરની બ્રાન્ડ એટલી મજબૂત થઈ ગઈ છે કે વિશ્વપ્રસિદ્ધ પેનાસોનિક ગ્રૂપે ઍન્કરનાં વીજ-ઉત્પાદન અને બજાર હસ્તગત કર્યા પછી પણ 'ઍન્કર'નું નામ કાઢીને પોતાની વિશ્વપ્રસિદ્ધ બ્રાન્ડ પેનાસોનિકનો ઉપયાગ કરવાની જરૂરત જણાઈ નથી.

૪૬ વર્ષ અગાઉ ૧૯૬૪માં માત્ર બે-ત્રણ લાખના મૂડીરોકાણ અને મૂઠીભર માણસોના સ્ટાફ સાથે શરૂ થયેલી ઍન્કર ઇલેક્ટ્રિકલ્સ કચ્છ, વલસાડ, દમણ અને હરિદ્વારમાં કારખાનાં અને ૭,૫૦૦ જેટલા કર્મચારીઓનો વિશાળ પરિવાર ધરાવે છે. ૨૦૦૯માં ૨૫૦૦ કરોડની જંગી રકમે પેનાસોનિક ગ્રૂપે ઍન્કર કંપની ખરીદી લીધી છે, પરંતુ દામજીભાઈ આજે પણ તેમની મહેનતના ફળ સમાન ઍન્કર ગ્રૂપના એમીરેટ્સ ચેરમૅન છે.

૧૯૩૭માં કચ્છના કુંદરોડી ગામમાં જન્મેલા દામજીભાઈ માટે મુંબઈ બીજા વતન જેવું છે. તે સમયે મુંબઈમાં નાણાં ધીરધારનો વ્યવસાય ધરાવતા લાલજીભાઈ શાહે દામજીભાઈને કુંદરોડી અને મુંબઈમાં શિક્ષણ લેવડાવ્યું. બદલાતા જતા સમયની સાથે તાલ મિલાવતાં-મિલાવતાં શાહ પરિવારે નાણાં ધીરધારનો વ્યવસાય સમેટીને વરલી વિસ્તારમાં કટલેરીની દુકાન શરૂ કરી. તે સમયે કાઠું કાઢી રહેલા દામજીભાઈએ અભ્યાસની સાથેસાથે સમય મળે ત્યારે દુકાનમાં બેસવાનું શરૂ કર્યું. ખાલસા કૉલેજમાં વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ પૂર્ણ કર્યા દામજીભાઈના ૧૯૬૦માં વિવાહ થયા. ૧૯૬૨માં કટલેરીના દુકાનના વ્યવસાય કરતાં કશુંક નવું અને અનોખું કરવાની ઇચ્છાએ તેમણે નાનું કારખાનું નાખવાનું નક્કી કર્યું.

એક કારીગરને ભાગીદાર રાખીને મુંબઈની પ્રખ્યાત બૉમ્બે ટૉકીઝના પ્રાંગણમાં નાની જગ્યા લઈ દોઢ લાખના રોકાણ સાથે ટૂલરૂમ વર્કસ શરૂ કર્યું. ૭૦૦

ફીટની જગ્યામાં ૨૦ માણસના સ્ટાફ સાથે સાવ નાના ક્ષેત્રમાં પ્રવેશેલા શાહ પરિવારને બે વર્ષ સુધી વ્યવસાય ચલાવ્યા બાદ ખાતે નુકસાની દેખાવા માંડી. એસ્ટિમેટમાં કચાશને કારણે થતી નુકસાનીની ખબર પડતાં ટૂલરૂમ બંધ કરવાનું નક્કી થયું. દામજીભાઈના કાકા વિશનજીભાઈ વ્યવસાયમાંથી છૂટા થયા. પરંતુ દામજીભાઈ અને જાદવજીભાઈએ ઉદ્યોગક્ષેત્રના પદાર્પણને અધવચ્ચે છોડી દેવાને બદલે નવું સાહસ કરવાનો નિર્ણય લીધો.

૧૯૬૨ના અરસામાં શાહ પરિવારનો ઔદ્યોગિક સાહસનો બીજો અધ્યાય શરૂ થયો. મલાડની બૉમ્બે ટૉકીઝના પ્રાંગણમાં એ જ ૭૦૦ ફીટની જગ્યામાં વીજ-સ્વિચ બનાવવાનું એકમ શરૂ કર્યું. પંદરેક લાખનું રોકાણ સાથે તે સમયે કાળી ગોળ ડબ્બા જેવી સ્વિચને બદલે રૂપકડી પિયાનો પ્રકારની સ્વિચનું ઉત્પાદન કર્યું. આરંભમાં ૫૦ બૉક્સ જેટલું ઉત્પાદન તો થતું, પણ લોકોના મનમાં આ નવતર સ્વિચ બેસતી ન હતી. શાહ પરિવારને વેચાણવ્યવસ્થા માટે સખત મહેનત કરવી પડતી, પણ પરિણામ આવતું ન હતું.

તેવામાં મુંબઈમાં દીપક ઇલેક્ટ્રિક સ્ટોર ધરાવતા રસિકભાઈ ધારિયાને આ નવતર સ્વિચો જચી ગઈ. તેમણે તેનું તમામ ઉત્પાદન રાખીને વેચી આપવાની શરૂઆત કરી. આજે પણ શાહ પરિવાર રસિકભાઈ ધારિયા પરિવારનું ઋણ યાદ કરે છે અને નિકટનો નાતો જાળવી રાખ્યો છે. સ્વિચોનું ઉત્પાદન શરૂ થયા બાદ ઉદ્યોગ અને તેની નોંધણી માટે નવા નામ ઍન્કર સાથે ઍન્કર અને ઍન્કરવાલાની સફળતાની યાત્રા શરૂ થઈ. બૉમ્બે ટૉકીઝના યુનિટ પછી દમણ-વલસાડના એકમો, તે પછી ભુજ અને હરિદ્વારના ગંજાવર એકમો ઍન્કર પરિવારમાં જોડાયાં.

વીજ-ઉપકરણો ઉપરાંત ઍન્કર જૂથે હેલ્થકેરના ઉત્પાદનમાં ઝંપલાવ્યું. સાબુ અને ટૂથપેસ્ટની દુનિયામાં પણ ઍન્કરે ઝડપથી નામના મેળવી લીધી. ઍન્કર હેલ્થ અને બ્યૂટી કેર કંપનીની તમામ જવાબદારી દામજીભાઈના નાના પુત્ર સંજયભાઈ સંભાળી રહ્યા છે.

ઍન્કર બ્રાન્ડની જમાવટને પગલે જાપાનના વિશ્વપ્રસિદ્ધ પેનાસોનિક જૂથે વીજ ઉત્પાદન વ્યવસાય રૂ. ૨૫૦૦ કરોડની જંગી રકમથી હસ્તગત કર્યો. ઍન્કર પરિવાર વતી દામજીભાઈના પુત્ર અતુલભાઈએ પેનાસોનિક જૂથ સાથેના કરારમાં ચાવીરૂપ ભૂમિકા ભજવી હતી. તે પછી દામજીભાઈ અને જાદવજીભાઈ પોતપોતાના ઉત્પાદન વ્યવસાય શરૂ કરવા સક્રિય થયા છે. મુંબઈમાં રિયલ એસ્ટેટના વ્યવસાયમાં પણ પરિવારે ઝંપલાવ્યું છે.

ઍન્કર ગ્રૂપનો કચ્છ સાથે સેવાનો અનોખો નાતો :

૧૯૭૦ના દાયકાથી લાલજીભાઈ શાહ પરિવાર કચ્છમાં કપરા સમયે મદદ માટે આવતો રહે છે. દુષ્કાળ-સમયે કચ્છમાં સખાવત અને મદદ માટે પોતાની સાથે આવતા થયેલા યુવાન દામજીભાઈએ સેવાના રંગને વધુ પાકો બનાવ્યો છે. મુંદ્રામાં લાલજીભાઈ શાહે નાનાલાલભાઈ ગોરની સંગાથે શરૂ કરેલી સર્વ સેવા સંઘની પ્રવૃત્તિ આજે કચ્છીઓમાં લોકજીભે છે. આજે દામજીભાઈ સર્વ સેવા સંઘની પ્રવૃત્તિને આગળ ને આગળ વધારી રહ્યા છે. તેમને તારાચંદભાઈ છેડા અને ટીમના સભ્યો ખભેખભા મેળવીને મદદ કરી રહ્યા છે.

આરંભનાં વર્ષમાં ચારપાંચ વખત કચ્છ આવતા દામજીભાઈ હવે મહિને ચાર-પાંચ વખત આવે છે. શિક્ષણ, આરોગ્ય, પર્યાવરણ, દુષ્કાળરાહત જેવી પ્રવૃત્તિઓ વ્યાપક રીતે ચલાવવા ઉપરાંત કચ્છ યુવક સંઘ જેવી સંખ્યાબંધ સંસ્થાઓને માત્ર આર્થિક જ નહીં પણ નૈતિક સહયોગ આપતા દામજીભાઈ આજે 'જન્મભૂમિ' પત્રોના માલિક સૌરાષ્ટ્ર ટ્રસ્ટના અધ્યક્ષનું પદ પણ સંભાળી રહ્યા છે.

સેવામાં પણ સર્વત્ર : વિવિધ સંસ્થાઓ સાથે સંકળાયેલા દામજીભાઈએ કચ્છ, ગુજરાત અને મુંબઈ-મહારાષ્ટ્રની સંખ્યાબંધ સંસ્થાઓના વિકાસમાં ચાવીરૂપ ભૂમિકા ભજવી છે. તેઓ મુંબઈના નબળા વર્ગના જૈન પરિવારો માટે આવાસ યોજના ચલાવતા જૈન ફાઉન્ડેશનનાં મધર ટેરેસાનું સન્માન કરીને તેમની

પ્રવૃત્તિમાં યોગદાન આપનાર અભિવાદન ટ્રસ્ટના, જીવદયા મંડળના, વિશ્વ જૈન સંઘટનના, જૈન મહાસંઘના, લાલજી વેલજી ઍન્કરવાલા ચૅરિટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટી છે. આ ઉપરાંત દામજીભાઈ ભારતીય વેજિટેરિયન સોસાયટી, કચ્છ નવનિર્માણ અભિયાન, ફેડરેશન ઑફ કચ્છ ઇન્ડસ્ટ્રીઝ, ચેમ્બર ઑફ કૉમર્સ ઍન્ડ ઇન્ડસ્ટ્રીઝ, કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ, શ્રી કચ્છી વીશા ઓસવાળ જૈન મહાજન, નવચેતન અંધજન મંડળ સહિતની સંસ્થાઓના વરિષ્ઠ મોવડી છે.

દામજીભાઈએ શિક્ષણક્ષેત્રે પણ વિવિધ સંસ્થાઓને આર્થિક અને નૈતિક સમર્થન આપ્યું છે. તેઓ ચેમ્બુર – મુંબઈની પ્રતિષ્ઠિત શાહ ઍન્ડ ઍન્કર ઍન્જિનિયરિંગ કૉલેજના અને શાહ ઍન્ડ ઍન્કર પૉલિટેકનિક કૉલેજના મૅનેજિંગ ટ્રસ્ટી છે. દામજીભાઈ મહારાષ્ટ્ર અને મુંબઈમાં ઍન્કરવાલા ઉમરબહેન લાલજી વિદ્યાલયના ટ્રસ્ટી, કેનિયા ઍન્ડ ઍન્કરવાલા હાઈસ્કૂલના મૅનેજિંગ ટ્રસ્ટી, સૌરાષ્ટ્રના સોનગઢમાં શ્રી મહાવીર જૈન ચરિત્ર કલ્યાણ રત્નાશ્રમના પ્રમુખ, ધનજી દેવશી કેળવણી ફંડ તેમ જ જૈનમ ટ્રસ્ટના ટ્રસ્ટી છે.

કચ્છમાં ભુજ ખાતે લાલજી વેલજી ઍન્કરવાલા હાઈસ્કૂલ, ઉમરબહેન લાલજી ઍન્કરવાલા પ્રાથમિક શાળા અને રુદ્રમાતા ખાતે ઍન્કરવાલા છાત્રાલય ઊભાં કરવામાં દામજીભાઈએ નોંધપાત્ર આર્થિક યોગદાન આપ્યું છે. તેઓ કચ્છમાં વિરાયતન જૂથની કૉલેજો, આર. ડી. એજ્યુકેશન ટ્રસ્ટ, વિકલાંગ કન્યા-કુંવર વિકલાંગ પુનર્વસન કેન્દ્ર અને ઔદ્યોગિક તાલીમ કેન્દ્રના ટ્રસ્ટી છે.

આ પ્રવૃત્તિઓ ઉપરાંત કચ્છમાં પશુરક્ષા માટે ઍન્કરવાલા અહિંસાધામની તેમણે સ્થાપના કરી છે. માંડવીમાં ઍન્કરવાલા જનરલ હૉસ્પિટલ અને અનાથાશ્રમ, માતાના મઢમાં ઍન્કરવાલા મેટરનિટી અને જનરલ હૉસ્પિટલ સ્થાપવામાં તેમણે યોગદાન આપ્યું છે. મુંબઈમાં મીરાં રોડ પરની ભક્તિવેદાંત હૉસ્પિટલમાં અને બી. એસ. ઈ. એસ. એમ. જી. હૉસ્પિટલમાં ઍન્કરવાલા આઈ. સી. યુ. એકમો સ્થાપવામાં તેમણે ચાવીરૂપ ભૂમિકા ભજવી છે. દામજીભાઈ દહીંસરની માનવકલ્યાણ કેન્દ્ર જનરલ હૉસ્પિટલ, નવનીત હૉસ્પિટલ, કેન્સર પેશન્ટ હૉસ્પિટલ, સાયનની કેકાભાઈ હાર્ટ ઇન્સ્ટિટ્યૂટ, હરકિસનદાસ હૉસ્પિટલ સાથે સક્રિય રીતે જોડાયેલા છે.

મુલાકાત : સફળતાને આબાદ પચાવીને નમ્રતા, વિવેક અને સરળતાને જાળવી શકેલા દામજીભાઈના કચ્છ અને ગુજરાતના ઔદ્યોગિક ચિત્ર અંગે પૂછતાં તેમણે જણાવ્યું હતું કે સરકારી નીતિ, ઔદ્યોગિક શાંતિ અને માળખાકીય સુવિધા વિશ્વભરના ઉદ્યોગપતિઓને આકર્ષી રહ્યાં છે.

કચ્છીઓ કચ્છમાં ઉદ્યોગો શરૂ કરવા ઓછા આગળ આવે છે તે અંગે પૂછતાં દામજીભાઈએ સ્પષ્ટ રીતે કહ્યું કે કચ્છીઓની નવી પેઢીમાં ઔદ્યોગિક રસ છે. સરકાર અને મુખ્યમંત્રી સફળ કચ્છીઓને કચ્છમાં ઉદ્યોગો લાવવાની પ્રેરણા અને દૃષ્ટિ આપે તેની જરૂર છે. આ માટે કચ્છી સમુદાય અને ગુજરાત સરકાર વચ્ચે કડીરૂપ બનવાની તૈયારી પણ તેમણે બતાવી હતી.

કચ્છ અને ગુજરાતમાં સેવાકીય પ્રવૃત્તિ પાછળ અત્યાર સુધી કેટલાં નાણાં વાપર્યાં છે એવા એક સીધા સવાલનો આ કચ્છી દાનવીરે સીધો અને ટૂંકો જવાબ આપ્યો, 'ટોટલ માર્યું નથી અને મારવું પણ નથી.'

અદાણી જૂથની શક્તિના કેન્દ્રમાં મુંદ્રા :

કચ્છને કર્મભૂમિ બનાવનારા સાહસિકો સફળતાનાં શિખરો સર કરે છે. કચ્છને કર્મભૂમિ બનાવીને સફળ થનારાઓની પ્રભાવશાળી યાદીમાં સૌથી ટોચે ગૌતમભાઈ અદાણી છે. અમદાવાદ-સ્થિત અદાણી જૂથના આ ચેરમૅન વિશ્વવિખ્યાત ફોર્બ્સ મૅગેઝિન દ્વારા ભારતના સાતમા ક્રમના સૌથી ધનિક વ્યક્તિ તરીકે નામાંકિત થયા હતા.

ગૌતમભાઈ અને તેમના ૩૦૦૦૦ કરોડના અદાણી જૂથની સફળતાના પાયામાં કચ્છનું યોગદાન ચાવીરૂપ રહ્યું છે. ૧૯૮૯માં કચ્છપ્રવેશ કરી ૧૮ વર્ષની વયે ૧૯૭૯માં વેપાર-ધંધામાં ઝંપલાવનાર ગૌતમભાઈએ ૧૯૮૯માં કચ્છમાં મીઠા-ઉત્પાદન-ક્ષેત્રે પ્રવેશ કર્યો હતો. તેમણે અમેરિકાની બહુરાષ્ટ્રીય કંપની

કારગિલ સાથે મીઠા-ઉત્પાદનનું સંયુક્ત સાહસ કચ્છમાં શરૂ કર્યું.

૧૯૯૮માં અદાણી પૉર્ટ : ગૌતમભાઈના મગજમાં કચ્છ માટે લાગણી અને અપાર ક્ષમતાએ નક્કર સ્વરૂપ લઈ લીધું હતું. અદાણી એન્ટરપ્રાઈઝને આયાત-નિકાસમાં શિપિંગને લગતી મુશ્કેલી તો હતી. કારગિલ કંપની સાથેના સંયુક્ત સાહસ વેળાએ મીઠાના વહન માટે મુંદ્રાબંદરે મળેલી જેટી ફાજલ પડી હતી. આ નાનકડી જેટીએ ગણતરીનાં વર્ષોમાં ' વિરાટ મહાબંદરનું રૂપ લીધું અને ગુજરાત અદાણી પૉર્ટ લિ.નો ઉદય થયો. ગુજરાત સરકાર દ્વારા ખાનગી કંપનીઓને સંયુક્ત સાહસ તરીકે બંદરો વિકસાવવાની મંજૂરી આપવાની નીતિનું પ્રથમ સીમાચિહ્ન મુંદ્રા બન્યું. ૧૯૯૪માં મુંદ્રાબંદરે કેપટીવ જેટી સ્થાપવા ગુજરાત મેરીટાઈમ બૉર્ડે મંજૂરી આપ્યા બાદ મે ૧૯૯૮માં અદાણી પૉર્ટ લિ. અને ગુજરાત પૉર્ટ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ કંપની લિ.એ સંયુક્ત રીતે ગુજરાત અદાણી પૉર્ટ લિ.ની રચના કરી. દેશના સર્વપ્રથમ અને સૌથી આધુનિક ખાનગી ક્ષેત્રના આ મુંદ્રાબંદરે ૧૯૮૯માં બે બર્થ કાર્યરત થઈ ગઈ. ઑક્ટોબર ૧૯૮૯ પછી મુંદ્રાબંદરનો કલ્પનાતીત વિકાસ થઈ રહ્યો છે. બંદર દર વર્ષે સિદ્ધિનાં નવાં છોગાં સર કરતું રહે છે.

વિશાળ વિસ્તાર અને મોટાં જહાજો માટે પાણીનો પૂરતો ડ્રાફ્ટ ધરાવતા તથા ઉત્તર ભારતનાં સંખ્યાબંધ રાજ્યોની આયાત-નિકાસની જરૂરતોને પહોંચી વળવા માટે સક્ષમ આ બંદર અદાણી જૂથનું લાડકું સાહસ બની રહ્યું છે. બંદરના વિકાસની સાથેસાથે વપરાશકારોને માળખાકીય સુવિધા પૂરી પાડવા માટે ૨૦૦૦માં મુંદ્રા અને આદિપુર વચ્ચે રેલવેલાઇન નાખવાની કામગીરી અદાણી જૂથે હાથ ધરી. ઑક્ટોબર ૨૦૦૧માં તો આ ખાનગી લાઇન પર પ્રાયોગિક ધોરણે ટ્રેન શરૂ થઈ ગઈ. તેના બરાબર એક વર્ષ બાદ આ લાઇનના ઉપયોગ માટે ભારતીય રેલવે સાથે કરાર થઈ ગયો તે મુજબ અદાણીની ખાનગી રેલવે બંદર પરથી માલગાડી લઈને આદિપુર સુધી પહોંચાડે અને ત્યાંથી ભારતીય રેલવે તેને દેશના નિયત સ્થળે પહોંચાડે. આની સાથોસાથ ડિસેમ્બર, ૨૦૦૫માં સિંગલ પૉઇન્ટ મુરિંગની સુવિધા મુંદ્રામાં કાર્યરત થઈ. દરિયામાં ખડી કરાયેલી આ સુવિધાની મદદથી લિક્વિડ કાર્ગો સાથે આવતાં ગંજાવર જહાજોને ગણતરીના કલાકોમાં ખાલી કરીને તેને મોટા ટૅન્ક ફાર્મમાં સ્ટોર કરવાની સુવિધાનો આજે દેશની ટોચની ક્રુડ ઑઈલ કંપનીઓથી માંડીને ખાદ્ય તેલની આયાતકાર કંપનીઓ આ સુવિધાનો ભરપૂર લાભ ઉઠાવે છે.

એસ. ઈ. ઝેડ. : બંદર પર આધારિત સ્પેશ્યલ ઇકોનોમિક ઝોનની નીતિ જાહેર થતાં મુંદ્રામાં આવા એસ.ઈ.ઝેડ.ની સ્થાપના માટે દરખાસ્ત કરાઈ. એપ્રિલ, ૨૦૦૬માં આ ઝોનની રચના માટે જાહેરનામું બહાર પડ્યું. જૂન ૨૦૦૬માં મુંદ્રા સ્પેશિયલ ઇકોનૉમિક ઝોન લિ અને અદાણી કેમિકલ્સ લિ.નું ગુજરાત અદાણી પૉર્ટ લિ.માં વિલીનીકરણ થયું. તેના બીજા મહિને કંપનીએ નવું નામ ધારણ કર્યું. મુંદ્રા પૉર્ટ ઍન્ડ ઇકોનૉમિક ઝોન લિ. ઑક્ટોબર ૨૦૦૭માં કંપનીએ ચાર કરોડ અઢી લાખ ઇક્વિટી શૅરનો આઈ.પી.ઓ. કર્યો. શૅરબજારમાં આટલો મોટો આઈ.પી.ઓ. ૧૨૭-ગણો છલકાઈ ગયો.

અત્યારે મુંદ્રાબંદરે કન્ટેનર ટર્મિનલ પણ કાર્યરત છે. મારુતિ સુઝુકી તેની કારની નિકાસ આ બંદરેથી કરે છે. રેલવેલાઇન પર ડબલ સ્ટેક્ડ કન્ટેનર ટ્રેનો દોડતી થઈ ગઈ છે.

બંદરનો વિકાસ અન્ય ઘણા ઉદ્યોગો અને વેપારને વિકાસ માટે મજબૂત પાયો આપતો હોય છે.

અદાણી વિલમાર : પોતાના બંદરેથી ખાદ્ય તેલો-ઑઈલની થતી આયાતે ગૌતમભાઈને અદાણી વિલમાર તેલ રિફાઇનરી શરૂ કરવા પ્રેર્યા. અત્યારે ખાદ્ય તેલોની બજારમાં અદાણી વિલમારની ફોર્ચ્યુન બ્રાન્ડ ડંકો વગાડે છે.

અદાણી પાવર : આ બધા વચ્ચે ગુજરાતના કાંઠે અલ્ટ્રા મેગા પાવર પ્રોજેક્ટ સ્થાપવાની ભારત સરકારે જાહેરાત કરી અને તે માટે મુંદ્રા નજીકનું સ્થળ પસંદ કર્યું. આ કામગીરી સરકારે ટાટા પાવરને સોંપી. પાવર પ્રોજેક્ટ માટે કોલસાની આયાત કરવા મુંદ્રાબંદરના

ઉપયોગ માટે અદાણી જૂથ સાથે કરાર થયા. પોતાના પ્રસ્થાપિત એસ. ઈ. ઝેડ. માટે વીજળીની માગ અને વીજ-ઉત્પાદન-ક્ષેત્રનાં આકર્ષક સમીકરણોએ અદાણી પાવરનો જન્મ થયો. તે આધારે ગૌતમભાઈએ વિશ્વમાં કોલસાની મોટી ખાણને હસ્તગત કરવાનું દૂરંદેશીભર્યું પગલું લઈ લીધું હતું.

મુંદ્રા નજીક ટાટા પાવરના પડોશમાં જ અદાણી પાવરનો ૪૬૨૦ મે.વૉ.ના કોલસા પર આધારિત થર્મલ પાવર સ્ટેશનના કામનો આરંભ કરી દેવાયો. જુલાઈ ૨૦૦૯માં ૬૬૦ મે.વૉ.ના પ્રથમ તબક્કાનો આરંભ પણ કરી દેવાયો. તે પછી કંપનીએ ગયા ઑગસ્ટમાં શૅરબજારમાં પ્રવેશીને સફળ આઈ.પી.ઓ. કર્યો.

૪૬૨૦ મે.વૉ.ના મુંદ્રાના એકમ ઉપરાંત મહારાષ્ટ્રના તીસોડામાં ૩૩૦૦ મે.વૉ.ના વીજમથકની કામગીરી પણ ચાલી રહી છે. દહેજમાં ૨૬૮૦ મે.વૉ., રાજસ્થાનમાં સવાઈ ખાતે ૧૩૨૦ મે.વૉ., મધ્યપ્રદેશના છીંદવાડામાં ૧૩૨૦ મે.વૉ. વીજમથકો સ્થાપવા માટે આયોજન થઈ રહ્યું છે. આની સાથે અદાણી પાવરે ૧૦૦૦ કિ.મી.ની પાવરગ્રીડ નાખવાનું પડકારરૂપ કામ હાથ ધર્યું છે.

આમ કચ્છ-મુંદ્રાને કર્મભૂમિ બનાવનાર ગૌતમભાઈ અને તેમના અદાણી જૂથે શૂન્યમાંથી વિરાટ સર્જનનું નમૂનારૂપ ઉદાહરણ વેપાર-ઉદ્યોગ-વિશ્વને આપ્યું છે.

સામાજિક જવાબદારી પ્રત્યે સજાગ : કચ્છમાંથી અપાર સફળતા પામેલા અદાણી જૂથે આ જિલ્લામાં સામાજિક જવાબદારી નિભાવવામાં પણ પૂરતું ધ્યાન આપ્યું છે. સામાજિક કાર્યો હાથ ધરવા માટે રચાયેલા અદાણી ફાઉન્ડેશને કચ્છમાં અને તેમાં પણ ખાસ કરીને મુંદ્રા તાલુકામાં ગત નાણાકીય વર્ષમાં અંદાજે ૧૩ કરોડનાં વિકાસકામો અને કાર્યક્રમો હાથ ધર્યાં હતાં.

ગૌતમભાઈનાં પત્ની શ્રીમતી પ્રીતિબહેન અદાણીની સીધી દેખરેખ હેઠળ કાર્ય કરતા આ ફાઉન્ડેશને પ્રાથમિક શિક્ષણ, સામાજિક આરોગ્ય, ગ્રામીણ માળખાકીય સુવિધાઓ અને આજીવિકા-વિકાસ માટે કામો કર્યાં છે. સાથેસાથે જળસંચયના કાર્યક્રમોનો અસરકારક અમલ કર્યો છે. ફાઉન્ડેશનનાં કામોથી ૬૦ હજારથી વધુ લોકોને સીધો કે આડકતરો લાભ મળી રહ્યો છે.

આ ઉપરાંત ભુજની જનરલ હૉસ્પિટલમાં મેડિકલ કૉલેજ પણ અદાણી ઇન્સ્ટિટ્યૂટ ઑફ મેડિકલ સાયન્સ દ્વારા શરૂ કરાઈ છે. આ માટે અદાણી ગ્રૂપ ૧૦ કરોડ રૂપિયાથી વધારેનું ખર્ચ કરી રહ્યું છે. આ ઉપરાંત અમદાવાદ ખાતે અદાણી ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇન્ફ્રાસ્ટ્રક્ચર મૅનેજમેન્ટની શરૂઆત પણ કરાઈ છે.

અંકુર સૉલ્ટ :

આખા દેશમાં ગુજરાત અને તેમાં પણ કચ્છ નિમકના ઉત્પાદનક્ષેત્રે અગ્રેસર છે. હજી પંદરેક વર્ષ પહેલાં ગૃહિણીઓ સાદા મીઠાને દળેલા સ્વરૂપમાં ઉપયોગમાં લેવા ટેવાયેલી હતી. પરંતુ બદલાતા જતા સમય અને ટેક્નૉલોજીની સંગાથે નિમક-ઉત્પાદન અને વપરાશમાં આયોડાઈઝ્ડ અને ડબલ રિફાઇન્ડ મીઠાનું ચલણ પ્રચલિત બન્યું છે. શહેરોમાં જ નહીં પણ નાનાં ગામડાંના રસોડા સુધી આ આધુનિક નિમક પરંપરાગત મીઠાનું સ્થાન લઈ રહ્યું છે.

અંકુરના જનક ગાંધીધામના પારખ પરિવારની ગાથા પણ રોચક છે. વેપારવણજ માટે કચ્છીઓ હંમેશાં દરિયો ખેડતા હોવાની વાત કોઈથી અજાણી નથી. પરંતુ ચારેક પેઢી અગાઉ રાજસ્થાનના બાલોત્રાનો આ પારખ પરિવાર રણ ખેડીને કચ્છ આવ્યો હતો. આજે આ પરિવારના મોભી હીરાલાલભાઈ પારખ છે. હાલ કચ્છ અને ગુજરાતમાં નામના ધરાવતી ગાંધીધામ ચેમ્બર ઑફ કૉમર્સ ઍન્ડ ઇન્ડસ્ટ્રીઝના પ્રમુખ હીરાલાલભાઈ પોતાના ઉદ્યોગોના વિકાસની સાથે કચ્છના ઔદ્યોગિક વિકાસની પણ વાત કરે છે.

રાજસ્થાનમાં ઘીની જબરી માગને પહોંચી વળવા ૧૯૫૦-૬૦ના દાયકામાં બાલોત્રાના ગેકચંદજીએ કચ્છ આવવાનું શરૂ કર્યું. કચ્છમાં અપાર પશુધનની ઊપજ સમા ઘીને રાજસ્થાન લઈ જતાં-જતાં પારખ પરિવાર કચ્છમાં જ વસી ગયો.

૧૯૬૦ ગાંધીધામમાં પારખ પરિવારે ખેત-પેદાશોના ટ્રેડિંગથી માંડીને ઑઈલ મિલ સુધીનો વ્યવસાય કર્યો. ગેકચંદજીના પુત્ર ચંપાલાલજીએ સારી એવી નામના મેળવી. પરિવારે ૧૯૭૦માં ચીરઈ સૉલ્ટ વર્ક્સ શરૂ કર્યું. ૪૬૦ એકરના વિસ્તાર સાથેનું સૉલ્ટ વર્ક્સ ભાગીદારીમાં હતું. પરંતુ ૧૯૭૭માં ભાગીદારો અલગ થતાં ચીરઈ સૉલ્ટ વર્ક્સની માલિકી અન્ય ભાગીદાર પાસે ગઈ. મીઠા ઉદ્યોગ અને વેપારમાં પાવરધા થઈ ગયેલા હીરાલાલભાઈએ ૧૯૮૬માં ગાંધીધામ નજીક પડાણા ખાતે ડુંગરશી સૉલ્ટ વર્ક્સ કંપની ખરીદી. તે અઢી દાયકામાં ૧૯૯૦ પછીના દાયકામાં આયોડાઈઝ્ડ અને રિફાઇન્ડ નિમકની ટેક્નોલોજી આવતાં ૧૯૯૭-૯૮માં પારખ પરિવારે અંકુર કેમ ફૂડની રચના કરીને 'અંકુર બ્રાન્ડ' નિમકનો આરંભ કર્યો.

અંકુર કેમ ફૂડે સૌપ્રથમ સ્વિસ ટેક્નૉલોજીના સથવારે રોજની ૧૫૦ ટન ક્ષમતા સાથેનો પ્રથમ પ્લાન્ટ ચાર કરોડના ખર્ચે નાખ્યો. નફા અને માગ સાથે તાલ મિલાવતાં કંપનીએ રોજના ૫૦૦ ટનની ક્ષમતા સાથેનો ત્રીજો પ્લાન્ટ ૨૦૦૧માં શરૂ કર્યો. આ પછી ઝડપી પ્રગતિ કરતાં હાલ ૨૦૧૧ સુધીમાં દૈનિક ૩૨૦૦ ટન ઉત્પાદનની ક્ષમતા સુધી પહોંચી. કંપની અત્યારે વિશ્વમાં નિમક-ઉત્પાદન-ક્ષેત્રે ટોચના સ્થાને છે.

મહાશક્તિ કોક

કચ્છમાં બંદર પર આધારિત ઉદ્યોગોના વિકાસને વેગ મળ્યો છે. આવા કેટલાય ઉદ્યોગોમાંનો એક તે કોલસાને સાફ કરી તે બાદ તેને હાર્ડ કોકમાં રૂપાંતરિત કરવાના ઉદ્યોગમાં જે ત્રણેક ઉદ્યોગો ટકી રહ્યા છે, તેમાંનું મહાશક્તિ કોક એક છે.

સૌરાષ્ટ્ર ફ્યુઅલ પ્રા. લિ. દ્વારા કચ્છના મુંદ્રા નજીક લાખાપર ગામની સીમમાં શરૂ થયેલું મહાશક્તિ કોક ૨૦૦૨થી કાર્યરત છે. ધંધાકીય તકલીફોને સર કરીને ટકી ગયેલી આ કંપનીએ સ્ટીલ રિસેલિંગની ક્ષમતા પણ સ્થાપી છે.

૧૦૦ એકર જમીનમાં રૂપિયા ૧૩૦ કરોડના રોકાણ સાથે ૨૦૦૨માં શરૂ થયેલા મહાશક્તિ કોકની માસિક ઉત્પાદનક્ષમતા ૮૪૦૦૦ મે. ટનની છે. હાલ આ પ્લાન્ટમાં ઉત્પાદન માટે આઠ ચીમની કાર્યરત છે. કુલ ૧૬૦ જણાને રોજગારી આપતા આ પ્લાન્ટમાં ૧૦૦ કામદારો ઠેકેદારો દ્વારા પૂરા પડાય છે.

કચ્છમાં મહાશક્તિ કોકને પગલે ૨૬ જેટલા કોક ઉદ્યોગ સ્થપાયા છે. ૨૦૦૨થી ૨૦૦૫નાં ત્રણ વર્ષ આ ઉદ્યોગો માટે કોલસાની કમાણીમાં સોના જેવાં રહ્યાં હતાં. દક્ષિણ-પૂર્વ એશિયા ઉપરાંત ઑસ્ટ્રેલિયા-ન્યૂઝીલૅન્ડથી આયાત થતા કોલસાને કોકમાં રૂપાંતરિત કરવામાં સારો એવો નફો પણ રહેતો હતો.

૪૦૦૦ કરોડની માન ઈન્ડસ્ટ્રીઝ

કચ્છમાં ભૂકંપ બાદ પાઇપો ઉત્પાદિત કરતી અમુક કંપનીઓએ મોટા રોકાણ સાથે પોતાની ઉત્પાદન-સુવિધા ઊભી કરી છે. ૨૦૦૫માં અંજાર તાલુકાના ખેડોઈ ગામ નજીક વિખ્યાત 'માન ઇન્ડસ્ટ્રીઝે' આવી ખાસ પાઇપોનો એકમ નાખ્યો છે.

૧૯૭૦ના દાયકામાં સ્થપાયેલ માન ગ્રૂપે તેના ચેરમૅન રમેશ સી. મનસુખાની અને વાઈસ-ચેરમૅન મૅનેજિંગ ડિરેક્ટર જગદીશ સી. મનસુખાનીના નેતૃત્વ હેઠળ મોટી પાઇપોના ઉત્પાદન અને કોટિંગ, ટ્રેડિંગ, રિયલ એસ્ટેટ અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર સહિતના વ્યવસાયોમાં સફળતા હાંસલ કરી છે. આજે આ ઉદ્યોગસમૂહ અંદાજે ચાર હજાર કરોડ રૂપિયાની આર્થિક શક્તિ ધરાવે છે. આ ગ્રૂપમાં માન ઇન્ડસ્ટ્રીઝ (ઇન્ડિયા) લિ.ના નેજા હેઠળ પાઇપ અને તેને સંબંધિત ઉત્પાદનો હાથ ધરાય છે.

૪૫૦ કરોડનો પ્લાન્ટ : ૨૦૦૧ના ભૂકંપ બાદની ઉદ્યોગોની વેરામાફી યોજના હેઠળ કચ્છના અંજાર તાલુકાના ખેડોઈ ગામ પાસે કંપનીએ ૨૦૦ એકર જમીનમાં અંદાજે રૂ. ૪૫૦ કરોડના ખર્ચે પ્લાન્ટ નાખ્યો છે. ૨૦૦૫માં કાર્યરત થયેલા આ પ્લાન્ટમાં લોન્જીટ્યૂડનલી સબમર્જ્ડ આર્ક વેલ્ડેડ પાઇપ-(એલ.એસ.એ.ડબ્લ્યુ.)ની વાર્ષિક ૩.૬૫ લાખ ટનની અને હેલીકલી (સ્પાઈરલી) સબમર્જ્ડ આર્ક વેલ્ડેડ (એસ.એસ.એ.ડબ્લ્યુ.) પાઇપની વાર્ષિક ૫૦ હજાર ટનની ઉત્પાદનક્ષમતા સ્થાપવામાં આવી છે. કંપની પાસે વધી રહેલા ઑર્ડરને ધ્યાનમાં લઈને અંજારના

પ્લાન્ટમાં એચ.એસ.એ.ડબ્લ્યુ. પાઇપોની ઉત્પાદન-ક્ષમતામાં ૧૦ લાખ ટનનો વાર્ષિક વધારો કરવાની કામગીરી હાથ ધરાઈ છે.

કચ્છમાં પારલે

૧૯૨૯માં બ્રિટિશ શાસનકાળ દરમિયાન મુંબઈના પરામાં શરૂ થયેલા ચૉકલેટ અને પીપરમેન્ટના નાના-શા એકમે આજે દેશની પ્રગતિની સાથે પોતાની પ્રગતિ પણ કરી છે. આજે 'પારલે'નું નામ મહાનગરથી નાના ગામ સુધી ગાજતું થયું છે. ૨૦૦૧ના વિનાશક ભૂકંપ બાદ નવા ઉદ્યોગોને આકર્ષવા માટેની 'ટૅક્સ હૉલિડે'ની આકર્ષક યોજનાની જાહેરાતના પગલે કચ્છમાં સ્થપાયેલા સંખ્યાબંધ ઉદ્યોગોમાં 'પારલે'નું નામ મોખરે છે.

મેઈડ ઇન ભુજ : અંદાજે રૂપિયા ૧૦૦ કરોડથી વધુના ખર્ચે ઑક્ટોબર ૨૦૦૩માં ભુજના પાદરે લેર ગામની સીમમાં 'પારલે-જી'નું ઉત્પાદન શરૂ થયું તે સાથે દેશ-વિદેશમાં વિખ્યાત પારલે-જી, મોનાકો અને ક્રેકજેક બિસ્કિટના રંગભર્યા પૅકિંગ રૅપર પર છપાયું 'મેઈડ ઈન ભુજ'. બિસ્કિટના પ્લાન્ટની સાથેસાથે કંપનીએ પોતાનો પાવર પ્લાન્ટ, રેપર પ્રિન્ટિંગ પ્લાન્ટ અને કોરુગેટેડ બૉક્સ પ્લાન્ટ પણ એક કમ્પાઉન્ડમાં શરૂ કર્યા છે.

૨૫૦ કરોડનું ટર્નઓવર : ગુજરાતી મૂળ ધરાવતા કંપનીના ચેરમૅન વિજય ચૌહાણની સૂઝ અને દૂરંદેશીની સંગાથે આજે પારલેના કચ્છ એકમમાં હાલ મહિને ૨૫૦૦ મે. ટન પારલે-જી તથા ૮૦૦ મે. ટન મોનાકો અને ક્રેકજેક બિસ્કિટનું ઉત્પાદન થાય છે. કચ્છનું એકમ વર્ષે દહાડે અંદાજે ૨૫૦ કરોડ રૂપિયાનું ટર્નઓવર કરે છે.

પી. એસ. એલ. ઉદ્યોગ શ્રેણી

કચ્છનો ઔદ્યોગિક વિકાસ સંખ્યાબંધ બાબતોએ વિશિષ્ટ છે. એક તો વર્ષો બાદ વેગ પકડીને દેશભર માટે નમૂનારૂપ બનેલા આ વિકાસે નવાનવા વિક્રમો સર કર્યા છે. સંખ્યાબંધ ઉત્પાદનો અને ઔદ્યોગિક એકમો કોઈ ને કોઈ રીતે પોતાનામાં અનોખા હોવાનું આજે ગૌરવ લઈ રહ્યાં છે. ગાંધીધામ નજીકની પી. એસ. એલ. લિ. ખાસ કોટિંગ સાથેના સ્પાઇરલ પાઇપોના ઉત્પાદન સાથે લાંબામાં લાંબી હજીરા બિલાસપુર અને જગદીશપુરના વિશ્વવિક્રમમાં સહભાગી થવાના રેકર્ડને હજી પણ જાળવી રાખીને આગળ વધી રહી છે.

૧૯૮૦ના દાયકામાં 'પૂંજ સન્સ લિ.' તરીકે ઓળખાતી દિલ્હીની કંપનીએ કચ્છમાં પ્રવેશ કર્યો. કંડલા પૉર્ટમાં મળેલા પાઇપના કામ માટે આવેલી પૂંજ સન્સને ખરા અર્થમાં કચ્છ ફળ્યું. ૧૯૮૪ના અરસામાં પૂંજ પરિવારે વેપારના ભાગ કર્યા. વાય. પી. પૂંજ પાસે પી. એસ. એલ.નો હવાલો આવ્યો. કંપનીએ ૧૯૮૫માં ઑફશોર પાઇપોને કોટિંગ કરવા માટેના એકમનો ગાંધીધામમાં રૂ. ચારેક કરોડના ખર્ચે આરંભ કર્યો.

કંપનીના હાલના ચેરમૅન અશોક પૂંજના નેતૃત્વ હેઠળ સરકારે કચ્છમાં વરસાણા ખાતે નવું એકમ સ્થાપ્યું. ભૂકંપના બરાબર એક વર્ષ બાદ ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ ૨૬ જાન્યુઆરી ૨૦૦૨ના તેનું ઉદ્‌ઘાટન કર્યું. ભૂકંપ બાદ સ્થપાનારો આ પ્રથમ ઉદ્યોગ હતો. જેમ કચ્છ આ કંપનીને ફળ્યું તેમ ભૂકંપ બાદ શરૂ થયેલો કંપનીનો નવો એકમ કચ્છ માટે પણ ભાગ્યશાળી સાબિત થયો. આ કંપનીએ કચ્છના ૧૧૩૨ જેટલા કામદારો અને કર્મચારીઓને રોજગારી આપી છે, ગાંધીધામ રેલવે સ્ટેશને સુવિધા ઊભી કરવામાં સહયોગ આપ્યો છે અને થૅલૅસીમિયાની ચકાસણીનાં યંત્રો રેડક્રૉસ સોસાયટીને આપ્યાં છે.

કચ્છમાં સિમેન્ટ ઉદ્યોગના પથદર્શક સાંઘી

૧૩મી એપ્રિલ ૨૦૦૨ના ઉત્પાદન શરૂ થયેલ સાંઘી સિમેન્ટની હાલ વાર્ષિક ૩૨ લાખ ટનની ક્ષમતા છે. ૧૯૯૨થી હૈદરાબાદના મારવાડી ઉદ્યોગપતિ રવિશરણ રામશરણ સાંઘી – રવિ સાંઘીએ ૧૯૯૨થી કચ્છ અને ગુજરાતને સિમેન્ટના ઉત્પાદનમાં અગ્રેસર બનાવવાનું સ્વપ્ન આપ્યું છે.

૧૯૮૬–૯૦ના સમયગાળા દરમિયાન દેશભરમાં સિમેન્ટના પુરવઠાની ભારે કટોકટી સર્જાઈ હતી. તે સમયે હૈદરાબાદમાં પોલિસ્ટર એકમ

સ્થાપવામાં કાર્યરત સાંઘી જૂથને સિમેન્ટ મેળવવામાં ભારે મુશ્કેલી નડી અને પોલિસ્ટરનો પ્લાન્ટ વિલંબમાં પડ્યો. આ મુશ્કેલી અને વિલંબે સાંઘી જૂથને સિમેન્ટ-ઉત્પાદનમાં ઝંપલાવવા માટે વિચારતું કરી દીધું. ટેક્સટાઇલ, ઝીપ ફાસ્ટનર્સ, ફિલામેન્ટ, પોલિસ્ટર, સ્પિનર્સ જેવાં ઉત્પાદનો કરતી વિવિધ કંપનીઓ ધરાવતા આ ઉદ્યોગગૃહના મોવડી રવિ સાંઘીએ સિમેન્ટ-ઉત્પાદનમાં ૧૮૦ જેટલાં સ્થળોની ચકાસણી બાદ કચ્છમાં લખપત અને અબડાસા તાલુકાના ખનિજસમૃદ્ધ વિસ્તાર પસંદ કર્યો.

૧૯૯૨માં પ્લાન્ટ અને જેટીની જમીન પસંદ કરવા આવેલા રવિ સાંઘીએ શરૂઆતના દિવસોમાં ઊંટ પર સવારી કરીને પ્રવાસ કરવો પડ્યો હતો. સ્થાન પસંદ કરવા માટે શરૂ થયેલો મુશ્કેલ પ્રવાસ પ્લાન્ટ શરૂ કરવા સુધી ચાલુ રહ્યો હતો.

ખનિજસમૃદ્ધ વિસ્તારની સાથોસાથ અલભ્ય વન્ય પ્રાણી ચિંકારાના વિશાળ અભયારણ્યને કારણે નડતી વિકાસની મર્યાદાઓ ઉપરાંત કાંઠાળ વિસ્તારમાં ચેરિયાના વનની પર્યાવરણીય જરૂરતથી ઊભા થયેલા વાંધાઓને લીધે મંજૂરી મેળવવામાં વિલંબ આ પ્રોજેક્ટ માટે લંબાતો ગયો. આયોજન સમયે રૂપિયા ૫૦૦ કરોડનો બંધાયેલો અંદાજ રૂ. ૮૯૦ કરોડને આંબી ગયો.

ભારે અંતરાય અને અડચણો વચ્ચે અંદાજે ૧૫૦૦ એકરના વિશાળ વિસ્તારમાં અમેરિકાનો વિખ્યાત ફૂલર ઇન્ટરનેશનલ પ્લાન્ટ ખડો કરી દીધો. રવિ સાંઘીના પુત્ર અને કંપનીના ડિરેક્ટર આદિત્ય સાંઘીના મતે તેમના પિતાએ પ્લાન્ટમાં નાનામાં નાની નટ સુધીની દરેક બાબત પર ધ્યાન આપ્યું છે. ૧૨૦ મે.વૉ.નો લિગ્નાઈટ-આધારિત પાવર પ્લાન્ટ, ૫૫૦૦ ક્યુસેક મીટર દરિયાઈ પાણીને મીઠું બનાવવા માટેનો ડિસેલિનેશન પ્લાન્ટ અને દરિયાઈ માર્ગે તૈયાર માલના પરિવહન માટે કેપ્ટીવ જેટી જેવી સુવિધા પણ ખડી થઈ ગઈ.

હૈદરાબાદમાં સાંઘીનગર અને કચ્છમાં સાંઘીપુરમ્ સ્થાપનાર આ ઉદ્યોગગૃહે સિમેન્ટ-ઉત્પાદનની શરૂઆત સાથે બજાર સર કરવાનું શરૂ કર્યું. ભાવ અને ગુણવત્તા પર ધ્યાન કેન્દ્રિત કરાયું. ભૂકંપ-પુનર્વસનના તબક્કામાંથી પસાર થઈ રહેલા કચ્છની ૫૫ ટકા બજાર કંપનીએ સર કરી. સાથોસાથ ગુજરાતની બજારનો ૧૬ ટકા હિસ્સો પણ મેળવ્યો. હાલમાં કંપની તેના ઉત્પાદનમાંથી ૭૦ ટકા જથ્થો નિકાસ કરે છે.

પ્લાન્ટમાં ૮૦૦ જેટલા કર્મચારી અને આસપાસના ૮૫૦ જેટલા લોકોને નિશ્ચિત મજૂરી આપતી કંપનીની પોતાની ટાઉનશિપ છે.

સુઝલોન

ઊર્જાના બિનપરંપરાગત સ્રોતના ઉપાયો અંગે વિશ્વ વિચારતું થયું અને તેના વેપારી ચલણનું પ્રચલન થયું તે સાથે ગુજરાતી સાહસિક તુલસી તંતીની સુઝલોન કંપનીએ પવનચક્કી વિન્ડ મિલ આધારિત વીજઉત્પાદનક્ષેત્રે ઝંપલાવી દીધું હતું. આજે પણ ઊર્જા-ક્ષેત્રે સુઝલોનનો વિશ્વમાં ડંકો વાગે છે.

ભારતમાં વિવિધ વિસ્તારોમાં પવનચક્કીનું નેટવર્ક ખડું કરનાર સુઝલોને આ વિન્ડ મિલના ઉત્પાદનક્ષેત્રે પણ પદાર્પણ કર્યું છે. પવનચક્કી લગાવવાની વધતી જતી માગની નજરે આ ઉત્પાદન-સુવિધાઓ પણ સફળ થઈ રહી છે.

ગુજરાત-કચ્છના કાંઠાળ પટ્ટા ઉપરાંત રાજસ્થાનના રણમાં અને મહારાષ્ટ્રના અમુક વિસ્તારોમાં લગાવાઈ રહેલી પવનચક્કીના ઉત્પાદન માટે સુઝલોન સ્ટ્રક્ચર્સ લિ.એ કચ્છમાં ચોપડવા અને પધ્ધર નજીક બે ઔદ્યોગિક એકમો શરૂ કર્યાં છે.

ટૅક્સ હોલિડેનો લાભ લેવા માટે અને પોતાની જરૂરતવાળા વિસ્તારની નજીક લગાવાયેલા આ બે એકમ પાછળ રૂપિયા ૧૫૦ કરોડ જેટલું રોકાણ થયું છે.

પધ્ધર નજીકના પ્લાન્ટમાં પવનચક્કીનાં ગંજાવર પાંખડાંનું ઉત્પાદન થાય છે. ત્યાં ૫૦૦ જેટલા કામદારો-કર્મચારીઓ નોકરી કરે છે.

જ્યારે ભચાઉ તાલુકાના ચોપડવા ખાતે પવનચક્કીના ટાવરનું ઉત્પાદન થાય છે. એકદમ જાડી

સ્ટીલ પ્લેટ્સને વાળીને તેમને સ્ટેટ ઑફ આર્ટ વેલ્ડિંગ ટેક્નૉલોજીની મદદથી સાંધીને ટાવર બનાવાય છે. ચાર તબક્કાના ટાવરનું વજન દોઢ ટન જેટલું હોય છે અને રોજ દોઢ જેટલા ટાવરનું ઉત્પાદન કરાય છે.

૨૦૦૫માં આ કંપનીએ કચ્છમાં પવનચક્કીના ભાગોનું ઉત્પાદન શરૂ કર્યું. આ વિન્ડ મિલ માટેના ટર્બાઈનના ઉત્પાદન માટેની સુવિધા દમણ ખાતે ઊભી કરાઈ છે.

મુંદ્રામાં ટાટાનો અલ્ટ્રા પાવર

ટાટા સમૂહે કચ્છના મુંદ્રામાં રૂ. ૧૭૦૦૦ કરોડના ખર્ચે અલ્ટ્રા મેગા પાવર પ્રોજેક્ટ સ્થાપવાનું બીડું ઝડપ્યું છે.

અંદાજે રૂ. દોઢ લાખ કરોડના ખર્ચે ૪૦૦૦ મે.વૉ.ના એક એવા નવ મેગા પાવર પ્રોજેક્ટ સ્થાપવાની આ યોજનાની જાહેરાત સાથે ૧૦મી ફેબ્રુઆરી ૨૦૦૬ના મુંદ્રાના પ્રોજેક્ટના અમલીકરણ માટે કોસ્ટલ ગુજરાત પાવર લિ.(સી.જી.પી.એલ.)ની રચના કરાઈ. આ પ્રોજેક્ટ બિલ્ડ, ઓન ઍન્ડ ઑપરેટ- (બી.ઓ.ઓ.)ના ધોરણે એટલે કે 'બાંધો, માલિક બનો અને ચલાવો'ના ધોરણે સક્ષમ કંપનીને આપવાનો હતો.

ટાટા પાવરની બોલી : સરકારે આ માટે વિવિધ ઉદ્યોગસમૂહો પાસેથી બોલી મગાવી ૨૩૦૦ મે.વૉ.ની વીજ ઉત્પાદનક્ષમતા અને વીજ-ઉત્પાદનથી માંડીને વહન અને વિતરણનાં તમામ ક્ષેત્રોમાં અનુભવ ધરાવતી ટાટા પાવર કંપનીએ એક યુનિટના રૂ. ૨.૨૬ના ઓછામાં ઓછા ભાવની બોલી દાખલ કરીને ડિસેમ્બર-૨૦૦૬માં પ્રતિષ્ઠિત અને મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ હાંસલ કર્યો હતો તે અનુસાર ૨૨મી એપ્રિલ-૨૦૦૭ના સી.જી.પી.એલ. કંપનીના શૅર ટાટા પાવરને સોંપાયા અને સત્તાવાર રીતે આ પ્રોજેક્ટનો કબજો સોંપાયો.

૮૦૦ મે.વૉ.ના એક એવા પાંચ વીજએકમો મળીને ૪૦૦૦ મે.વૉ.ની કુલ ક્ષમતાના આ પ્રોજેક્ટ માટે મુંદ્રા નજીકના ટુંડા અને મોટા કાંડાગરા ગામની સીમમાં ૧૩૦૦ હેક્ટર જમીન કંપનીએ સંપાદિત કરી છે. હાલ કંપનીના ૩૫૦ જેટલા કર્મચારીઓ ઉપરાંત વિવિધ કોન્ટ્રાક્ટરોના આઠથી દસ હજાર કામદારો સ્થળ ઉપર પ્રોજેક્ટ લગાવવામાં રાત-દિવસ મહેનત કરી રહ્યા છે.

ભૂકંપ-સમયના સાદનું ફળ યુરો સિરામિક્સ

૨૦૦૧ના વિનાશક ભૂકંપે કચ્છ અને કચ્છીઓનાં જીવન અને દૃષ્ટિકોણમાં ઐતિહાસિક ફેરફાર કર્યા છે. ભૂકંપ-સમયે તારાજ થયેલા ભચાઉ અને આસપાસનાં ગામોના લોકોની મદદ માટે વિનાશના બીજા જ દિવસે તબીબોની ટીમ સાથે ચાર્ટર પ્લેનમાં વહાર સાથે મુંબઈથી આવી ચૂકેલા નેણશીભાઈ શાહ અને તલકશીભાઈ નંદુની જોડીએ તત્કાળ આરોગ્યસેવા ઊભી કરી. પણ આ ગાળામાં માદરે વતન અને વતનના લોકોની હાલત જોઈને તેમને આર્થિક રીતે પગભર કરવાનો સંકલ્પ આ બંને શ્રેષ્ઠીઓએ કર્યો.

વિશ્વવિક્રમી સમયમાં પ્લાન્ટ : સરકાર દ્વારા જાહેર કરાયેલા નવા ઉદ્યોગો માટેના ટૅક્સ હોલિડેના પૅકેજ અને પોતાના સંકલનના બળના સથવારે નેણશીભાઈ અને તલકશીભાઈએ ભચાઉના પાદરે યુરો સિરામિક્સ એકમનો ૨૦૦૨માં પાયો નાખ્યો. માત્ર ૧૬ મહિનાના ટૂંકા અને વિશ્વવિક્રમી ગાળામાં આ એકમ ધમધમતો થઈ ગયો.

યુરો પ્લાયવુડથી ભારતની બજારોમાં પ્રખ્યાત યુરો ગ્રૂપના સિરામિક્સનાં ઉત્પાદનો પણ ડંકો વગાડી રહ્યાં છે. આ કચ્છી જૂથે સિરામિક્સના એકમ-માત્રથી સંતોષ માનીને બેસી રહેવાને બદલે ભચાઉમાં યુરોવિઝન સીડી, સોલર પાવર સેલના એકમ સહિતના ઉદ્યોગ સ્થાપી દીધા છે અથવા તો આયોજન કર્યું છે.

ભૂકંપ બાદ વતનના માનવીઓને બેઠા કરવાના સંકલ્પ સાથે નેણશીભાઈ અને તલકશીભાઈએ હાથ મિલાવ્યા. આરંભમાં યુરો સિરામિક્સ શરૂ કરવા ૧૦૦ એકર જેટલી જમીનમાં ૧૦૦ કરોડ રૂપિયાના ખર્ચે પ્લાન્ટ શરૂ કરવામાં આવ્યો. નેણશીભાઈના માર્ગદર્શન અને તલકશીભાઈની સીધી દેખરેખ હેઠળ યુરો સિરામિક્સનું નામ જોતજોતાંમાં બજારમાં ગાજવા

લાગ્યું. નવાંનવાં ઉત્પાદનો અને વધતી જતી માગની સાથે તાલ મિલાવતાં એક પછી બીજી ઉત્પાદન-લાઇન ઉપરાંત તાજેતરમાં એલ્યુમિનિયમ ચેનલનું ઉત્પાદન કંપનીએ શરૂ કર્યું છે.

યુરો મલ્ટીવિઝન : ૨૦૦૪માં યુરો મલ્ટીવિઝનનો આરંભ કરાયો, જે હાલે ૨.૫ લાખ સીડી ઉત્પાદન કરે છે. આગામી સમયમાં ઉત્પાદન પાંચ લાખ સીડીએ પહોંચાડવાની નેમ છે. આ કંપની હવે સોલાર ફોટો વોલ્ટેઈક પૅનલના ઉત્પાદનમાં પણ પ્રવેશી રહી છે.

સૌર ઊર્જાનો પણ પ્રોજેક્ટ : આ સોલર પૅનલના ઉપયોગ સાથે સૌર ઊર્જાના વેપારી ઉત્પાદન માટે પણ કંપનીએ તૈયારી આરંભી છે. ભચાઉ નજીક શિવલખા ગામે ૧૫૦ એકર જમીન કંપનીએ લીધી છે તેમાં સૌર ઊર્જા ઉત્પાદનનું પ્રથમ એકમ ડિસેમ્બર સુધીમાં શરૂ થઈ જશે. બીજા તબક્કામાં ૧૫૦ એકરમાં બીજું એકમ શરૂ કરીને ૧૦૦ મે.વો. સૌર ઊર્જાનું ઉત્પાદન કરવાની કંપનીની નેમ છે.

કચ્છની તેમની મુખ્ય કંપની યુરો સિરામિક્સમાં ૨૦૦૦ જેટલા કર્મચારીઓ – કામદારો કામ કરે છે. અને વાર્ષિક ૭૦૦ કરોડ રૂપિયા જેટલું ટર્નઓવર કરાય છે.

ગેસ સિલિન્ડર પ્રોજેક્ટ : યુરો ગ્રૂપે કંડલા એસ.ઈ.ઝેડ.માં રૂ. ૮૪ કરોડના ખર્ચે યુરો ઇન્ડિયા સિલિન્ડર્સ લિમિટેડ નામની કંપની સાથે ગેસ સિલિન્ડરનું ઉત્પાદન શરૂ કર્યું છે.

ગુજરાત સાથે અતૂટ વણાયેલું – વેલસ્પન

૨૦૦૨માં કચ્છમાં પદાર્પણ કરનાર વેલસ્પન ઉદ્યોગગૃહ તેના હાલના અપાર વિસ્તરણ અને ભાવિ આયોજનોમાં કચ્છની પસંદગી માટે આ પ્રદેશ તરફ સર્જાયેલી અદ્‌ભુત લાગણી અને ખેંચાણને મૂળ આધારરૂપ ગણે છે.

મહારાષ્ટ્રથી આરંભ : ૧૯૮૫માં મહારાષ્ટ્રમાં અછાડમાં પોલિસ્ટર યાર્ન એકમ સ્થાપીને ઉત્પાદનક્ષેત્રે પદાર્પણ કરનાર વેલસ્પન પરિવારે ૨૨ વર્ષમાં પ્રગતિની હરણફાળ ભરી છે. તેલ-ગૅસના વહન માટે જરૂરી પાઇપલાઇન અને હોમ ટેક્સટાઈલના બે સાવ અલગ અલગ ક્ષેત્રોને આબાદ રીતે વણી લઈને આ પરિવાર આજે આ બંને ક્ષેત્રોમાં વિશ્વકક્ષાના ગૃહ તરીકે નામના પામી ચૂક્યો છે. જેમ બે અલગ અલગ ઉત્પાદનક્ષેત્રોને વેલસ્પને કાંત્યાં છે તેમ અછાડથી વાપી-દહેજ સિલવાસા અને ત્યાંથી છેક કચ્છમાં અંજાર નજીક વરસામેડી ખાતેનાં ઉત્પાદનકેન્દ્રોની ક્ષમતાને પણ આબાદ રીતે 'સ્પન' (કાંતી) કરી છે. ૧૦૦૦૦ કરોડ રૂપિયાનું માર્કેટ કૅપિટલાઈઝેશન ધરાવતું આ ઉદ્યોગ-જૂથ વર્ષે ૭૫૦૦ કરોડનું ટર્નઓવર ધરાવે છે. આ ટર્ન-ઓવરમાં ૫૦૦૦ કરોડ રૂપિયાનું ટર્નઓવર તો નિકાસ-આધારિત છે. ૨૦૦૯માં આ ટર્નઓવર ૧૦૦૦૦ કરોડ રૂપિયાએ પહોંચવાનું વેલસ્પનનું લક્ષ્ય અને નેમ છે.

હૃદય કચ્છમાં : ભારતની બહાર સંખ્યાબંધ દેશોમાં શાખાઓ ખોલી ચૂકેલા અને ખ્યાતિપ્રાપ્ત યુ.કે.ની ક્રિસ્ટી અને પૉર્ટુગલની સોરેમાને હસ્તગત કરી ચૂકેલા આ ઉદ્યોગગૃહનું હૃદય હવે કચ્છના વેલસ્પન સિટીમાં છે. ફેબ્રુઆરી ૨૦૦૨માં ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીના આગ્રહને વશ થઈને કચ્છમાં અંજાર નજીક વરસામેડી ગામમાં ૧૦૦ એકર જમીન સાથે ટેક્સટાઈલ સ્પિનિંગ એકમ સ્થાપવા આવેલા વેલસ્પનને કચ્છના ખેંચાણ અને લાગણીના તાણાવાણાએ આબાદ વણી લેતાં ૧૦૦ એકરની જમીનમાં આકાર લેતું નાનું એકમ વિવિધ ઉત્પાદનક્ષમતા ધરાવતાં ગંજાવર એકમોને સમાવતા ૨૫૦૦ એકરમાં પથરાયેલા વેલસ્પન સિટીમાં પરિવર્તિત થયું છે.

કચ્છમાં ૪૫૦૦ કરોડ : ટેક્સટાઈલ પ્રોસેસિંગ, સ્ટીલ પાઇપ પ્લેટ અને કોઈલ ઉત્પાદન કરતાં એકમો ગણતરીનાં વર્ષોમાં અહીં ધમધમતા થઈ ગયાં છે. આરંભમાં ખચકાટ અનુભવતા આ ગ્રૂપનું કચ્છનું રોકાણ રૂ. ૪૫૦૦ કરોડને પાર કરી ગયું છે. અને નજીકના ભવિષ્યની યોજનાઓમાં બીજા ૧૫૦૦ કરોડનું રોકાણ કરવાના નિર્ણય લેવાઈ ગયા છે.

૯. કચ્છની હસ્તકલાઓનો વિકાસ

નરેશ અંતાણી

કચ્છ ગુજરાતના એક જિલ્લા કરતાં ભારતના એક પ્રાદેશિક વિસ્તાર તરીકે વધુ જાણીતો છે. ભારતના અન્ય પ્રાદેશિક વિસ્તારોની તુલનાએ કચ્છમાં અનેક વિશેષ ખૂબીઓ રહેલી છે. આ અનેક વિશેષતાઓમાં કચ્છમાં રહેલી પરંપરાગત હસ્તકલાઓ મુખ્ય છે.


કચ્છની હસ્તકલાઓ કોઈ ખાસ વ્યવસાય તરીકે નથી રહી પણ લોકોના દૈનિક જીવન સાથે વણાઈ ગયેલ છે. સ્ત્રીઓ રંગબેરંગી ભરતકામનાં વસ્ત્રો તૈયાર કરે છે. કચ્છ મોટે ભાગે સૂકો પ્રદેશ છે. અહીં રણ, સૂકાં મેદાનો, ખડકાળ ટેકરીઓ છે. આવું ભૂખરું અને રંગહીન પર્યાવરણ કચ્છની અનેકરંગી હસ્તકલાઓથી રંગીન બને છે.


કચ્છમાં અનેક હસ્તકલાઓ વિકાસ પામી છે, જેમાં ચર્મકામ, લાકડાકામ, રોગાનકલા, બાંધણી, બ્લૉક-પ્રિન્ટિંગ, વણાટકામ, ઊનનું કામ, ભરતકામ, માટીકામ, ચાંદીકામ, સૂડી-ચપ્પુ-કામ વગેરેનો સમાવેશ થાય છે.

કચ્છની હસ્તકલાઓ મોટે ભાગે પોતાની જ્ઞાતિની પરંપરા પર આધારિત છે તેમ મોટા ભાગની કારીગર સ્ત્રીઓ હોવાથી આ પ્રક્રિયા ધીમી છે. સાંપ્રતકાળમાં આ હસ્તકળાઓ જોખમમાં મુકાઈ છે. આઝાદી પછી અનેક પરિબળોને કારણે તેમાં પરિવર્તન આવી રહેલ છે. કચ્છ દુષ્કાળનો પ્રદેશ છે. વારંવાર દુષ્કાળ અને અછતનો સામનો કરી રહેલ આ હસ્તકલાઓ અને તેના કારીગરો દેશમાં થઈ રહેલ પરિવર્તનની અસરમાં આવી રહેલ છે ત્યારે કચ્છની પરંપરાગત હસ્તકલા આધુનિકીકરણ સામે ટક્કર લઈ શકશે કે કેમ – એવા પ્રશ્નાર્થ સાથે કચ્છની અનેક હસ્તકલાઓનો પરિચય મેળવીએ.


કચ્છને ડઝનથી વધુ રાષ્ટ્રીય ઍવૉર્ડ મેળવી આપનાર બાંધણીકલા મુખ્યત્વે પંજાબ, હરિયાણા, રાજસ્થાન અને ગુજરાતમાં વિકાસ પામી છે. બાંધણીની હસ્તકલા મુખ્યત્વે ખત્રી કોમના હાથમાં છે. કચ્છમાં ભુજ, મુંદ્રા, અંજાર, માંડવી, ધમડકા, ભડલી, તેરા, નલિયા, વાયોર, વિંઝાણ, બારા અને ધૂફી એ બાંધણી-કલાનાં મુખ્ય કેન્દ્રો છે. હિન્દુ તથા મુસ્લિમ બન્નેનાં ખત્રી કોમના ઘરેઘરમાં આ હસ્તકલા વિકાસ પામી છે. મુખ્યત્વે સ્ત્રીવર્ગ બાંધણાનું કાર્ય કરે છે, જ્યારે પુરુષ વર્ગ તેના વેચાણની વ્યવસ્થા સંભાળે છે.


ખૂબ જ મહેનત અને ઝીણવટભરી બાંધણી-કલાના બાંધને કચ્છીમાં ભીંડી કહે છે. નખ અથવા નખલીની મદદથી બાંધ બાંધેલ કાપડને વારાફરતી અનેક રંગોમાં રંગાય છે. સુકાયા પછી બાંધ છોડે ત્યારે અનેક રંગોથી બાંધણી સોહામણી લાગે છે.





બાંધણીની ડિઝાઈનોને પણ વિશિષ્ટ નામોથી ઓળખવામાં આવે છે. સરકમ, ભરતી, કાંગરા વગેરે આવાં નામો છે. બાંધણીને ઘરચોળાં, ખોંભી જેવાં નામોથી પણ ઓળખવામાં આવે છે અને તે મોખરાનું સ્થાન ધરાવે છે.






બાંધણીની જેમ જ ભરતકામ માટે કચ્છ દુનિયાભરમાં મશહૂર છે. ભરતકામની કલા માટે બન્નો વિખ્યાત છે. આથી જ કચ્છનું ભરતકામ 'બન્નીનું ભરતકામ' તરીકે જાણીતું છે. કચ્છમાં ભરતકામ સાત પ્રકારે થાય છે જેને પાકો, કાચો, નીરણ, ખારેક, ચોપડ, મુકુઓ અને ટાંક ભરત તરીકે ઓળખવામાં આવે છે. અહીં ભરતકામમાં મુખ્યત્વે લાલ રંગનો વધુપડતો ઉપયોગ કરવામાં આવે છે. તેની પાછળ એવું કારણ રહ્યું હોવાનું કહેવાય છે કે લાલ રંગ ભડકીલો હોઈ લોકો વધુ પ્રમાણમાં પસંદ કરે છે.

કચ્છનું ભરતકામ વિવિધ કોમના આધારે પણ ઓળખવામાં આવે છે. જેમ કે, મુતવા-ભરત, સુફ-ભરત, આહીરભરત, મોચીભરત, રબારીભરત, જત-ભરત, કણબીભરત વગેરે. સુફભરત સોઢા કોમની સ્ત્રીઓ કરે છે.



ગોદડીને કચ્છીમાં 'ધડકી' તરીકે જાણવામાં આવે છે. આ ગોદડીમાં પણ કચ્છી સ્ત્રીઓના હાથનો જાદુ છુપાયેલો છે. વિવિધરંગી ગોદડાં બનાવવાની કલાને ધડકીકામ તરીકે ઓળખવામાં આવે છે. કાપડના અનેક રંગો વિવિધ નાના-મોટા ટુકડાઓ વ્યવસ્થિત ગોઠવી, તેને કલાત્મક ટાંકા આપી ધડકી તૈયાર કરવામાં આવે છે. ગામડામાં દીકરીના લગ્નપ્રસંગે ધડકી દહેજમાં આપવાનો રિવાજ છે. હરિજન, મુસ્લિમ માલધારીઓ તથા રબારીઓ ધડકી બનાવે છે. દરેક કોમની ધડકીઓ પણ વિવિધ ખાસિયત ધરાવે છે. કેટલાક કારીગરો તો હવે ધડકીમાં ચામડાના ટુકડા ઉમેરી વજન વધારવાની સાથે તેની નવીનતામાં પણ ઉમેરો કરે છે. ધડકીની ડિઝાઈનને પૅચવર્ક, કબીરા-વર્ક અને સવા મૂટી તરીકે પણ ઓળખવામાં આવે છે.



કચ્છમાં ખાવડા અને ધમડકામાં ખાસ પ્રકારે છાપેલી ચાદર બનાવવામાં આવે છે, જેને અજરખ પ્રિન્ટ તરીકે ઓળખવામાં આવે છે. આ કલાનું ઉદ્‌ગમસ્થાન જેસલમેર (રાજસ્થાન) મનાય છે. અજરખ કાપડની રંગાટપ્રક્રિયા ખૂબ જ અટપટી અને વિશિષ્ટ છે. ત્રણ વિવિધ રીતે રંગાટકામ થયા પછી અજરખ કાપડ તૈયાર થાય છે.

આમ અજરખ પણ કચ્છની વિશિષ્ટ હસ્તકલા તરીકે જાણીતી છે.

નખત્રાણા તાલુકાના નિરોણા ગામમાં કાપડ પરની છપાઈની ખાસ પ્રકારની હસ્તકલા પ્રાચીન સમયથી વિકસી રહેલ છે જેને રોગાની કામ તરીકે ઓળખવામાં આવે છે. કચ્છમાં આ હસ્તકલા માત્ર નિરોણા-ગામમાં જ થતી હોઈ તેને નિરોણા છપાઈ તરીકે પણ ઓળખવામાં આવે છે.

રોગાન હસ્તકલામાં ખાસ પ્રકારે હાથથી છપાઈ કરવામાં આવે છે. દિવેલ તેલને ઉકાળી તેમાં રંગ નાખી, ખાસ પ્રકારનું મિશ્રણ બનાવવામાં આવે છે. આ મિશ્રણને લોખંડના ઝીણા સળિયા વડે લઈ કાપડ ઉપર ડિઝાઈન કરવામાં આવે છે. ડિઝાઈન કાપડના અડધા ભાગ ઉપર મૂકવામાં આવે છે. ત્યારબાદ કાપડને વાળીને દબાણ આપવામાં આવે છે જેથી બાકીના ભાગમાં પણ ડિઝાઈન ઊઠી આવે છે. આ રીતે વિવિધ રંગો-ડિઝાઈનોથી રોગાની કલાના નમૂનાઓ તૈયાર થાય છે. રોગાની હસ્તકલા નિરોણાના એકમાત્ર ખત્રી પરિવાર દ્વારા જ થાય છે. રોગાની કલામાં કાપડ પર મુકાતી ડિઝાઈનો પરંપરાગત કાર્યથી નોખી જ છે.


રોગાની કલાના આ કારીગર પરિવારને રાજ્ય તથા કેન્દ્ર સરકાર તરફથી વિવિધ પ્રદર્શનો અને મેળાઓમાં ભાગ લેવાનું આમંત્રણ મળે છે. જોકે રોગાનકલાના આ નમૂનાઓના વેચાણ માટે સ્થાનિક લોકો કરતાં વિદેશી મહેમાનો તથા ગુજરી જેવી સંસ્થાઓ ઉપર વધુ મદાર રાખવો પડે છે. રોગાની કલાને ચિરંજીવી રાખવા તેના કલાકાર પ્રયત્નશીલ છે.

કોઈ પણ સન્માન કાર્યક્રમ હોય, કોઈને ભેટ આપવાની હોય કે શિયાળાની ઋતુ હોય ત્યારે સૌ-પ્રથમ કચ્છી શાલની પસંદગી આખાય ભારતમાં થાય છે. આવી સર્વપ્રિય કચ્છી શાલ બનાવવાની પ્રક્રિયા વણાટકામ પણ કચ્છી હસ્તકલામાં મોખરે છે. હાથવણાટની હસ્તકલા સાથે કચ્છમાં પાંચ હજારથી વધુ વણકરો જોડાયેલા છે જેઓ કચ્છી ગરમ શાલની સાથેસાથે સુંદર શેતરંજી, ગાલીચા, ધાબળા, ચાદર, પડદા, આસનિયાં, ફાઇલ કવર, બગલથેલા વગેરે વણાટકામથી તૈયાર કરે છે. કચ્છમાં ભુજોડી આ હસ્તકલા માટે સૌથી મોખરે છે, જે કારણે કચ્છી ગરમ શાલ ગમે તે ગામડામાં તૈયાર થઈ હોય તોપણ તેની ઓળખ 'ભુજોડીની શાલ' તરીકે થાય છે. વણાટકામની આ હસ્તકલામાં ભુજોડી ઉપરાંત કુકમા, મોટા બંદરા, સરલી, જામથડા, વરનોરા વગેરે ગામના વણકરો જોડાયેલા છે. નિંગાળ ગામના એક વણકર પરિવારે તો પાટણના પટોળાની જેમ કચ્છના પટોળાની ખાસ જાત વિકસાવી, કચ્છી વણાટકલામાં ક્રાંતિ લાવી દીધી છે.


કચ્છમાં ઘેટાંઉછેરની પ્રવૃત્તિ વિકસેલ છે, જે કારણે ઘેટાંના ઊનમાંથી ગરમ શાલ, ધાબળાના વણાટની સાથેસાથે ઊની નમદા બનાવવાની હસ્તકલા પણ ઠીકઠીક વિકસી છે. આવા ઊની નમદા ભારતમાં માત્ર કચ્છ અને કાશ્મીરમાં જ બને છે જે પરિણામે એક જમાનામાં ઘોડાની પીઠ પર બેઠકમાં રાખવા માટે આવા નમદાની ખૂબ જ માગ રહેતી હતી ત્યારે આ હસ્તકલાનો ખૂબ જ વિકાસ થયો હતો. તેના પ્રમાણમાં અત્યારે આ નમદાની માગ ઘટતાં તેના કલાકારો ઓછા થઈ ગયા છે. અત્યારે ઊની નમદાનો ઉપયોગ પૂજાનાં આસન, ટી-કોસ્ટર, કાર્પેટ, પગ-લુછણિયાં વગેરે બનાવવામાં જ થાય છે. નમદા ગાગોદર, ટોળિયા અને મુંદ્રામાં બને છે.

કચ્છની બાટીક-કામની કલા પણ વિશ્વભરમાં જાણીતી છે, જેને બ્લૉક પ્રિન્ટિંગ તરીકે પણ ઓળખવામાં આવે છે. મીણના ગરમ પ્રવાહીમાં લાકડાના બ્લૉકને બોળીને કાપડ પર તેની ભાત લઈ, કાપડને રંગવામાં આવે છે, જેથી મીણવાળા ભાગ પર રંગ લાગતો નથી. પાછળથી મીણને કાઢી કાપડને

સ્વચ્છ પાણીથી ધોઈ નાખવામાં આવે છે. આ પ્રક્રિયાનું પુનરાવર્તન કરી અનેકરંગી છાપવાળાં કાપડ તૈયાર થાય છે. બાટીક પ્રિન્ટથી તૈયાર થતા કલા-નમૂનાઓમાં પડદા, ચાદર, તકિયાના કવર, લુંગી, ટેબલક્લોથ વગેરે મુખ્ય છે. મુંદ્રા બાટીક હસ્તકલાનું મુખ્ય કેન્દ્ર છે.



ચર્મકલા એટલે કે ચામડા ઉપરનું ભરતકામ. આ કલા આજકાલ ખૂબ જ પ્રચલિત છે. ખાસ કરીને બન્ની વિસ્તારમાં હરિજન પરિવારો આ કલામાં નિપુણ છે. પગરખાં, પાઉચ, મોજડી, અરીસાની ફ્રેમ, કમરપટા વગેરે ચામડામાંથી તૈયાર કરી તે પર ભરતકામ કરવામાં આવે છે. અગાઉ ચાંદીના તાર વડે પણ ચામડામાં ભરતકામ કરવામાં આવતું. આ હસ્તકલાના કારીગરો પણ રાષ્ટ્રીય કક્ષાએ નામના મેળવી ચૂક્યા છે.



કચ્છની રખડતી-ભટકતી જાતો 'વાઢા' લાકડાના સંઘાડા ઉપર બાવળના લાકડામાંથી વેલણ, પાટલા, ચકલા, દાંડિયા, ઘોડિયાં, ઢીંચણિયાં, ખાટલાના પાયા, પારણાં, તવેથા વગેરે બનાવી, તેના ઉપર ખાસ પ્રક્રિયાથી તૈયાર કરેલા રંગો ચડાવી, ઘરવખરીની રોજિંદા જીવનની આ ચીજોને કલામય બનાવે છે. આ હસ્તકલા ખૂબ જ અદ્ભુત હોવા છતાં લેથથી બનેલા આવા નમૂનાઓ સરવાળે સસ્તા પડતા હોઈ આ કલાને બજારમાં ટકવું મુશ્કેલ બન્યું છે.

માટીની હસ્તકલા તો કચ્છની સૌથી પ્રાચીન હસ્તકલા મનાય છે. ધોળાવીરા અને એવાં બીજાં અનેક સ્થળોએથી ખોદકામ દરમિયાન અનેક ચિત્રોવાળાં માટીનાં પાત્રો મળી આવેલ છે, જે આ હસ્તકલાની પ્રાચીનતા પુરવાર કરે છે.

કચ્છના કુંભારો માટીને ચાકડા ઉપર ચડાવી આંગળીના ટેરવે વિવિધ પ્રકારના નમૂનાઓ બનાવે છે. જેમાં રમકડાં, સુશોભિત દીવીઓ, કોડિયાં વગેરે બનાવે છે. પાણી ભરવાનાં માટલાં, કૂંજા વગેરે તો તેઓ બનાવે જ છે, પરંતુ ખાસ પ્રકારનું ચોર-માટલું તો તેઓની આ કલાને ચાર ચાંદ લગાવે છે. માટલાની સાથે જોડાયેલું છતાં ગોળ ફરી શકે તેવું ઢાકણું તૈયાર કરી ચોર-માટલું બનાવાય છે.

સ્વ. બૂઢાચાચા જેવા અનેક કલાકારોએ આ હસ્તકલાક્ષેત્રે કચ્છને ભારે નામના અપાવેલ છે. આ જ રીતે ભીંત પર માટી વડે થતું લીંપણકામ અને તેમાં કરવામાં આવતી અવનવી ડિઝાઈનની કલા પણ કચ્છની જાણીતી કલા છે. રબારી અને બન્નીના મુસ્લિમ પરિવારો આ કલા માટે મશહૂર છે. તળાવની માટી અને ગાયના છાણ અને ઘોડાની લાદના મિશ્રણને ભીંત પર વિવિધ આકારે ચોંટાડી, અવનવી ડિઝાઈનો તૈયાર કરવામાં આવે છે. આ કલાએ શ્રીમંત લોકના આવાસો અને મોટીમોટી હોટલ અને ભવનો ને શણગાર્યાં છે.


'કચ્છ-વર્ક'ને નામે જાણીતી કચ્છની ચાંદી પરની નકશીકલા પણ દાયકાઓ જૂની મનાય છે. અહીં ચાંદીમાં જસત ઉમેરી, સુંદર નકશીકામ કરવામાં આવે છે. કચ્છની ચાંદી વર્ષો સુધી સફેદ જ રહે છે, જેથી તેના પર થયેલું નકશીકામ વર્ષો પછી પણ સુંદર

ચમકદાર લાગે છે. અહીં કારીગરો ચાંદીની તલવારનું મ્યાન, છરી, ગુપ્તી, ડબરા, એશ-ટ્રે અત્તરદાની, થાળી, વાટકા, ગ્લાસ, સુરાહી, સાબુદાની, ગુલાબદાની, ફ્રુટ ડિશ, હાથપંખો વગેરે પર સુંદર નકશીકામ કરે છે. 'કચ્છ- વર્ક' ભુજમાં જ થાય છે અને તેનું મુખ્ય બજાર પણ ભુજમાં છે.



લોખંડની ધાતુ સાથે સંકળાયેલી અહીંની હસ્તકલાઓ જાણીતી છે, જેમાં મુખ્યત્વે સૂડી, ચપ્પુ, તાળાં, ખરકી-ખંટડી વગેરે છે. રાજાશાહીના વખતમાં કચ્છના લુહારો હથિયારો બનાવતા. પાછળથી આ પરિવારોએ આ હસ્તકલાના નમૂનાઓ બનાવવાનું શરૂ કરેલ છે. આ કલાઓમાં સૂડી-ચાકુ સિવાયની કલાઓમાં જોઈએ તેટલો વિકાસ થયો નથી. જોકે પૂરું પ્રોત્સાહન મળે તો તેનો પણ વિકાસ થાય તેમ છે.

કચ્છની આવી અનેક હસ્તકલાઓ ઉપરાંત લાકડા ઉપરનું કોતરકામ, જરદોશીકલા, મશરૂકલા, મોતીકામ વગેરે પણ જાણીતાં છે, જેમાં જરદોશીકામ હવે તો નામશેષ થઈ ગયેલ છે. તેના માત્ર નમૂના જ



જોવા મળે છે. મશરૂકલા પણ મુશ્કેલીઓનો સામનો કરી રહેલ છે.

કચ્છની આ હસ્તકલાઓને પ્રોત્સાહન મળે એ માટે રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારની યોજનાઓ ચાલી રહી છે, જે દ્વારા કારીગરોને પૂરતું પ્રોત્સાહન અને મદદ મળી રહે છે. વળી સરકારે આ કલાઓને કુટિર-ઉદ્યોગ તરીકે જાહેર કરેલ હોઈ કારીગરોને લોન વગેરે મદદ પણ મળી રહે છે.

ગુજરાત રાજ્ય હસ્તકલા નિગમ, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, જિલ્લા ગ્રામવિકાસ એજન્સી, ગુજરી વગેરે સરકારી સંસ્થાઓ હસ્તકલા તથા તેના કારીગરો માટે સક્રિય છે, તો રાજ્યમાં એકમાત્ર ભુજમાં જ આવેલી કેન્દ્ર સરકારની કાપડ મંત્રાલયની હસ્તકલા વિકાસ કચેરી પણ હસ્તકલાના વિકાસ માટે સક્રિય છે.

સરકારી એજન્સીઓ ઉપરાંત દસ્તકાર, વિવેકાનંદ રિસર્ચ ટ્રેનિંગ ઇન્સ્ટિટ્યૂટ સેવા, સૃજન, કલારક્ષા જેવી બિનસરકારી સંસ્થાઓ પણ કચ્છની હસ્તકલા અને તેના કારીગરો માટે પ્રયત્નશીલ છે.

આમ સરકારી અને બિનસરકારી સંસ્થાઓ તથા આપણા સૌના સહિયારા પ્રયત્નોથી કચ્છની વિવિધ હસ્તકલાઓનો અચૂક વિકાસ થશે તેમાં બે મત નથી.

૧૦. કચ્છમાં શિક્ષણનો વિકાસ

ડૉ. કાન્તિ ગોર

સંસ્કૃતિ, ભૂરચના અને પ્રદેશવિશેષની દૃષ્ટિએ કચ્છ અનેક વિશેષતાઓ ધરાવે છે. અન્ય વિસ્તારોની તુલનામાં કચ્છનો શૈક્ષણિક વિકાસ અપૂરતો અને ધીમી ગતિનો રહ્યો છે. આઝાદી પહેલાંના કચ્છના શિક્ષણ અંગેની વિગતો પણ સચવાઈ નથી અને જે હકીકતો મળે છે તે પણ સંતોષકારક નથી. આઝાદી પહેલાંની કચ્છની શૈક્ષણિક વિગતો પર નજર ફેરવીએ.

મહારાવ લખપતજીના સમયમાં ભારતખંડમાં પ્રથમ એવી કાવ્યશાળા વ્રજભાષા પાઠશાળા ઈ. સ. ૧૭૪૯માં શરૂ થઈ. એ જ અરસામાં રામસિંહ માલમે ભુજમાં હુન્નરશાળા શરૂ કરી. મહારાવ પ્રાગમલજી બીજા(૧૮૬૧-૧૮૭૬)ના સમયમાં કચ્છમાં એકસરખી શિક્ષણનીતિનો પાયો નંખાયો એમ કહી શકાય.

ભુજમાં ઈ. સ. ૧૮૫૦માં પ્રથમ ગુજરાતી શાળા ખોલવામાં આવી એમ તે વખતના આસિસ્ટંટ પૉલિટિકલ એજન્ટ રેક્સસાહેબે અંગ્રેજ સરકારને તા. ૧૧મી નવેમ્બર ૧૮૫૦ના મોકલેલા અહેવાલમાં જણાવ્યું છે. રા. દલપતરામ ખખ્ખર સને ૧૮૭૧માં એજ્યુકેશન ઇન્સ્પેક્ટર તરીકે કચ્છમાં આવ્યા ત્યારે ફક્ત આઠ શાળાઓ હતી. એ જ વર્ષે નવી છ શાળાઓ શરૂ થઈ.

૧૫ ડિસેમ્બર ૧૮૫૦માં શરૂ થયેલી ગુજરાતી શાળાના લાભથી પ્રેરાઈને ઈ. સ. ૧૮૫૭ના ડિસેમ્બર મહિનામાં એક અંગ્રેજી શાળા શરૂ થઈ.

માંડવીમાં ખલફાન દામા નામના ખોજા સદ્‌ગૃહસ્થના રૂ. ૨૦૦૦૦ દાનથી ઈ. સ. ૧૮૬૦માં ખલફાન શાળા શરૂ થઈ, જેમાં અંગ્રેજી તથા ગુજરાતી શિક્ષણ આપવાની શરૂઆત થઈ.

રાપર અને ભચાઉમાં ઈ. સ. ૧૮૬૩માં શાળાઓ શરૂ થઈ. માંડવીમાં ૧૮૬૫માં મથુરાદાસ લવજીની સખાવતથી કન્યાશાળા શરૂ થઈ અને તે જ વરસે કોઠારામાં ગોકુળદાસ તેજપાળની સહાયતાથી શાળા શરૂ થઈ. એ જ વરસે મુન્દ્રામાં વલીભાઈ અલવાણી નામના ખોજા સદ્‌ગૃહસ્થની સહાયતાથી શાળા શરૂ થઈ.

ભુજમાં ઈ. સ. ૧૮૬૬માં કન્યાશાળા શરૂ થઈ. આ અરસામાં શેઠ જેરામભાઈ પીરભાઈની સહાયથી ભારાપરમાં અને શેઠ લાકડાભાઈ સોમજીની મદદથી કેરામાં શાળા શરૂ થઈ.

ઈ. સ. ૧૮૭૦માં શાહજાદા ડ્યુક ઑફ એડનબરોને મળવા માટે મહારાવશ્રી પ્રાગમલજી મુંબઈ પધાર્યા ત્યારે તેમના માનમાં મુંબઈની કચ્છી પ્રજાએ એ સમયે રૂ. ૨૦૦૦૦ની માતબર રકમ એકઠી કરેલી. તેમાં રૂ ૨૫૦૦૦ ઉમેરીને કચ્છના મહારાવશ્રીએ મુંબઈ યુનિવર્સિટીમાં કચ્છી વિદ્યાર્થીઓ ઉચ્ચ કેળવણીનો લાભ લઈ શકે અને એમને સ્કૉલરશિપનો લાભ મળે તે માટે મુંબઈ યુનિવર્સિટીને ભેટ આપેલી.

ઈ. સ. ૧૮૭૧માં વિશ્રામ જેઠીમલને વ્યાયામ શીખવા માટે રાજકોટ મોકલવામાં આવ્યો અને એણે કસરતબાજ બનીને વ્યાયામશાળા ખોલી.

કચ્છ-રાજ્યના એજ્યુકેશન ઇન્સ્પેક્ટર દલપતરામજીના ૧૫ ડિસેમ્બર સને ૧૮૭૯ના એક અહેવાલ પ્રમાણે મળતી વિગતો અનુસાર કચ્છની શૈક્ષણિક સ્થિતિ આ પ્રમાણે હતી.

કચ્છરાજ્યના પ્રયત્નોથી અને દાતાઓની સખાવતથી શરૂ થયેલી શાળાઓની થોડી વિગતો આ પ્રમાણે છે.

વર્ષ	શાળા-સંખ્યા	વિદ્યાર્થી-સંખ્યા
૧૮૭૦-૭૧	૧૪	૧૨૦૦
૧૮૭૧-૭૨	૨૭	૧૬૬૪
૧૮૭૨-૭૩	૩૨	૨૩૦૫
૧૮૭૩-૭૪	૩૯	૨૪૧૨
૧૮૭૪-૭૫	૪૪	૨૭૨૯
૧૮૭૫-૭૬	૪૪	૨૯૪૪
૧૮૭૬-૭૭	૪૮	૨૭૫૬
૧૮૭૭-૭૮	૬૮	૩૮૮૫
૧૮૭૮-૭૯	૭૧	૩૯૬૫

એ જ વર્ષે (૧૮૭૯) નવી શરૂ થયેલી ચાર રાત્રિ-શાળા, છોકરાની ત્રણ શાળાઓ અને એક કન્યાશાળા સાથે આ સંખ્યા ૭૯ની થયેલી, જેમાં ૩૯૬૯ વિદ્યાર્થી ભણતા હતા. આ સંખ્યામાં વ્રજભાષા પાઠશાળા, હુન્નરશાળા અને માંડવીના સુખગરલાલજીની સંસ્કૃત પાઠશાળાને ઉમેરતાં શાળાઓની સંખ્યા ૮૩ની હતી.

ઈ. સ. ૧૮૬૪થી ૧૯૪૫ સુધીનું કચ્છનું શાળા-સંચાલન આ પ્રમાણે હતું :

૧. દીવાનસાહેબ, ડિરેક્ટર ઑફ એજ્યુકેશન
૨. એકાઉન્ટન્ટ જનરલ, એજ્યુકેશન
૩. એજ્યુકેશન ઇન્સ્પેક્ટર, કચ્છ-પ્રાંત
૪. તાલુકા શાળાના મહેતાજી

ઈ. સ. ૧૮૬૪થી ૧૯૪૭ સુધીના સમયમાં એજ્યુકેશન ઇન્સ્પેક્ટર તરીકે ફરજ બજાવનારાની યાદી આ પ્રમાણે છે :

૧. શ્રી દલપતરામ પ્રાણજીવન ખખ્ખર
૨. શ્રી વિઠ્ઠલજી કેશવજી દવે
૩. શ્રી જગન્નાથ જેઠાલાલ
૪. શ્રી માવજી કાનજી મહેતા
૫. શ્રી લાભશંકરભાઈ એમ. પાઠક

શહેરની મુખ્ય શાળાના મુખ્ય શિક્ષક ગ્રામ-વિસ્તારની શાળાઓનો પણ વહીવટ કરતા. મુખ્ય શિક્ષકને મહેતાજી કહેતા. ઈ. સ. ૧૮૭૩માં મહેતાજીનો પગાર રૂ. ૧૩ અને રૂ ૭ ભથ્થું અપાતું. અંજારની શાળાના સ્ટાફ સહિત માસિક ખર્ચ રૂ. ૪૭-૧૦ આના હતું. એ વખતે મોટા અધિકારીઓને પગાર રૂપિયામાં ચૂકવાતો અને અન્યોને કચ્છી ચલણ કોરી, આધિયા વગેરેમાં ચૂકવાતો.

શાળાનાં બાળકો પાસેથી ફી લેવામાં આવતી. યોગ્ય બાળકોને ફી-માફી આપવામાં આવતી. બાળવર્ગ તથા પહેલા ધોરણની ફી ૪ ઢીંગલા, ધો. ૨, ૩, ૪ની ફી આઠ ઢીંગલા અને અંગ્રેજી ધોરણ ૧, ૨, ૩ની ફી ૧૨ ઢીંગલા હતી. આઝાદી પહેલાં રાજાશાહીમાં ૧થી ૭ ધોરણને ગુજરાતી ધોરણ કહેતા, પણ ૫, ૬, ૭ ધોરણને અંગ્રેજી ધોરણ ૧, ૨, ૩ પણ કહેતાં. તે સમયે અંગ્રેજી ભાષાનું શિક્ષણ પાંચમા ધોરણથી શરૂ થતું. હાઈસ્કૂલનાં ૮થી ૧૧ ધોરણ હતાં. કૉલેજનાં ચાર વર્ષ હતાં. ફર્સ્ટ ઇયર આર્ટ્સ, ઇન્ટર આર્ટ્સ, જુનિયર બી. એ અને સિનિયર બી. એ. એ જ રીતે બી. એસસી. અને બી. કૉમ.નો અભ્યાસ ચાલતો હતો.

કચ્છમાં સને ૧૯૩૩માં સ્થપાયેલી અને ૧૯૪૫માં બંધ પડેલી એક વિશિષ્ટ શિક્ષણસંસ્થા સદનવાડીની નોંધ લેવી જ પડે તેમ છે. એ હતી સરસ્વતી સદન – સદનવાડી. ભુજથી નખત્રાણાના રસ્તે ભુજથી ૧૪ માઈલ દૂર આવેલી આ સંસ્થાનું ઉદ્ઘાટન ગુજરાતના મહાન કેળવણીકાર નાનાભાઈ ભટ્ટના વરદ હસ્તે થયેલું. એ સંસ્થા રાષ્ટ્રીય શિક્ષણની સંસ્થા હતી.

મહાન બાલશિક્ષણવિદ ગિજુભાઈ બધેકાના ત્રણ શિષ્યો શ્રી પ્રભુલાલ ધોળકિયા, શ્રી મગનલાલ સોની અને શ્રી માર્કંડરાય મહેતાની કર્મભૂમિ સમાન સંસ્થા ગિજુભાઈ બધેકાના માર્ગદર્શન નીચે ચાલતી હતી. એ પોતે પણ પંદરેક વખત આ સંસ્થામાં આવી ગયેલા અને એક વખત તો એક મહિનો રોકાયેલા.

ડાલ્ટન પદ્ધતિનો અમલ આ શાળામાં સફળતા-પૂર્વક થયેલો અને તે પણ ગિજુભાઈ બધેકા અને હરભાઈ ત્રિવેદી જેવાઓના સીધા માર્ગદર્શન નીચે. આ શાળામાં સમયમર્યાદા ન હતી. ૨૪ કલાક આ શાળા ચાલતી. શાળામાં ઓરડા ધોરણવાર નહીં પણ વિષયવાર હતા. શ્રી ગૌતમ શર્મા, ભરતદાન ગઢવી,

પોપટલાલ પરમાર, અમૃતલાલ વેગડ, બાલુભાઈ ઠક્કર, નાનાલાલ રાઠોડ જેવા અનેક વિદ્યાર્થીઓને જીવનશિક્ષણ આપનારી આ સંસ્થા હતી.

રવિશંકર મહારાજ, કાકાસાહેબ કાલેલકર, સરદાર પૃથ્વીસિંહ, યુસુફ મહેરઅલી જેવા મહાનુભાવો આ સંસ્થાની મુલાકાતે આવીને વિદ્યાર્થીઓને પ્રેરક ઉદ્બોધન કરતા હતા. ભારતના ખૂણે-ખૂણે વ્યાપક સંસ્થા ભાવનગરની દક્ષિણામૂર્તિની પ્રતિકૃતિ સમાન આ સંસ્થા આર્થિક સમસ્યાઓના કારણે અલ્પજીવી નીવડી તે કચ્છના શિક્ષણજગતનું કમનસીબ હતું.

ઈ. સ. ૧૯૪૩માં ભુજમાં મહારાણી શ્રી ગંગાબા મિડલ સ્કૂલ શરૂ થઈ, પણ ૧૯૭૦માં શિક્ષણના ઢાંચામાં ફેરફાર થતાં (પથી ૭ પ્રાથમિક અને ૮થી ૧૧ માધ્યમિક થતાં) આ સ્કૂલ બંધ થઈ.

ઈ. સ. ૧૯૪૪-૪૫માં કચ્છ જિલ્લામાં ૭૪૬ શાળા હતી. તેમાં ૯૦ દરબારી, ૧૧૩ માન્ય શાળા અને ૫૪૩ ખાનગી શાળા હતી, જે પૈકી ૩ હાઈસ્કૂલ, ૧૧૬ મિડલ સ્કૂલ, ૫૨૨ પ્રાથમિક શાળા, ૪૮ કુરાન શાળા, ૪ સંસ્કૃત પાઠશાળા, ૧ સ્કૂલ ઑફ આર્ટ અને ૧ વ્રજભાષા પાઠશાળા હતી. આઝાદી પછી વ્રજભાષા પાઠશાળા સને ૧૯૭૦માં 'સ્કૂલ ઑફ આર્ટ' બંધ થઈ.

તા. ૧-૧-૧૯૪૮થી કચ્છ 'ક' વર્ગનું રાજ્ય બન્યું. ત્યારથી ૩૧-૧૦-૧૯૫૬ સુધી ચીફ કમિશનરના સલાહકાર જમિયતરામ વૈદ્ય શિક્ષણવિભાગ સંભાળતા હતા. શ્રી જે. જે. નાણાવટી એજ્યુકેશન ઇન્સ્પેક્ટર હતા.

ઈ. સ. ૧૮૭૦માં ડ્યુક ઑફ એડનબરોના માનમાં મહારાવશ્રી પ્રાગમલજી બીજાએ રૂ. દોઢ લાખના ખર્ચે ભુજમાં ઑલ્ફ્રેડ હાઈસ્કૂલ શરૂ કરી. ઑલ્ફ્રેડ હાઈસ્કૂલ કચ્છની પ્રથમ હાઈસ્કૂલ છે. ઈ. સ. ૧૮૭૦માં બ્રિટનની મહારાણી વિક્ટોરિયાના પ્રિન્સ ઑલ્ફ્રેડની મુંબઈ મુલાકાતના માનમાં આ હાઈસ્કૂલ શરૂ થઈ હતી. શ્રી ગોકુલદાસ કરસનદાસ પારેખ ૧૮૭૦માં ઑલ્ફ્રેડ હાઈસ્કૂલના પ્રથમ આચાર્ય હતા. જાણીતા ગુજરાતી સાક્ષર કેશવ હર્ષદ ધ્રુવ ૧૮૭૬માં ઑલ્ફ્રેડ હાઈસ્કૂલના આચાર્ય હતા. ઈ. સ. ૧૮૭૦થી ૧૯૦૦ દરમિયાન ઑલ્ફ્રેડ હાઈસ્કૂલમાંથી ૧૧૦ વિદ્યાર્થી મૅટ્રિક પાસ થયા. ઈ. સ. ૧૯૨૩માં કુમારી સેમસન હન્નાહ મૅટ્રિક થનાર પ્રથમ વિદ્યાર્થિની હતાં. કચ્છમાં બહારથી આવેલ પોલીસ અધિકારીની એ પુત્રી હતી.

૧૨ નવેમ્બર, ૧૮૮૩ના જાહેરનામા નં. ૨૯૭૪થી કચ્છના દીવાને શેઠ ગોકુલદાસ તેજપાલ વતી માંડવીમાં સંસ્કૃત પાઠશાળા તથા કોઠારા, નલિયા, વિંઝાણ અને જખૌમાં શાળા શરૂ કરવા માટે સબકમિટી નીમી હતી, જેમાં કચ્છરાજ્યના દીવાન પ્રમુખ, કચ્છના એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર ઉપપ્રમુખ તથા માંડવીના માસ્તર ચત્રભુજ શિવજી વગેરે સમિતિમાં હતા.

ઈ. સ. ૧૮૯૦માં માંડવીમાં જી. ટી. હાઈસ્કૂલ તથા ઈ. સ. ૧૯૦૮માં મુન્દ્રામાં આર. ડી. હાઈસ્કૂલ શરૂ થઈ. જનસમાજનું કેળવણી ખાતું શરૂ થયેલું. કચ્છમાં લોહાણા કેળવણી ખાતા મારફતે શેઠ લખમશી નપુ દ્વારા લગભગ ૬૦ શાળાઓ શરૂ થઈ, જેનું મુખ્ય મથક વાંકું હતું. કચ્છમાં શ્રી શામજીભાઈ ખટાઉ એની વ્યવસ્થા સંભાળતા. આ પ્રવૃત્તિની સાક્ષીરૂપ ભુજની સાર્વજનિક હાઈસ્કૂલ (હાલ વી. ડી. હાઈસ્કૂલ) અને માંડવીની ગો. તે. હાઈસ્કૂલ અને સેઠ સૂરજી વલ્લભદાસ આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ કાર્યરત છે.

કચ્છના યુવરાજ વિજયરાજજી સાહેબનાં લગ્નની ખુશાલીમાં મુન્દ્રામાં તા. ૬-૨-૧૯૦૮, વસંત-પંચમીના રોજ જાહેરસભા ભરીને હાઈસ્કૂલ શરૂ કરવા નિર્ણય લેવાયો. શેઠ શ્રી રણશીભાઈ દેવરાજે રૂ. ૫૦૦૧નું દાન આપ્યું અને શેઠ રણશી દેવરાજ મુન્દ્રા ઇંગ્લિશ સ્કૂલ શરૂ થઈ અને શેઠ. આર. ડી. એજ્યુકેશન ટ્રસ્ટની શરૂઆત થઈ. ઈ. સ. ૧૯૩૮માં શાળામાં સહશિક્ષણ શરૂ થયું. જૂન ૧૯૭૬થી આ શાળા ઉચ્ચતર માધ્યમિક શાળામાં પરિવર્તિત થઈ. હાલમાં આ ટ્રસ્ટ આર. ડી. હાઈસ્કૂલ ઉપરાંત સી. કે. એમ. કન્યા વિદ્યાલય, પ્રિ.-પી. ટી. સી. કૉલેજ, પી. ટી. સી.

કૉલેજ, બી. એડ. કૉલેજ અને પ્રાથમિક શાળા ચલાવે છે.

સન ૧૯૪૦માં કચ્છ વાગડ વીશા ઓશવાલ મંડળ : મુંબઈની સ્થાપના થઈ. આ મંડળે ૧૯૪૦માં ગ્રામ્ય વિસ્તારોમાં પ્રાથમિક શાળાઓ ખોલવાની પ્રવૃત્તિ શરૂ કરી. સને ૧૯૪૨માં વાગડના પેથાપર, શિવલખા, છોટાપર, થોરીઆરી, નંદાસર, સુવઈ, ખેંગારપર, વણોઈ, ભુટકિયા, ધાણીથર અને દયાપર ગામોમાં તે પ્રવૃત્તિ વિસ્તરી. સને ૧૯૫૫ સુધી આ શાળાઓ મંડળે ચલાવી, ત્યાર બાદ આ શાળાઓની જવાબદારી સરકારે સંભાળી લીધી.

ભુજના શ્રી ડોસાભાઈ લાલચંદના રૂ. ૮૧૦૦૦ના દાનથી ૨૮ જૂન ૧૯૪૯થી ભુજમાં ઈન્દ્રાબાઈ ગર્લ્સ હાઈસ્કૂલની શરૂઆત થઈ. ૧૯૫૦માં માંડવીમાં ખીમજી રામદાસ કન્યા વિદ્યાલય, ૧૯૫૧માં આદિપુરમાં કન્યા વિદ્યાલય અને ૧૯૬૦માં કંકુબહેન ખટાઉ માવજી શેઠિયા ગર્લ્સ સ્કૂલ શરૂ થઈ. ગાંધીધામ સરદાર પટેલ વિદ્યાલયનું ઉદ્‌ઘાટન ૧૪મી એપ્રિલ ૧૯૬૯માં તત્કાલીન રાજ્યપાલશ્રી શ્રીમન્નનારાયણ હસ્તે થયું.

કચ્છમાં માધ્યમિક શિક્ષણના ક્ષેત્રે ગ્રામ્ય વિસ્તારોમાં શાળાઓ શરૂ કરવામાં 'સારસ્વતમ્' સંસ્થાનું મહત્ત્વનું યોગદાન છે. સંસ્થા-સંચાલિત ૧૯ હાઈસ્કૂલો છે, જે આ પ્રમાણે છે : ૧. મસ્કા, ૨. શીરવા, ૩. કોડાય, ૪. દરશડી, ૫. કોડકી, ૬. ભદ્રેશ્વર, ૭. ગુંદાલા, ૮. રામાણિયા, ૯. દહીંસરા ૧૦. નલિયા, ૧૧. બિટ્ટા, ૧૨. મોથાળા, ૧૩. નેત્રા, ૧૪. મંજલ, ૧૫. કોટડા (રોહા), ૧૬. કોટડા (ચકાર), ૧૭. ખાવડા, ૧૮. દયાપર, ૧૯. બાડા, જેમાંથી નલિયામાં કન્યાવિદ્યાલય છે, નેત્રામાં ઉચ્ચમાધ્યમિક વિભાગ છે. સ્વ. ટી. એમ. શેઠની સાથે 'સારસ્વતમ્'ના વિકાસમાં સ્વ. ઝુમખલાલ મહેતા, સ્વ. સુરેન્દ્રભાઈ શેઠ, સ્વ. મ. કુ. હિંમતસિંહજી, શ્રી મધુસૂદનભાઈ શેઠ અને વિજ્યાબહેન શેઠનું મહત્ત્વનું પ્રદાન છે.

ઉપરાંત નલિયા, વિથોણ અને રવાપરમાં પૂ. પાંડુરંગશાસ્ત્રીની પ્રેરણાથી હાઈસ્કૂલ ચાલી રહી છે. ગઢશીશામાં વિકાસ સમિતિ સંચાલિત, ૧૯૬૮માં સ્થપાયેલી ઉચ્ચતર માધ્યમિક વિભાગ સાથે હાઈસ્કૂલ છે. આ શાળાના વિકાસમાં શ્રી રમેશભાઈ દવેનું યોગદાન નોંધનીય છે.

૧૯૬૧-૬૨થી ૧૯૯૦-૯૧ દરમિયાનનો કચ્છનો શૈક્ષણિક વિકાસ :

શિક્ષણની કથા	વિગતો	સંખ્યા : ૧૯૬૧-૬૨	સંખ્યા : ૧૯૯૦-૯૧	સરેરાશ વાર્ષિક દર
	પ્રાથમિક શાળાઓ	૭૭૪	૧૨૦૪	૨.૧
	શિક્ષકો	૧૬૨૬	૪૧૯૨	૫.૪
	વિદ્યાર્થીઓ	૬૬૧૨૫	૨૦૯૨૩૪	૭.૫
–	શિક્ષક-વિદ્યાર્થી-પ્રમાણ	૪૧	૫૦	
માધ્યમિક	શાળાઓ	૩૭	૧૧૦	૬.૮
ઉચ્ચ-મા.	શિક્ષકો	૩૫૩	૧૧૪૮	૭.૮
	વિદ્યાર્થી શિક્ષક			
	વિદ્યાર્થી પ્રમાણ	૨૬	૩૬	
ઉચ્ચશિક્ષણ	કૉલેજો	૧	૫	૨.૮
	શિક્ષકો	૨૭	૧૦૯	૧૦.૫
	શિક્ષક-વિદ્યાર્થી-પ્રમાણ	૧૧	૩૫	

ભુજમાં ૧૯૬૩માં સ્વામીનારાયણ સ્કૂલ અને ૧૯૭૩માં જૈન એજ્યુકેશન અને મેડિકલ ટ્રસ્ટ સંચાલિત માતૃછાયા કન્યા વિદ્યાલય શરૂ થયાં. આ સંસ્થાના વિકાસમાં શ્રી માણેકલાલ શાહનું મહત્ત્વનું યોગદાન છે.

૧૯૪૮માં કચ્છમાં ૨૩૮ પ્રાથમિક શાળાઓ હતી, જેમાં ૧૫,૨૧૭ બાળકો અભ્યાસ કરતાં હતાં. ૧૯૫૧માં કચ્છમાં ૧૨ માધ્યમિક શાળાઓ હતી અને તેમાં ૨૯૩૬ વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હતા.

ઈ. સ. ૨૦૦૮માં જિલ્લા પંચાયત હસ્તક ૧૬૩૦ શાળાઓ, નગરપાલિકાની ૨૦ શાળાઓ અને આશરે ૨૦૦ જેટલી સરકારમાન્ય ખાનગી શાળાઓને ધ્યાનમાં લેતાં લગભગ ૧૮૫૦ જેટલી પ્રાથમિક શાળાઓ કાર્યરત છે, જેમાં બધા મળીને ૨,૭૧,૦૦૦ જેટલાં બાળકો અભ્યાસ કરે છે અને વધુ ને વધુ બાળકોને સમાવી લેવા માટે સાક્ષરતા અભિયાન દ્વારા પ્રયત્નો ચાલે છે.

હાલમાં ૧૬૯ માધ્યમિક શાળાઓ અને ૭૧ ઉચ્ચતર માધ્યમિક શાળાઓ છે, જેમાં ગુજરાતી માધ્યમની ૧૫૬ માધ્યમિક શાળાઓ અને ૫૪ ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, અંગ્રેજી માધ્યમની ૧૨ માધ્યમિક શાળાઓ અને ૧૨ ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, હિન્દી માધ્યમની ૧ માધ્યમિક શાળા અને ૫ ઉચ્ચતર માધ્યમિક શાળાઓ છે. આમ ૧૬૯ માધ્યમિક શાળાઓ અને ૭૧ ઉચ્ચતર માધ્યમિક શાળાઓ મળીને ૨૪૦ શાળાઓ કાર્યરત છે. ભુજ તાલુકામાં કુલ મળીને ૫૩ શાળાઓ અને લખપત તાલુકામાં સૌથી ઓછી ૧૨ શાળાઓ છે.

કચ્છની પ્રાથમિક શાળાઓ અને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓનો સંખ્યાત્મક વિકાસ ધ્યાનાકર્ષક છે. ૧૯૫૧ની પ્રાથમિક શાળાઓની સંખ્યામાં લગભગ આઠગણો વધારો થયો છે જ્યારે માધ્યમિક શાળાઓમાં લગભગ વીસગણો વધારો છે. પણ સમગ્ર વસ્તીવધારાને ધ્યાનમાં લઈએ તો આ વધારો સંતોષકારક નથી.

ઉચ્ચશિક્ષણની વાત કરીએ તો કચ્છમાં ૧૯૫૩માં શ્રી આર. આર. લાલન આર્ટ્સ અને સાયન્સ કૉલેજ શરૂ થઈ તે પહેલાં કચ્છમાં એક પણ કૉલેજ ન હતી.

માંડવીમાં શેઠ સુરજી વલ્લભદાસ આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ ૧૯૬૬માં શરૂ થઈ. ત્યાર બાદ ૧૯૬૮માં સ્થપાયેલી પીપલ્સ એજ્યુકેશન સોસાયટી-એ ૧૯૬૯માં શેઠ ડોશાભાઈ લાલચંદ લૉ કૉલેજ અને ૧૯૭૦માં શેઠ જે. બી. ઠક્કર કૉમર્સ કૉલેજ શરૂ કરી. આ સોસાયટીના પ્રમુખ રામજી રાઘવજી ઠક્કર હતા.

ગાંધીધામ-આદિપુર-વિસ્તારમાં મૈત્રીમંડળ અને તોલાણી ફાઉન્ડેશનનો ઉચ્ચશિક્ષણના વિકાસમાં મહત્ત્વનો ફાળો છે. ભાઈ પ્રતાપ દયાલદાસ, દાદા હુંદરાજ દુઃખાયલ, કાકા પ્રભુદાસ તોલાણી, નંદલાલ તોલાણી, કૃષ્ણાબહેન ભાંભાણી, ડૉક્ટર ગજવાણી, નિર્મલાબહેન ગજવાણીના અથાગ પ્રયત્નોથી ઉચ્ચ-શિક્ષણક્ષેત્રે સારી એવી પ્રગતિ થઈ છે. તોલાણી ઇન્સ્ટિટ્યૂટ ઑફ ફાર્મસી, તોલાણી કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ સાયન્સ, તોલાણી કૉમર્સ કૉલેજ, તોલાણી કૉલેજ ઑફ મૅનેજમેન્ટ ઉપરાંત દાદા દુઃખાયલ બી. એડ. કૉલેજ, ડૉ. એચ. આર. ગજવાણી બી. એડ. કૉલેજ આ વિસ્તારમાં ઉચ્ચશિક્ષણક્ષેત્રે મહત્ત્વનું યોગદાન આપી રહી છે. ઉપરાંત ભુજ અને ગાંધીધામમાં ઇન્દિરા ગાંધી ઓપન યુનિવર્સિટી અને બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનાં કેન્દ્રો પણ કાર્યરત છે.

કચ્છ યુનિવર્સિટી :

કચ્છ યુનિવર્સિટી શરૂ થયા પછી ઉચ્ચશિક્ષણ-ક્ષેત્રે ચિત્ર બદલાયું છે. આજે કચ્છમાં એન્જિનિયરિંગ ઉપરાંત બી. એ., બી. કૉમ., બી.એસસી., બી. પી. એડ., બી. એસ. ડબ્લ્યુ, બી. જર્નાલિઝમ, એમ. એ., એમ. કૉમ., એમ.એસસી. તથા એમ.એસસી. (સી. એ. ઍન્ડ આઈ. ટી.) એમ. એડ., એમ. એસ. ડબ્લ્યુ, એમ. એલ. ડબ્લ્યુ., એફ. ફીલ., પી. જી. ડી. એચ. આર. એમ., પી. જી. ડી. સી. એ., બી. બી. એ., બી.સી.એ., એમ. બી. એ., ડી. ફાર્મ., બી. ફાર્મ., બી. ફાર્મ. બી. એડ., સ્પે. બી. એડ. જેવા અભ્યાસક્રમો ઉપલબ્ધ છે.

કાન્તિગુરુ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટી શરૂ થઈ ત્યારે ગુજરાત યુનિવર્સિટીમાંથી અલગ થઈને ૯ કૉલેજ કચ્છ યુનિવર્સિટી સાથે જોડાઈ હતી. કચ્છ યુનિવર્સિટીના પ્રથમ કુલપતિ નિયુક્ત થયા ત્યારે ઑગસ્ટ ૨૦૦૬માં ૯ કૉલેજો હતી અને ઉચ્ચ શિક્ષણનું એક પણ ડિપાર્ટમેન્ટ ન હતું. એમની ટર્મ પૂર્ણ થઈ ત્યારે ૨૦૦૯માં સ્થિતિ આ પ્રમાણે છે. કચ્છ યુનિવર્સિટી સાથે સંલગ્ન ૪૧ કૉલેજ છે, જેમાં બી.બી.એ.ની ૩ કૉલેજ, બી.સી.એ.ની ૪ કૉલેજ, એમ. બી.એ.ની ૧ કૉલેજ, આર્ટ્સની ૭ કૉલેજ, કૉમર્સની ૮ કૉલેજ, સાયન્સની ૨ કૉલેજ, લૉની ૨ કૉલેજ, બી. એડ. માટે ૫ કૉલેજ, એમ. એડ. માટે ૧ કૉલેજ, સ્પે. બી.એડ. ૧, બેચલર ઑફ જર્નાલિઝમની ૧, પી. જી. ડી. સી.એ. ૧, પી. જી. ડી. એચ. આર. એમ.ની ૧, એમ. એસ. ડબ્લ્યુની ૨, બી. ફાર્મ. ૧, ડી. ફાર્મ. ૧, એમ. એસ. ડબ્લ્યુની ૧, બી. ઈ.ની ૧ કૉલેજ કાર્યરત છે.

કચ્છ યુનિવર્સિટીમાં ગુજરાતી, અંગ્રેજી, સંસ્કૃત, શિક્ષણ, અર્થશાસ્ત્ર, કૉમર્સ, અર્થ ઍન્ડ એન્વાયરમેન્ટલ સાયન્સ અને કેમિસ્ટ્રી, ધોરણ ૧૨ પછીના એમ. એસ. સી. આઈ. ટી.ના ઇન્ટિગ્રેટેડ અભ્યાસક્રમ અને એમ. એસ. ડબ્લ્યુ, પબ્લિક એડમિનિસ્ટ્રેશન ઉપરાંત બિઝનેસ મૅનેજમેન્ટનાં અનુસ્તાતક ભવનો કાર્યરત છે. યુનિવર્સિટીમાં સંસ્કૃત, ગુજરાતી, અર્થશાસ્ત્ર, કૉમર્સ અને શિક્ષણના વિષયોમાં એમ. ફિલ.ના અભ્યાસની સગવડ છે. ઉપરાંત શિક્ષણ, કેમિસ્ટ્રી, જીઓલોજી, કૉમર્સ, અંગ્રેજી, ગુજરાતી, સંસ્કૃત કમ્પ્યુટર સાયન્સ, હિન્દી, મૅનેજમેન્ટ, ઝૂલોજી, બાયોલોજી, ફિઝિક્સ, સમાજકાર્ય, ગ્રામવિદ્યા, સમાજશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, લાઇબ્રેરી સાયન્સ સહિતના વિષયોમાં ડૉક્ટરેટના અભ્યાસક્રમોની વ્યવસ્થા છે. ૪૨ જેટલા પીએચ. ડી.ના માર્ગદર્શકો પાસે ૮૬ જેટલા વિદ્યાર્થીઓ પીએચ. ડી.નું સંશોધનકાર્ય કરી રહ્યા છે. પાંચ વિદ્યાર્થીઓને પીએચ. ડી.ની પદવી એનાયત થઈ ચૂકી છે. એમ. એ. હિન્દીનું અનુસ્નાતક કેન્દ્ર આદિપુરમાં છે. ભુજની જી. કે. જનરલ હૉસ્પિટલ સાથે મેડિકલ કૉલેજ શરૂ થઈ ગયેલ છે. હાલમાં લગભગ ૧૨૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ સ્નાતક-કક્ષાએ અને ૯૦૦ જેટલા વિદ્યાર્થીઓ અનુસ્નાતક-કક્ષાએ વિવિધ અભ્યાસક્રમોમાં અભ્યાસ કરે છે.

લગભગ ૩૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ બાહ્ય વિદ્યાર્થી તરીકે સ્નાતક-કક્ષાએ અને ૮૦૦ જેટલા વિદ્યાર્થીઓ અનુસ્તાનક-કક્ષાએ અભ્યાસ કરે છે.

કચ્છમાં માધ્યમિક શાળાઓના શિક્ષકોને તાલીમ આપતી એકમાત્ર બી. ઍડ. કૉલેજ હતી. હવે પાંચ કૉલેજો છે. યુનિવર્સિટીનું ડિજિટલાઈઝેશન થયું છે. પંડિત વિનાયક વોરા સંગીતપીઠ તથા અન્ય વ્યાખ્યાન-માળાઓ શરૂ થઈ. યુનિવર્સિટીનું વહીવટી બિલ્ડિંગ, અનુસ્નાતક ભવનોની ઇમારતો, ગ્રંથાલય તેમ જ કમ્પ્યુટરની ઇમારત વગેરે સાકાર થયાં છે. યુનિવર્સિટી ભાડાના મકાનમાંથી એના કૅમ્પસમાં કાર્યરત થઈ છે.

કચ્છ યુનિવર્સિટી સાથે સંલગ્ન પાંચ બી. એડ. કૉલેજો ઉપરાંત ભુજમાં મા આશાપુરા મહિલા બી. એડ. કૉલેજ અને એમ. એડ. કૉલેજ પણ કાર્યરત છે તથા ભચાઉમાં પણ એસ. એન. ડી. ટી. (મુંબઈ) યુનિવર્સિટી સાથે સંલગ્ન મહિલા આર્ટ્સ કૉલેજ કાર્યરત છે.

ભુજમાં મિડલ સ્કૂલના મકાનમાં ઈ. સ. ૧૯૫૯માં પુરુષ અધ્યાપન મંદિર સ્થપાયેલું. ૧-૨-૯૧થી એને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનનો દરજ્જો અપાયો છે. ભુજમાં અન્ય નિર્ભર અધ્યાપન મંદિર આદિપુર, ગાંધીધામ, મુન્દ્રા, અંજાર અને રાપરમાં આવેલાં છે, જેમાંથી તાલીમ ભવનનું અધ્યાપન મંદિર સરકારી છે અને મુન્દ્રાનું મહિલા અધ્યાપન મંદિર ગ્રાન્ટેડ છે.

કચ્છમાં શિક્ષણક્ષેત્રે થયેલો વિકાસ સંખ્યાત્મક દષ્ટિએ પણ સંતોષકારક નથી. હજુ અનેક ક્ષેત્રોમાં નવી શિક્ષણસંસ્થાઓની જરૂર છે. ઉદાહરણ તરીકે ૨૦૦૮ની સ્થિતિ પ્રમાણે કચ્છમાં ૧ ધોરણવાળી ૫ શાળાઓ છે, ૧થી ૨ ધોરણવાળી ૧૦ શાળાઓ છે, ૧થી ૩ ધોરણવાળી ૧૫ શાળાઓ છે અને ૧થી ૪ ધોરણવાળી ૧૩૫ શાળાઓ છે. ૧થી ૫ ધોરણવાળી

૯૦ શાળાઓ છે. ૧થી ૬ ધોરણવાળી ૭૧ શાળાઓ છે. ટૂંકમાં બધી શાળાઓમાં પણ ૧થી ૭ ધોરણની પણ વ્યવસ્થા નથી.

સ્વાતંત્ર્યપ્રાપ્તિના લાંબા અરસા પછી પણ ભુજ, માંડવી, ગાંધીધામ અને નખત્રાણાને બાદ કરતાં અન્ય વિસ્તારોમાં વિજ્ઞાનપ્રવાહની ઉચ્ચતર માધ્યમિક શાળાઓ નથી. પરિણામે કચ્છ જિલ્લાના મુન્દ્રા, અબડાસા, રાપર, લખપત, ભચાઉ અને અંજાર તાલુકાના વિસ્તારના વિદ્યાર્થીઓને વિજ્ઞાનમાં આગળ વધવાની તક મળતી નથી. એ જ રીતે અબડાસા, રાપર, લખપત જેવા વિસ્તારમાં ઉચ્ચ અભ્યાસ માટે કોઈ કૉલેજ નથી.

કચ્છમાં મુન્દ્રા પ્રિ.-પી.ટી.સી. કૉલેજ છે અને સારસ્વતમ્ સંસ્થા દ્વારા અનુસૂચિત જાતિ માટે સાંધાણ, મોથાળા, કોટડા (ચકાર), ઝુરા, કોટડી, પદમપુર, વિરાણી, મમાયમોરા, ગાંધીગ્રામ, રાજપર, ગુંદાલા, રામાણિયા, વિગોડી, નિરોણા, બિબ્બર તથા પાલનપુરમાં એકએક બાલમંદિર ચાલે છે.

સ્વતંત્રતા પહેલાં ઈ. સ. ૧૯૩૧માં કચ્છનો સાક્ષરતાનો દર ૯.૪૭% હતો. ૧૯૫૧ની વસ્તી-ગણતરી પ્રમાણે કચ્છની કુલ વસ્તીમાંથી સાક્ષરતાનું પ્રમાણ ૧૫.૪૮% હતું.

ઈ. સ. ૧૯૮૧ની વસ્તીગણતરી પ્રમાણે આ પ્રમાણ ૯% અને ૨૦૦૧ની વસ્તીગણતરી પ્રમાણે કુલ વસ્તી ૧૫,૮૨,૭૫૯માંથી ૮,૧૪,૯૯૭ પુરુષો અને ૭,૬૭,૭૬૨ સ્ત્રીઓ હતી, જેમાંથી ૪,૮૭,૬૨૭ પુરુષો અને ૩,૧૮,૭૮૯ સ્ત્રીઓ સાક્ષર હતાં. આમ ૭૧.૦૪% પુરુષો અને ૪૯.૦૪% સ્ત્રીઓ સાક્ષર હતાં. કુલ ૮,૦૬,૪૧૬ લોકો સાક્ષર હતા, અર્થાત્ ૬૦.૩૬% સાક્ષરતાનું પ્રમાણ હતું.

આમ આઝાદી પહેલાંના ૯.૪૬% સાક્ષરતાનો દર ૬૦.૩૬% પહોંચ્યો છે. સ્પષ્ટ છે કે આઝાદી પછી સાક્ષરતાનું પ્રમાણ સારી એવી ગતિથી વધી રહ્યું છે. આ સ્થિતિએ પહોંચવામાં કચ્છના દાનવીરો, જ્ઞાતિ-મંડળો અને યુવક-યુવતીઓનો પુરુષાર્થ નોંધનીય છે.

સંખ્યાત્મક રીતે તો આ વિકાસ સંતોષકારક નથી, ગુણવત્તાની દૃષ્ટિએ પણ સારું એવું કાર્ય બાકી છે.

નોંધ : કચ્છનાં ગ્રંથાલયો અને છાત્રાલયોની વિગતોનો સમાવેશ આ લેખમાં કર્યો નથી.

૧૧. કચ્છના સાહિત્યસર્જકોનું ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે યોગદાન

ડૉ. દર્શના ધોળકિયા,
રાજેશ અંતાણી,

કોઈ પણ દેશ કે સમાજના વિકાસમાં પ્રત્યાયન-(comunication)નું મોટું યોગદાન હોય છે. ભાષા એ પ્રત્યાયનનું પ્રબળ માધ્યમ છે. સંસ્કૃતિ, ઇતિહાસ અને સભ્યતાના વિકાસમાં ભાષાની ભૂમિકા તો મહત્ત્વની છે જ, પણ એ વિકાસની નોંધ લેવાનું અને એનું પગેરું શોધવાનું માધ્યમ કે સાધન પણ ભાષા જ છે. કચ્છના ઇતિહાસ અને આ વિસ્તારના સામાજિક અને સાંસ્કૃતિક વિકાસની નોંધ લેતી વખતે કચ્છમાં ભાષાઓ અને સાહિત્યનો વિકાસ પણ ધ્યાનમાં લેવો પડે. અહીં વિવિધ ભાષા બોલનાર વ્યક્તિઓની સંખ્યા દર્શાવી નથી, તેમ કચ્છમાં બોલાતી બધી જ ભાષાઓનો સમાવેશ પણ નથી કર્યો, માત્ર સમાજજીવન પર બહોળા પ્રમાણમાં પ્રભાવ પાડનાર ભાષાઓ અને તેના સાહિત્યની જ નોંધ લીધી છે. જેમ ભાષાના ભાષકોની સંખ્યામાં વધઘટ થાય છે, તેમ સાહિત્યસર્જન પણ નવુંનવું થયા કરે છે. તેથી અત્યાર સુધીનું આછુંપાતળું આલેખન આપવામાં આવ્યું છે. સંસ્કૃત, ગુજરાતી, કચ્છી અને સિંધી એ ચાર ભાષાઓનો સમાવેશ કર્યો છે.

કાવ્યસર્જન :

કચ્છીમાં પદ્યની પરંપરામાં સતત કાવ્યસર્જન કરનાર કવિઓને જરા જુદા પાડીને સતત ગુજરાતીમાં જ કાવ્યસર્જન કરતા કવિઓની વિગતો નીચે મુજબ છે.

ઉપેન્દ્રરાય નાનાલાલ વોરા(માંડવી)ની કવિતાઓ સૌપ્રથમ ધ્યાન ખેંચે છે. એમનાં 'કાવ્ય-પૂર્વક'(૧૯૪૧), 'પંચવટી', 'ત્રિપુણા', 'વાદળછાયા' પુસ્તકોમાંથી જીવન અને જગત પ્રત્યે ભાવિક દષ્ટિબિંદુ વ્યક્ત કરતી રચનાઓ મળે છે. એમનાં ઉપરોક્ત પુસ્તકો રામનારાયણ પાઠક, ડોલરરાય માંકડ, કરસનદાસ માણેક જેવા વિદ્વાનોનાં આશીર્વચનો સાથે પ્રગટ થયેલા છે.

કવિ જીવરામ અજરામર ગોર 'જટિલ'(૧૮૬૬-૧૯૧૭)એ ૧૯૦૦થી 'સરસ્વતી શૃંગાર' નામનું માસિક પ્રકાશન કરેલું. એમના કાવ્ય-સંગ્રહ 'પ્રેમપંચોતરી' (૧૮૮૬)નાં કાવ્યનો અભ્યાસ કવિ સુન્દરમ્ના વિવેચનગ્રંથ 'અવલોકના' માં જોવા મળે છે. એમની પરંપરાના બે કવિઓમાંથી નાનજીઆણીના કાવ્ય-સંગ્રહ 'કરમકાવ્ય' (૧૯૨૧) તથા મોરારજી કામદારના કાવ્યસંગ્રહ 'તંબૂરાનો તાર' (૧૯૩૭)માં ધ્યાન ખેંચે તેવી કવિતા મળે છે.

કવિ પ્રીતમલાલ લક્ષ્મીશંકર જોશી (૧૯૩૧) બે કાવ્યસંગ્રહો આપે છે. 'નિશિગંધા' (૧૯૫૭) અને 'વૈજયંતી' (૧૯૬૪) મુખ્યત્વે ગીત-સંગ્રહ છે. 'નિશિગંધા'નાં ગીતોમાં પ્રણય, પ્રકૃતિ, ભક્તિ, 'માતૃભૂમિ', વિનોબાજી વગેરે વિષયને કેન્દ્ર બનાવીને કરેલી રચનાઓ છે. 'વૈજયંતી' ગીતસંગ્રહમાં પણ પ્રણયપ્રકૃતિના ભાવો મુખ્ય છે.

ગૌતમ શર્મા (૧૯૨૯-૨૦૦૪) : એમના પણ બે કાવ્યસંગ્રહો મળે છે – 'આરોહ' (૧૯૫૮) અને 'ઝંકાર' (૧૯૭૨). એમની ભાષામાં ઉર્દૂ અને વ્રજ ભાષાની છાંટ જોવા મળે છે. બન્ને સંગ્રહોમાં મુખ્યત્વે ગઝલ વિશેષપણે લખેલી હોય તેવું જણાય છે.

જયંત સચદે 'કસુંબી : કાવ્યસંગ્રહ 'કસુંબો' : ગીત અને ગઝલના પ્રકારો મુખ્યત્વે જોવા મળે છે.

દેવજીભાઈ વાઘેલા : મુખ્યત્વે ગીત-ગઝલ-શેરના કવિ છે. એમનો કાવ્યસંગ્રહ 'મહેફિલ' છે.

અવિનાશ મહેતા 'અજય' : ગીતો-ગઝલ આપ્યાં છે. કાવ્યસંગ્રહ નથી.

માણેકલાલ કંગનવાલા : એમનાં ત્રણ પ્રકાશનો : 'જય જવાન-જય કિસાન' (રાષ્ટ્રગીતો), 'અજંપાનાં આંસુ' (ગઝલ-સંગ્રહ) અને 'ઝંખના' (સ્તવનસંગ્રહ) છે.

મહેશ સોલંકી 'બેનામ' (૬-૭-૧૯૫૧) : 'તમે ટહુકો અને અમે વાંસવન' નામનો કાવ્યસંગ્રહ – ગીત-ગઝલનો સંગ્રહ. પ્રણય, દેશપ્રેમ, કૃષ્ણભક્તિ મુખ્ય. વિલાપગીતોની રચના સાથે કચ્છી કાવ્યસંગ્રહ 'પલાર'.

ડૉ. ધીરેન્દ્ર મહેતા (૨૯-૮-૧૯૪૪) : એમનો કાવ્યસંગ્રહ 'પવનના વેશમાં'. વિશિષ્ટ પ્રાદેશિક પરિવેશનો ઉપયોગ લગભગ પ્રત્યેક કાવ્યમાં જોવા મળે છે. ગીત અને ગઝલના આ સંગ્રહમાં દરિયાને કેન્દ્રમાં રાખીને લખાયેલાં ગીતો અને રણનાં કલ્પનોને લઈ લખાયેલી ગઝલો અને કેટલાંક અછાંદસ કાવ્યો છે.

રમણીક સોમેશ્વર (૨-૫-૧૯૫૧–અંજાર) : તેઓશ્રી કચ્છપ્રદેશના ગુજરાતી ભાષામાં કાવ્યસર્જન કરતા નીવડેલા કવિ છે. ગુજરાતમાં એ સમગ્રપણે કચ્છનું પ્રતિનિધિત્વ કરે છે. એમનો કાવ્ય-સંગ્રહ 'તમે ઉકેલો ભેદ' ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા પ્રકાશિત થયો છે. છંદોબદ્ધ અને અછાંદસ ગીત અને ગઝલ, સૉનેટ અને મુક્તક કાવ્યસર્જન એમ વિવિધ સ્વરૂપોમાં કરી શકે છે. એમનાં ગીત-ગઝલમાં છંદ-લય સાથે પ્રાકૃતિક પ્રતીકોની ગૂંથણી સહજ રીતે આવે છે. એમણે તેલુગુ કવિ એન. ગોપીના કાવ્યસંગ્રહ 'જલગીતમ્'નો ગુજરાતીમાં 'જળગીત' નામે અનુવાદ કરેલો છે.

'વંચિત' કુકમાવાળા (૧૯૫૫) : એમનું મૂળ નામ જેઠાલાલ પરમાર. ગીત અને ગઝલ એમનાં ખાસ કાવ્યસ્વરૂપો છે. 'એક આંખમાં સન્નાટો' (૧૯૯૭), 'અપર્ણ વૃક્ષ' (૨૦૧૦) બે કાવ્યસંગ્રહો છે. એમની કાવ્યરચનામાં પ્રતીકકલ્પના – વસંતિકતા જેવાં તત્ત્વો સહજ રીતે ધ્યાન ખેંચે છે.

અહીં કેટલાક કવિઓ કે જેમનું એક સમયમાં કાવ્યપ્રદાન આશાસ્પદ હતું પણ હવે થંભી ગયું છે તેઓમાં જગદીશ ઓઝા, નલિન ઉપાધ્યાય, હિંમત જોશી, ચૈતન્ય વૈદ્ય, પરમાનંદ જોશી 'ઝલક', ચંદ્રકાન્ત શિવશંકર અને ધીરેન અંતાણી ઉલ્લેખનીય છે.

સુધા ઝવેરી, સુધા મહેતા, સરલા દવે, સંગીતા રાવલ, રોહિણી કોટક, માલતી ઠક્કર, કૈલાસ અંતાણી ભાવના ભટ્ટ આદિ કવયિત્રીઓની નોંધ પણ લેવી જોઈએ. આમાંથી કેટલીક કવયિત્રીઓની સમગ્ર રચનાઓ બહાર પડી શકે.

આ કવિઓની છૂટક રચનાઓ છઠ્ઠા-સાતમા દાયકાઓમાં સ્થાનિક તેમ જ અન્ય પત્રોમાં પ્રકાશિત થઈ છે. દરમ્યાન કૈલાસ અંતાણીનો મરણોત્તર કાવ્યસંગ્રહ બહાર પડી ચૂક્યો છે. મનીષા જોશીની અછાંદસ રચનાઓ અને છંદોબદ્ધ ગદ્યકાવ્ય મળે છે. કચ્છના લગભગ બધા કવિઓની ગુજરાતી રચનાઓના પ્રતિનિધિ સંગ્રહો 'પાંદડી' અને 'વૃક્ષ ટહુકે મૌનમાં' પ્રકાશિત થયા છે.

મુંબઈમાં રહેતા અને ગુજરાતીમાં લખતા કચ્છી કવિઓમાંના એક શ્રી કિશોર શાહ છે. એમનો કાવ્યસંગ્રહ 'એશટ્રેમાં આથમતો સૂરજ' ઉલ્લેખનીય છે. બીજા કવિ મેઘબિંદુ છે એમનો કાવ્યસંગ્રહ 'દરિયો' નોંધપાત્ર છે.

હાલમાં પણ કચ્છમાં ગુજરાતી ભાષામાં કાવ્ય-સર્જન વિપુલ પ્રમાણમાં થઈ રહ્યું છે.

ટૂંકી વાર્તાના લેખકો અને નવલકથાકારો

ગુજરાતી ભાષામાં ગદ્યલેખન કરનાર કચ્છના લેખકોનું સૌથી વિશેષ નોંધપાત્ર પ્રદાન ટૂંકી વાર્તા અને નવલકથાનાં ક્ષેત્રે રહેલું છે.

બકુલેશ : વાર્તાલેખનના અઢી દાયકામાં બકુલેશે છ વાર્તાસંગ્રહો આપ્યા : 'નિઃશ્વાસ / સુવર્ણના નિઃશ્વાસ', 'ઇશ્કની ખુશબૂ' (૧૯૪૨) 'કાદવનાં કંકુ' (૧૯૪૪), 'અગનફૂલ' (૧૯૪૭), 'ખારાં પાણી' (૧૯૫૩) અને 'કંકુડી' (૧૯૫૬).

બકુલેશની વાર્તાઓમાં શ્રમજીવી સમાજ જોવા મળે છે. એમની પ્રારંભની વાર્તાઓમાં વાતાવરણની જમાવટ અને અસરકારક ભાવાલેખન થયું છે.

ડૉ. જયંત ખત્રી (૧૯૦૯ – ૧૯૬૮) : જયંત ખત્રીના ત્રણ વાર્તાસંગ્રહો પ્રગટ થયા છે : 'ફોરાં' (૧૯૪૪), 'વહેતાં ઝરણાં' (૧૯૫૨) અને 'ખરા બપોર' (મરણોત્તર ૧૯૬૮). આ વાર્તાસંગ્રહોમાં કુલ એકતાળીસ વાર્તાઓનો સમાવેશ છે. 'ચમાર ચાલ' અધૂરી નવલકથા અને 'મંગલ પાંડે' એકાંકી. કૉલેજકાળમાં એમણે થોડાં કાવ્યો પણ લખ્યાં છે. બેએક રેડિયો વાર્તાલાપ છે. પત્રો, લેખ વગેરે આપ્યા છે.

જ્યારે ગુજરાતી સાહિત્યમાં ધૂમકેતુ, ઝવેરચંદ મેઘાણી, સુંદરમ્‌ની વાર્તાઓ લોકહૃદયમાં સ્થાન પામી ચૂકી હતી ત્યારે જયંત ખત્રીની વાર્તાઓ જુદાં જ વાતાવરણ અને આબોહવા લઈને આવી હતી.

જયંત ખત્રીની 'ધાડ', 'ખરા બપોર', 'ખીચડી', 'હીરો ખૂંટ', 'લોહીનું ટીપું', 'માટીનો ઘડો' વાર્તાઓ લોકહૃદયમાં સવિશેષ સ્થાન મેળવી ચૂકી છે. વીનેશ અંતાણીએ નોંધ્યું છે તેમ 'જંયત ખત્રીની વાર્તાઓનો અભ્યાસ કરતાં એક વાત સ્પષ્ટપણે આગળ તરી આવે છે કે એમણે પ્રમાણમાં ઓછું લખ્યું છતાં જે લખ્યું છે તેમાં એક નિષ્ઠાવાન સર્જક અને જીવન પ્રત્યે પ્રામાણિક સૂર ભળ્યો છે અને તેથી એમની પાસેથી ચિરંજીવ બની રહે તેવી વાર્તાઓ પ્રાપ્ત થઈ શકી છે.'

ડૉ. મનુ પાંધી (૧૯૧૪ – ૧૯૮૪) : મનુભાઈએ વાર્તાસંગ્રહ 'ફીણોટા' (૧૯૬૮)માં આપ્યો છે. એમની વાર્તાઓમાં કચ્છપ્રદેશના અભાવગ્રસ્ત વાતાવરણનું હૃદયસ્પર્શી નિરૂપણ સહજ રીતે આવી ગયેલું જણાય છે. 'ફીણોટા' વાર્તાસંગ્રહની અઢાર વાર્તાઓમાં માનજીવનની સંકુલતાનું ઝીણવટથી આલેખન કરતી વાર્તાઓ 'બેકાબૂ' અને 'નીતરતી આંખો' વિશિષ્ટ આલેખન રીતિને કારણે નોંધપાત્ર બને છે. તો 'ફીણોટા' વાર્તા દરિયાઈ જીવનની વિગતપ્રચુરતાથી તાદશભાવે આલેખન કરતી એમની વાર્તાશક્તિની દ્યોતક સાગર-કથા છે. પાત્ર અને પરિસ્થિતિજન્ય ચિત્રાંકન, માનવીય ઊજળા-કાળા રૂપનું આલેખન એમને વાર્તાકાર તરીકે ઉલ્લેખનીય બનાવે છે.

વનુ પાંધી (૧૯૨૮ – ૧૯૯૪): એમની વાર્તાઓમાં કચ્છ-પ્રદેશની તાસીર અને પ્રદેશની સમગ્રતા વિશિષ્ટ રીતે આલેખન પામીને આવી છે. એમના બે વાર્તાસંગ્રહો 'છીપલાં' (૧૯૬૩) અને 'આવળબાવળ' (૧૯૭૯) – આ બન્ને વાર્તાસંગ્રહોમાંની બધી જ વાર્તાઓમાં પ્રજાનાં પ્રતિનિધરૂપ પાત્રોના માનસિક વ્યાપારો, સામાજિક-આર્થિક વિટંબણાઓ, લોકોનું શોષણ – હાલાકી – ખુમારી – ખુદ્દારી અને દુષ્ટતા જેવાં માનવીનાં અનેક રૂપોનું નિરૂપણ સુપેરે થયું છે. રણ અને દરિયાના જીવંત પરિવેશને લીધે એમની કેટલીક વાર્તાઓ વિશિષ્ટપણે કલાત્મક રહી છે.

વનુભાઈએ નવલકથાક્ષેત્રે પણ વિશિષ્ટ પ્રદાન કરેલું છે. એમની 'સઢ અને સુકાન' ભા. ૧-૨ (૧૯૬૪) દરિયાઈ સાહસોના વર્ણન સાથે રોમાંચક પ્રણયકથા ધરાવતી નવલકથા છે. 'ખીણ' (૧૯૭૭), 'નૅશનલ હાઈવે' (૧૯૭૭), 'ફાંસલો' ભા. ૧-૨ (૧૯૭૭), 'લવનેસ્ટ' (૧૯૭૯), 'મેઘતૃષ્ણા' (૧૯૯૦) પ્રગટ થયેલી નવલકથાઓ છે. 'કચ્છમિત્ર'માં દૈનિકરૂપે પ્રગટ થયેલી 'બા-બેલી' પુસ્તકરૂપે અપ્રગટ નવલકથા છે.

ડૉ. ધીરેન્દ્ર મહેતા સંપાદિત 'વનુ પાંધીની સાગરકથાઓ' (૨૦૦૯)માં પ્રગટ થયેલું પુસ્તક છે.

ગૌતમ પ્રતાપ શર્મા (૧૯૨૯ – ૨૦૦૪) : કવિ-વાર્તાકાર-નવલકથા-કાર. વાર્તાસંગ્રહ 'રેતનાં ફૂલ' (૧૯૭૫). ગૌતમ શર્માની વાર્તા 'દુષ્કાળના ગર્ભમાં' પણ એક ભયાવહ, બેહૂદા અને વરવા તત્ત્વરૂપે દુષ્કાળને મૂર્ત કરે છે. એનું એ રૂપ સમગ્ર વાર્તામાં સક્રિય છે.

લોકપ્રિય નવલકથાકાર તરીકે જાણીતા ગૌતમ શર્માની નવલકથાઓને ઉષ્માભર્યો આવકાર સાંપડ્યો છે. રહસ્યકથાઓ, સામાજિક, ઐતિહાસિક, નવલ-કથાઓ ૧૦૦થી પણ વધુ.

ચંદ્રશંકર અમૃતલાલ બૂચ 'સુકાની' (૧૮૮૬ – ૧૯૫૮) : હાજી મહમંદ અલારખિયાના સામયિક 'વીસમી સદી' માસિકમાં અભ્યાસલેખો અને 'કુમાર'-'નવચેતન'માં વાર્તા-નાટક-લેખનથી સર્જનનો આરંભ કરનારા સંસ્કૃત ભાષાના આ અભ્યાસીએ 'રુદ્ર, શિવ અને લિંગ સંપ્રદાય' (૧૯૨૯) તથા 'રુદ્રાભ્યાસ' (ડોલરરાય માંકડ સાથે : (૧૯૨૯) અનુક્રમે પૌરાણિક-ઐતિહાસિક સંશોધન અને રસિક અનુવાદ-સંપાદનો આપ્યાં છે. પરંતુ એમને સાગર-કથાઓથી ખ્યાતિ મળી. રવીન્દ્ર ઠાકોરે નોંધ્યું છે તેમ : "આ સાગરકથાઓ તત્ત્વતઃ વહાણવટા-નૌકાયન વિશેના એમનાં અભ્યાસ-ભક્તિ, સાહસિક વીરત્વ પ્રત્યેનું સન્માન, કથનકલા-સામર્થ્ય તથા ઇતિહાસ-ભૂગોળ-સમાજ-સંસ્કાર વગેરે વિષયો-ક્ષેત્રો વિશેની એમની બહુશ્રુતતાનું સુફળ છે."

'દેવો ધાધલ' (૧૯૬૩) શૂરા સાગર-ખેડુ દેવરાજ ધાધલની કચ્છ-માંડવીથી આરંભાયેલી અને સુદૂર પૂર્વના દેશોની, 'રાવળનાથ' નામના વહાણમાં કરેલી સાગરયાત્રા આલેખતી આ કથામાં અજયપાળ અને સોનલની પ્રણયકથા દ્વારા કૃતિ રસપ્રદ બની છે. 'ધુડાકિયો બાણ' અને 'સાગવાનનું હૈયું' દરિયાકથાઓ છે. તેમ જ નવલકથા-દરિયાકથાઓ ઉપરાંત સુકાનીએ 'નવચેતન' માસિકમાં પ્રકાશિત અને વેશ્યાજીવન પર આધારિત નાટક 'કોકની બહેન' અને 'નાખવાનું ખમીર' તથા 'હડકી વારી આઈ' સાગરજીવનની સુદીર્ઘ વાર્તાઓ આપી છે. એમણે નૌકાયન સંબંધી લેખ – 'પશ્ચિમ કંઠારનાં પ્રાચીન વહાણો' પણ લખેલો છે જે અપ્રગટ છે.

પ્રીતમલાલ કવિ – પ્રીતમલાલ લક્ષ્મીશંકર જોશી (૧૯૩૧) : એમણે ઐતિહાસિક તેમ જ સામાજિક નવલકથાઓ લખી છે. કચ્છ-કંથકોટ વિશેની દસ નવલકથાની શ્રેણીમાં છ નવલકથાઓ આપી છે : 'કંઠકોટેશ્વર' (૧૯૬૯), 'પડ પાસા પોબાર' (૧-૨) (૧૯૬૯), 'સોન કારાણી' (૧-૨) (૧૯૭૦), 'પારેવાં મોતી ચૂગે' (૧૯૭૩), 'સિંદૂરના સૂરજ' (૧૯૭૬), 'પાષાણશય્યા' (૧૯૭૮). આ નવલકથાઓ વિશે ડૉ. ધીરેન્દ્ર મહેતા નોંધે છે તેમ 'તેમાં એમણે અભ્યાસ-દૃષ્ટિથી ઐતિહાસિક તથ્યો અને સંભાવનાઓનો વિચાર કરીને ઐતિહાસિક નવલકથાનું સ્વરૂપ જાળવવાનો પ્રશસ્ય પ્રયાસ કરેલો છે.' એમની સામાજિક નવલકથાઓ 'અડાબીડ અંધારાં' (૧૯૭૧), 'મૃગજળ' (૧૯૭૪), 'નાજુક સવારી' (૧૯૭૯) વાચકભોગ્ય બની છે. 'મારી શ્રેષ્ઠ વાર્તાઓ' (૧૯૭૫)માં તેમની ચૂંટેલી વાર્તાઓ સંગ્રહિત છે.

રસિકલાલ હાથીભાઈ મહેતા (રસિક મહેતા) (૧૯૩૪) : જન્મ લાકડિયા-કચ્છ. નવલકથાઓની સંખ્યા પંચોતેરથી પણ વધુ. સામાજિક-ઐતિહાસક-રહસ્યકથાના સર્જક. વાર્તાસંગ્રહ 'ઋતુબહાર' (૧૯૬૬). નાટકો-જીવનચરિત્ર. બાળવાર્તાઓનાં પુસ્તકોના સર્જક.

વિનુભાઈ એમ. કેશવાણી (૧૯૨૯) નવલકથાકાર – વાર્તાકાર – ઉર્દૂ સાહિત્યના અભ્યાસી. નવલકથા 'આઠ દિવસ' (૧૯૬૬) – રહસ્યકથા છે. ગુજરાતી અને હિન્દી-ઉર્દૂ વાર્તાઓ પણ લખી છે. એમની 'વિઘટન' વાર્તા યાદ રહી જાય એવી છે.

ઉમિયાશંકર અજાણી (૧૯૩૪) : આ લેખકે મુખ્યત્વે કચ્છપ્રદેશ અને કચ્છની ધરતીના ઇતિહાસની સૌરભ ધરાવતી વાર્તાઓ અને નવલકથાઓ આપી છે. 'રખોપું' (૧૯૬૭) અને 'મહેરામણને ખોળે' (૧૯૬૯), 'જુમલોગઢ' (૧૯૭૭) દરિયાઈ ઐતિહાસિક નવલકથાઓ. મૂળરાજ રૂપારેલ સાથે લખાયેલી 'વીતી વેરણ રાત' (ભા. ૧-૨) (૧૯૬૯) નવલકથા તેમનું પ્રથમ સ્વતંત્ર સર્જન છે. આ નવલકથામાં એમણે કચ્છના ધર્માંધ અને જુલ્મી રાજવી રા' રાયધણના શાસનકાળની અને તેની સામે થયેલી લોકક્રાંતિની કથા આલેખી છે. 'સૂરજ દીસે સોનલવરણો' (૧૯૭૦), 'મોનો ખેલાડી' (૧૯૭૩) તેમની અન્ય લોકપ્રિય નવલકથાઓ છે. વાર્તાસંગ્રહ 'ધરતીનાં વખ' (૧૯૬૫) અને 'કચ્છડો ખેલે ખલકમેં' (૧૯૭૫)માં પણ ઐતિહાસિક સામગ્રી લોકકથાશૈલીથી આલેખાઈ છે, સાથે કચ્છપ્રદેશના

અભાવગ્રસ્ત લોકો-રણ-દરિયાની પશ્ચાદ્ભૂ દર્શાવતી **વાર્તાઓ** જોવા મળે છે. કચ્છી ઉખાણાંઓનો સંગ્રહ **'કચ્છી પિરોલી'** (૧૯૮૬) તેમ જ નાથ સંપ્રદાય વિશે **સંશોધિત** માહિતીનો ગ્રંથ 'ધીણોધર' (૧૯૭૭), **'ત્રિકમસાહેબનાં** પદો' સંપાદન : ૨૦૦૭, **'શ્રી ચાવડાચરિત્ર'** (સંપાદન : ૨૦૦૮) પ્રગટ થયાં છે તેમ જ **ઐતિહાસિક** વિષયોની વિગતે છણાવટ કરતા **વિસ્તૃત** લેખો તેમની પાસેથી મળતા રહે છે.

મૂળરાજ રૂપારેલ (૧૯૩૫ – ૧૯૯૭) : નવલકથાકાર – વાર્તાકાર અને લોકકથાના સંપાદક. સામાજિક કથાવસ્તુ ધરાવતી એમની નવલકથાઓ 'જીરવ્યું જીરવાતું નથી' (૧૯૬૫), 'પ્રેમથી વીંધાણા પ્રાણ' (૧૯૭૪) અને 'અવાવરું ઓરડા' (૧૯૭૫) નોંધપાત્ર છે. કચ્છના ઇતિહાસમાં જાણીતી બનેલી ઘટના ઝારાના યુદ્ધને વિષયવસ્તુ તરીકે આધાર લઈને નવલકથા 'કરો કેસરિયાં' (૧૯૬૯) અને 'નગારે ઘા' (૧૯૭૮) નવલકથા – અર્ધઐતિહાસિક નવલકથા છે. 'રખોપું' (૧૯૬૭) અને 'મહેરામણને ખોળે' (૧૯૬૯), 'જૂમલોગઢ' ઉમિયાશંકર અજાણી સાથે લખેલી નવલકથાઓ છે, જેમાં દરિયાઈ ઐતિહાસિક વસ્તુ પર આધારિત છે. વાર્તાસંગ્રહો 'ચૂપચાપ', 'આંસુનાં શિલ્પ' (૧૯૬૫), 'મારી શ્રેષ્ઠ વાર્તાઓ', 'સ્વીકાર' (૧૯૯૪) છે. 'આંસુનાં શિલ્પ'માં શહેરી જીવનની વાર્તાઓ કરતાં ગ્રામજીવનની વાર્તાઓ વિશેષ આકર્ષે છે. લોકકથાના સંચયો 'કચ્છડો કામણગારો' (૧૯૭૨), 'ભલો ભટારો કચ્છ' (૧૯૭૪), 'કચ્છડો ન્યારો રે' (૧૯૭૭) ઉપરાંત એમણે કચ્છના વાર્તાકારોનાં વિશિષ્ટ સંપાદન 'ખારી ભોમકા મીઠી ફ્લ' (૧૯૭૫) અને 'ખારાં પાણી મીઠી કૂંપળ' (૧૯૭૭) આપેલાં છે.

અશોક રતનશી હર્ષ (૧૯૧૫ – ૨૦૦૩) : વાર્તાકાર-ચારિત્રકાર-પત્રકાર. મૌલિક ને અનુવાદિત પુસ્તકો 'સાગર સાવજ' (૧૯૪૪), 'સુષમા' (૧૯૪૭) પંચામૃત (૧૯૮૫). વિદેશી નવલકથાઓના અનુવાદો. વરસો સુધી 'ચાંદની' – 'રંગતરંગ'ના સંપાદક – ૧૯૫૩માં 'કુમારચંદ્રક' મળેલો છે.

નિરંજન અંતાણી (૧૯૪૦) : 'શમણાં' કાવ્યસંગ્રહ. ગીત-ગઝલ-પ્રણયકાવ્યો. પરંતુ સર્જનાત્મકતા ખીલી વાર્તા અને નવલકથાના સાહિત્ય-સ્વરૂપમાં. સિત્તેરથી પણ વધુ વાર્તાઓ પણ સંગ્રહિત થઈ નથી. નવલકથાલેખન : 'તપન-તૃષા-તૃપ્તિ' (૧૯૬૦), 'હમને તો પ્રીત નિભાઈ' (૧૯૬૨), 'સાંવરિયા ખીણો રહેજે દૂર' (૧૯૬૩), 'હવા ફરી ઉદાસ છે' (૧૯૬૪), 'નયના બરસે રિમઝિમ' (૧૯૬૫), 'સાવન' (૧૯૮૯), 'બેબી ડોલ' (૧૯૯૯) વગેરે નવલકથાઓ.

અનિલ કોઠારી (૧૯૨૨) : મુખ્યત્વે પત્રકાર. 'જનશક્તિ'માં ઉપતંત્રી. સોવિયેત સંઘ માહિતી વિભાગ, મુંબઈમાં વૃત્તપત્રના સંપર્ક-અધિકારી. એમણે નવલકથાઓ આપી છે : 'મન મેંદીનો લીલો છોડ' (૧૯૬૯) અને 'દરિયે લાગ્યો દવ' (૧૯૭૪) (આર. જે. ચીનવાળા સાથે બન્ને), 'વરસે હૈયું અનરાધાર (૧૯૭૨) અને 'ગંદા નાલા' (અન્ય સાથે) વગેરે.

બિપિન ધોળકિયા (૧૯૩૬) : એમની વાર્તાઓ 'નવચેતન', 'આરામ', 'ચાંદની', 'આરસી', 'જીવનમાધુરી' વગેરે સામયિકોમાં પ્રગટ થઈ છે, પણ વાર્તાસંગ્રહો એમની પાસેથી મળ્યા નથી. ચાર નવલકથાઓ આપી છે.

નાનાલાલ જોશી (૧૯૨૭) : તેમની પાસેથી બે વાર્તાસંગ્રહો મળેલ છે : (૧) 'અનુરાગ' (૧૯૬૨), (૨) 'ધીમે પ્રિયે' (૧૯૬૮). આ ઉપરાંત તેમની ૧૭ (સત્તર) જેટલી વાર્તાઓ અગ્રંથસ્થ છે.

હીરાલાલ ફોફલિયા (૧૯૧૮) : ટૂંકીવાર્તાના ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન. ત્રણ વાર્તાસંગ્રહો (૧) 'રંગમેળો' (૧૯૫૨), (૨) 'શ્રાવણ-ભાદરવો' (૧૯૬૨), (૩) 'રાતે વાત' (૧૯૬૯). 'રાતે વાત'ની વાર્તાઓની સીધીસાદી લખાવટ પણ આકર્ષક ને ચમત્કૃતિભરી કલાપૂર્ણ માવજતને લીધે તથા સમગ્રને સંક્ષેપમાં સમાવી લેવાના કસબે ધ્યાન ખેંચ્યું હતું. (૪) 'મારી સારી વાર્તાઓ' વાર્તાસંગ્રહ ૧૯૮૦માં પ્રગટ થયો છે.

ધીરેન્દ્ર મહેતા (૧૯૪૪) : નવલકથા : (૧) 'વલય' (૧૯૭૧, ૧૯૮૨, ૨૦૦૫), (૨) 'ચિહ્ન' (૧૯૭૮, ૧૯૯૨), (૩) 'અદૃશ્ય' (૧૯૮૦-૨૦૦૩), (૪) 'દિશાન્તર' (૧૯૮૩-૧૯૯૫), (૫) 'આપણે લોકો' (૧૯૮૫), (૬) 'કાવેરી અને દર્પણલોક' (૧૯૮૮), (૭) 'ધારણા' (અને 'બે બહેનો') (૧૯૯૦), (૮) 'રવજી માસ્તરનું મૃત્યુ (ઘરમાં)' (૧૯૯૫), (૯) 'ખોવાઈ ગયેલી વસ્તુ' (૨૦૦૧), (૧૦) 'ભંડારી ભવન' (૨૦૦૨), (૧૧) 'છાવણી' (૨૦૦૬).

વાર્તાસંગ્રહ : (૧) 'સમ્મુખ' (૧૯૮૫), (૨) 'એટલું બધું સુખ' (૧૯૯૮), (૩) 'હું એને જોઉં એ પહેલાં...' (૨૦૦૩).

વિવેચન : 'નંદશંકરથી ઉમાશંકર' (૧૯૮૪), 'ડૉ. જયંત ખત્રી' (૧૯૭૭), 'નિસબત' (૧૯૯૦), 'ઘટડો મિંજ તો ગરે' (કચ્છી કાવ્ય વિવેચન) (૧૯૯૩), 'મોરચંગના સૂર' (૧૯૯૫), 'બાતમી' (૧૯૯૮), 'સ્નેહરશ્મિ' (૧૯૯૯), 'ગુજરાતી નવલકથા : કેટલાંક પુનઃમૂલ્યાંકનો' (૨૦૦૦).

સંપાદનો : 'રણની આંખમાં દરિયો' (વાર્તાઓ – ૧૯૮૬), 'કાલવટિકા' (વ્યાખ્યાનો) (૧૯૯૬), 'જયંત ખત્રીની ટૂંકી વાર્તા' (૨૦૦૦), 'ગુજરાતી કવિતાચયન ૨૦૦૦' (૨૦૦૩), 'વનુ પાંધીની સાગરકથાઓ' (૨૦૦૯).

ગુજરાતી સાહિત્યમાં – નવલકથા સાહિત્યમાં સીમાચિહ્નરૂપ ગણાયેલી નવલકથાઓ 'ચિહ્ન', 'દિશાન્તર', 'આપણે લોકો' 'કાવેરી' લેખકને પ્રશિષ્ટ સર્જક તરીકે પ્રમાણિત કરે છે.

વીનેશ અંતાણી (૧૯૪૬) પુસ્તકો : વાર્તાસંગ્રહ 'હોલારવ' (૧૯૮૩), 'રણઝણણું' (૧૯૮૯), 'અહીં કોઈ રહેતું નથી' (૨૦૦૧), 'તને ખબર નથી નિટુ' (૨૦૦૮).

નવલકથા : (૧) 'નગરવાસી' (૧૯૭૪), (૨) 'એકાન્તદ્વીપ' (૧૯૭૫), (૩) 'પલાશવન' (૧૯૭૯), (૪) 'પ્રિયજન' (૧૯૮૦), (૫) 'આસોપાલવ અને ચોથા માળે પીપળો' (૧૯૮૦), (૬) 'બીજું કોઈ નથી' (૧૯૮૩), (૭) 'અનુરવ' (૧૯૮૪), (૮) 'સૂરજની પાર દરિયો' (૧૯૮૫), (૯) 'જીવણલાલ કથામાળા' (૧૯૮૬), (૧૦) 'ફાંસ' (૧૯૮૨), (૧૧) 'કાફલો' (૧૯૮૮), (૧૨) 'સર્પદંશ' (૧૯૮૯), (૧૩) 'નિર્વંશ' (૧૯૯૦), (૧૪) 'પ્રતાપગઢ' (૧૯૯૨), (૧૫) 'લુપ્ત નદી' (૧૯૯૩), (૧૬) 'ધૂંધભરી ખીણ' (૧૯૯૦), (૧૭) 'અહીં સુધીનું આકાશ' (૧૯૯૬), (૧૮) 'અંતર્ગત' (૨૦૦૨), (૧૯) 'સરોવર (અને ફાર્મ હાઉસ)' ૨૦૦૩, (૨૦) 'ધાડ' (૨૦૦૩), (૨૧) 'અમે અજાણ્યા' (૨૦૦૬).

નિબંધસંગ્રહ : 'પોતપોતાના વરસાદ' (૧૯૯૨), 'ધુમાડાની જેમ' (૨૦૦૦), 'આત્માની નદીને કાંઠે' (૨૦૦૦), 'ત્યાં મારું ઘર હતું' (૨૦૦૭), 'ડૂબકી' (૨૦૦૮), 'મરજીવા' (૨૦૦૯).

અનુવાદ : 'એક ચીથરું સુખ' (હિન્દી) મૂ. લે. નિર્મલ વર્મા, 'કાગડા અને છુટકારો' (હિન્દી) મૂ. લે. નિર્મલ વર્મા (અનુક્રમે નવલકથા અને વાર્તાસંગ્રહ). સંપાદન '૨૦૦૫ની શ્રેષ્ઠ વાર્તાઓ.'

વીનેશ અંતાણીએ ચાર વાર્તાસંગ્રહો આપ્યા છે. એમની વાર્તાઓમાં વિષયોનું વૈવિધ્ય જોવા મળે છે. માનવીય સંબંધ, પ્રેમ-વૈફલ્ય, એકલતા-વિષાદ, વૃદ્ધત્વની વિવશતાનું આલેખન. 'સાંઢણી', 'કોરો સારંગ', 'તરસના કૂવાનું પ્રતિબિંબ' વાર્તામાં તેમ જ અન્ય કેટલીક વાર્તાઓમાં પ્રદેશવિશેષનું આલેખન જોવા મળે છે.

વીનેશ અંતાણીની ૨૧ નવલકથાઓમાં સર્જક તરીકેની નિષ્ઠા, વિષયવૈવિધ્ય, કથામાવજતની સાથે સંવેદનશીલ પાત્રસૃષ્ટિ, રોચક રસાળ શૈલી, રંગદર્શી વલણો એમને લોકપ્રિય બનાવવામાં મદદરૂપ થયાં છે.

રાજેશ અંતાણી (૧૯૪૯) : વાર્તાસંગ્રહ 'પડાવ' (૧૯૮૨), 'વાવડો' (૧૯૯૬).

નવલકથા : (૧) 'સંબંધની રેતી' (૧૯૮૮), 'વાંસવનમાં વરસાદ' (૧૯૯૦), (૩) 'સફેદ ઓરડો' (૧૯૯૧), (૪) 'અભાવનો દરિયો' (૧૯૯૨), (૫) 'અલગ' (૧૯૯૩), (૬) 'ખાલી છીપ', (૭) 'સંધિરેખા' (૨૦૦૩).

રાજેશ અંતાણીના બે વાર્તાસંગ્રહોમાંથી પસાર થતાં એમણે નિરૂપેલા કથાવસ્તુમાં વૈવિધ્ય જોવા મળે છે. માનવીય સંબંધ, ભૂતકાળ અને વર્તમાન સાથેનું પાત્રનું અનુસંધાન, એકલતા-વિષાદ, પ્રેમમાં શ્રદ્ધા વગેરે વિષયોની સાથે સર્જકનો પ્રદેશ તરફનો અખૂટ પ્રેમ અને પ્રદેશના લોકોનાં વીતકનું સંવેદનશીલ આલેખન થયેલું જણાય છે.

રાજેશ અંતાણીની સાત નવલકથાઓમાં વિષય-વૈવિધ્યનો અનુભવ થાય છે. માનવીય સંબંધોના નવા અને અલગ દૃષ્ટિકોણથી નવલકથામાં ભાવકોને રસ પડે. પાત્રલેખન-શૈલીથી કથાવસ્તુનો રસ સતત કેળવાતો રહ્યો છે.

રજનીકાંત સોની (૧૯૪૭) : પત્રકાર-વાર્તાકાર-નવલકથાકાર : 'બહારવટિયા', 'ખાનજીના ખાંડાના ખેલ' 'ચૈયતનો રખેવાળ' (પુરસ્કૃત), 'છઠ્ઠી બારી' . ટૂંકી વાર્તાઓ પણ લખી છે, પરંતુ તેનો કોઈ સંગ્રહ નથી.

આનંદ ગૌતમ શર્મા (૧૯૫૯) : નવલકથા 'પીગળતી પ્રતિમા' (૧૯૯૫), 'એક નવો સૂર્ય' (૧૯૯૮) – 'કચ્છમિત્ર'માં ધારાવાહિક રૂપે પ્રગટ. કાવ્યસર્જન પણ કરે છે.

માવજી મહેશ્વરી (૧૯૬૪) : પુસ્તકો વાર્તાસંગ્રહ : (૧) 'અદૃશ્ય દીવાલો' (૨૦૦૦), (૨) 'તિરાડની આરપાર' (૨૦૦૩), (૩) 'રત' (કચ્છીમાં) (૨૦૦૭), (૪) 'વિજોગ' (૨૦૦૮), (૫) 'પવન' (૨૦૦૯).

નવલકથા : (૧) 'મેળો' (૨૦૦૭), (૨) 'મેઘાડંબર' (૨૦૦૮), (૩) 'કાંધનો હક' (૨૦૦૯).

એમની વાર્તાઓમાંથી પસાર થતાં સ્વાભાવિક રીતે જ એમનું સંવેદન કચ્છના પરિવેશ, ગ્રામીણજીવન પોતાના સમાજના પ્રશ્નો અને આસપાસ વિસ્તરેલા માનવીય સંબંધો, માનવજીવન, સમાજના પ્રશ્નોને લઈને કથાવસ્તુ વાર્તાના વિષય તરીકે આવે છે. એમની ત્રણ નવલકથામાં કચ્છપ્રદેશ, ગ્રામીણ જીવન અને સમાજજીવનને સંદર્ભે કોઈ ચોકઠામાં મૂક્યા વિના માનવીય જીવન અને માનવીય પ્રશ્નો સમાજને જેવાં છે તેવાં ધરી આપે છે.

અન્ય વાર્તાકારો : શ્રી રસિકલાલ જોશી વાર્તાકાર / નવલકથાકાર : 'રશ્મિ' (૧૯૩૯), અધિકારીજી (૧૯૪૬) : 'ઝારાનો સંગ્રામ' (૧૯૫૮), 'અગનકિનારા' (૧૯૬૬), 'નંદવાયેલાં હૈયાં' (૧૯૭૧) વાર્તા... રસિકલાલ જોશી, શંકર ન ઠક્કર એલ. ટી. મહેશ્વરી, એ. એફ. શેઠ, ભાનુ માંકડ, ઇન્દ્રવદન છાયા, નૌતમ ગોર દ્વારા પણ કેટલીક વાર્તાઓ મળી હતી જેણે અપેક્ષા જગવી હતી. તેમ જ નારાયણ શનિશ્ચરા પાસેથી 'બે અવાજ હોઠ' અને 'મનનાં સ્પંદન' સંગ્રહો મળે છે. ભગવાન ખત્રી – આનંદચંદે, બિપિન ધોળકિયા, નયન ભટ્ટ, જયંત સચદે – નિરંજન અંતાણી નેમ 'મોતા' – જગન્નાથ જોશી. સ્ત્રી લેખિકાઓમાં – રમીલાબહેન મહેતા, તરલા ભાટિયા, વિરાજ મહેતા (વાર્તાસંગ્રહ પરિતોષ), યશોદા પલણ – નલિની ગાલા પણ નોંધપાત્ર છે.

અન્ય નવલકથાકારો : નવલકથાક્ષેત્રે એક કાળે ડંકો વગાડનાર ઠક્કૂર નારાયણ વિસનજી – ઐતિહાસિક નવલકથાઓ – 'કચ્છનો કાર્તિકેય', 'ઘોઘો અને ચનેસર' મુખ્ય છે.

રસિકલાલ જોશીએ પણ 'રશ્મિ' - 'શીલા' - અધિકારીજી સામાજિક નવલકથાઓ સાથે 'અગન કિનારા' જેવી ઐતિહાસિક નવલકથા આપી છે. એ. એફ. શેઠની નવલકથા 'આકૃતિ', 'પ્રીત સ્મિત' અને 'સપનું ઢોળ્યા અમૃત જાણી.'

જટુભાઈ પનિયા (૧૯૩૪ – ૨૦૦૧) : છ નવલકથાઓ આપી છે : 'મનનાં મૃગજળ', 'કામણગારો કાયર', 'સપનાં સૂરજ સામે', 'સ્મરણનાં રણ સૂનાં સૂનાં', 'અચરજના ડંખ', 'વેશન પડઘ'. એમની એક નવલકથા મૃત્યુ પહેલાં લખાયેલી, અપ્રગટ 'શોધી આપો સાયબો', નારાયણ શનિશ્ચરા, નયનરાય કલ્યાણજી ભટ્ટ, યશોદા પલણે ધારાવાહિક નવલકથાલેખન કરેલું છે. હરેશ ધોળકિયાએ 'અંગદનો પગ', બિન્દાસ નવલકથા આપી છે.

ઠાકરસી પી. કંસારા (૧૯૦૮ – ૧૯૯૬) : ૧૯૨૫થી 'સ્વદેશ', 'શારદા', 'અખંડ આનંદ' જેવાં

પ્રતિષ્ઠિત સામયિકોમાં વાર્તાઓ નિબંધો આદિ પ્રકાશિત. સ્વ. માનસંગજી બારડ અને ત્યારબાદ સ્વ. કે. કા. શાસ્ત્રી સંપાદિત ઇતિહાસ અને પુરાતત્ત્વ સમર્પિત સામયિક 'પથિક'માં તેઓ નિયમિત લખતા. એમની કચ્છ અને ગુજરાતની ઐતિહાસિક પૃષ્ઠભૂમિ પર આધારિત નવલકથાઓ 'ગુજરાતને સીમાડે', 'ઝારાનો ભીષણ સંગ્રામ', 'તારાનો સંગમ' અને 'સંધ્યાના રંગ' તેમ જ બૃહદ્ અભ્યાસલેખ 'કચ્છ : ઇતિહાસ અને સંસ્કૃતિ' 'પથિક'માં હપ્તાવાર પ્રકાશિત થયેલ જે ૧૯૯૦માં સ્વ. માનસંગજી બારડ ટ્રસ્ટ દ્વારા ગ્રંથરૂપે પ્રગટ થયેલા 'કચ્છમિત્ર' તેમ જ કચ્છનાં અન્ય સામયિકોમાં પણ એમનાં લેખો, વાર્તાઓ આદી સમયાંતરે પ્રકાશિત થતાં. એમનું પ્રકાશિત ત્રિઅંકી નાટક 'ક્રાન્તિની જ્યોત' કચ્છના રા'રાયધણના શાસન દરમિયાન કચ્છની તત્કાલીન પરિસ્થિતિ તાદશ કરે છે. શ્રી કંસારાના અધ્યાત્મક્ષેત્રે લખાણોમાં 'શ્રીમદ્ ભગવદ્ગીતા તત્ત્વજ્ઞાન – સાગરનાં મોતી' જે ૧૯૮૭માં પ્રગટ થયેલ, તે વિશેષ ઉલ્લેખનીય છે.

ચરિત્રાત્મક નિબંધો : 'અમરતલાલ ચરિત્ર'-(૧૮૭૭)માં ઠક્કર વિસનજી ચતુર્ભુજે (૧૯મી સદીનો પૂર્વાર્ધ) ચરિત્રનિબંધ સૌ પ્રથમ લખેલો છે તેવું નોંધાયેલું છે. કવિ અબ્દ પાસેથી 'ભક્તિમતી પ્રેમાબાઈ' જેવા ચરિત્રાત્મક નિબંધો મળેલા છે.

મધુસૂદન પ્રાણશંકર ભટ્ટ (૧૯૩૨-૨૦૦૩) : 'નૂતન ક્ષિતિજે' (૧૯૮૭), 'અભ્યાસભૂમિ કચ્છ' (૧૯૮૭), 'માડુ સવાલખ' (૧૯૮૭), 'ટંકુનેટ' (૧૯૪૫), 'લાકડાના લાડુ' (૧૯૪૯), 'હાસ્ય....' (૧૯૫૩) વગેરે મળ્યાં છે.

હરેશ ધોળકિયા (૧૯૪૬) : 'મૌનની અટારી' – વિચારપ્રધાન નિબંધો, 'તઘલખનો પુનર્જન્મ', 'દેખ કબીરા રોયા', 'કલ્પવૃક્ષની છાયામાં', 'જ્ઞાનયોગી વિવિકાનંદ' – વ્યંગ્ય-કટાક્ષ નિબંધોના સંગ્રહો.

માવજી સાવલા કૃત 'યાત્રિકની આંતરકથા' સળંગ નિબંધનું પુસ્તક મળે છે.

કુંદનલાલ ધોળકિયાએ 'સમયને સથવારે', 'શ્રુતિ-સ્મૃતિ' વિચારપ્રધાન નિબંધલેખન કરેલું છે.

વીનેશ અંતાણીએ ૬ નિબંધસંગ્રહો આપેલા છે. (૧) 'પોતપોતાના વરસાદ' (૧૯૯૨), 'ધુમાડાની જેમ' (૨૦૦૦), 'આત્માની નદીને કાંઠે' (૨૦૦૦), 'ત્યાં મારું ઘર હતું' (૨૦૦૭), 'ડૂબકી' (૨૦૦૮), 'મરજીવા' (૨૦૦૯) – આ નિબંધસંગ્રહના નિબંધો અંગત નિબંધનાં હૃદયંગમ દષ્ટાંતો પૂરાં પાડે છે.

રમણીક સોમેશ્વરના લઘુ લલિત નિબંધોમાં કાવ્યાત્મક શૈલીથી રસાત્મક નિબંધોનો પરિચય થાય છે. નિબંધોનું પુસ્તક નથી.

દર્શના ધોળકિયા (૧૯૬૨) : 'નરસિંહ-ચરિત્રવિમર્શ' – શોધનિબંધો, 'દીઠે અડસઠ જાત્ર' - (૧૯૯૯)માં સીતા, દમયંતી, દ્રૌપદી, મા, શારદામણિદેવી વગેરે જેવાં ચૌદ નારીપાત્રોનું ચરિત્રાત્મક અધ્યયન રજૂ કરેલું છે. સરદાર પટેલ યુનિવર્સિટીએ તેમનું 'નરસિંહ મહેતા' (૧૯૯૪) પુસ્તક પ્રગટ કર્યું છે. એમણે 'ગુજરાતના સર્જકોનું પ્રાથમિક શિક્ષણ' (૨૦૦૩), 'અસંગ લીલાપુરુષ' – (ભગવાન રામના ચરિત્ર પરના લેખો (૨૦૦૨) – 'કવિ કાન્ત' (૧૯૯૯), 'મહાભારત-ચરિત્રવિમર્શ' (૨૦૦૮) ઉપરાંત માઉઝોની નવલકથા 'કાર્મેલીના'નો સુંદર અનુવાદ કર્યો છે. (૨૦૦૮.) 'કાન્તના પત્રો'(૨૦૦૯)નું માતબર પ્રકાશન તાજેતરમાં પ્રગટ થયું છે.

છેલ્લા દસકામાં ગુજરાતી સાહિત્યમાં જે સ્ત્રી-લેખિકાઓનો ઉદય થયો છે એમાં દર્શના ધોળકિયાનું સ્થાન વિશિષ્ટ છે.

કેશવલાલ મહેતા, હીરાલાલ ધોળકિયા, પ્રીતમલાલ કવિ, પ્રભાશંકર ફડકે, ભરત છાયા, રમણીક સોમેશ્વર, હરેશ ધોળકિયા જેવા અભ્યાસીઓ અવાર-નવાર કચ્છી સાહિત્યને લગતા અન્ય સાહિત્યિક લેખો લખે છે.

ડૉ. કાન્તિ ગોર 'કારણ' (જન્મ મસ્કા : (માંડવી) (૧૯૫૩) : 'ગગન ગિર્વાણ ગિરાનું' નામે શૈક્ષણિક ચિંતનાત્મક લેખોનો વિશિષ્ટ સંગ્રહ આપેલો છે.

શ્રી રવિ પેથાણી 'તિમિર' (૧૯૫૨) : 'સાત ઢગલી ધૂળમાં', 'બાળપણનાં સંસ્મરણો'(૨૦૧૦) સંગ્રહ આપેલો છે.

અહીં ખાસ નોંધવાનું રહે છે કે કચ્છના સાહિત્ય-સર્જકોએ નાટકલેખન વિસ્તૃત પ્રમાણ કર્યું નથી. ગ્રંથસ્થ નાટકો ખાસ જોવા મળ્યાં નથી. માત્ર કોઈ સંસ્થા તરફથી નાટ્યલેખનનું નિમંત્રણ મળ્યું – ભજવાયું પણ હોય, છતાં ગ્રંથસ્થ થયાં નથી. ઐતિહાસિક સંદર્ભે નોંધ તૈયાર કરવાની હોતાં – કચ્છના લેખકે ગુજરાતી ભાષામાં લખેલાં અને ભજવાયેલાં નાટકો વિશેનો પરિચય માત્ર મેળવવો રહ્યો.

એલ. જે. જોશી (૧૯૩૩–૨૦૦૨) : કચ્છના ઇતિહાસ અને લોકકથા પર આધારિત સંગ્રહ 'કચ્છડા તારા સંત, ભક્ત અને ઢોલી' (૧૯૭૦) તેમણે આપેલો છે. બીજો એકાંકી સંગ્રહ ''તું કોણ છે જે 'તું' નથી ?'' (૧૯૭૩) આપેલો છે. ડૉ. ધીરેન્દ્ર મહેતાએ નોંધ્યું છે તેમ : 'કચ્છડા, તારા સંત, ભક્ત અને ઢોલી' એકાંકી-સંગ્રહમાં એમની સર્જનશીલતા ધ્યાન ખેંચે છે. તો એમના 'તું કોણ છે જે તું નથી ?' સંગ્રહમાં તેમની પ્રયોગશીલતા છે.

નિરુપમા મહેતાએ એક ચારિત્રાત્મક નાટક આપેલું છે – 'મૂઠી ઊંચેરા માનવી'.

બિપિન ધોળકિયાએ ૨૫થી વધુ એકાંકી અને ચાર ત્રિઅંકી નાટકો આપેલાં છે.

વીનેશ અંતાણીએ 'હિંમતલાલ હિંમતલાલ', 'વાતો' વગેરે પ્રયોગશીલ એકાંકીઓ લખીને સફળતા-પૂર્વક ભજવ્યાં પણ છે.

રાજેશ અંતાણીએ 'ફાનસ', 'અસહ્ય', 'શ્યામ ગુલાબનો છોડ' વગેરે એકાંકીઓ લખેલાં છે તેમ જ ડૉ. જયંત ખત્રીની વાર્તા 'હું ગંગી અને અમે બધાં'નું નાટ્ય રૂપાંતર પણ કરેલું છે.

રેડિયો નાટક ક્ષેત્રે ઘણા બધા લેખકોનાં નામ મળે છે, જેમાં મુખ્યત્વે વીનેશ અંતાણી, ડૉ. કાન્તિ ગોર, રાજેશ અંતાણી, વિનોદ શુક્લ, બિપિન ધોળકિયા, ધીરેન્દ્ર મહેતા, નિરંજન અંતાણી અને પ્રબોધ માંકડે નોંધપાત્ર કામ કર્યું છે. રજનીકાંત ઓઝાએ રેડિયો નાટકોનો સંગ્રહ 'પ્રતિકૃતિ' પ્રસિદ્ધ કરેલો છે.

કચ્છી ભાષામાં અને કચ્છને લગતાં નાટકો તેમ જ રૂપકો પણ કેટલાક સર્જકોએ આપેલાં છે.

સ્વ. ઠાકરસી પી. કંસારાએ કચ્છના ઇતિહાસ સંદર્ભે 'ક્રાન્તિની જ્યોત' નાટક આપ્યું હતું, જેનું કચ્છીમાં થયેલું ભાષાંતર ભજવાયું હતું.

ડૉ. કાન્તિ ગોરનું 'કારણ' નાટકક્ષેત્રે વિશિષ્ટ તથા વૈવિધ્યપૂર્ણ પ્રદાન, 'રૂપ એક રંગ અનેક' (એકપાત્રીય – એકોક્તિ સંગ્રહ – ૧૯૯૨), 'વ્યક્ત – અભિવ્યક્ત' (એકપાત્રીય – એકાંકીસંગ્રહ – ૨૦૦૧) છે.

૧૨. કચ્છી ભાષા અને સાહિત્યનો વિકાસ

પ્રભાશંકર ફડકે
રવિ પેથાણી

કચ્છી ભાષાને સંસ્કૃતનો ભવ્ય વારસો પ્રાપ્ત થયો છે અને વચ્ચેની જે અવાન્તર ભૂમિકાઓ છે તે પ્રાકૃત ભાષા અને અવાન્તર પ્રકારની છે. તેથી જ કચ્છી એ અન્ય ભાષાની ઉપભાષા છે તેમ માનવું આધારરહિત છે. જગતની દરેક ભાષા પોતાની ક્ષમતા મુજબ જે-જે ભાષાપ્રકારને સ્વકીય બનાવે છે તે જ તેની પ્રકૃતિ છે. પ્રાકૃત-અપભ્રંશને અને સંસ્કૃતના મૂળ સ્રોતને વારસાના સ્વરૂપે જે મળ્યું, તે થઈ કચ્છી ભાષા.

પ્રાકૃત માટે કહેવાય છે કે જે પ્રકૃતિથી જ સ્વાભાવિક રીતે સિદ્ધ થાય છે તે પ્રાકૃત. 'પ્રકૃત્યા સિદ્ધમ્ પ્રાકૃતમ્ ।' શબ્દસિદ્ધિની દૃષ્ટિએ ગુજરાતી 'કાન'ના મૂળમાં સંસ્કૃત 'કર્ણ' છે, તેથી 'કાન' એ ગુજરાતીની પ્રકૃતિ બની તો 'કન' એ કચ્છીની પ્રકૃતિ બને છે.

ભાષાવિજ્ઞાન અને ભારતીય ભાષાઓના ઇતિહાસ મુજબ મધ્યયુગથી પણ પહેલાં સમગ્ર પશ્ચિમ ભારતમાં 'પશ્ચિમી પ્રાકૃત' તરીકે જાણીતાં પ્રાકૃત સ્વરૂપો હતાં અને જુદાજુદા પ્રદેશમાં તે અલગઅલગ ફેરફારો સાથે પ્રચલિત હતાં. રુદ્રટના 'કાવ્યાલંકાર' પર વિવેચન કરતાં જૈન મુનિ નામિસાધુએ લખ્યું છે : 'દેશવિશેષાત્ સંસ્કરણાત્ ચ... ઉત્તરવિભેદાન આપ્નોતિ ।' ખાસ પ્રદેશોમાં ઉચ્ચારોના વિશેષ સંસ્કાર પામી પ્રાકૃતના વિવિધ ભેદ પડે છે. એનો અર્થ એ થયો કે પ્રાકૃતનો એવો જ એક વિભાગ કચ્છી ભાષારૂપે પ્રચલિત હતો.

મુનિશ્રીની નોંધ પ્રમાણે પૂર્વની માગધી, શૌરસેની, ચૂલિકા, પૈશાચી વગેરે પ્રાકૃતના જ પ્રકાર છે. અહીં પ્રશ્ન થાય કે ગુજરાતમાં પ્રાકૃત હતી ? 'કાવ્યદર્શ'માં કવિ રાજશેખર લખે છે, 'પઠન્તિ લાટા પ્રાકૃતમ્ ।' – લાટદેશના વાસીઓ પ્રાકૃત બોલે છે. ગુજરાતના ભાષાવાદીઓના મત અનુસાર પશ્ચિમી પ્રાકૃતનો પ્રસાર સમગ્ર પશ્ચિમ ભારતમાં હતો અને તે સમગ્ર ગુજરાતમાં પણ હતો અને તે સિંધ અને કચ્છમાં પણ 'દેશવિશેષાત્ સંસ્કરણાત્' આ સ્વરૂપ પ્રચલિત હતાં. શબ્દસિદ્ધિની દૃષ્ટિએ એક ઉદાહરણ લઈએ. સંસ્કૃત શબ્દ 'અદ્ય'(આજ)નું પ્રાકૃત 'અજ્જ' થાય છે. પંજાબી સ્વરૂપ 'અજા', 'સિંધી' 'અજુ' છે. ગુજરાતી 'આજ' છે. કચ્છી 'અજ' છે. જો 'અજુ'માંથી 'અજ' આવ્યું એવી દલીલ સ્વીકારી લઈએ તો 'આજ' પણ 'અજુ'માંથી આવ્યું એમ સ્વીકારવું પડે, જે ભાષાવિજ્ઞાનની દૃષ્ટિએ શક્ય નથી. તેથી એ જ સ્વીકારવું પડે કે પંજાબી, સિંધી, ગુજરાતી અને કચ્છી ભાષાઓ સમાંતર સ્વરૂપે વિવિધ પ્રાકૃત સ્વરૂપોમાંથી વિકસેલી ભાષાઓ છે.

'અદ્ય'થી 'આજ' સુધીના ફેરફારમાં ફેરફાર પામતો મુખ્ય ઘટક તો 'દ્ય' છે, કચ્છીએ 'દ્ય'નો લોપ કર્યો.... 'દ્ય'ના સંયોગને પ્રાકૃત ભાષાએ 'જ'માં ફેરવ્યો. ગુજરાતીએ લોપ કરીને પૂર્વ સ્વરને દીર્ઘ કર્યો. પંજાબી અને સિંધી બંનેએ 'દ્ય'નો લોપ કરીને અનુક્રમે 'આ' અને 'ઉ' ઉમેર્યા. આમ સમગ્ર પ્રક્રિયામાં અન્ય ભાષાઓની જેમ કચ્છીને પણ સંસ્કૃત સાથે સીધો સંબંધ છે અને તેથી કચ્છી પણ સંસ્કૃતમાંથી જન્મેલી છે અને તે સિંધી, ગુજરાતી કે કોઈ અન્ય ભાષાની ઉપભાષા નથી.

કચ્છી ભાષાની પ્રાચીનતા સંદર્ભે ટી. એમ. શેઠ, જેઠમલ હરિરામ ઠક્કર, પ્રતાપરાય ત્રિવેદી જેવા અભ્યાસુઓ આ ભાષાનો ઉદ્ભવ આશરે એક હજાર વર્ષ પૂર્વે થયેલો સ્વીકારે છે, જ્યારે શિવાજી બારોટ આ ભાષાનાં મૂળિયાં ૯૪૦૦૦ વર્ષ જૂનાં હોવાનું નોંધે છે.

કચ્છી સાહિત્ય

ગુજરાતી વગેરે સુવિકસિત ભાષાઓના અર્વાચીન સાહિત્ય કરતાં કચ્છી વાઙ્મયની પરિસ્થિતિ ભિન્ન છે. કચ્છની વિશિષ્ટ ભૌગોલિક રાજકીય પાર્શ્વભૂને કારણે અહીંની સામાજિક-સાંસ્કૃતિક સ્થિતિ પછાત ગણાય એવી હતી. અવરજવરનાં સાધનોની દુર્લભતા અને ગજબની નિરક્ષરતા આના મૂળમાં હતી. દાદા મેકણ(૧૬૬૭-૧૭૩૦)નાં દોહા, બેતો, સોરઠાઓ એટલે ગાગરમાં સાગર. અઢીસો વર્ષથી પણ વધારે સમયથી એમની રચનાઓ લોકકંઠે ગવાતી રહી છે, તેથી એમને કચ્છી ભાષાના આદિકવિ માનવામાં આવે છે તે ઉચિત જ છે. લાઘવયુક્ત વ્યંજનાસભર અભિવ્યક્તિના ઊંડાણપૂર્વકની એમની રચનાઓમાં એમના પુરોગામીઓની દૃષ્ટિએ વિપુલતા પણ છે. કચ્છના કબીર ગણાતા 'દાદા'નું કચ્છી ભાષામાં પ્રદાન અપૂર્વ અને અનન્ય છે.

અહીં 'રેનેસાં'(નવજાગરણ)નો પણ ગુજરાતી આદિની તુલનાએ મોડો ઉદ્ભવ થયો અને તે મંદ ગતિએ અને બે કે ત્રણ તબક્કાવાર એમ કહી શકાય. અંગ્રેજ સરકારે પોતાની સગવડ માટે નાખેલ રેલવે-વ્યવહારનો લાભ અહીં ત્યારે નહોતો મળ્યો. મર્યાદિત હલકારાપદ્ધતિ પછીનો ટપાલવ્યવહાર પણ મોડો અને મંદ વિકસ્યો. શિક્ષણનો પ્રસાર અત્યંત મોડો અને મંથર ગતિએ થયો. એટલે પછી રાષ્ટ્રીય જાગૃતિની અહીં લહેરો મોડી અને આછેરી પ્રવર્તી. વળી આ ભાષા શિક્ષણનું કે રાજવહીવટનું માધ્યમ ન બની એટલે પ્રેસની સગવડ તો ક્યાંથી ? આરંભે દેવનાગરી અને ગુજરાતી લિપિમાં કચ્છી ભાષાનાં પુસ્તકો કચ્છની બહાર પ્રકાશિત કરવાં પડતાં. (ગુજરાતી પુસ્તકો પણ બહાર જ છપાતાં.)

આ પરિપ્રેક્ષ્યમાં કચ્છમાં નવજાગરણ ('રેનેસાં') ક્યારથી અને કઈ રીતે ગણવું એ પ્રશ્ન છે. મુંબઈ, મદ્રાસ અને બંગાળ જેવાં રાજ્યોમાં તો યુનિવર્સિટીઓની સ્થાપના અને પ્રેસની સુવિધા ઇત્યાદિ પરિબળો નવજાગરણનાં પ્રેરક બન્યાં. કચ્છમાં તો હાઈસ્કૂલોની સ્થાપના પણ ત્યારે માંડ ક્યાંક થયેલી. રેલવેની વાત પણ કરવા જેવી નથી. એટલે અહીં તો મહાત્મા ગાંધીના પગલે (ઈ. સ. ૧૯૨૫) રાષ્ટ્રીય-સામાજિક-સાંસ્કૃતિકની સાથે સાહિત્યના ક્ષેત્રે પણ જાગૃતિની લહેરો આછી-આછી આવી. સંતો, કવિઓ અને તેમાં (કચ્છની બહાર મુદ્રિત) સાહિત્ય તેમ જ શિવજી દેવશી મઢડાવાળા (૧૮૮૦-૧૯૭૨) જેવા કર્મશીલ સુધારકોના પુરુષાર્થ થકી શિક્ષણ-પ્રસાર, કન્યાકેળવણી, સ્વાતંત્ર્ય-ગીતોની રચના, અસ્પૃશ્યતાનિવારણ આદિ સામાજિક સુધારાની ઝુંબેશના ભાગરૂપે રચાયેલી ગુજરાતી-કચ્છી કવિતા આદિએ ગાંધીજીની કચ્છયાત્રા, કચ્છી પ્રજાકીય પરિષદ, ખાદીસેવા વગેરે દ્વારા પ્રેરિત જાગૃતિમાં બળ પૂર્યું. એથી નવજાગરણ ૨૦મી સદીના ત્રીજા-ચોથા દાયકામાં ઉદ્ભવ્યું.

મધ્યયુગ પછીનું સાહિત્ય અર્વાચીન યુગના ઉંબરે આવીને ઊભું તો કવિ રાઘવજી પ્રાગજી કોઠારી 'રાઘવ' (ઈ. સ. ૧૮૭૦-૧૯૧૧) અને દેવાજી જાડેજા- (ઈ. સ. ૧૮૬૦-૧૯૨૫)ની કવિતાથી જ, જેમાં કુરિવાજો, ધર્મના નામે ચાલતા દુરાચાર અને દંભ ઉપર ચાબખા તેમ જ વ્યસનમુક્તિ, દેવાજી જાડેજા દ્વારા મૂર્તિ પૂજાનો વિરોધ, અંધશ્રદ્ધાનો વિરોધ, વ્યંગ તેમ જ આક્રોશની તીખી વાણીમાં ફેરવાયો. જોકે આ કવિઓએ ખંડનાત્મક પાસાં પર વધુ જોર આપ્યું. નવયુગની લહેરો એમને સ્પર્શી ન હતી. તે સુધારક અને પંડિતયુગના સાહિત્યકાર બળવંતરાય ઠાકોર, રમણભાઈ નીલકંઠ, 'કાન્ત', કલાપી, નરસિંહરાવ, ગોવર્ધનરામ વગેરેના સમકાલીન હતા. કચ્છ સામાજિક-સાંસ્કૃતિક ક્ષેત્રે કેટલું પછાત હશે એ વાતનો અંદાજ આના ઉપરથી પણ આવી જાય.

અર્વાચીનતાના સૂત્રપાત લેખે કવિ રાઘવે પારંપરિક ઉપદેશ અને ભક્તિજ્ઞાનને કંઈક ગૌણ કરીને સ્વદેશપ્રીતિની પ્રથમ કવિતા આપી તેમ જ માત્રામેળ છંદોનું પ્રવર્તન કર્યું એ તેમનું મહત્ત્વનું પ્રદાન છે. જોકે ઢોંગી ગુરુઓ અને 'કુસાધુઓના' આ ઝનૂની ટીકાકાર રીતિકાલીન મર્યાદારેખાથી હજુ બહાર ન નીકળ્યા (મુંબઈનિવાસી થયેલાં છતાં), પણ રાઘવનું સર્વાધિક સમર્થ પાસું તે એની બલિષ્ઠ તળપદી જાડેજી ભાષા. એનું ભાષાસ્વામિત્વ એવું અને કાવ્યબાની એવી સક્ષમ કે હજી આજનો કવિ પણ એના પ્રભાવમાંથી મુક્ત થઈ શક્યો નથી.

વિધાયક સુધારાલક્ષી તેમ જ રાષ્ટ્રીય જાગૃતિને ઝીલતી કવિતાનાં મંડાણ અહીં શિવજી દેવશી મઢડાવાળાએ કર્યાં. કર્મશીલ સુધારક એવા આ કવિએ કચ્છ બહારના વસવાટ તેમ જ બહોળા સંપર્કને કારણે સ્વાતંત્ર્યની ચળવળ તેમ જ યુગબળનો પ્રભાવ વ્યાપક રીતે મોકળા મને ઝીલ્યો. એમનો પ્રથમ કાવ્યસંગ્રહ તો ૧૯૩૦માં પ્રગટ થયો. પણ 'સ્વદેશ' વગેરે પત્રિકામાં લેખન તેમ જ શિક્ષણ, કન્યાકેળવણી-પ્રસાર, વિધવાવિવાહ, બાળલગ્ન-વિરોધ જેવા સમાજસુધારાની નિર્ભય ઝુંબેશમાં ઉત્તરોત્તર સક્રિય રહીને 'સ્વદેશ' વગેરે મુંબઈની કચ્છીવિષયક પત્રિકાઓમાં એ લેખક-સંપાદકે પ્રસંગોપાત્ત યાદગાર કચ્છીમાં પણ કાવ્યસર્જન કર્યું છે. જવાબદાર રાજતંત્રની પ્રાપ્તિ માટે લડતી કચ્છી પ્રજાકીય પરિષદને બિરદાવનાર તેમ જ તજ્જન્ય જનજાગૃતિના સંદેશવાહક પણ એ જ બન્યા.

'અસીં કચ્છી અઈયો ઈય ચોં તા' રચના કચ્છની અસ્મિતાવાહક છે. (આ યુગધર્મી કવિની ભાષા ગુજરાતીના સંસ્કારથી સુપ્રભાવિત રહી એને મર્યાદા ગણી શકાય.) પ્રજાકીય પરિષદને આવકારતી કાવ્યરચના કરનાર અન્ય કવિઓ હતા કવિ ઇબ્રાહીમ અલ્લાહરખ્યા પટેલ (ખત્રી) ઉર્ફે 'મકભૂલ કચ્છી' (૧૮૯૪-૧૯૮૬) તેમ જ અબ્દ સુલેમાન તુરિયા ઉર્ફે કવિ 'અબ્દ' (૧૯૧૭-૨૦૦૮). નવજાગૃતિની કવિતા વધુ પ્રમાણમાં આપનાર 'મકભૂલ'નું નામ કચ્છીમાં ગઝલના પ્રવર્તક તરીકે ઇતિહાસ યાદ રાખશે. 'કચ્છી કોયલ' એ તેમનો ગઝલસંગ્રહ છે, તો 'સોનજી સંગર'-નામક સંગ્રહમાં વિશિષ્ટ પ્રાસંગિક સંગર-રચનાઓ છે. 'કચ્છકીર્તન' શીર્ષક સંગ્રહમાં વતન-પરસ્તીની કવિતા છે, જ્યારે સંખ્યાબંધ કચ્છી પુસ્તકમાં શબ્દોના અનેકાનેક સમાનાર્થી શબ્દો સંઘરતા પદ્ય 'કચ્છી બોલે જી કિરીયા' દ્વારા એમણે તળપદા શબ્દભંડોળની જાળવણી કરી છે. પ્રથમ કચ્છી નાટક 'કભિયાં' પણ એમના નામે બોલે છે. કચ્છી ભાષા પર અરબી-ફારસીની અસર વિશે પ્રથમ પ્રસ્તુત કરનાર 'મકભૂલ' દેશના ભાગલા પછી પાકિસ્તાન ગયા, તોપણ કચ્છ અને કચ્છીને ન ભૂલતાં 'કચ્છ કલામ'ના માધ્યમ દ્વારા ગીત-કાવ્યો (જેમાં 'અચીંધા કડે અસાંજે ગોઠ' શીર્ષકવાળું કચ્છની સંસ્કૃતિનું પરિચાયક સ્મરણીય કાવ્ય પણ સમાવિષ્ટ) તેમ જ ક્વચિત્ વાર્તા-સર્જન પણ કરતા રહ્યા.

નલિયાના લાલજી નાનજી જોશી (૧૮૮૨-૧૯૫૧) વિષય-વસ્તુની દૃષ્ટિએ રાઘવની વધુ નિકટ હતા. પોતાના એકમાત્ર બૃહત્ ખંડકાવ્ય 'કચ્છજો કુરુક્ષેત્ર' દ્વારા અમર સ્થાનના અધિકારી આ વિદ્વાન કવિએ મુખ્યત્વે વીરરસ પસંદ કર્યો હોવા છતાં રૌદ્ર, અદ્ભુત, શૃંગાર, કરુણ રસોની જબરી જમાવટ કરી છે. રાઘવને પગલે ચાલીને વતન-પ્રેમની ઉત્કૃષ્ટ કવિતા એમણે આપી. કચ્છનું ભૌગોલિક-ઐતિહાસિક વર્ણન કરતી 'સિંધુતટ વટ વિકટ સદાકૃત કચ્છપ જેડો'થી આરંભાતી એમની રચના નોંધપાત્ર છે.

કચ્છી કવિતામાં વિષય વૈવિધ્ય તેમ જ પ્રકૃતિ-વર્ણન લાલજી નાનજી પ્રથમ લાવ્યા.

તો કચ્છી કવિતાના ઇતિહાસમાં ફક્ત બે જ (પ્રકાશિત) રચનાઓથી છવાઈ જનાર કવિ છે મુરારી લાલજી વ્યાસ ઉર્ફે કવિ નિરંજન. 'મુંજી માતૃભૂમિ કે નમન, આય વલો અસાંજો વતન' એ રચના વતન-પ્રેમની અભિવ્યક્તિ, કચ્છી સંસ્કૃતિનો પરિચય તેમ જ ઘૂંટાયેલા કવિત્વગુણ થકી કચ્છી ભાષામાં અમર

સ્થાનની અધિકારિણી છે. કચ્છી કાફીનું જાણે કે પ્રતિનિધિત્વ કરતી, ગહન આધ્યાત્મિક મર્મ ધરાવતી કૃતિ 'ટીપે મેં મેરામણ માયો' એ રચના પણ ઉત્તમ અને સ્મરણીય છે. 'મુંજી માતૃભૂમિ કે નમન' (૧૯૧૨) એ અર્વાચીન કચ્છી કવિતાની સર્વપ્રથમ રચના ગણાય છે. આ કાવ્ય કચ્છધરાનાં જ નહિ, કચ્છી સંસ્કૃતિનાં પણ ગુણગાન ગાય છે.

અર્વાચીન કચ્છી કવિતાના ઉપરોક્ત પુરોધાના પુરોગામી એવા બે કવિ નોંધપાત્ર ખરા, પણ કાવ્ય-વિષયની દૃષ્ટિએ એ મધ્યકાળનો છેડો સાચવનારા ગણાયા : જીવરામ અજરામર ગોર (૧૮૬૯-૧૯૧૭) અને મોરારજી મથુરાદાસ કામદાર (૧૮૯૫-૧૯૩૮). એમના કાવ્યસંગ્રહોમાં ગુજરાતી સાથે થોડાંક કચ્છી કાવ્યોનો પણ સમાવેશ છે, જે પરંપરાગત છે, અનુક્રમે 'કચ્છી કાવ્યકલાપ', 'તંબૂરાનો તાર'. કામદારની કચ્છી દુહા-બેતોની વિશેષતા એ છે કે એમાંનાં કોઈ-કોઈ તો લોકસાહિત્યનો ભાગ બની જાય છે.

દૃષ્ટાંત તરીકે –

"કારા ડુંગર કચ્છજા ધોરા ધણ ચરેં,
શિજ ઉગંધે સામા મિલેં, ભવજા ડુખ ટરેં"

એ પણ ઉલ્લેખ પાત્ર છે કે આ સંગ્રહની પ્રસ્તાવના લખતાં ડૉ. આનંદશંકર ધ્રુવે (ઈ. સ. ૧૯૩૭માં) કચ્છીનો ઉલ્લેખ બોલી નહિ પણ 'ભાષા' તરીકે કરેલો.

તત્કાલીન અન્ય કવિઓની વિગત જોઈએ.

૧. કરમઅલી રહીમ નાનજિયાણી (૧૯મી-૨૦મી સદી) 'કરમકાવ્ય' – ૧૯૨૧, ખીમજી માંડણ ભુજપુરિયા (૧૯૦૦-૧૯૭૯), મૂળજી લક્ષ્મીદાસ સંપટ (૧૯૦૫-૧૯૫૮ 'કચ્છી કાવ્યકુંજ' – ૧૯૩૧), સાધુ કૃષ્ણદાસ (૧૯મી સદી 'કચ્છી કવિતા' – ૧૮૬૯), રતનબાઈ(ઈ. સ. ૧૯૨૦માં દિવંગત)ની કાફીઓ- પદો, નાનાલાલ વોરા(વીસમી સદી)ની કાફીઓ, પંડિત પરિમલ શર્મા (ઈ. સ. ૧૮૮૪-૨૦૧૪), પુરુષોત્તમ કોટવાલ ('પચ્છમ જી પાતશાહી'), 'હો કચ્છી' અને 'કરુણાનિધાન કહો ને, અવતાર ક્યારે' (૧૯મી-૨૦મી સદી), 'પ્રવીણસાગર'માં સમાવિષ્ટ કચ્છી કવિતાના કવિ પ્રતાપસિંહ જુણાજી જાડેજા, 'પ્યારે રામ' (કવિ કલાપીના અંતરંગ સ્નેહી) – અંજાર, 'અલખ ઝરોખો' કૃષ્ણભક્તિનાં પદો.

બ્રહ્મર્ષિ પ્રભાકર પ્રધાન શર્મા (૧૯મી-૨૦મી સદી) : સંધિ બ્રહ્મર્ષિ કચ્છી પદાવલિ ઇ. પુસ્તકો, ગુજરાતી-હિન્દી સાથે કચ્છી ભજનો-પદો.

વજા ગોપાલ ગઢવી (બારોટ) (ઈ. ૧૯૧૬-૧૯૮૮) કચ્છી ઉપરાંત ગુજરાતી, હિંદી અને સંસ્કૃત રચનાઓ.

બ્રહ્માનંદસ્વામી (ઈ. ૧૭૭૨-૧૮૩૨) કચ્છી રચનાઓ પણ ભાકરશા પીર (નાડાપા-અબડાસા)

કલ્યાણી દેવી : ગઢશીશા(જ. ૧૮૭૮)ના ભજનસંગ્રહ 'અથ દેવીશ્રી ભજનભાસ્કર'(૧૯૨૭)માં ગુજરાતી અને હિન્દી ઉપરાંત વેદાંતવિષયક ૧૬ પદ છે.

૨૦મી સદી – કાફીઓ. (ભુજ) મીર જબ્બર (મીર જાફર) ૧૭મી સદી, મુંડિયા સ્વામી (દયાનંદગિરિ) અંજાર, અવસાન ૧૯૨૯, ડૉ. મૂળજી જેઠુ જોષી (૧૯૫૧) : 'છઠી જા લેખ', મૂળજી લક્ષ્મીદાસ સંપટ : 'કચ્છી કાવ્યકુંજ', રણછોડજી ખી. પુષ્કર્ણા (૧૮૯૫-૧૯૬૪) માંડવી;

રણમલ ગઢવી (શામળ) ઈ. ૧૮૬૨માં અવસાન (સરલી, વ્યંગ-કવિતા);

રતનજી રામકૃષ્ણ રાસ્તે (ઈ. ૧૮૮૯-૧૯૭૧) ભુજપુર : 'કચ્છજી જડીબુટીઉં';

રતુ ભાછા (રતનશી ખીમજી) : અવસાન-૧૯૫૦, ગુંદાળા;

રવાજી મૂળજી અયાચી (જન્મ ૧૯૦૩) મોળવદર;

લેખરામ મહારાજ (ઈ. ૧૮૭૪-૧૮૨૯), બાવા રામસંગજી (૧૯-૨૦મી સદી-સંધિ, કાફીઓ);

ઉસમાન બચલ ખુડખુડિયા, રાજકોટ, કચ્છી પિરોલીસંગ્રહના કર્તા (શિક્ષક – કેળવણી નિરીક્ષક), (૧૯મી સદીનો ઉત્તરાર્ધ : ૧૮૯૦માં હયાત);

નારાયણ બારોટ : 'બુઢે સાવજજો બરાપો' ઈ. સ. ૧૯૫૯માં હયાત – કારાણી અનુસાર સંતો અને કવિઓ.

કરીમઅલી જાફર : કચ્છી કાફીસંગ્રહ (૧૮૮૪) તેમ જ પિરોલીઓના રચયિતા, કાશીગર (૧૮૭૪-૧૯૩૪), ૧૯મી સદી પૂર્વાર્ધના શાયર ઉમ્મર, કવિ કેશવ – ૧૯મી સદી પૂર્વાર્ધ, ગોરધનદાસ દામોદર પવાણી (૧૮૫૪-૧૯૧૪) – માંડવી, ગરીબદાસ (૧૮૭૬-૧૯૫૬) : કાફીઓ, ગોસમહંમદ ઉર્ફે લખપતી પીર (ઈ. સ. ૧૮૦૦ના અરસામાં) : કૃષ્ણભક્તિનાં પદો માટે વિખ્યાત, જયકૃષ્ણ ઇન્દ્રજી (૧૮૪૮-૧૯૩૦) કચ્છી-ગુજરાતી-હિંદી રચનાઓ (સૌ. ગ્રંથમાળા), હરદાસ બારોટ (૧૯મી સદી, કાફી-બેતના રચયિતા), પૂંજા બારોટ (૧૯મી-૨૦મી સદી, કાફી-બેતના રચયિતા), જેરામ રવજી ભાગલિયા (ઈ. ૧૮૮૪-૧૯૪૩) : કચ્છી ઉપરાંત ગુજરાતી, હિંદી, મરાઠી કવિતા તેમ જ 'જડભરત આખ્યાન'ના રચયિતા – એમના નામે કવાલીસંગ્રહ પણ બોલે છે, ત્રિકમજી હરિરામ રાસ્તે (૧૮૫૨-૧૯૨૬) 'વિધવાશતક', સિંધનિવાસી સંત કવિ વિસનદાસ વિસનજી ચત્રભુજ ઠક્કર (૧૮૪૪-૧૯૦૪) 'અમરલાલચરિત્ર' (કચ્છીમાં)

રવિભાણ સંપ્રદાયના સંતકવિઓ :

ખીમસાહેબ (૧૭૩૪-૧૮૦૫) : (હો રામૈયા તોજા રંગ ઘણેરા રે – ઇત્યાદિ કાફીઓ અને ભજનો, મોરારસાહેબ (૧૭૫૮-૧૮૪૯), બિહારીદાજી : જન્મ ૧૭૪૮માં 'મોટી વયેં' – પુત્રજન્મ, વાંઢાયના ઈશ્વરરામજી (૧૭૮૯-૧૮૯૭) : કાફીઓ અને પદો, હરિસાહેબ (૧૮૪૦-૧૯૩૫) : પદો, દેવાજી જાડેજા (જન્મ ૧૯૧૬), તિલકદાસજી (વીરાણી) (ઈ. ૧૮૫૯-૧૯૧૬), ઇસ્માઈલ ઇબ્રાહીમ મૌલવી (૧૯મી સદી – ઉત્તરાર્ધ-સંગરના 'સર્વપ્રથમ' જણાયેલા રચયિતા.)

પ્રેસના અભાવે વાચકવર્ગની અત્યલ્પતાની સ્થિતિમાં કચ્છમાંથી કોઈ કચ્છી તો ઠીક ગુજરાતી સામયિક કે છાપું પણ ત્યારે ન પ્રગટે એ સમજી શકાય છે. એમ છતાં જીવરામ અજરામર ગોરે કચ્છમાંથી 'સરસ્વતી-શૃંગાર' નામક સામયિક ૧૯મી-૨૦મી સદીના સંધિકાળે ભુજમાંથી પ્રગટ કર્યું, જેનું મુદ્રણ અમદાવાદમાં થતું. મુખ્યત્વે ગુજરાતી સામગ્રીથી સભર આ સામયિકમાં કચ્છી કાવ્યો પણ પ્રગટ થતાં અને ક્યારેક કચ્છી કાવ્યસ્પર્ધાઓ પણ યોજાતી, જેમાં કવિ રાઘવ જેવા પણ ભાગ લેતા. વીસમી સદીના પ્રથમ ચરણમાં કારાણી, મકબૂલ વગેરેનાં કચ્છી કાવ્યો મુંબઈથી પ્રગટ થતાં, 'સ્વદેશ' જેવા ગુજરાતી સામયિકમાં છપાતાં. આ સામયિકના તંત્રી શ્રી મહેશ્વરી કચ્છી હતા.

દુલેરાય કારાણીનું કચ્છી ભાષાના વિકાસમાં યોગદાન :

કચ્છી ભાષાને વિપુલ પ્રશિષ્ટ સાહિત્ય-સર્જન દ્વારા સમૃદ્ધ કરવાનો યશ દુલેરાય કારાણીને જાય (ઈ. સ. ૧૮૯૬-૧૯૮૯). કચ્છ બહાર તો કચ્છી સાહિત્ય એટલે દુલેરાય કારાણી, એવી જાણ હતી ! વળી એમનું ગુજરાતી સાહિત્ય પણ પ્રચુર અને ધ્યાનપાત્ર રહ્યું. કારાણી સતત સર્જન, રાજ્યાશ્રય, પછી પરોક્ષ સંસ્થા-આશ્રય તેમ જ પ્રોત્સાહનને કારણે પહેલેથી જ પ્રકાશમાં આવ્યા અને રહ્યા. વળી મૌલિક સર્જનની પહેલાં તેમ જ હારોહાર લોકસાહિત્ય અને ઇતિહાસ-સંબંધિત ('કચ્છ-કલાધર') સંગ્રહ-સંપાદનની તેમની અઢળક કામગીરીએ એમને પ્રસિદ્ધિ તેમ જ લોકપ્રિયતા અર્પી. ઝવેરચંદ મેઘાણી જેવા ખમતીધર લોકસાહિત્યવિદ તેમ જ વિવેચક-પત્રકારની કલમે એમને 'જન્મભૂમિ' જેવા મુંબઈ-ગુજરાતનાં સાહિત્યવર્તુળોમાં પોંખાવાનો લાભ પણ મળ્યો. આ કારણોસર કચ્છીના કવિકુળગુરુ તરીકે એમની આપોઆપ સ્થાપના થઈ ગઈ. વળી વિધાતા-દીધા દીર્ઘાયુષનો પૂરેપૂરો હિસાબ એમણે અંતિમ દિન સુધી સાતત્યપૂર્ણ સર્જન કરતા રહીને આપ્યો.

મુન્દ્રા જેવા ધૂળિયા શહેરમાં જન્મેલા દુલેરાય લાખાભાઈ કારાણીનું સર્જન સમયના દીર્ઘપટલ પર નિત્યવિકાસશીલ રહી શકેલું. કવિતાનો આરંભ એમણે

કચ્છના ઇતિહાસ તથા દંતકથાઓ દ્વારા સાંપડેલ પ્રસંગોના આલેખનથી કરેલો. વીર, કરુણ, રૌદ્ર, અદ્ભુત રસોના આલેખનમાં એમને વિશેષ ફાવટ હતી. મર્યાદા-પુરુષને છાજે તેવો શૃંગાર પણ કાવ્યવિષય બને, સાથે કચ્છ-ભૂમિનાં ગુણગાન, સામાજિક સુધારણા, ક્વચિત્ પ્રગતિવાદ-સમાજવાદનો સ્પર્શ (મૂડી અને મજૂરી), કચ્છ-દરિયાવટનો પરિવેશ એમની કવિતામાં આવે. પરંતુ યુગપરિવર્તનની અસરો પણ એમણે આશ્ચર્યપ્રેરક ઢબે ઝીલી. 'ચાયને છાય'ની સંગર રચના, વૃદ્ધ કવિ 'રાત' જેવી નૂતન કલ્પનોથી મંડિત ઝલક લખે, 'કાગડો બોલેતો કબ્રસ્તાનમેં' અને 'ઉબાકી' (બગાસું) જેવી રચનાઓ પણ. ક્યારેક અછાંદસ રચના પણ એમણે સર્જી. તો 'માડુ કમાલ તો કરે' – જેવી રચનામાં ચંદ્ર પર પગ મૂકનાર માનવને બિરદાવ્યો. એક બાજુ એમણે દલપતરામ અને નર્મદની જેમ, તો બીજી બાજુ ઝવેરચંદ મેઘાણી જેવી લોકસાહિત્ય-સેવા પણ કરી. ચાર કચ્છી નાટકો પણ આપ્યાં (૧૯૬૯થી ૧૯૭૨), તો 'બાલ-આખાણી' – શીર્ષક બાળવાર્તા-સંગ્રહ પણ આપ્યો. કચ્છી કહેવતો, પિરોલીઓ તેમ જ સંક્ષિપ્ત શબ્દકોશ પણ આપ્યો. ગીતાનો અનુવાદ પણ આપ્યો.

કારાણીના કવિતાસંગ્રહો :

૧.થી ૫. છારાણી કાવ્યકુંજ' ભાગ ૧થી ૫ (૧૯૩૫-૩૮-૪૮-૭૦-૭૧)

૬. 'કચ્છી કિસ્સા બાવની' (૧૯૩૮)

૭. 'હરિજનબત્રીસી' (૧૯૩૨-૫૯)

૮. 'સોનલબાવની' (૧૯૬૫)

૯. 'મહાવીરબાવની' (૧૯૭૭)

૧૦. 'મિઠે મેરાણજા મોતીડા' (૧૯૮૪)

તદુપરાંત એક બૃહદ્ કાવ્યસંગ્રહ એમના પુત્ર પાસે અમદાવાદમાં અપ્રગટ પડેલો છે.

ઉત્તર-કારાણી-યુગમાં મુખ્ય કવિઓમાં પ્રતાપરાય ત્રિવેદી, ચંદુભા જાડેજા, કવિ અબ્દ, અબ્દુલ્લા રૂંઝા, પ્રીતમલાલ કવિ (જોશી), પ્રાણગિરિ ગોસ્વામી, દયારામ નાકર, માધવ જોશી 'અશ્ક' એ કવિઓએ પરંપરાને આગળ વધારી તેમ જ એમાં મંથર ગતિએ પણ ઉત્તરોત્તર થોડુંથોડું નાવીન્ય આણ્યું.

પ્રતાપરાય ત્રિવેદીના કાવ્યસંગ્રહો 'કચ્છી કાવ્યકલાપ' ભાગ-૧ (૧૯૫૮), 'મોરજો મલાર', 'કલાધર કૃષ્ણ' (૧૯૬૭) મળ્યા છે. જાડેજી કચ્છી તો એમણે પણ પ્રયોજી છે, પણ કચ્છી ભાષામાં પ્રથમ વખતે વર્ણમાધુર્ય તેમ જ નાદસૌન્દર્ય એ લાવ્યા એ નોંધવું રહ્યું. 'કલાધર કૃષ્ણ'માં એનું પ્રમાણ વિશેષ માત્રામાં છે. કારાણીને બાદ કરતાં હાસ્યકવિતા પણ એમના જેટલી કોઈએ નહોતી સર્જી ! 'ધ ન્યૂઝ' (અથવા 'નારદ ઉવાચ') તો આજ સુધી અદ્વિતીય રહ્યું છે. આ દીર્ઘ કાવ્યમાં આકૃતિ પરંપરાગત રહી છે, પણ વિભાવના અને વિષય એમાં નૂતન છે. ખાસ કરીને અંગ્રેજી શબ્દોનો કચ્છી કાવ્યમાં આટલા મોટા પ્રમાણમાં વિનિયોગ બીજા કોઈએ નથી કર્યો (જે અકૃત્રિમ પણ છે). વિષય પરત્વે વતનપરસ્તી, ભક્તિ, નીતિબોધ, તત્ત્વદર્શન, પરોક્ષ સમાજસુધાર જેવી વિવિધતા, તો રસ પરત્વે શૃંગાર, વીર, હાસ્ય, અદ્ભુત, ક્વચિત્ રૌદ્ર અને સારા પ્રમાણમાં શાંત રસ ત્રિવેદીએ રેલાવ્યા છે. કારાણીની જેમ વર્ણનાત્મક આલેખનની એમને પણ ફાવટ છે.

ચંદુભા જાડેજાના કાવ્યસંગ્રહ 'પ્રસાદી'માં ગુજરાતી તથા વ્રજ ભાષાની સાથે કેટલી સારી કચ્છી રચનાઓ સમાવિષ્ટ છે. (પાંચમી આવૃત્તિ, ૧૯૮૦.) એમની ભાષા જાડેજી, બાની તેમ જ વિષય પરંપરાગત ઈશસ્તુતિ (વિશેષે 'અંબ'-સ્વરૂપની) તત્ત્વબોધ, નીતિબોધ ઇત્યાદિ છે. આકૃતિ પરત્વે ડિંગળ છંદો, કાફી-ભજનનો સહજ વિનિયોગ થયો છે. 'પ્રલાપ-પચીસી' એ તત્ત્વબોધમાં રાચતી, ઉચ્ચ સ્તરની ચોટદાર કુંડલિયા-બદ્ધ રચના છે. કોઈ-કોઈ રચનાઓમાં એમણે સંસ્કૃત પરંપરાના છંદો પણ પ્રયોજ્યા છે. એ સિદ્ધહસ્ત હરિકથાકાર હતા અને કચ્છીમાં પણ હરિકથા કરતા. આકાશવાણી – ભુજ ઉપર તેમ જ ક્યારેક 'કચ્છ કલામ' સામયિકમાં પણ લિખિત કચ્છી હરિકથા સાંપડી છે. અબ્દુલ્લા રૂંઝાએ

ગુજરાતી ઉપરાંત થોડી કચ્છી ગઝલો પણ લખેલી, જે પત્ર-પત્રિકાઓમાં સાંપડી, પણ પુસ્તક ન થયું. પ્રાણગિરિ ગોસ્વામીએ પરંપરાને પગલે કચ્છ-ભક્તિની તેમ જ કોઈ-કોઈ પ્રકૃતિવર્ણનની અને પ્રસંગલક્ષી કવિતા સંગર અને પદમાં લખી.

કારાણીના અનુગામીઓમાં પ્રતાપરાયની જેમ મહત્ત્વનું કવિનામ કવિ અબ્દ સુલેમાન તુરિયા આવે છે. મકબૂલ કચ્છી પછી ગઝલક્ષેત્રે સંગીન અને અદ્યાપિ સર્વાધિક એવું ખેડાણ એમના હાથે જ થયું છે. ભલે એમની ગઝલો સંગ્રહસ્થ ન થઈ પણ 'સ્વદેશ', 'કચ્છ કલાંમ', 'કુંજલજી કુણકાર' આદિ પત્રિકાઓમાં સવિશેષ, 'કચ્છમિત્ર'માં તો પાંચેક દાયકાઓ સુધી છપાતી રહી. એકમાત્ર 'જિંદગી'નામક નાની પુસ્તિકા એમની પ્રગટ થયેલી ખરી. એમ તો અન્ય સ્વરૂપની 'મોરમજાં હકધાર'નામક ગઝલ પણ પ્રગટ થયેલી. 'કચ્છમિત્ર'માં ભક્ત કડવાજીના ઉપનામથી 'કડવાજીની વાણી' શીર્ષક હેઠળ વિવિધ પરંપરાગત ટૂંકાં કાવ્યસ્વરૂપોમાં એમની પ્રાસંગિક-સામયિક કટાક્ષ-વ્યંગની પદ્યરચનાઓ પણ કૉલમના રૂપમાં ચાલતી રહેતી. ગઝલનાં છંદ-માપ, ઇબારત, ચુસ્તી, મિજાજ, જજબાતી ખૂબી – તમામ તત્ત્વો પર એમનું જબરું પ્રભુત્વ હતું. અબ્દ ઉપરાંત દયારામ નાકર 'મંગલ' દ્વારા પણ ગઝલનું ખેડાણ ઉત્કૃષ્ટ રૂપે થયું છે. તગઝ્ઝુલના એ પણ માહિર હતા. (એમનો કાવ્યસંગ્રહ 'ખુમારી' ઇત્યાદિ – (૨૦૦૬.)

આ જ પેઢીના અદ્યાપિ વિદ્યમાન શ્રી પ્રીતમલાલ કવિએ (જન્મ ૧૯૩૨) સફળ ગઝલો ઉપરાંત ગીત-સ્વરૂપમાં પણ સુંદર પ્રદાન કર્યું છે, જેમાં પ્રણય ઉપરાંત પ્રકૃતિસૌંદર્યનું ઉમદા આલેખન નોંધપાત્ર છે.

એમની જેમ આજે પણ હયાત કવિ શ્રી માધવ જોશી 'અશ્ક'ની કાવ્યબાની રૂઢ પરંપરાથી નોખી પડે છે. અન્ય કવિઓએ અબડાસાની જાડેજી બોલીને કાવ્ય-વાહન બનાવી છે ત્યારે આ વિલક્ષણ કવિએ બન્ની-લખપત-વિસ્તારની તળપદી મીઠી સિંધીથી પ્રભાવિત ગ્રામીણ બોલી ખપમાં લીધી છે. આ કવિના કાવ્યસંગ્રહોના નામ છે : 'લેર્યું', 'સંભરે મૂંકે સેણ'. વિષય-વ્યાપમાં સામાજિક નિસબત (concern) તેમ જ પ્રતિબદ્ધતાનો ઉદ્રેક પણ સમાવિષ્ટ છે. અન્યથા કચ્છ-પ્રીતિ, કૃષ્ણ-કવિતા, પ્રણય, નીતિબોધ, ભક્તિ આદિ પરંપરાગત વિષયોનું કાવ્યસર્જન છે. તદુપરાંત સર્વાધિક પ્રમાણમાં મિલનશૃંગારની રચનાઓ પણ એમણે કરી છે. સ્વરૂપ પરત્વે કાફી, બેત, દુહા, લોકઢાળ, પ્રભાતી, ઉપરાંત ગઝલ પણ એમણે અપનાવી છે. પેઢીના અન્ય કવિઓમાં પંડિત કવિ જેઠમલ હરિરામ ઠક્કર (૧૯૨૦-૧૯૭૬) પણ વિશેષ ઉલ્લેખ માગે છે. એમની દુહા, બેત, મુક્તક જેવી સંગૃહીત નહિ થયેલી રચનાઓ 'કચ્છ કલામ' સામયિકના અંકોમાં વેરાયેલી છે.

પ્રતાપરાય-અબ્દની પેઢીના અને આજે વિદ્યમાન અને સતત સર્જનશીલ એવા કવિ તેજપાળ ધારશી શાહ ઉર્ફે 'તેજ' દુલેરાય કારાણી પછીના સર્વાધિક જ પ્રતિભાસંપન્ન લોકપ્રિય કવિ છે. (જન્મ ૧૯૩૭.) એમના આજ સુધીમાં ૨૬ કાવ્યસંગ્રહો પ્રકાશિત થયેલ છે.

'તેજ જો અવાજ' ભાગ ૧થી ૫ (૧૯૭૫), 'કલીયાર', 'કતિયુ', 'વિલાપજી વાણી', 'ધર્ધજી વાણી', 'ટોટોડી ટઉકા કરે', 'સેલોર', 'વિરાંઢ', 'સિંજા', 'ઝાડ પાંજા જિંધગાની', 'વસંધી', 'વસીલો', 'ઢીંચો', 'પાલર', 'ચંગ', 'પખી પાંજા સખી', 'પિરભ', 'પાંધોરો' (૨૦૧૦). પછીથી કવિના ૨૦ સંગ્રહોમાંથી બૃહદ્ સમસ્ત કવિતા-સંગ્રહ 'તેજવાણી' નામથી ઈ. સ. ૨૦૦૮માં પ્રકાશિત થયો છે, જે કચ્છી કવિતામાં સૌથી વિપુલ કાવ્યસંગ્રહ છે.

ઈ. સ. ૨૦૦૩માં આ કવિની એક વિલક્ષણ, ભાતીગળ તેમ જ અનન્ય બૃહદાકાર, સુમુદ્રિત, સચિત્ર કૃતિ પ્રકાશિત થઈ, જે પદ્ય તેમ જ ગદ્ય બંનેમાં સર્જાઈ છે : 'પખિયનજી પિરોલિયું'. કચ્છમાં જોવા મળતાં સ્થાનિક તેમ જ પ્રવાસી પ્રતિવર્ષનાં 'અતિથિ' એવાં પક્ષીઓનો વૈજ્ઞાનિક ઢબે પરિચય આ ગ્રંથમાં ગદ્યમાં વિસ્તારથી તેમ જ આરંભે દુહા કે મુક્તક દ્વારા અપાયો

છે. આ પ્રકારનાં કાવ્યોમાં પણ અવારનવાર લાઘવ ઉપરાંત કવિત્વ-પ્રકર્ષ પણ ગોચર થાય છે. કચ્છી ભાષાના ગદ્યમાં પણ કવિની સરળ સચોટ પ્રવાહી ભાષાશૈલીને કારણે આ એક અપૂર્વ યાદગાર પ્રદાન બન્યું છે. આના અનુસંધાને પક્ષીઓ વિશેનું એક અન્ય પ્રકાશન પણ 'પખી મુંજા સખી' શીર્ષકથી મળ્યું છે, જેમાં પક્ષીઓનો વિશેષ પરિચય સમાવિષ્ટ છે. કચ્છની ભાતીગળ સંસ્કૃતિ, કચ્છી માડુનાં સુખ:દુખ, ગુણવિશેષ, એની ખાસિયતો, ખૂબીઓ (તેમ જ મર્યાદાઓ ને ખામીઓ સહિત), એનાં અરમાનો, સંવેદનો અને વ્યથાઓ, એનો સંઘર્ષ, એનાં વિષાદ અને હાસ્ય, અભિલાષાઓ, ખમીર ને ખુમારી અને આસ્થા - ટૂંકમાં એનાં જીવન તેમ જ દર્શન સાથે આટલા પ્રમાણમાં ઓતપ્રોત થઈને કચ્છી સમાજ, સભ્યતા અને સંસ્કૃતિનું નિશેષ આલેખન કરનાર બીજો કોઈ સર્જક થયો નથી. આખેઆખા યુગની ઝાંખી અને હવે ક્રમશઃ ક્ષીણ થવાની દહેશત ધરાવતી કચ્છીયતની છબિ ઝીલીને એક ઐતિહાસિક અને દસ્તાવેજી જીવંત કવિત્વ-મંડિત રજૂઆત કાળસંદૂક સમી કવિ તેજે કરી છે. એક વિશ્વજનીન અખિલાઈનો પરમ અને આધ્યાત્મિક સ્પર્શ એની કવિતાને વ્યાપકતા અને ચિરંજીવિતા બક્ષે છે.

આ જ સમયમાં પ્રકાશમાં આવેલા કેટલાક અન્ય કવિઓને સંભારીએ તો કવિ કાનજી કોચરા, ('મામૈદેવપુરાણ'નાં લેખક-સંશોધક) વાલબાઈ કટારિયા, દેવરાજ માતંગ, રતનબાઈ લક્ષ્મીનારાયણ જોશી ઇત્યાદિ. ભાષાશાસ્ત્રી કવિ શિવાજી બારોટ જુદો ઉલ્લેખ માગે. એમણે ત્રિપદી સંગર, કાફી ઇત્યાદિમાં અલ્પ પણ બળૂકું સર્જન કર્યું છે. વિશેષતઃ ગઝલમાં થોડુંક વધુ પ્રમાણમાં કામ કર્યું છે. છંદો ઉપર એમનું પ્રભુત્વ દર્શાવે તેવી બેએક રચનાઓ પણ સાંપડી છે. જોકે એમનું વિષય-વસ્તુ પરંપરાગત – અતીતોન્મુખ રહ્યું. આ બધા જ કવિઓની રચનાઓ 'કચ્છ કલામ' સામયિકમાં જ પ્રકાશિત થયેલી. એક વયોવૃદ્ધ કવિ નટવરલાલ બૂચની કોઈ-કોઈ રચનાઓ 'કચ્છ કલામ'માં પ્રગટેલી. તે પછી ત્રણેક વર્ષમાં એમના ત્રણ કાવ્યસંગ્રહો પ્રગટ થયા છે, જેમાં કોઈ-કોઈ કચ્છી કાવ્યો સંગ્રહિત છે. પરંપરા ઉપરાંત પ્રાસંગિક તેમ જ અદ્યતન સમય સાથે જાણે કાંઈક તાલ એ મેળવી લેતા જણાય. હાસ્યરચના પણ એમાં સમાવિષ્ટ.

પણ પ્રતાપરાયથી 'તેજ' પછીની હરોળની વાત કરવી હોય તો સાંપ્રત કચ્છી કવિતાનો બદલેલો નકશો જોવા મળે છે. એ કવિઓ છે ઓસમાન સાટી, મદનકુમાર અંજારિયા, અમૃત ગંગર (અંશતઃ કવિ તેજ), ગુલાબ દેઢિયા, વિશન નાગડા અને રવિ પેથાણી. (વિવેચન-સમીક્ષા પરત્વે પ્રભાશંકર ફડકે પણ).

ઓસમાન સાટીએ મુખ્યત્વે ભગ્નપ્રેમ-દર્દનાં 'ગાન ગાયાં' છે, પણ ગીત કે ગઝલમાં નહિવત્, અછાંદસમાં વધારે. ક્યારેક જ ગઝલમાં એકાદ માડી ગામની કરુણ કહાણી કથતા કાવ્ય અને કોઈ-કોઈ સંગર સિવાય વિષયવૈવિધ્ય એમાં નથી. સીમાચિહ્નરૂપ કવિતા-પ્રકાશન સાટી-કૃત 'બ વાટું' મુંબઈના ડૉ. ગિરીશ વીદીવોરા દ્વારા સન ૧૯૮૭માં થયું.

આધુનિક ગુજરાતી વાર્તાકાર બાબુ છાડવાની પણ એંસીના દાયકામાં કેટલીક અછાંદસ રચનાઓ 'કચ્છ કલામ'ના વિવિધ અંકોમાં પ્રગટ થયેલી.

ગુજરાતીમાં સમૃદ્ધ ગઝલના સર્જન દ્વારા કવિ વ્રજ ગજકંધે મોટી વયે કચ્છીમાં પણ ગઝલો રચી છે, જેમનો સંગ્રહ 'મંધિયાણી' શીર્ષકથી (૧૯૮૯) પ્રગટ થયો છે. આ શાયરનો ગઝલના અરૂઝ ઉપરનો કાબૂ દૃષ્ટાંતરૂપ છે. ગઝલ ઉપરાંત 'કચ્છી સંગર'નામક કાવ્યસ્વરૂપ ઉપર પણ એમણે અધ્યયન તેમ જ સર્જન કર્યું છે. છેલ્લે-છેલ્લે અછાંદસના સ્વરૂપમાં પણ એ લખતા રહ્યા છે. આવા જ પ્રૌઢ કવિ કોઈમ્બતુરના દેવેન્દ્ર પાલેજા 'ઉશના'એ પણ થોડી ઉત્તમ ગઝલો માત્ર કચ્છીમાં પણ રચી છે એ નોંધપાત્ર છે. મુશાયરાના સંચાલક તરીકે જેમની નામના પ્રસરી છે તેવા વિદ્વાન કવિ જયંતી જોશી 'શબાબ' દ્વારા ઉમદા કાવ્યસર્જન ગુજરાતી-હિન્દી ઉપરાંત કચ્છીમાં થયું છે. વિશેષ સર્જન ગઝલમાં કર્યું છે. 'શબ્દ ખંડિયેર'નામક સંગ્રહમાં (સન

૧૯૯૦) શ્રી 'શબાબ'નાં ગુજરાતી, હિન્દી તેમ જ કચ્છી કાવ્યો સમાવિષ્ટ છે.

કાવ્યસંગ્રહ નહિ પ્રગટવા છતાં નામી કચ્છી શાયર તરીકે સુપ્રતિષ્ઠિત થનાર અરુઝ અને તગઝ્ઝુલમાં કુશળ એવા પ્રૌઢ અન્ય કવિ છે હુસેન ખત્રી – 'કમર કચ્છી'. એમની એક ગઝલ 'વિનેંતા' વિશેષ છવાઈ ગઈ છે. એમની રચનાઓ 'કચ્છ કલામ', 'કુંજલજી કુણકાર'ના વિવિધ અંકોમાં પ્રકાશિત થઈ છે.

મદનકુમાર ઉપરાંત પ્રકાશનદૃષ્ટિએ અનુગામી એવા અત્યંત મહત્ત્વના કવિ છે મણિલાલ ગાલા. અભિવ્યક્તિની દૃષ્ટિએ અછાંદસમાંથી આરંભ પામેલી આધુનિક અસરનો કચ્છીમાં સૂત્રપાત કર્યો અમૃત ગંગરે. 'કચ્છ કલામ'માં જ પ્રગટ થયેલાં થોડાંએક અછાંદસ કાવ્યોમાં નગરજીવનની સંવેદનાનું આક્રોશપૂર્વક વ્યંજનાના પ્રકર્ષ દ્વારા તારસ્વરૂપે આલેખન કરનાર ગંગરે પ્રગતિવાદનો પણ અણસાર આપ્યો છે. સિનેમેટોગ્રાફીના તજ્જ્ઞ અને ફિલ્મ-નિર્માણ તેમ જ ફિલ્મ-વિવેચક તરીકે આંતરરાષ્ટ્રીય સ્તરે પહોંચેલા આ 'વિચાર-કવિતા'ના ઉત્કૃષ્ટ કવિએ એંસીના દાયકા પછી કચ્છી-ગુજરાતી સાહિત્યમાંથી ક્ષેત્રસંન્યાસ લીધો છતાં એમની સર્જક પ્રતિભાના બળે એમનું નામ કચ્છી સાહિત્યમાં અંકિત થઈ ગયું છે. મુખ્યત્વે બાની અને અભિવ્યક્તિ પરત્વે આધુનિકતાને આગળ વધારનાર કવિઓમાં ખ્વાબ, ગજકંધ, 'શબાબ', 'કમર કચ્છી' ઉપરાંત વિશન નાગડા તેમ જ રવિ પેથાણી પણ આવે. એમ તો અભિનવ ગીતકવિ સાંગા સુરા રબારી અને અમુક અંશે સૌથી યુવાન અને 'તાજો' કવિ જયેશ ભાનુશાલી પણ આવે. પણ અછાંદસમાં જ સર્જન કરનાર કવિ મણિલાલ ગાલા આધુનિકતાને અને કદાચ અનુઆધુનિકતાને પણ ઊંડળમાં લેનાર વિલક્ષણ સર્જક છે. એમના બે કાવ્યસંગ્રહ 'સંજીરેમેં ધબલ પીરા' (ગોખલામાં ધરબાયેલી પીડા) અને 'અલેફ્રી)' છે.

એક મૂળે ગુજરાતી ગીત-કવિ મહેશ સોલંકી 'બેનામે' પણ પોતાની મૂળ ગુજરાતી થોડી રચનાઓનો કચ્છી અનુવાદ કરીને પ્રગટ કરેલો. સીધી કચ્છીમાં પણ રચના કરી છે. એમના સંગ્રહનું શીર્ષક છે 'મલાર' (૧૯૯૭). આ કવિની થોડી ગઝલો પણ સાંપડી છે. ભુજ-રાજકોટ આકાશવાણી કેન્દ્રો પરથી એમની ગીત-રચનાઓ પ્રચુર માત્રામાં સ્વરાંકિત થઈને પ્રસ્તુત થઈ છે. ગેયતા અને વાણીમાધુર્યપૂર્ણ લય પર એમનું પ્રશંસનીય પ્રભુત્વ છે.

અછાંદસ કાવ્યસ્વરૂપમાં આધુનિક બાનીનો તેમ જ આલેખનનો આવિષ્કાર પ્રચુર માત્રામાં સર્વાધિક કવિત્વપ્રકર્ષ સાંપડ્યો. મુંબઈના કવિ ડૉ. ગુલાબ દેઢિયા પાસેથી એમનો કાવ્યસંગ્રહ 'અણોસાર' (૧૯૯૦) મળે છે. અછાંદસમાં પણ ઉત્તમ સૂક્ષ્મ લય સિદ્ધ થઈ શકે એ વાતનું પ્રમાણ દેઢિયાની કવિતા આપે છે. નગર-કવિતા તેમ જ 'નોસ્તાલિજ્યા' એ પણ એમની કવિતાની વિશેષતા છે. વિચારપ્રધાન કવિતાની ખાસ્સી ઊંચાઈ આ કવિએ સાધી છે. મુંબઈના જ નિવાસી બીજા પ્રતિભાસંપન્ન કવિ ડૉ. વિસનજી નાગડાના ત્રણ કાવ્યસંગ્રહ 'સોજાંખો સાઓ' (૨૦૦૨) અને 'મીં' (બાલકાવ્યો) (૧૯૯૬) પ્રગટ થયા છે. દેઢિયાની જેમ નગરકવિતા એમણે પણ આપી જ છે. પણ એમની પ્રતિભાનો ઉત્કર્ષ જોવા મળે છે પ્રકૃતિ-સૌંદર્યની કવિતામાં. વિશેષે વર્ષાવર્ણનમાં એમની કલમ ખરી ખીલે છે. પ્રકૃતિ-સૌંદર્ય ઉપરાંત ગીતકવિતા એ વિસનજી નાગડાનું ચિરસ્થાયી પ્રદાન છે. કચ્છીનાં ઉત્તમ બાળગીતો એમની પાસેથી સાંપડ્યાં છે. રવિ પેથાણી 'તિમિર' તરફથી 'અપાકે', 'વતર', 'નીણાઈ' એ ત્રણ કાવ્યસંગ્રહો મળ્યા છે. ગઝલ ઉપર તેમની હથોટી છે.

અન્ય આશાસ્પદ આધુનિક કવિ કિશોર શાહ છે, જેમનાં થોડાં કાવ્યો 'પગદંડી'માં પ્રગટ થયાં છે. બીજી બાજુ પરંપરાગત કવિતાપ્રવાહમાં વહેનારા કવિઓ તરીકે પબુ ગઢવી 'પુષ્પ', જયંતી ગોર 'જખ્મી' ('ઉંધાણ') (૧૯૯૪), હસમુખ અબોટી, ('ધરિયાજા

ભીડા' – ૧૯૯૪), જગદીશ ગોર 'શરમાળ' અને ગૌતમ જોશી જેવા કવિઓએ ગઝલનુમા તેમ જ અછાંદસ રચનાઓ પર કલમ અજમાવી છે. જયેશ ભાનુશાલી કચ્છીના સૌથી નાની વયના અને આશાસ્પદ કવિ છે. 'અખિયું' અને 'ઉજાકો' એ ભાનુશાલીના કાવ્યસંગ્રહો છે. રમેશ ભટ્ટ 'રશ્મિ'નો સંગ્રહ 'સીરાણ' (૧૯૮૮) નામે સાંપડે છે. એમની મુખ્ય ઓળખ વાર્તાકારની છે.

ગઝલમાં એક મહત્ત્વનું નામ મૂલશંકર જોશી 'બેરંગ' (જાન્યુ. ૨૦૦૧) છે, તો જગદીશ ગોરે એક જ વિષય ભૂકંપ પરત્વે નાનો સંગ્રહ આપીને ધ્યાન ખેંચ્યું છે, જ્યારે મુંબઈના મણિલાલ રાંભિયા અને માધવ ઠક્કરે હાસ્યકવિતાનું લોકરંજક ખેડાણ કર્યું છે. રતિલાલ ઉર્ફે 'રશ્મિન' ખોનાએ ૪-૫ કાવ્યસંગ્રહો આપ્યા છે. નેણશી ભાનુશાલી 'જાની' ('ચંધર'), ડૉ. કાંતિ ગોર 'કારણ', પી. જી. સોની 'દાસ', ઇબ્રાહીમ લુહાર 'ગુલશન', ('ગુલશન જ્યું સંગરું'), સેન્ડી ઠક્કર, વગેરે પણ વર્તમાનપત્ર-પત્રિકાઓમાં કાવ્યો પ્રગટ કરે છે. શ્રી નેણશી ભાનુશાલી પાસેથી 'ભેરપો' તેમ જ હરેશ દરજી 'કસભી' પાસેથી 'કાલર', 'જરોર અસાંગરો'- નામક સંગ્રહો પણ સાંપડ્યા છે. લાલજી મેવાડા 'સ્વીન' ('વાછંઢ'), બિહારીલાલ અજાણી, ભરતકુમાર મોતા, હિંમત જોશી, ચન્દ્રવદન મહેતા, કલાધર મુતવા પણ પ્રવૃત્ત છે.

મુંબઈસ્થિત કવિઓમાં ગુલાબ દેઢિયા, વિસનજી નાગડા, રાંભિયા, ગંગરે વિશેષ પ્રકર્ષ દાખવ્યો છે. હવે કચ્છમાં વિશેષ રહેતા લીલાધર ગડાએ ઉર્દૂ-ગુજરાતી સાથે કચ્છીમાં પણ ક્યારેક સર્જન કર્યું છે. વાર્તાકાર ડૉ. ગિરીશ વીછીવોરા ક્યારેક (જ) કાવ્ય પણ સારું સર્જે છે. મહારાષ્ટ્રના યવતમાળમાં રહીને કચ્છી કવિતા અને વાર્તાક્ષેત્રે સતત સાહિત્યોપાસના કરનાર ઉત્તમ તસ્વીરકાર, ચિત્રકાર આનંદકુમાર આડેના બે કાવ્યસંગ્રહો પ્રકાશનને પંથે હોવાના સમાચાર સાંપડ્યા છે.

કચ્છીમાં ગદ્યલેખન ૧૯મી સદી પછી મંદ પગલે આવ્યું. સન ૧૮૯૨માં કરમઅલી નાનજિયાણીનો કચ્છી કહેવતસંગ્રહ – 'કચ્છી સુકેણી' પ્રગટ થયો. તેની પ્રસ્તાવના કર્તાએ કચ્છીમાં લખી. એ અદ્યાપિ જ્ઞાત પ્રથમ જ કચ્છી ગદ્યલેખન હતું. તે ગદ્ય-પદ્યનું મિશ્રણ કહેવાય એવા 'સલોકા' (વીર-ગાથા), વ્રતકથાઓ, ડોસીમાની વારતાઓ, બાલવાર્તાઓ ('બાર આખાણી'), હરિકથાઓ વગેરેમાં ગદ્ય પ્રયોજાતું ખરું, પણ મૌખિક રૂપે.

ગદ્યસર્જનની પ્રથમ પ્રેરણા ૧૯૬૫માં ભુજ આકાશવાણી કેન્દ્રની સ્થાપના પછી થઈ અને ક્રમે-ક્રમે રેડિયો નાટક તેમ જ ટૂંકી વાર્તાઓ સર્જાતી થઈ. અહીં વાર્તાને બદલે નાટકનું આધિક્ય રહ્યું. પહેલું પ્રાકટ્ય શ્રી રામ ક. ઠક્કરની વાર્તા 'મિઠડો વતન મૂંકે'નું સન ૧૯૬૬માં આકાશવાણી દ્વારા થયું. જોકે માંડવીના કવિ ઇબ્રાહીમ પટેલ ૧૯૨૩માં 'મકભૂલ કચ્છી'નું નાટક 'વીર કકલ' કચ્છીનું પ્રથમ નાટ્યસર્જન ગણાય. લાલજી નાનજી જોશી લિખિત નાટ્ય-શ્રેણી સન ૧૯૧૦થી મુંબઈમાં વર્ષો સુધી ભજવાતી રહેલી. એમાંનાં થોડાં ગુજરાતી સાથે કચ્છી નાટક નલિયામાં પણ ભજવાયેલાં, પણ કોઈ લિખિત હસ્તપ્રત સાંપડી નથી, એટલે લોકશ્રુતિ એ જ ગણીએ તો આધાર. મકભૂલ પછી દુલેરાય કારાણી પાસેથી ૧૯૬૯થી ૧૯૭૨ સુધીમાં ચાર નાટકો ઐતિહાસિક કથાવસ્તુ ઉપર મળ્યાં : 'જાડેજા વીર ખેંગાર', 'જામ અબડો', 'જગડુ દાતાર' અને 'ઝારે જો યુદ્ધ'. ભાષાશૈલી અને સંવાદ એમના નાટકોનું બળકટ પાસું છે, પણ મંચનની દૃષ્ટિએ મર્યાદા પણ છે. સાહિત્યિક ઇતિહાસની દૃષ્ટિએ એમનું મૂલ્ય ઘણું છે. આ પછી ૧૯૯૩માં જટુભાઈ પનિયાનો 'ઓખી ધી' શીર્ષકથી એકાંકી-સંગ્રહ સાંપડ્યો. આ તેમ જ જેઠાલાલ જોશીનો નાટક-સંગ્રહ 'મીંઢળબધો હથ' (૨૦૦૭) મંચનકસબની અપેક્ષા સંતોષે છે. જોશીનાં નાટકો ઇતિહાસ-મૂલક તેમ જ સામાજિક વિષય-વસ્તુ પર આધારિત છે. પણ સૌથી નોંધપાત્ર નાટ્યલેખક છે ડૉ. કાંતિ ગોર, જેમનું નાટ્યશાસ્ત્રનું અધ્યયન એમાં

ભારે ખપ લાગ્યું છે. 'મનજો મંચ'-નામક ૯ નાટકોને સમાવતો એમનો સંગ્રહ (૨૦૦૮) નાટકની ટેક્નિકની દૃષ્ટિએ નમૂનારૂપ છે. સંસ્કૃત તેમ જ ગુજરાતીમાં પણ નાટકો લખનાર અને પ્રસ્તુત કરનાર આ લેખક અચ્છા અભિનેતા તેમ જ નિર્દેશક પણ હોઈને સાતત્યપૂર્ણ નાટ્યલેખન કરતા રહે છે.

ધનલક્ષ્મીબહેન ગડાએ પણ કભિત્ત' નામે એકાંકીસંગ્રહ આપ્યો છે.

આ સિવાય આકાશવાણી ભુજ-રાજકોટ કેન્દ્રો ઉપરથી જેમનાં કચ્છી નાટકો રજૂ થયાં છે તેવા લેખકોમાં પ્રાગજી ડોસા, બિપિન ધોળકિયા, પ્રાણગિરિ ગોસ્વામી, જયંતી જોશી, એ. એફ. શેઠ, હિંમત ઠક્કર, જૂણનુ ઠક્કર, ઓ. ટી. કારિયા તેમ જ મદનકુમાર અંજારિયા આવે. જોકે આ બધાનાં નાટકોના ગ્રંથાકારની પ્રતીક્ષા રહે.

નાટ્યક્ષેત્રે મંચનની દૃષ્ટિએ મુંબઈના લેખકો-દિગ્દર્શકો-નિર્માતાઓ દાયકાઓથી સક્રિય રહ્યા છે. ત્યાંના ઉદય ગડા, લીલાધર ગડા, વસંત મારુ, ડૉ. વિસનજી નાગડા વગેરેએ લોકપ્રિય અને સાંપ્રત પ્રશ્નો પર મંચન-ક્ષમ નાટકોના કચ્છી અનુવાદ કર્યા છે. મુંબઈની સંસ્થા 'કચ્છ યુવક સંઘ' તો ભારે લગનથી કચ્છમાં તેમ જ મહારાષ્ટ્ર, હૈદરાબાદ ઇત્યાદિ સ્થળોમાં પણ કચ્છી નાટકો પ્રસ્તુત કરતી રહે છે. લીલાધર ગડા કૃત 'જખુડેકે જેકપૉટ લગો' નામક નાટકે તો ધૂમ અને ખળભળાટ મચાવેલાં.

કચ્છી ગદ્યનું સર્વાધિક લેખકસુલભ તેમ જ વાચકપ્રિય સાહિત્ય-સ્વરૂપ ટૂંકી વાર્તા('નિંઢી અખાણી')નું છે. એ પ્રકાશન-ક્ષમ પણ છે. સાહિત્યિક વાર્તાનો આરંભ અહીં સન ૧૯૬૬માં (રામ કરસનદાસ ઠક્કર : 'મિઠડો વતન મૂંકે') થયો. ૧૯૭૬માં 'કચ્છ કલામ' માસિક દ્વારા આયોજિત વાર્તા-સ્પર્ધા યોજાઈ અને વાર્તાવિશેષાંક (નવે. ૧૯૭૬) પ્રગટ થયો, જેમાં મૂલશંકર રત્નેશ્વર, મકભૂલ કચ્છી, ડૉ. ગિરીશ વીછીવોરા, વસંતકુમાર સેવક તેમ જ કવિ 'તેજ'ની ટૂંકી વાર્તાઓ પ્રગટ થયેલી. કવિ 'તેજ' તેમ જ ડૉ. વીછીવોરાની થોડી વધુ વાર્તાઓ પણ વિવિધ સામયિકોમાં પ્રગટ થઈ. પરંતુ ગ્રંથસ્થ સંગ્રહ પ્રથમ પ્રગટ થયો ('ધિલજ્યુ ગાલિયું' : ૧૯૮૪) નારાયણ જોશી 'કારાયલ'નો. વિષય-વૈવિધ્ય, સમય-દર્પણ તેમ જ કચ્છી સંસ્કૃતિનું પ્રતિબિંબ, જાનપદી પરિવેશ અને વાસ્તવદર્શિતા – આ દૃષ્ટિએ તો આ લેખક નોંધપાત્ર છે જ, પણ સૌથી બળૂકું પાસું તો એમનું તળપદું બળકટ ગદ્ય અને પ્રાણવાન શૈલી. ગ્રામીણ સમાજના યથાતથ આલેખનમાં લાઘવ અને ચોટથી ભરીભરી કચ્છી ભાષાની કહેવતો તેમ જ રૂઢિપ્રયોગોનો વિનિયોગ અપૂર્વ અને અનન્ય રીતે 'કારાયલે' કર્યો છે. ઘટનાપ્રાબલ્ય સાથે તેમ જ કટાક્ષ-વ્યંગ એ પણ એમનાં ઉલ્લેખપાત્ર ઓજાર છે. બીજા સમર્થ વાર્તાકાર છે ધનજી ભાનુશાલી 'કડક બંગાલી'. 'ખારી ખારી ખન' (૧૯૮૬), 'ઢોરવાડો' (૧૯૯૧) અને 'મિઠી મિઠી નિમ' (૨૦૦૬) શીર્ષકવાળો વાર્તાસંગ્રહ આલેખન-કસબ કરતાં ઘટનાને વિશેષ પ્રાધાન્ય આપે છે. અનુભવેલી, આંખે જોયેલી ઘટનાઓનું તદ્રૂપ યથાતથ આલેખન કરવામાં એ માહેર છે. લોકશ્રુતિમાંથી પણ એ વાર્તાબીજ મેળવી લે છે. પણ સચ્ચાઈનો રણકો એમની કલમમાંથી અવશ્ય અનુભવાય છે. ઇતિહાસને પણ એ વિષય-બીજરૂપે પ્રયોજે છે. વૈવિધ્ય, કચ્છીયતની ધરતીની ફોરમ, કોમી એકતા, માનવ-માંગલ્ય જેવાં તત્ત્વો એમની વાર્તાઓમાં ગોચર થતાં રહે છે. એમની ભાષામાં તળપદાથી જુદો – જરા શહેરી સંસ્કારથી મિશ્રિત રણકો નિઃસૃત થયો હોય છે. ડૉ. રમેશ ભટ્ટ 'રશ્મિ' કચ્છી ભાષાના સર્વાધિક યશસ્વી તેમ જ આશાસ્પદ વાર્તાસર્જક છે. 'લંભજો ટાંઢો' (૧૯૮૯) અને 'સબદપિરભ'(૨૦૦૭)નામક બે વાર્તાસંગ્રહ આપનાર આ લેખકની હજુ સંખ્યાબંધ વાર્તાઓ ગ્રંથાકારની પ્રતીક્ષા પ્રેરે છે. સુસજ્જ શૈલીકાર અને સમર્થ ભાષાસ્વામી તરીકે કચ્છી ગદ્યના ઇતિહાસમાં ડૉ. રમેશ ભટ્ટનું સ્થાન નિશ્ચિત છે. બહુશ્રુતતાની ઝલક એમના દરેક ગદ્યલેખનમાં સદૈવ દેખાય. સંશ્લિષ્ટ કથનકલા એ એમનું મોટુ જમાપાસું છે. બલિષ્ઠ,

ઘનિષ્ઠ, પ્રસંગે રમતિયાળ અને ક્યારેક તો નર્તનશીલ ભાષાકર્મ તથા શૈલી એમના ગદ્યને અવારનવાર કવિતાને સીમાડે પહોંચાડી આપે છે. સમર્થ સાહિત્યકારોનું સ્મરણ કરાવે એવો સંવેગ (tempo), નજાકત, ક્યારેક સુકુમાર અને લગભગ હંમેશ મસ્તીથી ભરી રોમાંચક (romanic) અને જરૂર પડ્યે સંકુલતાને સાધતી એમની નિજી મુદ્રા ધરાવતી શૈલી નોંધ માગે. માનવસ્વભાવનું નિરીક્ષણ, સંવેદનનું ઊંડાણ અને છટાદાર અભિવ્યક્તિ એમની વાર્તાઓનાં વિશેષ લક્ષણ છે.

અન્ય એક ઉલ્લેખપાત્ર વાર્તાકાર ગૌતમ જોશીએ ઘણી વાર્તાઓ આપી છે. 'મૂંજી વાર્તાઉં' (૨૦૦૦) અને 'મન મોતીજી મણિયા' ભાગ ૧-૨ (૨૦૦૧-૦૨) આપ્યા છે. વાસ્તવિક ઘટનાઓ પર સાદીસીધી, અલંકારથી મુક્ત ભાષાશૈલીમાં છૂટી મોકળી કલમે એ વાર્તાઓ લખાઈ છે. કચ્છી ભાષાની તળપદી તાકાતથી છૂટીને શહેરી-સંસ્કાર-યુક્ત સુંવાળી ભાષા ધ્યાન ખેંચે. વાચકનું રુચિ-રંજન એમનું લક્ષ્ય જણાય. અબડાસાની લિંગી જાડેજી ભાષાને પ્રયોજતી, એકંદરે ચોટદાર શૈલીમાં લખાતી ઘટના-સબળ વાર્તાઓ હરેશ દરજી 'કસબી' પાસેથી મળી છે. લાઘવથી વસ્તુ-ગુંફન એ પ્રયોજી શકે છે. ગૌતમ જોશી નગરીય પરિસરમાં વિશેષ રાચે, જ્યારે 'કસબી' ગ્રામીણ પરિસરનો આશ્રય લે છે. 'કસબી'ના સંગ્રહ 'ઝરૂખો' (અનુક્રમે ૨૦૦૩-૦૫) તેમ જ 'સભન' શીર્ષક હેઠળ પ્રગટ થયા છે.

રમેશ ભટ્ટની જેમ જ વિશેષ નોંધપાત્ર હોનહાર વાર્તાસર્જક માવજી મહેશ્વરી છે. મૂળે એ ગુજરાતીમાં ટૂંકી વાર્તા લખીને પ્રતિષ્ઠા પામ્યા છે, પણ હવે માતૃભાષા કચ્છીમાં પણ લખતા થયા છે અને સન ૨૦૦૭માં 'રત'-શીર્ષકથી નમૂનેદાર વાર્તાસંગ્રહ પ્રગટ કરી ચૂક્યા છે. લાઘવયુક્ત સોંસરી શૈલી, વાર્તાકલા (ટેક્નિક), સમાજનું વાસ્તવિક દર્શન, અપેક્ષિત સંવેગ : એ બધાં તત્ત્વો એમની વાર્તાઓને સફળતા અપાવે છે. છેવાડાના આદમીની સંવેદનાનું યથાતથ વેધક આલેખન કરવામાં તે માહેર છે. દલિત ચેતનાની ઝલક પણ એમાં દેખાય.

આ સિવાયના વાર્તાલેખકોમાં શિવજી મોઢ ('સાંભાઈ', 'પીયાવો'), છગનલાલ ભાવસાર ('અરમાન'), હીરાલાલ બાવા ('અણમોલ મોતી'), લીલાધર ગડા, વિશ્રામ ગઢવી, રમેશ રોશિયા, રામજી જોશી, જગદીશ ગોર, ચંદુલાલ કરમશિયાણી, નેણશી ભાનુશાલી, ચંદ્રદુર્ગેશ જોશી ('વૈભવ'), મુક્તા ઠક્કર – 'ઉષ્મા', મુક્તા ખત્રી, શક્તિસિંહ જાડેજા, કનુભાઈ જોશી, પુષ્પદંત ભટ્ટ, અરુણા ઠક્કર વગેરે ઉલ્લેખ માગે.

કચ્છીમાં બાળવાર્તાનો સાહિત્યપ્રકાર ઓછો ખેડાયો છે. દુલેરાય કારાણીએ આરંભેલા આ સ્વરૂપમાં અવારનવાર સર્જન થતું રહ્યું છે. કારાણીની 'બાલ આખાણી' (ઈ. ૧૯૮૧) આમ તો ઇતિહાસ-ઘટનાઓ પર આધારિત છે, પણ એનું વાર્તાકૌશલ ધ્યાનપાત્ર છે. વાસ્તવિક બાળવાર્તાઓ ભારતી ગોરના સંગ્રહ 'જાતરા'થી મળતી થઈ. ડૉ. મંજુલા ભટ્ટ, નેહા ગજકંધ વગેરે આ ક્ષેત્રે પ્રવૃત્ત છે.

અન્ય ભાષાઓમાં લોકપ્રિય, સમૃદ્ધ ખેડાણ પામેલા નવલકથાના સ્વરૂપમાં પણ અહીં અલ્પતા વર્તાય છે. ગૌતમ જોશી કૃત 'ભેંકાર ભોમકા' અને જટુભાઈ પનિયા કૃત 'ધાગ' એ બે ૧૯૮૬માં પ્રગટ થયેલી પ્રથમ નવલકથાઓ છે. (પહેલી ધારાવાહિક રૂપે પ્રથમ પ્રકાશિત થયેલી, તો બીજી પુસ્તકાકારે પ્રથમ.) પનિયા જાનપદી પરિવેશ ધરાવે છે, ત્યારે જોશીની કૃતિ અજાયબ દુનિયામાં અટપટી સફર કરાવે છે અને અદ્‌ભુત રસથી ભરપૂર છે. લેખકની કલ્પનાશક્તિ દાદ માગે. મુખ્યત્વે લોકપ્રિય મનોરંજનની છાપ પડે તેવી કથા છે, જ્યારે 'ધાગ' પ્રાચીન પ્રજાતિ('સંઘાર')નાં પાત્રો ધરાવતી, ગ્રામીણ સમસ્યાઓ અને ગ્રામજીવનના સાચુકલા અનુભવોનું આલેખન કરતી કૃતિ છે. જોશીએ 'અવધૂત' અને 'અંગભંગ'નામક નવલકથાઓ પણ આપી છે. બિલકુલ વણખેડાયેલ વિષય હાથ ધરી, અજીબોગરીબ માહોલ, તંત્રસાધના, વન્યસૃષ્ટિ, ગેબી ગુફાનું વાતાવરણ અને એમાં વિજ્ઞાનનો સંભાર

ભેળવવાનો લેખકનો પ્રયત્ન છે. કથામાં કથા ને તેમાં ઉપકથા - એવી ભુલભુલામણીમાં વાચક અટવાય.

ગૌતમ જોશીએ 'ત્રવાટો', 'ત્રિસ્ણા' જેવી લઘુ-નવલો પણ આપી છે. 'અંગભંગ'ને નવલકથા કે 'લઘુનવલ' ગમે તે નામ આપી શકાય. 'અંગભંગ'માં એક અલ્પવિકસિત ભાષાના નવોદિત લેખક તરીકે જોશીએ ખરેખર પડકારૂપ વિષયવસ્તુ પસંદ કર્યું છે.

કથાસર્જનમાં એક વિશેષ નોંધપાત્ર પ્રદાન ચંદુલાલ કરમશિયાણીનું છે. ગુજરાતીમાં અગાઉ વાર્તાસર્જન કરી ચૂકેલા આ યુવાલેખકે 'ચુકાવો'નામક 'લઘુનવલ' લખીને કચ્છી ગદ્યસાહિત્યમાં જાણે કે એક પ્રતિમાન સ્થાપ્યું છે. વિષયવસ્તુનું કૌશલયુક્ત નિર્વહણ, અભિવ્યક્તિની અપૂર્વતા, અર્થગર્ભ પ્રતીક સમેત રસવાહી શૈલીમાં સર્જિત આ કૃતિ લેખકને માટે આશાસ્પદ ભાવિની આગાહી પ્રેરે તેવી છે.

ગૌતમ જોશી પાસેથી એક વિલક્ષણ વાર્તા-સંગ્રહ સાંપડ્યો છે. પુસ્તકનું શીર્ષક છે 'છપરતે ચિતર' (ખડક પર ચિત્રાંકન - ૨૦૦૮). એમ તો એક પ્રવાસવર્ણનનું પુસ્તક 'ઇંધર લઠ' (મેઘધનુષ) પણ લેખકે આપ્યું છે. આ કૃતિની રસાવહતા ઉલ્લેખપાત્ર છે.

કથાત્મક સિવાયનું ગદ્યસાહિત્ય હજી કચ્છીમાં એકંદરે ભાંખોડિયાં ભરતું જણાય છતાં ડૉ. રમેશ ભટ્ટ 'રશ્મિ'ના લલિત નિબંધો ધ્યાનાકર્ષક છે. નેણશી મીઠિયાનું પુસ્તક 'રેઆણજી રંગત' (આનંદગોષ્ઠિ) ઇતિહાસ, લોકકથા, સ્થાનવર્ણન, રોજબરોજની આમ-જિંદગીના સર્વસામાન્ય પ્રસંગો વગેરેને આલેખતા નિબંધોના સંગ્રહરૂપે સાંપડ્યું છે. તેમાં કટાક્ષ-વ્યંગ તેમ જ હળવા નિબંધ પણ સમાવિષ્ટ છે. શુદ્ધ તળપદી ભાષા અને સચોટ શૈલી મીઠિયાના ગદ્યની વિશેષતા છે.

'વતનજી ગાલિયું' દ્વારા નારાયણ જોશી 'કારાયલે' વ્યક્તિવિશેષોનાં સશક્ત, રોચક ચરિત્રો અંકિત કર્યાં છે. રોજનીશીનો સાહિત્ય-પ્રકાર એકમાત્ર માધવ જોશી 'અશ્ક' પાસેથી સાંપડ્યો છે, એ પણ 'કચ્છ કલામ'માં અને હવે 'કુંજલજી કુણકાર' સામયિકમાં 'આપવીતી' શીર્ષક દ્વારા પ્રગટ થયો છે. એમની ચોટદાર સીધી શૈલી અને સરળ તળપદી ભાષા નોંધપાત્ર છે. તદુપરાંત થોડે અંશે જયંતી જોશી, રામજી જોશી, રમેશ ભટ્ટ, બાબુલાલ ગોર, ગિરીશ વીછીવોરા, ઉપાધ્યાય (મુનિ) ભુવનચંદ્રજી, પ્રભાશંકર ફડકે, કાનજી મહેશ્વરી, વિસન નાગડા, મદનકુમાર અંજારિયા, રવિ પેથાણી, વ્રજ ગજકંધ જેવાં કેટલાંક નામો રેખાચિત્ર, સંસ્મરણ, પ્રસંગચિત્ર આદિ વિષયો પરત્વે પ્રવૃત્ત છે. અભ્યાસ-શોધપ્રબન્ધ, વિવેચન ઇત્યાદિમાં તો હજી અલ્પ માત્રામાં જ ખેડાણ થયું છે. એપ્રિલ૧૯૯૭માં કારાણી શતાબ્દી મહોત્સવ સમિતિ દ્વારા આયોજિત બે દિવસના પરિસંવાદમાં જે આલેખ (પેપર) પ્રસ્તુત કરાયા તે સમિતિએ પુસ્તકાકારે પ્રગટ કર્યા હતા, જેમાં ડૉ. વિશન નાગડા (૪ પૃષ્ઠ), માધવ જોશી (૪), જટુભાઈ પનિયા ૭ અને પ્રભાશંકર ફડકે(૩૮ પૃષ્ઠ)ના નિબંધો કચ્છીમાં પ્રસ્તુત થયેલા. ચારેય નિબંધ ભાષા-સાહિત્ય-વિષયક હતા. કચ્છી કવિતાની પ્રથમ બૃહદ્ વિવેચના પણ આ પ્રસંગે જ સાંપડી એમ કહી શકાય. આ સિવાય 'ધિલજી ગાલિયું' ('કચ્છમિત્ર'), 'પગદંડી', 'કચ્છ રચના' વગેરેમાં કદીક લઘુ અભ્યાસલેખો પ્રગટ થતા રહ્યા છે. કચ્છી સાહિત્ય સભા પ્રકાશિત 'નિયાંપો'માં, મુંબઈના 'કચ્છ સંસ્કૃતિ સંગમ' દ્વારા પ્રકાશિત 'અસાઢી બીજ વિશેષાંક' જેવામાં પણ અમુક લેખો પ્રગટ થયેલા. પરંતુ સર્વપ્રથમ સમીક્ષાત્મક પુસ્તક મદનકુમાર અંજારિયાનું 'આરીસા' ૧૯૯૪માં પ્રગટ થયેલું. વિવિધ કાવ્યસંગ્રહોની પ્રસ્તાવનારૂપે અભ્યાસનિષ્ઠ સમીક્ષા સને ૧૯૮૯થી પ્રભાશંકર ફડકે દ્વારા પ્રગટ થયેલી ('લેર્યું', 'સોજાંખો' તેમ જ 'વતર'). 'કુંજલજી કુણકાર' સામયિકમાં કાવ્યસમીક્ષાની નિયમિત કૉલમ દસ વર્ષ સુધી ચાલી. 'કુંજલજી કુણકાર', 'કચ્છમિત્ર' અને સવિશેષ 'ચીંગાર' જેવાં સામયિકોમાં બાબુલાલ ગોર, વ્રજ ગજકંધ, માવજી મહેશ્વરી, મદનકુમાર, 'કારાયલ' જયંતી જોશી વગેરેની સમીક્ષાઓ પણ પ્રસ્તુત થતી રહે છે. બાબુલાલ ગોરનું 'અખરેંજો ઉજારો' (૨૦૧૦) નોંધનીય છે.

એક નૂતન સાહિત્યસ્વરૂપ લેખે પત્રલેખન પણ રામજી જોશી પાસેથી ૧૯૯૭માં 'કાગર કારાયલ જોનાં' શીર્ષક ધરાવતા પુસ્તકમાં સાંપડ્યું છે. આ સાહિત્યસ્પર્શયુક્ત પત્રો યાદગાર છે. પરંતુ વાઙ્મયી અભ્યાસ, પુસ્તક-સમીક્ષા, ભાષાવિજ્ઞાન, લોકસાહિત્ય પરત્વે વિવેચનમૂલક અધ્યયનપૂત પ્રચુર પ્રદાન જો કોઈ એક જ લેખકના હાથે પ્રાપ્ત થયું હોય તો તે છે મણિલાલ ગાલાના સંશોધનના સામયિક 'વાધોડ'ના નમૂનેદાર અંકોમાં. કચ્છી ભાષા પરત્વે લોકસાહિત્ય, ભાષાવિજ્ઞાન, શબ્દકોશ, શિષ્ટ સાહિત્ય, ઇતિહાસ જેવા મહત્ત્વના વિષયો પર સજ્જતાપૂર્ણ લેખો પ્રગટ થતા રહ્યા છે. આ ઉપક્રમ દરમિયાન અંજારના ૧૯મી સદીના અંગ્રેજ એજન્ટ સંશોધક મેકમર્ડોના મૂલ્યવાન વૃત્તાંતનો અનુવાદ, ડૉ. સતીશ રોહડાએ પીએચ. ડી. માટે પ્રસ્તુત કરેલા કચ્છીભાષાવિષયક થીસિસ-(શોધનિબંધ)નો અનુવાદ, ડૉ. ગ્રિયર્સનના 'લિંગ્વિસ્ટિક સર્વે ઑફ ઇન્ડિયા'ના કચ્છી ભાષા સંબંધી અંશનો પ્રમાણભૂત અનુવાદ 'કચ્છી બારપોથી', સાધુ કૃષ્ણદાસકૃત 'કિરસણ બાવની', વગેરે કચ્છીમાં પ્રથમ વખત પ્રગટ કરાયાં છે. ૨૦૦૦ શબ્દોનો એક 'નિંઢો સબધકોસ' પણ પ્રકાશિત કરાયો છે, જેમાં પહેલી વખત શબ્દોના પર્યાય કચ્છી ભાષામાં જ અપાયા છે તેમ જ અમુક શબ્દોની સમજ માટે નાના સ્કેચ પણ અપાયા છે.

સાહિત્યેતર વિષય પરત્વે 'યોગ ભજાય રોગ' નામક પુસ્તિકા કમલકાન્ત ભટ્ટ પાસેથી સાંપડી છે. ગીતમ જોશીએ પણ 'ધર્મચિંતન સંબંધી' પુસ્તક 'હિકડાઈ જો રંગ' નામે લખ્યું છે.

દરેક ભાષા અન્ય ભાષાઓમાંથી અનુવાદ દ્વારા સાહિત્યિક આદાન-પ્રદાન કરતી જ હોય છે. આ કારણે રાષ્ટ્રીય સાંસ્કૃતિક એકતાને બળ અને સહિયારા સાહિત્યિક વારસાને સમૃદ્ધિ સાંપડે છે. કચ્છીમાં દસ્તાવેજી હકીકત લેખે પ્રથમ અનુવાદ 'બાઈબલ'ગત 'મેથ્યુ જી વારતા'ના શીર્ષકથી પાદરી જેમ્સના હાથે થયો. તે પછી દુલેરાય કારાણી (૧૯૮૫), પ્રતાપરાય ત્રિવેદી (૧૯૭૬), જેઠમલ ઠક્કર, વજા ગઢવી (૧૯૭૭) તેમ જ સન ૨૦૦૭માં બાબુભાઈ ગોરી(ભાનુશાલી)એ શ્રીમદ્ ભગવદ્ગીતાના અનુવાદ કર્યા છે. જોકે પ્રતાપરાયે 'ગીતાસાર'-રૂપે સંક્ષિપ્ત ભાષાન્તર તેમ જ ૧૫મા અને ૧૮મા અધ્યાયનો પૂરો છંદોબદ્ધ અનુવાદ કરેલ છે. એમનામાં અનુવાદકલાની પરાકાષ્ઠા જોવા મળે. એમણે 'રામચરિતમાનસ'ના કિષ્કિંધાકાંડમાંથી 'વર્ષાવર્ણન', 'શરદવર્ણન' અને 'રઘુવંશ'ના 'અજ-વિલાપ' જેવા સારા અંશાનુવાદ પણ આપ્યા છે. જેઠમલનો સમશ્લોકી ગીતાનુવાદ જોકે પ્રગટ થયો નથી. એવું જ એમના 'અજ-વિલાપ'નું, પરંતુ એમના 'કચ્છ કલામ'ના અંકોમાં સંસ્કૃતમાંથી છંદોબદ્ધ છૂટક અનુવાદો (મુક્તકો-સુભાષિતો) મળ્યા છે.

અનુવાદક્ષેત્રે સૌથી વિપુલ પ્રમાણમાં અને ઉત્તમ સ્તરનું પ્રદાન 'વાધોડ'ના સંપાદક મણિલાલ ગાલાનું છે. મેકમર્ડોના વૃત્તાન્તનો અથેતિ અનુવાદ, ડૉ. સતીશ રોહડાના કચ્છી ભાષા સંબંધિત શોધનિબંધનો અનુવાદ, ગ્રિયર્સનના 'લિંગ્વિસ્ટિક સર્વે'ના કચ્છી ભાષા સંબંધિત ખંડનો સમ્યગ્ અનુવાદ, રશિયન ચિત્રપટ તજ્જ્ઞ, તાર્સ્કોવસ્કીના પુસ્તકનો યથાતથ અનુવાદ, વગેરે ગાલાના સંનિષ્ઠ અને શકવર્તી અનુવાદો છે. પોતાના અછાંદસ કાવ્ય 'સંજીરે મેં ધબલ પીરા'નો કચ્છીમાંથી ગુજરાતી અનુવાદ પણ તેમણે આપ્યો છે. થોડા કચ્છી સંતકવિઓની રચનાઓનો હિંદી અનુવાદ અવિનાશ મહેતાએ પણ આપ્યો છે. તો ધ્રુવ ભટ્ટ કૃત ગુજરાતી નવલ 'સમુદ્રાન્તિકે'નો 'ધરિયાવટ પાર ખણધો માડુ' એવા શીર્ષકથી કચ્છી અનુવાદ કિશોર શાહે 'વાધોડ'માં ધારાવાહિક-રૂપે આપ્યો છે તે ઉત્કૃષ્ટ છે. માધવ જોશીનો ધીરેન્દ્ર મહેતા કૃત વાર્તાસંગ્રહ 'હું એને જોઉં એ પહેલાં'નો અનુવાદ છુંજલજી કુણકાર'ના અંકોમાં ધારાવાહીરૂપે પ્રગટ થયો છે, જે યથાતથ સ્તર જાળવે છે. 'કચ્છ કલામ' ત્રૈમાસિક દ્વારા કાવ્યાનુવાદ-ક્ષેત્રે એક વિશિષ્ટ પ્રયોગ કચ્છી કાવ્યરચનાના ગુજરાતી પદ્યાનુવાદ રૂપમાં કરેલો, જેમાં અનુવાદરૂપે તેંત્રીસ

કચ્છી કવિઓની કલમોની ઉપલબ્ધિ સાંપડેલી તે ઑક્ટોબર, ૧૯૮૨ના અંકમાં સમાવિષ્ટ છે.

ગૌતમ જોશીએ અનુવાદરૂપે પ્રચુર માત્રામાં કામ કર્યું છે, જેમાં 'રામચરિતમાનસ'ના બાલકાંડના ગુજરાતી ગદ્યમાં રૂપાંતર અને શ્રીમદ્ ભાગવતના સંક્ષિપ્ત અનુવાદનો સમાવેશ છે. આ જ લેખકે કવિ બોથામના મૂળ પંજાબી/હિંદીમાંથી કચ્છીમાં પદ્યાનુવાદ પણ કર્યો છે, જે પુસ્તકાકારે પ્રગટ થયો છે.

ઝવેરચંદ મેઘાણીના 'માણસાઈના દીવા'નો ગૌતમ જોશીએ અનુવાદ કર્યો છે. એક નમૂનેદાર અનુવાદ લેખે રવિશંકર નાનજી જોશીકૃત ગુજરાતી પુસ્તક 'કેટલાક આધ્યાત્મિક અનુભવો'નો કચ્છી અનુવાદ 'આખાણી અજબ ગજભજી' શીર્ષકથી કરનાર લબ્ધપ્રતિષ્ઠ ગદ્યસ્વામી જયંતી જોશી 'શબાબ'નો ઉલ્લેખ ખાસ કરવો રહ્યો. નિઃશંક આ એક સંતર્પક અનુવાદ છે 'શિક્ષાપત્રી'નો રવિ પેથાણીએ સરસ અનુવાદ કર્યો છે.

કચ્છી ભાષામાં અગાઉ મહિલા સાહિત્યકારોનો લગભગ અભાવ જોવાયો હતો. પૂર્વ-કારાણી સમયમાં એકમાત્ર સંત કવયિત્રી રતનબાઈનું નામ જાણીતું છે. તે પછી ઉત્તર-કારાણી યુગમાં રતનબાઈ લક્ષ્મીનારાયણ જોશી તેમ જ વાલબાઈ કટારિયાનાં નામ સમ ખાવા પૂરતાં ખપ લાગે, જ્યારે તે પછી છેક છેલ્લા દસકામાં જ લેખિકાઓ સાહિત્ય-સર્જનમાં મંદમંદ પ્રવૃત્ત જણાય છે, જેમાં હંસા રાંભિયા, નિર્મલા ત્રિપાઠી, મુક્તા ખત્રી, મુક્તા ઠક્કર 'ઉષ્મા', ધનલક્ષ્મી ગડા, નીમુ નાગડા, અરુણા ઠક્કર, મંજુલા ભટ્ટ, નીતા જોશી વગેરે નામો આશા પ્રેરે છે.

૧૩. કચ્છના સાહિત્યસર્જકોનું સંસ્કૃત-ભાષા-સાહિત્ય-ક્ષેત્રે યોગદાન

ડૉ. કાન્તિ ગોર 'કારણ'

સંસ્કૃત ભાષા અને તેના પ્રભાવથી નથી ભારતીય ભાષા મુક્ત કે નથી ભારતીય સંસ્કૃતિ, તો કચ્છી આ ગીર્વાણગિરાથી મુક્ત કઈ રીતે હોઈ શકે ? કચ્છી ભાષાની જનની પણ અન્ય ભારતીય ભાષાઓની જેમ સંસ્કૃત છે, તો કચ્છનું જનજીવન અને સંસ્કૃતિ પણ સંસ્કૃતથી પ્રભાવિત છે. કચ્છના અનેક વિદ્વાનોએ આ દેવભાષાની વંદના કરી છે – આરાધના કરી છે, જેમાંથી ઘણાબધા વિશે પૂરતી માહિતી પણ ઉપલબ્ધ નથી અને કચ્છમાંથી બહાર વસેલા અનેક પંડિતોની માહિતી મેળવવી પણ મુશ્કેલ છે. આથી એવું કહી શકાય કે કચ્છમાં સંસ્કૃત ભાષાના વિકાસની આ એક આછીપાતળી ઝલક છે.

પંડિત પીતાંબરજી (ઈ. સ. ૧૮૪૭-૧૯૦૫) : પંડિત પુરુષોત્તમજીના પુત્ર પીતાંબરનો વિદ્યાભ્યાસ એમના જન્મસ્થળ મંજલ મુકામે એમના પિતાજી પાસે દેવનાગરી, સ્તોત્રપાઠ, પૌરાણિક કથા-વાર્તાઓથી શરૂ થઈ ગયેલો. પરમ શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ બ્રહ્મચારીજી બાપુ મહારાજ પાસે પંડિત પીતાંબરજીએ આઠ વર્ષની ઉંમરે યજ્ઞોપવીત-સંસ્કાર પછી વિદ્યારંભ કર્યો અને સંધ્યાવંદન, ઉપનિષદ-પાઠ, સિદ્ધાંતકૌમુદી, રુદ્રાધ્યાય અને વેદપાઠ વગેરેનું અધ્યયન શરૂ કર્યું.

મંજલ આવેલા લબ્ધિવિજય અને પદ્મવિજય નામના જૈન યતિવરો પાસેથી પણ એમણે વ્યાકરણાદિ શાસ્ત્રોનું જ્ઞાન મેળવ્યું. ત્યાર બાદ પિતાજી સાથે મુંબઈ ગયા અને ત્યાંથી નાસિકનિવાસી પંડિત નારાયણ શાસ્ત્રીના શિષ્ય સૂર્યરામ શાસ્ત્રી પાસે કાવ્ય, કોશ ભાગવતનો અભ્યાસ કર્યો અને સંસ્કૃત ભાષામાં અસ્ખલિત વ્યાખ્યાનોનું કૌશલ્ય પ્રાપ્ત કર્યું. ૨૩ વર્ષની ઉંમરે તેમણે પહેલો શાસ્ત્રાર્થ કર્યો.

હવે પંડિતજીની ખ્યાતિ ભારતભરમાં પ્રસરવા લાગી હતી. આ દરમિયાન તેમના અધ્યયન અને વ્યાખ્યાનોના વિષય તરીકે 'શ્રી વૃત્તિપ્રભાકર' અને 'શ્રી વિચારસાગર' જેવા ગ્રંથોનું પરિમાર્જન થતું રહ્યું. પંડિતજીને વિદ્વાનોએ 'તલસ્પર્શિકાપાદ'ની પદવીથી વિભૂષિત કર્યા. એમણે સમગ્ર ભારતનું ભ્રમણ કરેલું અને અનેક પંડિતો તથા સંતો સાથે જ્ઞાનગોષ્ઠિ કરેલી.

ઈ. સ. ૧૮૮૫માં કચ્છરાજ્યે ગઢશીશામાં પાઠશાળા માટે અને રહેવા માટે જમીન આપી અને પંડિતજીએ સંસ્કૃત પાઠશાળા શરૂ કરેલી. પીતાંબરજીના પુત્ર દેવકૃષ્ણ અને બીજા એક વિદ્યાર્થી નંદરામ વ્યાસ પણ એમના વિદ્યાર્થી રહીને મોટા પંડિત થયા.

ઈ. સ. ૧૮૮૬માં હથુઆનરેશના આમંત્રણથી હથુઆ ગયા. હથુઆનરેશ કાશીમાં પંડિતજીને મળવા આવ્યા અને પંડિતજીનું હાથી પર સવારી કરાવીને સન્માન કર્યું હતું અને કાશીના મહારાજાએ પણ એમનું સન્માન કરીને એમને રાજ્યના માનનીય અતિથિ તરીકે આગ્રહપૂર્વક રાખ્યા હતા.

એમના પૌત્ર પંડિત દામોદર અને પંડિત શિવદાસે એમની પાસે સંસ્કૃતનો અભ્યાસ કરેલો.

ઈ. સ. ૧૮૯૮માં ગઢશીશા નજીક આવેલા બીલેશ્વર મહાદેવ મંદિરનો જીર્ણોદ્ધાર અને વિસ્તરણ-કાર્ય ઉપરાંત મંદિરથી ગઢશીશા સુધીનો રસ્તો પંડિતજીએ રૂ. ૧૨,૦૦૦ એકઠા કરીને બનાવડાવ્યો હતો. ઈ. સ. ૧૯૦૦ના દુકાળમાં ગરીબો માટે અનાજ અને ગાયો માટે ચારાની વ્યવસ્થા શ્રેષ્ઠીઓ પાસે કરાવડાવી. ઈ. સ. ૧૯૦૫ (સંવત ૧૯૬૧માં વૈશાખ સુદ સાતમના પુષ્પ નક્ષત્રમાં) ઓમના નાદ સાથે તેમણે દેહત્યાગ કર્યો.

પંડિતજીની પ્રતિમા બીલેશ્વર મહાદેવ મંદિરની એક કુટિરમાં હતી તે ૨૦૦૧ના ધરતીકંપ પછી નવનિર્મિત રામમંદિરમાં સ્થાપિત કરવામાં આવી છે અને એમનું સમાધિસ્થળ પણ નવનિર્મિત બીલેશ્વર મહાદેવ મંદિરના પાછળના ભાગમાં છે જેની પ્રતિદિન સમાધિદર્શન તરીકે પૂજા કરવામાં આવે છે.

પંડિતજી-રચિત ગ્રંથો આ પ્રમાણે છે : (૧) 'પંચદશીભાષાટીકા', (૨) 'વિચારસાગર' આંશિકની ટીકા, (૩) 'સુંદરવિલાસ-વિપર્યય'ની ટીકા, (૪) 'વિચાર-ચંદ્રોદય', (૫) 'વૃત્તિ રત્નાવલી', (૬) 'સટીક બાલબોધ', (૭) 'સંસ્કૃત શ્રુતિષડ્લિંગ સંગ્રહ', (૮) 'શ્રી વેદસ્તુતિ'ની ટીકા, (૯) સ્વામીશ્રી ત્રિલોકરામજી કૃત 'મનોહરમાલા'ની ટીકા, (૧૦) 'સર્વાત્મભાવપ્રદીપ', (૧૧) 'શ્રી વેદાંતકોશ', (૧૨) 'બોધરત્નાકર', (૧૩) 'મુદ્ગર', (૧૪) 'પ્રશ્નોત્તર કર્દબ', (૧૫) 'ષડ્દર્શન સમરાવલિ', (૧૬) 'મોહજિત-કથા', (૧૭) 'સદાચારદર્પણ', (૧૮) 'ભૂમિ ભાગ્યોદય રૂપકાદર્શ', (૧૯) 'સંશય સુદર્શન' ઉપરાંત આઠ ઉપનિષદ ઈશ, કેન, કઠ, પ્રશ્ન, મુંડક, માંડુક્ય, તૈત્તિરિય અને ઐતરેયની સટીક અને શાંકરભાષ્ય સહિત આઠ ગ્રંથોનું પ્રકાશન થયું છે. એ સાથે છાંદોગ્ય અને બૃહદારણ્યક જેવા એમના બે ઉપનિષદગ્રંથો મળીને લગભગ ૨૯ ગ્રંથોનું માતબર પાંડિત્યપૂર્ણ સર્જન એમને કચ્છના જ નહીં પણ આંતરરાષ્ટ્રીય કક્ષાના અજોડ વિદ્વાન તરીકે પ્રતિષ્ઠિત કરે છે.

પંડિત શ્યામજી કૃષ્ણવર્મા (૧૮૫૭-૧૯૩૦) માંડવી(કચ્છ)ના ભૂલા ભણસારીને ત્યાં ૪થી ઑક્ટોબર ૧૮૫૭માં એમનો જન્મ. ચોથી ચોપડી સુધી ભૂ. ભૂ. પંડ્યાની ધૂળી નિશાળમાં અભ્યાસ. એમના સંસ્કૃતના પ્રથમ ગુરુ સંસ્કૃતના મોટા ગજાના પંડિત ભૂ. ભૂ. પંડ્યા અને તપસ્વિની હરિકુંવરબા. થોડો સમય ભુજમાં, ત્યાર બાદ મુંબઈની વિલ્સન કૉલેજમાં અભ્યાસ કર્યો. અહીં તેમણે સંસ્કૃતનાં બે પુસ્તકો 'વિષ્ણુ સહસ્રનામ' અને 'સુબોધસંધ્યા'નો ગુજરાતીમાં અનુવાદ કર્યો. ૧૭ વર્ષની વયે આર્યસમાજના સ્થાપક સ્વામી દયાનંદ સરસ્વતીના પરિચયમાં આવ્યા અને આર્યસમાજના પ્રચારક થયા. ઑક્સફર્ડ યુનિવર્સિટીમાં પ્રોફેસર મોનિયર વિલિયમ્સે ૧૮૭૬માં એમના હિન્દના પ્રવાસ દરમિયાન એમને પોતાના મદદનીશ તરીકે ઇંગ્લૅન્ડ આવવા માટે આમંત્રણ આપ્યું. ૨૦મી એપ્રિલ ૧૮૭૭માં કાશીમાં કાશીના પંડિતોએ એમનું માનપત્ર આપીને સન્માન કર્યું અને એમને 'પંડિત'ની માનદ ઉપાધિ આપી. ત્યારથી એ પંડિત શ્યામજી કૃષ્ણવર્મા તરીકે ખ્યાત થયા. પંડિતજીએ આર્યસમાજના પ્રચાર-પ્રસાર માટે ભારતભ્રમણ કર્યું અને સંસ્કૃતમાં અનેક વ્યાખ્યાનો આપ્યાં. ૧૮૭૯માં પંડિતજી ઇંગ્લૅન્ડ ગયા અને ત્યાં ઑક્સફર્ડ યુનિવર્સિટીમાં સ્નાતકનો અભ્યાસ કર્યો.

૧૮૮૧માં એમણે બર્લિનમાં મળેલી પૂર્વના દેશોની કૉંગ્રેસમાં નેટિવ ડેલિગેટ તરીકે ભાગ લીધો અને 'સંસ્કૃત ભારતની મહાન જીવંત ભાષા' એ વિષય પર નિબંધ રજૂ કર્યો. જીવનના અનેક ઉતાર-ચઢાવમાંથી પસાર થયેલા આ સંસ્કૃતના મહાન વિદ્વાનની એક પણ સંસ્કૃત રચના કે નિબંધ ઉપલબ્ધ નથી એ આપણું દુર્ભાગ્ય છે. ભારતના સ્વાતંત્ર્ય-સંગ્રામના આ મહાન ક્રાંતિગુરુએ આપણા આઝાદી-સંગ્રામમાં આપેલા ભવ્ય પ્રદાનની નોંધ લેવાનો અહીં ઉપક્રમ નથી, પણ કચ્છના આ મહાન પંડિત કચ્છના સંસ્કૃત પંડિતોની હારમાળામાં ધ્રુવતારાની જેમ અવિચળ કીર્તિના અધિકારી બન્યા છે.

આ ઉપરાંત પંડિત નરહરિ ભગવાન શર્મા પણ પંડિત પીતાંબરના સમકાલીન હતા. એ સંગીતજ્ઞ અને અચ્છા જ્યોતિષી પણ હતા. 'રાષ્ટ્રીય ગીત ગંગા સંગ્રહ' નામનું એમનું પુસ્તક છે. પંડિત પીતાંબરજીના સમકાલીન શિવજી ગો. વ્યાસ ઉર્ફે સ્વામી ત્રિવિક્રમાનંદ સરસ્વતીએ 'હરિમિડે' સ્તોત્રની ટીકા તથા 'વ્યાકરણ વાણી રત્નાકર' જેવી ગ્રંથરચના કરી છે.

પંડિત દયારામ ખટાઉ (ઈ. સ. ૧૮૯૧-૧૯૬૫) : કચ્છના દેશલપર ગુંતલીમાં સારસ્વત બ્રાહ્મણ ગંગાધર શર્માને ત્યાં જન્મેલા દયારામે

પ્રકરણ, ન્યાય અને કાવ્યશાસ્ત્રનો અભ્યાસ ભુજની પાઠશાળામાં કરેલો. ત્યારબાદ મુંબઈ અને કાશીમાં અભ્યાસ કરીને વેદ, વેદાંત, સાહિત્ય અને જ્યોતિષમાં પારંગત થયા. ધર્માચાર્યો અને વિદ્વાનોએ એમને મહામહોપાધ્યાય, વિદ્યાલંકાર, વાચસ્પતિ, વિદ્યાસાગર, વિદ્યાવારિધિ વગેરે પદવીઓથી વિભૂષિત કરેલા. પંડિત મદનમોહન માલવિયા પણ એમની વિદ્વત્તાથી પ્રભાવિત થયેલા. એમના સંસ્કૃત સાહિત્ય પર આધારિત અનેક લેખો તેમ જ ૫૦ જેટલાં પુસ્તકો પ્રકાશિત થયેલાં છે.

પંડિત દયારામજીના શિષ્ય જેઠમલ હરિરામ ઠક્કર પણ સંસ્કૃતના વિદ્વાન કવિ અને પંડિત હતા. માત્ર ત્રણ ધોરણ ભણેલા પણ સ્વઅભ્યાસથી અને વિદ્વાનોના સંગથી સંસ્કૃતનો એમણે અભ્યાસ કરેલો. વ્યવસાયે બારદાનના વેપારી આ પંડિતનો જન્મ મુંદ્રા તાલુકાના દેશલપર ગામમાં, પણ પાછળથી કોલકાતા અને ગાંધીધામ સ્થાયી થયેલા. તેઓ સંસ્કૃતમાં શીઘ્રકવિત્વ-શક્તિ ધરાવતા હતા. તેમણે અસંખ્ય સંસ્કૃત સુભાષિતો ઉપરાંત શ્રીમદ્ ભગવદ્ગીતા અને 'રઘુવંશ'ના કેટલાક સર્ગના સમશ્લોકી અનુવાદ કરેલા છે.

નારાયણ તુલસીદાસ જોબનપુત્રાએ શ્રીમદ્ ભગવદ્ગીતા અને શિવમહિમ્નસ્તોત્રના સમશ્લોકી અનુવાદ કરેલા છે.

મંજલના મૂળશંકર ભીમજી રત્નેશ્વર પણ વેદ-વેદાંત અને સંગીતના જ્ઞાતા હતા.

મંજલ અને ગઢશીશાની જેમ માંડવીની પણ પંડિતપરંપરા રહી છે. કંઠીવિસ્તાર(માંડવી)ના પંડિત ફતેહચંદ લાલન, એમણે દેશ અને વિદેશોમાં પણ પોતાના સંસ્કૃત અને પ્રાકૃતના જ્ઞાનથી વિદ્વાન અને જૈન દર્શનના તત્ત્વચિંતક તરીકે લબ્ધપ્રતિષ્ઠ હતા. તેમણે ૨૬ પુસ્તકો લખેલાં છે. એમનાથી પ્રભાવિત હર્બર્ટ વૉરને એમના પુસ્તક 'સમાધિશતક'નું અંગ્રેજીમાં ઈ. સ. ૧૯૧૪માં ભાષાંતર કર્યું. ઈ. સ. ૧૯૫૩માં ૯૬ વર્ષની વયે તેમનું અવસાન થયું. માંડવીના ડૉ. નાનાલાલ વોરા પ્રખર પંડિત, કેળવણીકાર, સાહિત્ય, સંગીત અને કલાના નિષ્ણાત હતા. તે જ્યોતિષ અને આયુર્વેદના નિષ્ણાત હતા. એમનાં ગીતા-પ્રવચનો અને એમના સંસ્કૃત અને સંગીતના નિઃશુલ્ક વર્ગોએ અનેક વિદ્વાન પંડિતોનું ઘડતર કર્યું છે. એમણે સ્થાપેલી રામકૃષ્ણ મહાશાળામાં અનેક વિદ્યાર્થીઓનું સંસ્કૃત અને સંસ્કૃતના સંદર્ભમાં ઘડતર થયું છે. એમના શિષ્યોમાં ખ્યાતનામ ગુજરાતી કવિ અને સાક્ષર કરસનદાસ માણેક, જાણીતા કચ્છી પંડિત અને કવિ કચ્છી વૈયાકરણી પ્રતાપરાય ત્રિવેદી જે પોતે સિદ્ધહસ્ત કવિ હતા, જેમણે 'રઘુવંશ'નો અંશાનુવાદ, શ્રીમદ્ ભગવદ્ગીતાના ત્રણ અધ્યાયના કચ્છી પદ્યાનુવાદ અને કેટલાંક સંસ્કૃત સ્તોત્રનાં રસાળ છંદોબદ્ધ કચ્છી ભાષાંતર કર્યાં છે. ભાગવતના દશમસ્કંધ પર આધારિત કચ્છી રચનાઓ કરી છે. નાનાલાલભાઈના સુપુત્ર ઉપેન્દ્રભાઈ વોરા પણ સંસ્કૃતના વિદ્વાન હતા. એમની સંસ્કૃત રચનાઓ સુંદરમ્ સંપાદિત 'દક્ષિણા'માં પ્રકાશિત થતી. માંડવી તાલુકાના કાઠડાના વજા ગોપાલજી બારોટ પણ નાનાલાલ વોરાના શિષ્યોની મૌક્તિકમાળાના ઉજ્જ્વળ મોતી હતા. શ્રીમદ્ ભગવદ્ગીતાનો કચ્છીમાં સમશ્લોકી અનુવાદ તેમણે કર્યો છે. તેઓ પણ સંસ્કૃતમાં શીઘ્રશ્લોકરચના કરનાર પંડિત હતા. એમનો દુર્લભ ગ્રંથભંડાર એમના વારસોએ કાઠડામાં સાચવ્યો છે. શ્રી વજા ભગતના સંબંધી શિવાજી બારોટ પણ સંસ્કૃતના વિદ્વાન હતા અને મોસ્કો યુનિવર્સિટીમાં કચ્છી પાંડિત્યનો યશોધ્વજ ફરકાવી આવેલા. તેઓ પણ શીઘ્રકવિ હતા.

વર્તમાનમાં ડૉ. કાંતિ ગોર લિખિત સંસ્કૃત નાટકોનો સંગ્રહ સંસ્કૃત સાહિત્ય અકાદમી દ્વારા પ્રકાશિત થયેલ છે. એમનાં નાટકો કચ્છ યુનિવર્સિટીના એમ. એ.ના અભ્યાસક્રમમાં સમાવિષ્ટ છે. તેઓ આકાશવાણી – ભુજ પરથી પોતાનાં લખેલાં સંસ્કૃત નાટકોની રજૂઆત કરતા રહે છે. 'ગગન ગીર્વાણ ગિરાનું' એમનું પુસ્તક એમના લખેલા સંસ્કૃત સાહિત્યના આસ્વાદમૂલક લેખોનો સંચય છે.

અંજારના સંસ્કૃત અને કચ્છીના વિદ્વાન પ્રભાશંકર ફડકેએ શ્રીમદ્ ભગવદ્ગીતાના કચ્છીમાં

અનુવાદિત ચાર સર્જકોના અનુવાદોનો કચ્છી અને મૂળ સંસ્કૃતના સંદર્ભમાં તલસ્પર્શી અભ્યાસ કર્યો છે. એ જ રીતે એમણે 'મેઘદૂતમ્'ના ગુજરાતીમાં થયેલા અનુવાદોનો મૂળ કૃતિના સંદર્ભમાં અભ્યાસ કરી સંશોધનલેખો પ્રસિદ્ધ કર્યા છે. રવિભાઈ પેથાણી 'તિમિરે' સહજાનંદસ્વામી દ્વારા સંસ્કૃતમાં રચિત 'શિક્ષાપત્રી'નો કચ્છી અનુવાદ કર્યો છે. કચ્છ યુનિવર્સિટીના સંસ્કૃત ભવનના અધ્યક્ષ ડૉ. કશ્યપ ત્રિવેદી પણ સંસ્કૃતના વિદ્વાન છે. એમણે મહિમ્ન-સ્તોત્રના અનુવાદ અને તેની વિવેચના સાથે પુસ્તક લખ્યું છે અને 'ગાયત્રીસાધના' નામે પુસ્તક આપ્યું છે.

કચ્છમાં જૈન મુનિશ્રીઓ, યતિશ્રીઓ અને શ્રાવકોમાં સંસ્કૃતના અભ્યાસીઓની પરંપરા રહી છે. મોટી ખાખરના ઉપાધ્યાય શ્રી લબ્ધિમુનિ સંસ્કૃત અને પ્રાકૃતના વિદ્વાન હતા. એમણે 'શ્રીપાલચરિત્ર', 'દ્વાદશ-વ્રતકથા', 'ખરતરગચ્છ પટ્ટાવલિ', 'જિનેન્દ્રસાગરસૂરિ-ચરિત્ર' વગેરે ૧૨ શ્લોકબંધ ગ્રંથો સંસ્કૃતમાં રચ્યા છે. નાના ભાડિયાના શ્રી સાગરચંદ્રસૂરિ સંસ્કૃત સાહિત્ય અને જૈન આગમોના વિદ્વાન હતા. સપ્તપદી શાસ્ત્રોનો એમણે અનુવાદ કર્યો છે અને 'સ્વાધ્યાય પ્રકરણ રત્ન' વગેરે ગ્રંથોની રચના કરી છે. વાગડના જાટાવાડા ગામમાં જન્મેલા અને સોનગઢના ચરિત્ર રત્નાશ્રમમાં વસેલા મુનિ ગુલાબચંદ્રજી ઉત્તમ કક્ષાના અનુવાદક હતા. વર્તમાન સમયમાં ઉપાધ્યાય મુનિશ્રી ભુવનચંદ્રજી મહારાજ પણ સંસ્કૃત, પ્રાકૃત, કચ્છી અને અંગ્રેજીના વિદ્વાન છે. 'ભક્તામરસ્તોત્ર'નો એમણે કરેલો છંદોબદ્ધ અનુવાદ વિદ્વાનોની પ્રશંસા પામ્યો છે. 'સિદ્ધસેન દિવાકર'-કૃત 'દ્વાત્રિંશત્ દ્વાત્રિંશિકા'માંથી ચૂંટેલા ૧૦૦ શ્લોકનો અનુવાદ અને વિવેચન કરી 'સિદ્ધસેનશતક' નામનું અભ્યાસપૂર્ણ પુસ્તક આપ્યું છે. એમણે સંસ્કૃતમાં કાવ્યરચનાઓ પણ કરી છે અને સંસ્કૃત ગદ્ય-ગ્રંથનું પદ્યરૂપાંતર કરી વિશિષ્ટ એવું સાહિત્યસર્જન પણ કર્યું છે. 'અનુસંધાન' સામયિકમાં તેમના સંસ્કૃત અને પ્રાકૃત સંબંધિત અનુવાદ અને કૃતિલક્ષી વિવેચના તેમ જ અભ્યાસલેખ પ્રસિદ્ધ થતાં રહે છે.

લગભગ આજથી સવાસો વર્ષ પહેલાં વિક્રમ સંવત ૧૯૩૦માં શા હેમરાજ દેવશી નામના સદ્‌ગૃહસ્થે કોડાય ગામમાં સદાગમ-પ્રવૃત્તિ શરૂ કરેલી અને સંસ્કૃત-પ્રાકૃતના સેંકડો અભ્યાસી તૈયાર કરેલા. એમણે સંસ્કૃતના વિશદ અભ્યાસ માટે યોગ્ય વ્યક્તિઓને કાશી પણ મોકલેલ. શ્રી ભુવનચંદ્રજી મહારાજે કરેલ ઉલ્લેખ પ્રમાણે આ સંસ્થાના જ્ઞાનભંડારમાં સચવાયેલો એમનો પત્રવ્યવહાર એમના જ્ઞાન-અવગાહનની સાક્ષી પૂરે છે. આ સંસ્થાના હસ્તલિખિત પ્રતોના સમૃદ્ધ સંગ્રહની ભારતના આવા મહત્ત્વના સંગ્રહમાં ગણના થાય છે. આ સંસ્થામાં તૈયાર થયેલા પંડિતોમાં પ્રા. રવજી દેવરાજ વિશેષ ઉલ્લેખ માગે છે. કાશીમાં અભ્યાસ કરી આવેલા આ પંડિતે જૈનોના પ્રથમ આગમ 'આચારાંગસૂત્ર'નો ગુજરાતી અનુવાદ કર્યો છે. 'સિદ્ધાંતકૌમુદી'ના શિક્ષણ માટે તેમણે પાંચ પુસ્તિકાઓ તૈયાર કરેલી. 'શતપદી ભાષાંતર', 'સદ્‌ગુણપ્રશંસા' એમનાં પુસ્તકો છે. પાંચ સર્ગવાળું એમનું એક કાવ્ય 'મહાપુરુષસંબંધ' એમની અસામાન્ય પ્રતિભા અને વિદ્વત્તાનું દ્યોતક છે. આ અપ્રગટ કાવ્યની હસ્તપ્રત શ્રી ભુવનચંદ્રજી મહારાજ પાસે છે.

બિદડાના વેલજીભાઈ સંસ્કૃત, પ્રાકૃત, ગુજરાતી અને અંગ્રેજીના વિદ્વાન હતા. સાધનાશ્રમ-સ્થિત એમનું ગ્રંથાલય અજોડ છે.

કચ્છમાં કચ્છ યુનિવર્સિટીની સ્થાપના પછી ઈ. સ. ૨૦૦૭માં ડિપાર્ટમેન્ટ ઑફ સંસ્કૃતની સ્થાપના થઈ છે જેમાં સંસ્કૃતમાં એમ. એ., એમ. ફિલ. અને પીએચ.ડી. સુધીના અભ્યાસની સગવડ છે.

કચ્છમાં સંસ્કૃતના અધ્યયન માટે બે પાઠશાળા ચાલે છે : એક શ્રીમદ્ ભગવદ્‌ગિરિ સંસ્કૃત વિદ્યાલય જે સામખિયાળી પાસે સંધ્યાગિરિ આશ્રમમાં સ્થિત છે. બીજી સંસ્કૃત પાઠશાળા જે સુખપર ગામમાં આવેલ છે. ઉપરાંત કચ્છમાં સંસ્કારભારતી-સંચાલિત સંસ્કૃત-સંભાષણના વર્ગો ચાલે છે. એટલું તો કહી શકાય કે કચ્છમાં દેવભાષા સંસ્કૃતની આરાધનાની પ્રવૃત્તિ નેત્રદીપક રહી છે.

૧૪. કચ્છમાં સિંધી ભાષા

ડૉ. જેઠો લાલવાણી

કચ્છ, ગુજરાત, સૌરાષ્ટ્રના પ્રાચીન સમયથી ભૌગોલિક, ઐતિહાસિક, સાહિત્યિક સામાજિક, ધાર્મિક, આર્થિક, સાંસ્કૃતિક સંબંધો રહ્યા છે. સિંધમાંથી ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છમાં આવી વસેલી કેટલીક પ્રજાઓ અને રાજ્ય સત્તાઓએ પહેલાં કચ્છમાં જમાવટ કરી અથવા કચ્છમાંથી પસાર થઈ સૌરાષ્ટ્રમાં પોતાનું વર્ચસ્વ સ્થાપ્યું છે. તેથી સિંધના રીત-રિવાજ અને રહેણી-કરણીના સંસ્કાર કચ્છમાં ખાસ કરી તેના પશ્ચિમ ભાગ પર સિંધી સંસ્કારની પડેલી છાપ તેના અસલ સ્વરૂપમાં સ્પષ્ટપણે દેખાય છે.

ગુજરાત અને સિંધ બન્નેના સંસ્કારના સમન્વયની અસર તળે કચ્છને પૂર્વ, મધ્ય અને પશ્ચિમ ત્રણ વિભાગોમાં વહેંચવામાં આવેલ છે. મધ્ય વિભાગમાં કચ્છ કંઠી, મેઆણી, પાવર અને બન્ની જે કુદરતી વિભાગોનો સમાવેશ થાય છે.

સિંધ-કચ્છના પ્રાચીન સમયથી સાંસ્કૃતિક સંબંધો રહ્યા છે. કચ્છમાં ધોળાવીરા, દેશલપુર, ગુંતલી, શિકારપુર, પાબુમઠ, નાની રાયણ વગેરે સ્થળોએ સિંધુ સંસ્કૃતિના પુરાવાઓ પણ પુરાતત્ત્વવિદોએ શોધી કાઢ્યા છે. ભૌગોલિક દૃષ્ટિએ આ સ્થળો એકબીજાથી દૂર હોવાં છતાં તે સિંધના મોહેન-જો-દડો અને હડપ્પાન સંસ્કૃતિનાં સ્થળો સાથે આવન-જાવનનાં સૂચક છે. કચ્છ હિન્દુ-મુસલમાન-એકતાનો સાક્ષી રહ્યો છે. કચ્છનો નારાયણસરોવર જેનું ભારતનાં તીર્થસ્થાનોમાં ઘણું જ માહાત્મ્ય રહ્યું છે, તે સિંધુનું મુખ ગણાય છે. પ્રાચીન સમયથી સિંધના સિંધીઓ પોતાના પૂર્વજોનાં અસ્થિવિસર્જન કરવા અહીંયાં આવતા રહ્યા છે.

ઋગ્વેદકાળની સિંધુનો વહનમાર્ગ જેમજેમ બદલાતો ગયો તેમતેમ તેની સંસ્કૃતિ પણ ક્યાંક નામ-શેષ થતી તો ક્યાંક વિકસતી ચાલી. કચ્છના રણ-પ્રદેશનો પશ્ચિમ, ખડીર, બેલા ને બન્નીનો આ પટ સિંધુ-સંસ્કૃતિની અસરથી સભર રહ્યો છે. પલટાયેલા જમાનામાં ને પલટાયેલી ભૂમિમાં પ્રાકૃતિક ઊથલ-પાથલનાં કારણે ધર્મ બદલ્યા છે, છતાં આજે પણ બન્નીપ્રદેશમાં પ્રકૃતિપુત્રો, પશુપાલકો બન્નીની-પ્રકૃતિને અનુરૂપ પોતાના જીવન-વ્યવસાય ખેડી રહ્યા છે.

બન્નીના ૮૨૮ ચોરસ માઈલ વિસ્તારમાં ૪૦ વાંઢ અથવા ઝીલ આવેલી છે. ત્યાંનાં ભેણી-ભુંગામાં જત, રાયસી, હાલપોત્રા, મુતવા, નોડે, હીંગોરજા, બંભા, કુરાર, સુમરા, સમા, જુણેજા, વગેરે માલધારીઓ વસવાટ કરે છે. ભીરંડિયારા, ભોજરડો, ડુમાડો, ગોરેવારી, મીશરીઆડો, બન્નીનાં મોટાં ગામો છે જ્યાં વધુ સંખ્યામાં આદિ સિંધી જાતિઓ, કબીલાઓ, વસવાટ કરે છે. સિંધુ સંસ્કૃતિના સૃષ્ટિ-સૌન્દર્યને જીવનમાં સાચવીને રાખ્યું છે.

કચ્છમાં પ્રચલિત દંતકથાઓ, લોકવાતો, લોક-ગીતો, દુહાસાહિત્ય, લોકસાહિત્યપરંપરાનાં ઘણાં મહત્ત્વનાં તત્ત્વો, કલાસંસ્કારો સિંધી ભાષામાં પણ મળી આવે છે. સિંધી કાફી કચ્છનાં લોક-હૃદયોમાં છવાયેલી છે. તેનું સંગીત એથી વધારે વિસ્તારવાળું એટલે ભિન્ન-ભિન્ન દેશી પ્રકારોનું બનેલું છે.

કચ્છમાં આદિ સિંધી જાતિઓ, કબીલાઓની અવજ-જવર સિંધ પ્રાંતમાંથી ભાગલા પહેલાંથી રહી છે. ભાગલા પછી ૧૯૪૭માં મોટી સંખ્યામાં સિંધી-સમુદાયે હિજરત કરીને ગુજરાત, સૌરાષ્ટ્ર, ભારતનાં અનેક શહેરો, નગરોમાં આવીને વસવાટ કર્યો.

કચ્છના મહારાજાએ ભાઈ પ્રતાપના નેતૃત્વમાં સિંધીઓની કાયમી વસવાટ માટે જમીન દાનમાં ફાળવેલ અને આદિપુર, ગાંધીધામ શહેરોનું નિર્માણ થયું. ભાગલા પછી ઘણા સિંધીઓએ આદિપુર, ગાંધીધામ, અંજાર, ભુજ તથા કચ્છના અન્ય ગામોમાં વસવાટ કર્યો અને ત્યાં સિંધી ભાષાનો પ્રચાર થયો.

૧૯૭૧ની ભારત-પાકિસ્તાન લડાઈ વખતે ઘણા હિન્દુ કબીલાઓ, વિશેષ કરીને, સોઢા જાતિના લોકોએ કચ્છમાં વસવાટ કર્યો અને ત્યાંથી પછી ગુજરાત, રાજસ્થાન તથા ભારતનાં અન્ય શહેરો તરફ વસવાટ કરવા ગયેલ. ભૌગોલિક દૃષ્ટિએ જોતાં સિંધપ્રદેશની સિંધી ભાષાની ઉપભાષાઓ છે (૧) વિચોલી, (૨) સિરૌરી, (૩) લાડી, (૪) થરેલી, (૫) લાસી. આ ઉપભાષાઓની પણ ઉપભાષાઓ છે : સોઢિકી, જતકી, ડાટકી, મેઘવાળી, શિકારપુરી, લાડકાણી, ઉબાડવાઈ, ઉત્તરાધી, પારકરી, માતેલી વગેરે.

ભાષાશાસ્ત્રીઓના મતે અર્વાચીન ગુજરાતી અને સિંધી ભાષાઓનાં ઉદ્ભવ-મૂળ સામાન્ય છે. પ્રાકૃતમાંથી અપભ્રંશની યાત્રા દરમિયાન શૌરસેની પ્રાકૃતના નાગર અપભ્રંશમાંથી જેમ ગુજરાતી ભાષાનો ઉદ્ભવ થયેલ છે તેવી જ રીતે શૌરસેની પ્રાકૃતના પ્રાચડ અપભ્રંશમાંથી સિંધી ભાષાનો વિકાસ થયો છે.

ભારત સરકારે સિંધી ભાષા માટે અરબી લિપિ (સિંધી લિપિ) તેમ જ દેવનાગરી લિપિને માન્યતા આપેલ છે. ગાંધીધામ, આદિપુર, ભુજમાં સિંધી ભાષા માટે બન્ને લિપિ પ્રચલનમાં છે.

બન્નીમાં અરબી લિપિ મોખરે છે. સિંધી ભાષાની 'વિચોલી' જે શિક્ષણ તથા સાહિત્યસ્વરૂપની ઉપભાષા છે તેની સાથે લાડી, થરેલી, સોઢિકી, જતકી, મેઘવાડી વગેરે ઉપભાષાઓ વ્યવહારમાં છે. સિંધી સાહિત્યનું પઠન, લેખન, વાચન શુદ્ધ સિંધી ભાષા અરબી લિપિમાં થાય છે. બોલચાલમાં મૂળ સિંધી શબ્દો સચવાયેલા છે. કચ્છના સિંધી લોકસાહિત્યમાં સિંધીની ઉપભાષાઓની ઉપભાષાઓનાં દર્શન થાય છે અને બન્નીના સિંધી લોકસાહિત્યનું ધ્વનિમુદ્રણ, સંવર્ધન કરીને પુસ્તકો પ્રકાશિત કરવામાં આવ્યાં છે.

સિંધીભાષાસાહિત્યના વિકાસ માટે ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ સિંધોલોજી – આદિપુરમાં સિંધી ભાષા ખોજ કેન્દ્રની સ્થાપના થયેલ છે. આકાશવાણી-ભુજથી સિંધી કાર્યક્રમ પ્રસારિત થાય છે જેમાં સિંધી સાહિત્યનાં વિવિધ સ્વરૂપોનો સમાવેશ કરવામાં આવે છે.

૧. સિંધી લોકસાહિત્ય – સિંધી વિચારોને વ્યક્ત કરનારી ધમકભરી બોલી છે. તેના વિવિધ લહેકા છે. લોકહૃદયના ભાવની સિંધી ભાષા મર્માળી અને સચોટ છે. સિંધીને લિપિ છે. તેમાં સાહિત્ય લખાય છે. પણ કચ્છની સિંધી વાણીનું સિંધી લોકસાહિત્ય કંઠસ્થ રહી જીવંત રહ્યું છે, લોકજીભે આધુનિક યુગ સુધી રમતું રહ્યું છે. કચ્છની સિંધીમાં લોકસાહિત્યના તમામ આદરપાત્ર પ્રકાર જોવા મળે છે. સિંધી લોકસાહિત્ય ઘણુંખરું પદ્યમાં છે અને પરંપરાથી ચારણો, ભાટો, વાર્તાકારો, સુઘળો, ભક્તો, ભજનિકો, લોકસાહિત્યની અસલ સામગ્રીથી કચ્છના સિંધી લોકવ્યવહારને રસમય રાખતા રહ્યા છે. સામાન્ય જનસમુદાયના આચાર-વિચાર, વાણીવર્તન, રીત-રિવાજ, વ્યવહાર-જ્ઞાનને વાચા આપતા રહ્યા છે. કચ્છના સિંધી લોકસાહિત્યનાં મહત્ત્વનાં અંગો છે : ભજન, કાફી, દુહા, લોકગીતો, લોકવાર્તાઓ, ઉખાણાં, ગુઝારતું વગેરે.... આ પ્રકારોમાં ઇતિહાસ, વાર્તા, વાતાવરણનો સમાવેશ થયેલ છે. તેમાં આકર્ષણ છે તેમ જ આનંદ આપવાની શક્તિ છે.

સિંધી લોકકથાઓ કે કથાગીતોમાં પ્રાચીન સૂફી પ્રેમશૌર્યની વાતો મોખરે છે. પાત્રપ્રધાન હોય કે પ્રસંગ-પ્રધાન, પણ તેના નિરૂપણની પ્રવૃત્તિઓનું મૂળ પ્રણય જ છે. રસભરી અમર પ્રેમકથાઓ – લીલા-ચેનસર, ઓઢો જામ અને હોથલ પદમણી, લાખો ફુલાણી – રાણો મહેન્દ્ર અને મૂમલ, સસઈ-પર્નૂંહ, સુંહિણી-મેહાર, વગેરે માનવસ્વભાવના વિવિધ ભાવોને સ્પર્શ કરતી, લોકહૃદયને ને કરુણ તથા શૃંગારરસથી ઝણઝણાવી મૂકે

છે. ગ્રામીણ સિંધી લોકસમુદાયના જીવનબળનો જુસ્સો પણ તેના શબ્દે-શબ્દે તરવરે છે. કચ્છમાંની 'લંગાજાતિ' જે સિંધી જાતિ છે, તે જાતિના લોકો પરંપરાથી ઉચ્ચ અને કઠિન ધ્રુવપદ-શૈલીમાં ગાય છે. આ જાતિની સ્ત્રીઓએ સાંજિયા જેવો એક વિરલ પ્રકાર જાળવ્યો છે. લંગા જાતિના શહનાઈ, ઢોલ અને નોબતવાદન અતિ સુંદર છે. વાદનની સાથે સિંધી લોકગાથાઓનું તેઓ ગાન કરે છે. સિંધી લોકસાહિત્યનું પુરાણું અંગ તેનાં ભજનો છે. કચ્છમાં સિંધીઓ, લોહાણા ઇષ્ટદેવ ઝુલેલાલ, દરિયાલાલ, જેને રતનાણી રાજા પણ કહેવામાં આવે છે તેમ જ પિથોરાની પૂજા-અર્ચના કરે છે. મેળાઓ ભરાય છે, જ્યાં ભક્તિભાવની સાથે ભજનિકો જીવનનું રહસ્ય ઉકેલતી અને ભક્તિરસથી ભરપૂર સંતવાણીની પરંપરા વહેતી કરે છે.

સિંધી ભાષાને જેમણે હકીકી પ્રેમના રંગે રંગીને, શણગારીને અને આધુનિક યુગમાં પણ જેમની બેતો, કાફીઓ સિંધની અને કચ્છની જનતાને પ્રેમમસ્તીમાં તરબોળ કરી દે છે એવા સૂફી સંત કવિશ્રી શાહ અબ્દુલ લતીફ ભિટાઈ સિંધ તથા કચ્છના સરતાજ મસ્ત શાયર હતા. સિંધપ્રદેશના તેઓ શાયરસમ્રાટ હતા. શાહ એક અજોડ સૂફી સંત હતા. આત્મજ્ઞાન માટે તેમણે સિંધ, કચ્છ, ગુજરાત, રાજસ્થાન, બલૂચિસ્તાન અને અફઘાનિસ્તાનમાં પરિભ્રમણ કર્યું હતું. સિંધના લોકસાહિત્યની સાથે કચ્છના લોકસાહિત્યના ક્ષેત્રને એમણે પોતાના અમર સાહિત્યથી સર કરી લીધું છે.

શ્રી દુલેરાય કારાણીએ 'કચ્છના સંતો અને કવિઓ' (૧૯૮૮) પુસ્તકમાં 'સૂફી સંત શાહ લતીફ'ની સૂફી કવિતાઓ – બેતોનો વિસ્તૃત ઉલેખ કર્યો છે. બેતો સિંધી ભાષામાં આપેલ છે. ગુજરાતીમાં ભાવાર્થ આપેલ છે.

એમણે 'રસાલો શાહ અબ્દુલતીફ ભિટાઈ જો' - (૧૯૭૬)નો ગુજરાતીમાં અનુવાદ કર્યો છે અને શાહ સાહેબ જેવા સૂફી સંતની અનુભવવાણીનો લાભ કચ્છ-ગુજરાતને આપ્યો છે.

શાહના ૩૬ સૂરોનો આ રસાલામાં સમાવેશ કર્યો છે. શાહ લતીફે આખી જિંદગી સાહિત્ય-સેવન અને સત્ય-સંશોધનમાં જ વિતાવી હતી. શાહ લતીફ રંગ, રાગ, ગાન, તાન, કવન, વાદન વગેરે લલિત કલાના જ્ઞાની હતા. જેવા તે અદ્વિતીય શાયર હતા તેવા તે ગાયક પણ હતા. શાહ લતીફે સિંધ અને કચ્છની પ્રેમકથાઓનાં પાત્રો સસઈ-પનૂંહ, સુહિણી-મેહાર, રાણું મૂમલ, લીલા-ચેનસર, ઉમર-મારઈ વગેરેને ભાવનામય બેતો અને કાફીઓમાં ગૂંથી લીધાં છે, જે લોકહૃદયમાંથી કદી લુપ્ત થાય તેમ નથી. શાહ લતીફ ફિલસૂફી અને શાયરીના એવા રંગે રંગાઈ ગયા હતા કે લોકો એમને 'ભિટાઈ ઘોટ'ના નામથી ઓળખે છે. ઘોટ એટલે લાડો-વરરાજા. રિસાલોમાં બેતો મૂળ સિંધી ભાષામાં, ભાવાર્થ ગુજરાતી ભાષામાં આપેલ છે.

શ્રી દુલેરાય કારાણીએ તેમના પુસ્તક 'કચ્છનું વિવિધલક્ષી લોકસાહિત્ય'(૧૯૭૯)માં પણ 'શાહ ભિટાઈનું લોકસાહિત્ય'માં શાહની સિંધી બેતોનો ગુજરાતીમાં ભાવાર્થ આપેલ છે. કચ્છના વિશાળ લોકસાહિત્યમાં 'શાહ'ના સિંધી લોકસાહિત્ય, બેતો, કાફીઓનો સિંધીમાં સમાવેશ કરવામાં આવ્યો છે. શાહની લોકકથાઓ કચ્છનાં લોકહૃદયમાં જળવાઈ રહી છે અને ફરીફરીને પ્રકટ થતી રહી છે.

કચ્છના સિંધીના મૂર્ધન્ય વિદ્વાન અબવાલ હસન જે મિંદરો જાતિના હતા તેમણે હાલની સિંધીની સૌપ્રથમ બારાખડી તૈયાર કરી તે પહેલાં સિંધી દેવનાગરીમાં લખાતી. અંગ્રેજોએ સિંધી ભાષા માટે નવી બારાખડી તૈયાર કરાવી તે પણ સંપૂર્ણપણે અબવાલ હસનની તૈયાર કરાવેલ સિંધી બારાખડી પ્રમાણે જ છે. કેવળ તેમના શબ્દોના સ્થાનક્રમમાં અમુક ફેરફાર કરવામાં આવ્યો હતો. આજની સિંધી લિપિ હસનની આભારી છે. કચ્છના મામૈદેવ જેમને સિંધમાં મામુઈ ફકીર, સાકેઈ સંત પણ કહેવાય છે, તેમને સિંધી કચ્છી લોકસાહિત્યમાં ભવિષ્યવેત્તા માની લેવામાં આવ્યા છે. મામૈદેવની ભવિષ્યવાણી જે અગમવાણીના નામે

ઓળખાય છે તે સિંધી ભાષાના લોકસાહિત્યનાં પુસ્તકોમાં પણ અગ્રક્રમે છે.

સિંધ-કચ્છના લોકો વચ્ચે ભાગલા પહેલાં સંપર્કો રહ્યા છે. તે સમયે પણ કચ્છના વિદ્વાનોએ સિંધી કચ્છી લોકસાહિત્યની મૌખિક પરંપરાને જીવંત રાખી છે : સર્વશ્રી રાવી, અલ્લાહડિનો સોનારો, બોલો નહિડિયો, મિઠૂ નહિડિયો, હકીમ સિદીક સુમરો, લૌંગ ફકીર સોલંગી, અલ્હબચાયો મંગણહાર, અહમદ સૂમરો, ફીટો મંગણહાર, નબીબક્ષ શાહ, મેવો મંગણહાર, અબ્રાહીમ મંગળહાર, હાજીબાવા આરખાણી, મુહમ્દ તાબિલખટી, ઉમ્મર મથલાઈ, ઉસ્માન રાજુ, ઉસ્માન સપૂં, મોલવી જોણેજો, મોલવી હકાની મોહમદ ઉમર સહડાટ વગેરે. આ વિદ્વાનોની કચ્છના સિંધી લોકસાહિત્યની મૌખિક પરંપરાને સિંધમાં ભાગલા પહેલાં તથા ભાગલા પછી, મુદ્રિત કરવામાં આવેલ છે. શ્રી મોહમ્મદ સોમાર શેખે 'કચ્છિયુનજા કૌલ' પુસ્તક ૧૯૭૭માં પ્રકાશિત કરેલ છે, જેમાં કચ્છના સિંધી લોકસાહિત્યનાં વિવિધ રૂપોની સાથે કચ્છના સિંધી કવિઓ તેમ જ લેખકોની કૃતિઓનો પણ સમાવેશ કરેલ છે.

ભારતમાં ગુજરાત સિંધી સાહિત્ય અકાદમી એ એવી પ્રથમ રાજ્ય અકાદમી છે જેણે કચ્છ-બન્નીના સિંધી લોકસાહિત્યનાં સંરક્ષણ, સંવર્ધન, મુદ્રણ, સંપાદન તેમ જ પ્રકાશનની યોજના સિંધી લોકસાહિત્યના વિદ્વાન ડૉ. પરસો ગિદવાણીની પ્રેરણાથી તેમ જ ડૉ. જેઠો લાલવાણીના નેતૃત્વમાં ૧૯૮૯માં તૈયાર કરી સિંધી લોકસાહિત્યનાં અનેક પુસ્તક પ્રકાશિત કરેલ છે.

સિંધી લોકસાહિત્યના અકાદમી તરફથી પ્રકાશિત પુસ્તકમાં 'સિંધી બોલીઅં જી જિયારત'માં ડૉ. પરસો ગિદવાણી(૧૯૮૯), એ કચ્છમાં સિંધી લોકસાહિત્યના ખોજકાર્યનાં ક્ષેત્ર, મહત્ત્વની ખોજકાર્યની પદ્ધતિઓની સાથે સિંધીની ઉપભાષાઓ, સોઢા જાતિની નામાવલી, ગાંવ કચેહરી, સિંધી વાદ્ય બોણીદો વગેરે બાબતોનો ઉલ્લેખ કરેલ છે.

'ગીઝ' (જતજાતિનાં વિવાહગીતો) : સંપાદન ડૉ. પરસો ગિદવાણી (૧૯૯૦), 'ગુઝારતું' (ગૂઢ અર્થની પિરોલીઓ) : સંપાદન ડૉ. પરસો ગિદવાણી, શ્રી લાલજી હિમ્થૂજી સુતાર (૧૯૯૦), 'સોઢન જા ગીત' (લગ્ન ગીતો) : સંપાદન શ્રી પીરદાનસિંહ સોઢા, શ્રી લાલજી સુથાર (૧૯૯૪), 'સૌઢન જા સિંધી ભજન' : શ્રી સોઢા રામસિંઘ ભગત (૧૯૯૫), 'મુત્તવન જા ગીત' (સેહરા-લગ્ન-ગીત) ૧૯૯૯ : શ્રી કલાધર મુતવા પ્રકાશિત થયેલ છે.

અકાદમી તરફથી 'બન્નીએં જા બોલ-જતન જા કૌલ' : સંપાદન હાજી સુલેમાન જત : ૧૯૯૦ : પ્રકાશિત થયેલ છે, જેમાં બન્નીના ૧૦ લોકકવિઓની લોક-કવિતાનું પ્રકાશન થયેલ છે.

બન્નીકચ્છના સિંધી લોકસાહિત્યનાં પ્રકાશિત પુસ્તકોમાં સિંધીની જે-તે ઉપભાષાઓનાં લોકગીતોનો સમાવેશ કરવામાં આવેલ છે. તેના શબ્દોનો અર્થ મેળવવા તથા સમજવામાં સરળતા થાય તેને માટે અકાદમી તરફથી 'સિંધી ઉપભાષા ઉન જા ચૂંડ લફ્જ' (સિંધી ઉપભાષા કોષ) ડૉ. પરસો ગિદવાણી તેમ જ શ્રી લાલજી સુથારના સંપાદનમાં ૧૯૯૯માં પ્રકાશિત થયેલ છે. બન્નીકચ્છનું લોકસાહિત્ય અનેક વિભાગોમાં વહેંચાયેલું છે. સોનાના કટકા જેવા કીમતી દુહાઓ, રમૂજી કિસ્સાઓ, લોકકથાઓ, લોકગીતો, કહેવતો, પિરોલીઓ (ઉખાણાં), ગુઝારતો (ગૂઢ અર્થની પિરોલીઓ), જાતજાતનાં જોડકણાં, બાલવિનોદ વગેરે વિપુલ એવા લોક-સાહિત્યના વિવિધ પ્રકારની વાનગીઓને એકત્રિત, મુદ્રિત, સંપાદિત કરીને ડૉ. જેઠો લાલવાણીએ 'બન્નીઅ જા સિંધી લોક અદબ' ૧૯૯૨માં પ્રકાશિત કરેલ છે.

ડૉ. જેઠો લાલવાણીએ બન્નીની '૪૦' વાંઢ (ઝીલ)માં વસતી વિવિધ સિંધી જાતિઓ, કબીલાઓનાં વિવિધ લોકગીતોનું ખોજકાર્ય કરી 'બન્નીએં જા સિંધી લોકગીત' વિષયે મુંબઈ વિશ્વવિદ્યાલયમાંથી પીએચ. ડી.ની ડિગ્રી ૧૯૯૫માં મેળવેલ છે. આ મહાશોધ-

નિબંધનું પ્રકાશન ૨૦૦૨માં (સિંધી-દેવનાગરી) બન્ને લિપિઓમાં થયેલ છે.

'સિંધી લોકવારસો' (લેખક ડૉ. પરસો ગિદવાણી, પ્રકાશનવર્ષ ૧૯૯૨)માં વિવિધ રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય સાહિત્ય પરિસંવાદોમાં સિંધી લોકસાહિત્ય વિષયે પઠન કરેલ ખોજનાત્મક, વિવેચનાત્મક લેખોનું પ્રકાશન કરવામાં આવેલ છે. તેમાં બન્ની-કચ્છની જત તેમ જ રેબાડી જાતિનાં સિંધી લોકગીતો તેમ જ ગુઝારતોનો સમાવેશ કરવામાં આવેલ છે. શ્રી પ્રીતમ વરિયાણીએ સંપાદિત કરેલ લોકકથાઓનો સંગ્રહ 'ડહડેહી કહાણિયું' ૨૦૦૫-૦૮માં પ્રકાશિત થયેલ છે.

'સિંધી પિરોલિયૂં' (સંપાદન : ડૉ. જેઠો લાલવાણી, પ્રકાશનવર્ષ ૧૯૯૫) તે પુસ્તકમાં બન્ની-કચ્છમાં પ્રચલિત કચ્છી સિંધી પિરોલિયૂંનું જુદા વિભાગમાં પ્રકાશન કરવામાં આવેલ છે.

માસ્તર શ્રી ખાનચંદ કે. ખોરાણીએ ૧૯૫૫-૫૬માં કચ્છની વિવિધ લોકકથાઓને મુંબઈથી પ્રકાશિત 'હિન્દીવાસી' સાપ્તાહિકમાં નિયમિત રજૂ કરેલ. આ લોકકથાઓ 'કચ્છીકથા' પુસ્તકરૂપે ૨૦૧૦માં પ્રકાશિત થયેલ છે.

શિષ્ટ સાહિત્ય

કવિતાઓ :

આદિપુર કચ્છ-નિવાસી પદ્મશ્રી દાદા હૂંદરાજ લીલારામ માણેક : શ્રી હૂંદરાજ દુખાયલ સિંધી કવિ, ગીતકાર તેમ જ સર્વોદય કાર્યકર્તા છે. સ્વતંત્રતાની લડતમાં સિંધમાં તે અગ્રણી રહ્યા હતા. સ્વ-રચિત દેશ-ભક્તિગીતો, ડફલી વગાડીને સિંધની પ્રત્યેક ગલી-ગલીમાં તેનું ગાન કરતા તેમ જ દેશભક્તિની પવિત્ર ભાવનાનો સંચાર કરતા. દેશના વિભાજન સમયે તેઓ ગાંધીધામના પ્રણેતા સ્વ. ભાઈ પ્રતાપના આગ્રહથી આદિપુરમાં આવીને નિવાસી બન્યા તેમ જ ગાંધીધામ-કચ્છના વિકાસમાં સક્રિય રહ્યા.

દાદા દુખાયલનાં સિંધમાં જે-જે પુસ્તકો – વિશેષ કરીને કવિતાસંગ્રહો પ્રકાશિત થયા તેનું પુનર્મુદ્રણ ભારતમાં પણ કરવામાં આવ્યું : 'સ્વ. વિલોડિયા', 'લાહૂતી- લાલ', 'સંગીત અંજલિ', 'કોમી લલકાર', 'સંગીત વરખા', 'ગુલ થા રૂઅનિ તુહિંજી યાદ મેં' (ગઝલ), 'ધર્મકથા', 'ધરતીએં જા ગીત', 'શ્રદ્ધાંજલિયૂં', 'મુશાહિદો' વગેરે, 'લહરેં આપસી', 'ધરતી કી પુકાર', 'હાલ રે કૈસો હાલ', 'શંખનાદ', 'ગાંવ કી ધરતી ગાવં કા રાજ', 'ધરતી કે ગીત', 'ગાય કી પુકાર', 'ગાંધીગાથા', 'સર્વોદય ગીત સરિતા' વગેરે.

શિક્ષણશાસ્ત્રી આચાર્ય શ્રી હરિ ગુરડિનોમલ દરિયાણી 'દિલગીર'નાં સિંધપ્રાંતમાં ઘણાં પુસ્તકો પ્રકાશિત થયેલાં. તેઓ આદિપુરનિવાસી હતા. દેશ-વિભાજન પછી તેમના પ્રકાશિત કવિતાસંગ્રહો છે : 'માકુ ફુડા' (શ્રી નારાયણ શ્યામ સાથે) ૧૯૫૩, 'મૌજ કઈ મહેરાણ' (૧૯૬૬), 'અમર ગીત' (ગીતા કવિતામાં) (૧૯૮૧), 'રોલુ આવાજ' (ગઝલસંગ્રહ) (૧૯૮૪), 'બેવસ જો ચૂંડ કલામ' (અર્થ સાથે) (૧૯૮૮), 'ગાહુ ખુલિયા ગસિ ગસિ' (૨૦૦૨).

શ્રી હરિ દિલગીર : 'લહિરૂં લખ લબાસ' (૧૯૯૩), 'આઝાદી આંદોલન જા ગીત' (૧૯૯૫), 'એકલો ચંડુ' – (૧૯૯૮), 'સુબુહ જો સુહાગુ' (૨૦૦૧), 'જીઉ જીઉ કરે જીઉ' (૨૦૦૨), 'ગાહ ખુલિયા ગસગસ' (૨૦૦૨), 'શ્રી દાદા દુઃખાયલ – જોગી જાદુ લાએ વિયા' (૨૦૦૧).

શ્રી મોતી પ્રકાશ : 'જીઅ અંદર ઝાંકિયૂ' (૨૦૦૪), 'તુંહિજો ગિલીઅ જૂં ગાલહાયું' (૨૦૦૯).

કલાપ્રકાશ : 'મમતા જૂં લહરૂં' (૨૦૦૬).

ડૉ. સતીશ રોહડા 'તન્હા' (૨૦૦૫).

શ્રી વલીરામ કૃષ્ણાણી : 'મધુર પીડા' (૨૦૦૦), 'જિન સાં જુડિયમિ જિંદડી' (૨૦૦૪), 'બીજલ કહિં ખે બોલ બુધાઈ' (સિંધી-દેવનાગિરિ લિપિમાં) (૨૦૦૪-૨૦૦૫), 'જીજલ' (દેવનાગરી) (૨૦૦૯). શ્રી આસન વાસવાણી : 'ઝિંદગીઅ જા નગમા' (૧૯૬૧), 'ઈશ્વર જો આપઘાત' (૧૯૯૫), 'ખલસ ઐં ખાકી' (૧૯૯૬), 'અકીદન જી વફાત' (૧૯૯૮), 'માજીઅ જો દફન'

(૧૯૯૯), 'ફિકિર ઐ ફદમ' (૨૦૦૦), 'જનુન ઐ જંગ' (૨૦૦૧), 'કયામત જે કરીબ' (૨૦૦૨), 'અલહદા આવાઝ' (૨૦૦૪), 'હસિરતું બે હિસાબ' (૨૦૦૫), 'હદું હયાતી અ જૂં' (૨૦૦૮).

શ્રી કાંજીલાલ 'કાસિદ' : 'સાજન મૂંખે યાદ ન કરિ' (૨૦૦૬), 'કુવિમી સદારંગાણી', 'સૌનેરી રંગ જી કારણ' (૧૯૯૬), 'સિજુ અલાએ કિથે કિરી પિયો' (૨૦૦૩).

પ્રો. હરીશ વાસવાણી 'નઈ કવિતા'ના યુગ-પ્રવર્તક મૂર્ધન્ય કવિ છે. તેઓ સિંધી ભાષામાં નવી કવિતાના પ્રેરક રહ્યા છે. ભારત-સિંધનાં સાહિત્ય-સામયિકોમાં તેમની કવિતાઓ નિયમિત પ્રકાશિત થતી રહી છે.

આચાર્ય કુ. તુલસી અનંદાણી : 'કિથે વેહી ગાયાં' (૧૯૮૯); હાજી સુલેમાન ગુલ મહમ્મદ જત 'સાયલ' : 'બન્નીઅ જા બોલ, જતન જા કૌલ' (૧૯૯૦); શ્રી રામ નારાયણદાસ બેલાણી 'ખુમાર' : 'કુઝ લુડક, કુઝ મુર્ક' (૧૯૬૫), 'મેરે સાંઈ'; શ્રી સી. ટી. જ્ઞાનચંદાણી : 'સાજન', 'સાજન તુહિંજા સૂર' (૧૯૯૭), 'દિલ જા ટુકડા' (૧૯૯૯), 'શ્રદ્ધાંજલિ' (૨૦૦૫), 'સિક જી સુરહાઈ' (૨૦૦૬), 'બ ચાર બોલ' (૨૦૦૭); શ્રી લાલ હોતચંદાણી ('લાચાર') : 'ખંડહર જી આરજુ' (૧૯૯૯), શ્રી 'પ્યારૂન્તનજ-મજાક' (૨૦૦૬), 'સચુ મરી વિયો' (નવી કવિતાઓ) (૨૦૧૦).

વાર્તાઓ

કવિતાઓ પછી કચ્છના સિંધી લેખકો સિંધી વાર્તાના લેખનમાં મોખરે રહ્યા છે. વાર્તાસંગ્રહોમાં દાદા હૂંદરાજ દુખાયલ 'ઝુંગાર' (સંગીતમય વાર્તાઓ) : 'પરલાઉ', પ્રો. હરીશ વાસવાણી : '૪૦-૮૦'.

શ્રી તેજુમલ મોટુમલ ભાગચંદાણી 'તેઝ કાબિલ' : 'નયના' (૧૯૬૪), 'તો મુંખે સૂરડિના' (૧૯૭૮), 'કિલેમ જો એવજો' (૧૯૮૦), 'રૂસણી' (૧૯૮૩), 'રેશમા' (૧૯૮૭), 'કુંવારી માઉ' (૧૯૯૦), 'માહતાબ' (૧૯૯૪).

શ્રી લાલ હોતચંદાણી 'લાચાર' : 'સંગતિરાશ' (૧૯૬૩), 'ચિત્રકાર જી કલ્પના' (૧૯૭૦), 'મિસ વડાઈ' (૧૯૮૩), 'બંદિ પલિકૂં' (૧૯૯૫); શ્રી લખમી ખિલનાણી : 'રતુ જા દાગ' (૧૯૬૮), 'અધૂરી રચના' (૧૯૭૮), 'બંદ દરવાજા' (૧૯૭૮) : શ્રી વલીરામ જેઠાનંદ કૃષ્નાણી : 'ફર્જ જે સદિકે' (૧૯૭૮), 'ભારતી' (૧૯૭૮), 'જીવન આ અધન' (૧૯૭૮); 'ગુફ્ર જે હુન પાર' (૧૯૯૩), 'મિટ્ટીઅ જી મહેક' (૧૯૯૯), 'મુંહ જો ટિડિયલ પહિરિયોં ગુલાબ' (૨૦૦૦); શ્રી સી. ટી. જ્ઞાનચંદાણી : 'પહિંજો નાહિનિ પરાવા' (૨૦૦૩); શ્રી મુરલી ગોવિંદાણી : 'ગુજિરિયલ પલ' (૨૦૦૯).

શ્રીમતી ઇન્દ્રા વાસવાણી : 'નાલો' (૧૯૮૭), 'મંજરી' (૧૯૯૬), 'થુડુ' (૨૦૦૨), 'મિટીઅ ખાં મિટીઅ તાંઈ' (૨૦૧૦); સરોજ ભારવાણી : 'કુંજ' (૧૯૯૯), 'અધૂરી જિંદગી' (૧૯૯૪), 'નેઠિ મૂલે શાદી કઈ' (૨૦૦૫); શ્રી ગોપાલ ભારવાણી : 'મમતા' (૧૯૮૯); શ્રી કાંજીલાલ 'કાસિદ' : 'સકીના' (૨૦૦૦), 'મેહબૂબ સાં મિલાઈ' (૨૦૦૨); શ્રી દુખાલય : 'હોતુ હિરદે મે વગ્યામિ' (૨૦૦૯); શ્રી મોતી પ્રકાશ : 'મુંહિજો વસુવાકા' (૨૦૦૮); કલા પ્રકાશ : 'વારનિ મેં ગુલ' (૧૯૯૩), 'ઇંતિજાર' (૨૦૦૮); ડૉ. સતીશ રોહડા : 'રિશ્તો' (૧૯૮૯), 'ઉંદાહિ જો સચુ' (૧૯૯૭); શ્રી કલાધર મુત્તવા : કમાતી અદામી' ૧૯૯૯, 'લુણ જો કર્મ', 'થીગડું' (૨૦૧૦).

નિબંધસાહિત્ય

૧. નિબંધ-લેખસંગ્રહ : શ્રી તેજ કાબિલ : 'અલા પર સિંધ ધરતી કિથે' (૧૯૭૮), 'સમાજવાદ રામ-રાજ' (૧૯૮૧), 'સિંધી બોલીઅ જી ઝલક' (૧૯૮૨), 'અદબી-ગુલદસતો' (૧૯૮૭), 'અદબી ફૂલવાડી' (૧૯૯૪), 'મુતિફરકા મજમૂન' (૧૯૯૭), 'અદબી આલિમ' (૨૦૦૩); શ્રી રામ ગુલરાજ ચંદનાણી : 'ગુલઝારી ગુલદસ્તો' (૧૯૮૦), 'ગુલઝારી ગુલશન'

(૧૯૮૦); શ્રી સોમદત નાથાણી : 'સિંધુડીઅ જી પ્યાસ' (૧૯૮૩), 'સમાજ જો વિકાસુ' (૧૯૮૭); શ્રી હરિ દિલગીર : 'ઝંગલી ગુલ' (૧૯૮૮); શ્રી હોતચંદાણી 'લાચાર' : 'અદબી-કોડ' (૨૦૦૯); નિશા વાધવાણી 'સિંધૂ' : 'સાઓ ઇંકલાબ'; શ્રી લાલજી સુથાર : 'મુહિંજો જા' (૧૯૯૧), 'કાશ મા બિ લેખિકા થિયાં' (૧૯૯૫); શ્રી ગોપાલ ભારવાણી : 'ખટ્ટા મિઠ્ઠા આજ મુદા' (૧૯૯૧), શ્રી હરિ દિલગીર : 'અદબી લેખ' (૨૦૦૪), 'બેવસ હિકુ ગુલિદસિતો' (૨૦૦૫), પ્રીતમ વરિયાણી : 'સિંધી ભાષા ઐ સંસ્કૃતિ (૨૦૧૦); ડૉ. સતીષ રોહડા : 'સાહિત્યસર્જન' (૨૦૦૫), 'સચ્ચ-સચ્ચ' (૨૦૦૬).

૨. વિવેચનાત્મક નિબંધસંગ્રહ : પ્રો. હરીશ વાસવાણી '૪૯-૮૪' – સાહિત્ય અકાદમી (ઍવૉર્ડ પુરસ્કૃત); શ્રી સી. ટી. જ્ઞાનચંદાણી : 'માંક ફુડા ઐં પંખિડિયૂં' (૨૦૦૮); શ્રી તેજ કાબિલ : 'સૂંહાં સિંધી સાહિત્ય જા' (૨૦૧૦) (ભારતભરના આઠ સિંધી પીએચ.ડી. લેખકોના જીવનપરિચયની સાથે તેમનાં ખોજ-કાર્ય વિશે વિવેચન.); શ્રી લખમી ખિલનાણી : 'રચના-યાત્રા' ભાગ-૧ (૨૦૦૧), ભાગ-૨ (૨૦૦૨), ભાગ-૩ (૨૦૦૩), ભાગ-૪ (૨૦૦૫); શ્રી મોતી પ્રકાશ : 'મોતી પ્રકાશ ચૌડસ ચાંઢાણ' (૧૯૯૮); ડૉ. સતીશ રોહડા : 'છંડછાણ' (૧૯૯૫), 'ભાષા ઐં ભાષાવિજ્ઞાન' (૨૦૦૦), 'કવિતા ખાં કવિતા તાઈં' (૨૦૦૨), કથા ખાં કથા તાંઈં' (૨૦૦૨), 'ભાષા સાહિત્ય ઐં સમાજ' (૨૦૦૩), 'કલ્ચર બાયપાસ સર્જરી' (૨૦૦૩).

૩. જીવનચરિત્ર : શ્રી તેજ કાબિલ : 'ભારત જા વિસારિયલ વીર' (૧૯૮૪), 'ભક્તિ કાલ જા કવિ' (૧૯૮૪), 'સિંધુ જો શેક્સપિયર શાહ અબ્દુલ લતીફ' (૨૦૦૯) : શ્રી રામચંદનાણી : 'સ્વામી લીલાશાહ' (૧૯૭૫), શ્રી હરિ દિલગીર : 'કહાણી કર્મયોગીઅ જી' (૧૯૭૫), 'કિશનચંદ બેવસ', (૧૯૮૨); શ્રી સી. ટી. જ્ઞાનચંદાણી : 'તેજ મેં તેજ' (૨૦૦૧); શ્રી લખણી ખિનનાણી : 'સત્યજિત રે' ભાગ ૧-૨ (૧૯૯૪); શ્રી વલીરામ કૃષ્ણાણી : 'જંહિજે કદમ કદમ તે કાશી' (સ્વામી લીલાશાહ જીવનચરિત્ર) (૧૯૯૫).

૪. આત્મકથા : શ્રી હરિ દિલગીર : 'ચોલો મુહિંજો ચિક મેં' (૧૯૮૯), 'ગંદુ મુહિંજી ગોદ મેં' (૨૦૦૩).

૫. સામાન્ય જ્ઞાન : શ્રી તેજ કાબિલ : 'આમજાણ' (૧૯૮૧), 'જનરલ નૉલેજ' (૧૯૮૪).

૬. પ્રવાસ-સફર : શ્રી તેજ કાબિલ : 'સૌર-સફર' (૧૯૭૮), 'ભારતદર્શન' (૧૯૮૫), 'બ્રહ્માંડ જો સૈરુ' (વિજ્ઞાન) (૧૯૮૬), 'કચ્છદર્શન' (૧૯૮૭), 'શહેરન જો ઇતિહાસ' (૧૯૯૧), 'યાત્રાધામ' (૨૦૦૩), 'કચ્છ જી યાત્રા' (૨૦૦૫), 'રાજસ્થાનદર્શન' (૨૦૦૬), 'ગરવી ગુજરાત' (૨૦૦૬), 'સુંહારી સિંધ' (૨૦૦૭); શ્રી લખમી ખિલનાણી : 'મુહિંજે મન જા મહલ – ખંડહર' (૧૯૮૪).

નાટ્યસાહિત્ય

શ્રી લખમી ખિલનાણી 'ગુડા-ગુડિયૂં' (૧૯૮૫), 'વારીઅ સંદો કોટુ' (૧૯૮૭), શ્રી સી. ટી. જ્ઞાનચંદાણી : 'સિંધી થી સુજાગુ' (૧૯૯૮); શ્રી લખમી ખિલનાણી : 'પંહિજો દુશ્મન' (૧૯૯૩), 'ફૂઆ-ફાસ' (૨૦૦૭); શ્રી વલીરામ કૃષ્ણાણી : 'ડબલ સ્ટાન્ડર્ડ' (રેડિયો) (૧૯૯૪); સરોજ ભારવાણી : 'સુગંધ' (૧૯૯૮).

નવલકથાઓ

શ્રી લખમી ખિલનાણી : 'હાય મુહિંજી દિલ' (૧૯૬૮), 'અમૃત-અમૃત' (૧૯૬૮), 'સાજિશ' (૧૯૮૬); શ્રી તેજ કાબિલ : 'સંતોષી ઇન્સાન' (૨૦૦૮); શ્રી લખમી ખિલનાણી : 'અસમય' (૧૯૯૪); કલાપ્રકાશ : 'પખ્ખન જી પ્રીતિ' (૧૯૯૮), 'પખ્ખન જી પ્રીત ઐં પ્યારું' (૧૯૯૯), 'સમુંડ ઐં કિનારો' (૨૦૦૪), 'ઔખા પંધ પ્યાર જા' (૨૦૧૦); કલાધર મુત્તવા : 'રિણ જી રંગ' (૨૦૦૨).

કોશસાહિત્ય

શ્રી તેજુમલ ભાગચંદાણી : 'સિંધી નાલનિ જી ડિક્શનરી' (૧૯૮૭), 'શાહ ફિરહંગ' (શાહના રસાલોના શબ્દો પર આધારિત) (૧૯૯૪), 'સિંધીકોશ' (૧૯૯૭), 'સિંધી થીસોરસ' (૨૦૦૫).

બાળસાહિત્ય

શ્રી હરિ દિલગીર : 'ગીત ગુલાબી' (૧૯૮૭), 'મઝેદાર ગીત' (૧૯૮૩), 'પિરોલિયૂં' (૧૯૯૧); શ્રી સોમદત્ત નાથાણી : 'આઈ બહાર' (૧૯૮૫); શ્રી વલીરામ કૃષ્ણાણી : 'અસીં નંઢડા બારડા' (બન્ને લિપિ) (૨૦૦૮); વિમી સદારંગાણી : 'મુખિડિયૂં' (નાટક), 'બિલ્લીઅ જો સ્કૂલ' (કવિતા) (૧૯૯૮), 'સભાજી ચણી' (કવિતા) (૧૯૯૯), શ્રી હુંદરાજ દુખાયલ : 'બાલગીત' (બાલગીત) (૨૦૦૮).

અનુવાદ-સાહિત્ય

શ્રી તેજ કાબિલ : 'નંઢા ચોર વડા ચોર'; ખ્વાજા અહમદ અબ્બાસની કૃતિઓ, 'અજર અમર વીરતા' (૧૯૬૬, ભારત-પાકિસ્તાન યુદ્ધવિષયક લેખો); શ્રી વિષ્ણુ શર્મા : 'સનાતન મિસૈઈલા' (૧૯૮૭), શ્રી લખમી ખિલનાણી : 'કઠપૂતલીઅ જો નાચુ' (નવલકથા); શ્રી સોમદત્ત નાથાણી : 'લોભી અખિયૂં' (૧૯૫૮), 'કશમકશ' (૧૯૮૧), 'ભારત જે આઝાદી અ જો ઇતિહાસ' (૧૯૮૪), કુ. કૃષ્ણા ભંભાણી : 'તાઈઅ જૂં કહાણિયું', 'બારન સાં વરતાઉં', 'ઘાટ તો ઘૂઘાટ કરે'; શ્રી લખમી ખિલનાણી : 'પથેર પાંચલી' (૧૯૯૭).

સંપાદન

પ્રો. હરીશ વાસવાણી : 'શબ્દ ઐં સંસ્કૃતિ'; શ્રી લખમી ખિલનાણી : 'સિંધી – કચ્છી લોકસંસ્કૃતિ' – ૧૯૯૬.

સાહિત્યક સામયિકો – છાપાંઓ

૧. 'છોલિયૂં' : (સ્થાપક તંત્રી સ્વ. રેલુ હિમથાણી), શ્રી લાલ હોતચંદાણી 'લાચાર'
૨. 'જીવનસંગ્રામ' : સંપાદન : સ્વ. રામ ગુલરાજ ચંદનાણી.
૩. 'રચના' ત્રૈમાસિક : સંપાદક : શ્રી લખમી ખિલનાણી.
૪. 'ધરતી માતા' (સાપ્તાહિક) : સંપાદક : સ્વ. દાદા હૂંદરાજ દુખાયલ.
૫. 'ગાંધીધામ ટાઇમ્સ' : સ્વ. ભગવાન અભિચંદાણી, શ્રી તેજ કાબિલ.

૧૫. કચ્છની વ્રજભાષા પાઠશાળા

ઉમિયાશંકર અજાણી

અઢારમી સદીમાં અંધાધૂંધીનો ઓથાર જ્યારે સમગ્ર ભારત માથે છવાઈ ગયો હતો ત્યારે કચ્છ પણ એમાંથી બાકાત નહોતું. સને ૧૭૧૯ની સાલે દિલ્હીની ગાદીએ મોગલ બાદશાહ મહમદશાહ હતો જે મહમદશાહ રંગીલાના નામે ઓળખાતો હતો. તે સમયે કચ્છમાં 'દેશરા પરમેશરા' કહેવાતા રા' દેશળજીનું શાસન હતું.

આ સમયે વ્રજભાષા કેવળ વ્રજની બોલી ન રહેતાં ભારતના વિશાળ ભૂખંડની કાવ્યભાષા બની ગઈ હતી. એમાં રહેલા માધુર્યના સહજ ગુણ વડે લોકોમાં એણે પોતાનું સ્થાન જમાવી લીધું હતું. આ માધુર્ય એણે એક બાજુ પ્રાકૃત અને બીજી બાજુ અપભ્રંશ પરિવારની અત્યંત મધુર એવી શૌરસેની પ્રાકૃતમાંથી મેળવ્યું હતું. ભક્તિકાળના વાતાવરણ વચ્ચે ઊછરેલી એ વ્રજભાષાને સંત તુલસીદાસ, રહીમ, બૈરમખાં, મતિરામ, નંદદાસ, રસખાન, કેશવદાસ, સેનાપતિ અને બિહારી જેવા સમર્થ કવિઓએ લાડ લડાવ્યાં હતાં. વળી કચ્છમાં તો પુરાણપ્રસિદ્ધ તીર્થધામ નારાયણસરોવર અને કોટેશ્વર હોવાના કારણે સાધુસંતોના સમાગમે વ્રજભાષા જાણીતી જ હતી. હિન્દી સાહિત્યમાં ભક્તિ તરીકે ઓળખાયેલ એ યુગની શરૂઆત જોગાનુજોગ ભારતમાં મોગલાઈના ઉત્થાન સાથે શરૂ થયેલ અને મોગલાઈનાં વળતાં પાણી થતાં જ એ પરિવર્તન પામીને રીતિકાળ તરીકે ઓળખાતા યુગનો આરંભ થયો હતો.

રા' દેશળજીના કુંવર લખપતજી પ્રખર બુદ્ધિશાળી હતા. રાજકવિ હમીરજી રત્નુએ એમને કવિતાના રસિયા બનાવ્યા હતા. માત્ર કવિતા જ નહીં, નૃત્ય, સંગીત અને કલાના ક્ષેત્રે પણ એ પારંગત હતા. કાવ્યરચના માણીને એમાંથી સાત્ત્વિક આનંદ પામી શકાય તેવું છંદોબદ્ધ પિંગળશાસ્ત્રનું શિક્ષણ હમીરજી રત્નુએ કુંવર લખપતજીને આપ્યું હતું. આવું ઊંચું શિક્ષણ પામેલા કુંવર કાવ્યના તત્ત્વને જાણીને માણી શકતા હતા.

૧૭૩૦માં દિલ્હીના બાદશાહે દરબાર ભર્યો હતો. કચ્છરાજ્યના પ્રતિનિધિ તરીકે કુંવર લખપતજી દિલ્હી ગયા હતા. પોતાની કુશાગ્ર બુદ્ધિને કારણે એમણે બાદશાહને રીઝવ્યા. એમની સંગીતનૃત્યકળા-પ્રવીણતા જોઈ શાહી નૃત્યાંગનાઓ કુંવરની કળા પર વારી ગઈ અને પોતાનું જીવન કુંવરને ચરણે અર્પી દીધું. દિલ્હી છોડીને એ બધી જ નર્તકીઓ કુંવર સાથે રહેવા ભુજમાં આવી ગઈ.

રા' દેશળજીના આધ્યાત્મિક ગુરુ દાદા મેકણે સંવત ૧૭૮૬માં સમાધિ લીધી ત્યારથી દેશળજી દિવસોદિવસ અંતર્મુખ થતા ગયા હતા. રાજકાજને બદલે એમનું ધ્યાન ધાર્મિક તત્ત્વ તરફ વળતું થયું હતું. મોટા ભાગે તેઓ ધર્મધ્યાનમાં જ બેસી રહેતા હતા. રાજ્યનો કારભાર કુંવરની હેસિયતથી લખપતજી હસ્તક હતો.

રા' દેશળજીએ સંવત ૧૮૦૫માં વૈશાખ સુદ એકમના દિવસે, ભુજ મધ્યે, દેશળસર તળાવનું ભર્યું કર્યું તથા શિવરામંડપ ભરીને નકલંક જ્યોતની સ્થાપના કરી. આ પ્રસંગે દેશ-પરદેશથી અનેક સાધુસંતો અને બ્રાહ્મણો આવેલ તેમને દાન-દક્ષિણા આપીને સંતુષ્ટ કર્યા તેનો શિલાલેખ શિવરામંડપમાં સચવાઈ રહેલ છે.

કુંવર લખપતજીએ પણ આ જ ગાળાને ઉત્તમ ગણી, મનના મનોરથને પૂર્ણ કરવા સંવત ૧૮૦૫માં (સને ૧૭૪૯) સંસ્કારધામ સમું કચ્છ વિશ્વવિદ્યાલય – જેને દેશી ભાષામાં કચ્છની વ્રજભાષા પાઠશાળા તરીકે ઓળખવામાં આવી રહી છે, તે કવિઓ સર્જવાની શાળાની સ્થાપના કરી.

કચ્છની આ વ્રજભાષા પાઠશાળાની સ્થાપનાની સાલવારી અંગે લેખકોએ જુદાંજુદાં વિધાનો કર્યાં છે, તો આ પાઠશાળાનાં અંતિમ આચાર્ય શંભુદાનજીએ એક કાવ્યમાં તે સમયગાળાનો ઉલ્લેખ કરેલ છે. કેટલાક લેખકોએ તેની સ્થાપના સંવત ૧૮૦૮માં થયાનું જણાવેલ છે, તો કેટલાકે સ્થાપના સંવત ૧૮૦૫માં થયાનું જણાવેલ છે. શંભુદાનજી સ્થાપના-સમયને પ્રસ્થાપિત કરતી જે કવિતાનો ઉલ્લખ કરે છે તેમાં 'સંવત અઠારા સાલ પર જેષ્ઠ માસ, સકલતિથિ એકાદશી અમલ છવાયોની' એટલા કથનમાં સાલ-સંવતનો સ્પષ્ટ નિર્દેશ નથી. પરંતુ કુંવર ચંદ્રપ્રકાશ સિંહ અને ડૉ. કે. એમ. શાહનું પાઠશાળાની સ્થાપના સને ૧૭૪૯ એટલે સંવત ૧૮૦૫માં થયાનું કથન વજૂદવાળું જણાય છે. બ્રહ્માનંદજીએ પણ સને ૧૭૪૯ની સાલનો નિર્દેશ કરેલ છે.

લખપતજીએ રાજસ્થાનના કિસનગઢથી જૈન યતિ કનકકુશળજીને બોલાવ્યા, તેમને સન્માન્યા, ભટ્ટારકની પદવીથી વિભૂષિત કર્યા અને વ્રજભાષાની આ પાઠશાળાના આચાર્યપદે પ્રતિષ્ઠિત કરી તેમના નિભાવ માટે રેહા ગામ તેમને બક્ષિસમાં આપ્યું.

સને ૧૮૫૬માં અહીં અભ્યાસ કરી ગયેલા કવિ બ્રહ્માનંદ તેમની 'બ્રહ્મસંહિતા'માં ઉલ્લેખ કરે છે તે પ્રમાણે સને ૧૭૪૯માં આ પાઠશાળાની સ્થાપના થતાં કચ્છરાજ્ય તરફથી રાજસ્થાન તથા ગુજરાતનાં જુદાં-જુદાં રાજ્યોમાં જાણ કરવામાં આવી કે અહીં કાવ્યનું શિક્ષણ લેવા માટે આવનારા છાત્રોના અભ્યાસકાળના સમગ્ર સમયગાળાનું ખર્ચ કચ્છરાજ્ય દ્વારા થશે. આ જાહેરાત થતાં જ સૌરાષ્ટ્ર, રાજસ્થાન, ગુજરાત, કચ્છ અને સિંધના પ્રદેશમાંથી ભાટ, ચારણ તથા બીજા છાત્રો કાવ્યશાળામાં અધ્યયન માટે આવવા લાગ્યા.

કચ્છની વિશ્વવિદ્યાલય સમી વ્રજભાષા પાઠશાળાને કારણે મહારાવ લખપજીની કીર્તિ ચારે દિશામાં ફેલાવા લાગી હતી અનેક કવિઓ તથા છાત્રો અહીં આવવા લાગ્યા. મહારાવ તરફથી કવિઓને સત્કારવા તથા જરૂરી પ્રોત્સાહન આપવાની સાથેસાથે ઇનામ-બક્ષિસ આપતા તેથી મહારાવ આવા કવિઓ માટે ચબૂતરા સમાન બની રહ્યા હતા.

આજની રાષ્ટ્રભાષાનાં મૂળ જેમાં રહેલ છે તે વ્રજભાષાના વિકાસમાં મહારાવનો ફાળો તો મોટો છે જ, પણ સાથેસાથે કચ્છના આ વિશ્વવિદ્યાલયના આચાર્યો અને કવિઓએ હિન્દી સાહિત્યને સમૃદ્ધ કરવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે.

મહારાવ લખપતજીએ ઘણાં પુસ્તકો લખ્યાં છે : (૧) 'લખપતિ શૃંગાર', (૨) 'હરિભક્તિવિલાસ', (૩) 'શિવ-બ્યાહ', (૪) 'સુરતરંગિણી', (૫) 'મૃદંગ મોહરા', (૬) 'લખપતિ માન મંજરી', (૭) 'રસિકપ્રિયા' (ટીકા), (૮) 'કવિ-પ્રિયા' (ટીકા), (૯) 'બિહારી સતસઈ' (ટીકા). મહારાવ લખપતજીના નામે મનાતી પણ ખરેખર આચાર્ય કુંવર-કુશળજીએ લખેલ 'લખપતિ જશ સિંધુ'ની અગત્ય એ રીતે સિદ્ધ થાય છે કે આજથી ૧૫૦ વર્ષ પહેલાં અંગ્રેજ વિદ્વાન એલેક્ઝાંડર કિંલોક ફાર્બસ માટે કવિ દલપતરામ ડાહ્યાભાઈએ સંવત ૧૯૦૫ના આસો સુદ ૧૫ના પત્રથી કચ્છરાજ્ય પાસેથી તે ગ્રંથ મંગાવેલ. આ અસલ પત્ર આજે પણ ભુજ સંગ્રહાલયમાં સચવાયેલો છે.

૨૦૦ વર્ષના ગાળામાં કચ્છની એ વ્રજભાષા પાઠશાળાએ લગભગ ૩૫૦ જેવા સમર્થ કવિઓ હિન્દી સાહિત્યને આપ્યા હતા. આ કવિઓએ તેમની લગભગ ૪૦૦૦ જેટલી કૃતિઓથી હિન્દી સાહિત્યને સમૃદ્ધ કર્યું હતું. આ વ્રજભાષા પાઠશાળામાં લગભગ ૧૧૦૦૦ જેટલા મૂલ્યવાન ગ્રંથો હતા.

રીતિકાળના યુગની અસરથી આ વિશ્વવિદ્યાલય ભલે તદ્દન મુક્ત રહી શક્યું ન હોય તોપણ છાત્રોના

· અભ્યાસક્રમ માટે પસંદ કરાયેલાં પુસ્તકો પરથી એ ખ્યાલ આવી શકે છે કે અહીં અભ્યાસ કરતા છાત્રોમાં સંસ્કારોનું સિંચન થાય અને સંસ્કૃતિનું સંવર્ધન થાય તેને મહત્ત્વ અપાયું છે. તત્કાલીન સાહિત્યના પ્રવાહને અવગણવામાં પણ આવેલ નથી, તેમ કવિતાના કલેવરને અપવિત્ર કરનારા સાહિત્યની પસંદગી પણ કરવામાં આવી નથી. આ પાઠશાળાના પાયામાં જેમનું યોગદાન છે તે હમીરજી રત્નુ અને જૈન યતિ કનક-કુશળજી અને કુંવર કુશળજી જેવા સંસ્કારી પુરુષોનું ધ્યેય આ પાઠશાળાના કવિઓ વિશ્વના પ્રાંગણમાં સ્વરચિત કવિતા દ્વારા જીવનના પુષ્પને મહેકાવતા રહે એ રહ્યું છે. ચંદ્રપ્રકાશ સિંહ અને કવિ દલપતરામે અભ્યાસક્રમનાં પુસ્તકોની જે યાદી જણાવી છે તે પરથી આનો ખ્યાલ આવી શકે છે.

પાઠશાળાની શરૂઆત થઈ ત્યારે ઉપયોગમાં લેવાયેલા પાઠ્યક્રમમાં રાવ લખપતજી, હમીરજી તથા આ વિશ્વવિદ્યાલયના આચાર્યોએ તૈયાર કરેલાં પુસ્તકો રાખવામાં આવેલાં તેવો ઉલ્લેખ 'કચ્છદર્શન'માંથી મળે છે. તેમાં 'હરિજસ નામમાલા', 'હરિજશ છંદ પિંગળ', 'નવરસવિધાન', 'લખપત અલંકાર ચંદ્રિકા', 'લખપત ભાવવિલાસ', 'લખપત સતસઈ', 'લખપત કાવ્યવિલાસ', 'લખપત વિદ્યાવિનોદ', 'લખપત ભાવબોધિની', 'લખપત સુધાસિંધુ', 'લખપત શૃંગારસિંધુ', 'લખપત શૃંગાર', 'લખપત રાગિણી ચિત્રમાલા', 'નૃત્ય સુધારસ', 'લખપત રાગમાલા', 'લખપત સંગીતદર્શન', 'લખપત રાગાધ્યાય', 'લખપત સ્વરાધ્યાય', 'લખપત તાલવિધાન', 'સંગીત- રત્નાકર' અને 'લખપત જશ સિંધુ' હતાં.

કચ્છની આ વ્રજભાષા પાઠશાળાનું ગૌરવ કરતાં કવિ નાનાલાલ દલપતરામે કહ્યું છે કે "કાવ્યકળા શીખવવાની કચ્છ-ભુજમાં પોશાળ હતી, આજે પણ છે. કવિઓ સર્જવાની એ કાવ્યશાળા કદાચ દુનિયાભરમાં અદ્વિતીય હશે. ઘણા કાવ્યરસિકો ત્યાં ભણી રાજદરબારમાં કવિરાજ થયા છે. એ કાવ્યશાળામાં કાવ્યશાસ્ત્રો શીખવાય છે ને રસોપાસકોને નવરસની વાડીઓમાં ઘુમાવી ઋતુઓની તડકી-છાંયડી પ્રિછાવી, અભિસંચન, ઉછેર, ફૂલ-વીણન, ગૂંથન જેમ બગીચાશાસ્ત્રનો શાસ્ત્રી ઊછરતા બાગબાનને ભણાવે તેમ ત્યાં ભણાવાય છે. કચ્છના મહારાવનો ભુજિયો સિંહાસન છે, પણ ભુજની પોશાળ તે કચ્છના મહારાવનો કીર્તિમુગટ છે."

અભ્યાસક્રમનાં પુસ્તકોનું અવલોકન કરતાં, જે કાળે માત્ર શૃંગારરસની જ બોલબાલા હતી તેવે સમયે જળવાયેલ સમતોલપણું ધ્યાન ખેંચે છે. રીતિકાળના રસકવિ મતિરામ-રચિત 'રસરાજ' જે આ પાઠ્યક્રમનું પુસ્તક છે તેના નામ પરથી જ લાગે કે એમાં નવ રસમાંના માત્ર શૃંગારનું જ નિરૂપણ થયું હશે. પણ 'રસરાજ'માં એવું નથી. મતિરામ સમયના પ્રવાહ સાથે ચાલ્યા છે ખરા, શૃંગારને હુલાવ્યો પણ છે, પરંતુ મર્યાદા ક્યાંય તૂટતી નથી. ભારતીય સંસ્કૃતિનાં રખોપાં કરવા કાજે રીતિકાળના એ સમયે તે જાણે પ્રહરી બનીને ઊભા રહ્યા છે. 'કવિપ્રિયા', 'રસિકપ્રિયા' જેની ટીકા મહારાવ લખપતજીએ લખી છે તે કવિ કેશવદાસના ગ્રંથોમાં 'રસિકપ્રિયા'માં શૃંગારરસની સાથેસાથે બીજા આઠેય રસોનું વર્ણન આવે છે અને તત્કાલીન સાહિત્યપ્રવાહથી તે મુક્ત નથી. તેમાં ક્યાંક અશ્લીલતાનું પ્રમાણ પણ વધતું-ઓછું દેખાય છે, પણ તેમાં સરસતા અને હૃદયસ્પર્શિતા પ્રગટી છે. જ્યારે 'કવિપ્રિયા'માં કાવ્ય અંગેનું વિવેચન થયું છે. આ બન્ને ગ્રંથો સમાવવા પાછળનો ઉદ્દેશ તે તેમાં થયેલ અલંકારવિધાન, છન્દવૈવિધ્ય અને ભાષાકૌશલ્ય છે. હિંદી સાહિત્યમાં પ્રતિભાશાળી આચાર્ય તરીકે પ્રતિષ્ઠિત એવા કવિ કેશવદાસજીની આ રચનાઓની ટીકા મહારાવ લખપતજીએ કરી છે અને તે પાઠશાળાના અભ્યાસક્રમમાં સમાવાઈ છે અને બાકીના છંદ, પિંગળ અને ધાર્મિક સાહિત્યની સાથે- સાથે તત્કાલીન પ્રવાહથી અળગા ન પડી જવાય તેનું ધ્યાન રાખીને છાત્ર સર્વ સંપૂર્ણ તૈયાર થાય, તે હેતુ સ્પષ્ટ દેખાય છે.

આ પાઠશાળામાં નક્કી થયેલ અધ્યયનનો ગાળો પાંચ વર્ષનો હતો. પરંતુ કોઈ છાત્ર તેનો સંપૂર્ણ અભ્યાસક્રમ તે પહેલાં એટલે કે ત્રણ વર્ષે કે ચાર વર્ષે પૂરો કરી લે તો તેની પણ છેવટની કસોટી કરવામાં આવતી હતી. આવી કસોટી લેવાય તે પહેલાં છાત્રે કાવ્યપ્રણયન વિષયના દશાંગ કાવ્યશાસ્ત્રમાં નિષ્ણાત થવું પડતું અને તેમ થયા પછી જ છેવટની કસોટી લેવાતી. ત્યારબાદ દીક્ષાન્ત સમારોહ થતો. સંપૂર્ણ અભ્યાસ પૂરો થયે અને દશાંગ કાવ્યશાસ્ત્રમાં નિષ્ણાત થયા પછીની કસોટીમાં પસાર થઈ જતાં તેણે એક બાવની અથવા તો કોઈ એક કાવ્યગ્રંથનું સર્જન કરવું પડતું. તે થઈ જતાં પાઠશાળાના આચાર્ય તેને કાવ્ય રચવામાં નિષ્ણાત કવિ તરીકે જાહેર કરવા માટે તેનું નામ દીક્ષાન્ત સમારોહમાં ભાગ લેવા માટે જાહેર કરવા જણાવતા. રાજમહેલના દરબારખંડમાં દરબાર ભરાતો. મહારાવશ્રી પોતે ત્યાં હાજર રહેતા. તેમની હાજરીમાં છાત્રની છેવટની પરીક્ષા લેવાતી. પ્રથમ તેણે પોતાના વિદ્યાર્થીકાળ દરમ્યાન કંઠસ્થ કરેલ કાવ્યગ્રંથ સંભળાવવો પડતો. ત્યાર પછી કોઈ એક અંગ પર રચાયેલ કાવ્ય સંભળાવવું પડતું. ક્યાંક સમસ્યાપૂર્તિ પણ કરવાની થતી. આવી રીતે તે હવે પોતાની રીતે સુંદર કાવ્યોની રચના કરી શકે છે એવું જણાતાં તેને કવિની પદવી, પોશાક, યોગ્ય ઇનામ અને સનદ-રૂપે પ્રમાણપત્ર આપીને સન્માન કરાતું. કચ્છરાજ્ય તરફથી અપાતી આ સનદને સઘળાં રાજ્યો સન્માનતાં હતાં, એ આ પાઠશાળાની દેશ-વિદેશમાં થયેલી પ્રતિષ્ઠાનો નિર્દેશ કરે છે.

કવિઓની આ પાઠશાળામાં દાખલ થયેલા છાત્રને તેના પાંચ વર્ષના અભ્યાસગાળા દરમ્યાન થતું ખર્ચ કચ્છરાજ્ય પોતે ભોગવતું.

પાઠશાળામાંથી અંતિમ વિદાય લેતાં પહેલાં એક બાવનીનું સર્જન કરવાની પ્રથા દીવાન મણિભાઈ જશભાઈના સમયમાં પાઠશાળાના આચાર્ય પ્રાણજીવન ત્રિપાઠીએ સને ૧૮૯૦ની સાલથી ફરજિયાત બનાવી

ક્રમાંક	વિક્રમ સંવત	બાવનીનું નામ	કવિનું નામ
૧.	૧૯૪૬	વસંતબાવની	વસંતરામ કૃષ્ણરામ શુભજ્ઞાતે
૨.	૧૯૪૬	હમીરસરબાવની	બારોટ ગોપાલ જયદેવ
૩.	૧૯૪૮	નીતિરત્નાવલી	નવલદાન શક્તિદાન
૪.	૧૯૪૯	ધૈર્યબાવની	માધવ પુરુષોત્તમ બ્રહ્મભટ્ટ
૫.	૧૯૫૦	દેશોન્નતિપ્રકાશિકા	ભંડુભાઈ બાપજી
૬.	૧૯૫૩	પતિવ્રતાચરિત્રાવલી	ધનદાસ તુલસીદાસ
૭.	૧૯૫૩	ઔદાર્યબાવની	મહેતા ગૌરીશંકર ગોવિંદજી
૮.	૧૯૫૫	ધનેશ-ધર્મ-બાવની	મેઘરાજ હમીરજી
૯.	૧૯૫૫	કવિગુણપ્રભાકર	બારોટ હરદાન જશભાઈ
૧૦.	૧૯૫૫	ઉપદેશબાવની	શ્યામજી મયાશંકર બ્રહ્મભટ્ટ
૧૧.	૧૯૫૬	વૈરાગ્યોપદેશબાવની	ખેતદાન દોલાજી
૧૨.	૧૯૬૧	સૃષ્ટિસૌંદર્યવાટિકા	જીવાભાઈ વીસાભાઈ
૧૩.	૧૯૬૬	સ્વધર્મનિષ્ઠાદર્શન	દેવીદાસ નારાયણદાનજી
૧૪.	૧૯૭૧	સ્વદેશ-હુન્નર-કળા ઉત્તેજન-પ્રબોધ-બાવની	જયસિંહ દયારામ બ્રહ્મભટ્ટ
૧૫.	૧૯૭૨	ગૃહસ્થાશ્રમધર્મ-ગુણ-પ્રકાશ	જસકરણજી અચલદાનજી

ક્રમાંક	વિક્રમ સંવત	બાવનીનું નામ	કવિનું નામ
૧૬.	૧૯૭૪	શંકર-મહાત્મ્ય-બાવની	કલાભાઈ દાજીભાઈ
૧૭.	૧૯૭૭	દેવીમહિમાબાવની	શિવદાન ડોસાભાઈ
૧૮.	સાલવારી જાણવા મળી નથી	ખેંગાર-ગુણ-રત્નાકર	કવિરાજ વૈરાભાઈ
૧૯.	,,	સુર સ્નેહ સો ધનરસ સમાન કવિવંશખરે.હં	કવિનામ જાણવા મળ્યાં નથી
૨૦.	,,	નેન બઢાવની નૂર	,,
૨૧.	,,	બિમલ બિચાર	,,

હતી. આ કારણે હિન્દી સાહિત્યમાં આવી બધી બાવનીઓ કચ્છની આ વ્રજભાષા પાઠશાળાની દેન છે. સને ૧૮૯૦ એટલે સંવત ૧૯૪૬થી કવિઓની આવી બાવનીઓ વાસ્તવમાં ડૉક્ટરેટની પદવી માટે રજૂ કરાતા મહાનિબંધ જેવી જ રહી છે. આજની આવી ડૉક્ટરેટની પદવી માત્ર નામ સાથેનું પૂંછડું બની રહેનાર પ્રક્રિયા છે, જ્યારે તે સમયે કચ્છની વ્રજભાષા પાઠશાળા દ્વારા અપાતી કવિરાજની પદવી એને પોતાના જીવનનિર્વાહ માટે નિશ્ચિત કરી દેતી હતી. કચ્છની વ્રજભાષા પાઠશાળાના સનદી કવિ રાજા-મહારાજાઓના દરબારમાં રાજકવિ તરીકેનું સ્થાન પામી શકતા હતા.

નોંધ : ક્રમ નંબર ૧૯થી ૨૧ સુધી બાવનીની વિગત શ્રી રામસિંહજી રાઠોડના 'કચ્છમિત્ર' તા. ૧-૧-૮૬ના અંકમાંના લેખ પ્રમાણે.

આ વ્રજભાષા પાઠશાળાની પ્રતિષ્ઠાથી સૌરાષ્ટ્રના રાજવીઓ ભારે પ્રભાવિત થયા હતા અને તેથી જ તો જામનગરના જામ રણમલજી બીજાએ કવિ વજમાલજી મેહડુને ગુરુજી તરીકે સ્થાપીને જામનગરમાં આવી પાઠશાળા સ્થાપવાનું વિચારેલ.

સળંગ ૨૦૦ વર્ષના સુદીર્ઘકાળની આવરદા ધરાવતી આ પાઠશાળાને પણ ક્યારેક ઓખી-સોખીનો સામનો કરવો પડ્યો છે. પરંતુ કચ્છના રાજવીઓ આ સંસ્કારવારસાને ટકાવી રાખવા કૃતિનિશ્ચયી હોવાથી જ આ પાઠશાળા રાજાશાહીના અંત લગી ટકી શકી હતી. એકધારાં ૧૨૫ વર્ષ લગી આ પાઠશાળાના આચાર્યના ગૌરવભર્યા પદે રહેવાની પરંપરા જાળવી રાખનારા જૈન ગુરુજીઓની એ પરંપરા વલ્લભકુશળ સમયે સંવત ૧૯૧૮થી તૂટી. આચાર્યપદ માટેની ખટપટ, વલ્લભકુશળની વૃદ્ધાવસ્થા અને કામ પ્રત્યેની ઓછી નિષ્ઠા તથા જાગીરનો ઉપયોગ પણ પોતાની અંગત સુવિધાઓ સાચવવામાં થવા લાગતાં ખટપટ ઊભી થઈ. તે પરથી મહારાવ પ્રાગમલજીના વખતમાં જૈન ગુરુજીને બદલે પ્રાણજીવન ત્રિપાઠીની આચાર્યપદે નિમણૂક કરવામાં આવી. આ અંગેની ખટપટની વિગત જીવણકુશળે રાવ ખેંગારજીને અરજપત્રિકા મોકલાવીને કરી. તેમાં આ અંગેની વિગતો દર્શાવી છે. અરજી-પત્રિકામાં પ્રાણજીવન વિરુદ્ધ રજૂઆત થયેલી છે. પણ વાસ્તવમાં એમના હાથમાં પાઠશાળાનો વહીવટ આવ્યા પછી ખૂબ જ સુધર્યો હતો. તેમણે ખંત અને નિષ્ઠાથી પોતાના શિષ્યોને અગ્રગણ્ય કવિઓ બનાવ્યા હતા. તેમના આવા શિષ્યોમાં ગોપ, શંકર, ભૈરવદાન, હમીર, કેશવ જેવા સમર્થ કવિઓ પાક્યા હતા. આ બધા શિષ્યોએ સ્વતંત્ર તેમ જ પ્રાણશંકર સાથે રહીને કેટલાક ગ્રંથોની રચના પણ કરી હતી.

આવો એક અન્ય પ્રસંગ મહારાવશ્રી ખેંગારજીના વખતમાં પણ બનેલ. તેમના દીવાન ચુનીલાલ સારાભાઈની કરકસર કરવાની વૃત્તિના કારણે આ સંસ્થા નબળી પડી રહી હતી. કવિઓના અભ્યાસક્રમમાં કોઈ ફેરફાર નહોતો થયો, છતાં છાત્રોના ખાનપાનમાં મોટો કાપ મુકાઈ ગયો હતો. એક વખત રાજસ્થાનનો એક છાત્ર પોતાનો અભ્યાસ પૂરો થતાં વતન જવા માગતો હતો. તે ખેંગારજી બાવાની સલામે ગયો. નિયમ પ્રમાણે તેણે એક બાવની સંભળાવવી જોઈએ, પણ આ છાત્ર તો મહારાવશ્રી ખેંગારજીને સલામ કરીને ચૂપચાપ ઊભો રહ્યો. તેને આ રીતે ઊભા રહેલા જોઈને મહારાવે તેને કાંઈ કહેવું હોય તો તે કહેવા અને વિદાય પહેલાં રચવાની થતી બાવની બાબતે પૂછ્યું. કવિને થયું કે અત્યારે રજૂઆત કરવા જેવી છે, તેથી તેણે કહ્યું :

એક શેર આટા મિલે, નગદ દોકડો એક,
તામેં ક્યાં કવિતા કહૂં, સુનો ખેંગાર નરેશ.

મહારાવને પરિસ્થિતિ સમજાઈ ગઈ. તપાસ કરાવી તો કવિની વાત સાચી હતી. પૂરું ખાવાનું પણ ન મળતું હોય તો કવિતા ક્યાંથી સૂઝે ? મહારાવે દીવાનને બોલાવ્યા અને કહ્યું : 'આ કાવ્યશાળા તો મહારાવ લખપતજીએ કચ્છને આપેલ કીર્તિમુગટ છે. વારસામાં મળેલ આ સંસ્કારધનને કચ્છરાજ્ય હર કિંમત પર વિકસાવવા કૃતનિશ્ચયી છે. આ કાવ્યશાળા કોઈ વેપારની વાત નથી. એના નફાતોટાના હિસાબ ન મંડાય.' આટલી ટકોર થતાં જ કવિઓનાં પેટિયાંમાં મુકાયેલ કાપ પાછો ખેંચી લેવાયો. મહારાવ શ્રી વિજયરાજજીના સમયમાં પણ સન ૧૯૪૫માં આ પાઠશાળાની સ્થિતિ કથળવા લાગી હતી. આ સ્થિતિની જાણ થતાં જ તેમણે શિક્ષણખાતાના અધિકારીને તપાસ કરવા તથા કાંઈ સુધારાવધારા કરવાના હોય તો તે અંગે જણાવવા માટે રૂબરૂ મુલાકાત લેવા જણાવેલ. તે પ્રમાણે તેમણે કેટલાક સુધારા સૂચવેલ. તે પરથી નાયબ દીવાન જે. જે. આશરે પણ આ પાઠશાળાની મુલાકાત લીધેલ. તે પ્રસંગે આશરનું સ્વાગત પાઠશાળાના આચાર્ય શંભુદાનજી-રચિત કાવ્ય દ્વારા કરણીદાન ગઢવીએ કરેલ તેમાં પાઠશાળાની હાલત અને તેને ચાલુ રાખવાની વાતને વણી લઈને જે કાંઈ કહેવાનું હતું તે કહી સંભળાવ્યું :

અરજી સુનાવો ફેર મરજી મુનાસિબ પેં,
નામ રહ જાયેગો જરૂર યે નિભાનેમેં,
કવિયન કે કાજ રાજ લખપત રચાઈ રમ્ય,
શાળા વ્રજભાષા યે વિદિત રાજ રાનેમેં,
દોસો સાલ દેખ હાલકાલમેં બેહાલ બની,
તાકો પ્રતિપાલ ખ્યાલ ધરોં નીજરાને મેં
દેન હાર દાતા બિજરાજ બલિ ભોજ હૈ તો,
આસર પ્રધાન જસ લે લો યે જમાનેમેં.

આ સાંભળ્યા પછી કવિઓની મુશ્કેલી દૂર કરી દેવાઈ હતી.

આ પાઠશાળાની પ્રતિષ્ઠાને વિદ્વાનોએ હંમેશાં બિરદાવી છે. ભક્ત અને જ્ઞાની કવિ સંત પ્રીતમદાસ (સંવત ૧૭૭૦-૧૮૫૪) અવારનવાર કચ્છના મહારાવને મળવા માટે આવતા ત્યારે રાજ્ય તરફથી પાઠશાળામાં કથાકીર્તન કરવા માટે નિમંત્રણ અપાતું. રાજ્ય તરફથી પ્રીતમદાસજીને તુરાઈ અને ભેર વાજિંત્રોની ભેટ આપવામાં આવેલ. આ ભેટનાં સાધનો આજે પણ સંદેસરના પ્રીતમ-મંદિરમાં રખાયેલાં છે.

૧૬. કચ્છમાં જન-સ્વાસ્થ્ય-સેવાઓનો વિકાસ

હંસરાજ કંસારા

પ્રાક્કથન :

કચ્છના સર્વાંગી ઇતિહાસના એક ભાગરૂપે કચ્છમાં માનવ વસતિની સ્વાસ્થ્ય-સ્થિતિનો અને એને સ્પર્શતી કે અસર કરતી પ્રાકૃતિક, સામાજિક કે રાજકીય ઘટનાઓનો સમયના સંદર્ભે અભ્યાસનો આ પ્રયાસ છે. એના આધારરૂપે વિદ્વાનોનાં ઇતિહાસમૂલક લખાણો, બૉમ્બે પ્રેસિડેન્સી ગૅઝેટિયર, કચ્છનાં દરબારી ગૅઝેટો વગેરેમાંથી જે કંઈ સ્વાસ્થ્ય સંબંધી ઐતિહાસિક મૂલ્ય ધરાવતી વિગતો મળી તેનો ઉલ્લેખ કર્યો છે.

પ્રાગૈતિહાસિક પૃષ્ઠભૂમિ :

પ્રો. રાજરત્ન ગોસ્વામી એમના પુસ્તક 'કચ્છ – સંસ્કૃતિ, સમસ્યાઓ અને સમાધાન'માં લખે છે કે કચ્છના લીલોતરીસભર પ્રાંથળ અને મુંદ્રાવિસ્તારની ઉપગ્રહ-તસવીરો, તત્સમયે કચ્છની આબોહવા માનવ-વસવાટ માટે અનુકૂળ હોવાની સૂચક છે. તદુપરાંત તે સમયનાં હથિયારો (કોદાળી-ચોપર વ.) કચ્છમાં કેટલાંક સ્થળોએથી પ્રાપ્ત થયાં છે, જેમાંનાં કેટલાંક ભુજના સંગ્રહાલયમાં સચવાયેલાં છે. આ પુરાવાઓને આધારે વિદ્વાનોનો મત છે કે તત્સમયે કચ્છમાં માનવ-વસવાટ હતો. જોકે એ કોણ હતા તે વિશે, નૃવંશશાસ્ત્રીય અભ્યાસ પર આધારિત સર્વસંમત સ્પષ્ટતા નથી. પ્રો. સાંકળિયાના મતે કચ્છના આદિમાનવના સગડ ગુજરાતની આદિવાસી પ્રજામાં છે. જોકે, વાગડ, અંજાર આદિના પછાત વિસ્તારોમાં વસતી કોલી, પારધી જેવી કોમોનું મૂળ કદાચ અહીંની 'આદિવાસી' વસતિનું હોઈ શકે.

હરપ્પન સભ્યતા :

ઈ. સ. પૂર્વે ૨૫૦૦-૩૦૦૦ આસપાસ હરપ્પન સભ્યતાનો વિકાસ થયો હોવાનું મનાય છે. કચ્છમાં ધોળાવીરા તેમ જ અન્ય સ્થળોએ આ સભ્યતાનું અસ્તિત્વ હોવાના જે પુરાતત્ત્વીય અવશેષો મળ્યા છે તે, તે સમયની જન-સ્વાસ્થ્યલક્ષી આયોજનબદ્ધ નગર-રચનાના સૂચક છે. બહુજન-સ્વાસ્થ્યનો મૂળાધાર શુદ્ધ પેય જળ અને દૂષિત પાણીના નિકાલની વ્યવસ્થા છે. આ હરપ્પન નગરરચનામાં પાણીના મૂળ સ્રોતથી નગર મધ્યે પહોંચાડવાની પાકી ઢાંકેલી નાલીઓ છે. નગરમાં પાણીસંગ્રહ માટે સેડીમેન્ટેશન વ્યવસ્થા સાથે મોટા-મોટા ટાંકાઓ છે. એ જ રીતે ઘરોના ગંદા પાણીના નિકાલ માટે પાકી ગટરો છે તેમ જ સ્નાનાગારો પણ છે. હરપ્પન નગર-અવશેષોમાં તબીબી અને શલ્ય-ચિકિત્સાનાં ઉપકરણો કે બીજા કોઈ જનસ્વાસ્થ્યસૂચક પુરાવા મળ્યા નથી, પરંતુ ડૉ. એસ. આર. રાવના મતે હરપ્પન સભ્યતા પર વેદકાલીન સંસ્કૃતિનો પ્રભાવ હતો, કેમકે નગરની દીવાલો પર યોગાસનો – સાધનાના વિવિધ હાવભાવ દર્શાવતાં ચિત્રો તેમ જ આકૃતિઓ 'આયુર્વેદ' અને 'સિદ્ધા' ચિકિત્સાશાસ્ત્રનો તે સમયના લોકો પર પ્રભાવ હોવાની સૂચક છે. શક, ક્ષત્રપ, ગુપ્ત, મૈત્રક કે મોગલ આધિપત્ય દરમિયાન આ પ્રદેશમાં એમાંના કોઈએ, આ પ્રદેશ માટે, આપત્તિસમયે પણ કોઈ નોંધપાત્ર જન-સ્વાસ્થ્યલક્ષી પ્રવૃત્તિ કરી હોવાનો પુરાવો મળ્યો નથી.

કચ્છમાં જન-સ્વાસ્થ્ય-સેવાનું વિસ્તરણ :

બૉમ્બે ગૅઝેટિયર : કચ્છ ડિસ્ટ્રિક્ટ : પ્રકરણ V, પૃષ્ઠ ૫૭૩માં નોંધ છે કે 'કચ્છમાં આધુનિક એલોપેથિક ચિકિત્સાપદ્ધતિના આગમન પહેલાં આયુર્વેદિક ચિકિત્સાપદ્ધતિ હતી. ભારતમાં મુસ્લિમો યુનાની પદ્ધતિ લાવ્યા, પરંતુ કચ્છમાં એ લોકપ્રિય

નહોતી. ભારતીય આયુર્વેદિક ચિકિત્સાપદ્ધતિનું તળપદું સ્વરૂપ એટલે 'દેશી' અને 'ડોશી' વૈદું, જે સદીઓથી કચ્છના આમ-જનસમાજ સુધી પ્રસરેલું અને એમની જીવનશૈલી સાથે વણાયેલું છે.

કચ્છમાં ગામો છૂટાંછવાયાં વસેલાં છે. ૫૦૦થી ઓછી વસતિનાં ગામો અધિક છે. આવા દરેક ગામમાં વૈદ ન હોય એટલે લોકો ઘરગથ્થુ ઉપચાર જાતે કરે. ગામની સુયાણી (મોટે ભાગે હજામ કોમની) ગર્ભવતી મહિલાની સુવાવડ કરે અને થોડા દિવસ જચ્ચા-બચ્ચાની સારસંભાળ રાખે. ગામનો હજામ મુસ્લિમ બાળકોની સુન્નત(ખતના)ક્રિયા કરે. ઘરની કે પાસ-પડોશની કોઈક અનુભવી મહિલા નાનાં બાળકોના ઊપસેલા કાકડા દબાવી શકે, પેચોટી બેસાડી શકે. ગામડામાં ઝેરી જીવજંતુ-સાપ-વીંછીનો ત્રાસ વધુ એટલે કોઈક એના ડંખનો ઝેર ઉતારનાર પણ હોય. રાની કે પાલતુ પશુના કરડવાનો ઇલાજ કરનારા પણ હોય.

રોગ અને ઇલાજ વિશે કેટલીક પરંપરાગત માન્યતાઓ હતી. જેમ કે શીતળા, ઓરી, અછબડાના વાસરા કહેવાય. એનો ઇલાજ ન થાય. શીતળામાતાની માનતા રખાય. દસ-બાર દિવસમાં રોગ શમી જાય ત્યારે એને શીતળાના સ્થાનકે નમાવાય. જો આંખ કે જાન જાય હોય તો 'પ્રારબ્ધનો દોષ' કહેવાય.

કચ્છનાં ગામડાંઓમાં બાળકોને અફીણના પુટ-વાળી બાળાગોળી અપાતી. મહિલાઓમાં તમાકુ અને છીંકણી સૂંઘવાનું પ્રમાણ વધારે હતું. જાડેજા મહિલાઓ મેળાવો કરે ત્યારે બજરની ડાબલી જરૂર ફરે. કોઈના અવસાનની કાણે, મરશિયા ગાતી વખતે, બેસણા ટાણે, બજરની ડાબલી અને દાતણ આપે. જૂના જમાનામાં જાડેજા પરિવારોમાં મહિલાઓ પરદો કરે. દ્વારાની અંદર જ મંદિર આદિ હોય. એમને ખાસ બહાર જવું ન પડે. શૌચાદિ ક્રિયાઓ માટે પણ દ્વારાની અંદર જ એમના માટે અલગ વાડા બનાવેલા હોય.

કેટલીક લોકપરંપરાઓમાં સ્વાસ્થ્યદૃષ્ટિ વરતાય છે. ગર્ભવતી મહિલા(પ્રથમ પ્રસૂતિ)નો પૌષ્ટિક વસ્તુઓથી ખોળો ભરાય; નવજાત શિશુની છઠ્ઠી પૂજાય; એને દીવો દેખાડાય; આંખમાં કાજળ અંજાય, વગેરે. કચ્છના મુસ્લિમ પરિવારોમાં પણ આ પરંપરા હતી. મુસ્લિમ પુરુષો અને સ્ત્રીઓ આજે પણ આંખમાં સુરમો આંજે છે. ગ્રામવાસીઓના રોગથી બચાવ અને ઇલાજ માટેના કેટલાક અંધવિશ્વાસો પણ ખરા. જેમ કે પીર-ફકીરના દોરાધાગા, તાવિજ, સાધુની રાખ અને ભૂવાની ધૂણી આદિ. માંડવી તાલુકાના ગામ તલવાણાના પીર હડકાયા કૂતરાના કરડવાનો ઇલાજ કરતા. ભુજ તાલુકાના ગામ માનકૂવા પાસે કોડકી ગંગાના પાણીમાં નાહવાથી અને એમાં ઝબોળેલું કપડું ત્યાંના ખીજડાના ઝાડ પર સૂકવી દેવાથી ચામડીની વ્યાધિ ખસ, ખાજ આદિ મટી જાય એવી માન્યતા પણ રૂઢ હતી. કચ્છ જિલ્લાના નિવૃત્ત ચીફ મેડિકલ ઑફિસર અને સિવિલ સર્જન ડૉ. ભેડાના કહેવા મુજબ, જૂના જમાનામાં કચ્છના લોકો ખાસ કરીને કિશોરાવસ્થા દરમિયાન, ગડ-ગૂમડ ખસ, ખાજ જેવાં ચામડીનાં દર્દોનું, પેટમાં 'કૃમિ'નું તેમ જ અન્ય દૂષિત જળજન્ય રોગો અને આંખના સંક્રમણનું પ્રમાણ અત્યાધિક હતું. આમ, ધોરણસરની તબીબી સહાયથી મહદંશે વંચિત કચ્છના ગ્રામવાસીઓ એમની પરંપરાગત સમજ અનુસાર સદીઓથી આ રીતે જ જીવનનું જતન કરતા હતા. ૧૯મી સદીના ઉત્તરાર્ધમાં (૧૮૭૨) થયેલી વસતિગણતરી તત્કાલીન જન-સ્વાસ્થ્ય-સ્થિતિની સૂચક છે, જે નિર્દેશ કરે છે કે તત્સમયે બાળમૃત્યુપ્રમાણ અત્યધિક હતું, પુરુષોના પ્રમાણમાં સ્ત્રીઓની સંખ્યા ઓછી હતી તેમ જ સરેરાસ આયુ નિમ્નતમ હતી. વસતિના માત્ર ૩-૫ ટકા લોકો ૬૦ વર્ષથી અધિક આયુના હતા.

બૉમ્બે ગૅઝેટિયર, કચ્છ ડિસ્ટ્રીક્ટ; પૃષ્ઠ ૬૨ પર એક શ્રીમંત જાડેજા પરિવારના વડીલની દિનચર્યાનું વર્ણન છે. એ નોંધના અંશ, જે કચ્છની તત્કાલીન ગ્રામ્ય જનતાની તબીબી રાહત સંબંધે છે તે અત્રે પ્રસ્તુત છે. (મૂળ નોંધ અંગ્રેજીમાં, એનો તથ્યાનુવાદ)

"...શ્રીમંત જાડેજા પરિવારનો વડીલ ઠાકોર પાંચ વાગ્યે ઊઠે, ભૂંગરી પીએ. હાથ-મોં ધોઈ, ભાટચારણ અને થોડા મિત્રો સાથે એના દ્વારની ડ્યોઢીએ બેસે. નોકર કસુંબો તૈયાર કરે. પ્રથમ કસુંબો ગામધણી સમક્ષ મુકાય. પછી બીજા બધાને મળે. કસુંબા-પાણી પછી સહુ હુક્કો ગગડાવે. જાડેજા ઠાકોર સાંજે, એની ડ્યોઢીયે બેએક કલાકનો દરબાર ભરે. લોકોની ફરિયાદોનો નિકાલ કરે. કોઈ બીમાર હોય તો તેને ઇલાજ સૂચવે. બધા જાડેજાઓને દવાદારૂનું થોડું જ્ઞાન હોય જ છે. કેટલાક તો પોતા પાસે દવાઓ પણ રાખે છે..."

લોકોની બીમારીમાં સરખા ઇલાજ માટેની ઝંખના ઉત્કટ હતી તેનો પુરાવો માધાપર પાસે ૭૨ જખના પાળિયા છે. ઈ. સ. ૧૩૪૦માં કેટલાક પરદેશી જખૌ બંદરે ઊતરેલા. આ લોકો કદાચ બાયઝેન્ટિયમથી આવેલા હશે, એવું ઇતિહાસકારો માને છે. રશબ્રુક વિલિયમ્સે એના પુસ્તક 'બ્લૅક હિલ્સ'માં ઉલ્લેખ્યું છે કે આ ગોરા, ભૂરી આંખોવાળા ઊંચા કદના જખ ઘોડા પર બેસી ગામેગામ ફરતા. દર્દીઓનો ઇલાજ કરતા. રશબ્રુક વિલિયમ્સે 'Black Hills: Kutch in History and Legends'(page-87)માં એમને 'Champman of Travelling Doctors' તરીકે બિરદાવ્યા છે. આ પરદેશીઓ પાછળથી સંગાર કોમના જખ તરીકે પૂજાયા છે. આજે પણ દર વર્ષે કકડભીટ અને માધાપર પાસે ભાદરવા માસમાં એનો મેળો ભરાય છે.

આયુર્વેદિક તેમ જ અન્ય વૈકલ્પિક ચિકિત્સા પ્રસાર :


'મહેશ્વર સંદેશ' સામયિકના તંત્રી સ્વ. એલ. ડી. માતંગે લખ્યું છે કે કચ્છમાં આયુર્વેદ સિદ્ધા ચિકિત્સા પદ્ધતિના સૈદ્ધાંતિક સ્વરૂપની દસ્તાવેજી નોંધ ચૌદમી સદીના સંત મામૈદેવની 'વેદ-વાણી'માં છે. કચ્છના રાજવી જામ મૂળવાજી (ઈ. સ. ૧૩૨૧-૪૭), જેઓ રોગવશ અશક્ત હતા, તેમનો ઇલાજ મામૈદેવે કર્યો હતો, તેનો ઉલ્લેખ જયરામદાસ જેઠાભાઈ નયગાંધીના પુસ્તક 'કચ્છનો બૃહદ્ ઇતિહાસ'માં છે.

ડૉ. નીતા ઠાકર એમના પુસ્તક 'કચ્છમાં જૈન સંસ્કૃતિ : એક દૃષ્ટિપાત'માં લખે છે કે જૈન યતિઓ-

કચ્છનું વસતિ-વિશ્લેષણ – ૧૮૭૨

AGE STRUCTURE	POPLN. (in %)	MALE	FEMALE	TOTAL
0-1	4.5	11,112	11,037	22,149
1-5	14	37,595	36,096	73,691
6-14	15	41,957	34,779	76,736
15-20	17	43,835	39,172	83,007
21-30	18	43,180	42,140	85,320
31-40	14	33,497	32,218	65,715
41-50	9.5	22,481	18,819	41,300
51-60	4.5	12,314	10,863	23,177
60+	3.5	8,243	7,970	16,213

કચ્છનું વસતિ-વિશ્લેષણ – ૧૮૭૨



સ્ત્રી-પુરુષ સરેરાશ

૦.૧ (એક વર્ષથી નીચે અને ૬૦ વર્ષથી ઉપર સ્ત્રી-પુરુષની સંખ્યા સમાન) બાકીનાં વર્ષો દરમિયાન પુરુષના અનુપાતે સ્ત્રીઓની સંખ્યા ઓછી હતી.

માહિતીસોત : બૉમ્બે પ્રેસિડેન્સી ગૅઝેટિયર (વૉલ્યુમ-૫) કચ્છ. પ્રકરણ-૩, વસતિ

ગોરજી વૈદક જ્ઞાન ધરાવતા હતા અને લોકોને તેનો લાભ આપતા હતા. રાવ દેશળજી(બીજા)(ઈ. સ. ૧૮૧૯-૬૧)ના દરબારમાં ચૌદ રત્નોમાં ત્રણ ગોરજી હતા. ભુજમાં મોટી પોશાળના ગોરજી માણેક મેરજી (બીજા) અંજારના ગોરજી મોતીચંદજી નાડીવૈદ હતા. માંડવીના ગોરજી ખાંતીવિજયજી (બોડા ગોરજી) એમની સ્વાસ્થ્યવર્ધક ગોળીઓ માટે જાણીતા હતા.

વીસમી સદીના પૂર્વાર્ધ સુધીમાં કચ્છમાં ગ્રામ્ય વિસ્તારો તેમ જ તાલુકામથકો મળીને પચાસેક દરબારી અને સખાવતી ડિસ્પેન્સરીઓ થઈ. એમાંની બહુ થોડી ડિસ્પેન્સરીઓમાં એલોપેથિક ડૉક્ટર હતા. ગ્રામ્ય વિસ્તારોની ડિસ્પેન્સરી માટે અનુભવી કમ્પાઉન્ડરો તેમ જ દેશી વૈદોને એલોપેથિક ચિકિત્સાપદ્ધતિની તાલીમ આપી મૂકવામાં આવ્યા હતા. વીસમી સદીના આરંભે બ્રિટિશ હકૂમતના પ્રભાવ હેઠળ પ્રાશ્ચાત્ય ચિકિત્સાપદ્ધતિને પ્રશાસનિક પ્રોત્સાહન મળ્યું. કચ્છના તત્કાલીન દરબારી મેડિકલ ખાતાના વડા ડૉ. દોરાબજી હોરમસજી, ડૉ. જાદવજી, ડૉ. તાંબે અને છેલ્લે ડૉ. ...કર દ્વારા કચ્છની પરંપરાગત ચિકિત્સાપદ્ધતિ સાથે ...ને આધુનિક એલોપેથિક સિસ્ટમની બેઝિક રાહત ...હોંચાડવાના ઉપાયો થયા. તદુપરાંત, કચ્છમાં મેડિકલ 'મેનપાવર'ના વિકાસને પ્રોત્સાહન આપવા કચ્છરાજ્ય તરફથી મેડિકલ અભ્યાસ માટે 'છાત્રવૃત્તિ' આપવાનું શરૂ થયું, જેના પ્રથમ લાભાર્થીઓમાં ભુજના ડૉ. વલ્લભજી હંસરાજ, મુંદ્રાના ડૉ. મૂળજી પરસોતમ અને અંજારના ડૉ. હિંમતરાય નારાણજી હતા. માંડવી ડિસ્પેન્સરીના ડૉ. અરદેશરના પુત્ર સરોસને પણ મહારાવશ્રીએ છાત્રવૃત્તિ આપી મેડિકલ અભ્યાસ માટે એડીનબરો મોકલ્યા હતા.

દવાખાનાં :

કચ્છમાં સર્વપ્રથમ ભુજમાં ઈ. સ. ૧૮૪૯માં દરબારી એલોપેથિક ડિસ્પેન્સરી થઈ. ૧૮૬૦માં આ ડિસ્પેન્સરીમાં દસ પથારીની વ્યવસ્થા થઈ. ૧૮૮૭ સુધીમાં કચ્છના ૮ તાલુકા સ્થળે દરબારી ડિસ્પેન્સરીઓ થઈ. ૨૦મી સદીના પૂર્વાર્ધ સુધીમાં કુલ ૧૫ દરબારી અને ૨૮ સખાવતી દવાખાનાં થયાં. આ સંદર્ભે કચ્છના તત્કાલીન ચીફ મેડિકલ ઑફિસર ડૉ. જાદવજી હંસરાજનું અવલોકન, મુંબઈથી પ્રકાશિત સામયિક 'સ્વદેશ'ના ઈ. સ. ૧૯૨૪ના દીપોત્સવી અંકમાં પ્રકાશિત થયેલ. તેના કેટલાક અંશો અત્રે પ્રસ્તુત છે :

"...આ દવાખાનાંઓમાં દર્દીને મફત દવાઓ આપવામાં આવે છે. દવાખાનાંમાં એક ડૉક્ટર અને એક કમ્પાઉન્ડર હોય છે. 'ડ્રેસર' અથવા મલમપટ્ટી લગાડનારાનો અભાવ જોવામાં આવેલો. સાધારણ ગૂમડાં ફોડવા સિવાય બીજી કોઈ શસ્ત્રક્રિયા માટે પૂરતાં સાધનો પણ જોવામાં આવેલાં નહીં....

....દવાઓ હાલ પૂરી પાડવામાં આવે તેના કરતાં વધારે પ્રમાણમાં લગભગ દરેક દવાખાનાને જોઈએ. બીજી બાજુ દવાખાનાના સ્થાપકો તેને માટે નિયત કરેલી રકમના ઊપજતા વ્યાજની રકમના પ્રમાણમાં જ દવાઓ પૂરી પાડે... સ્થાપકોની આર્થિક સ્થિતિ નબળી થાય છે ત્યારે આવાં ખાતાંઓ બંધ થયાનું અમારા ધ્યાનમાં છે... કેટલાંક દવાખાનાંઓ જે ગામોમાં છે તે ગામો માત્ર એકેક-બબ્બે ગાઉને અંતરે આવેલાં છે. આવી રીતે દવાખાનાંઓ રાખવાને બદલે જો એક સારી વ્યવસ્થાવાળી ઇસ્પિતાલ કોઈ કેન્દ્રસ્થાને સ્થાપવામાં આવે તો આજુબાજુના દરેક ગામને આશીર્વાદરૂપ થઈ શકે, એટલું જ નહીં, પણ મોટીમોટી શસ્ત્રક્રિયાઓ કરવાનું પણ બની શકે. વળી દવાખાનાની અંદર દર્દીઓ રાખવાની પણ સગવડ બની શકે. જે ગરીબ લોકોનાં કુટુંબીજનો ન હોય, ઘરમાં ખાવાને ખાદ્ય પદાર્થોનો અભાવ હોય અને માંદગીને વખત સૂવાને માટે બિછાનું પણ ન હોય તેવા લોકોને માત્ર બાટલીમાં ત્રણ ટંકની દવા આપવાથી શો ફાયદો કરી શકાય ? કચ્છમાં આવો ગરીબ વર્ગ ઘણો મોટો છે...."

દવાખાનાં (સરકારી) :

(૧) ભુજ, (૨) માંડવી, (૩) કેરા, (૪) નખત્રાણા, (૫) નલિયા, (૬) નારાયણસરોવર, (૭) ખાવડા, (૮) કુકમા, (૯) દુધઈ, (૧૦) આધોઈ, (૧૧) ગાગોદર, (૧૨) ઘડુલી, (૧૩) સાંઘવ, (૧૪) વિથોણ, (૧૫) બિટ્ટા.

'તદુપરાંત ભુજ અને વાગડ ક્ષેત્રમાં ગ્રામ્ય વિસ્તારો માટે મોબાઈલ ડિસ્પેન્સરી.

દવાખાનાં (સખાવતી) :

(૧) દુર્ગાપુર, (૨) મસ્કા, (૩) ગોધરા, (૪) લાયજા, (૫) ગઢશીશા, (૬) કોટડી, (૭) ગુંદિયાળી, (૮) ઉગેડી, (૯) મંગવાણા, (૧૦) રોહા, (૧૧) નિરોણા, (૧૨) કોટડી રેહાવાળી, (૧૩) મુજબ, (૧૪) વાંકુ, (૧૫) કોઠારા, (૧૬) ડુમરા, (૧૭) જખૌ, (૧૮) તેરા, (૧૯) ભેદ્દા, (૨૦) કાંડાગરા, (૨૧) ભદ્રેસર, (૨૨) નાગલપર, (૨૩) લોડાઈ, (૨૪) કુંભારિયા, (૨૫) તુણા, (૨૬) અંજાર, (૨૭) અંજાર – હોમિયોપેથી, (૨૮) દેવળિયા.

– માહિતી સ્રોત : 'કચ્છ બૃહદ્ ભૂગોળ' – ૧૯૫૯

કચ્છમાં દરબારી રાહે તબીબી સેવાપદ્ધતિ કેવી હતી તેનો થોડો ખ્યાલ, મુંદ્રા ડિસ્પેન્સરીના ડૉ. હીરજી હંસરાજ ખત્રીની એક ડાયરીની નોંધો પરથી મળે છે. ડૉ. હીરજીભાઈ મૂળે વૈદ્ય હતા, પરંતુ એલોપેથિક ચિકિત્સાપદ્ધતિ વિશે પણ માહિતગાર હતા. એમની ડાયરીમાં વિભિન્ન બીમારીઓ, તેમનાં લક્ષણો, આયુર્વેદિક ચિકિત્સાશાસ્ત્ર મુજબના ઔષધીય ઉપચારો સાથે આધુનિક ચિકિત્સાનો પણ ઉલ્લેખ છે. દરબારી ડૉક્ટર તરીકેની એમની કેટલીક બીજી ફરજો હતી તેનો પણ કેટલીક નોંધો નિર્દેશ કરે છે. જેમ કે મુંદ્રાબંદરે અન્ય બંદરોથી સ્ટીમર મારફતે આવતા પૅસેન્જરોનું હેલ્થ ચેક-અપ. એમની ડાયરીમાં મુંદ્રાબંદરે લાંગરેલી પ્રીમિયર આગબોટમાંથી ઊતરેલા છડિયામાંથી હેલ્થ ચેક-અપ માટે કસ્ટમ દ્વારા ૧૧ છડિયા ઓછા મોકલાયા હતા તેની ટીકાત્મક નોંધ છે. તદુપરાંત, ૧૮૯૯માં એમના હસ્તકના ગામ માતાવારી તુંબડીમાં થયેલ પ્લેગના કેસને છાપરે મૂક્યાની અને ત્યાં એનું અવસાન થયાની તેમ જ બીજા એક શંકાસ્પદ કેસની વિગત પણ છે. મુંદ્રાની એમની ડિસ્પેન્સરીમાં દર્દીને આવશ્યકતા પડ્યે, ઇન્ડૉર પેશન્ટ તરીકે રાખવાની વ્યવસ્થા પણ હતી. એમની ડિસ્પેન્સરીમાં એક અજાણ્યો શખ્સ એની બીમારી દરમિયાન રહ્યો હોવાનું અને એનું અવસાન હૃદયરોગને લીધે થયું હોવાનું એમણે નોંધ્યું છે. તે સમયે મુંદ્રાના ન્યાયાધીશ તેમ જ ફોજદારની ખાસ હાજરીની પણ નોંધ છે, જે તે સમયની મેડિકો લીગલ પ્રણાલીનું સૂચક છે.

કોટડા(રોહા)માં અરજણ નાગજી સખાવતી દવાખાનું અને આરોગ્ય આશ્રમની કેટલીક વિગત પણ ઇતિહાસમૂલક છે. આ દવાખાનાના ડૉ. ગોપાલજી કોઠારી, ૧૯૨૪માં ૧૨ વૈદક અભ્યાસાર્થીઓ માટે, આયુર્વેદિક, એલોપેથિક અને બાયોકેમિક ચિકિત્સા-પદ્ધતિના ત્રણ વર્ષના અભ્યાસક્રમનું શિક્ષણ આપવા રાત્રિશાળા ચલાવતા. આ રાત્રિશાળામાં એલોપેથિક ચિકિત્સાપદ્ધતિનું શિક્ષણ આપવા માંડવીના ડૉ. ઈશ્વરભાઈ ઓઝા, કોટડીના ડૉ. સ્વાદિયા અને ગઢશીશાના ડૉ. મકવાણા આવતા. ગઢશીશામાં પ્રૅક્ટિસ કરતા ડૉ. છબીલાલ દવેએ ઉપરોક્ત વિગત નોંધી છે. ડૉ. દવેની નોંધ મુજબ આ દવાખાનામાં ઑપરેશન થિયેટર તેમ જ સૂર્યકિરણ સારવારની વ્યવસ્થા હતી. એમણે મઉના મેઘરાજજી જાડેજાના સહયોગથી દેશી દવાઓના ઉત્પાદન માટે 'જીવનશક્તિ' ફાર્મસી ખોલી હતી. કોટડા રોહાના દવાખાનામાં પ્રસૂતિસેવા અને બાળરોગોના ઉપચાર તેમ જ ટી. બી., મેલેરિયા, ન્યુમોનિયા અને ટાઇફૉઈડના ઉપચાર ઉપરાંત રાની પશુઓ કરડતાં તેની પણ સારવાર-વ્યવસ્થા હતી તેવો ઉલ્લેખ છે. ડૉ. ગોપાલજી દર્દીઓની પોસ્ટ દ્વારા મળેલી વિગતોના આધારે નિદાન કરી તેના ઇલાજ માટે આયુર્વેદિક ઔષધિઓ પોસ્ટ દ્વારા પણ મોકલતા. કોટડા ડિસ્પેન્સરી દ્વારા ૧૯૨૫માં જિનિંગ ફૅક્ટરીના કમ્પાઉન્ડમાં મુંબઈના નેત્રસર્જન ડૉ. દેસાઈના સહયોગથી મોતિયાનાં ઑપરેશનો માટે ૨૫ દિવસના મેગા કૅમ્પનું આયોજન થયાની પણ નોંધ છે.

વીસમી સદીના આરંભે કચ્છમાં આયુર્વેદિક પદ્ધતિએ વૈદ્યકીય સારવારની ઉપલબ્ધિનો વ્યાપ કેટલો હતો તેના આછેરા ખ્યાલ માટે તે સમયે કચ્છનાં કેટલાંક ગામોમાં જાણીતા વૈદોનાં નામ અત્રે નોંધ્યાં છે. આ નામો મુનિશ્રી કલ્યાણચંદ્રજીના પુસ્તક 'મારા સાધુ-જીવનનાં સંસ્મરણો'(૧૯૮૪)માંથી તેમ જ કેટલાક

વૈદ્યોના વંશજો તેમ જ વયોવૃદ્ધ વડીલો સ્વ. કુંદનભાઈ ધોળકિયા, નિવૃત્ત વિકાસ ઘટક અધિકારી શ્રી રુદ્રપ્રસાદ અંતાણી અને મેડિકલ ખાતાના નિવૃત્ત કર્મચારી શ્રી ચુનીલાલ વ્યાસ સાથે રૂબરૂ મુલાકાત થકી મેળવ્યાં છે. 'કચ્છ ડિસ્ટ્રિક્ટ ગેઝેટિયર'ની નોંધ મુજબ ૧૯૩૧માં ભુજમાં ધર્માર્થ આયુર્વેદિક સહાય ફંડ અને લોકહિતાર્થ દવાખાનું હતું. દરરોજ લગભગ સવાસો દર્દીઓ આ દવાખાનાનો લાભ લેતાં હતાં. બીજા નાડીવૈદ નરોત્તમભાઈ ભટ્ટ, રાજવૈદ મહાશંકરભાઈ અને નાનાલાલભાઈ પાઠક હતા. માંડવીમાં સુખાત્માનંદજી, નટુ મહારાજ, શામજી ખટાઉ ભાટિયા (ગાજીભા), માણેકલાલ શિવજી અને ભાચ્છામિયાં હતા. અંજારમાં વૈદ ગલુ સુમરી મશહૂર હતા. મુન્દ્રામાં વાઘજીભાઈ સોલંકી, ત્રિકમજી ટોકરશી, ભાણજીભાઈ અને નાનાલાલભાઈ જાણીતા વૈદો હતા. તેરામાં વૈદ કરસનદાસ અને જીવરાજભાઈ હતા. મંજલ મંગવાણામાં, કોટડા આશ્રમમાં તાલીમ-પ્રાપ્ત, વૈદ મનજી ભાવસાર હતા. નવીનાળમાં દુલેરાય કારાણીના ભાઈ ભવાનજી જાણીતા વૈદ હતા. નારાયણસરોવરમાં કરસનદાસ બ્રહ્મચારી હતા. મંજલમાં કેસરિયા પૂજ મોણસી સ્વામી નાડીવૈદ હતા. રાપરમાં દરબારી ડિસ્પેન્સરીના ભવાનજી કરમશી ઠક્કર (કચ્છના લોકનેતા સ્વ. પ્રેમજીભાઈના પિતાશ્રી) હતા. કુકમામાં હરજીવન રતનશી ચાવક અને નલિયામાં મણિશંકર જોશી જાણીતા વૈદ હતા. નિરોણામાં ડૉ. બેચરલાલ આચાર્ય હતા. નખત્રાણા તાલુકામાં ગૌડવંશના મારવાડી પાલીવાલ પરિવારોમાંના ઘણા સભ્યો વૈદું કરતા હતા, તેવો ઉલ્લેખ 'બૉમ્બે ગેઝેટિયર'માં છે.

આઝાદી પછી ભારતીય ચિકિત્સાપદ્ધતિને યોગ્ય પ્રોત્સાહન આપવાના ભારત સરકારના નીતિ- નિર્દેશોને અનુલક્ષીને એલોપેથિક ઉપરાંત વૈકલ્પિક ચિકિત્સાપદ્ધતિને પ્રોત્સાહન મળવા લાગ્યું. ૧૯૬૫માં જ્યુબિલી હૉસ્પિટલ – ભુજમાં ૧૫ પથારીની ક્ષમતા ધરાવતી આયુર્વેદિક હૉસ્પિટલની સ્થાપના થઈ. આ હૉસ્પિટલમાં ઇન્ડૉર અને આઉટડૉર દર્દીઓને નિઃશુલ્ક આયુર્વેદિક ચિકિત્સા થતી તેમ જ ઔષધિઓ આપવામાં આવતી. તદુપરાંત ૧૯૫૧થી ૫૮ દરમિયાન લાકડિયા, રામવાવ, ગઢડા, રામપર વેકરા, વલ્લભપુર અને ચંદિયામાં સબસિડાઈઝ્ડ મેડિકલ સેન્ટર કાર્યરત હતાં. બીજી અને ત્રીજી પંચવર્ષીય યોજના દરમિયાન ૨૦ ગામો માટે આયુર્વેદિક ઔષધિની ચેસ્ટ સાથે તેની ઉપયોગ-માર્ગદર્શિકા આપવામાં આવી હતી.

અન્ય વૈકલ્પિક ચિકિત્સા પદ્ધતિ :

વીસમી સદીના ત્રીજા દાયકા પછી અંગ્રેજી શિક્ષણના થોડા પ્રસારને કારણે ભુજ, અંજાર, મુંદ્રા, માંડવીના શિક્ષિત વર્ગમાં બાયોકેમિક મેડિસિનનો ઘરેલુ અભ્યાસ અને ઉપયોગ વ્યાપક હતો. ભુજમાં તેના પ્રસારમાં ડૉ. શામજીભાઈ મચ્છરનું સારું યોગદાન હતું. અંજારમાં ડૉ. દેઢિયા ૧૯૫૯માં માંડવી તાલુકાના નાના ભાડિયા ગામમાં હોમિયોપથિક સહાયક ડિસ્પેન્સરી શરૂ થઈ હતી, જ્યાં દરરોજ ૫૦-૬૦ દર્દીઓને નિઃશુલ્ક હોમિયોપથિક દવાઓ આપવામાં આવતી હતી. સિત્તેર-એંસીના દાયકામાં હોમિયોપથીને જન-સાધારણ માટે લોકભોગ્ય બનાવવા અને ગ્રામ્ય વસ્તીને એનો લાભ પહોંચાડવા હોમિયોપથી સ્નાતક ડૉ. મીરાં સચદેએ કચ્છના અંતરિયાળ વિસ્તારોમાં હોમિયોપથિક શિબિરોનું આયોજન શરૂ કર્યું હતું. એમના અકાળે અવસાન બાદ એમની સ્મૃતિમાં થયેલ ટ્રસ્ટ દ્વારા અદ્યપિપર્યંત નિઃશુલ્ક હોમિયોપથિક સારવાર-પ્રસાર-કાર્ય થઈ રહ્યું છે.

હૉસ્પિટલો

કચ્છમાં રાજ્ય દ્વારા સંચાલિત તબીબી સેવાનો આરંભ ઓગણીસમી સદીના ઉત્તરાર્ધથી થયો. શરૂઆતમાં ભુજ તેમ જ અન્ય વિસ્તારોમાં દવાખાનાં થયાં. ત્યારબાદ કચ્છથી બહાર વસતા કચ્છી શ્રેષ્ઠીઓના નાણાકીય સહયોગથી રાજ્ય દ્વારા થોડી હૉસ્પિટલોની પણ સ્થાપના થઈ. કચ્છ સ્વતંત્ર ભારતનું અંગ બન્યું તે પછી 'સી' સ્ટેટના કાર્યકાળ દરમિયાન આ પ્રવૃત્તિમાં પ્રશાસકીય વેગ આવ્યો. આ સમય

દરમિયાન સ્થપાયેલી પ્રમુખ રાજકીય હૉસ્પિટલોની વિગતો અત્રે પ્રસ્તુત છે.

સિવિલ હૉસ્પિટલ – ભુજ (સ્થાપના : ૧૮૬૦) : પ્રારંભે ૧૦ પથારીની ક્ષમતા ધરાવતી આ હૉસ્પિટલનું ૧૮૮૭માં 'જ્યુબિલી હૉસ્પિટલ' નામકરણ થયું. પથારીની ક્ષમતા ૪૦ થઈ. એક ઑપરેશન થિયેટર, પેથોલોજી લૅબોરેટરી અને એક્સ-રે ઇક્વિપમેન્ટ ઉપરાંત નેત્રચિકિત્સાનાં ઉપકરણો આદિ સુવિધાઓનો ઉમેરો થયો. ૧૯૪૮માં 'ઍમ્બ્યુલન્સ સેવા' શરૂ થઈ. જનરલ મેડિકલ, રૂટિન સર્જિકલ, પ્રસૂતિ, નેત્રચિકિત્સા, ટી. બી. તેમ જ અન્ય સંક્રામક રોગોની રોકથામ-ઇલાજ; ઍન્ટિરેબીઝ ટ્રીટમેન્ટ અને માનસિક રોગીની દેખભાળ સેવાઓનો સમયાંતરે વિકાસ થયો. કચ્છમાં તબીબી સેવા વિસ્તરણ તેમ જ રેફરલ સેવા માટે આ હૉસ્પિટલ ૧૯૫૬ સુધી જિલ્લાસ્તરે કેન્દ્રસ્થ રહી. ત્યારબાદ એની સેવાઓ ભુજ પૂરતી સીમિત થઈ.

જી. કે. જનરલ હૉસ્પિટલ – ભુજ (સ્થાપના : ૧૯૫૬) : કચ્છની જિલ્લા હૉસ્પિટલ અને રેફરલ સેન્ટર તરીકે સ્થપાયેલી આ હૉસ્પિટલમાં પ્રારંભે બે ઑપરેશન થિયેટર અને ૧૩૫ની પથારીક્ષમતા હતી જે ૧૯૭૩ સુધીમાં વધીને ૨૮૧ થઈ. ૨૦૦૪માં નવ ઑ. ટી. સાથે પથારીક્ષમતા ૩૦૦ની થઈ. રૂટિન નિદાન/ચિકિત્સાનાં સાધનો-ઉપકરણો ઉપરાંત ઇલેક્ટ્રો-કાર્ડિયોગ્રામ, ઇલેક્ટ્રો-થેરપી, સી. ટી. સ્કેન, ડાયાથર્મી અને બોયલ્સ ઍપેરેટસ જેવાં અદ્યતન સાધનો/ઉપકરણો સમયાંતરે ઉપલબ્ધ થયાં. બ્લડ બૅંક અને ચક્ષુ બૅંકની વ્યવસ્થા થઈ. ૧૯૫૭માં નર્સિંગ અને મિડવાઈફરી ટ્રેનિંગ સ્કૂલની સ્થાપના થઈ. જનરલ મેડિકલ તેમ જ મેજર/માઈનર સર્જરી ઉપરાંત હૃદયરોગ, અસ્થિની સમસ્યાઓ, સ્ત્રીરોગ અને પ્રસૂતિ-સેવાઓ, નેત્રચિકિત્સા, ચર્મરોગ, ટી. બી. ક્લિનિક, કૅન્સર ફૉલોઅપ, પરિવાર નિયોજન, એઇડ્સ ડિટેક્શન/કાઉન્સેલિંગ, મેડિકોલીગલ, ફિઝિયોથેરપી વ. સેવાઓનો વિકાસ થયો. '૧૦૮ ઍમ્બ્યુલન્સ કૉલ સેવા' શરૂ થઈ. આ હૉસ્પિટલના એક અંતર્ગત ભાગ તરીકે ૧૯૫૭માં મેન્ટલ હૉસ્પિટલની પણ સ્થાપના થઈ હતી. ૨૦૦૧માં એ ધ્વસ્ત થઈ. એનું પુનર્નિર્માણ ૭૦ લાખના ખર્ચે થયું છે. ૧૬ દર્દીઓને રાખવાની ક્ષમતા ધરાવતી આ હૉસ્પિટલમાં કચ્છ ઉપરાંત બનાસકાંઠાનાં દર્દીઓ પણ આવે છે.

સિવિલ હૉસ્પિટલ – માંડવી (સ્થાપના : ૧૯૩૯) : તાલુકા-સ્તરની આ હૉસ્પિટલમાં પ્રારંભે ૨૫ની પથારી- ક્ષમતા તેમ જ એક ઑપરેશન થિયેટર અને પેથોલોજિકલ ટેસ્ટની વ્યવસ્થા હતી. ૧૯૫૬ના ભૂકંપમાં થયેલા ભારે નુકસાન પછી આ હૉસ્પિટલનું ૧૯૬૧માં પુનર્નિમાણ થયું. ૧૮૮૦થી માંડવીમાં ડિસ્પેન્સરી તરીકે કાર્યરત ખોજા હૉસ્પિટલ, ૧૯૫૨માં નિર્મિત ભાનુમતી પ્રસૂતિગૃહ અને ૧૯૫૬માં નિર્મિત શ્રી ગોરધનદાસ ખેતશી સરકારી આંખની હૉસ્પિટલ – આ ત્રણેનું ૧૯૭૧માં સિવિલ હૉસ્પિટલ સાથે જોડાણ થયું અને 'ગ્રૂપ ઑફ હૉસ્પિટલ – માંડવી' નામકરણ થયું. પથારીક્ષમતા ૯૯ થઈ. આ હૉસ્પિટલમાં રૂટિન ડાયોગ્નોસ્ટિક અને ટ્રીટમેન્ટનાં ઉપકરણો ઉપરાંત પ્રસૂતિ અને સ્ત્રીરોગો, બાળસુરક્ષા, ઇમ્યુનાઈઝેશન, નેત્રચિકિત્સા, કૅન્સર ફૉલોઅપ, ઍન્ટિરેબીઝ ટ્રીટમેન્ટ આદિ સેવાઓ ઉપલબ્ધ છે.

રેફરલ હૉસ્પિટલ – અંજાર (સ્થાપના : ૧૯૬૩) : ૧૯૫૬માં સ્થપાયેલી ગંગાબાઈ પ્રેમજી હરજી સખાવતી હૉસ્પિટલનું સંચાલન સરકાર હસ્તક થયું ત્યારથી આ હૉસ્પિટલ તાલુકા-કક્ષાએ રેફરલ હૉસ્પિટલ તરીકે કાર્યરત છે. પ્રારંભે પ્રસૂતિસેવાઓ અને જનરલ મેડિકલ કૅર પ્રદાન કરતી આ હૉસ્પિટલમાં 'યુનિસેફ'ના સહયોગથી ઑપરેશન થિયેટર, પેથોલોજિકલ લૅબોરેટરી, એક્સ-રે યુનિટ તેમ જ અન્ય નિદાન તથા ચિકિત્સાનાં ઉપકરણોથી સજ્જ થઈ. ૪૪ પથારીક્ષમતા ધરાવતી આ હૉસ્પિટલમાં જનરલ મેડિસિન અને સર્જરી ઉપરાંત અસ્થિની સમસ્યાઓ, સ્ત્રી-પુરુષનું વંધ્યીકરણ, પ્રસૂતિસેવાઓ આદિ સુવિધાઓનો વિકાસ થયો.

જનરલ હૉસ્પિટલ – ભચાઉ (સ્થાપના : ૧૯૫૯) : ઈ. સ. ૧૮૮૪માં કચ્છરાજ્ય દ્વારા અહીં

ડિસ્પેન્સરી શરૂ થઈ. ૧૯૪૫માં એનું આંખની હૉસ્પિટલમાં પરિવર્તન થયું જે ૧૯૬૯ સુધી કાર્યરત રહી. ત્યારબાદ આ હૉસ્પિટલ આઠ જનરલ અને ચાર સૅપ્ટિક વૉર્ડ માટે એમ કુલ ૧૨ પથારીની ક્ષમતા સાથે જનરલ હૉસ્પિટલ બની. ૧૯૬૩માં પંચાયત-નિર્મિત ભવનની વ્યવસ્થા થઈ. રૂટિન ડાયગ્નોસ્ટિક અને ટ્રીટમેન્ટનાં ઉપકરણો, એક્સ-રે યુનિટ અને ઍન્ટિરેબિઝ યુનિટની જોગવાઈ થઈ. જનરલ મેડિકલ કેર અને માઈનર સર્જિકલ સેવાઓ તેમ જ પ્રસૂતિ સેવાઓ ઉપરાંત આ હૉસ્પિટલમાં વાસેક્ટોમી અને ટ્યૂબેક્ટોમી (Male/Female Sterilization) ઑપરેશનની સેવાઓનો સમયાંતરે વિકાસ થયો. ૨૦૦૧ના વિનાશક ભૂકંપમાં આ હૉસ્પિટલ પૂર્ણતઃ ધ્વસ્ત થઈ ગઈ. ત્યારબાદ વાગડ વેલ્ફેર સોસાયટી સંચાલિત આ હૉસ્પિટલ દ્વારા નિર્ધારિત તાલુકા-સ્તરની રેફરલ સેવાઓ પ્રદાન કરે છે.

જનરલ હૉસ્પિટલ (ભોતીચંદ રાયચંદ મહેતા) : મુંદ્રા (સ્થાપના : ૧૯૫૪) : સરકાર દ્વારા સંચાલિત આ હૉસ્પિટલની પથારીની ક્ષમતા આઠની છે. જનરલ મેડિકલ કેર અને સર્જિકલ સેવાઓ ઉપરાંત આ હૉસ્પિટલ ટી.બી.નાં દર્દીઓની સારવાર માટેનું પેટાકેન્દ્ર છે.

ગવર્નમેન્ટ હૉસ્પિટલ – આદિપુર (સ્થાપના : ૧૯૫૯) : આ હૉસ્પિટલમાં પથારી ક્ષમતા આઠની છે. માઈનર સર્જિકલ સેવાઓ અને જનરલ મેડિકલ કેર માટે આવશ્યક ઉપકરણોની વ્યવસ્થા છે.

ગવર્નમેન્ટ હૉસ્પિટલ – ગાંધીધામ (સ્થાપના : ૧૯૬૬) : ૧૦ પથારીની ક્ષમતા ધરાવતી આ હૉસ્પિટલમાં માઈનર સર્જિકલ અને મેડિકલ સેવાઓ ઉપરાંત નેત્રચિકિત્સા સેવાઓ ઉપલબ્ધ છે.

ઉપરોક્ત સ્થળોએ હૉસ્પિટલ સેવાઓ માટેનો વિશેષ માળખાકીય પ્રબંધ થયો ઉપરાંત ૧૯૮૭માં રાપર, નલિયા અને દયાપર મધ્યે સ્થપાયેલી ડિસ્પેન્સરીઓનું ક્રમશઃ સામુદાયિક સ્વાસ્થ્ય કેન્દ્રોમાં વિસ્તરણ થતાં ત્યાં પ્રાથમિક અને માધ્યમિક સ્તરની મેડિકલ અને સર્જિકલ સેવાઓ ઉપરાંત માતૃ અને બાળકલ્યાણ તેમ જ સંક્રામક રોગોની રોકથામ અને પરિવાર નિયોજન સેવાઓ ઉપલબ્ધ છે.

કચ્છમાં દરબારી રાહે થતું તબીબી સેવાનું વિસ્તરણ મર્યાદિત હોતાં કચ્છના કચ્છથી બહાર વસતા શ્રેષ્ઠીઓએ એમની કચ્છ પ્રત્યેની લાગણીને કારણે હંમેશાં 'હેતનો હાથ' લંબાવ્યો જ છે, જેનાં કેટલાંક ઉદાહરણ નિવૃત્ત જિલ્લા વિકાસ અધિકારી શ્રી નરેન્દ્રકુમાર જોશીએ એમના પુસ્તક 'ભાતીગળ ભોમકા કચ્છ'-(૧૯૯૭)માં નીચે મુજબ પ્રસ્તુત કર્યાં છે :

સ્થળ	દાનની રકમ રૂ.
ડુમરા હૉસ્પિટલ	૨,૭૦,૦૦૦
ભારાપર ટી. બી. સેનેટૉરિયમ	૧૧,૧૦,૦૦૦
ગંગાબાઈ હૉસ્પિટલ – અંજાર	૩૭,૦૦૦
શ્યામજી કૃષ્ણવર્મા પ્રસૂતિગૃહ – માંડવી	૧,૦૦,૦૦૦
હૉસ્પિટલ – નલિયા	૧,૦૦,૦૦૦
આંખની હૉસ્પિટલ – માંડવી	૧,૨૫,૦૦૦
ભુજની હૉસ્પિટલ	૩,૭૫,૦૦૦
કુકમા હૉસ્પિટલ	૫૦,૦૦૦
મુંદ્રા હૉસ્પિટલ	૫૦,૦૦૦
ભુજપુર દવાખાનું	૩૦,૦૦૦
નિરોણા દવાખાનું	૫૦,૦૦૦
ભદ્રેશ્વર દવાખાનું	૫૦,૦૦૦

કચ્છમાં જનસ્વાસ્થ્યને સ્પર્શતી પ્રમુખ સમસ્યાઓ

પ્રસૂતિ સેવા અને બાળ-કલ્યાણ

વીસમી સદીની મધ્યાવધિ સુધી કચ્છમાં પ્રસૂતિ-સેવા પરંપરાગત દાઈઓ દ્વારા લોકોના ઘરઆંગણે અપાતી. જોકે, માંડવીમાં ૧૯૨૯માં સખાવતી ક્ષેત્રે લીલાધર મોરારજી ભીમાણી મેટરનિટી હોમ અને ડિસ્પેન્સરીની સ્થાપના થઈ. એ સમયગાળામાં કચ્છમાં કોઈ સ્ત્રીરોગવિશેષજ્ઞ નહોતા. માંડવી ડિસ્પેન્સરીના દિવંગત ડૉ. અરદેશરનાં પુત્રી (ડૉ. દાદાભાઈ નવરોજીનાં પૌત્રી) એડીનબરોથી સ્ત્રીરોગનિષ્ણાત

M.D. થઈને આવેલાં જે ભુજમાં રહેતાં હતાં. એમનો રાજપરિવાર સાથે ઘનિષ્ઠ ઘરોબો હતો એવો 'કચ્છમિત્ર' જાન્યુઆરી-૧૯૯૪માં પ્રકાશિત મ. કુ. શ્રી હિંમતસિંહજીના દાદાભાઈ નવરોજી વિશેના લેખમાં ઉલ્લેખ છે. તેઓ ભુજની આમજનતાને એમની તબીબી દક્ષતાનો લાભ આપતાં હતાં કે નહીં તેની કોઈ ચોક્કસ માહિતી નથી.

કચ્છમાં સરકારી રાહે સંસ્થાગત પ્રસૂતિસેવાનો આરંભ ઈ. સ. ૧૯૪૯માં મુંદ્રામાં મેના ભુદીબાઈ જેઠા હરિરામ પ્રસૂતિગૃહની સ્થાપનાથી થયો. કચ્છનાં પ્રથમ સ્ત્રીરોગનિષ્ણાત અને કચ્છના જ વતની ડૉ. જ્યોત્સ્ના છગનલાલ મહેતાની એ પ્રસૂતિગૃહ માટે નિમણૂક થઈ. તેઓ હાલ (ઈ. સ. ૨૦૧૦માં મુલાકાત-સમયે) ભુજમાં રહે છે, ૮૭ વર્ષનાં છે, શરીરે સ્વસ્થ અને યાદશક્તિ ચુસ્ત છે. એમની સાથે વાતચીત કરતાં એ વખતે, એટલે કે કચ્છમાં સ્વાતંત્ર્યના ઉષઃકાળે, મહિલાઓની પ્રસૂતિને લગતી સમસ્યાઓ વિશે થોડી ઇતિહાસમૂલક વિગતો જાણવા મળી, જે અત્રે પ્રસ્તુત છે.

ડૉ. જ્યોત્સ્નાબહેનને મુશ્કેલ પ્રસૂતિઓ સંદર્ભે અવારનવાર ગામડાંઓમાં આપાતકાલીન સેવાઓ આપવા જવું પડતું. આ ગ્રામ્ય મહિલાઓની પૂર્વ-પ્રસૂતિ જાંચ કે યોગ્ય દેખભાળ ન થઈ હોઈ, ગામડાના કાચા ખોરડામાં, હવા-ઉજાસ વિનાના ખૂણામાં, ફાનસને અજવાળે એમને ફરજ બજાવવી પડતી. તે સમયની ગરીબ મહિલાઓમાં વધુ પડતા શારીરિક શ્રમને લીધે યુટ્રાઈન-પ્રોલેપ્સ, કુપોષણને કારણે એનીમિયા અને સ્વચ્છતાના અભાવે સંક્રમણ-સમસ્યાઓ સામાન્ય હતી. અન્ય પેલ્વિક સમસ્યાઓ પણ જોવા મળતી. પ્રસવ દરમિયાન અધિક રક્તસ્રાવ (કચ્છીમાં વાંગા), બાળકની પોઝિશન ઠીક ન હોવી, એક્લેમ્પ્સિયા તેમ જ ધનુર અંગે કાળજી લેવી પડતી. નવજાત શિશુઓમાં ૨૫૦૦ ગ્રામથી ઓછું વજન અને પ્રસવ દરમિયાન લાગેલા સંક્રમણ(ખાસ કરીને આંખનું)ના મામલા જોવા મળતા.

ડૉ. જ્યોત્સનાબહેને પ્રસૂતિ પૂર્વ અને પશ્ચાત્ યોગ્ય સાર-સંભાળ સુનિશ્ચિત કરવા, પ્રસૂતિગૃહમાં પ્રસૂતા-સારવારની વિગતે નોંધણીની પ્રથા દાખલ કરેલી તેમ જ એ માટે પરંપરાગત દાઈઓને સુરક્ષિત સુવાવડ અંગે સમજ, સાધન અને સધિયારો આપી એમનો સહયોગ મેળવવાની નીતિ અપનાવી હતી. જોકે, એમના સમયમાં પેથોલોજિકલ ટેસ્ટ, બ્લડ ટ્રાન્સફ્યુઝન આદિ માટે પૂરતાં સાધનો નહોતાં.

૧૯૫૦માં ભચાઉમાં પ્રસૂતિગૃહ અને ૧૯૫૨માં માંડવીમાં ભાનુમતી મેટરનિટી હોમ અને ત્યારબાદ અંજારમાં પ્રસૂતિગૃહ સ્થપાયાં. ત્યાં પણ પ્રારંભે ડૉ. જ્યોત્સ્નાબહેને સેવાઓ આપી હતી. એમનાં સહાયિકા લીલાવતી જયચંદ મહેતા સદૈવ એમની સાથે જ રહ્યાં અને આજે પણ રહે છે. ત્યારબાદ પ્રસૂતિસેવાઓનો સરકારી સંસ્થાનો ઉપરાંત ગેરસરકારી સંસ્થાનો અને ખાનગી ક્ષેત્રે પણ ક્રમશઃ વિકાસ થયો.

વૉલન્ટરી હેલ્થ એસોસિયેશન – દિલ્હી દ્વારા ૧૯૯૭માં પ્રકાશિત પુસ્તક 'Independent Commission on Health in India'માં ઉલ્લેખિત હેલ્થ સર્વે ઍન્ડ ડેવલપમેન્ટ કમિટી (ભોર કમિટી) ૧૯૪૬ના રીપોર્ટ અનુસાર સમગ્ર ભારતમાં બીમારી તેમ જ ખાસ કરીને બાળકો તેમ જ મહિલાઓના અત્યધિક મૃત્યુ-પ્રમાણનાં મુખ્ય કારણોમાં વાતાવરણીય અને વ્યક્તિગત સ્વચ્છતા પ્રત્યે દુર્લક્ષ, કુપોષણ, અપૂરતી ચિકિત્સા તેમ જ રોગ-પ્રતિરોધક ઉપાયોનો અભાવ હતાં, જેના નિવારણ હેતુ જનસ્વાસ્થ્યલક્ષી સેવાઓના ગ્રામ્યસ્તરે માળખાકીય વિસ્તરણ અને રોગનિયંત્રણ-કાર્યક્રમોમાં જન-ભાગીદારી પર અધિક ભાર મૂક્યો હતો. આ રીપોર્ટના પરિણામે ભારતમાં જન-સ્વાસ્થ્ય સુરક્ષા અંગે શાસકીય વિચારસરણીમાં ક્રાંતિકારી પરિવર્તન થયું, સ્વાસ્થ્ય-સેવાનો ઢાંચો બદલાયો

૧૯૪૭માં ભારત આઝાદ થયું. ૧૯૪૮માં કચ્છનો આઝાદ ભારતના એક રાજકીય ભૂ-ભાગ તરીકે સમાવેશ થયો. પરિણામે કચ્છમાં સ્વાસ્થ્યક્ષેત્રે સારું વિસ્તરણ થયું, જેનું પ્રમુખ enabling factor આઝાદીના પ્રથમ દાયકા દરમિયાન કચ્છ સીધું કેન્દ્રની

દેખરેખ નીચે ('સી' સ્ટેટ) હતું તેમ જ કચ્છમાં પ્રણાલિકાગત લોક-ભાગીદારીની ભાવના પ્રબળ હતી. અત્રે માતૃ અને બાળકલ્યાણ સંદર્ભે ૧૯૪૮થી '૬૨ દરમિયાન પ્રગતિની નોંધ લઈએ તો કચ્છના બધા તાલુકામાં એકએક પ્રાથમિક સ્વાસ્થ્ય કેન્દ્રની સ્થાપના થઈ, જેના અંતર્ગત મુખ્ય કેન્દ્ર પર છ ઇન્ડૉર પેશન્ટ વ્યવસ્થા, એક હેલ્થ વિઝિટર અને ચાર પેટાકેન્દ્રો પર એક-એક મિડવાઇફ, યુનિસેફ તરફથી વ્હિકલ, દાઈ કીટ અને ન્યુટ્રીશન સપ્લીમેન્ટ્સ, કેન્દ્ર અને પેટાકેન્દ્રો પર પ્રસૂતા તેમ જ નવજાત શિશુ દેખભાળ, સંક્રામક રોગોની પ્રતિરોધક વૅક્સિન, વિટામિન 'એ' સોલ્યુશનનું વિતરણ આદિ સેવાઓ 'સેવાવંચિત' લોકો સુધી પહોંચાડવાની જવાબદારી સાથેની વ્યવસ્થા થઈ, જે માટે સ્વાસ્થ્ય સેવા પ્રશાસને ક્લિનિકલ એપ્રોચથી હટીને એક્સટેન્શન એપ્રોચ અપનાવ્યો.

ત્રીજી પંચવર્ષીય યોજના દરમિયાન હેલ્થ સર્વે અને પ્લાનિંગ કમિટી (મુદાલિયર કમિટી) અને ૧૯૭૩ની કરતાર સિંઘ કમિટીની ભલામણો અનુસાર ચિકિત્સાસેવા, રોગપ્રતિરોધક કાર્યક્રમો અને માતૃ અને બાળ કલ્યાણ સેવાઓના ઇન્ટિગ્રેશન સાથે પરિવાર નિયોજન કાર્યક્રમોના સંચાલનમાં આવશ્યકતા અનુસાર સુધારા થયા.

અત્રે માત્ર માતૃસેવા અને બાળકલ્યાણ ક્ષેત્રે સંસ્થાકીય પ્રગતિની નોંધ લઈએ તો દર એક લાખની વસ્તીએ એક સામુદાયિક સ્વાસ્થ્ય કેન્દ્ર (પછાત વિસ્તારમાં ૮૦૦૦૦/૧), ત્રીસ હજારની વસતિએ એક સ્વાસ્થ્યકેન્દ્ર (પછાત વિસ્તારોમાં ૨૦,૦૦૦/૧ની વસતિ) તેમ જ દર પાંચ હજારની વસતિએ એક (પછાત વિસ્તારમાં ૩૦૦૦/૧) મલ્ટીપર્પઝ હેલ્થ વર્કરની જોગવાઈ થઈ. તદુપરાંત ૧૯૭૫માં શરૂ થયેલી ઇન્ટિગ્રેટેડ ચાઈલ્ડ ડેવલપમેન્ટ સર્વિસ અંતર્ગત આંગણવાડી કાર્યક્રમ અમલી બન્યો, જેના ઉદ્દેશોમાં સગર્ભા મહિલાની સગર્ભાવસ્થાના છેલ્લા સેમેસ્ટરથી લઈને બાળકની ધાવણની અવસ્થા સુધી માતૃસંભાળ સાથે પોષક-આહાર, બાળકના શારીરિક વિકાસની ૦થી ૬ વર્ષ દરમિયાન નિયમિત જાંચ, પોષક આહાર, વિટામિન સપ્લીમેન્ટ્સ અને રોગપ્રતિરોધક રસીકરણ સાથે રેફરલ લિન્ક અને સ્વાસ્થ્યશિક્ષણ મુખ્ય ઉદ્દેશો હતા. કચ્છ જિલ્લામાં પણ આ સેવાઓનું ઉપરોક્ત ધોરણે વિસ્તરણ થયું છે. ૦-૧ વર્ષ સુધીનાં બાળકોને ત્રિગુણી (ડીપ્થેરિયા, ઉટાટિયું અને ધનુર) રસી તેમ જ ઓરી, બાળ લકવો અને ક્ષયરોગના પ્રતિરોધક રસીકરણ કાર્યક્રમ અંતર્ગત રક્ષણ અપાય છે.

જિલ્લા પંચાયત કચ્છ-ભુજની ૨૦૦૯ની ડાયરીમાં નોંધ છે તે મુજબ કચ્છમાં હાલ ગ્રામ્ય ક્ષેત્રે માતૃ સંભાળ અને બાળ-કલ્યાણ સેવાઓ માટે (૨૦૦૯) પ્રશાસકીય(જિલ્લા પંચાયત)ની સંસ્થાગત સ્થિતિ નીચે મુજબ છે :

કમ્યુનિટી હેલ્થ સેન્ટર	-	૧૬
પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર	-	૩૭
પેટા આરોગ્ય કેન્દ્ર	-	૧૨૯
આંગણવાડી	-	૨૫૧

તદુપરાંત નૅશનલ રૂરલ હેલ્થ મિશન પ્રાયોજિત ચિરંજીવ યોજના અને જનની સુરક્ષા યોજના અંતર્ગત કાર્યક્રમોમાં ગરીબીરેખા નીચેના પરિવારોમાં ગર્ભવતી મહિલાઓને પ્રાઇવેટ વિશેષજ્ઞો અને સંસ્થાઓ (નર્સિંગ-હોમ) દ્વારા પ્રસૂતિસેવાઓ આપવામાં આવે છે. આ માટે ગ્રામ્ય સ્તરે 'આશા' કાર્યકરો દ્વારા જરૂરતમંદ સગર્ભા મહિલાઓનો સંપર્ક સ્થાપિત કરવામાં આવે છે. ગર્ભવતી માતા અને ૦થી ૬ વર્ષની વયનાં બાળકોની નિયમિત જાંચ માટે નોંધ રાખવામાં આવે છે.

દુષ્કાળમાં આરોગ્ય ('દુઆ') :

કચ્છમાં દર દાયકે એક-બે દુકાળ હોય, બેએક વર્ષ અછતનાં હોય, તો એકાદ વર્ષે અતિવૃષ્ટિ પણ હોય. વરસ સારું હોય તો ક્યારેક તીડ ઊભો મોલ સફાચટ કરી જાય, તો ક્યારેક ઉંદર અનાજ તાણી જાય. (૧૮૬૧થી ૧૯૫૦ દરમિયાનની કચ્છની વર્ષાસ્થિતિ અને વસતિ વધઘટ વિશ્લેષણ સાથેની તાલિકા પરિશિષ્ટ-૧માં દર્શાવેલ છે.) વધુમાં દુષ્કાળ વખતે કચ્છના માલધારીઓ એમનું પશુધન બચાવવા હંગામી

સ્વરૂપાંતર કરી જાય. આમ, કચ્છમાં ખાસ કરીને કૃષિ-આધારિત ગામોમાં અનાજ ઉપરાંત લીલોતરી તેમ જ છાસની પણ અછત જ હોય. જેને લીધે પર્યાપ્ત પોષણના અભાવની સૌથી વધુ અસર નિમ્ન આમ-વર્ગની મહિલાઓ તેમ જ બાળકો પર થાય. કચ્છમાં પ્રસૂતા તેમ જ બાળ-મૃત્યુનો દર અધિક રહેવાનું તેમ જ ગર્ભવતી મહિલાઓમાં એનિમિયા (રક્તાલ્પતા) અને બાળકોમાં રતાંધી, શારીરિક બંધારણ સંબંધી ખામીઓ અને રોગ-પ્રતિકારની અશક્તિનું પ્રમુખ કારણ આ દુષ્કાળ-દત્ત કુપોષણ હતું.

વીસમી સદીમાં – ખાસ કરીને સિત્તેર-એંસીના દાયકા દરમિયાન દુષ્કાળ અથવા અછતગ્રસ્ત પરિસ્થિતિ વખતે રાહતપ્રવૃત્તિઓની સાથે ઉપલબ્ધ જન-સ્વાસ્થ્ય-સેવાઓના વ્યાપક અને અસરકારક વિસ્તરણ હેતુ સરકાર અને સ્વયંસેવી સંસ્થાઓ દ્વારા વિશેષ પ્રયાસો થયા. આમાંનો એક નમૂનેદાર પ્રયાસ મુંદ્રા તાલુકાના ગામ રતાડિયાના આરોગ્યમંદિરનો છે. ગુજરાત ઇન્સ્ટિટ્યૂટ ઑફ એરિયા ડેવલપમેન્ટ સંસ્થાએ રતાડિયાના અનુભવની નોંધ લઈ જન્મથી પાંચ વર્ષ સુધીનાં બાળકોમાં મૃત્યુપ્રમાણ ઘટે તે માટેનો પ્રોજેક્ટ ઘડ્યો.

રતાડિયા આરોગ્યમંદિરના ડૉક્ટર ચંદ્ર જોશી, મોંઘીબહેન મ્યાત્રા અને એમના સમર્પિત સાથીઓએ રતાડિયાની આસપાસનાં વીસ ગામો ઉપરાંત ખડીરના દુર્ગમ વિસ્તારોમાં દુષ્કાળ અને અછતનાં વર્ષોમાં અસરગ્રસ્ત લોકોને છાસ અને સુખડીના વિતરણ ઉપરાંત સરકારી તેમ જ ગેરસરકારી સ્તરે ઉપલબ્ધ સ્વાસ્થ્ય-સેવાઓ તેમ જ તબીબી રાહત નિયમિત તેમ જ અસરકારક રીતે જરૂરતમંદ પ્રત્યેક પરિવાર સુધી પહોંચાડવાનો કાર્યક્રમ ઘડ્યો જેને નામ મળ્યું – 'દુઆ' 'દુષ્કાળમાં આરોગ્ય.' આ કાર્યક્રમ અંતર્ગત સર્વપ્રથમ અસરગ્રસ્ત વિસ્તારના લોકોની સ્વાસ્થ્ય સંબંધી સમસ્યાઓનું સર્વેક્ષણ કર્યું. લોકસંપર્ક કેળવી પ્રત્યેક પાંચ-સાત ગામે સ્વયંસેવક તૈયાર કર્યા. છેક છેવાડાના ગામ સુધી દર હપ્તે વિઝીટ એકના દરે તબીબી સેવા, પ્રસૂતિ પૂર્વે અને પશ્ચાત્ ગર્ભવતી મહિલાઓ તેમ જ નવજાત શિશુની પાંચ વર્ષ સુધી નિયમિત સંભાળ, તેમના માટે પોષક આહાર, વિટામિન સપ્લીમેન્ટ્સ અને રોગપ્રતિરોધક રસીકરણ સાથે ગામમાં પેય-જળ-શુદ્ધીકરણ અને રોગ-નિયંત્રણ- સેવાઓનું વિભિન્ન સંસ્થાઓના સહયોગથી વિસ્તરણ કર્યું.

સ્થાનિક અવલોકન થકી સમસ્યાઓ અને આવશ્યકતાઓનું યથાર્થ આકલન, આવશ્યકતાપૂર્તિ હેતુ વિભિન્ન સેવાઓની સુનિશ્ચિત અને નિયમિત ઉપલબ્ધિ 'દુઆ' કાર્યક્રમની ખાસ વિશેષતા રહી.

ઓગણીસમી સદીનો વિનાશક પ્લેગ :

કચ્છમાં પ્લેગનું પગરણ ૧૮૧૨માં થયું. એનાથી અગાઉ કચ્છમાં પ્લેગ હતો કે નહીં તેની કોઈ આધારભૂત માહિતી નથી. તે સમયના દરબારી ગૅઝેટોમાં કચ્છમાં તેમ જ અન્યત્ર – ખાસ કરીને બંદરી વિસ્તારોમાં, માનવ અવરજવર તેમ જ માલની હેરફેર પર, મુંબઈ વડોદરા તેમ જ અન્ય પ્રાંતો તથા કેટલાક વિદેશી વિસ્તારો દ્વારા પ્રતિબંધ મુકાતા હતા તેના ઠરાવો, કચ્છના દરબારી ગૅઝેટોમાં છે.

બૉમ્બે પ્રેસિડેન્સી ગૅઝેટિયર(પૃષ્ઠ-૧૮૪)માં આપેલી વિગતોનો થોડોક અંશ :

"Famine of 1811 and 1812, was, at the close of the latter year, followed in Cutch, by an outbreak of pestilence, so deadly that it is said to have destroyed half the people of the Country.

... Then in May 1815, the year of the heaviest known rainfall, it broke out with deadly force, at KunthKot, in east Kutch... As in Ahmedabad, its symptoms were slight fever followed by great weakness and weariness and the swellings in the groin and armpits, suppuriating in some cases and in other hard lumps. Few striken with disease recovered. Most died between the third and ninth day. It

seemed to attack most fiercely the sluggish and vegetable eaters. Rajputs escaped, where Brahmins and Vanias died in numbers..."

મુનિશ્રી કલ્યાણચંદ્રજીની કચ્છયાત્રા (૧૮૯૪-૯૫) વખતે પણ પ્લેગ હતો, જેનો આંખે દેખ્યો અહેવાલ જે એમના પુસ્તક 'મારા સાધુજીવનનાં સંસ્મરણો'માં આપ્યો છે તેના કેટલાક અંશ :

"માંડવીમાં પ્લેગથી દરરોજ ત્રણસોથી ચારસો માણસો મરે. રોગીને માંડવીની બ્રહ્મપુરી, જેને લોકોએ ત્યારે 'યમપુરી' નામ આપ્યું હતું, ત્યાં લઈ જવામાં આવે. મરી જાય તેને મડદાંના ઢગલામાં નાખી ગાડામાં સ્મશાન ભેગા કરે, જ્યાં તેના ઢગલાના ઢગલા બાળી દે...

....ઘરડાં-બૂઢ્ઢાંને ઓછો લાગુ પડે. જુવાનને તરત લાગે. એ વખતે ડૉ. પેસ્તનજી એના સહાયક ગુસ્તાવજી સાથે ઘરોઘર ઘૂમે. કોઈ ઘરમાં કોઈ માંદું કે મડદું જુએ તો તેને ઉપડાવી છાપરાં ભેળાં કરે. રોગના સંક્રમણનો ભય દૂર કરવા એનાં ઘરને ખોદાવી નાખે. કેટલુંક બાળી નાખે. માંડવીની તમામ વસ્તી આજુબાજુનાં ગામડાંઓમાં ભરાવા લાગી હતી... રોગ ચોમેર ફેલાવા લાગ્યો. રાયણ ગામ ખાલી થઈ ગયું. રોગગ્રસ્ત ગામની વ્યક્તિને દસ દિવસ ગામ બહાર ક્વૉરન્ટીનમાં રહેવું પડે, પછી ગામમાં પેસવા મળે. રોગ વિનાના ગામેથી આવેલી વ્યક્તિએ તે ગામના પટેલનો પાસ બતાવવો પડે."

પ્લેગનું સચોટ એલાર્મ-સિગ્નલ હજારોની સંખ્યામાં ઉંદરોનું ટપોટપ મરવાનું. પ્લેગનાં જંતુ મૃત ઉંદરો દ્વારા માનવશરીરમાં શ્વાસોચ્છ્વાસ થકી પ્રવેશ કરે. એની અસર છેક ૭થી ૧૦મે દિવસે સાધારણ તાવ અને પછી બગલની ગાંઠરૂપે વર્તાય અને એટલે જ, પ્લેગ-ગ્રસ્ત વિસ્તારમાંથી પ્લેગ-મુક્ત વિસ્તારમાં આવતી વ્યક્તિને, એ રોગ-ગ્રસ્ત નથી તેની ખાતરી કરવા, ગામથી દૂર, ક્વૉરન્ટાઈનમાં દસથી પંદર દિવસ રહેવું પડે.

રશબ્રુક વિલિયમ્સ એના પુસ્તક 'બ્લૅક હિલ્સ'માં નોંધે છે કે પ્લેગના કોઈ ચોક્કસ આંકડા ઉપલબ્ધ નથી, પરંતુ એને કારણે કચ્છની વસતિ લગભગ અર્ધી થઈ ગઈ હતી. તત્કાલીન રાજકીય અશાંતિ તેમ જ લૂંટારાઓથી ત્રસ્ત લોકો ગામડાંઓથી શહેરમાં ઊભરાતા હતા, એટલે વસતિની ગીચતા અને ગંદકીને લીધે રોગ ફેલાતો હતો. વધુમાં એમણે નોંધ્યું છે કે ૫ ઑક્ટોબર, ૧૯૧૩ના રોજ જમાદાર ફતેહમામદનું મૃત્યુ પણ પ્લેગને કારણે જ થયું હતું.

પ્લેગ વિશેના, 'બૉમ્બે પ્રેસિડેન્સી ગૅઝેટિયર'નાં અવલોકનો પર થોડો વિચાર કરતાં જણાશે કે પ્લેગ પ્રથમ કંથકોટમાં દેખાયો (૧૮૧૫), જે કદાચ અમદાવાદના રસ્તે કચ્છમાં પ્રવેશ્યો હશે. બીજી તરફ ૧૮૯૪માં એ માંડવીમાં પ્રવેશ્યો, જે કદાચ સાગરવાટે આવ્યો હશે. મુનિશ્રી કલ્યાણચંદ્રજીનાં અવલોકનો (૧૮૯૪-૯૫) મુજબ એ માંડવીથી અન્ય વિસ્તારોમાં પ્રસર્યો. બંનેમાં વજૂદ છે, કારણ કે બંદરી અવર-જવર દરમિયાન પ્લેગગ્રસ્ત વિસ્તારમાંથી આવતા લોકોમાં આ રોગના વિષાણુની સુષુપ્ત અવસ્થા દરમિયાન પ્રવેશી શકે છે. મુનીશ્રીનું બીજું અવલોકન 'પ્લેગ વૃદ્ધો કરતાં યુવાનોને વધુ લાગુ પડે છે' – કદાચ એનું કારણ કચ્છમાં પ્લેગનો લાંબો ગાળો હતો. જે લોકો પ્રથમના ઉપદ્રવ વખતે પ્લેગનો પ્રતિકાર કરી શક્યા, તેઓ બીજા ઉપદ્રવ વખતે બચી શક્યા, જ્યારે કે યુવાનો, જેમની અવરજવર તેમ જ નબળી પ્રતિકારશક્તિને લીધે જલદી ભોગ બન્યા હશે. ગૅઝેટિયરની નોંધ : "વાણિયા-બ્રાહ્મણ ભોગ બન્યા અને ક્ષત્રિયો તેમ જ ઘાંચી બચી ગયા. શાકાહારી લોકો વધુ ભોગ બન્યા." આ તારણનો કોઈ સંખ્યાસૂચક નોંધપાત્ર આધાર નથી.

રશબ્રુકના મતે કસબાઓની ગંદકી અને સંકડાશમાં ઊભરાતા લોકોને કારણે પ્લેગનો ફેલાવો વધ્યો એ વાત તે વખતના કસબાઓમાં કેટલી ગંદકી હતી તેનો નિર્દેશ કરે છે. મુનિશ્રી વિદ્યાવિજયજીએ એમના પુસ્તક 'મારી કચ્છયાત્રા'માં કચ્છના લોકોનાં જાહેર સ્થળોની સફાઈ પ્રત્યેના ઘોર દુર્લક્ષ વિશે વિગતવાર લખ્યું છે.

મહાત્મા ગાંધી ૧૯૨૫માં કચ્છ આવ્યા ત્યારે માંડવીમાં એમણે પણ જે ગંદકીનું દર્શન કર્યું તેની નોંધ 'નવજીવન' (ઑક્ટોબર, ૧૯૨૫)માં છે. માંડવીની સાંકડી શેરીઓમાં બન્ને બાજુ બાળકો અને મહિલાઓ કુદરતી હાજતે બેસતાં હોવાથી ફેલાતી ગંદકી વિશે એમણે ટકોર કરી છે. કચ્છના કસબાઓમાં તે વખતે ગંદકી વિશેની ગાંધીજી અને જૈન મુનિશ્રીઓની કડક ટીકાઓ ઉપરાંત પ્લેગના કારમા અનુભવે પણ કચ્છના કસબાઓમાં વસતા માનવીએ કોઈ 'સબક' લીધો નહોતો. "૧૯૫૪-૫૫માં માંડવીની નગરપાલિકાના ઉપપ્રમુખપદે ડૉ. જયંત ખત્રી હતા. તેઓશ્રી એક સંવદેનશીલ ડૉક્ટર હતા. માંડવીની ગંદકી જોઈ એમનું હૃદય દ્રવી ઊઠતું. એમણે સફાઈ ઝુંબેશ આદરેલી. તેઓ દરરોજ સવારે માંડવીની ગલીઓમાં ઘૂમી વળતા. જ્યાં ગંદકી દેખાય ત્યાંના ઘરના માલિકને દંડ ફટકારી દેતા." (કૃષ્ણા મિસ્ત્રીનો લેખ 'ભારી સચ્ચો માડું', 'મરુભૂમિનું મેઘધનુષ')

કચ્છમાંથી પ્લેગે ૧૯૨૦ આસપાસ વિદાય લીધી, એટલે કે ૧૮૧૨થી ૧૯૨૦ સુધી કચ્છમાં પ્લેગનું સંક્રમણ સક્રિય રહ્યું એ હકીકત 'ક્વૉરન્ટાઈન વ્યવસ્થા'માં રહેલી ખામીની સૂચક છે. સેંકડો કર્મચારીઓ ધરાવતું પ્લેગ ખાતું અને ગામેગામના પટેલોને અપાયેલી 'સર્ટિફિકેટ સત્તા' છતાં પ્લેગ પનપતો રહ્યો તેનાં કારણો વિશે, મુનિ શ્રી કલ્યાણચંદ્રજીએ વિગતવાર ચર્ચા કરી છે. 'ક્વૉરન્ટાઈન'ને બહાને લોકોની અવરજવરની લાચારીનો લાભ લેવાની કર્મચારીઓની લાલચુ વૃત્તિએ રોગનિયંત્રણ માટેની આવશ્યક વ્યવસ્થા અસરકારક ન રહી. અને છતાંય પ્લેગ પૂર્ણપણે શમી ગયા પછી પણ ભુજની (સરપટ નાકા બહાર, રાજગોર જ્ઞાતિની વાડી) ક્વૉરન્ટાઈન વર્ષો સુધી અકારણ ચાલુ રહી.

કચ્છના લોકસેવક સ્વ. કાંતિપ્રસાદ અંતાણીના પુસ્તક 'કચ્છના સ્વાતંત્ર્યસંગ્રામની તવારીખ'માં પૃષ્ઠ ૧૦૩-૧૨૪ પર કચ્છની સમસ્યાઓ અંગે કચ્છી પ્રશાસનનું ધ્યાન દોરતી નોંધ, જે એમણે કચ્છી પ્રજાકીય પરિષદના બીજા અધિવેશન વખતે ચર્ચા હેતુ બનાવી હતી. તેમાં જન-સ્વાસ્થ્યને લગતી ત્રણ સમસ્યાઓ પ્રત્યે ખાસ ધ્યાન દોર્યું હતું. જેમાંની એક આ 'ક્વૉરન્ટાઈન'ની સમસ્યા હતી. એમણે આ ખાતાની કાર્યરીતિની સખત ટીકા કરતાં લખ્યું છે કે, "આ 'જાથુ'ની ક્વૉરન્ટાઈન બહારગામથી આવતા લોકોને ખૂબ અડચણકર્તા છે, માટે તે દૂર થવી જ જોઈએ." કચ્છના બીજા લોકસેવક સ્વ. ગોકુળદાસ બાંભડાઈએ લખ્યું છે કે "માંડવીની બાજુના 'સલાયા' ગામમાં પ્લેગના ઉપદ્રવ દરમિયાન ખારવાઓનાં ઘર પાડી નાખી સીલ કરાયાં હતાં, તેના સીલ પ્લેગ પ્રકોપ પૂરેપૂરો સમી ગયા પછી પણ ઘણા સમયે ખોલાયાં હતાં."

વીસમી સદીમાં શીતળાનાબૂદી :

'વિશ્વ જન – સ્વાસ્થ્ય' ઇતિહાસનું સ્વર્ણિમ વર્ષ ૧૯૭૭. આ વર્ષે ભારત સહિત સમસ્ત વિશ્વે 'શીતળાથી કાયમ મુક્તિ' જાહેર કરી. ત્યાર પછી વિશ્વમાં ક્યાંય, ક્યારેય શીતળાએ દર્શન દીધાં નથી. ૧૭૮૯માં એડવર્ડ જેનરે, ખુદ પર પ્રયોગ કરીને કારગર સ્થાપિત કરેલી વૅક્સિન (રસી)નો આરંભે થોડા પ્રતિકાર પછી યુરોપમાં વ્યાપક પ્રસાર થયો. શીતળાના રોગ પર નિયંત્રણ આવ્યું.

કચ્છમાં આ શીતળા-પ્રતિરોધક રસીનું આગમન ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં થયું. કચ્છમાં એનું જુદું ખાતું ખોલાયું. ૧૫ વૅક્સીનેટરો અને એક સુપરિન્ટેન્ડન્ડ નિમાયા. તત્કાલીન મહારાવશ્રી પ્રાગમલજી બીજાની શીતળા તેમ જ શિક્ષણક્ષેત્રે વ્યવસ્થાતંત્ર ઊભું કરવા માટે, ઈ. સ. ૧૮૭૧માં બ્રિટિશ હકૂમતે 'Knight Grand Commander of the Star of India'ના ટાઇટલથી નવાજેશ કરી.

સદીઓથી શીતળાને સહજ માની સ્વીકારી બેઠેલો પ્રારબ્ધવાદી સમાજ, શીતળાની રસીને એકદમ સ્વીકારી શકે તેમ નહોતો જ. વધુમાં નોકરશાહી વ્યવસ્થા દોષિત હતી. બંને પક્ષે રોગ વિશે શીતળાથી પ્રતિવર્ષ પ્રભાવિત લોકો (annual incidence)

પરિમાણ વિશે નીચેનાં બે ટેબલ ઉપરાંત, ભૂતકાળની કોઈ પ્રશાસકીય માહિતી જોવામાં આવી નથી. જન્મ-મરણ નોંધણીની કોઈ સંસ્થાગત વ્યવસ્થા ન હોતાં શીતળાની રસી સમયસર મૂકવા માટે બધા નવજાત શિશુઓનો સંપર્ક પણ કઠિન હતો. કચ્છી પ્રજાકીય પરિષદના અધિવેશન માટે તૈયાર કરેલી કચ્છની સમસ્યાઓ પ્રત્યેની નોંધમાં લોકનેતા કાંતિપ્રસાદ અંતાણીની નોંધમાં શીળી ખાતાના સંતાપનો પણ ઉલ્લેખ છે.

સને ૧૯૬૧માં સમસ્ત કચ્છમાં વ્યાપક પ્રમાણમાં શીતળાનો રોગચાળો ફાટી નીકળ્યો. એપીડેમીક ડિસીઝ એક્ટ (III-1897) અને ગવર્નમેન્ટ ઑફ ગુજરાત, સ્મોલપૉક્સ રેગ્યુલેશન્સ અંતર્ગત કચ્છના વિવિધ તાલુકામાં નીચે મુજબ ગામો તેમ જ આજુબાજુના પાંચ માઈલનો વિસ્તાર ૪ ડિસેમ્બર, ૧૯૬૧ના રોજથી રોગગ્રસ્ત જાહેર થયો. (Part-I RDS, The Gujarat Government Gazette, December 27, 1961).

માંડવી (૨૭), નખત્રાણા (૨૩), અબડાસા (૧૦), અંજાર (૬), ભચાઉ (૫), મુંદ્રા (૨), રાપર (૩) (કૌંસમાંના અંક ગામની સંખ્યા દર્શાવે છે.)

૧૯૬૨માં રાષ્ટ્રીય શીતળા નિવારણ કાર્યક્રમ અંતર્ગત આખા દેશમાં 'માસ વૅક્સિનેશન પ્રવૃત્તિ' વિસ્તારવામાં આવી. ૧૯૬૨થી ૧૯૬૬ દરમિયાન કચ્છમાં ૪,૪૦,૦૯૬ વૅક્સિનેશન થયાં. પરિણામે શીતળાનો ઉપદ્રવ ઘટ્યો. ૧૯૭૦માં પંચાયતો, શાળાના અધ્યાપકો તેમ જ સ્થાનિક સ્વયંસેવકોની સક્રિય મદદથી શીતળાના પ્રત્યેક કેસની 'ઇમરજન્સી રિપૉર્ટ સિસ્ટમ'નો વિકાસ થયો. પરિણામે ૧૯૭૬માં ભારત શીતળામુક્ત થયું. ગુજરાત, ખાસ કરીને કચ્છમાં પણ ૧૯૭૫ પછી શીતળાનો એકેય કેસ, ૧૦૦૦ રૂપિયાનું ઇનામ જાહેર કર્યા છતાં ઢૂંઢતાં પણ ન મળ્યો. ગ્રામ્ય સ્તરે કાર્યકરો, ખાસ કરીને શિક્ષકોની શીતળા અંગેની સજાગતા અને સહયોગ-તત્પરતાને લીધે કચ્છ જેવા કઠિન વિસ્તારમાં પણ શીતળાના કેસની સમયસર જાણ થતાં એનો ફેલાવો રોકી શકાયો અને શીતળા-નાબૂદી શક્ય થઈ.

૨૪-૨૬ નવેમ્બર, ૧૯૭૫ના રોજ દિલ્હીમાં સમસ્ત ભારતના પ્રાઈમરી શિક્ષકોનું કન્વેન્શન હતું. આ શિક્ષકોની શીતળાનાબૂદી વિશેની માન્યતા, શીતળાનો કેસ રિપૉર્ટ કરવા તેમ જ રિપૉર્ટ કરનારં ઇનામ મેળવવાને પાત્ર છે, તેની કેટલી હદે જાણ હતી તે જાણવા પ્રશ્નોત્તરી આપવામાં આવેલ, જેના પ્રતિભાવે જણાયું હતું કે ૭૦થી ૧૦૦ ટકા શિક્ષકોએ સ્મૉલપૉક્સ રેકગ્નિઝન કાર્ડ જોયું હતું. રિપૉર્ટ કરનારને મળવાપાત્ર ઇનામ વિશે પણ ૬૬ ટકાને ખબર હતી, પરંતુ રિપૉર્ટિંગ સેન્ટરો વિશે એમને સરખી જાણકારી નહોતી. આ સેમ્પલ સ્ટડીનો રિપૉર્ટ Primary Teacher's Perception of Smallpox Surveill-ance Programme : Swasth-Hind, July 1976, Vol. XX, No. 7 (Page 219-220) પર પ્રકાશિત થયો છે.

Vaccination Performance

Year	Persons Vaccination		Total
	1વર્ષથી નીચે	1 વર્ષથી ઉપર	
1872	587	1.545	1,972
1878-79	5,067	6,696	11,783

Bombay Gazeteer Vol.-V Page-12

Smallpox Cases

Year	Attacks	Deaths
1895-96	1097	93
1938-39	738	609
1961-62	?	890
1966-67	?	10

Chapter-XV District Gazeteer Kutch 1956
Page : 535-36

મેલેરિયા :

ભારત સ્વતંત્ર થયું તે પહેલાં દેશમાં સમસ્ત જનસમૂહને સ્પર્શતી વ્યાપક સમસ્યાઓમાં મેલેરિયા અગ્રક્રમે હતો. કચ્છમાં પણ આ રોગ 'શીયો બરો' અથવા 'ટાઢિયા તાવ' તરીકે ગામેગામ જાણીતો હતો. 'ડિસ્ટ્રિક્ટ ગૅઝેટિયર-કચ્છ', પ્રકરણ : XV (પૃષ્ઠ ૫૩૫) પર ઈ. સ. ૧૮૭૮ના વિનાશક પ્લેગ અને કૉલેરાની સાથે '...Malarious Fever....' એટલે કે મેલેરિયાનો તાવ પણ કચ્છના દરેક ગામમાં ફેલાયાની અને એકલા ભુજમાં બે મહિના (ઑગસ્ટ-સપ્ટેમ્બર) દરમિયાન દરરોજ લગભગ ૪૦ વ્યક્તિઓનાં મૃત્યુ થતાં હોવાની નોંધ છે. રોગગ્રસ્ત વિસ્તારોમાં રોગીઓને ઘરોઘર દવા પહોંચાડવા પ્રશાસન દ્વારા એજન્ટો નિમાયા હોવાનો પણ ઉલ્લેખ છે. વધુમાં ગૅઝેટ નોંધે છે કે લોકો રોગગ્રસ્ત હોતાં ખેતરો ખાલી રહેતાં. દુકાનો અને શાળાઓ આદિ બંધ રહેતી.

વીસમી સદીના મધ્યાવધિ દરમિયાન પણ પરિસ્થિતિ લગભગ એવી જ હતી તેનો અંદાજ 'મરુભૂમિના મેઘધનુષ' પુસ્તકમાં માંડવીના ડૉ. છોટાલાલ કોઠારીની આ સ્મૃતિનોંધ પરથી મળે છે :

"એ સમયે ઘરેઘરે મેલેરિયા તાવને લીધે લોકો પથારીવશ રહેતા. તે ઉપરાંત ટી. બી અને ટાઇફૉઈડ જેવાં જીવલેણ દર્દોનું પણ ખૂબ જોર રહેતું. ત્યારે ઓછી દવાઓથી આવા રોગોને નાથવામાં તબીબની પૂરી કસોટી જ થતી. મેલેરિયા માટેની દવા ક્વિનાઈન પણ ત્યારે બહુ મુશ્કેલીએ મળે. એ આપ્યા પછી ઊલટીમાં નીકળી જાય. એટલે ક્વિનાઈનનાં ઇંજેક્શન આપવાં પડે. ઇંજેક્શન મળે નહિ એટલે ડૉ. (જયંત) ખત્રી તથા તેમના સાથી ડૉ. જેઠાલાલ મિસ્ત્રી, ડૉ. સી. જે. મહેતા, ડૉ. મનુભાઈ પાંધી વગેરે ડૉક્ટરો ક્વિનાઈન પાઉડરને ડિસ્ટિલ્ડ વૉટરમાં તૈયાર કરી ઇંજેક્શનો ઘરેઘરે જઈને આપતા અને ખરેખર 'સેવાયજ્ઞ' કરતા...."

રાષ્ટ્રીય મેલેરિયા નાબૂદી કાર્યક્રમનો આરંભ ૧૯૫૩માં થયો. ગૅઝેટિયરની નોંધ મુજબ એ વર્ષે ભારતમાં મેલેરિયાના કુલ ૭.૫૦ કરોડ કેસ અને આઠ લાખ મૃત્યુ નોંધાયાં હતાં. મેલેરિયાગ્રસ્ત વિસ્તારોમાં ડી. ડી. ટી. સ્પ્રે અને ઘેરઘેર મેલેરિયાની તપાસ અને તત્કાલ સારવારના સઘન કાર્યક્રમને લીધે માત્ર ૧૨ વર્ષમાં મેલેરિયાનું પ્રમાણ એક લાખથી પણ ઓછું થઈ ગયું અને એને લીધે એક પણ મૃત્યુ ન થયું. – કચ્છમાં પણ નહીં. પરંતુ ૧૯૬૬થી ૧૯૭૬ દરમિયાન મેલેરિયા ફરી વકર્યો. ૧૯૭૧માં ગુજરાતમાં છ (૬) લાખ કેસ હતા, જે ૧૯૭૬માં બમણા થઈ ગયા. તેના પછીના દાયકામાં સઘન કાર્યવાહી થતાં મેલેરિયાનું પ્રમાણ ઘટતું ગયું. ગુજરાત રાજ્યના નૅશનલ વેક્ટર બોર્ન ડિસીઝ કન્ટ્રોલ પ્રોગ્રામ એન્યુઅલ રિપૉર્ટ ૨૦૦૮ મુજબ કચ્છમાં ૨૦૦૬માં ૫૦૮૧, ૨૦૦૭માં ૭૩૦૫ અને ૨૦૦૮માં ૩૫૦૬ કેસ થયા. એ દરમિયાન મેલેરિયાથી ૨૦૦૬માં માત્ર એક જ મૃત્યુ નોંધાયું હતું. કચ્છ માટે ચિંતાજનક વાત (P. Falciperum) ઝેરી મેલેરિયાનું પ્રમાણ, જે ૨૦૦૭માં ૨૫.૬૫ ટકા હતું તે પણ ૨૦૦૮માં ઘટી અડધું (૧૨.૭૩ ટકા) થયું. મેલેરિયાના ઋતુચક્ર મુજબ ૨૦૦૮માં કચ્છમાં સૌથી ઓછા કેસ (૧૪૪) માર્ચ માસમાં હતા અને સૌથી વધુ કેસ (૫૫૪) જુલાઈ માસમાં હતા. મેલેરિયાનું પ્રમાણ મહિલાઓ કરતાં પુરુષોમાં અધિક (૬૨ ટકા સરેરાશ) અને ૭૫ ટકાથી વધુ કેસ ૧૫ વર્ષથી વધુ વયના લોકોમાં હતા.

ગુજરાત રાજ્યના હેલ્થ કમિશનરેટ દ્વારા ૨૦૦૭-૦૮ના હેલ્થ રિવ્યુ રિપૉર્ટ અનુસાર મેલેરિયાની જાંચ અને તત્કાલ સારવારના વ્યાપક નેટવર્ક અંતર્ગત મેલેરિયા લિંક વર્કર્સ છે અને જંતુનાશક દવાથી ટ્રીટ કરેલી મચ્છરદાનીઓનું વિતરણ થાય છે તેમ જ મેલેરિયાના મચ્છરોની રોકથામના ઉપાયો થાય છે.

કૉલેરા :

ઈ. સ. ૧૮૨૬ની બર્ન્સની નોંધ, જે બૉમ્બે પ્રેસિડેન્સી ગૅઝેટિયરના વૉલ્યુમ Vમાં છે, તે મુજબ તત્સમયે કચ્છના પાડોશી પ્રદેશમાં કૉલેરાના ઉપદ્રવો થતા હોવા છતાં કચ્છમાં ક્યારેય એ ઉપદ્રવ-સ્વરૂપે પ્રસર્યો નથી. પરંતુ કચ્છ દરબારી ગૅઝેટ – ડિસેમ્બર

૧૮૭૮ વૉલ્યુમ, (૬) ઈસ્યુ ૧૮માં કચ્છમાં કૉલેરાના વ્યાપક ઉપદ્રવનો ઉલ્લેખ છે. ગૅઝેટની આ નોંધ મુજબ એ સમયે કૉલેરા કાઠિયાવાડથી વાગડમાં પ્રવેશ્યો અને ભચાઉ થઈને ભુજ તેમ જ અન્ય વિસ્તારોમાં ફેલાયો, જે છેક ઑગસ્ટમાં શમ્યો. ત્યારે કચ્છમાં છેલ્લા ૬૩ વર્ષમાં ક્યારેય નહોતી થઈ એવી અતિવૃષ્ટિ થઈ હતી. જેને પરિણામે મેલેરિયા ફેલાયો. સમગ્ર કચ્છવ્યાપી આ બે ઉપદ્રવોને લીધે એ વર્ષે ૧૫,૭૧૬ લોકોનાં મૃત્યુ થયાં. ત્યારબાદ ઉપદ્રવ-સ્વરૂપે કૉલેરા કચ્છમાં ક્યારેય ફેલાયો નથી. કચ્છના પાડોશી પ્રદેશોમાં કૉલેરાનો રોગચાળો ફેલાયાના અને તેવા સમયે કચ્છમાં ભરાતા મેળાઓ માટે પ્રતિબંધક આદેશો જારી કરતા ઠરાવો દરબારી ગૅઝેટમાં અવારનવાર પ્રકાશિત થયેલા છે.

રેબીઝ :

કચ્છમાં રાની કે પાલતુ પશુના કરડવાથી થતા હડકવાની સમસ્યા પણ હતી. લોકો એના ઇલાજ માટે પીર-ફકીરોની દરગાહો પર જતા તેના પરથી લોકોમાં પ્રચલિત અંધશ્રદ્ધાનો ખ્યાલ આવે છે. ભારતમાં જ્યારે કસૌલી (HP) અને કુનુર (AP) ખાતે પાશ્વર ઇન્સ્ટિટ્યૂટમાં ઍન્ટિરેબીઝ વૅક્સિનની વ્યવસ્થા થઈ ત્યારે કચ્છરાજ્યે એના કર્મચારીઓને જરૂર પડ્યે ઇલાજ માટે ત્યાં જવા એક માસની ચડત પગારે રજા અને આવવા-જવાનો ખર્ચ મંજૂર કરતો ઠરાવ કચ્છ દરબારી ગૅઝેટના માર્ચ ૧૮૯૭, વૉલ્યુમ ૩૪, અંક (૨૦)માં કર્યો હતો. ગરીબોને પણ આ લાભ ઉપરાંત ઇન્સ્ટિટ્યૂટ દ્વારા રહેવાની મફત સુવિધા અપાશે તેવું જાહેર કર્યું હતું. ત્યારબાદ જ્યારે રાજકોટની વેસ્ટ હૉસ્પિટલમાં પણ આ સુવિધા મળતી થઈ, ત્યારે તેની નોંધ પણ ગૅઝેટમાં છે.

અંધત્વ-સમસ્યા :

આધુનિક નેત્રચિકિત્સાવિજ્ઞાને ૧૯મી સદીના ઉત્તરાર્ધ પછી ખૂબ પ્રગતિ કરી છે. મોતિયાબિંદ, ખીલ, નેત્ર-સંક્રમણ, કુપોષણ, આંખની ઇજાઓ તેમ જ ઝામર જેવી નેત્રસમસ્યાઓ પર નિયંત્રણ સંભવિત થયું છે.


ગૅઝેટિયર ઑફ બૉમ્બે પ્રેસિડેન્સી, ૧૮૮૦ A. D. પ્ર. III, પૃષ્ઠ-૩૩ પર ૧૮૭૨માં કચ્છની વસતિની આંકડાકીય માહિતી સાથે ૩૧૦૪ અપંગ વ્યક્તિઓની નોંધ છે, જેમાં ૨૪૧૧ (પુરુષ ૧૧૦૮ + સ્ત્રી ૧૨૯૩) અંધ હોવાનો નિર્દેશ છે.

કચ્છમાં નેત્ર-ચિકિત્સા-ક્ષેત્રે, જનસ્વાસ્થ્યલક્ષી દૃષ્ટિથી શિબિરોનો આરંભ લોકસેવક શ્રી કાંતિપ્રસાદ અંતાણીની આગેવાની હેઠળ થયો. 'મોતિયાબિંદ'ને લીધે દૃષ્ટિહીન બનેલા અનેક વૃદ્ધોની જીવનસંધ્યામાં પ્રકાશ ફેલાવવા કચ્છમાં ૧૯૨૮માં નેત્રયજ્ઞનું અંજાર મધ્યે આયોજન થયું. આ કૅમ્પમાં રાજકોટના નેત્ર-વિશેષજ્ઞ ડૉ. રતિલાલ શાહે સેવાઓ આપી હતી. બીજો નેત્રયજ્ઞ ૧૯૩૧-૩૨માં યોજાયો. કચ્છરાજ્યના ચીફ મેડિકલ ઑફિસર ડૉ. જાદવજી હંસરાજ જેઓ નેત્ર-વિશેષજ્ઞ પણ હતા તેમ જ ડૉ. ઈશ્વરલાલ ઓઝા અને ડૉ. મનુભાઈ દલાલ સાથે મળીને ૩૦ દિવસમાં ૪૩૯૮ આંખો તપાસી, ૨૬૬૩ને દવા કે સલાહ આપી, ૧૧૫૪ ઑપરેશન લાયક કિસ્સાઓમાં ૯૨૩ વૃદ્ધોની ૧૭૦૦ આંખોનું ઑપરેશન કર્યું. આ શિબિરમાં તપાસેલાં દર્દીઓમાં ૮૩૧ 'હોપલેસ કેસ' તરીકે નોંધાયા હતા (જો વર્ષોથી વાટ જોતા આ વૃદ્ધોને મોતિયાના ઑપરેશનની હાથવગી અને સમયસર સુવિધા મળી હોત તો એમની 'હોપ – લોસ્ટ' ન થઈ હોત) જે તત્કાલીન નેત્ર-સ્વાસ્થ્ય-સેવા સ્થિતિ કેટલી પાંગળી હતી તેનું સૂચક છે.

પૂ. રવિશંકર મહારાજની પ્રેરણાથી આરંભ પામેલી મોતિયાનાં દર્દીઓને શિબિરો દ્વારા સેવાઓ ઉપલબ્ધ કરાવવાની આ પ્રક્રિયા ધીરેધીરે વેગ પકડતી ગઈ. વીરનગરના ડૉ. શિવાનંદ અધ્વર્યુ, ચિખોદરાના ડૉ. દોશી તેમ જ કચ્છના જ નેત્ર-વિશેષજ્ઞો, ભુજમાં ડૉ. જાદવજી અને ડૉ. મનુભાઈ દલાલ, માંડવીમાં ડૉ. જેઠાલાલ મિસ્ત્રી અને ડૉ. ઈશ્વરલાલ ઓઝા, ભચાઉમાં ડૉ. ગજવાણી અને બિદડામાં ડૉ. હરિયા વગેરે આ યજ્ઞોમાં જોડાવા લાગ્યા. ભુજ, માંડવી, મુંદ્રા, ગાગોદર, ભચાઉ, રાપર તેમ જ બીજાં અનેક સ્થળે નાની-મોટી

નેત્રશિબિરોનું લોકભાગીદારીથી આયોજન થયું, પરંતુ અંધત્વની સમસ્યા વ્યાપક હતી. તદુપરાંત અંધત્વના મોતિયા ઉપરાંત બીજાં અનેક કારણો હતાં.

ભારત સરકારના રાષ્ટ્રીય દૃષ્ટિવિહીનતા નિયંત્રણ કાર્યક્રમની બૂકલેટ(૧૯૭૮)માં પ્રકાશિત ઇન્ડિયન કાઉન્સિલ ઑફ મેડિકલ રિસર્ચ દ્વારા આયોજિત રાષ્ટ્રવ્યાપી સેમ્પલ સર્વેક્ષણ (૧૯૭૫) અનુસાર ભારતમાં અંધત્વની સમસ્યાનાં પ્રમુખ કારણો અને તેમનું પ્રમાણ નીચે મુજબ દર્શાવ્યાં છે.



મોતિયા ઉપરાંત કચ્છમાં આંખની વ્યાપક સમસ્યા હતી ખીલ. ટ્રેકોમા બેલ્ટ એટલે કે પંજાબ, રાજસ્થાન, ગુજરાત, યુ. પી.માં આ રોગનું સંક્રમણ ખૂબ જ વ્યાપક હતું. કચ્છમાં અંધત્વનાં કારણોમાં એનું પ્રમાણ ૫૭.૫ ટકા હતું. ખીલને લીધે અનેક બાળકોની એક અથવા બંને આંખોમાં ફૂલું પડી જતું. કચ્છમાં નેશનલ ટ્રેકોમાં કન્ટ્રોલ પ્રોગ્રામ અંતર્ગત ૧૯૬૧માં ખીલનિવારણ ઝુંબેશનો પ્રારંભ થયો. ખરા અર્થમાં 'સામૂહિક' રીતે કચ્છના ગામડેગામડે, ઘેરઘેર જઈને દસ વર્ષથી નીચેનાં ખીલગ્રસ્ત બાળકોની છ માસ સુધી દર હપ્તે સળંગ પાંચ દિવસ ઍન્ટિબાયોટિક ટેટ્રાસાઈકલીન ઓઈનમેન્ટથી સારવાર અને સ્વાસ્થ્ય-શિક્ષણના કાર્યમાં શાળાના શિક્ષકોએ ઉત્સાહભેર ભાગ લીધો. પરિણામે કચ્છમાં ખીલની સમસ્યા પર મહદંશે નિયંત્રણ થયું. સ્થાનિક ઉપલબ્ધ સરળ ઉપચાર અને વ્યક્તિગત સ્વચ્છતા સુધારને લીધે ખીલને કારણે અંધાપો હવે નામશેષ રહ્યો છે.

ભારત સરકારની સેન્ટ્રલ કાઉન્સિલ ઑફ હેલ્થની એપ્રિલ ૧૯૭૫ની બેઠકમાં અંધત્વ હેતુ જે નિર્ણાયક નીતિ ઘડવામાં આવી હતી તેનો ઉલ્લેખ ઉપરોક્ત બૂકલેટમાં નિમ્ન શબ્દોમાં છે :

"One of the basic human rights is the right to see. We have to ensure that no citizen goes blind needlessly, or being blind, does not remain so, if, by reasonable deployment of skill and resources his sight can be prevented from deteriorating or if already lost, can be restored."

આ રાષ્ટ્રીય નીતિ અનુસંધાને ૧૯૭૭માં કેન્દ્ર દ્વારા નૅશનલ પ્રોગ્રામ ફૉર પ્રિવેન્શન ઑફ વિઝ્યુઅલ ઇમ્પેરમેન્ટ ઍન્ડ કન્ટ્રોલ ઑફ બ્લાઇન્ડનેસના સેન્ટ્રલી સ્પોન્સર્ડ કાર્યક્રમનો આરંભ થયો. આ કાર્યક્રમની સર્વોચ્ચ સમિતિ સેન્ટ્રલ કોઑર્ડિનેશન કમિટીમાં ગુજરાતના ડૉ. અધ્વર્યુ અને ડૉ. દોશી સભ્યો હતા.

રાષ્ટ્રીય કાર્યક્રમ અંતર્ગત નેત્ર-સેવા વ્યવસ્થા વિસ્તાર :

- ❑ ભારતની પ્રત્યેક જિલ્લા સ્તરની હૉસ્પિટલમાં નેત્ર-ચિકિત્સા ઉપકરણો સાથે બે નેત્ર-વિશેષજ્ઞો અને એક નેત્ર-સહાયકની નિમણૂક.
- ❑ તબક્કાવાર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં નેત્ર-સહાયકની નિમણૂક તેમ જ ઉપકરણો.
- ❑ જિલ્લા સ્તરે એક મોબાઈલ યુનિટ દ્વારા મોતિયા આદિ માટે લોકોને ગ્રામ્ય વિસ્તારમાં સેવાઓનું વિસ્તરણ.
- ❑ મેડિકલ કૉલેજોમાં તબક્કાવાર અદ્યતન ઉપકરણો અને સુપર સ્પેશિયાલિટી સેવાઓ તેમ જ દસ રિજિયોનલ ઇન્સ્ટિટ્યૂટ માટે સાધનો-ઉપકરણો અને નેત્ર-વિશેષજ્ઞોનું પ્રાવધાન.

- NGOsને ગ્રામ્ય વિસ્તારોમાં મોતિયા તેમ જ ઝામરના ઑપરેશન કૅમ્પ લગાવવા પ્રતિ કેસના દરે ગ્રાન્ટ. આરંભમાં રૂ. ૪૦થી હાલ રૂ. ૭૦૦ સુધીની પ્રતિ કેસ સહાયતા NGOsને આપવામાં આવે છે.
- શાળાના વિદ્યાર્થીઓની દૃષ્ટિદોષની જાંચ તેમ જ ચશ્માંવિતરણ માટે આર્થિક અનુદાન.

ગુજરાતમાં અંધત્વ નિયંત્રણ કાર્યક્રમનો આરંભ ૧૯૭૮માં થયો. ૧૯૮૫માં કાર્યક્રમનું વિકેન્દ્રીકરણ થયું. જિલ્લા સ્તરે કલેક્ટરના અધ્યક્ષપદે ડિસ્ટ્રિક્ટ બ્લાઈન્ડનેસ કંટ્રોલ સોસાયટીનું ગઠન થયું, જેનાં કાર્યક્રમ આયોજન, કાર્યાન્વન તેમ જ મૂલ્યાંકન જિલ્લા હસ્તક થતાં નિર્ણયપ્રક્રિયા સરળ અને સ્થાનિક સંયોગો અનુસાર થઈ. પરિણામે ઝડપી પ્રગતિ થઈ. સમસ્ત ગુજરાતમાં મોતિયાબિંદ ઑપરેશન ક્ષેત્રે કચ્છ એના લક્ષ્યાંકોથી ખૂબ જ આગળ રહ્યું છે. કચ્છમાં ઉપર દર્શાવેલી જિલ્લા તેમ જ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સ્તરે સેવાઓ સ્થાપિત થઈ છે, જેનું એક મહત્ત્વનું કારણ કચ્છમાં NGOsનો મહત્ત્વનો ફાળો રહ્યો છે.

બિદડા સર્વોદય ટ્રસ્ટ તેમ જ વાગડ વેલ્ફેર સોસાયટીનું યોગદાન :

૫-૧-૧૯૭૫ના રોજ બિદડા સર્વોદય ટ્રસ્ટ દ્વારા પ્રથમ નેત્રશિબિરનું આયોજન થયું. ડૉ. શિવાનંદ અધ્વર્યુના નેતૃત્વ હેઠળ આ કૅમ્પમાં છ દિવસમાં ૫૧૫ ઑપરેશન થયાં. ત્યારબાદ લગભગ અડધા કચ્છને આવરી લેતા અનેક કૅમ્પોનું આયોજન થયું. ૧૯૮૫માં બિદડામાં ટ્રસ્ટ અંતર્ગત આરોગ્ય સંકુલ ઊભું થયું જેમાં આંખનાં અદ્યતન સાધનો તેમ જ વિઝિટિંગ વિશેષજ્ઞોની સુવિધા સાથેની હૉસ્પિટલનો પણ સમાવેશ થયો છે.

કચ્છના ભૂકંપો અને જનસ્વાસ્થ્ય :

અવારનવાર સર્જાતા ભૂકંપે પણ કચ્છના આમ જનજીવનને ગંભીર આંચકા આપ્યા છે. બૉમ્બે ગૅઝેટિયરમાં ૧૮૧૯ના કચ્છવ્યાપી ભૂકંપ વિશેની નોંધ મુજબ આ ભૂકંપને લીધે સિંધુનદીના કચ્છતરફી વહેણ આડે ૨૪ ફૂટ ઊંચો રેતીનો બંધ સર્જાયો. પરિણામે કચ્છમાં સિંધુનદીના પાણીની આવક બંધ થઈ. કચ્છની ખેતીને કાયમી નુકસાન થયું. આ ભૂકંપથી ધ્વસ્ત કાટમાળમાં ૧૧૫૦ જાનહાનિ થયાનો ઉલ્લેખ છે. જોકે ઘાયલોની સંખ્યા કે સારવાર તેમ જ તત્સમયે ઘરબાર ગુમાવી બેઠેલા લોકોની દરકાર કે પુનર્વસન માટે કોઈ પ્રશાસકીય પ્રબંધ કે પ્રજાકીય સહાય અંગે ગૅઝેટિયરમાં કોઈ ઉલ્લેખ નથી. આ એ સમયગાળો છે કે જ્યારે કંપની સરકાર કચ્છના પ્રશાસન પર પકડ જમાવી રહી હતી.

બીજો વિનાશક ભૂકંપ ૨૧ જુલાઈ, ૧૯૫૬ની રાત્રે અંજાર, ભચાઉ, દૂધઈ અને રતનાલની વચ્ચેના અને આજુબાજુના વિસ્તારમાં થયો. પરિણામે અંજારમાં ઘરોને ભારે નુકસાન થયું. ૧૧૫ની જાનહાનિ થઈ જેમાં એકલા અંજારનો મૃત્યુઆંક ૧૦૭નો હતો, પરંતુ એ સમયે કચ્છ સ્વતંત્ર ભારતનું કેન્દ્રશાસિત રાજ્ય હતું. તત્કાલીન જાગૃત લોકનેતાઓ, સ્વયંસેવી સંસ્થાઓ અને સ્થાનિક સક્રિય પ્રશાસન અને કેન્દ્ર સરકારની સહાયતા થકી ભૂકંપગ્રસ્તોને તત્કાલ તબીબી રાહત મળી હતી. તહસનહસ થયેલા અંજારને 'નયા અંજાર'ની અને ઝુરણ ગામને 'જવાહરનગર' વસાહતની ભેટ મળી હતી. ભારતના તત્કાલીન વડાપ્રધાન જવાહરલાલ નેહરુએ ભૂકંપપીડિતોને સધિયારો આપવા કચ્છની મુલાકાત લીધી હતી.

ત્યાર બાદ ૨૬ જાન્યુઆરી, ૨૦૦૧ના ભૂકંપે સમસ્ત કચ્છમાં વેરેલા વિનાશની સ્મૃતિ તો હજી તાજી જ છે. સમસ્ત વિશ્વે એની નોંધ લઈ લોકોને તત્કાલ રાહત પહોંચાડવાના અને નવસર્જનના લોકભાગીદારી સાથેના પ્રશાસકીય પ્રયાસોમાં નોંધપાત્ર સહયોગ આપ્યો હતો. કચ્છના દૈનિક અખબાર 'કચ્છમિત્રે' આ ભૂકંપે સર્જેલી હોનારત, યુદ્ધના ધોરણે આયોજિત તત્કાલ રાહત અને ત્યારબાદ ઝડપથી થયેલા 'નવસર્જન'ની વિગતો સમાવતો વિશેષાંક વર્ષ ૨૦૦૨માં પ્રકાશિત કર્યો છે, જે ઇતિહાસમૂલક છે. એમાંની જનસ્વાસ્થ્યને લગતી વિગતોનો સાર-સંક્ષેપ અત્રે પ્રસ્તુત છે.

વિષમ સ્થિતિ :

૨૬મી જાન્યુઆરી, ૨૦૦૧ના રોજ સવારે ૮.૪૬ કલાકે કચ્છની ધરતી લગભગ ૯૦ સેકન્ડ ધ્રૂજતી રહી. કચ્છના વિવિધ વિસ્તારોમાં અનેક મકાનો ધ્વસ્ત થઈ ગયાં. એના કાટમાળમાં આશરે બે લાખ જેટલા લોકો ભીંસાયા હતા. આ ભીષણ હોનારતે બાર હજારથી વધુ લોકોનો ભોગ લીધો હતો. દોઢ લાખથી વધુ લોકો જખમી થયા હતા, જેમાંના ૧૦,૦૦૦થી વધુ લોકો ગંભીર રીતે ઘવાયેલા હતા. જીવનમરણ વચ્ચે ઝોલાં ખાતા ક્ષત-વિક્ષત લોકોને કાટમાળમાંથી બહાર લાવી તત્કાળ તબીબી રાહતની સૌપ્રથમ આવશ્યકતા હતી, પરંતુ ભુજની સિવિલ હૉસ્પિટલ, એના ૧૧ કર્મચારીઓ તેમ જ ૧૮૨ પથારીવશ દર્દીઓ સાથે ધરતીમાં ધરબાઈ ગઈ હતી. એવી જ હાલત અંજાર, આદિપુર, રાપર તેમ જ ભુજની જ્યુબિલી હૉસ્પિટલની હતી. માંડવીની હૉસ્પિટલને પણ નુકસાન થયું હતું.

તત્કાલ રાહત : પ્રથમ પડકાર

(બૅટલ અગેઇન્સ્ટ ડેથ ઍટ ગ્રાઉન્ડ ઝીરો) :

કચ્છની કોઈ હૉસ્પિટલ સારવાર લાયક ન રહેતાં ભુજના ડૉ. જ્ઞાનેશ્વર રાવ અને બીજા કેટલાક સેવાભાવી ડૉક્ટરોએ પળનાય વિલંબ વિના જ્યુબિલી મેદાનમાં ઘવાયેલાઓની સેવા શરૂ કરી દીધી. સાથે-સાથે ભુજની મિલિટરી હૉસ્પિટલ જે ખુદ જખ્મી હતી, તેના ચોગાનમાં ભૂકંપની ૪૫ મિનિટ પછી ઘવાયેલાઓની સારવાર હેતુ હાથ ચડ્યાં સાધનો અને એક જનરેટરની મદદથી અહર્નિશ સેવાયજ્ઞ શરૂ થઈ ગયો, જ્યાં ભુજ, ભચાઉ, રાપર, અંજાર અને સમગ્ર વાગડ આહીરપટ્ટીના ૧૨,૯૮૮ ઘવાયેલાઓને તત્કાલ રાહત અપાઈ હતી. એમાંના ૭૫૨૮ માઈનર અને ૨૦૦૨ દર્દીઓને મેજર સર્જરી થઈ હતી. ૨૭૪૫ દર્દીઓને પ્લાસ્ટર ચડાવાયાં હતાં. જે દર્દીઓને વધુ સારવારની જરૂર હતી તેવા ૫૫૦૦ દર્દીઓને તત્કાલ રાહત આપી ૨૭મીની સવારે વિમાન દ્વારા પૂણે, જામનગર તેમ જ અમદાવાદ મોકલ્યાં હતાં. આમ, દેશની સરહદો સાચવનાર સૈનિકોની તબીબી ટીમ જેમાં છ ડૉક્ટરો હતા તેમણે ગ્રાઉન્ડ ઝીરો પર સતત તહેનાત રહી મોતનો મુકાબલો કર્યો હતો, અનેકોના જીવ બચાવ્યા હતા. તદુપરાંત લશ્કરની ફીલ્ડ ઍમ્બ્યુલન્સ ટીમ સ્થાનિક જિલ્લા આરોગ્ય ખાતાની મોબાઈલ ટીમ સાથે દર્દીઓને રાહત આપવા અંતરિયાળ ગામોમાં કામે લાગી ગઈ હતી.

રેડક્રૉસની રાહત :

અમેરિકન, જાપાનીઝ અને ઇટાલિયન રેડક્રૉસ ફેડરેશન દ્વારા ૨,૨૮,૩૪૮ બ્લૅન્કેટ, ૧,૧૭,૦૦૦ ટારપુલિન્સ, ૩૫,૫૦૦ તંબુ, ૬૩,૦૦૦ પાણીનાં સાધનો ૯૦,૦૦૦ હાઈ પ્રોટિન બિસ્કિટ વિતરણ, નોર્વેજીયન અને ફિનીશ રેડક્રૉસ દ્વારા ૩૫૦ પથારીની રેફરલ હૉસ્પિટલ જ્યાં ૩૭,૫૯૩ અને અન્ય દર્દીઓની સારવાર ઉપરાંત ૧૪૩૯ શસ્ત્રક્રિયા અને કટોકટીના સમયમાં ૬૧૩ મહિલાઓને પ્રસૂતિસેવા આપવામાં આવી હતી. તદુપરાંત રેડક્રૉસ દ્વારા ૧૭ હજાર લૅબ. પરીક્ષણ અને ૬૭૪૧ દર્દીઓની એક્સ-રેની સગવડ પૂરી પાડવામાં આવી હતી.

બ્રિટિશ રેડક્રૉસે આવશ્યક સાધનસામગ્રીની પૂર્તિ કરી હતી. આંતરરાષ્ટ્રીય સંદેશાવ્યવહાર ફેડરેશનની ઇમર્જન્સી રિસ્પોન્સ ટીમે સંદેશાવ્યવહાર અવિરત અને સુલભ બનાવ્યો હતો. સ્પેનિશ રેડક્રૉસ દ્વારા મોબાઈલ મેડિકલ ક્લિનિક સેવાઓ આપવામાં આવી હતી. ફ્રેન્ચ જર્મનની પાણી અને સફાઈની ટુકડીએ બે લાખ લોકોને શુદ્ધ પેય જળ પૂરું પાડ્યું હતું. તદુપરાંત ૫૦ જેટલાં ગામ-તળાવોની સુધારણા અને ૯૦ તળાવોના પાયાનું મજબૂતીકરણ કર્યું હતું. તદુપરાંત વિવિધ દેશોએ વિમાન મારફતે કરોડોની દવાઓ મોકલી હતી.

માંડવીમાં તાકીદની સારવાર :

ભુજની સિવિલ હૉસ્પિટલ ધ્વસ્ત થતાં પશ્ચિમ કચ્છના ભૂકંપગ્રસ્તોનો ધસારો માંડવીની સિવિલ હૉસ્પિટલ પર થયો. કચ્છના સિવિલ સર્જન ડૉ. ભેડાએ, માંડવી વહાણવટી એસોસિએશનના સહકારથી

હૉસ્પિટલમાં જનરેટર ગોઠવી ભૂકંપના બીજા જ દિવસે સેવાઓ શરૂ કરી દીધી. ૮૦૦ દર્દીઓને એક્સ-રે ઉપરાંત ૩૦૦ દર્દીઓને ઇન્ડૉર સેવા આપી હતી. ૧૦૦ દર્દી હાજી હસન હૉસ્પિટલ અને ૧૦૦ દર્દીની મસ્કા ટી. બી. હૉસ્પિટલમાં વ્યવસ્થા કરી હતી. હાજી ઇસ્માઈલ જુણેજાએ તમામ સારવાર તેમ જ દવાઓનો બધો ખર્ચ વહન કર્યો હતો.

બિદડા સર્વોદય હૉસ્પિટલ : ૫૦ ડૉક્ટરોની ટીમ મુંબઈથી આવી હતી. ભૂકંપ પછી તત્કાલ શરૂ થયેલી સેવાઓ સતત ચાલુ રહી. ત્રણ માસ દરમિયાન ૨૩૦૦૦થી વધુ દર્દીઓની સારવાર અને નિઃશુલ્ક ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી, જે દરમિયાન ૩૩૭૫ પાટાપિંડી, ૩૮૦૬ ઑ. ટી. પ્રોસીજર્સ, ૧૩૬ ઑર્થો. સર્જરી, ૫૭૩૪ મેડિકલ ઑ. પી. ડી., ૨૬૭૬ પેથોલોજી ટેસ્ટ, ૩૭૭૧ એક્સ-રે, ૨૯૬ ઑર્થો. પ્રોસ્થેટિક, ૨૬૮૫ ફિઝિયોથેરપીની સેવાઓ આપવામાં આવેલ તેમ જ બિદડા સર્વોદય ફૂટ કૅમ્પ દ્વારા કૃત્રિમ હાથ-પગ, કાંખઘોડી, વ્હીલચેર-વિતરણ, ક્વોડ્રીપ્લેજીયાના દર્દીઓ માટે વિશિષ્ટ જૅકેટ અને પટ્ટા આપવામાં આવ્યાં હતાં.

ભોજાય સર્વોદય ટ્રસ્ટ અને હૉસ્પિટલ : ૧૫ બેડની આ હૉસ્પિટલમાં ૧૫૦ મહિલાઓને નિઃશુલ્ક પ્રસૂતિસેવા આપી હતી. સોશિયલ રીહેબિલિટેશન અંતર્ગત કમરની ઇજાગ્રસ્ત ૪૦૦ મહિલાઓનું પુનર્વસનકાર્ય થયું હતું.

કચ્છી લેઉઆ પટેલ હૉસ્પિટલ : સંકુલના ચોગાનમાં ઇઝરાયલી ટીમના તંબુમાં હજારો ઘાયલોની સેવા ઉપરાંત જાન્યુઆરી અને ફેબ્રુઆરી માસ દરમિયાન બધાં દર્દીઓને નિઃશુલ્ક સેવા આપવામાં આવી હતી.

સર્વ સેવા સંઘ : ૪૬ કૅમ્પનું આયોજન કરી ૧૦ હજાર દર્દીઓની જાંચ કરી હતી અને ૨૪૫ દર્દીઓને સંઘની ઍમ્બ્યુલન્સ દ્વારા રાજકોટ, અમદાવાદ અને મુંબઈ લઈ જવાયાં હતાં. ૧૪૬ વિકલાંગોને કાંખઘોડી અને વૉકરનું નિઃશુલ્ક વિતરણ થયું હતું. ૧૨૯ દર્દીઓને દવા વગેરે માટે રોકડ સહાય આપવામાં આવી હતી.

કચ્છ વિકાસ ટ્રસ્ટ : રાયધણપર : દેશ-વિદેશની અનેક સંસ્થાઓ સાથે સંપર્ક કરી એમને કચ્છમાં કાર્ય કરવા પ્રેર્યા હતા. તદુપરાંત ઘવાયેલાઓની તત્કાલ સારવાર સાથે આસપાસનાં ગામોમાં તંબુ વગેરે સામગ્રીનું વિતરણ કર્યું હતું.

વિશ્વ હિન્દુ પરિષદ : જ્યુબિલી ગ્રાઉન્ડમાં ગુજરાત હેવી કેમિકલ્સની મદદથી તોતિંગ ડોમમાં સારવારકેન્દ્ર ઊભું કર્યું હતું તેમ જ ટેલિ મેડિસિન સેન્ટર દ્વારા ત્રણ માસ સુધી ૭૦૦૦ દર્દીઓને સેવાનો લાભ આપ્યો હતો. મોબાઈલ વાન દ્વારા આહીરપટ્ટીનાં ગામોમાં તબીબી રાહત કાર્ય કર્યું હતું.

સર્વમંગલ આરોગ્યધામ : ભચાઉ ખાતે કામચલાઉ હૉસ્પિટલ શરૂ કરવામાં આવી. રાપરમાં સાવલા આરોગ્ય કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું તેમ જ ૨૨૦૦ ઘાયલોની સારવાર કરવામાં આવી હતી.

હૅન્ડીકૅપ ઇન્ટરનૅશનલ : ભૂકંપથી ઇજાગ્રસ્ત માટે ૩૬ ગામોમાં જઈ ત્યાં ઇજાગ્રસ્તોની ફિઝિયોથેરપી સારવાર કરવામાં આવી હતી.

ભૂકંપ પશ્ચાત્ આરોગ્યક્ષેત્રે અન્ય રાહત : રાજ્ય સરકાર અને સેવાભાવી સંસ્થાઓ દ્વારા ૪૫ લાખની દવાઓ આવી અને ૧૫૦૦ તબીબી ટીમોએ કચ્છની મુલાકાત લીધી. દરેકે વિભિન્ન વિસ્તારમાં ૧૫ દિવસ તબીબી રાહત કાર્ય કર્યું.

જિલ્લા આરોગ્ય વિભાગ : 'ઑપરેશન હેલ્થ' કાર્યક્રમ બનાવ્યો. ૯૦,૦૦૦ બાળકોને ઓરી, અછબડા પ્રતિબંધક રસી અને વિટામિન-એ સોલ્યુશન આપવામાં આવ્યાં. ૭૭૦૦ ગર્ભવતી મહિલાઓને ધનુર-વિરોધી રસી મુકાઈ. વર્લ્ડ ફૂડ પ્રોગ્રામ અંતર્ગત આંગણવાડીનાં બાળકોને પૌષ્ટિક આહારરૂપે પ્રોટીનયુક્ત બિસ્કિટ અપાયાં. ૨ લાખ બાળકોને પોલિયોનો વધારાનો ડોઝ અપાયો. મેલેરિયા-નિયંત્રણ માટે ૭ સર્વેલન્સ ટીમ અને બે રક્ત-જાંચ કીટનું વિતરણ થયું.

કચ્છના ગ્રામ્ય વિસ્તારમાં ૧૫ ભૂકંપથી ધ્વસ્ત આરોગ્યકેન્દ્રો, ૧૫થી વધુ ડિસ્પેન્સરીઓ તથા ૩૦૦થી [illegible] આંગણવાડીઓ અને ૨૦ પેટાકેન્દ્રોના કાયમી / [illegible]મી આવાસો ઊભા કરી ગામડાંઓના લોકો માટે બીજી રાહત યથાવત રાખવામાં આવી. આ કામમાં 'યુનિસેફ', 'આઈ. આર. સી. એસ', 'જેમ ઍન્ડ જ્વેલરી', 'સી. એ. એફ.' અને 'આઈ. ડી. બી. આઈ', '[illegible]ર્વિન', 'સેવ ધ ચિલ્ડ્રન' આદિ સંસ્થાઓએ ભરપૂર મદદ કરી.

ભૂકંપ-ધ્વસ્ત અંજાર, ગાંધીધામ, ભચાઉ, રાપર, લાકડિયા, ખાવડાની હૉસ્પિટલો / આરોગ્યકેન્દ્રોનું પુનર્નિર્માણ થયું તેમ જ વાગડ વેલ્ફેર સોસાયટી હૉસ્પિટલનું 'ટાઇમ્સ ઑફ ઇન્ડિયા' ગ્રૂપની સહાયથી પુનર્નિર્માણ થયું.

બાળમાનસ પર ભૂકંપની અસર :

ભૂકંપના એક વર્ષ બાદ બાળમાનસ પર ભૂકંપ-સ્મૃતિ અને એમની મનઃસ્થિતિનું નમૂનારૂપ સર્વેક્ષણ થયું હતું. શ્રી હરેશ ધોળકિયા આલેખિત અને 'કચ્છમિત્ર'ના ૨૦૦૨ના વિશેષાંકમાં પ્રકાશિત આ સર્વેક્ષણની વિગતો મુજબ ભુજ, અંજાર અને રાપરની શાળાઓમાં ધોરણ ૫થી ૧૨ સુધી અભ્યાસ કરતા ૨૭૦ છાત્રોનું 'પ્રશ્નોત્તરી' દ્વારા મનઃસ્થિતિ-અવલોકન થયું, જેનાં તારણો મુજબ ૮૭.૪ ટકા બાળકો ભૂકંપને ભૂલ્યાં નહોતાં (ભૂકંપસ્મૃતિ) અને ૭૨ ટકા બાળકોને એ અનુભવ હજી પણ ગમતો નથી. એમાંનાં ૪૮ ટકા બાળકોનાં ઘરનાં કોઈનું મૃત્યુ થયું હતું, તો ૭૦ બાળકોના ઘરને હાનિ થઈ હતી. ૭૩ ટકા બાળકોએ 'ડર લાગે છે' એમ કહ્યું હતું, તો ૫૨ ટકા બાળકોને શાંત ઊંઘ આવતી નહોતી. ૪૮ ટકા બાળકોનો ભણવામાં રસ ઘટી ગયો હતો. ભૂકંપ જેવી હોનારતોમાં થતી જાનહાનિ, વિકલાંગતા તેમ જ ભૌતિક નુકસાન ઉપરાંત 'જનમાનસ' – ખાસ કરીને બાળમાનસ પર થતી વિપરીત અસર પ્રત્યે આ સર્વેક્ષણ લાલબત્તી ધરે છે.

પરિશિષ્ટ – ૧ : જનસ્વાસ્થ્ય સ્થિતિનો વસતિ / વર્ષા સંદર્ભ

વસતિવૃદ્ધિદર (decadal) %				ગણતરી વર્ષથી દાયકા દરમિયાન વર્ષા સ્થિતિ (વર્ષોમાં)				અન્ય કારણો	રિમાર્ક
વસતિ-ગણતરી વર્ષ ઈ. સ.	વસતિ (લાખમાં)	વૃદ્ધિ	ઘટ	દુષ્કાળ	અછત	છત	અધિક		
૧૮૨૧	૫.૧૦	-	-	ઈ. સ. ૧૮૨૧થી ૧૮૭૧ દરમિયાન ૫૦ વર્ષમાં ૧૫ દુષ્કાળ વર્ષ હતાં. આધાર : 'ભાતીગળ ભોમકા'				૧૮૨૬ ઉંદર ઉપદ્રવ ૧૮૩૪-૬૯-૭૨ તીડ ઉપદ્રવ સ્થળાંતર	એટકીન્સન અંદાજ
૧૮૨૩	૫.૦૦	-	૦.૧૦						ટોડ અંદાજ
૧૮૩૦	૩.૫૦	-	૧.૫૦						-
૧૮૩૫	૪.૮૪	૧.૬૪	-						અન્ય અંદાજ
૧૮૫૨	૪.૦૯	-	૦.૭૫						અન્ય અંદાજ
૧૮૭૨	૪.૮૭	૦.૭૮	-	૨	-	-	-		ગૅઝેટિયર નોંધ
૧૮૮૧	૫.૧૨	૦.૨૫	-	-	૨	૬	૨		સેન્સસ ડેટા
૧૮૯૧	૫.૫૮	૦.૪૬	-	૧	૨	૬	૧	પ્લેગ, કૉલેરા મેલેરિયા	ગૅઝેટિયર
૧૯૦૧	૪.૮૮	-	૦.૭૦	૨	૨	૬	૦	"	-
૧૯૧૧	૫.૧૩	૦.૨૫	-	૩	૨	૩	૨	"	-
૧૯૨૧	૪.૮૫	-	૧.૨૮	૨	૪	૩	૧	"	-
૧૯૩૧	૫.૨૦	૦.૩૫	-	૨	૬	૨	-		-
૧૯૪૧	૫.૦૮	-	૦.૧૨	૨	૩	૪	૧		-
૧૯૫૧	૫.૬૮	૦.૬૦	-	૧	૩	૫	૧		ગાંધીધામ નિર્વાસિત વસાહતને લીધે વૃદ્ધિ
૧૯૬૧	૬.૯૬	૧.૨૮	-	૩	૨	૫	-	મેલેરિયા, શીતળા ઉપદ્રવ	આયોજિત દુષ્કાળ-રાહતને લીધે વસતિસ્થિતિ પર ઓછી અસર
૧૯૭૧	૮.૫૦	૧.૫૪	-	૩	૨	૪	૧	સંક્રામક રોગ નિયંત્રણ સ્વસ્થ્ય સેવા વિસ્તરણ	
૧૯૮૧	૧૦.૫૦	૨.૦૦	-	૩	૧	૬	-		
૧૯૯૧	૧૨.૬૨	૨.૧૨	-	૧	૪	૪	૧		
૨૦૦૧	૧૫.૮૩	૩.૨૬	-	-	-	-	-		

વિભિન્ન સ્રોતોમાંથી એકત્રિત :

– 'બૉમ્બે પ્રેસિડેન્સી ગૅઝેટિયર' (પૃષ્ઠ ૫૦) - 'ભાતીગળ ભોમકા' : કચ્છ'-નરેન્દ્રકુમાર જોશી-૧૯૭૭

– 'કચ્છ બૃહદ ભૂગોળ', લેખક : ગોકુળદાસ ખીમજી બાંભડાઈ – ડિસ્ટ્રિક્ટ સેન્ટ્રલ હેન્ડબુક-૬૧.

– 'કચ્છ : સંસ્કૃતિનો ઉષ:કાળ, ભૌગોલિક પરિપ્રેક્ષ્યમાં', લેખક : પ્રો. ડૉ. નાગજીભાઈ કે. ભટ્ટી, પૃષ્ઠ - ૯૬ પર આપેલી વર્ષા - માહિતી પરથી આધારિત કૅટેગરી.

૫"થી ઓછો – દુષ્કાળ – ૧૦"થી ઓછો – અછત

૧૫"થી ૨૫" – છત – ૩૦"થી ઉપર – અતિવૃષ્ટિ

૧૭. કચ્છમાં સ્વયંસેવી સંસ્થાઓનો વિકાસ

દીપક માંકડ

પૂર્વભૂમિકા

કુદરતી પ્રતિકૂળતાઓ વચ્ચે જીવતા કચ્છ-પ્રદેશમાં સેવાકીય સંસ્થાઓ માટે કામગીરીની પહેલેથી વ્યાપક ગુંજાઈશ રહી છે. એક તરફ ખડીર જેવા દુર્ગમ વિસ્તાર, સરહદી અબડાસા તાલુકાની સૂકી બંજર જમીન, બન્નીનાં મેદાનો, માંડવી-મુંદ્રાનો સાગરકાંઠો, ધીણોધર અને કાળો ડુંગર, અંજાર અને ભુજ જેવાં ઐતિહાસિક શહેર તથા આધુનિક કચ્છના ચહેરા સમાં ગાંધીધામ-આદિપુર જોડિયાં શહેર, કંઠીપટ અને ઘટેલપટ્ટીના લીલાછમ વાડી-ખેત-વિસ્તારમાં ધબકતું કચ્છ દુષ્કાળ, વાવાઝોડાં, ધરતીકંપ જેવી અનેક મુસીબતો સહીને, પડકારો ઝીલીને અસ્તિત્વ ટકાવી બેઠું છે અને હવે ગુજરાતના ગ્રોથ એન્જિનની જેમ ઔદ્યોગિક વિકાસની દોડ લગાવી રહ્યું છે એમાં કચ્છી માનવીઓની સંજોગો સામે ઝઝૂમવાની સ્વભાવગત લડાયકતા અને ખમીરનો સિંહફાળો છે. લડવા માટેનાં જોમ, જુસ્સો કે હિંમત ટકાવવાનું કામ જાણ્યે-અજાણ્યે એકલ-દોકલ વ્યક્તિ કે સંસ્થા દ્વારા થતું રહ્યું છે એ ઇતિહાસ પર નજર દોડાવતાં પ્રતિપાદિત થાય છે.

કચ્છમાં સ્વયંસેવી સંસ્થાઓનો વિકાસ એ વિષય પર વાત કરવાની છે, એટલે આ પ્રવૃત્તિના કેન્દ્રમાં 'સેવા' શબ્દ રહેશે. સેવા એટલે એવી સેવા જે દામ ચૂકવીને નહીં પરંતુ અંતરમાંથી નીપજી હોય અને તેમાં સમસંવેદનની – મદદ કરવાની ભાવના સમાયેલી હોય. હિન્દુ તત્ત્વજ્ઞાનમાં સ્વૈચ્છિક કામ અને કર્મ વચ્ચે ઝાઝો તફાવત નથી. સ્વૈચ્છિક પ્રવૃત્તિ આમ તો ભારતના મહાન સાંસ્કૃતિક વારસાનું પ્રદાન છે. બે બહુચર્ચિત મહામાનવ સ્વામી વિવેકાનંદથી લઈને મહાત્મા ગાંધી સ્વૈચ્છિક સેવાકીય પ્રવૃત્તિના ચુસ્ત હિમાયતી રહ્યા છે. વિવેકાનંદે 'જનસેવા એ જ પ્રભુસેવા'નો ઉપદેશ પ્રબોધ્યો છે. આચાર્ય વિનોબાજી સેવાને યજ્ઞની ઉપમા આપે છે. તેઓ કહે છે યજ્ઞ એટલે ઘસાવું – તન, મન, ધનનું સમર્પણ કરીને પરમાર્થ સાધવો.

અત્યારની પેઢીને મન સેવા એટલે સર્વિસ સેક્ટર. દેશ-દુનિયામાં કુદરતી કે માનવસર્જિત આફતો વધી છે એ સાથે 'સેવા'ની ભૂમિકાયે વધી છે. સરકારી તંત્ર તેની રીતે સાધનસજ્જ રહીને કામ કરતું હોય છે, પરંતુ પૂરક છતાં મહત્ત્વની ભૂમિકા માટે બિનસરકારી સંગઠન એટલે નૉનગવર્નમેન્ટ ઑર્ગેનાઈઝેશન(NGO)ની સંસ્કૃતિ વિકસી છે – જબરદસ્ત વિકસી છે. અહીં આપણે સંસ્થા – સ્વૈચ્છિક સંસ્થા સાથે એનજીઓ શબ્દ પણ પ્રયોજીશું.

સંસ્થાની વ્યાખ્યા :

એનજીઓની વ્યાખ્યા જોઈએ તો એવું બિનસરકારી સંગઠન જે નફાના હેતુ વગર સ્થાનિક, રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય ફલક પર કામ કરે છે. સેવાભાવી સ્વભાવના લોકોનું જૂથ તેનું સંચાલન કરે છે અને બધાનો હેતુ સમાન છે – લોકોનું કલ્યાણ કરવું, મદદરૂપ બનવું. વિશ્વબૅન્ક એનજીઓની વ્યાખ્યા આ રીતે બાંધે છે : "Private organizations that pursue activities to relive suffering, promote the interest of the poor, protect environment, provide basic social service or undertake commnunity development." બિનસરકારી સંગઠન કે જે પીડિતોને રાહત પહોંચાડવા, ગરીબોના હિતને પ્રોત્સાહન આપવા,

પર્યાવરણનું રક્ષણ કરવા પાયાની જરૂરિયાતો પૂરી પાડવાનું કામ કરે છે અને સમુદાયના વિકાસની જવાબદારી નિઃસ્વાર્થ રીતે અદા કરે છે.

છેલ્લા બે દાયકાથી એનજીઓ સેક્ટરનું વ્યવસાયીકરણ થયું છે. તાલીમબદ્ધ, કુશળ કર્મચારીઓ મારફત એનજીઓની પ્રવૃત્તિ ચલાવવામાં આવે છે.

કચ્છ માટે એનજીઓ શબ્દ ૨૬મી જાન્યુઆરી ૨૦૦૧ના ધરતીકંપ પછી વધુ જાણીતો થયો. ગ્રામીણ લોકો આજે પણ એનજીઓને 'સંસ્થા' તરીકે ઓળખે છે કે ઉલ્લેખે છે. રાજાશાહી વખતથી જાણ્યે-અજાણ્યે વ્યકિત કે સંસ્થા દ્વારા સેવાપ્રવૃત્તિ થતી રહી છે. વ્યક્તિગત સંસ્થાઓનું સ્મિથસાહેબ ઉમદા દૃષ્ટાંત છે. સંવત ૧૯૫૭માં કચ્છના રાજકુટુંબના શિક્ષક તરીકે ભુજ આવ્યા બાદ શ્રી સ્મિથે દીન-દુખિયાંઓની સેવા કરવા 'પૂઅર પીપલ્સ રિલીફ ફંડ' નામની સંસ્થા સ્થાપી હતી. આપણા સમાજમાં અત્યાર સુધી મહાજનોનું પ્રભુત્વ જળવાયું છે. આ મહાજન-પ્રથાને એક રીતે એનજીઓ ગણી શકાય. જ્ઞાતિના નબળા લોકોને તેમ જ સ્થળાંતરને લીધે કુટુંબથી અલગ પડેલા માનવીને જ્ઞાતિવાદી મંડળો કે મહાજનોએ હૂંફ પૂરી પાડી છે. આજે કચ્છનો – દેશનો ખૂણેખૂણો રસ્તાથી જોડાઈ ગયો છે. પરિવહન અતિ સુગમ બન્યું છે, પરંતુ જ્યારે ગાડાવાટ હતી, રસ્તા પર તેલથી જલતાં ફાનસ રોશની ફેલાવતાં અને ઈંધણથી દોડતાં વાહનોની કોઈએ કલ્પનાય નહોતી કરી એવા સમયે દેશ-દેશાવરની યાત્રા-મુસાફરી કરતા લોકો માટે ધર્મશાળા, સેલોર વાવ કે પરબનું અતિ મહત્ત્વ હતું. મહાજન સંસ્થાઓ કે દાતાઓએ ધર્મશાળા, સામુદાયિક ઓરડાઓનાં બાંધકામ તથા જાળવણીનું ઉમદા કામ કર્યાનું ઇતિહાસમાં નોંધાયેલું છે. સંવત ૧૩૦૦ના અરસામાં જગડુશા દાતારે કચ્છમાં ઘણી સખાવતો કરેલી, યાત્રિકો માટે સુવિધાઓ ઊભી કરાવી હતી અને ભદ્રેશ્વર તીર્થનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો. કચ્છના કંઠીપટ તરીકે ઓળખાતા મુંદ્રાના કાંઠાળ વિસ્તારનાં ગામોમાં મુંબઈ મહાજન એક મોટું પરિબળ હતું. કચ્છી વીશા ઓસવાળ શ્રેષ્ઠીઓ વતનની વહારે ધાતા રહ્યા છે. મુંદ્રા-માંડવી-વિસ્તારમાં ભાટિયા મહાજનનો ભૂતકાળ ભવ્ય રહ્યો છે. પ્રતીકાત્મક ઉદાહરણ લઈએ તો ભુજની ડોસાભાઈ લાલચંદ ધર્મશાળા કે ભીડ-બજારનું મેમણ મુસાફરખાનું કે માંડવીની જૈન ધર્મશાળા મહાજનપ્રથાના ઉત્તમ નમૂના ગણી શકાય.

કચ્છમાં સ્વયંસેવી સંસ્થાઓનો વિકાસ સંજોગો અને જરૂરિયાતને આધીન રહ્યો છે. કચ્છના રાજવી ગોંડલ કે વડોદરાના રાજવી જેવા પ્રગતિશીલ નહોતા, તેમ છતાં ત્યારે નાનીબા પાઠશાળા અને વ્રજભાષા પાઠશાળાની પ્રવૃત્તિનું પ્રદાન ઉલ્લેખનીય છે.

મેકરણ : વ્યક્તિગત એનજીઓ : કચ્છમાં સેવાની પ્રવૃત્તિની વાત માંડીએ તો સંત મેકરણનો પહેલો ઉલ્લેખ કરવો પડે. લગભગ અઢીસો વર્ષ પૂર્વે કચ્છના રણમાં મેકરણ વટેમાર્ગુઓને પાણી પિવડાવતા. લાલિયા ગધેડા પર પાણીની મશક હોય ને મોતિયો કૂતરો પાણી વિના ટળવળતા મુસાફરનો પત્તો શોધી લાવે એટલે સંત મેકરણ મદદે પહોંચી જતા. મેકરણના જીનામનો પોકાર અને તેમની સેવાની ભાવનાનું આજે પણ ધ્રંગ ખાતે મેકરણનું ધામ સાક્ષી છે.

ઈ. સ. ૧૮૨૦થી ૧૯૪૮ના સમયખંડનાં ૧૨૮ વર્ષ કચ્છ માટે સંઘર્ષપૂર્ણ હતા. એ ગાળો દાનવીર શ્રેષ્ઠીઓનો હતો. તેમની સખાવતોથી ધર્મશાળાઓ બંધાઈ.

સમય ખંડ – (ઈ. સ. ૧૯૪૮થી ઈ. સ. ૨૦૦૧)નો સમયગાળો સાચા અર્થમાં સ્વયંસેવી પ્રવૃત્તિનો સાક્ષી છે. આજે પણ જાણીતી છે એવી અનેક સંસ્થાઓનો ઉદ્ભવ આ ગાળામાં થયો છે. એક હકારાત્મક બાબત એ છે કે સખાવતી પ્રવૃત્તિમાં કોમી એકતાની મિશાલ જોવા મળે છે. એક દૃષ્ટાંત લઈને તો વાંઢાયમાં મુંબઈના શ્રેષ્ઠીઓએ ફાળો કરીને ઈશ્વરસાગર તળાવ બંધાવ્યું એમાં મેમણ અને ખોજા સદ્ગૃહસ્થોએ પણ યોગદાન આપ્યું છે.

ભારતદેશ આઝાદીની તાજી હવા મહેસૂસ કરી રહ્યો હતો અને કચ્છમાં રાજાશાહીની વિદાયની ઘડીઓ

વ્યાપી રહી હતી. એ ગાળામાં સમાજનું નિર્માણ અને વિકાસની કામગીરીનો પડકાર મોટો હતો. ધગશ ધરાવતા અનેક યુવાનો, શ્રેષ્ઠીઓએ સમાજિક પુનર્રચના માટે દેશના વિવિધ ખૂણે ધૂણી ધખાવી હતી. આ સંસ્થાઓ, વ્યક્તિઓ કે મહાજનો પર ગાંધીવાદી વિચારસરણી અને આદર્શોનો સ્પષ્ટ પ્રભાવ હતો. ૧૯૫૧માં સ્થપાયેલું ભીમાણી ખાદી મંડળ, વાગડનો ગ્રામ સ્વરાજ સંઘ, ૧૯૬૮માં સ્થાપિત સારસ્વતમ્ જેવી પ્રવૃત્તિઓ થકી આજે પણ સંસ્થા તરીકે જાણીતાં છે અને તેમની ઉમદા પ્રવૃત્તિની સુવાસ ચોમેર રેલાઈ રહી છે.

૧૯૭૪-૭૫માં શેઠ અરવિંદ મફતલાલે રણછોડદાસ મહારાજની પ્રેરણાથી કચ્છ-સૌરાષ્ટ્રમાં પશુઓને દુષ્કાળના કપરા દિવસોમાં મદદ પહોંચાડવા ઢોરવાડા ખોલ્યા હતા. એ વખતે ખાણેત્રા ઉપર સુખડીવિતરણ અને પશુઓ માટે ચારા-વ્યવસ્થા જેવું અબડાસા-લખપત તાલુકામાં ખૂબ કામ થયાનું ઇતિહાસમાં નોંધાયું છે.

પાંજરાપોળો : કચ્છમાં સ્વૈચ્છિક સેવાભાવી પ્રવૃત્તિની વાત કરવી હોય તો પાંજરાપોળ સંસ્થાઓ અને ખાદી ગ્રામોદ્યોગ સંસ્થાઓનો ઉલ્લેખ જરૂરી છે. આ જિલ્લો સૈકાઓથી પાણીની અછત ભોગવતો પ્રદેશ રહ્યો છે, એટલે બુઝુર્ગોએ પહેલેથી પાણીની બચત, ઘાસચારા-અનાજની સાચવણીને કેન્દ્રમાં રાખતી જીવનશૈલી અપનાવી છે. જ્યારેજ્યારે દુષ્કાળનો કપરો ગાળો આવ્યો છે ત્યારે ઢોરોને સાચવવા માટે જીવદયાપ્રેમીઓના ઉપક્રમે ઠેરઠેર પાંજરાપોળો કે પાંગળાપોળોની સ્થાપના થયેલી છે. કચ્છમાં ૫૦ જેટલી પાંજરાપોળો છે અને ગૌસદનો છે. કચ્છની સૌથી જૂની પાંજરાપોળ અંજારમાં ૧૭૫૬માં સ્થપાઈ છે. આ ઉપરાંત મંદિર-જાગીર ટ્રસ્ટો પોતાની ગૌશાળા ધરાવે છે. પાંજરાપોળો દ્વારા ઢોરોના નિભાવ ઉપરાંત પંખીઓની માવજત, ગૌમૂત્રમાંથી આયુર્વેદિક દવાઓનું ઉત્પાદન, દેશી ખાતર જેવી પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી રહી છે.

ખાદીપ્રવૃત્તિ : કચ્છમાં ખાદીપ્રવૃત્તિ ઊજળો ઇતિહાસ ધરાવે છે. ચરખા માટે ભીમાણી ખાદી કેન્દ્ર, ખાદી ગ્રામોદ્યોગ સંઘ, ખાદીબાગ જેવી સંસ્થાઓના માધ્યમથી સમાજસેવાનું ઉમદા કામ થયું છે. માંડવીમાં જન્મેલા માવજી ધરમશી વેદ કચ્છની ખાદીપ્રવૃત્તિના સ્થાપક છે. ૧૯૩૯માં તેમણે ગઢશીશામાં 'ચરખામઢી'ની સ્થાપના કરીને તેમાં રાષ્ટ્રીય શાળા, બાલમંદિર, પુસ્તકાલય, ગૌશાળા, સાબુ, કાગળ, તેલઘાણી સહિતની પ્રવૃત્તિ શરૂ કરી હતી. એ પછી ભુજ, માંડવી, કોઠારા, લીલપર સુધી આ પ્રવૃત્તિનો વ્યાપ વિસ્તાર્યો હતો.

ધાર્મિક અને જ્ઞાતિસંસ્થાઓ પણ કચ્છમાં ઇતર સમાજને માટે ઉપયોગિતા પુરવાર કરે છે. તેની પ્રવૃત્તિમાં મુખ્યત્વે સમાજવાદી નિર્માણ, રાહતદરે ભોજનાલય, આરોગ્યસુવિધાનો સમાવેશ થાય છે. રુદ્રાણી જાગીર ટ્રસ્ટ, સ્વામિનારાયણ મંદિર, 'બેપ્સ', મણિનગર ગાદી સંસ્થાન ઉલ્લેખનીય છે.

કચ્છમાં શ્રેષ્ઠીઓ કે સમૃદ્ધ વ્યક્તિઓ જ સેવા-ક્ષેત્રે યોગદાન આપે છે એવું નથી. જીવનભરની મૂડી ખર્ચીને વિધવા બહેનો કે સામાન્ય કુટુંબનાં વૃદ્ધજનો તળાવ, વાવ કે ધર્મશાળા માટે ફાળો આપીને જીવનની સાર્થકતા સમજતાં આવ્યાં છે. ભુજનું લોરિયા તળાવ, અબડાસામાં રાતા તળાવની ધર્મશાળા, ભારાપર સૅનિટૉરિયમના રસ્તે આવતી વાવના નિર્માણમાં આવા દાખલા છે. વળી કચ્છની સંસ્થાઓના ઉદ્ભવમાં એક સમાન બાબત એ છે કે તેમને આ પ્રદેશનાં વિષમ હવામાન, વિશિષ્ટ ભૌગોલિક રચના અને દુષ્કાળોની પરંપરાએ પ્રેરિત કરી છે. વિશાળ ભૂભાગ તથા ગામ-ગામ વચ્ચેના મોટા અંતરને લીધે કચ્છમાં પહેલેથી આરોગ્યપ્રવૃત્તિની વિશેષ જરૂરિયાત રહી છે. આજીવિકા-ક્ષેત્રે હસ્તકળાનું મહત્ત્વ પારખીને 'સૃજન' જેવી સંસ્થાએ ૧૯૬૮થી બહેનોનો હાથ પકડ્યો, તેમના હુન્નરને વ્યવસાયી ઢોળ આપ્યો તેની નોંધ લેવી રહી.

આજે દેશ-વિદેશમાં જેની આરોગ્યપ્રવૃત્તિની સુવાસ પહોંચી છે એ બિદડા સર્વોદય ટ્રસ્ટ તેમ જ સર્વ

સેવા સંઘનું સર્જન આ ગાળામાં થયું હતું. વિવેકાનંદ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ ઇન્સ્ટિટ્યૂટ અને કચ્છ મહિલા વિકાસ સંગઠનનો ઉદ્‌ભવ એ જ અરસામાં થયો છે. આગળ જતાં આપણે વિભાગવાર સંસ્થાઓનો પરિચય કરીશું ત્યારે વિશેષ વિગતો જોઈશું.

ઈ. સ. ૨૦૦૧થી ૨૦૦૯નો ગાળો કચ્છ માટે પરિવર્તનનો રહ્યો. ૨૬મી જાન્યુઆરી ૨૦૦૧ના રોજ વિનાશકારી ધરતીકંપ આવતાં જિલ્લાનો મોટા ભાગનો વિસ્તાર તબાહ થયો. તાત્કાલિક બચાવ, રાહત અને લાંબા ગાળાના પુનર્વસનની જરૂરિયાત સર્જાઈ. એ સાથે સરકારી અને બિનસરકારી સંગઠનો માટે કામગીરી બતાવી આપવાનો વિશાળ અવકાશે ઊભો થયો. વીતેલાં ૯ વર્ષની સમીક્ષા કરતાં કહી શકાય કે સ્વયંસેવી સંગઠનોએ કચ્છને બેઠું કરવામાં પોતાનું સર્વસ્વ ખોઈ બેઠેલા, ધંધા-રોજગાર કે સ્વજનો ગુમાવીને હતાશ બનેલા કચ્છીઓ તરફ દુનિયાભરની એનજીઓએ મદદનો હાથ લંબાવ્યો. આજે કચ્છ કરવટ બદલીને નવો અવતાર ધારણ કરીને વિકાસના માર્ગે દોડી રહ્યું છે એમાં સ્વૈચ્છિક સંસ્થાઓની મદદની ભૂમિકા ચાવીરૂપ છે. ધરતીકંપ સર્જાયો ને તબાહીના ખબર ફેલાતાં જ દેશ અને દુનિયાના ખૂણેખૂણેથી સ્વયંસેવી સંસ્થાઓ, સંયુક્ત રાષ્ટ્ર સંઘ અને રેડક્રૉસ સાથે સંકળાયેલી ટુકડીઓ કચ્છ દોડી આવી હતી. કાટમાળમાં ફસાયેલા જીવિત લોકોને બચાવવા, ઘાયલોની સારવાર કરવા, બહાર લઈ જવા, કાટમાળમાંથી મૃતદેહો બહાર કાઢવા, પીડિતો માટે ખોરાક-પાણીની વ્યવસ્થા કરવી, તેમને આશ્રય માટે તંબુ કે કાચા આવાસની જોગવાઈ કરવી જેવી તાકીદે ધ્યાન માગતી પ્રારંભિક કામગીરીથી લઈને આરોગ્ય, શિક્ષણ, ઘરનિર્માણ, ડેમ રિપેરિંગ, આજીવિકા, હસ્તકળા, કાનૂની સહાય જેવાં વિવિધ ક્ષેત્રોમાં એક તબક્કે ૨૦૦થી વધુ એનજીઓ કામ કરતી હતી.

૧૯૯૮માં કંડલા પર ત્રાટકેલા વિનાશક વાવાઝોડા વખતે કચ્છને એકસાથે અણધારી રીતે ત્રાટકેલી આપત્તિનો સામનો કરવાનો કોઈ અનુભવ નહોતો ત્યારે કંડલાની સાથે ભારે તબાહીનો સામનો કરનાર મુંદ્રાપંથકના ખેડૂતોને બેઠા કરવા જબ્બર સામૂહિક પ્રયાસની જરૂરત વર્તાતાં કેટલીક સંસ્થાઓ અને દાનેશ્વરી શ્રેષ્ઠીઓએ કચ્છ નવનિર્માણ અભિયાનની રચના કરી હતી. 'અભિયાન' તરીકે લોકપ્રિય બનેલું આ સંગઠન ભૂકંપ પછી નોડલ સંસ્થા તરીકે ઊભરી આવ્યું. સરકાર, સંસ્થાઓ અને પીડિતો વચ્ચે સંકલનની કામગીરી બજાવીને લોકોને ઝડપથી રાહત પહોંચાડવાથી લઈને તેમને થાળે પાડવામાં તેણે સક્રિય ભૂમિકા ભજવી હતી. આ ગાળા દરમિયાન સ્વયંસેવી સંસ્થાઓની કાર્યક્ષમતા અને કાર્યપદ્ધતિમાં કચ્છને આમૂલ પરિવર્તન જોવા મળ્યું. નિઃસ્વાર્થ સેવાની સાથે એનજીઓના પ્રોફેશનાલિઝમ અર્થાત્ વ્યવસાયી અભિગમનોય કચ્છને અનુભવ થયો.

અલ્પકાલીન છતાં અમીટ સેવાયજ્ઞ : ૨૬મી જાન્યુઆરી, ૨૦૦૧ના ધરતીકંપે કચ્છને જાનમાલનું અભૂતપૂર્વ નુકસાન પહોંચાડ્યું અને તે વખતની જરૂરિયાત સમજીને તેમ જ માનવતાનો સાદ સાંભળીને દેશ-દુનિયાના ખૂણેખૂણેથી દોડી આવેલી સંસ્થાઓએ જુદો જ ઇતિહાસ આલેખ્યો છે. કેટલીક સંસ્થાઓએ માત્ર થોડા દિવસો કે મહિના બચાવ-રાહત-કામગીરીમાં ભાગ લીધો, તો મોટી સંખ્યામાં એવી સંસ્થાઓ કે નાણાકીય મદદ પૂરી પાડનાર ફન્ડિંગ એજન્સીઓ હતી, જેમણે કચ્છના કાયમી પુનર્વસનમાં સક્રિય અને આયોજનબદ્ધ રીતે રસ લીધો. નાણાંની દૃષ્ટિએ તેમની કામગીરીની કિંમત કરોડો-અબજોમાં થવા જાય છે, પરંતુ માનવીય દૃષ્ટિકોણથી એમનું યોગદાન અમૂલ્ય છે. એમાં 'કારિટાસ' હોય, 'ફિક્કી-કેર' હોય, 'સ્નેહસમુદાય' હોય, 'હેલ્પેજ ઇન્ડિયા' હોય, બોચાસણવાસી અક્ષરપુરુષોત્તમ સ્વામીનારાયણ સંસ્થાન હોય કે 'કી સેલ', – કચ્છ નવનિર્માણ દ્વારા પ્રસિદ્ધ 'કમિંગ ટુગેધર'માં તેની વિગતવાર માહિતી છે. ૧૮૦ જેટલી આ સંસ્થાઓએ કચ્છને ફરી બેઠું કરવામાં પોતાનું યોગદાન આપ્યું છે. 'મારગ', 'સાથ', 'યુસુફ મહેરઅલી સેન્ટર', 'કોરેઝન', 'કચ્છ સર્વગ્રાહી

પુનર્વસન કેન્દ્ર' (કેસીઆરસી), 'એકલનારી મંચ', 'સેતુ' જેવી સંસ્થાઓ આજે પણ કચ્છમાં કાર્યરત છે. ધરતીકંપને લીધે કચ્છને વ્યવસાયી એન.જી.ઓ.નો સારો-માઠો અનુભવ થયો. સેવાના ક્ષેત્રને વ્યવસાય બનાવીને, પગારદાર નિષ્ણાતો-કર્મચારીઓ રોકીને લોકોની વહારે જઈ શકાય છે એવો પ્રોફેશનલ અભિગમ ધરાવતી કચ્છની સ્વૈચ્છિક સંસ્થાઓ દેશ અને દુનિયાને પોતાની કુશળતા અને અનુભવથી નીપજેલા જ્ઞાનનો લાભ આપતી થઈ છે.

વિવિધલક્ષી કામગીરી

કચ્છમાં સ્વૈચ્છિક સેવાભાવી સંસ્થાઓની કામગીરી વ્યાપક અને વિવિધલક્ષી રહી છે. આપણે અહીં કામગીરીના ક્ષેત્ર અનુસાર મોટું ફલક ધરાવતી સંસ્થાઓનો પરિચય મેળવીશું. કેટલીક સંસ્થાઓએ રચનાત્મક અને બહુલક્ષી ભૂમિકા ભજવી છે. એ સિવાય આરોગ્ય, શિક્ષણ, પશુ-પ્રાણી, જીવદયા, પાંજરાપોળ, આપત્તિકાલીન કામગીરી, પંચાયતી રાજ, નારીઉત્થાન, પર્યાવરણના ક્ષેત્રે કામગીરી બજાવી છે. ધાર્મિક અને જ્ઞાતિસંસ્થાઓએ પણ ખપ પડ્યો ત્યારે કામગીરીનું ફલક વિસ્તાર્યું છે.

કચ્છમાં ઉલ્લેખનીય કામગીરી કરનાર સ્વૈચ્છિક સેવાભાવી સંસ્થાઓની ટૂંકનોંધ

બિદડા સર્વોદય ટ્રસ્ટ (આરોગ્ય) : ચાર દાયકાથી સક્રિય બિદડા સર્વોદય ટ્રસ્ટે કચ્છમાં આરોગ્યસેવાના ક્ષેત્રે કાઠું કાઢ્યું છે. મુંબઈમાં કચ્છના દર્દીઓ માટે દોડતા બિદડાના બચુભાઈ રાંભિયા, નેણશીભાઈ ભીમજી જખુ વગેરે સમાજસેવકોના કચ્છમાં આરોગ્ય-સમસ્યાના મૂળ સુધી જવાના વિચારે આ સંસ્થાને જન્મ આપ્યો. બિદડા સર્વોદય ટ્રસ્ટ સંકુલમાં સ્થાપિત જયા રિહેબિલીટેશન સેન્ટરે રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય નામની પ્રતિષ્ઠા પ્રાપ્ત કરતાં કચ્છમાં ભૂકંપમાં ઈજા પામેલાં દર્દીઓના પુનર્વસનક્ષેત્રે સિંહફાળો આપ્યો છે. ભૂકંપમાં ૨૮ હજાર પેરાપ્લેજિક દર્દીઓને સારવાર આપી. વહીવટી કુશળતા પુરવાર કરતી કામગીરીમાં ૧૯૮૯માં મેલેરિયા-પ્રકોપ વખતે બિદડા સર્વોદય ટ્રસ્ટે અબડાસામાં ગામડેગામડે ૧૦ દિવસ સુધી હૉસ્પિટલ જેવી સગવડો ઊભી કરી ૩૦ હજારથી વધુ દર્દીઓને સારવાર આપી. આંખની તપાસ, નેત્ર કૅમ્પોની હારમાળા શરૂ કરતાં ટ્રસ્ટે આ સેવાની જ્યોત આજેય અખંડ જલતી રાખી છે. મુંબઈ, દેશ-વિદેશના નિષ્ણાત તબીબો ટ્રસ્ટ-યોજિત વિવિધ કૅમ્પોમાં સેવા આપી રહ્યા છે.

સર્વ સેવા સંઘ (આરોગ્ય – વિવિધ ક્ષેત્ર) : 'સેવા હી સાધના'ના સૂત્રને સાર્થક કરતા અને કચ્છમાં ત્રણ દાયકાથી સેવારત સર્વ સેવા સંઘ સંસ્થા ભુજમાં તારાચંદભાઈ છેડા અને મુંદ્રામાં જાદવજીભાઈ શેઠિયાના અધ્યક્ષપદ હેઠળ 'માગો ત્યાં મેડિકલ કૅમ્પ', ભૂકંપ પુનર્વસન, રોજગારી-નિર્માણ સહિત વિવિધ પ્રવૃત્તિઓ કરતી રહી છે. પાંચમી ફેબ્રુઆરી ૧૯૮૧માં નાનાલાલભાઈ ગોરના પ્રયાસોથી જાણીતા દાનવીર લાલજીભાઈ વેલજી ઍંકરવાલાના પ્રથમ દાનથી પ્રારંભ થયો. ૨૦૦૩-૦૪ના વરસથી શરૂ થયેલી 'માગો ત્યાં મેડિકલ કૅમ્પ'ની પરંપરાનો કચ્છનાં હજારો દર્દીને લાભ મળ્યો. ૧૯૮૭ અને '૮૯ની અછત વખતે તેમ જ દુષ્કાળના વિકટ સમયમાં નીરણકેન્દ્રો દ્વારા પશુધનનો બચાવ કર્યો, ભૂકંપ વખતે લેર ગામમાં ૫૦ પાકાં મકાનો બાંધ્યાં. સંસ્થા દ્વારા શરૂ કરાયેલી ઍમ્બ્યુલન્સ, શબવાહિની સેવા આજે પણ ૨૪ કલાક કાર્યરત છે. ગરીબોને ધાબળાવિતરણ, ૫૦૦ જેટલા ભૂકંપગ્રસ્ત પરિવારોને મકાન-સહાય, અનેક યુવાનોને રોજગાર પૂરો પાડવા સહિત વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓથી આ સંસ્થાએ નામના મેળવી છે.

ગ્રામ સ્વરાજ સંઘ, નીલપર (રચનાત્મક) : 'ગ્રામસ્વરાજ'નું સ્વપ્ન આંખે આંજીને ત્રણ દશકાથી સક્રિય 'ગ્રામ સ્વરાજ સંઘ' સંસ્થાની સ્થાપના રાપરથી માત્ર છ કિ.મી.ના અંતરે નીલપરનાં કામો માટે જાણીતી છે અને હવે તેનું ફલક ઘણું વિસ્તૃત બન્યું છે. નીલપરમાં આવેલ સંસ્થા પરિસર 'સોનટેકરી' અને રાપરથી પૂર્વમાં ૧૫ કિ.મી. દૂર આવેલું વલ્લભપુર ગામ પાસેનું સંસ્થા-સંકુલ 'મગનવાડી' તરીકે ઓળખાય છે. સર્વોદયની ભાવના સાથે ખાદીપ્રવૃત્તિ, ગામાયત પ્રવૃત્તિ

આશ્રમશાળાઓ, વ્યસનમુક્તિ આંદોલનો, ભૂકંપ બાદ વિવિધ આરોગ્ય સહિત સેવાઓ, હંગામી આવાસો, રાહતકાર્યો, જળસંગ્રહ જેવી સંખ્યાબંધ પ્રવૃત્તિઓથી આ સંસ્થાએ સમાજસેવા-ક્ષેત્રે એક નવો રાહ ચીંધ્યો. ભૂકંપમાં કુલ ૫૬ ગામનાં નિરાધાર થયેલાં ૩૯૩ કુટુંબો માટે રૂ. ૭,૩૨,૬૦૦ની સહાયથી પાકાં મકાનો પણ બાંધી આપ્યાં છે. તામિલનાડુના સુનામીગ્રસ્ત વિસ્તારો, બિહારનાં પૂરપીડિતો તેમ જ કાશ્મીરના ભૂકંપ-પીડિતો સુધી સંસ્થાની મદદ પહોંચી છે. રમેશભાઈ સંઘવી આ પ્રવૃત્તિના રાહબર છે.

વીઆરટીઆઈ (જળસંચય-કૃષિ) : મૂળ માંડવીના અને મુંબઈ દાણાબજાર સાથે સંકળાયેલા લીલાધર પાસુ, પ્રેમજી ભાણજી ગોધરાવાળા અને કાંતિસેન શ્રોફે સાથે મળીને કરેલા વિચારમંથનમાંથી ૧૯૭૫માં વિવેકાનંદ રીસર્ચ એન્ડ ટ્રેનિંગ ઇન્સ્ટિટ્યૂટ-(વીઆરટીઆઈ) સંસ્થાનો જન્મ થયો. કચ્છ-પરસ્ત સમાજચિંતકો ૧૯૬૫થી '૭૧ના ગાળામાં દુકાળ-વર્ષમાં કચ્છમાં આવી અંતરિયાળ વિસ્તારોમાં અનાજ, ઘાસચારો, સુખડીવિતરણ જેવાં સેવાકાર્યો કરી જતા. ત્યારે 'કચ્છ ડેવલપમેન્ટ ટ્રસ્ટ' નામે કામ શરૂ કર્યું હતું. ત્યારબાદ સ્થાનિકે બેસી સૂઝસમજથી કામની જરૂરિયાત જણાતાં સ્વ. તુલસીભાઈ ગજરાને સુકાન સોંપાયું. નલિયા અને માંડવીમાં આ સંસ્થાના કાર્યકરો રાત-દિવસ સમાજસેવાનો ભેખ લઈને દોડી રહ્યા છે. જળસંગ્રહના ક્ષેત્રમાં તથા કૃષિક્ષેત્રે વીઆરટીઆઈ દ્વારા સંસ્થાઓને શીખ મળી શકે તેવી પ્રેરક કામગીરી કરાઈ છે. માંડવી પાસે સંસ્થાનું મુખ્ય કેન્દ્ર છે. ભૂકંપરાહત અને પુનર્વસનમાં વીઆરટીઆઈની સારી કામગીરી રહી હતી. સંસ્થાએ સાહિત્યક્ષેત્રે પણ ઉપયોગી કામગીરી હાથ ધરી છે.

કચ્છ યુવક સંઘ (વિવિધ ક્ષેત્રે) : સમગ્ર કચ્છના સર્વાંગી વિકાસના આશય સાથે રાષ્ટ્રવાદના રંગે રંગાયેલા યુવાનોએ મુંબઈમાં ૧૯૮૪માં કચ્છ યુવક સંઘની સ્થાપના કરી. સેવા, શિક્ષણ, આરોગ્ય, જનજાગૃતિના વિવિધ લક્ષ્યાંકો આ સંગઠનના કાર્યકરોએ પાર પાડ્યા છે. મુંબઈસ્થિત ટ્રસ્ટી કોમલભાઈ છેડા, દિલીપભાઈ દેશમુખ સહિત કાર્યકરોના સહિયારા પ્રયાસોથી રક્તદાન શિબિર, બાળસંસ્કાર-કેન્દ્રો, શિશુમંદિરો દ્વારા મુંબઈ વસતા કચ્છીઓને વતનપ્રેમની પ્રેરણા આપી. ભૂકંપ બાદ મુંબઈસ્થિત કચ્છીઓને સેવાયજ્ઞમાં જોડીને, ખાસ તો કચ્છના વિવિધ તાલુકાઓનાં ગામડાંઓમાં 'જન્મભૂમિ' પત્રો (સૌરાષ્ટ્ર ટ્રસ્ટ), યુએનડીપી જેવી સંસ્થાઓ સાથે રહીને ૫૦૦થી વધુ કાયમી આવાસો કચ્છ યુવક સંઘે બાંધી આપ્યાં. નોંધનીય ગણાય તેવી કામગીરીમાં ૨૦૦૧માં 'હિપેટાઈટીસ-બી મુક્ત કચ્છ' અભિયાન તળે ૮૦ હજાર બાળકોને ઝેરી કમળા વિરોધી રસી અપાઈ હતી. કચ્છનો વિકાસ એ સંઘનું લક્ષ્ય રહ્યું છે.

રોટરી ક્લબ : ભુજ (વિવિધ ક્ષેત્રે) : કચ્છ સ્વતંત્ર રાજ્ય હતું ત્યારે એટલે કે આઝાદી અગાઉ ભુજમાં સ્થપાયેલી સંસ્થા રોટરી ક્લબે પોણાસાત દાયકાના કાર્યકાળ દરમિયાન જિલ્લામથક ઉપરાંત રાપર, અંજાર, માંડવી, માધાપર, મુંદ્રા, કેરા, સાંઘીપુરમ્ સહિત વિવિધ વિસ્તારોમાં પાંખો ફેલાવી તેમ જ જિલ્લાનાં શિક્ષણ-આરોગ્યસહિત ક્ષેત્રે મહામૂલું પ્રદાન આપ્યું. ભૂકંપ પછી ૨૫થી ૩૦ કરોડનું જંગી ભંડોળ એકઠું કરીને પુનર્વસનક્ષેત્રે પણ નોંધપાત્ર કામો કર્યાં. કચ્છરાજ્યમાં વરણી પામેલા સત્યવ્રત મુખરજીએ ઉમેદભવનમાં બેઠક બોલાવી અને ૧૯મી ૧૯૪૩ના ચાર્ટર મળતાં ભુજમાં કચ્છની પ્રથમ રોટરી ક્લબ સ્થપાઈ. ૬૭ વર્ષના ગાળામાં મોહનભાઈ શાહ, ભરતભાઈ ધોળકિયા જેવા ડિસ્ટ્રિક્ટ ગવર્નર આપનાર રોટરી ક્લબે ભુજને ઇન્દિરાબાઈ પાર્કની ભેટ આપી, તો મદનસિંહજી પાર્ક પણ તેની ભગિની સંસ્થા ઇનર વ્હીલ ક્લબની ભેટ છે. કૉમર્સ કૉલેજની સંચાલક પીપલ્સ એજ્યુ. સોસાયટીની રચનાના મૂળમાં પણ રોટરી ક્લબ છે. ૧૯૬૯-'૭૦માં પોલિયો નાબૂદી અભિયાન હાથ ધર્યું હતું. ૧૯૬૯માં ઇનર વ્હીલ ક્લબ અને ૧૯૭૧માં પ્રથમ ઇન્ટરેક્ટની સ્થાપના કરનાર રોટરી ક્લબે ૧૯૬૮માં રોટરેક્ટની સ્થાપના કરી હતી. ભુજ ખાતેનું 'હિલગાર્ડન' રોટરીની દેન છે.

લાયન્સ ક્લબ : ભુજ (આરોગ્ય) : સેવાને જ સાધના સમજીને સમાજની સેવા કરતા વિવિધ સમાજોના સભ્યોની સહિયારી ભૂમિકાના પરિણામરૂપે ૧૯૫૬માં ગાંધીધામમાં અને ભુજ ખાતે ૧૯૭૪માં લાયન્સ ક્લબની સ્થાપના થઈ. તેની પ્રવૃત્તિઓનો વ્યાપ રક્તદાન, નેત્રદાનથી માંડીને દેહદાન સુધી ફેલાયેલો છે. લાયન્સ માનવ સેવા મંદિરના છત્ર તળે કાયમી જયપુર ફૂટ સેન્ટર, ફિઝિયોથેરાપી સેન્ટર ધમધમે છે. તો અનેક જરૂરતમંદ લોકોને ઑક્સિજન સિલિન્ડર પૂરા પાડીને લાયન્સે નવજીવન પૂરું પાડ્યું છે. માનવદેહોનું દાન મેળવી મેડિકલ કૉલેજને પૂરા પાડી વિદ્યાર્થીઓને રિસર્ચમાં મદદ કરી છે. ૨૪ કલાક બ્લડબૅન્કની સેવા આજેય ચાલુ છે. ભૂકંપ બાદ લાયન્સ ઇન્ટરનૅશનલ તરફથી મળેલા અનુદાનમાંથી કચ્છમાં ૩૦૦ મકાનો બાંધવા ઉપરાંત રાવલવાડી રિલોકેશન સાઇટમાં હૉસ્પિટલનું નિર્માણ કરવામાં આવ્યું છે. વળી રાહતદરે ડાયાલિસિસ સહિતની સુવિધા છે. લાયન્સ ચિલ્ડ્રન હોમમાં ભૂકંપમાં માવતર ગુમાવનાર બાળકોનો સંતાનોની જેમ સર્વાંગી ઉછેર કરાય છે.

સુપાર્શ્વ જૈન સેવા મંડળ (જીવદયા) : આજથી ૧૮ વરસ પૂર્વે જીવદયાની પ્રવૃત્તિઓ કરવાના આશય સાથે કચ્છના મુખ્ય મથક ભુજમાં જૈન સમાજના જીવદયાપ્રેમી યુવાનોના સહિયારા પ્રયાસોથી સુપાર્શ્વ જૈન સેવા મંડળની સ્થાપના થઈ. કચ્છની વિવિધ પાંજરાપોળોમાં જઈને અબોલ પશુઓને પંપાળવાની પુણ્યવાન પ્રવૃત્તિઓની પરંપરા પોણાબે દાયકાથી જાળવતી સંસ્થાએ શરૂઆતથી જ સેવેલું સ્વપ્ન સાકાર કરવા ભણી મક્કમ ડગ માંડ્યાં છે. ભુજ-મુંદ્રા રોડ પર લક્કીવાલા યક્ષ પાસે ત્રણ એકર વિસ્તારમાં સંસ્થા-સંચાલિત 'કલાપૂર્ણસૂરિ કરુણાધામ પશુ હૉસ્પિટલ' છ કરોડના જંગી ખર્ચે આકાર લઈ રહી છે. 'પ્લાસ્ટિકની થેલી હટાવો – ગૌમાતાને બચાવો' ઝુંબેશ તળે સંસ્થાએ અનેક ગાયનાં પેટનાં ઑપરેશન કરી તેમાંથી પ્લાસ્ટિકની થેલીઓ કાઢીને અબોલ જીવોને જીવતદાન આપ્યું છે. ૧૯૯૯-૨૦૦૦ દરમિયાન અબડાસા તાલુકાનાં ગામોમાં ઘેટાં-બકરાંમાં દેખાયેલા 'કન્ટેજીયસ કેપ્રાઈમ પ્લોરો ન્યુમોનિયા' રોગચાળાને નાથવા માટે સંસ્થાએ ૩૦૦૦ જેટલાં પશુઓને રસીકરણની ઝુંબેશ છેડી હતી.

રામકૃષ્ણ યુવક મંડળ (વિવિધ ક્ષેત્રે કામગીરી) : યુવાનો સમાજનું ભાવિ છે, એ ન્યાયે યુવા પેઢીમાં ધર્મ સાથે સેવાભાવના તેમ જ અણીશુદ્ધ ચારિત્ર્યનું નિર્માણ કરવાની કટિબદ્ધતા વ્યક્ત કરતા રામકૃષ્ણ મિશન – રાજકોટના માર્ગદર્શન તળે જિલ્લામથક ભુજમાં ચાર દાયકાથી સક્રિય રામકૃષ્ણ યુવક મંડળે વિવિધ સેવાકાર્યથી આગવી ઓળખ ઊભી કરી છે. બારમી ફેબ્રુઆરી ૨૦૦૦નાં રોજ રામકૃષ્ણ મઠ અને મિશનના ઉપાધ્યક્ષ આત્મસ્થાનંદજી મહારાજના હસ્તે ભુજના સંસ્કારનગર, પ્રસાદી પ્લૉટ વિસ્તારમાં 'રામકૃષ્ણ પ્રાર્થના ભવન'નું લોકાર્પણ થયું. બસ ત્યારથી રામકૃષ્ણ યુવક મંડળ વ્યક્તિત્વવિકાસ સાધતી નિબંધ-વક્તૃત્વ-સ્પર્ધાઓ, યુવાસંમેલનો સહિત વિવિધ રચનાત્મક પ્રવૃત્તિઓ કરી રહ્યું છે. નિયમિત અનાજ-કપડાંનું વિતરણ, જનરલ હૉસ્પિટલનાં દર્દીઓને દવા, સાહિત્ય-પ્રચાર-પ્રસાર અર્થે પુસ્તકમેળાઓ સહિત પ્રવૃત્તિઓ કરાય છે. સંસ્થાના પુસ્તકાલયને જિલ્લા ગ્રંથાલય દ્વારા બ્રાન્ચ ગ્રંથાલયની મંજૂરી મળી છે. ૨૦૦૧ના ભૂકંપ બાદ સંસ્થાએ ધાણેટી ગામનું પુનર્વસન કર્યું છે.

પી.પી.આર.એફ. : કચ્છ જેને સ્મિથસાહેબ તરીકે ઓળખે છે તે જોન હ્યુબર્ટ સ્મિથનો જન્મ લંડનમાં ૯મી એપ્રિલ ૧૮૭૨ના રોજ થયો હતો. કચ્છના રાવ ખેંગારજી ત્રીજાની લંડનના એક પ્રવાસ દરમિયાન સ્મિથસાહેબ સાથે મુલાકાત થઈ ત્યાર બાદ તેઓ ખેંગારજીના મનમાં વસી ગયા. મહારાવે તુરત એમને કુંવર વિજયરાજજીના અભ્યાસ અર્થે કચ્છમાં બોલાવી લીધા ત્યારથી સ્મિથ 'સવાયા કચ્છી' બની ગયા અને જીવનના અંત સુધી કચ્છમાં જ રહી ગરીબોના બેલી તરીકે કાર્ય કર્યું. કચ્છરાજ્યે સ્મિથને કચ્છરાજ્યના કેળવણી ખાતાના નિયામકપદે નિમણૂક આપી અને સ્મિથે કચ્છના શિક્ષણક્ષેત્રે

અનેક પરિવર્તનો આણી દીધાં. તેમને રાજાશાહી વખતની વ્યક્તિગત સંસ્થા તરીકે આજે પણ યાદ કરવામાં આવે છે. સ્મિથ જેટલા વિદ્યાપ્રેમી હતા એટલા જ દીનદુખિયાંના બેલી પણ હતા. તેઓ શિક્ષણના કાર્ય માટે કચ્છમાં ફરતા ત્યારે દીનદુખિયાંનાં આંસુ લૂછવા પ્રયત્નો કરતા. તેઓ પોતાના પગારમાંથી અમુક મૂડી આ કાર્ય માટે વાપરતા. આ કાર્ય માટે એમણે ભુજમાં 'પૂઅર પીપલ રિલીફ ફંડ' (પી.પી.આર.એફ.) નામની સ્થાપના કરી હતી, જે દ્વારા ગરીબોને રોજી પૂરી પાડવાનાં કાર્યો કરતા. સ્મિથસાહેબનું અવસાન ૨૩ જાન્યુઆરી, ૧૯૪૬ના રોજ ભુજમાં થયું. તેમની દફનક્રિયા શહેરના પ્રોટેસ્ટન્ટ ચર્ચમાં કરાઈ હતી. તેમની કબર પર 'ફ્રેન્ડ ઑફ કચ્છ' એવું લખાણ કોતરાયું છે.

કચ્છ નવનિર્માણ અભિયાન : દેશમાં કે દુનિયામાં ક્યાંય પણ કુદરતી હોનારત સર્જાય છે ત્યારે પુનર્વસન, નીતિઘડતર અને સસ્તાં, ટકાઉ છતાં ભૂકંપ કે વાવાઝોડા પ્રતિરોધક બાંધકામની ડિઝાઈન નક્કી કરવામાં કચ્છ નવનિર્માણ અભિયાનનો અવાજ સાંભળવામાં આવે છે. 'અભિયાન'ના ટૂંકા નામે જાણીતી બનેલી આ આંતરરાષ્ટ્રીય-ખ્યાતિ-પ્રાપ્ત સંસ્થાનો પાયો ૧૯૯૮માં કંડલા વાવાઝોડા વખતે પડ્યો હતો. ચક્રવાતે અભૂતપૂર્વ વિનાશ વેર્યો હતો ત્યારે સરકારી એજન્સીઓ સાથે સંકલન સાધીને પીડિતોની વહારે જવામાં જુદીજુદી સંસ્થાઓએ છત્ર-સંગઠન રચ્યું હતું. 'કચ્છ સંકટ અને પુનર્વસન અભિયાન' નામના સંગઠને પાછળથી 'કચ્છ નવનિર્માણ અભિયાન' નામ ધારણ કર્યું. ૨૦૦૧ના ધરતીકંપ વખતે કચ્છમાં જાનમાલનું અપાર નુકસાન થયું હતું ત્યારે 'અભિયાને' દેશ-વિદેશથી આવેલી એનજીઓ, દાતા એજન્સીઓ, સરકારી તંત્ર તેમ જ ભૂકંપપીડિતો વચ્ચે કડીરૂપ ભૂમિકા ભજવી હતી. રાહત-કામગીરી પછી નવનિર્માણમાં સીધી ભૂમિકાયે ભજવી હતી. કડિયાઓને તાલીમ આપી હતી. સ્થાનિક સામગ્રીઓનો ઉપયોગ કરીને લોકો પોતાની પરંપરાની જીવનશૈલી મુજબ (ઓનર ડ્રીવન) ઘર બનાવે અને સરકાર લાભાર્થીને સીધી ભૂકંપ-સહાય આપે એ ક્રાંતિકારી નીતિવિષયક નિર્ણય કરાવવાનું શ્રેય 'અભિયાન'ને ફાળે જાય છે. 'અભિયાને' કાશ્મીર, ઈરાન, અફઘાનિસ્તાનનાં ભૂકંપ, સુનામી તેમ જ બિહારમાં પૂર વખતે કામગીરી બજાવી છે.

કચ્છ મહિલા વિકાસ સંગઠન : ૧૯૮૯માં કેટલીક બહેનોએ રચેલી આ સંસ્થાએ ગામડાંની મહિલાઓના ઉત્થાન અને કલ્યાણની મુખ્ય કામગીરી કરી છે. સાથોસાથ તેમનામાં છુપાયેલી હસ્તકલા, માટીકલા, ચિત્રકળા સહિતની કળાને પારખીને તેને પ્રોત્સાહન અપાવ્યું છે, હજારો બહેનોને પગભર કરી છે. દુષ્કાળ, અતિવૃષ્ટિ, ધરતીકંપ જેવી પ્રાકૃતિક આપદા વખતે કે.એમ.વી.એસ.ની ટીમ સહાયભૂત થઈ છે અને બન્ની-પચ્છમનાં કેટલાંય ગામનું નવસર્જન કર્યું છે. આજે ગામડાંની બહેનો હિંમતથી પ્રશ્નો માટે અવાજ ઉઠાવે છે, દારૂના દૈત્ય સામે મેદાને પડે છે, અધિકારીઓ સામે કડક અવાજે વાત કરે છે એની પાછળ કેએમવીએસની મોટી ભૂમિકા છે.

સુશાસિની : કચ્છ મહિલા વિકાસ સંગઠનની દેન એવી આ સંસ્થાનું મુખ્ય કાર્ય પંચાયતી બહેનોમાં તેમની ફરજ અને અધિકાર પ્રત્યે જાગૃતિ ફેલાવવાનું છે. ગ્રામપંચાયતોમાં ચૂંટાયેલી બહેનો માટે અન્ય રાજ્યોના પ્રવાસ ગોઠવીને ત્યાં કઈ રીતે કામ થાય છે, બહેનો કેવી શક્તિશાળી છે એનો અભ્યાસ આ સંસ્થા દ્વારા કરાય છે.

એકલનારી શક્તિમંચ : ૨૦૦૧ના ધરતીકંપમાં વિધવા થયેલી દલિત-પછાત-વર્ગની મહિલાઓને સંગઠિત કરીને તેમના અધિકારની રક્ષા માટે રચાયેલું સંગઠન રાપર, ભચાઉ, ભુજ, અંજાર, ગાંધીધામ સહિતના વિસ્તારમાં સક્રિય છે. સામાજિક કુરિવાજો, ઘરેલુ હિંસા, મહિલાઓને ભૂમિ-સંપત્તિ-અધિકાર માટે કાર્યરત સંગઠનની કોળી, દલિત, મુસ્લિમ, વાલ્મીકિ સમાજ સહિતની પછાતવર્ગની ત્રણથી ચાર હજાર બહેનો સભ્ય છે.

કોટિવૃક્ષ અભિયાન : ૧૯૯૫ના અરસામાં ડુમરા ખાતે શરૂ થયેલા કોટિવૃક્ષ અભિયાનની ઝુંબેશ કચ્છભરમાં ફેલાઈ ચૂકી છે. કચ્છ જેવા સૂકા અને અલ્પ-અનિયમિત વરસાદવાળા પ્રદેશનું પર્યાવરણ વૃક્ષારોપણથી જ બદલાઈ શકશે એ મંત્ર સાથે શરૂ થયેલા અભિયાને જાગૃતિ ફેલાવવામાં અને અનેક વિસ્તારોને લીલાછમ બનાવવામાં નક્કર કામ કર્યું છે, શાળાઓ, દાતાઓ, ગ્રામજનોને આ પ્રવૃત્તિમાં જોતર્યાં છે. બીજ અને છોડના વિતરણ ઉપરાંત જળસંચયનાં કામો થકી બિદડા તથા માંડવીવિસ્તારમાં અનેક કૂવા રિચાર્જ કરાવ્યા છે.

સ્વાધ્યાય પરિવાર : સાચી ભક્તિ સમાજ અને જનકલ્યાણમાં જ છે એ સૂત્ર સાથે કાર્યરત સ્વાધ્યાય પરિવારે પર્યાવરણ, કૃષિ, જળસંચય-ક્ષેત્રે અનોખી પહેલ કરી છે. પાંડુરંગ શાસ્ત્રી ૧૯૪૯માં અને પછી ૧૯૫૯માં કચ્છ આવ્યા ત્યારથી સ્વાધ્યાયપ્રવૃત્તિનો પાયો નખાયો અને આ ઝુંબેશ ૩૫૦ જેટલાં ગામોમાં પહોંચી છે. વૃક્ષોના પૂજારી બની કૃષિભક્તિ દ્વારા વિશાળ જમીનમાં યોગેશ્વર કૃષિનો સામૂહિક પ્રયોગ નોંધનીય છે. ઘેરઘેર વૃક્ષઉછેરનો મંત્ર ગુંજતો કર્યો છે. નલિયા ખાતે તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ અને મથલ ખાતે વસિષ્ઠ ઉપવન સ્વાધ્યાય પરિવારની સામાજિક ઉત્થાનની પ્રવૃત્તિનાં પ્રતીક બની રહ્યાં છે.

મહાવીર પશુરક્ષા કેન્દ્ર – ઍન્કરવાલા અહિંસાધામ : મુંદ્રા તાલુકામાં પ્રાગપર ચાર રસ્તા પર આવેલું મહાવીર પશુરક્ષા કેન્દ્ર – ઍન્કરવાલા અહિંસાધામ વર્ષોથી અબોલ જીવોની સેવા કરે છે. મુંદ્રા વિસ્તારનો ઔદ્યોગિક વિકાસ થતાં રસ્તા પર અકસ્માતમાં ઘવાતાં ચોપગાં પ્રાણી કે અન્ય જીવો માટે ઍમ્બ્યુલન્સ સેવા ચલાવાય છે અને અદ્યતન ઑપરેશન થિયેટરની સાથે ઇન્ટેન્સિવ કૅર યુનિટ તેમ જ ઇન્ડૉર વ્યવસ્થા છે. લગભગ અઢી હજાર પશુ-પંખી સંસ્થામાં આશ્રય લે છે. 'ગોપાલ સ્મૃતિ મંદિર' સંસ્થા પશુપ્રેમનું પ્રતીક છે. જીવદયા સાથે ગોમૂત્રમાંથી બનતી દવાઓની પ્રવૃત્તિ, મ્યુઝિયમ, ભોજનશાળા જેવી સગવડોને લીધે અહિંસાધામ કચ્છનું જોવા જેવું ધામ બની રહ્યું છે. કચ્છના તેમ જ મુંબઈ-સ્થિત કચ્છી દાતાઓની સંસ્થાને હૂંફ છે.

કચ્છ વિકાસ ટ્રસ્ટ : દક્ષિણ ભારતમાંથી આવેલાં કેટલાંક ખ્રિસ્તી ભાઈ-બહેનોએ કચ્છને કર્મભૂમિ બનાવી ભુજમાં નાના પાયે અંધજનોના કલ્યાણ માટેની પ્રવૃત્તિ શરૂ કરી, ત્યાર બાદ જિલ્લામથકથી ૧૦ કિ.મી.ના અંતરે રાયધણપર ગામ પાસે ૨૫૦ એકર જમીનમાં ૧૯૮૦ની ૨૭મી નવેમ્બરના દિવસે કચ્છ વિકાસ ટ્રસ્ટની સ્થાપના થઈ. ફાધર જ્યૉર્જ કુન્નથના માર્ગદર્શન હેઠળ ત્રણ દાયકાથી સક્રિય આ સંસ્થાએ નેત્રયજ્ઞના સંખ્યાબંધ કૅમ્પો કર્યા છે. નેત્રમણિ-આરોપણ સહિતની આંખોની શસ્ત્રક્રિયાઓ પણ જરૂરતમંદ દર્દીઓને રાહત આપીને કરી આપવામાં આવે છે. ગ્રામવિકાસની પ્રવૃત્તિઓમાં પશુપાલન, કૃષિતાલીમ, સાક્ષરતા અભિયાન સહિતનાં કાર્યો સંસ્થા કરતી રહે છે.

સારસ્વતમ્ એજ્યુકેશન ટ્રસ્ટ : કચ્છ જિલ્લાના અંતરિયાળ ગ્રામીણ વિસ્તારોમાં કેળવણીની જ્યોત પ્રગટાવનાર સારસ્વતમ્ એજ્યુ. ટ્રસ્ટની સ્થાપના ૧૯૬૮ના વરસમાં થઈ. કચ્છના માજી કલેક્ટર તેમ જ સાંસદ રહી ચૂકેલા તુલસીદાસ શેઠ તેમ જ પ્રેમજી ભવાનજી જેવા દીર્ઘદ્રષ્ટા સમાજચિંતકોએ સહિયારું સ્વપ્ન સાકાર કરતાં સ્થાપેલી સંસ્થા સરહદી પ્રદેશનાં દુર્ગમ ગ્રામીણ ક્ષેત્રોમાં વીસ જેટલી માધ્યમિક શાળાઓ ચલાવે છે. ખાસ કરીને ગામડાંમાં વસતી કન્યાઓને ઘરઆંગણે ભણવાની સુવિધા આપીને 'સારસ્વતમ્' સંસ્થાએ કન્યાકેળવણીના ક્ષેત્રે પણ અમૂલ્ય યોગદાન આપ્યું છે.

સૃજન ટ્રસ્ટ : કચ્છમાં કસબીઓના કસબને મોટું ફલક આપવા સાથે રોજગારીની તકો ઊભી કરવાના આશયથી ૧૯૬૮માં સૃજન ટ્રસ્ટની સ્થાપના થઈ. દુષ્કાળનાં વરસોમાં કચ્છમાં ખેંચાઈ આવેલાં ચંદાબહેન શ્રોફે કચ્છી હસ્તકલાથી પ્રભાવિત થઈને સ્થાપેલી આ સંસ્થા ૩૦૦થી વધુ ગામડાંઓની બે હજારથી વધુ

કસબી, મહિલાઓને ભરતકામ દ્વારા રોજગારી મળી રહે તેવી પ્રવૃત્તિઓ કરે છે. કાકી તરીકે જાણીતાં ચંદાબહેન ૨૦૦૫માં ૭૫ વર્ષની વયે રોલેક્સ એવૉર્ડથી સન્માનિત થયેલાં એશિયાખંડનાં પ્રથમ મહિલા બન્યાં હતાં.

માનવજ્યોત : કચ્છમાં પાંચ વરસથી માનવસેવાની જ્યોત જલાવી ટૂંકા ગાળામાં વિવિધ પ્રવૃત્તિઓ કરનાર માનવજ્યોત સંસ્થાની સ્થાપના ૨૦૦૫માં થઈ. પ્રબોધ મુનવરના નેતૃત્વ હેઠળ માનસિક વિકલાંગોની ભૂખ ભાંગવાથી માંડીને એકલવાયું જીવન જીવતા વૃદ્ધોને ટિફિન પહોંચાડવાની પ્રવૃત્તિઓ કરતી સંસ્થા બિનવારસી મૃતદેહોના અંતિમસંસ્કાર પણ કરે છે. બાળ શ્રમયોગીઓને ભણાવાય છે, તો કચ્છભરમાં પક્ષીઓ માટે પીવાના પાણીનાં ૬૦ હજાર કૂંડાં તેમ જ ૧૭ હજારથી વધુ ચકલીઘરોનું વિનામૂલ્ય વિતરણ કર્યું છે. રમેશ માહેશ્વરી, સુરેશ માહેશ્વરી, મહેશ પિત્રોડા સહિત કાર્યકરો સહયોગી થઈ રહ્યા છે.

શ્રી સંઘ રતડિયા : કચ્છમાં ચાર દાયકાથી આરોગ્યના ક્ષેત્રે વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ કરતી સંસ્થા 'શ્રી સંઘ રતડિયા'ની વિધિવત્ નોંધણી ૧૯૭૨માં થઈ, પરંતુ ૧૯૬૮ના વરસથી જ સમાજકલ્યાણક્ષેત્રે આ સંસ્થાના સૂત્રધારો સક્રિય હતા. ડૉ. ચંદ્ર જોશી તેમ જ મોંઘીબહેન મ્યાત્રા જેવાં કાર્યકરોએ મુંદ્રા તાલુકાના રતડિયા ગામમાં દવાખાનું શરૂ કર્યું, ત્યારબાદ પ્રસૂતિગૃહ તેમ જ કચ્છની પ્રથમ આશ્રમશાળા પણ સ્થાપી. ખાસ તો ગાંધીવિચારના પ્રસારમાં સંસ્થાએ નોંધપાત્ર પ્રદાન આપ્યું છે.

કચ્છ લેઉઆ પટેલ એજ્યુકેશન ઍન્ડ મેડિકલ ટ્રસ્ટ : રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના જન્મદિવસ બીજી ઑક્ટોબરના દિવસે ૨૦૦૦ના વરસમાં કચ્છી લેઉઆ પટેલ એજ્યુકેશન ઍન્ડ મેડિકલ ટ્રસ્ટ સંચાલિત માતુશ્રી મેઘબાઈ પ્રેમજી જેઠા હૉસ્પિટલની સ્થાપના થઈ ત્યારે માત્ર ૨૯૨૮ દર્દી હતા. આરોગ્યસંસ્થાની એક દાયકાની સફરના અંતે આજે દર વરસે દોઢ લાખ જેટલાં દર્દી સારવાર મેળવી રહ્યાં છે. કચ્છના લેઉઆ પટેલ સમાજના આર. આર. પટેલ, આર. એસ. હીરાણી, અરજણભાઈ પિંડોરિયા સહિત મોવડીઓના માર્ગદર્શન તળે ભુજમાં કુમાર વિદ્યાલય તેમ જ કન્યા સંસ્કારધામના માધ્યમથી કન્યા તેમ જ કુમારોમાં શિક્ષણ સાથે સંસ્કારસિંચન કરાય છે.

નવચેતન અંધજન મંડળ : કચ્છનાં અંધજનોની આંખે અજવાળાં પાથરવાની પ્રવૃત્તિઓ કરતી સંસ્થા નવચેતન અંધજન મંડળ સાડાત્રણ દાયકાથી અંધજનોને રેલવે પાસ, એસ. ટી. કન્સેશન, વૃદ્ધ - વિધવા પેન્શન, લોન વગેરેમાં મદદરૂપ થાય છે. સંસ્થાની સ્થાપના ૧૯૭૬માં થઈ ત્યારથી પાછું વળીને જોયું નથી. માધાપર ખાતે વિકલાંગ વિદ્યાવિહારના માધ્યમથી વિવિધ શૈક્ષણિક અને આરોગ્યલક્ષી પ્રવૃત્તિઓ કરતી આ સંસ્થામાં ઔદ્યોગિક તાલીમ કેન્દ્ર દ્વારા વિકલાંગોને સ્વાવલંબનની શીખ આપી પગભર બનાવાય છે. સંસ્થા ભચાઉમાં ઓલ્ડ એજ હોમ પણ ચલાવે છે.

સહજાનંદ રૂરલ ડેવલપમેન્ટ ટ્રસ્ટ : સરહદી કચ્છમાં શિક્ષણની સુવિધાઓ આજે વધવા માંડી છે ત્યારે આજથી પોણાબે દાયકા અગાઉ જિલ્લામથક ભુજમાં સ્થપાયેલી આ સંસ્થાએ કચ્છીઓની વાચનભૂખ સંતોષીને શિક્ષણક્ષેત્રના પૂરક તરીકે ભજવેલી ભૂમિકા વિક્રમસર્જક ગણી શકાય. ૨૩મી નવેમ્બર, ૧૯૯૩ના દિવસે સહજાનંદ રૂરલ ડેવલપમેન્ટ સંસ્થાની સ્થાપના થઈ ત્યારે પહેલું વેચાણ માત્ર ૨૫ પુસ્તકોનું થયું હતું. અત્યારે આ સંસ્થા સાડાપાંચ લાખથી વધુ પુસ્તકોનું વેચાણ કરી ચૂકી છે. આ સંસ્થાએ સવાત્રણ લાખથી વધુ બહેનોને હીરા ઘસવાની તાલીમ આપી રોજગારી પૂરી પાડવાની ભગીરથ કામગીરી પણ કરી છે. કચ્છના સાર્વજનિક પુસ્તકાલયની ખરીદીમાં ૮૦ ટકા જેટલું વિક્રમી વળતર આપી, સંસ્થાએ વાચનક્ષેત્રે ક્રાંતિ લાવી દીધી. આજ સુધીમાં સંખ્યાબંધ પુસ્તકમેળા યોજ્યા છે.

સિંધી યૂથ સર્કલ : સિંધી સમાજના લોકોમાં લઘુતાગ્રંથિ દૂર કરીને આત્મવિશ્વાસ જગાવવાના આશય સાથે સ્થપાયેલી સંસ્થા 'સિંધી યૂથ સર્કલ' દ્વારા

પાછળથી કચ્છભરમાં વિવિધ નવતર સામાજિક પ્રવૃત્તિઓ કરાતી રહી છે. ૧૯૮૮માં સ્થાપનાના વિચારનો જન્મ થયો. ૧૯૯૦માં વિધિવત્ નોંધણી થઈ. ગરીબોને અનાજવિતરણ, ૧૯૯૮માં કંડલા વાવાઝોડા વખતે રાહત-કામગીરી જેવી પ્રવૃત્તિઓ કરીને સંસ્થાએ સમાજસેવાના ક્ષેત્રમાં નોંધપાત્ર પ્રદાન આપ્યું. પ્રમુખ વિજય ખૂબચંદાણીના માર્ગદર્શન તળે સિંધી સમાજના કાર્યકરો સક્રિય છે.

કચ્છમાં ભૂતકાળ અને વર્તમાનમાં સક્રિય સ્વયંસેવી સંસ્થાઓની યાદી

૧. કચ્છ વિકાસ ટ્રસ્ટ
૨. બન્ની વિકાસ ટ્રસ્ટ
૩. અનાર્ડે ફાઉન્ડેશન, અંજાર
૪. ગ્રામશિલ્પી
૫. સહજાનંદ સર્વ સેવા ટ્રસ્ટ
૬. સહજાનંદ રૂરલ ડેવલપમેન્ટ ટ્રસ્ટ
૭. ગુજરાત જન જાગરણ સંઘ
૮. જૈન આશ્રમ, નાગલપર રોડ
૯. ગાંધી સેવા આશ્રમ, લાકડિયા
૧૦. નવનિર્માણ અભિયાન
૧૧. કચ્છ મહિલા વિકાસ સંગઠન
૧૨. એરિડ કોમ્યુનિટી એન્ડ ટેકનૉલોજી
૧૩. સહજીવન
૧૪. ગાઇડ
૧૫. સર્વ સેવા સંઘ
૧૬. નવચેતન અંધજન મંડળ
૧૭. સૃજન
૧૮. શ્રોફ ફાઉન્ડેશન
૧૯. કચ્છ યુવક સંઘ
૨૦. કચ્છ ફોડર, ફ્રૂટ એન્ડ ફોરેસ્ટ ડેવલપમેન્ટ ટ્રસ્ટ
૨૧. વિકસત
૨૨. લાયન્સ ક્લબ, ભુજ
૨૩. ભોજાય સર્વોદય ટ્રસ્ટ
૨૪. વીરાયતન વિદ્યાપીઠ
૨૫. બિદડા સર્વોદય ટ્રસ્ટ
૨૬. વિવેકાનંદ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ સેન્ટર
૨૭. સારસ્વતમ્
૨૮. વિવેકાનંદ ગ્રામોદ્યોગ સોસાયટી
૨૯. ગ્રામ સ્વરાજ સંઘ
૩૦. ભીમાણી ખાદી મંડળ
૩૧. યુવા
૩૨. કોહેઝન ફાઉન્ડેશન ટ્રસ્ટ
૩૩. માનવકલ્યાણ ટ્રસ્ટ
૩૪. સાથ
૩૫. વાગડ સર્વોદય ટ્રસ્ટ
૩૬. ઉન્નતિ
૩૭. શ્રી સંઘ રતાડિયા ગણેશવાલા
૩૮. કૃષિવિજ્ઞાન કેન્દ્ર
૩૯. યુસુફ મહેરઅલી સેન્ટર
૪૦. કોરબેટ ફાઉન્ડેશન
૪૧. સેતુ
૪૨. સુશાસિની
૪૩. ખમીર
૪૪. કલારક્ષા
૪૫. હુન્નરશાળા
૪૬. મૈત્રી, આદિપુર
૪૭. શુશ્રૂષા ચૅરિટેબલ ટ્રસ્ટ
૪૮. ક્ષયનિવારણ સંઘ સંચાલિત મસ્કા ટીબી ક્લિનિક
૪૯. જનકલ્યાણ સોસાયટી (માંડવી)
૫૦. એક્યુપ્રેશર કેન્દ્ર, ભુજ
૫૧. કચ્છી લેઉવા પટેલ એજ્યુકેશન એન્ડ મેડિકલ ટ્રસ્ટ
૫૨. હાજી અલી મેડિકલ ટ્રસ્ટ
૫૩. તોલાણી રીસર્ચ સેન્ટર
૫૪. ડિવાઇન લાઈફ
૫૫. ધુણઈ ગ્રામ વિકાસ મંડળ
૫૬. જનવિકાસ પર્યાવરણ કોષ
૫૭. કોટિવૃક્ષ અભિયાન
૫૮. કચ્છ જળસંકટ નિવારણ સમિતિ

૫૯. સ્વાધ્યાય પરિવાર
૬૦. ગ્રામવિકાસ સંઘ, નીલપર
૬૧. દીનોદ્ધાર માનવકલ્યાણ ટ્રસ્ટ, ભુજ
૬૨. અંધ અપંગ મંડળ, માંડવી
૬૩. મૂક બધિર વિદ્યાલય, માંડવી
૬૪. મેઘજી સેજપાલ જૈન આશ્રમ
૬૫. માતાલક્ષ્મી રોટરી ઇન્સ્ટિટ્યૂટ, આદિપુર
૬૬. રોટરી ક્લબ, ભુજ
૬૭. જાયન્ટ્સ
૬૮. રુદ્રમાતા જાગીર ટ્રસ્ટ
૬૯. રામકૃષ્ણ યુવક મંડળ
૭૦. સુપાર્શ્વ જૈન સેવા મંડળ
૭૧. રામરોટી કેન્દ્ર
૭૨. ક. વી. ઓ. જૈન મહાજન
૭૩. ઍન્કરવાલા અહિંસાધામ
૭૪. પટેલ અભ્યુદય મંડળ
૭૫. સદ્વિચાર પરિવાર
૭૬. સિંધી યૂથ સર્કલ
૭૭. રેડક્રૉસ સોસાયટી
૭૮. નવસર્જન ગ્રામવિકાસ ટ્રસ્ટ (માંડવી)
૭૯. મહાવીર ખીચડીઘર
૮૦. માનવજ્યોત
૮૧. સદનવાડી, વાંઢાય - ચકાર
૮૨. કચ્છ સંકટ નિવારણ સમિતિ
૮૩. ભીમાણી ખાદી મંડળ, નીલપર
૮૪. સિંધોલોજી, આદિપુર
૮૫. આશાપુરા ફાઉન્ડેશન
૮૬. સુશીલ ટ્રસ્ટ, નીલપર
૮૭. કચ્છ ઇકોલોજી ફાઉન્ડેશન
૮૮. ક્રી સેલ
૮૯. વાગડ વેલ્ફેર સોસાયટી, ભચાઉ
૯૦. લોહાણા કેળવણી મંડળ
૯૧. વ્રજભાષા પાઠશાળા
૯૨. નાનીબા પાઠશાળા
૯૩. બાળાશ્રમ, નલિયા
૯૪. સરદાર વલ્લભભાઈ પટેલ સ્મારક ટ્રસ્ટ
૯૫. રવેચી જાગીર
૯૬. દીપચંદ ગાર્ડી ટ્રસ્ટ
૯૭. ભારતીય સેવા મંડળ
૯૮. ચકાર આશ્રમ, સ્વામી શુકદાસજી - પોપટ મહાત્મા
૯૯. મહિલા કલ્યાણ કેન્દ્ર
૧૦૦. કુ. અનુબહેન ઠક્કર ગોરજ આશ્રમ
૧૦૧. માનવ ટ્રસ્ટ, રાપર
૧૦૨. શેઠ જમાલભાઈ કાસમ મોહમ્મદ ટ્રસ્ટ (ભારાપર)
૧૦૩. જીવનસંધ્યા વૃદ્ધાશ્રમ, સુમરી રોહા
૧૦૪. આપણું ઘર, માધાપર
૧૦૫. કચ્છ સ્ત્રીહિતવર્ધક મંડળ
૧૦૬. છઠ્ઠીબારી મહિલા મંડળ
૧૦૭. કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ
૧૦૮. જૈન મેડિકલ ઍન્ડ એજ્યુકેશન ટ્રસ્ટ
૧૦૯. આર. ડી. એજ્યુકેશન ટ્રસ્ટ, મુંદ્રા
૧૧૦. મુસ્લિમ એજ્યુકેશન વેલ્ફેર ટ્રસ્ટ, ભુજ
૧૧૧. અંજાર એજ્યુકેશન સોસાયટી
૧૧૨. પીપલ્સ એજ્યુકેશન સોસાયટી
૧૧૩. મારગ
૧૧૪. મહારાવ શ્રી વિજયરાજજી સાર્વજનિક ટ્રસ્ટ
૧૧૫. મહારાવ શ્રી મદનસિંહજી ટ્રસ્ટ
૧૧૬. શિવશક્તિ સ્ટડી સર્કલ
૧૧૭. કચ્છ પર્યાવરણ સંઘ
૧૧૮. વૃક્ષમિત્ર
૧૧૯. એકલનારી મંચ, રાપર
૧૨૦. એસ. ઓ. એસ. બાલગ્રામ
૧૨૧. જુદાં-જુદાં ગામનાં મુંબઈ મહાજનો.
૧૨૨. શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ
૧૨૩. બોચાસણવાસી અક્ષર પુરુષોત્તમ સ્વામિનારાયણ મંદિર
૧૨૪. શ્રી મણિનગર ગાદી સંસ્થાન સ્વામિનારાયણ મંદિર.

૧૮. કચ્છમાં જનસંપર્ક-માધ્યમોનો વિકાસ

નવીન જોશી

કચ્છ જિલ્લામાં 'જનસંપર્ક'-માધ્યમોનો ખરો વિકાસ ૨૦૦૧ના ભૂકંપ બાદ થયો. અહીં રાજાશાહી, આઝાદી અને ૨૦૦૧ના ભૂકંપ પછીનો સમય એમ ત્રણ ખંડમાં ભાગ પાડીને જનસંપર્ક-માધ્યમોના વિકાસની ચર્ચા કરીએ તે પહેલાં જનસંપર્ક-માધ્યમોનો વિકાસ એટલે શું એ નક્કી કરવું અત્યંત મહત્ત્વપૂર્ણ છે.

જનસંપર્ક-માધ્યમ સામાન્યજન સુધી સંપર્ક ધરાવે તેવું માધ્યમ. થોડા ઊંડા ઊતરીએ તો તળના માનવીની સમસ્યાને ટોચના માનવીનાં આંખ-કાન સુધી પહોંચાડી એ સમસ્યાનું નિરાકરણ લાવે તેવું એક સંપર્કનું માધ્યમ. જૂના જમાનામાં નટ, ભવાયા, ભાટચારણ લોકો હતા, જે સમયાંતરે ગાઈ-વગાડીને સત્તાધીશો સુધી તળિયામાં બેઠેલા લોકોનો અવાજ પહોંચાડતા અથવા અવાજ પહોંચાડવાનું માધ્યમ બનતા. પછી ધીમેધીમે અખબારો, સામયિકો, સાપ્તાહિકો, દૈનિકો આવ્યાં અને ત્યાર બાદ 'આકાશવાણી' તથા દૂરદર્શન જેવાં દશ્ય-શ્રાવ્ય માધ્યમોનો જમાનો આવ્યો. કાળક્રમે એમાં પણ પરિવર્તન આવ્યું અને વિવિધ ઇલેક્ટ્રૉનિક મીડિયાએ જનસંપર્કના માધ્યમ તરીકેની ભૂમિકા ભજવવાની શરૂઆત કરી.

આ જનસંપર્કનાં માધ્યમોનો વિકાસ ક્યારથી શરૂ થયો અને આઝાદી પહેલાં કચ્છમાં શી સ્થિતિ હતી તેની માહિતી અત્રે પ્રસ્તુત છે.

'...પત્રકાર લોકશિક્ષક છે. પત્રકારત્વનો મૂળભૂત ઉદ્દેશ સમાજશિક્ષણ છે અને પત્રકાર અને તેનાં પત્રોની અસર હેઠળ આવતા બધાને નવું શિક્ષણ આપવું, ઊર્ધ્વગામી બનાવવા, નવી દિશા અને નવી દૃષ્ટિ આપવી, એ જ તો પત્રકારધર્મની આધારશિલા છે. આધુનિક યુગમાં પત્રકારત્વ એક બ્રહ્માસ્ત્ર તરીકે વિકસાવવાના પાયામાં સાચું લોક-પત્રકારત્વ જ છે...' આ શબ્દો ૧૮૬૨ની ૨૨મી એપ્રિલે 'સત્યપ્રકાશ'-નામક અખબારના કચ્છી તંત્રી હરકિસનદાસ મૂલજીને નિર્દોષ જાહેર કરતા ચુકાદામાં મુંબઈસ્થિત સુપ્રિમ કોર્ટના ન્યાયાધીશ સર જોસેફ આર્નોલ્ડના છે. આ શબ્દો અને આ ચુકાદો બતાવે છે કે કચ્છનું પત્રકારત્વ કેવા મજબૂત અતીતના આધારસ્તંભ પર ઊભું છે.

૧૯૪૭માં દેશને આઝાદી મળી, પરંતુ કચ્છમાં આઝાદી જ નહીં, પરંતુ આઝાદી માટેના સંઘર્ષનાં એટલે કે ૧૮૫૭ના બળવા પછીનાં તુરતનાં વર્ષોથી શરૂ થયેલા પત્રકારત્વના પુરાવા આજે મળી રહ્યા છે.

દરિયો ખેડતાં-ખેડતાં પક્કા વેપારી તરીકે જાણીતા થઈ ચૂકેલા કચ્છીઓએ પત્રકારત્વક્ષેત્રે ૧૪૮ વર્ષની લાંબી મજલ પૂરી કરીને પરિપક્વતા મેળવી છે. ૧૮૬૫થી ૧૯૪૮ સુધીમાં પત્રકારત્વક્ષેત્રે ઉચ્ચ આદર્શો અને મૂલ્યોને સતત નજર સમક્ષ રાખીને કચ્છી પત્રકારોએ કામ કર્યું છે. આપણે કચ્છના પત્રકારત્વ કે 'જનસંચાર-માધ્યમોના વિકાસ' વિષયને રાજાશાહીથી આઝાદી અને આઝાદીનાં ૬૦ વર્ષ એમ બે ભાગમાં વહેંચી શકીએ.

સ્વતંત્રતા પૂર્વે કચ્છની સ્થિતિ કોઈ વિખૂટા પડેલા પ્રદેશ જેવી હતી. રણ અને દરિયાથી ભૌગોલિક રીતે ઘેરાયેલો આ મુલક દેશ-દુનિયાના અન્ય પ્રદેશોથી અલગ હતો અને તેથી એક સ્વતંત્ર પ્રદેશને હોય છે તેવી

આગવી બોલીનો અહીં વિકાસ થયો હતો. કચ્છમાં 'કચ્છી' ભાષા બોલાતી તેનો ૧૯૧૯ના ભાષા સર્વેક્ષણના વૉલ્યુમમાં ગ્રિયર્સને ઉલ્લેખ કર્યો છે. સિંધી ભાષા સમાન ગણાવી છે, પણ કચ્છી-સિંધી બોલી અલગ-અલગ છે તે સાફ થઈ ચૂક્યું છે. કહેવાયું છે કે કચ્છી ભાષાનો જન્મ ૮મી સદીમાં અને તેનું વિકસેલ સ્વરૂપ ૧૪મી સદીમાં મામૈદેવના આગમન-ટાણે દેખાયું.

આ ભાષા બોલાતી હતી પણ લખાતી નહોતી. હવે થોડી તુલના સાથે આગળ વધીએ તો સુરતમાં કવિ નર્મદનો 'ડાંડિયો', કવિ દલપતરામ ડાહ્યાભાઈનું 'બુદ્ધિપ્રકાશ', ઇચ્છારામ સૂર્યરામ દેસાઈનું 'ગુજરાતી' (૬-૬-૧૮૮૦) અને 'મુંબઈ સમાચાર' (૧-૭-૧૮૨૨) એ ગુજરાતી પત્રકારત્વની શરૂઆત કરનારાં અખબારો-સામયિકો છે, તેમ કચ્છમાં પત્રકારત્વનો પ્રારંભ 'કચ્છ દરબારી જાહેરખબર' નામે અષાઢ સુદ ત્રીજ, શુક્રવાર, સંવત ૧૯૩૦, તા. ૨૬-૬-૧૮૭૩થી થયો.

ગુજરાતી પત્રકારત્વના પિતામહ તરીકે મોબેદ ફરદુનજી મર્ઝબાન ઓળખાય છે, તો 'કચ્છ દરબારી' પત્રિકાના પ્રથમ પ્રકાશક મેતા જગજીવન વી. મહાદેવને કચ્છના પત્રકારત્વના ભીષ્મપિતામહ ગણી શકાય. આ જ સમયગાળામાં સન ૧૮૯૨માં મુંબઈથી દયારામ દેપારાએ સ્ટાન્ડર્ડ પ્રિન્ટિંગ પ્રેસમાં છપાવી 'કચ્છ સમાચાર' પ્રગટ કરેલું. એ ઉપરાંત એમણે 'કચ્છી કાકો' તથા 'કચ્છી ઢોલ' નામનાં લઘુપત્રો પણ બહાર પાડ્યાં હતાં. 'કચ્છી કાકો' અને 'કચ્છ સમાચારે' પ્રગટ થતાં જ જે હલચલ મચાવી દીધી હતી તે પણ કચ્છના પત્રકારત્વના ક્ષેત્રની એક નોંધપાત્ર ગૌરવરૂપ ઘટના છે. ભ્રષ્ટાચાર સામે વિરોધ પ્રદર્શિત કરવાનો અને રાજકીય પક્ષને સમર્થન ન આપવાનો આ પ્રારંભ હતો.

કચ્છમાં પ્રિન્ટિંગ અર્થાત્ છાપખાનું તો પ્રથમ ભુજ નગરમાં દરબારી છાપખાના સ્વરૂપે નંખાયું અને કચ્છનું સૌપ્રથમ વૃત્તપત્ર 'કચ્છી દરબારી જાહેરખબર' બન્યું. રાજ્ય-સંચાલિત આ પત્ર દરબારી ઑફિસો અને કચેરીઓને પહોંચાડાતું અને કોઈ વકીલ કે શ્રેષ્ઠી ઇચ્છે તો રેવન્યુ કમિશનર તરફથી એક વર્ષની ૧૨ કોરીનું લવાજમ અને ટપાલખર્ચ જુદું આપવાનું રહેતું. તા. ૧૪-૫-૧૮૭૬થી આ લવાજમ ભરાવાનું શરૂ થયું. આ પત્રના પૃ. ૪, અંક ૨૩માં જાહેરખબર નં. ૧૨૪ છપાઈ. નવા આવેલા ટાઇપ સાથે છાપખાનું ચલાવવા કાલિદાસ લક્ષ્મીશંકરની નિમણૂક થઈ હોવાના સમાચાર પણ છપાયા હતા. તા. ૨૯-૫-૧૮૭૭ના અંકથી 'જો કોઈ હરકતવાળું લખાણ નહીં હોય' તેવી શરત સાથે ખાનગી જાહેરખબર છાપવાની પણ જાહેરાત કરાઈ. તે વખતે છપામણી એક ફેરાની ચાર લીટીની કોરી ૧ અને તે વધારે વખત છપાવે તો બીજે ફેરે અડધી કોરી એવા દર નક્કી થયા હતા.

કચ્છની આ સર્વપ્રથમ પત્રિકા હતી, પણ તેમાં ફક્ત રાજ્યના સત્તાવાર હેવાલો જ સ્થાન પામતા. સ્વતંત્ર પત્રકારત્વ નહોતું થયું. કચ્છના મહારાવશ્રી વિરુદ્ધનાં કોઈ લખાણો પ્રસિદ્ધ થતાં નહીં.

તા. ૧૩-૬-૧૮૭૭માં ફેરફાર થયો. 'કચ્છ દરબારી જાહેરખબર' એ નામ બદલી આ પત્રને 'કચ્છરાજ્યપત્ર' (Kutch Darbari Gazette) નામે પ્રથમ વખત ટાઇપમાં છાપી પ્રસિદ્ધ કરાયું અને ૧૯૪૮માં આઝાદી આવી ત્યાં સુધી એ ચાલુ રહ્યું. ૧૯૪૮માં ત્યારે કચ્છમાં દરબારી પ્રેસ સિવાય કોઈ પ્રેસ નહોતું. ૧૯૪૮ પછી દરબારી પ્રેસ લોકતંત્રમાં ફેરવાયું અને રાજકોટ ખસેડાયું. કચ્છમાં પ્રેસ શરૂ કરવા-સ્થાપવા પર પ્રતિબંધ હતો. કેટલાક કચ્છી વિરલાઓએ કચ્છ માટેનાં અખબારો મુંબઈ અને અમદાવાદથી પ્રગટ કર્યાં અને કચ્છ સુધી પહોંચાડ્યાં.

રાજાશાહી વિરુદ્ધ તે જમાનામાં લખવું લગભગ અશક્ય હતું, પણ 'કચ્છ સમાચાર' અને 'કચ્છી કાકો' એ બંને નીડર અખબારોએ કચ્છમાં એક દાખલો બેસાડ્યો હતો. અગાઉ જેમનો નામોલ્લેખ થયો છે તે દયારામ દેપારા હોય કે ક્રાંતિગુરુ માંડવીના પંડિત શ્યામજી કૃષ્ણવર્મા હોય – બંનેએ પત્રકારત્વ-ક્ષેત્રે નીડરતાનો પાયો નાખ્યો હતો.

૧૮૯૭માં કચ્છ છોડી લંડન ગયેલા પંડિત શ્યામજી કૃષ્ણવર્માએ દેશની આઝાદી અર્થે 'ઇન્ડિયન

સોશિયોલોજિસ્ટ' નામે અખબાર શરૂ કરેલું, જે દેશને અંગ્રેજોની કારમી ગુલામીમાંથી મુક્તિ અપાવવાની દિશામાં એક મહત્ત્વનું શસ્ત્ર પુરવાર થયું.

થોડું અતીતને વધુ ઉલેચીએ તો સામે આવે છે ગુજરાતી સામયિક જગતના પાયોનિયર ગણી શકાય તેવા હાજી મહમદ અલારખિયા. તે એક એવા કચ્છી હતા કે જેમણે ગુજરાતીને ગુજરાતી સાહિત્યમાં રસ લેતા કર્યા. 'વીસમી સદી'નામક અનોખા સામયિકના તંત્રી એવા હાજી મહમદ અલારખિયાનો જન્મ તા. ૧૩-૧૨-૧૮૭૮ના રોજ કચ્છમાં થયો. એમણે મુંબઈને કર્મભૂમિ બનાવી. હાજીએ ૧૯૦૧માં 'ગુલશન' સચિત્ર રૂપિયા એકના લવાજમથી શરૂ કર્યું. જાન્યુઆરી ૧૯૧૬ના 'વીસમી સદી'નો પ્રથમ અંક બહાર પડ્યો અને જોતજોતાંમાં બાર હજાર ગ્રાહકો થઈ ગયા હતા. 'કુમાર'નો ત્યારે જન્મ પણ નહોતો થયો. ૧૯૨૧માં હાજી મહમદના દેહાંત સાથે આ 'વીસમી સદી' માસિક પર પણ પૂર્ણવિરામ આવી ગયું.

'વીસમી સદી'ના એ ગાળામાં 'નવજીવન' અને 'સત્ય' નામનાં બે સામયિક કચ્છી મેમણ ઉમર સોભાણી તથા ગુજરાતના કદાવર નેતા ઇન્દુલાલભાઈ યાજ્ઞિક તથા શંકરલાલ બૅન્કરે સ્થાપ્યાં હતાં. મહાત્મા ગાંધીએ ત્યારબાદ 'નવજીવન' બહાર પાડ્યું હતું. કચ્છી મેમણોનાં ખબરઅંતર માટે ઉસમાન હસન જામનગરવાળાએ 'મેમણમિત્ર' નામનું માસિક તથા ઉસમાન કાસમ રેડિયોવાળાએ 'માન' નામનું ધાર્મિક સામયિક પ્રગટ કર્યું હતું.

સન ૧૯૨૦-૨૧ના અરસામાં બી. એમ. મૈશરીએ 'સ્વદેશ' નામનું સાપ્તાહિક મુંબઈમાં પ્રસિદ્ધ કર્યું તથા ૧૯૨૦થી 'કચ્છ સુદર્શન'નામક સામયિક પણ પ્રગટ કર્યું હતું. ૧૯૨૨માં છગનલાલ ભવાનીશંકર મહેતાએ 'કચ્છ વર્તમાન' સાપ્તાહિક સ્થાપ્યું હતું. અમદાવાદમાં રહીને કચ્છ માટે 'કચ્છ વર્તમાન', 'કચ્છ કેસરી', 'હિન્દુ જીવન', 'વતન' એમ અલગઅલગ નામે અખબારો શરૂ કરીને શ્રી મહેતાએ કચ્છની નીડરપણે સેવા કરી હતી.

કચ્છમાં લેખનસ્વાતંત્ર્ય પર વખતોવખત તરાપ પડતી. ૧૯૨૭માં માંડવી ખાતે 'કચ્છી પ્રજાકીય પરિષદ'નું દ્વિતીય અધિવેશન મળ્યું તે અગાઉ 'કચ્છ વર્તમાન' અને 'કચ્છ કેસરી'ને કચ્છમાં આવતાં અટકાવાયાં હતાં. રાજાઓના આવા વલણને પગલે જ માંડવીમાં પરિષદના અધિવેશન વખતે ખાસ ઠરાવ કરાયો હતો અને કચ્છના રાજાના આપખુદ વલણને વખોડી કઢાયું હતું.

કચ્છમાં રાજાશાહી વખતે પત્રકારો સલામત નહોતા. સૌપ્રથમ પત્રકાર ચત્રભુજ જગજીવન ભટ્ટને સાત વર્ષની કેદ કરવામાં આવી, જે ભોગવીને મુંબઈ પહોંચેલા ચત્રભુજભાઈ ભટ્ટે 'કચ્છી' નામનું સાપ્તાહિક કવિ નિરંજનના લઘુબંધુ કલ્યાણજી લાલજી 'શ્રેયસ'ની સહાયથી શરૂ કરી, પ્રથમ પાને 'વતનજી હૂંભ' શીર્ષક સાથે કવિ નિરંજનનું 'મુંજી માતૃભૂમિ કે નમન' કચ્છી રાષ્ટ્રગીત પ્રસિદ્ધ કર્યું હતું. આ પત્રના ત્રણ-ચાર અંકોએ ભારે હોબાળો મચાવી દીધો. તે વખતે ચત્રભુજ ભટ્ટને કાવતરું રચી ભુજ બોલાવવામાં આવ્યા અને સંવત ૧૯૫૨માં તેમના પર ખોટેખોટો ઉચાપતનો કેસ ઠોકી બેસાડવામાં આવ્યો, જેલમાં પણ ઘણા જુલમ ગુજારવામાં આવ્યા, પણ આ ભડ પત્રકાર આઠ માસની મજૂરી કરીને જેલમાંથી ભાગી છૂટ્યા અને ખૂબ દ્રવિત હૃદયે કચ્છ છોડી આફ્રિકા ભેગા થઈ ગયા હતા.

૧૮૭૨માં 'કચ્છ દરબારી જાહેરખબર' પ્રગટ થયું ત્યારે કચ્છની વસ્તી ૪,૮૭,૦૦૦ આસપાસ હતી, જેમાં ૧૪૦૪ અંગ્રેજી જાણતા પુરુષો અને ૧૧ મહિલાઓનો સમાવેશ હતો. એ પહેલાં, એટલે કે ૧૮૬૫માં, શ્રી દેવજી ભીમજીએ છેક કેરાળમાં છાપખાનું નાખી મલયાલી, મરાઠી અને અંગ્રેજી પત્રો શરૂ કર્યાં હતાં. મુંબઈ-સ્થિત સમૃદ્ધ કચ્છીઓ શ્રી લખમીદાસ ખીમજી, શ્રી મથુરાદાસ લવજી, શ્રી ગોકુલદાસ પાસ્તા, શ્રી ખટાઉ મકનજી આદિએ સૌરાષ્ટ્રના કરસનદાસ મૂલજી તથા સુરતના વીર કવિ નર્મદ સાથે સંબંધો વિકસાવ્યા હતા.

૧૯મી સદીનાં પાછલાં ૩૦ વર્ષ ૧૮૭૦થી ૧૯૦૦ દરમિયાન મુંબઈથી છેલ્લાં 'કચ્છી ભીમ',

'કચ્છી કાકો' અને 'કચ્છી ઢોલ' નામનાં સાપ્તાહિકો શરૂ થયાં તેનું પણ કારણ એ હતું કે કચ્છમાં કોઈ પણ પત્ર પ્રગટ કરવાની મનાઈ હતી.

'કચ્છી કાકો', 'કચ્છી ભીમ' અને 'કચ્છી ઢોલ' જેમનું પ્રકાશન ૧૮૮૭થી ૧૮૯૦ વચ્ચે થયું હોવાનું મનાય છે તેના તંત્રી મૂળ કચ્છ-માંડવીના મુંબઈસ્થિત શ્રી દયારામ જીવરામ ડેપારા હતા. આ સાહિત્યિક, સુશિક્ષિત અને જવાંમર્દ કચ્છી વકીલ-કમ-પત્રકારે સ્ટાન્ડર્ડ પ્રિન્ટિંગ પ્રેસ અને સુબોધ પ્રકાશ પ્રેસ, મુંબઈ ફોર્ટ મધ્યેથી 'કચ્છ સમાચાર' સાપ્તાહિક (૧૮૯૩) શરૂ કરેલું અને અસરકારક રીતે ચલાવેલું. આ 'કચ્છ સમાચાર'ની કેટલીક આવૃત્તિઓ ગુજરાતી ઉપરાંત અંગ્રેજીમાં પણ વિશેષ અહેવાલ સાથે પ્રગટ થતી હતી.

શ્રી દયારામ જીવરામ ડેપારાના તંત્રીસ્થાનેથી પ્રગટ થતા આ પત્ર સાથે એક રસપ્રદ ઘટના પણ સંકળાયેલી છે. 'કચ્છ સમાચાર' વિશે ભુજમાં તરેહ-તરેહની વાતો ફેલાયેલી હોવાથી તંત્રીશ્રી ડેપારાએ સ્પષ્ટતા કરેલી : "અમને ખબર મળી છે તે પ્રમાણે (કચ્છમાં) એવી અફવા ચાલી છે કે આ પત્ર ('કચ્છ સમાચાર') રાજ્ય વિરુદ્ધ લખાણ કરવા સારુ જ બહાર પડ્યું છે તેથી ત્યાં (કચ્છમાં) લોકો આ પત્ર લેતાં ડરે છે. કચ્છ જેવા મોટા પ્રદેશમાં જે અનેક મોટા બનાવો બને છે તેની નોંધ લેવાનું ત્યાં કોઈપણ સાધન ન હોવાથી એ ખોટ પૂરી કરવા આ પત્ર છે. કચ્છ એક બાજુ પર રહી ગયું છે તથા ત્યાંની પ્રજા મુંબઈમાં ઠેરઠેર વસે છે તથા કચ્છ સિવાય બીજા ઘણા ભાગોમાં પથરાઈ ચૂકી છે. તેમને પોતાના દેશના ખબર પૂરા પાડવા એ જ આ પત્રનો મુખ્ય હેતુ છે. તેથી આ પત્ર વાંચતાં ડર શાનો ? અમે આ પત્ર ત્યાંની લાઇબ્રેરીઓને મફત આપવાનું નક્કી કર્યું છે. એટલે તેઓને રીફ્યુઝ કરવાનું કારણ રહેશે નહીં.'

૧૬મી એપ્રિલ, ૧૮૯૪ના 'કચ્છ સમાચાર'ના અંકમાં 'આ પત્ર રાજદ્રોહી નથી પણ સર્વેનું શુભેચ્છક છે.' એ શીર્ષક હેઠળ જે છપાયું હતું. તે તંત્રીની નીડરતા અને હિંમતનું એક દૃષ્ટાંત છે.

નિઃસંકોચ કહી શકાય કે 'કચ્છ સમાચાર' કચ્છના પ્રજાકીય પત્રકારત્વનું સૌથી પહેલું, સુવ્યવસ્થિત, દેશદાઝની દૃષ્ટિવાળું, વિવિધ વિષયોને સરળ ભાષા છતાં મુદ્દાસર આવરી લેનારું સંપૂર્ણ સાપ્તાહિક વર્તમાનપત્ર હતું. (આજે વિશાળ વડલા સ્વરૂપે પાંગરેલું કચ્છનું પત્રકારત્વ દેવરામ ડેપારાનું ઋણી છે.)

ગુજરાતભરના પ્રથમ કક્ષાના સાહિત્યિકપત્રકારત્વની શરૂઆત પણ કચ્છથી થયેલી. ૧૮૯૯માં મૂળ કચ્છ-ભુજના પત્રકાર જીવરામ અજરામર ગોરે 'સરસ્વતી શૃંગાર' અને 'વીસમી સદી' જેવાં સામયિકો અમદાવાદ-સ્થિત 'આર્યોદય' પ્રેસ ખાતેથી પ્રકાશિત કર્યાં.

સાહિત્યિક કે સામાજિક પત્રકારત્વથી રાજકીય પત્રકારત્વ સ્વાભાવિક રીતે જ જુદી જ શૈલી અને જુદા જ અભિગમવાળું હતું. આપખુદી, દમન, જુલ્મ સહિતના બધા જ સામંતશાહી અવગુણોથી છાવરાયેલી કચ્છની રાજાશાહીની લોખંડી નાકાબંધી સામે છેક ૧૯૪૮ સુધી કચ્છી પત્રકારોએ ઝઝૂમતા રહેવું પડેલું. કચ્છમાં પ્રેસ કરવા પર કે પત્ર-પ્રકાશન પર પ્રતિબંધ હોવાથી મુંબઈ, અમદાવાદ કે બીજેથી પ્રગટ થયેલાં ૭૦-૮૦ વર્ષો પહેલાંના અરસાનાં બધાં જ કચ્છી અખબારો અને પત્રકારોનું મુખ્ય નિશાન બ્રિટિશ સલ્તનત અને કચ્છની મધ્યયુગી રાજાશાહી હતાં. કચ્છી પત્રકારો કલમી-છાપામારો હતા. એમનાં અખબારો પ્રજોપયોગી (મિશનરી જર્નાલિઝમ) પત્રકારત્વના ભાથાનાં તાતાં તીર અને ધારદાર હથિયારો હતાં. પ્રજાહિતના ધ્યેયને હાંસલ કરવા કચ્છી પત્રકાર ગેરીલાઓએ સતત સર્વસ્વનો ભોગ આપતા રહેવો પડેલો.

શ્રી શ્યામજી કૃષ્ણ વર્મા આવા પત્રકારોમાંના એક હતા. બ્રિટિશ સલ્તનત સામે ઝઝૂમનારા આપણા દેશના અગ્રણી ક્રાંતિકારીઓમાંના એક - બલકે પિતામહ તરીકે શ્રી શ્યામજી વધુ જાણીતા છે. પણ એક નીડર, દીર્ઘલક્ષી અને સાંપ્રતકાળની આંતરરાષ્ટ્રીય ઊથલપાથલોના અભ્યાસી, મેધાવી પત્રકાર અને તે પણ કચ્છી પત્રકાર તરીકે તો બહુ ઓછા જાણીતા છે.

શ્રી શ્યામજી વર્માનું જન્મસ્થાન કચ્છ-માંડવી હતું. એમનો પ્રાથમિક વિકાસ કચ્છમાંથી જ શરૂ થયેલો. લંડનના ક્વીન્સ એવન્યુ ખાતેથી એમણે 'ઇન્ડિયન સોશ્યોલોજિસ્ટ' (૧૯૦૫) પ્રગટ કર્યું. એ જ વરસમાં 'ઇન્ડિયન હોમરૂલ સોસાયટી'ની પણ સ્થાપના કરી. દેશમાંના સક્રિય રાજકારણમાં ગાંધીજીનો ત્યારે હજુ પ્રવેશ થવો પણ બાકી હતો. ઇંગ્લૅન્ડની સરકાર શ્યામજી પ્રવૃત્તિઓથી ચોંકી ઊઠેલી, એટલે ઇંગ્લૅન્ડનું કામ પોતાના શિષ્ય-મિત્ર સાવરકર(જે પાછળથી વીર સાવરકર તરીકે ખ્યાતનામ બન્યા)ને સોંપીને શ્યામજી પૅરિસ (ફ્રાન્સ) ચાલ્યા ગયા. ત્યાં પણ 'ઇન્ડિયા હાઉસ' સ્થાપ્યું. બૉમ્બ બનાવવાની માહિતી આપતી પુસ્તિકાઓ લખી, બ્રિટિશ સલ્તનત ખિલાફ અને ભારત-દેશ પ્રત્યે પશ્ચિમી દેશોની પ્રજાની સહાનુભૂતિ માટેની રાજકીય પ્રવૃત્તિઓની એમણે હોળી પ્રગટાવી. આની ઝાળ યુરોપભરમાં છવાતી ગઈ.

પૅરિસમાંની શ્યામજીની બ્રિટિશ-શાહીવાદ-વિરોધી વિદ્રોહી પ્રવૃત્તિઓથી પ્રભાવિત થયેલા જગવિખ્યાત રશિયન ક્રાંતિકારી લેખક મેક્સિમ ગોર્કીએ એમને 'ભારતના મેઝિની' કહી નવાજ્યા હતા. મેક્સિમ ગોર્કીએ શ્યામજીના લેખનો રશિયન ભાષામાં અનુવાદ કરીને છાપ્યો હતો, જે કારણે અને શ્યામજીનાં બીજાં ઢગલાબંધ અંગ્રેજી અખબારી ધારદાર લખાણોને કારણે શ્યામજી યુરોપભરમાં પ્રસિદ્ધ થઈ ગયા. અંગ્રેજોના દબાણથી શ્યામજી માટે ફ્રાન્સમાં રહેવું પણ મુશ્કેલ બની ગયું. ફ્રાન્સની સરકારે પણ એમને રાજદ્રોહી જાહેર કર્યા. શ્યામજી સ્વિટ્ઝરલૅન્ડ ગયા. રાજકારણમાં ભાગ ન લેવાની શરતે એમને સ્વિટ્ઝરલૅન્ડમાં આશ્રય મળ્યો. શ્રી ચંદ્રકાંત બક્ષીએ એમના પુસ્તક 'પિતૃભૂમિ ગુજરાત'માં નોંધ્યું છે કે દુનિયાભરનાં વિપ્લવી પત્રોમાં શ્યામજીના લેખો છપાતા. જિંદગીના અંત સુધી દુનિયાના ક્રાંતિકારીઓ સાથે એ સતત સંપર્કમાં રહ્યા. શ્યામજી કૃષ્ણ વર્માને બક્ષીએ 'વતનથી દૂર, બે-વતન' થઈ ગયેલા 'ભારતીય ક્રાંતિના પિતા' ગણાવ્યા છે.

સંશોધનાત્મક પત્રકારત્વ છેલ્લાં થોડાં વર્ષોથી વિશેષ ધ્યાન ખેંચનારું બન્યું છે. ગુજરાતી પત્રકારત્વમાં 'સૌરાષ્ટ્ર', 'ફૂલછાબ' અને પછી 'જન્મભૂમિ' પત્રો દ્વારા શ્રી અમૃતલાલ શેઠે ૧૯૨૦-૩૦-૪૦ના દાયકાઓમાં પશ્ચિમ હિંદનાં દેશી-રજવાડાંઓની પ્રજાના (જેને તે વર્ષોમાં રાજસ્થાની પ્રજા તરીકે સમૂહમાં ઓળખાવાતી) હિતમાં સંશોધનાત્મક પત્રકારત્વનો પ્રકાર ભારે સફળતાથી ખેડેલો, જેને આજ પણ અત્યંત વિસ્મયસભર આદરથી વાજબી રીતે જ યાદ કરાય છે. પણ કચ્છ પત્રકારત્વે તો આ સંશોધનાત્મક પત્રકારત્વનો પ્રકાર આજથી બરાબર ૯૪ વર્ષ પહેલાં 'છાતી ફાડીને' ખેડેલો. આવા ધુરંધર કચ્છી પત્રકાર હતા શ્રી ખીમજી હીરજી કાયાણી. ગજબનાક આશ્ચર્ય ને આદર થાય તેવી ઘટના તો એ છે કે શ્રી ખીમજી હીરજી કાયાણીએ એમની સમગ્ર પત્રકારી કારકિર્દીમાં માત્ર એક જ લેખ લખ્યો છે. આ એક જ પત્રકારી લેખ-વૃત્તાંત, રાબેતા મુજબનાં ગુજરાતી પુસ્તકોની સાઇઝનાં છપાયેલાં ૩૩૨ પાનાંમાં વિસ્તરેલો છે. શ્રી કાયાણીના આ સંશોધન-લેખનું શીર્ષક છે: 'શ્રી કચ્છાધિપતિ પ્રત્યે એક વિજ્ઞપ્તિ', જે લખવા માટે ૧૯૦૧ અને ૧૯૦૨નાં બે વર્ષો દરમિયાન શ્રી કાયાણીએ મુંબઈથી કચ્છ જઈ સતત સંશોધન કરેલું. ૧૯૦૩માં આ વૃત્તાંત-લેખ છપાઈ પુસ્તક-સ્વરૂપે પ્રગટ થયો છે, કારણ કે તે વખતના કચ્છ, સૌરાષ્ટ્ર, ગુજરાત કે મુંબઈના કોઈ અખબારની હિંમત અને ક્ષમતા નહોતી કે તે વખતના કચ્છરાજ્યમાં ચાલતા કારમા અંધેર રાજ્ય-કારભારનાં ચીંથરાં ઉડાડી નાખતો કાયાણીનો એ અહેવાલ પ્રગટ કરે.

'...પ્રજાને પોતાના ઉદ્‌ગારો પ્રસિદ્ધ કરવાના હક્ક સંબંધના વિચારોએ મ્હારા હૃદયમાં ઘર કરેલ હોવાથી, તેમ જ મ્હારા સ્વદેશબંધુઓ ઉપર કંપારી છૂટે તેવા વર્તાતા ત્રાસથી મને જે લાગણી ઉત્પન્ન થયેલ તેને આધીન રહીને મેં જે વિચાર્યું તે આ લેખ દ્વારા પ્રસિદ્ધ કરવાની હિંમત કરેલ છે...'

કચ્છના પત્રકારત્વનાં કામ અને નામનો કીર્તિધ્વજ વધુ ને વધુ ઉન્નત શિખરોએ સ્થાપવાનો

પુરુષાર્થ અનેક કચ્છી પત્રકાર મરજીવાઓએ કર્યો છે. આવા મરજીવાઓની સૌથી આગલી હરોળમાં એક વિક્રમી 'લેખ'ના લખનાર કચ્છી પત્રકાર ખીમજી હીરજી કાયાણીનું સ્થાન હંમેશાં અવ્વલ જ રહેશે.

કચ્છીઓએ આફ્રિકાને પોતાના લગભગ બીજા ઘર તરીકે બસ્સોએક વર્ષોથી સેવેલું છે. તાન્ઝાનિયા કહેવાતો આફ્રિકી દેશ પહેલાં ઝાંઝીબાર તરીકે ઓળખાતો. આ દેશમાં અંગ્રેજી સાપ્તાહિક 'ઝાંઝીબાર વૉઇસ' શરૂ કરનાર બૅરિસ્ટર બિહારીલાલ અંતાણી
પણ કચ્છી પત્રકાર હતા. છએક દાયકા પહેલાં શરૂ
કરાયેલું આ પત્ર હજુ પણ પ્રકાશિત થાય છે. (જોકે
હવે તેનું સંચાલન બીજાઓના હાથમાં છે.) વીસી,
ત્રીસી કે તેની આસપાસના અરસામાં 'ઝાંઝીબાર
વૉઇસ' માત્ર આફ્રિકાવાસીઓ અને કચ્છીઓ,
સૌરાષ્ટ્રીઓ કે ગુજરાતીઓનાં જ હક્ક-હિતનું રક્ષણ ન
કરતું, પણ 'ઝાંઝીબાર વૉઇસ' બધા જ આફ્રિકાવાસી
ભારતીયોની ઢાલ પણ હતું અને તલવાર પણ હતું.
કચ્છની મહારાવશાહી સામેની કચ્છીઓની
આગવી મુખ્ય સંસ્થા શ્રી કચ્છી પ્રજાકીય પરિષદના
કચ્છના સ્થાનિક રાજકારણમાં પણ ૧૯૩૭થી ૧૯૪૯
અને ત્યાર બાદ ૧૯૬૫ વચ્ચેનાં વર્ષોમાં શ્રી
બિહારીલાલ અંતાણીએ નોંધપાત્ર અને વિવાદાસ્પદ
ભાગ ભજવેલો. પાછળનાં વર્ષોમાં તેઓ રાજ્યસભાના
સાંસદ પણ બનેલા તેવું 'કચ્છ પત્રકારત્વની
આધારશિલાઓ'માં પ્રવીણચંદ્ર શાહે નોંધ્યું છે.
કચ્છના પત્રકારત્વની લાંબી સફર અનેકમુખી
રહી છે. રાજકીય, સામાજિક, સાહિત્યિક અને
સાંસ્કારિક, આર્થિક અને ઐતિહાસિક, પ્રાદેશિક અને
રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય બાબતોને સુમેળભરી રીતે
સાંકળી લેનારું કચ્છનું પત્રકારત્વ છેલ્લી સવા-દોઢ
સદીમાં રહેતું આવ્યું છે.
ઓગણીસમી સદીની શરૂઆતનાં વરસો દેશના
પલટાતા સામાજિક ઢાંચાને વેગ આપનારાં વરસો હતાં.
સામાજિક માળખામાં ધરમૂળના ફેરફારો કરવાની
પ્રવૃત્તિ અને આંદોલનો તે વખતનાં વર્તમાનપત્રો દ્વારા
જોરદાર ગતિ-વિધિ મેળવતાં. કચ્છના પત્રકારત્વે આ જવાબદારી પણ લગનપૂર્વક ઝીલેલી. એક કચ્છી સામાજિક પત્રકાર શ્રી ડુંગરશી હરિદાસ ગઢાઈએ કચ્છી ભાટિયા સમાજની સુધારણાના હેતુએ 'ભાટિયા યુવક-કલાપી' શરૂ કરેલું. એ જ રીતે કચ્છી જૈન સમાજને નવાં દિશાસૂચન કરવાના હેતુએ 'શ્રી કચ્છી જૈન મિત્ર' (૧૯૧૮) એક કચ્છી જૈન પત્રકાર-ત્રિપુટીએ શરૂ કરેલું જેમાં દામજી ત્રિકમજી શાહ, જેઠાભાઈ દેવજી નાગડા અને લાલજી હીરજી શાહનો સમાવેશ હતો.

બી. એન. મહેશ્વરી પણ એક પ્રભાવી કચ્છી રાજકીય-સામાજિક કાર્યકર અને પત્રકાર હતા. એમણે 'સ્વદેશ' (૧૯૨૦) શરૂ કરેલું, જે 'મવાળ નીતિવાળું પણ એક મીઠું મજાનું' માસિક પત્ર હતું. 'સ્વદેશ'ના અભ્યાસસભર અને દળદાર દીપોત્સવી અંકો આજે પણ કચ્છ-સૌરાષ્ટ્ર અને ગુજરાતના સંદર્ભસાહિત્ય તરીકે પ્રતિષ્ઠાભરી રીતે ગણનામાં લેવાય છે. આ જ અરસામાં જેમણે કચ્છી પ્રજાકીય પરિષદના કચ્છના સ્થાનિક રાજકારણમાં પાછળનાં વર્ષોમાં ઘણો લાંબો પણ જમણેરી ભાગ ભજવેલો, એ ગુલાબશંકર ધોળકિયાનું 'કચ્છ સુદર્શન' (૧૯૨૦) અને 'કચ્છી પ્રજાકીય પત્રિકા' પ્રગટ થયેલાં. એ જ રીતે શ્રી કાંતિપ્રસાદ અંતાણીનું 'સમર્પણ', દુર્ગાશંકર ભટ્ટનું 'તરુણ કચ્છ' અને શ્રી કલ્યાણજી લાલજી વ્યાસનું (એક વધુ) 'કચ્છી' પ્રગટ થયેલું જેના પ્રથમ અંક(૧૫-૪-૧૯૨૪)ના પહેલા પાને 'વતનજી હુબ્બ'ના પોરસભર્યા શીર્ષક હેઠળ, લાખો કચ્છીઓનાં હૃદયમાં ચિરંજીવ રીતે સંઘરાયેલું, કવિ નિરંજન (મૂળ નામ : મુરારીલાલ વ્યાસ) લિખિત 'હેમાળે વટ્ટ પુગો નિરંજન, ધીણોધર સંભરન'વાળું કચ્છીઓ માટે ચિરંજીવ ગીત પ્રગટ થયેલું.

રાજકીય અને સામાજિક ઊથલપાથલોના આ જ સમયગાળામાં બીજા પણ સંખ્યાબંધ કચ્છી પત્રકારોએ પોતપોતાની રીતે કચ્છના પત્રકારત્વ-ક્ષેત્રે ઉદાત્ત હેતુ અને ઝિંદાદિલીથી પ્રદાનો કર્યાં છે. સુશીલનું 'કચ્છ-કેસરી', દેવરામ વરુનું 'કડિયા ક્ષત્રિય પ્રકાશ', રાણપુરથી કચ્છી પત્રકાર નાનજી લાલજી પરમારનું

'કચ્છ', પદમશી દામજીનું 'પ્રકાશ' અને પાકિસ્તાન થવા પહેલાં કરાંચીથી પ્રગટ થયેલું ચંદ્રશંકર બૂચનું 'નાગરિક' પણ હતાં. ઉપરાંત 'કચ્છ જ્યોતિ', 'અભિલાષ', 'આઝાદ', 'નવકચ્છ', 'નૂતનયુગ' વગેરે અખબારો અને સામયિકો પણ નોંધપાત્ર રહ્યાં છે. ચંદ્રશંકર બૂચ પછીથી ગુજરાતભરમાં 'સુકાની'ના ઉપનામથી બહુ મશહૂર થયા અને ગુજરાતની સાગરકથાઓ, વહાણવટા અને સાગરખેડુઓના સર્વાંગી જીવનને સ્પર્શતા (ઓથેન્ટિક) રજૂઆતો માટે આજ સુધી અજોડ રહ્યા છે. કચ્છી પ્રગતિશીલ મુસ્લિમોનો અવાજ રજૂ કરવા 'મુસ્લિમ યુવક' નીકળેલું, જેના તંત્રી તે વખતના રાષ્ટ્રવાદી રંગે રંગાયેલા શ્રી કાસમ શાહ 'દર્દ' હતા. એ વખતનાં મુસ્લિમ પત્રકાર-સાહિત્યકારોના તેજસ્વી ઝૂમખામાં ભુજના કવિ અબ્દ (ભક્ત કડવાજી) અને અંજારના ડૉ. લતીફનો પણ સમાવેશ હતો.

આઝાદી સુધીનાં ૭૦-૮૦ વરસના આખાય લાંબા સમયગાળા દરમિયાન, પણ ખાસ તો વીસી, ત્રીસી અને ચાલીસીનાં વરસોમાં કચ્છની મહારાવશાહીને હંફાવવા કચ્છી પત્રકાર ગેરીલાઓએ અનેક વ્યૂહપલટા કરવા પડેલા, કાયદાની ચુંગાલમાંથી બચવા અનેક આટાપાટા છલાંગવા પડેલા. 'જય કચ્છ' સાપ્તાહિક તરીકે મુંબઈથી પ્રગટ થવું શરૂ થયેલું (૧૯૩૪), પરંતુ કચ્છની દેશી રિયાસતના પ્રતિબંધો અને તવાઈઓની નાકાબંધીને ભેદવા વારંવાર નામોનાં મોરાં બદલવાં પડેલાં : 'જય કચ્છ', 'કચ્છ વિજય', 'કચ્છ પત્રિકા' અને 'જીએરા' (અર્થ : રાવ ઘણું જીવો !) જેવા ફરફરાં ફરફરતાં નામોથી ગેરીલા યુદ્ધ જારી રાખવું પડેલું. મુંબઈના 'જય કચ્છ' પ્રેસમાંથી કોઈપણ વર્તમાનપત્ર છાપવાની પણ મનાઈ ઠોકવામાં આવી, તો પ્રેસનું પણ નામ બદલીને 'વીણા પ્રિન્ટિંગ પ્રેસ' કરવું પડ્યું હતું. 'જય કચ્છ' દૈનિક હજીય નીકળે છે.

રાજાશાહી સામેના કચ્છના પત્રકારોના અવિરત ગેરીલા-જંગમાં બીજાં પણ ઘણાં અખબારો અને પત્રકારોએ આકરાં બલિદાનો આપવાં પડેલાં, કુરબાનીઓ સહેવી પડેલી. 'જય કચ્છ' જેવો ઘાટ અનેકોનો થયો, પરંતુ ખાસ કરીને કચ્છના બે અસામાન્ય પત્રકારો છગનલાલ ભવાનીશંકર મહેતા અને પ્રાણલાલ નાનચંદ શાહની અખબારી કારકિર્દી દેશી રિયાસતો સામેના અખબારી જંગના ઇતિહાસમાં 'જય કચ્છ'ના ફૂલશંકર પટ્ટણીની સાથે વિશિષ્ટ મોભો મેળવશે. 'કચ્છનું રાજકીય પરાધીનપણું ફગાવી, સામંતશાહીનાં ચીંથરાં ફાડી, આપખુદ રાજાશાહીવાળા કચ્છમાં પ્રજાને જવાબદાર રાજતંત્રની પ્રાણપ્રતિષ્ઠા કરાવવા અને એ હેતુ બર લાવવા રાજકીય-સામાજિક ક્ષેત્રે પહેલાં ક્યારેય ન અનુભવાયેલા પણ અનિવાર્ય અખબારી ધરતીકંપો સર્જનારા કચ્છી પત્રકારોમાં આ નામો હંમેશાં આગવી જ પ્રતિષ્ઠા ભોગવશે.'

દેશને આઝાદી મળ્યા સુધીનું કચ્છનું આમ-પત્રકારત્વનું ત્રિશૂળ ત્રિ-પાંખિયું રહેલું. એક પાંખ મૂળભૂત રાજકીય પરિવર્તન માગતી, બીજી પાંખ સામાજિક નવચેતના પ્રગટાવતી અને ત્રીજી પાંખ વાચકોની સમાચારભૂખ કેળવતા જઈ દેશના મુખ્ય સ્રોત સાથે કચ્છીઓને હમ-કદમ બનાવવા મથતી. સ્વાભાવિક રીતે જ વધુ સફળ કચ્છી પત્રકારો એ બન્યા જેમની દૃષ્ટિ, કલમ અને રોજિંદી કારકિર્દીમાં દેશવ્યાપી ઊથલપાથલવાળા રાજકારણ અને સામાજિક ન્યાય માટેની બુલંદ માંગનો સમન્વય કચ્છ અને કચ્છીઓની પશ્ચાદ્ભૂમિકામાં સતત રહેતાં. શ્રી છગનલાલ મહેતા અને પ્રાણલાલ શાહ આવા વિશિષ્ટ પત્રકાર-વંશની કચ્છ-ગુજરાતના પત્રકારત્વને યાદગાર ભેટ હતા.

આ બન્ને કચ્છી પત્રકારોની સક્રિય અખબારી કારકિર્દીનો સમયગાળો થોડો આગળ-પાછળ રહેલો. શ્રી છગનલાલ મહેતા ૧૯૨૨થી ૧૯૪૯ અને શ્રી પ્રાણલાલ શાહ ૧૯૩૯થી ૧૯૭૮. પરંતુ આમ છતાંય કચ્છના પત્રકારત્વમાંની બન્નેની સાહસિક, નિર્ભીક કારકિર્દીનું મળતાવડાપણું અજાયબી પમાડનારું છે. બન્નેનો ઉછેર મધ્યમવર્ગી હતો. બન્નેનો અભ્યાસ પણ ત્રણ-ચાર અંગ્રેજી સુધીનો જ – પ્રમાણમાં પાતળો હતો. બન્નેએ પોતાની વ્યક્તિગત કારકિર્દીની શરૂઆત કચ્છ

ખાતેના સફળ વકીલોના જુનિયર ક્લાર્ક તરીકે કરેલી, જે કારણે જ કદાચ બન્નેની કલમ અસરકારક રીતે ઘૂંટાયેલી. આ સદીની વીસી-ત્રીસી-ચાલીસીનાં વરસો માટે સાહજિક રાષ્ટ્રીયતાના રંગે બન્ને રંગાયેલા હોવાની સાથે બન્ને પર આર્યસમાજ અને આર્યસંસ્કૃતિના પ્રેરક સંદેશનો ઊંડો પ્રભાવ પડેલો. બેઉ રાજકીય અને સામાજિક ઉદ્દામ વિચારસરણીના મતવાલા રહેલા. કચ્છના પત્રકારત્વમાંની પોતપોતાની વ્યક્તિગત કારકિર્દીમાં શ્રી ફૂલશંકર પટ્ટણી સહિત આ ત્રણેય પત્રકારોએ કચ્છને અસાધારણ પ્રદાન કર્યું છે.

છગનલાલ ભવાનીશંકર મહેતા પાસે પોતાનું પ્રેસ નહોતું, પણ મુખ્યત્વે અમદાવાદ રહી 'સતયુગ', 'કચ્છ વર્તમાન', 'કચ્છ કેસરી', 'હિન્દુ જીવન', 'વતન' અને 'કચ્છ ટાઇમ્સ' વગેરે અખબારો પ્રગટ કરતા જ રહ્યા. એમનાં વર્તમાનપત્રો ઉપર કચ્છમાં એક પછી એક પ્રતિબંધો ઠોકાતા જ રહ્યા, છતાંય હિંમત અને ધૈર્ય ગુમાવ્યા વગર પ્રજાહિતના હક્કો માટેનો અખંડ અખબારી યજ્ઞ એમણે સતત જારી રાખ્યો. થકવી નાખે તેટલી લાંબી, પત્રકાર તરીકેને એમની (૧૯૨૨થી ૧૯૪૯ સુધીની) જ્વલંત કારકિર્દીમાં કચ્છની કે ગુજરાત અને આખાય દેશની પ્રજાના હિત સિવાયનો બીજો કોઈ જ માપદંડ એમણે ક્યારેય સ્વીકાર્યો નહીં. કચ્છની દેશી રિયાસતની જુલ્મી ખફગીના સતત ભોગ આ કચ્છી પત્રકારો હંમેશાં બનતા જ રહ્યા.

પરંતુ ખુલ્લી છાતીએ અને કાંધે કફન તૈયાર રાખીને જ કચ્છનાં ઇતિહાસ, ભૂગોળ, પ્રજા, સંસ્કાર, સાહસ, મિજાજ (અને નકરી નિર્બળતાઓનાં પણ) અંતરાળ પરિબળોનો એમનો અભ્યાસ ઊંડો હતો. તેમાંથી પ્રગટતી ખુમારીની અભિવ્યક્તિ જેટલી ધારદાર હતી તેવાં લક્ષણો કચ્છના દોઢ સૈકાના પ્રભાવશાળી પત્રકારત્વમાં પણ ઓછાં જોવા મળ્યાં છે. છગનલાલ મહેતા પત્રકાર તરીકે ધારદાર કલમી હથિયારવાળા, ચોટદાર અખબારી શિકારી હતા. કચ્છના તે વખતના મહારાવ ખેંગારજીના (૧૮૬૮-૧૯૪૨) ૬૦થી વધુ વરસના રાજ્યઅમલનો એમણે એમનાં અખબારોના માધ્યમે અને એમના પુસ્તક 'નપાણિયું મોતી' દ્વારા જે અસરકારક રીતે પર્દાફાશ કર્યો છે તે આજ સુધી બેજોડ છે. માત્ર અડીખમ પત્રકાર જ નહીં, શ્રી મહેતા તે સમયે મુગ્ધકર રસાળ ગણાતી શૈલીના એક સફળ સાહિત્યકાર પણ હતા. મુગલ કે રાજપૂત સમયની પશ્ચાદ્ભૂમિકાવાળી એમની પ્રેમ, વિરહ, ઝિંદાદિલી અને જાનફેસાનીના ફલક પર વિસ્તરેલી સામાજિક વાર્તાઓ, લાંબી નવલિકાઓ અને લઘુનવલકથાઓ એમની કલમના આશક બહોળા વાચક વર્ગનાં અનૂઠાં આકર્ષણો હતાં. રાજકીય, સામાજિક, ધાર્મિક કે આર્થિક વિષયો પરનો એમનો વ્યાપક અભિગમ વૈજ્ઞાનિક દૃષ્ટિકોણવાળો અને તર્કબદ્ધ હતો. દલીલો અને રજૂઆત અભ્યાસપ્રચુર, ચોટદાર અને કલમી હુમલા જનોઈ વઢ ઘા જેવા અસરકારક હતા. પત્રકાર તરીકેની સક્રિય કારકિર્દીનાં બધાં જ વરસો (૧૯૨૨થી ૧૯૪૯) એ મુફલિસ જ રહ્યા અને પોતાની ઝિંદાદિલ મુફલિસીમાં જ ગળાડૂબ રાચતા અવસાન પામ્યા.

પ્રાણલાલ શાહની કચ્છના પત્રકારત્વની કારકિર્દી પણ લગભગ ચારેક લાંબા દાયકા (૧૯૩૯થી ૧૯૭૮) જેટલી વિસ્તરેલી. કચ્છની દેશી રિયાસતી મહારાવશાહી સામેના અવિરત યુદ્ધના તેજીલા હથિયાર તરીકે એમણે અખબારોનો અત્યંત અસરકારક ઉપયોગ કર્યો. એમની શરૂઆતની કારકિર્દીમાં બ્રિટિશ હકૂમતના વિસ્તારોમાંથી પ્રગટ થતાં (મુંબઈનાં) 'મુંબઈ સમાચાર', 'બૉમ્બે ક્રૉનિકલ', 'સાંજ-વર્તમાન', 'જન્મભૂમિ', 'વંદે માતરમ્', 'માતૃભૂમિ', (કરાચીના) 'મહાગુજરાત', (રાજકોટના) 'યુગાંતર', 'જય સૌરાષ્ટ્ર', (અમદાવાદનાં) 'ગુજરાત સમાચાર', 'સંદેશ', 'સેવક' અને 'પ્રભાત' વગેરેના કચ્છ ખાતેના એ જાગૃત વૃત્તાંત-નિવેદક રહ્યા. એ સમય દરમિયાન પણ રિયાસતી અમલદારશાહીની જોહુકમી સામેની એમની અથડામણો ઘમસાણભરી રીતે ચાલુ જ રહી, જે કારણે કચ્છના તે વખતના દીવાન મુખરજીએ ખુદે એમને મુક્કા માર્યા, પછી પીઠમાં પૂંછડું ભરાવી માફી માગી અને 'મુક્કાબાજ' મુખરજીનું અખબારી તોફાન કચ્છની રાજકીય લડતનાં અનેક

પોરસીલાં પ્રકરણોમાંનું એક સોનેરી સોપાન બન્યું. આવી તો અનેકાનેક અથડામણો અને સંઘર્ષોનાં પૂરમાં એ હંમેશાં હિંમત, ધૈર્ય અને ઊલટ સાથે ઝંપલાવતા જ રહ્યા. પછીની કારકિર્દીમાં પોતાનાં વિવિધ અખબારો એમણે પ્રગટ કર્યાં. બ્રિટિશ સરકાર અને કચ્છની રાજાશાહીને હંફાવતા રહી, અખબાર પ્રતિબંધક કાયદાઓની ચુંગાલોમાંથી છટકતા રહી અનેક પત્રોનાં નામોનાં મોરા એમણે પણ બદલવા પડ્યા : 'આઝાદ કચ્છ', 'કચ્છધરા', 'રણકાર', 'નૂતન કચ્છ', 'કચ્છ ક્રાંતિ', 'જાગૃત કચ્છ' વગેરે. શહીદ ભગતસિંહની દેશભક્તિભરી પ્રશસ્તિના 'ગુના' સબબ બ્રિટિશ સરકારે પણ એમને કચડ્યા. અખબારી અને વ્યક્તિ-સ્વાતંત્ર્યનું ગળું ટૂંપતી, રિયાસતી કચ્છના રાજદ્રોહના કાયદાની કલમ '૫૭-એ'નો સૌથી પહેલો અને એકમાત્ર ભોગ પણ એ જ બન્યા, જેમાં એમને સાડાચાર વરસની જેલની કેદ થઈ. પ્રાણલાલ શાહ માત્ર પત્રકાર જ નહીં, કચ્છના એ અરસાના જાહેર જીવનમાં ડાબેરી યુવા-નેતા પણ રહ્યા. એમની તેજીલી કલમ અને જબાન નિર્ભીક પણ હતી અને ક્યારેક અનિયંત્રિત પણ હતી. રાજાશાહી, ઠેજારાશાહી, ગેરવહીવટ, રુશ્વતખોરી અને પ્રજાપીડનના એ કટ્ટર શત્રુ રહ્યા. રાજકીય કે સામાજિક સુધારણાના યજ્ઞમાં હાડકાં નાખનારાં બળો કે વ્યક્તિઓને વિવેકની ભાષાની અપેક્ષા રાખવાનો મુદ્દલ હક્ક ન હોવાનું એ દૃઢપણે માનતા. '૪૨ના 'ક્વિટ ઇન્ડિયા'ના આંદોલન દરમિયાન એ આતંકવાદી પણ બન્યા અને બંદીવાન પણ બન્યા. કચ્છમાં ચિત્તા-સત્યાગ્રહ, અનાજ-સત્યાગ્રહ, ખેડૂત-આંદોલનો જેવા અનેકાનેક પ્રસંગે સત્તા સામે એ પ્રજાહિત માટે ટકરાતા જ રહ્યા.

૧૯૫૦-૬૦ સુધીના મહત્ત્વના સમયગાળામાં કચ્છી પત્રકારત્વમાં એક યા બીજી રીતે નોંધપાત્ર પ્રદાન કરનાર અન્ય કચ્છી પત્રકારો અનેક છે જ. રાયસિંહજી રાઠોડ (દાયકાઓ સુધી વૃત્તાંત-નિવેદક), બંસીલાલ છાયા (વૃત્તાંતનિવેદક અને પાછળથી 'ધરતી'ના તંત્રી), કાંતિપ્રસાદ અંતાણી (જાહેર કાર્યકર અને ફ્રી-લાન્સ પત્રકાર), કુંવરજી કે. શાહનું 'સત્યપ્રકાશ' (૧૯૩૧-૩૯) કે ગિરીશ મહેતાનું ('કચ્છ ટાઇમ્સ'), માનસંગજી બારડ (વૃત્તાંત-નિવેદક અને પાછળથી 'પથિક'ના સંપાદક), મુંબઈના કચ્છી ધારાશાસ્ત્રી પ્રેમજી કેનિયા અને પ્રવીણચંદ્ર શિવજી શાહ (વાગડવાળા), મુંદ્રાના વૈદ્ય વાઘજીભાઈ સોલંકી, માંડવીના ગોકુલદાસ ખીમજીભાઈ બાંભડાઈ, ડુંગરશી ધરમશી સંપટ (કચ્છી-ગુજરાતી વહાણવટું, વિદેશમાંના કચ્છીઓ અને બીજા ઐતિહાસિક, વસાહતી વિષયોના માતબર અભ્યાસી લેખક-પત્રકાર), અંજારના જેરામદાસ જેઠાભાઈ નયગાંધી (કચ્છની ચલણ વ્યવસ્થાના લેખક અને ફ્રી-લાન્સ પત્રકાર) અને ઉમર અને ઓસમાન સોભાની ('બૉમ્બે ક્રૉનિકલ'ના ત્રીસીનાં વરસોના માલિકો) વગેરે. કચ્છના પત્રકારત્વને ધમધમતું રાખનારા વૃત્તાંત-નિવેદકો(કે પત્રકારો)માંના એક (મૂળ માંડવીના) ગુલાબચંદ વલ્લભજી શાહ કે નવીન અંજારિયા કે ઝુમખલાલ મહેતા વગેરેની કારકિર્દી પણ વિશિષ્ટ રહી હતી.

૧૮૬૫થી આરંભાયેલી આજે સવા-દોઢ સદી પૂરી કરતા કચ્છના પત્રકારત્વની મજલને વિકસાવવામાં બિનકચ્છી પત્રકારોનો પણ (ખાસ કરીને ૧૯૪૭-૫૦ સુધી) વગદાર હિસ્સો રહ્યો છે. રિયાસતી કચ્છના પ્રશ્નોને અસરકારક વાચા આપનારાં પત્રકારો અને પત્રોમાં અમૃતલાલ શેઠ ('જન્મભૂમિ'), ઝવેરચંદ મેઘાણી ('સૌરાષ્ટ્ર'), સામળદાસ ગાંધી (વંદે માતરમ્), લોટવાલા (હિન્દુસ્તાન), ચીમનલાલ શાહ ('માતૃભૂમિ'), શ્રી રવિશંકર મહેતા ('સાંજ વર્તમાન' અને પાછળથી ૪૯-૫૦માં તે વખતે મુંબઈથી પ્રગટ થતા દૈનિક 'કચ્છમિત્ર'ના તે વખતના હાલકડોલક નાવને ડૂબતું બચાવવા સાડા-પાંચ જ મહિનાના ટૂંકા ગાળા માટે જેમણે અભિષિક્ત પદ યશસ્વી રીતે સંભાળેલું), સોરાબજી પાલનજી કાપડિયા ('મુંબઈ સમાચાર'), કકલભાઈ કોઠારી (અમદાવાદ), મહમદ સિધ્ધિકી ('મહાગુજરાત'-કરાંચી), 'યુગાંતર' અને 'જય સૌરાષ્ટ્ર' (રાજકોટ), કાલિદાસ સોમાણી (રાજકોટ), 'સંદેશ', 'સેવક', 'પ્રજાબંધુ'-(અમદાવાદ)નો પણ ગણનાપાત્ર હિસ્સો રહ્યો છે.

આઝાદી મળ્યા પછીનાં ૪૦-૫૦ વરસોના કચ્છના પત્રકારત્વની તવારીખ અને વલણ-પલટા એક જુદો જ અભ્યાસ-લેખ માગી લેતાં હોઈ, અહીં તેનો સાવ જ સંક્ષિપ્ત ઉલ્લેખ જ ઉચિત બનશે. આઝાદી પહેલાંના અને પછીના કચ્છના પત્રકારત્વમાં દિવસ અને રાત જેટલો મોટો વલણ-પલટો ફલિત થયો છે.

કચ્છથી બહાર સૌથી વધારે મોટા સમુદાયમાં કચ્છીઓ મુંબઈ ખાતે છે. એમ છતાંય નવાઈ લાગે કે મુંબઈથી કચ્છીઓ માટેનું એક પણ પૂર્ણ કદનું દૈનિક અખબાર પ્રગટ થતું નથી. જોકે '૮૦ના દાયકામાં આવો એક હિંમતભર્યો અખતરો હેમરાજ શાહે 'કચ્છ-શક્તિ'થી કરેલો ખરો.

મુંબઈથી પ્રગટ થતાં કચ્છીઓ માટેનાં અનેક પ્રકાશનોમાં મુખ્યત્વે સામાજિક, ધંધાદારી માસિકોનું કે સાપ્તાહિકોનું પ્રમાણ વધુ છે, જે જુદીજુદી કોમોના સામાજિક કે ધાર્મિક વાડાઓની મર્યાદામાં રહીને પોતાના પત્રકારત્વના નાના-મોટા ખેલો ભજવે છે. આ પત્રકારત્વ ધાર્મિક, સામાજિક કે રાજકીય પરંપરાગત ગમા-અણગમામાંથી પેટિયું રળી લેવાનો કે જાહેર કારકિર્દીની સર્પ-સીડીની રમત રમી લેવાના ઝોકવાળું રહ્યું છે. જોકે 'પગદંડી' (૫૦ વર્ષ) કે 'પ્રકાશ સમીક્ષા' (૭૫ વર્ષ) જેવા બિનધંધાદારી, સંસ્થા-માલિકીના અપવાદોનો આમાં સમાવેશ નથી.

મુંબઈના કચ્છીઓ માટેનાં સામાજિક અખબારી પ્રકાશનોમાં સૌથી વધુ વિસ્મયજનક પ્રકાશન કચ્છી વીસા ઓસવાળ સમાજનું 'સાદ પત્રિકા' ગણી શકાય. મોટે ભાગે હૅન્ડબિલ સાઇઝનાં ચારેક પાનાંવાળું આ દૈનિક પ્રકાશન છેલ્લા છએક દાયકાથી મુંબઈથી પ્રગટ થાય છે. દરરોજની ૩૫,૦૦૦થી ૩૭,૦૦૦ નકલોનું તળ મુંબઈ અને સેન્ટ્રલ કે વેસ્ટર્ન રેલવેના દૂરસુદૂરનાં વિરાર-વસઈ કે કલ્યાણ-અંબરનાથ સુધીનાં બધાં જ પરાંઓમાંની જૈન કચ્છીઓની દુકાનોએ તેનું મુખ્યત્વે વિતરણ થાય છે. વિતરણવ્યવસ્થા ઘડિયાળના કાંટા જેવી લગભગ નિયમિત છે. મુંબઈના કચ્છીઓનો ગણનાપાત્ર ભાગ વ્યવસાયી વર્ગ છે. ખાસ કરીને જૈન વીસા ઓસવાળ સમાજ મસ્જિદ બંદર, ભાતબજાર, ખાંડબજાર, રસકસ અને કરિયાણાનાં બજારો, બારદાન, હિસાબી ચોપડા, પેપર, રેડીમેડ ગાર્મેન્ટ્સ, મેડિકલ સ્ટોર્સ, જૂનાં છાપાંની રદ્દીની દુકાનો યા બમ્બૈયા બોલીમાં 'બનીઆ'ની દુકાનો તરીકે ઓળખાતી દુકાનોના વ્યવસાય સાથે સંકળાયેલો છે. આ બધામાં 'સાદ પત્રિકા'ની ૩૦,૦૦૦થી ૩૫,૦૦૦ નકલોનું મુખ્ય વિતરણ છે. કચ્છીઓ પરંપરાગત રીતે પ્રાદેશિક અને સામાજિક શિરસ્તા જાળવવાના આગ્રહી રહ્યા છે. ખાસ કરીને મૃત્યુની અદબ વિશિષ્ટ રીતે જાળવતા રહેવાના ચુસ્ત સામાજિક વલણમાંથી દાયકાઓ પહેલાં 'સાદ પત્રિકા'નો ઉદ્ભવ થયેલો. કચ્છી જૈન વીસા ઓસવાળ સમાજે પોતપોતાનામાં અવસાનોના ત્વરિત ખબર પૂરા સમાજને પહોંચાડવા આ પત્રિકાની શરૂઆત કરેલી. અવસાનનોંધ આ 'સાદ પત્રિકા'ની મુખ્ય વાચનસામગ્રી છે. સાથેસાથે સાદડી, ઉઠમણાં, પ્રાર્થનાસભાઓ, ગુણાનુવાદની સભાઓ, દીક્ષાઓ, ચાતુર્માસો, જૈન સાધુ-સાધ્વીજીઓનાં આગમનો કે વિદાય, પાંજરાપોળો, હવાડાઓ, નેત્રયજ્ઞો કે આવી બધી બાબતોની જાહેરાતો, ખબર, નોંધો 'સાદ પત્રિકા'માં આવ્યા કરે છે. તેના લાંબા સમયગાળાના નિયમિત અને લગભગ મફત વિતરણને કારણે મુંબઈના જૈન કચ્છીઓના ગણનાપાત્ર આમસમુદાયને આવરી લેવા, જાહેરખબરના એક અસરકારક સાધન તરીકે પણ 'સાદ પત્રિકા' વિકસી છે. મુંબઈના પૂર્ણ કદના વધુ ફેલાવો પામેલા કોઈપણ ગુજરાતી વર્તમાનપત્ર જાહેરખબરના ભાવો જેટલા જ આકરા ભાવો આ ટચૂકડી 'સાદ પત્રિકા'ના હોવા છતાંય જાહેરખબર આપનારાઓની દિવસો-દિવસોની આગોતરી લાઈન લાગે છે.

કચ્છના પત્રકારત્વનું શિરમોર : 'કચ્છમિત્ર'

૬૫ વર્ષથી ભુજથી પ્રસિદ્ધ થતું 'કચ્છમિત્ર' દૈનિક કચ્છના પત્રકારત્વમાં શિરમોર છે. પ્રથમ મુંબઈથી જૈન સમાજના મુખપત્ર 'મિત્ર'થી આરંભાયેલી યાત્રા આજે ગુજરાતનાં અગ્રણી અખબારોમાં ગણના થવા સુધી અવિરત ચાલુ રહી છે. આજે 'કચ્છમિત્ર'

કચ્છનું અગ્રણી દૈનિક બન્યું છે. એક વર્તમાનપત્રની જવાબદારી નિભાવવાની સાથે આ પત્ર પોતાની સામાજિક જવાબદારી પણ સુપેરે બજાવે છે. મોરબીનું પૂર-સંકટ હોય કે કંડલાનું વાવાઝોડું હોય, દુષ્કાળ હોય કે અતિવૃષ્ટિ, ધરતીકંપ હોય કે કારગિલ યુદ્ધ – આફતના સમયે પ્રજાને પડખે ઊભા રહેવાનો ધર્મ 'કચ્છમિત્રે' નિભાવી જાણ્યો છે. 'કચ્છમિત્ર' દ્વારા જુદા-જુદા પ્રસંગે લોકોપયોગી કાર્યો થતાં રહે છે. કાળા ડુંગર આરોહણ-અવરોહણ સ્પર્ધા, હમીરસર તરણ સ્પર્ધા, સરદાર પટેલ ફોટો પ્રદર્શન, 'કચ્છડો કામણગાર' ચિત્ર-તસવીર-પ્રદર્શન (રાજકોટ), આશાસ્પદ ખેલાડીઓ માટે ક્રિકેટ કોચિંગ કેમ્પ, હાઈસ્કૂલોના વિદ્યાર્થીઓ માટેની લોકપ્રિય બનેલી ટૂર્નામેન્ટ, ૨૦૦૭ની નવરાત્રિ મહોત્સવ ઉજવણી, મેરેથોન દોડ, હીરક જયંતી નિમિત્તે તાલુકા-સ્તરે યોજાયેલી કારકિર્દી માર્ગદર્શન શિબિરો, તેજસ્વી વિદ્યાર્થીઓનું વિશેષ સન્માન વગેરે જેવી પ્રવૃત્તિઓ 'કચ્છમિત્રે' સહયોગી સંસ્થાઓના સહકારથી ચલાવી છે.

૧૯૭૯ની અતિવૃષ્ટિ સમયે પૂરપીડિતો માટે એકત્રિત ફાળામાંથી 'કચ્છમિત્ર' દ્વારા અબડાસા તાલુકાના હરિપર ગામને દત્તક લઈ પુનર્વસન કરાયું છે. એ જ રીતે ભુજના શણગાર સમા હમીરસર તળાવના ખાણેત્રાના કામ માટે લોકજાગૃતિ દ્વારા નાણાભંડોળ એકત્ર કરવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. જૂન ૧૯૯૮માં કચ્છ પર ત્રાટકેલા વાવાઝોડા વખતે રૂ. ૧૫ લાખની ખેડૂતોને સહાય કરી છે, તો કંડલાના વાવાઝોડાથી અસરગ્રસ્ત લોકો માટે ગાંધીધામ ખાતે ૫૦ મકાનો બાંધવા સાડાઆઠ લાખ રૂપિયાનો ફાળો આપ્યો છે. મે-૨૦૦૦માં દુષ્કાળ રાહત ભંડોળ પેટે રૂ. ૧૭ લાખ એકત્રિત કરી સહાયતા કરાઈ હતી. તો ભૂકંપ રાહત ભંડોળમાંથી કચ્છની અનેક સેવા-સંસ્થાઓને સહાયતા કરવામાં આવી છે. ૨૦૦૧ના ભૂકંપ પશ્ચાદ્ હમીરસર તળાવની મરામત માટે પણ ફાળો નોંધાવી પહેલ કરી છે અને લોકફાળો એકત્રિત કર્યો છે. ૨૦૦૧ના ભૂકંપ પછી ભુજ તાલુકાના વીંછિયા અને લેર તથા નખત્રાણા તાલુકાના મેડીસર, બાડી અને પાલનપુર એમ પાંચ ગામોનું પુનર્નિર્માણ સ્વૈચ્છિક સંસ્થાઓના સહયોગથી પાર પાડ્યું છે.

'કચ્છમિત્ર'ની સાથે સાથે ભુજથી 'વાવડ', કચ્છ', 'ઉદય' ને 'ચંચળ' જેવાં દૈનિક પણ પ્રસિદ્ધ થાય છે, તો ધરતીકંપ પછી કચ્છે સાધેલી વિકાસની હરણફાળથી પ્રેરાઈને ગુજરાતનાં અગ્રણી દૈનિકોએ પણ પોતાની કચ્છ આવૃત્તિનો ભુજથી આરંભ કર્યો છે જેની શરૂઆત સૌપ્રથમ 'આજકાલ' સાંધ્ય દૈનિકે કરી. એ પછી ૨૦૦૭માં 'દિવ્ય ભાસ્કર'ની ભુજ આવૃત્તિ શરૂ કરાઈ. ૨૦૧૧થી 'સંદેશ' અને 'ગુજરાત સમાચારે' પણ ભુજથી પોતાની આવૃત્તિઓ શરૂ કરી છે. આમ દૈનિક વર્તમાનપત્રોની સંખ્યાની દૃષ્ટિએ ગુજરાતના અમદાવાદ કે રાજકોટ પછી ભુજનો ક્રમ આવે છે, જે લોકશાહીનો ચોથો સ્થંભ એવાં વર્તમાનપત્રો માટે તંદુરસ્તીની નિશાની છે અને કચ્છના ઉજ્જવળ ભાવીનાં એંધાણ આપે છે.

આકાશવાણી

કચ્છના કલા અને સાંસ્કૃતિક જગતમાં એક ક્રાંતિકારી કહી શકાય તેવી ઘટના એટલે આકાશવાણીના ભુજ કેન્દ્રનો પ્રારંભ. તા. ૨-૧૦-૧૯૬૫ના રોજ પ્રારંભિક પ્રસારણ થયું અને ૧૧-૧૦-૧૯૬૫ના રોજ તત્કાલીન સૂચના અને પ્રસારણ મંત્રી શ્રીમતી ઇન્દિરા ગાંધીના વાયુસંદેશ-પ્રસારણથી તેનો વિધિવત્ પ્રારંભ થયો. કચ્છની કલાને રાષ્ટ્રીય કક્ષાએ પહોંચાડવાનું એક સબળ માધ્યમ પ્રાપ્ત થયું. પ્રથમ ૧ કિ.વૉ. ત્યારબાદ ૧૦ કિ.વૉ. એમ યાત્રા આગળ વધવા સાથે પહેલાં ભુજમાં દ્વિધામેશ્વર મંદિરના પાછળના ભાગે નાની જગ્યામાં શરૂ થયેલા કેન્દ્રને સમયાંતરે બૅન્કર્સ કૉલોની સામે સુસજ્જ, વિશાળ ભવન પણ મળ્યું. આકાશવાણી દ્વારા આપણી ભાષાના અને રાષ્ટ્રીય કલાકારોને કચ્છને આંગણે લાવી, કલા પ્રત્યે રુચિ કેળવવામાં મહત્ત્વનું યોગદાન આપ્યું છે. ૧૯૭૦-૭૧ બાદ કચ્છી ભાષામાં ખેડૂત-મંડળ તથા અન્ય કચ્છી કાર્યક્રમો પ્રસ્તુત થવા લાગ્યા. આકાશવાણીના આ સબળ અને પ્રભાવકારી માધ્યમથી કેટલાય ખૂણામાં રહેલા કલાકારોની ઓળખ પ્રાપ્ત થઈ અને રાષ્ટ્રીય કક્ષાએ પણ કચ્છની કલા પહોંચી

૧૯. જ્યાં આપણા સાંસ્કૃતિક વારસાથી વિશ્વ પરિચિત થાય છે : કચ્છનાં મ્યુઝિયમો

નરેશ અંતાણી


આપણા પ્રાચીન સાંસ્કૃતિક કલાવારસાથી આજની પેઢી વિમુખ થતી હોય એવું લાગે છે, ત્યારે બીજી બાજુ આપણા આ સમૃદ્ધ વારસાનાં જતન અને રક્ષણ માટે મ્યુઝિયમોમાં એનું કાળજીપૂર્વકનું જતન કરવામાં આવી રહેલ છે.

મ્યુઝિયમો હવે અજાયબઘર કે માત્ર સંગ્રહસ્થાન નથી રહ્યાં. કેળવણીના ક્ષેત્રમાં મ્યુઝિયમોનું પ્રદાન પ્રતિદિન વધી રહેલ છે. મ્યુઝિયમ એ શાળાકીય, ઉચ્ચ શિક્ષણ અને લોકશિક્ષણનું અસરકારક માધ્યમ બન્યું છે. એટલે જ મ્યુઝિયમો વધુ લોકાભિમુખ બને, લોકો અને મ્યુઝિયમ વચ્ચેનું તાદાત્મ્ય વધુ ગાઢ બને એવા ઉદ્દેશથી સારાય ભારતવર્ષમાં દર વર્ષે જાન્યુઆરીની ૮મી તારીખથી ૧૪મી તારીખ સુધી 'અખિલ ભારતીય મ્યુઝિયમ સપ્તાહ' ઊજવવામાં આવે છે. આ દરમિયાન અનેક લોકરુચિકર કાર્યક્રમોનું આયોજન કરવામાં આવતું હોય છે.

ભારતમાં મ્યુઝિયમ પ્રવૃત્તિનું મંગલાચરણ ઈ. સ. ૧૮૧૪માં થયું. પ્રથમ કલકત્તાનું ઇન્ડિયન મ્યુઝિયમ સ્થપાયું અને ત્યારથી આજ પર્યંત ભારતમાં મ્યુઝિયમોની સ્થાપના થતી રહી છે. મ્યુઝિયમ એ શિક્ષણ અને સંસ્કારનું પ્રતીક મનાય છે અને એટલે જ વિશ્વમાં સૌથી વધુ મ્યુઝિયમો ધરાવતો દેશ ફ્રાંસ એ સૌથી વધુ સમૃદ્ધ અને સંસ્કારી દેશ છે. એ જ રીતે ભારતમાં પશ્ચિમ બંગાળ સૌથી વધુ મ્યુઝિયમો ધરાવે છે અને બીજે ક્રમે આપણું ગુજરાત આવે છે, જે આપણા માટે ગૌરવપ્રદ હકીકત છે. એનાથી વધુ ગૌરવજનક હકીકત એ છે કે આપણા રાજ્યમાં એકથી વધુ મ્યુઝિયમો અમદાવાદ, એ પછી વડોદરા અને પાંચ મ્યુઝિયમો ધરાવતું ભુજ શહેર ત્રીજા ક્રમે આવે છે. વળી રાજ્યનું સૌથી જૂનું મ્યુઝિયમ પણ ભુજ શહેરમાં છે.

મ્યુઝિયમ એ પ્રવર્તમાન સમાજમાં લોકશિક્ષણનું એક અસરકારક માધ્યમ બની રહે છે. રાષ્ટ્રના ભવ્ય ભૂતકાળ અને યુગોની ઉત્તરોત્તર પ્રગતિનું જ્ઞાન પુસ્તકોમાં મળે એ કરતાં મ્યુઝિયમમાં જીવંત રીતે મળે છે. ત્યારે કચ્છના ઇતિહાસ અને વિકાસની યાત્રાનો ખ્યાલ આપતાં અનેક મ્યુઝિયમો ભુજમાં આવેલાં છે, જેમનો પૂર્ણ પરિચય ઉપયોગી થઈ રહેશે.

ભુજમાં ખાસ કરીને નૃવંશશાસ્ત્ર તથા બહુહેતુક મ્યુઝિયમો આવેલાં છે. અહીં રાજ્ય સરકાર સંચાલિત એક મ્યુઝિયમ છે, જ્યારે અન્ય ચાર મ્યુઝિયમો ટ્રસ્ટ-સંચાલિત છે.



કચ્છ મ્યુઝિયમ

કચ્છના ઐતિહાસિક પાટનગર ભુજમાં ૧૮૭૭માં સ્થપાયેલું ગુજરાતનું તથા પશ્ચિમ ભારતનું સૌથી જૂનું, ભારતના સદી વટાવી ચૂકેલાં પ્રથમ દસ મ્યુઝિયમો પૈકીનું 'કચ્છ મ્યુઝિયમ' આવેલું છે.

કચ્છ મ્યુઝિયમનું સંચાલન રાજ્ય સરકારના યુવક સેવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ હેઠળ સંગ્રહાલય ખાતા દ્વારા કરવામાં આવે છે. જેની વડી કચેરી વડોદરા ખાતે આવેલી છે. આ ખાતાના સંચાલન હેઠળ રાજ્યભરમાં કુલ તેર મ્યુઝિયમો આવેલાં છે. કચ્છ મ્યુઝિયમ કચ્છનું એકમાત્ર સરકારી મ્યુઝિયમ છે.

એ મ્યુઝિયમનું નામ મુંબઈના તત્કાલીન ગવર્નર સર જેમ્સ ફર્ગ્યુસનના નામ પરથી 'ફર્ગ્યુસન મ્યુઝિયમ' પડ્યું. ૧૯૪૮માં ભારતનાં કેટલાંક રજવાડાંઓના વિલીનીકરણ વખતે કચ્છનું પણ વિલીનીકરણ થતાં ત્યારથી લોકોમાં આ મ્યુઝિયમ 'કચ્છ મ્યુઝિયમ' તરીકે ઓળખાયું, જે નામ આજપર્યંત ચાલુ રહ્યું છે.

કચ્છ એ ચારે બાજુ સમુદ્ર અને રણથી ઘેરાયેલા ટાપુ જેવો વિસ્તાર છે. કાચબા જેવો આકાર ધરાવતો આ વિસ્તાર 'કચ્છ' તરીકે ઓળખાય છે. અહીંની પ્રજા ખડતલ, સહનશીલ અને મહેનતુ છે. અહીંની ભોમકા ભાતીગળ સંસ્કૃતિ ધરાવતી વિવિધતાવાળી છે. આ સંસ્કૃતિને કચ્છ મ્યુઝિયમના જુદાજુદા પંદર વિભાગોમાં સુંદર રીતે રજૂ કરવામાં આવી છે. મ્યુઝિયમને કચ્છનો ભોમિયો – 'ગાઇડ' તરીકે પણ ઓળખવામાં આવે છે, કેમ કે પુરાતનકાળનાં અનેક સંભારણાંઓને જાળવી રાખતાં આ મ્યુઝિયમમાં શિલાલેખો, સિંધુ સંસ્કૃતિના અવશેષો, શિલ્પ-સ્થાપત્ય, વિશાળ કચ્છ પ્રદેશની વિવિધ માનવજાતિઓ, ચિત્રકલા, ધાતુ-શિલ્પ, સિક્કા, વસ્ત્રકલા, કચ્છી આભૂષણો, કચ્છની બેનમૂન ચાંદીકલા, કચ્છી હથિયારો, કચ્છનું વહાણવટું ઉપરાંત પ્રાકૃતિક વિજ્ઞાનને લગતા અનેક નમૂનાઓને સુંદર રીતે જાળવી રાખવામાં આવ્યા છે. ગુજરાતના આ પ્રાચીન મ્યુઝિયમના દરેક વિભાગની આછેરી ઝલક અહીં પ્રસ્તુત છે.

પ્રાચીનકાળમાં જ્યારે ધાતુની શોધ નહોતી થઈ ત્યારે માનવી પોતાની જરૂરિયાત માટે હથિયાર તરીકે પથ્થરનાં ઓજારો બનાવીને ઉપયોગ કરતા. દોઢ લાખથી દસ હજાર વર્ષ જૂના મનાતા આ સમયને પ્રાચીનાશ્મ, મધ્યાશ્મ તથા અંત્યાશ્મ તરીકે ઓળખવામાં આવે છે.

તમામ સમયનાં પથ્થરનાં ઓજારો કચ્છમાંથી મળે છે, જેને આ મ્યુઝિયમમાં પ્રદર્શિત કરવામાં આવ્યાં છે. આ ઉપરાંત આ સિંધુ સંસ્કૃતિનાં છિદ્રોવાળાં ઠીકરાં, શંખની બંગડીઓ, માટીનાં પાત્રો પણ પ્રાપ્ત થયેલ છે, જે અહીં મોજૂદ છે. ઉપરાંત કચ્છના ખીરસરા, નેત્રા અને ખડીર બેટના ધોળાવીરા ગામેથી સિંધુ સંસ્કૃતિનું મુદ્રાંક ૧૯૭૪માં મળેલ છે. ગુજરાતમાં આ પ્રકારનું મુદ્રાંક માત્ર લોથલમાંથી જ મળેલ છે. ભારતમાં પણ આ પ્રકારનું સીલ દુર્લભ છે. મુદ્રાંકમાં એકશૃંગી પશુ અને સિંધુ લિપિના અક્ષરો જોઈ શકાય છે.

શિલાલેખોના વિભાગની અંદર ઈ. સ. ૪થી સદીથી ૧૮મી સદી સુધીના શિલાલેખો પ્રદર્શિત કરવામાં આવ્યા છે. ગુજરાતમાં જે ક્ષત્રપ શિલાલેખો પ્રાપ્ત થયેલ છે તેમાં સૌથી વધારે કચ્છમાંથી ભુજથી ૮૮ કિ.મી. દૂર આવેલા અંધૌ ગામેથી પ્રાપ્ત થયેલ છે જે કચ્છમાં ક્ષત્રપોની મોટી વસાહત હોવાનાં પર્યાપ્ત કારણો રજૂ કરે છે. ગુજરાતમાં આભીરોનો એકમાત્ર લેખ ભુજથી ૧૦૦ કિ.મી. દૂર પશ્ચિમે આવેલા દોલતપર ગામેથી શક સંવત ૨૫૪, ઈ. સ. ૩૩૨નો આભીર રાજા ઈશ્વરદેવનો છે. પાળિયાના લેખમાં અણહિલવાડ પાટણના વાઘેલા રાજા સારંગદેવનો સંવત ૧૩૩૨, માગસર સુદ ૧૧, શનિવાર તા. ૧-૧૨-૧૨૭૫નો છે. આ ઉપરાંત બીજા અભિલેખો સંવત ૧૭૦૬, સંવત ૧૬૭૪ અને સંવત ૧૮૦૦ વગેરેના છે.

શિલ્પ-વિભાગમાં ઈ. સ. ૧૦મી સદી દરમિયાન કચ્છમાં કેરા, કોટાય, પૂંઅરો અને કંથકોટ ગામે સુંદર શિલ્પમય સુંદર મંદિરનું નિર્માણ થયેલ છે, જેના અવશેષો તથા જૈન અને વૈષ્ણવ સંપ્રદાયોનાં સ્થાપત્ય નજરે પડે છે. લખપતના દોલતપુર ગામેથી પ્રાપ્ત થયેલ ત્રીજી સદીનું સૂર્યમસ્તક બેનમૂન છે.

પ્રસ્તરશિલ્પની સાથે ધાતુશિલ્પના મનમોહક નમૂનાઓ અહીં પેશ કરેલ છે, જેમાં સમભંગમાં ઊભેલા અભયમુદ્રાવાળા ભગવાન બુદ્ધની કાંસ્ય પ્રતિમાના કમલાસન પર બ્રાહ્મી લિપિમાં લખાણ છે.

તેમાં આ પ્રતિમા નાગસિંઘ નામક ભિક્ષુકે પોતાની માતા સમાન ગુરુ કીર્તિદેવની સ્મૃતિમાં કરાવ્યાની નોંધ છે. પ્રતિમાનું લખાણ બ્રાહ્મી લિપિમાં હોઈ એનો સમય ઈ. સ. ૬ઠ્ઠી-૭મી સદીનો મનાય છે.

રાવશ્રી ભારમલજી પહેલાએ સને ૧૬૧૭માં ચાંદીની કોરીનું ચલણ શરૂ કર્યું, ત્યારથી સને ૧૯૪૯ સુધીનો સંગ્રહ અહીં મોજૂદ છે. દેશી રાજ્યોમાં નિઝામ હૈદરાબાદ પછી કચ્છ એવું રાજ્ય હતું કે જેના ચલણમાં નોટોનું નાણું શરૂ કરેલ, પરંતુ તે કોઈપણ કારણે અમલમાં આવી શકેલ નહીં.

કાષ્ઠકળાનાં નારાયણસરોવર ગામેથી મળેલ ૧૯મી સદીનાં દ્વારની જોડ પરની કોતરણીમાં મૂકેલ પુષ્પની દરેક ભાત અલગ છે. એ જ પ્રમાણે બીજાં દ્વારોની પણ ફૂલપત્તીની કોતરણી અજોડ છે, તેમ અશ્વમુખવાળા ડામચિયા પણ સુંદર છે.

કચ્છપ્રદેશની જત, કણબી, વણિક, રબારી, ભરવાડ, કોળી, આહીર, મેઘવાળ તથા ભણશાળી કોમોના પહેરવેશ તેમ જ નિવાસ રજૂ કરતા ડાયોરમાઓ નૃવંશવિભાગમાં રાખવામાં આવ્યા છે. ઉપરાંત અહીં કચ્છી ગાડાંઓ પણ છે. આ કોમોની પરંપરાગત ઘરવખરી તેમ જ આભૂષણો પણ આ વિભાગમાં છે. આ વિભાગની ગોઠવણી પુનઃ સુંદર રીતે કરવામાં આવી છે.

ચિત્રકળા વિભાગમાં જુદાજુદા રાગ તેમ રાગિણી દર્શાવતી રાગમાળાનાં ચિત્રો તેમ જ ઉદયપુર, મેવાડ વગેરે શૈલીનાં ચિત્રો, કચ્છના મહારાવોનાં ચિત્રો, કચ્છી મહાપુરુષો અલારખ્ખા, શિવજી, ઉમરશી, જરાદી, ક્રાંતિવીર શ્યામજી કૃષ્ણવર્મા, કચ્છના ક્રોમવેલ જમાદાર ફતેહમામદનાં ચિત્રો તથા સાઠ ફીટ લાંબો તાજિયાનો પટ તથા એકાવન ફીટ લાંબો કાગળ પરનો નાગપંચમીની સવારીનો પટ ધ્યાન ખેંચે છે.

આ બે ચિત્રપટ એ સમયના લોકોના સ્થાન પ્રમાણેના પહેરવેશ વગેરેનું નવજીવન રજૂ કરે છે. કચ્છ-શૈલીમાં દોરાયેલાં 'રામાયણ'નાં બાલકાંડનાં લઘુચિત્રો પણ અહીં પ્રદર્શિત છે.

પ્રાકૃતિક ઇતિહાસ વિભાગમાં વન્ય પ્રાણીઓ સિંહ, વાઘ, દીપડા, રીંછ, વિવિધ પક્ષીઓ, અજગર, મગર, કીડીખાઉ અથવા પેંગોલિન, જંગલી ગધેડા, ઓરિક્સ વગેરેના નમૂનાઓ ગ્રાઉન્ડ અને ફોર-ગ્રાઉન્ડમાં રજૂ કરેલ છે. આ નમૂનાઓ એનાં પ્રાણી પોતાના અસલ કુદરતી રહેઠાણમાં હોય એવા જ લાગે છે. આ વિભાગ સંગ્રહાલયના શતાબ્દીભવનમાં સુંદર રીતે ગોઠવવામાં આવ્યો છે.

૧૯૮૩ના વરસમાં કીડીખાઉ પ્રાણી ભુજમાં જોવા મળેલ હતું. આ પ્રાણીનો ખોરાક કીડી, ઝીણાં જીવડાં તથા ઊધઈ છે.

વસ્ત્રકળા તથા લોકકળા વિભાગમાં અજોડ આભલાં-ભરતના નમૂનાઓ, આહીર ભરત, રબારી ભરત, મોચી ભરત, કાપડ પર થતું રોગાની કામ, બાંધણી, ચણિયાચોળી ઉપરાંત બળદ-ઊંટનો શણગાર અહીં નજરે પડે છે.




કચ્છ મ્યુઝિયમનાં ચાંદી-વિભાગમાં પ્રદર્શિત થયેલ કચ્છી ચાંદીકલા 'કચ્છવર્ક'નો નમૂનો

માટીનાં વિવિધ પ્રકારનાં રમકડાં, હાથીદાંતની વસ્તુઓ તેમ જ મોતીકામના વિવિધ નમૂનાઓ આકર્ષક લાગે છે. વિવિધ ધાતુના નમૂનામાં ધાતુનાં વાસણો, કાઠી કોમમાં વપરાય છે એવા ડબરા, અલંકૃત દીવીઓ, લૅમ્પ, કમંડળ, ફુવારો, એસ્ટ્રોલેબ અને સને ૧૮૧૧માં કચ્છના ભુજમાં બનતી ઘડિયાળનો નમૂનો ધ્યાન ખેંચે છે. આ ઘડિયાળનું ડાયલ ચાંદીનું છે.

સોના તથા ચાંદી અને મીનાકામની કળામાં વિવિધ વસ્તુઓ રજૂ કરેલ છે. કચ્છનું ચાંદી પરનું

કોતરણીકામ જગવિખ્યાત છે, જે 'કચ્છ વર્ક' તરીકે ઓળખાય છે (ચિત્ર ૧૮-૨૦). ઉમરશી જરાદી આ કામ માટે જાણીતા કલાકાર હતા. ચાંદીની સુરાહી, નિમકદાની, ઘોડાનો હાર, અલંકારો, ચાંદીનાં તાળાં, સાબુદાની, ચાંદીની પ્લેટમાં રજૂ થયેલ દુષ્યંત-શકુંતલાનું દશ્ય, મીનાકારી કામનાં બટન, સોનાનો મુકુટ, હીરા વગેરે શોભાયમાન છે.



કચ્છ મ્યુઝિયમના ચાંદી-વિભાગમાં પ્રદર્શિત થયેલી કચ્છી ચાંદીકળા 'કચ્છવર્ક'નો નમૂનો : ચાંદીની તાસકમાં દુષ્યંત-શકુંતલાનું દશ્ય

કચ્છના સાગરખેડુઓ જાણીતા છે. કચ્છી વહાણોના નમૂનાઓની પ્રતિકૃતિ, જેવી કે મચ્છીઆરી, હોરા, દંગી, ધંગી, બંગલો વગેરે દર્શાવેલ છે.

શિષ્ટ સંગીતનાં સાધનો ઉપરાંત નાગફેણી, એકતારો, ચંગ, ઢોલક, નગારાં, ત્રાંસાં જેવાં લોકવાદ્યો અહીં છે. કચ્છી લોકવાદ્ય સુરંદો, જોડિયા પાવા, કાની વગેરે ઉમેરવામાં આવ્યાં છે.

હથિયાર-વિભાગમાં વિવિધ પ્રકારનાં કચ્છી શસ્ત્રો અને આયુધો પ્રદર્શિત થયેલ છે. હવે એ ઉદ્યોગનું સ્થાન સૂડી-ચપ્પુએ લીધું છે. ૧૯૭૧માં ભારત-પાક યુદ્ધ દરમિયાન પાકે ભુજ પર ફેંકેલ ૭૫૦ રતલના વજનના નેપામ બૉમ્બના ટુકડાઓ અહીં પ્રદર્શિત થયેલ છે. નાની 'ગડૂદિયો તોપ' ધ્યાનાકર્ષક છે.

આ મ્યુઝિયમના પ્રાંગણમાં સને ૧૬૨૨ની સાલ ધરાવતી પૉર્ટુગીઝ તોપ તથા કિલ્લા પરથી નીચે પડી ફાટે એવી ધંટાકાર તોપ 'મોર્ટાર' રાખવામાં આવી છે. હિજરી સન ૧૨૨૬ની બનાવટની મૈસૂરના સુલતાન ટીપુએ કચ્છના જમાદાર ફતેહમામદને ભેટ આપેલ અરબી લખાણવાળી 'હૈદરી' તોપ અહીં પ્રાંગણમાં રાખવામાં આવી છે.



કચ્છ મ્યુઝિયમનાં સોના-ચાંદી-વિભાગનો અદ્વિતીય 'કચ્છવર્ક'નો નમૂનો ચાંદીની ફ્રૂટ-ડીશ

સને ૧૯૭૭માં આ મ્યુઝિયમને ૧૦૦ વર્ષ પૂરાં થતાં એની શતાબ્દીની ઉજવણી ૧૯૭૮માં થઈ. આ મ્યુઝિયમના નવા મકાનની પાયાવિધિ થઈ હતી. એમાં પ્રાકૃતિક ઇતિહાસ વિભાગ શરૂ કરાયો છે. એમાં કચ્છમાંથી પ્રાપ્ત જીવાશ્મો તથા કચ્છના ખડકો અને ખનીજોના નમૂનાઓ પ્રદર્શિત કરાયા છે. આ ઉપરાંત આગળ જોયું એમ પ્રાણીઓના ડાયરામાઓ છે. મ્યુઝિયમના મધ્યખંડની મધ્યમાં માંડવીના જૈન દેરાસરમાંથી મળેલ કાષ્ઠકળાના સુપ્રસિદ્ધ ઐરાવત હાથીને વિશાળ કાચના આવરણની નીચે મૂકવામાં આવેલ છે. આ ઐરાવતની ભારત સરકારે ૨૫ પૈસાની ટપાલટિકિટ બહાર પાડી હતી.

મ્યુઝિયમથી ઘનશ્યામનગર જતા રસ્તાને 'કચ્છ મ્યુઝિયમ માર્ગ' નામ આપવામાં આવ્યું છે.

કચ્છ મ્યુઝિયમ દ્વારા શૈક્ષણિક કાર્યક્રમોનું પણ આયોજન થતું રહે છે, જેમાં ચર્ચાસભા, વ્યાખ્યાનો,

પ્રદર્શનો, કચ્છની હસ્તકલાઓનું પ્રદર્શન તથા નિર્દેશન, વિવિધ સ્પર્ધાઓ વગેરે અવારનવાર યોજાય છે.

દર જાન્યુઆરી માસ દરમિયાન ભારતભરનાં મ્યુઝિયમો 'મ્યુઝિયમ સપ્તાહ'નું આયોજન કરે છે. એ દરમિયાન ભુજના આ મ્યુઝિયમમાં પણ સપ્તાહ દરમિયાન મુલાકાતીઓને મ્યુઝિયમમાં પ્રવેશ વિનામૂલ્યે મળે છે.

મ્યુઝિયમની પ્રવેશ-ફી પાંચ રૂપિયા છે. સંશોધકો-વિદ્યાર્થીઓ માટે પ્રવેશ-ફી રૂપિયો એક છે. બુધવાર અને સરકારી જાહેર રજામાં સંગ્રહાલય બંધ રહે છે.

આયનામહેલ

આયનામહેલ એટલે અરીસાનો મહેલ અને એ ભુજ શહેરની મધ્યમાં દરબારગઢના ચોકમાં આવેલ છે. આ આયનામહેલને તા. ૧-૧-૭૭ના રોજ કચ્છના મહારાવશ્રી મદનસિંહજીસાહેબે કચ્છની પ્રજાને અર્પણ કરેલ છે.

આ આયનામહેલનું બાંધકામ રાવશ્રી લખપતજીએ ઈ. સ. ૧૭૫૦ની આસપાસ એટલે કે આજથી અઢીસો વર્ષ પહેલાં કરાવ્યું હતું. રાવશ્રી લખપતજીના પિતા રાવશ્રી દેશળજી વિશે કચ્છની પ્રજાને ઘણું જ માન હતું. રાવશ્રી દેશળજી એટલા તો પ્રજાવત્સલ હતા કે પ્રજાની એક ઉક્તિ થઈ હતી કે 'દેશરા પરમેશ્વરા'. આ સમયે એટલે કે અઢારમી સદીમાં ભારતનો ઇતિહાસ અંધાધૂંધીથી ભરેલો હતો, ત્યારે કચ્છમાં તદ્દન ઊલટું જ હતું. રાવશ્રી દેશળજીના સમયમાં કચ્છનો વિકાસ શરૂ થયો એમ કહીએ તો ખોટું નથી. એમના સમયમાં ભુજ શહેરને ફરતા કોટ, આલમપનાહનો ગઢ અને ભુજિયાનો ગઢ બંધાયા. અમદાવાદનો સૂબો શેરબુલંદખાન કચ્છ પર ચડી આવ્યો. ત્યારે ભુજિયાના ગઢનું કામ પૂરું થયું ન હતું. તે વખતે કચ્છના ભાયાતો સાથે રાવશ્રી દેશળજીને સારો સંબંધ હતો.

મુઘલ સલ્તનતમાં ઔરંગઝેબ પછી મહમદશાહ ગાદીએ આવ્યો, ત્યારે મુઘલ સલ્તનત નબળી પડી અને તેના તાબાનાં જુદાંજુદાં રજવાડાં સ્વતંત્ર બન્યાં. શેરબુલંદખાન ગુજરાતનો સૂબો બન્યો અને કચ્છ પર ચડી આવ્યો.

પરંતુ રાવશ્રી દેશળજી સામે એ ફાવ્યો નહીં. રાવશ્રી દેશળજીએ પોતાના પુત્ર લખપતજીને મહમદશાહના મૃત્યુ પછી એની વાંસે દિલ્હીમાં રાજ્યઉત્સવ યોજાયો એમાં મોકલ્યા હતા. આ ઉત્સવમાં રાવશ્રી લખપતજી પર મુઘલ બાદશાહ ખુશ થયા અને કચ્છના મહારાજાઓને 'મિરજા' ઇલકાબ તથા 'માઈ મુરાતીબ' – સોનાની માછલી ભેટ આપી. રાવશ્રી દેશળજી પછી લખપતજી ગાદીએ આવ્યા. રાવશ્રી લખપતજી સાહિત્ય, સંગીત, સંસ્કૃત તથા વિવિધ કળાના શોખીન હતા અને એમણે શરૂઆતથી જ કચ્છમાં હુન્નર તથા કારીગરીને વિકસાવવાનું કામ શરૂ કર્યું. રાવશ્રી લખપતજીમાં કલાકારોમાં છૂપી કલા શોધી કાઢવાની કુનેહ હતી અને એ કારણે એમણે એક રામસિંહ નામના માલમને શોધી કાઢ્યો અને એને કાચ, લોખંડ વગેરે ઉદ્યોગોમાં નિપુણતા મેળવવા માટે ઉત્તેજન આપ્યું. એ રામસિંહે દેશ-પરદેશમાં જઈ ત્યાં જુદીજુદી જાતનું જ્ઞાન મેળવ્યું. શરૂઆતમાં તો એ તોપ બનાવનાર કારીગર તરીકે કામ કરતો, પરંતુ ધીમેધીમે માટીકામ, મીનાકામ, કાચકામ, ચાંદીકામ વગેરે કળામાં પણ એણે નિપુણતા મેળવી હતી. રાવશ્રી લખપતજીએ ઈ. સ. ૧૭૪૧થી ૧૭૬૦ સુધી રાજ્ય કર્યું. પરંતુ આ ૨૦ વર્ષની અંદર કચ્છની કળાકારીગરી સમૃદ્ધિની ટોચે પહોંચી. લખપતજીને સાહિત્યપ્રેમીઓ તથા કળાસ્વામીઓ તરફ માન હતું. ભારતમાં તથા કદાચ દુનિયામાં પ્રખ્યાત એવી વ્રજ-ભાષાની પાઠશાળા પણ એમણે સ્થાપી અને આ પાઠશાળામાં કવિઓનું સર્જન થયું. ગુજરાતના જાણીતા કવિ દલપતરામ પણ આ શાળાના વિદ્યાર્થી હતા.

રાવશ્રી લખપતજીએ મુઘલ બાદશાહનો દબદબો જોઈ કચ્છમાં પણ એમણે કંઈક કરવાનો મનસૂબો કર્યો. એમની મહેચ્છા કચ્છમાં એક મોટો મહેલ બાંધવાની હતી અને એ ઉદ્દેશને પાર પાડવા માટે

રામસિંહ માલમે તૈયારી બતાવી અને આખરે ભુજના આયનામહેલની શરૂઆત થઈ.

આયનામહેલમાં જવા માટે દરબારગઢના મુખ્ય દરવાજામાંથી પસાર થઈ સામે પ્રાગમહેલ આવે છે, એની બાજુમાંથી પસાર થઈ પછી એક ચોક કે જેમાં રાજાશાહી વખતમાં દિવાળીના દિવસોમાં તોપખાનું ફોડાતું એ ચોકમાંથી પસાર થઈ, પગથિયાં ચડી, પહેલે મજલે આયનામહેલમાં જઈ શકાય છે.

આયનામહેલ એ પ્રથમ એક સાધારણ જૂનો મહેલ હતો. એના અમુક ખાસ ભાગને પસંદ કરી આયનામહેલ બનાવવામાં આવ્યો છે. આ આયના-મહેલમાં દીવાને આમ, દીવાને ખાસ, ઉનાળામાં તાપથી બચવા પાણીના ફુવારાવાળી ખાસ વ્યવસ્થાવાળી બેઠક, ખાનગી રૂમ અને આયના હૉલ એમ વ્યવસ્થા કરી. રૂમની ચારે બાજુ છૂટથી ફરી શકાય એવી લૉબીઓ છે. મુંબઈ ગેઝેટિયરની નોંધ પ્રમાણે આ આયનામહેલ તૈયાર કરવાનું બે લાખ પાઉન્ડ એટલે એ વખતની ૮૦ લાખ કોરી એટલે લગભગ પચીસ લાખ રૂપિયા જેટલું ખર્ચ કરવામાં આવ્યું અને આ કામ સને ૧૭૫૦ની આસપાસ પૂરું થયું.

આયનામહેલની રચનાનો સાધારણ ખ્યાલ આમ આપી શકાય : પ્રથમ મુઘલકાલીન પ્રવેશદ્વાર વટાવ્યા બાદ દીવાને આમ આવે છે. અહીં લાકડા પર કોતરકામ સારું છે. ત્યાર બાદ સાદા ફુવારા અને હોજવાળો રૂમ આવે છે. અહીં હોજની વચ્ચે બેઠક છે. ચારે તરફ થાંભલા તેમ જ ભીંતો ઉપર હસ્તચિત્રો અને તસવીરો મૂકવામાં આવ્યાં છે. હોજના કિનારાની પાળી ઉપર મીણબત્તીઓ મૂકવાની વ્યવસ્થા કરવામાં આવી છે. શીતળ ફુવારા ઊડતા હોવાથી ગરમીના દિવસોમાં પણ ઠંડક અનુભવાય છે.

ફુવારાનું પાણી આયનામહેલથી લગભગ એક હજાર ફીટ છેટેથી એક ઊંચી ટાંકીમાંથી આવે છે. આ ટાંકીની નીચે એક કોઠાવાવ નામનો કૂવો છે, જેમાં રેંટ ચલાવવાથી કૂવા ઉપરની ઊંચી ટાંકીમાં પાણી પડે છે. આ પાણી તેને માટેના પાઇપોમાંથી દરબારગઢમાં આયનામહેલ સુધી લઈ જવામાં આવેલ છે. એ વખતે લોખંડના પાઇપો ન હતા, પરંતુ માટીના પાઇપો પણ બહુ જ સારા અને પાકા બનાવવામાં આવ્યા છે. આયનામહેલની અંદર જ્યારે સંગીત હોય, ફુવારાનું પાણી ઊડતું હોય, અરીસામાં સેંકડોની સંખ્યામાં દીવાઓનું પ્રતિબિંબ પડતું હોય અને ઠંડી ખુશનુમા હવા ચાલતી હોય, ત્યારે આ બધાથી વાતાવરણ ઘણું જ આહ્‌લાદક બને છે. ફુવારાનું પાણી મહેલ બહાર નીકળી જાય એને માટે યોગ્ય ગટરો પણ કરવામાં આવી છે. રાજાશાહીના વખતમાં કાળી-ચૌદશ અને દિવાળીને દિવસે કચેરી બેસે એટલે કે રાજા પોતે બેસતા અને સંગીત ચાલુ થતું.

ફુવારાના હૉલ બાદ એક આયનાવાળો હૉલ છે. જેનું માપ ૪૬ ફીટ X ૪૦ ફીટ અને ઊંચાઈ ૧૬ ફીટની છે. આ રૂમની બહાર થાંભલાઓ ઉપર આયના જડવામાં આવ્યા છે. આ લાદીઓ ઉપર સુંદર ઓપ ચડાવવામાં આવ્યો છે. દીવાલોમાં આરસ જડવામાં આવ્યો છે અને વચ્ચેવચ્ચે ફૂલવેલ જડવામાં આવેલ છે. પાછળ લૉબીમાં પ્રકાશનિયંત્રણ થાય એવા વિવિધ રંગના કાચ જડવામાં આવ્યા છે. આ કાચ પણ સ્થાનિક બનાવટના છે. આમ, ૨૦૦ વર્ષ પર કચ્છની કળા-કારીગરી કેટલી ઉચ્ચ કક્ષાની હશે એનો ખ્યાલ આવી શકે.

અહીં ભુજના એક સુથારે બનાવેલ લાકડાનાં કમાડ છે, જેના પર અદ્‌ભુત કોતરણી છે અને એમાં હાથીદાંતની નકશી મૂકવામાં આવી છે. આ કારીગરીની ખાસિયત એ છે કે હાથીદાંતની તદ્દન પાતળી ચીપોમાંથી હાથી, ઘોડા અને અન્ય પશુ તથા માનવઆકૃતિ બનાવી જડવામાં આવી છે. આજે કોઈ કારીગર આવું કમાડ તૈયાર કરે તો એને ૨થી ૩ વર્ષ લાગી જાય. કહેવાય છે કે આ કમાડ ઈ. સ. ૧૭૦૮માં ભુજના માધવ નામના સુથારે માત્ર ૪૦૦ કોરી એટલે અંદાજે રૂપિયા ૧૦૦નું મહેનતાણું લઈ કરી આપેલ છે.

હૉલના થાંભલા તેમ જ દીવાલોમાં અરીસા જડવામાં આવ્યા છે. છત ઉપર પણ આરસ તેમ જ વેલબુટ્ટાનું કામ છે. વચ્ચેના ૮ ફીટ X ૮ ફીટના રૂમની

અંદર બાજુની ભીંતો ઉપર આરસનું કામ છે. કાળા સોનેરી રંગની મુઘલાઈ ઢબની ફૂલવેલ અને કાચનાં સુંદર પાંદડાં જડી મૂકવામાં આવ્યાં છે. બાજુની ભીંતોમાં પણ આયના જડવામાં આવ્યા છે. વચ્ચે રાવશ્રી લખપતજીનો ઢોલિયો નીચે મૂકવામાં આવ્યો છે. આ ઢોલિયા ઉપર એઓશ્રીને ભેટ મળેલી રત્નજડિત મૂઠવાળી તલવાર અને ઢાલ રાખવામાં આવેલ છે. આ જગ્યાએથી જ મહારાવશ્રીએ સાહિત્યસાધના કરી હતી તેમ જ ખાનગી બેઠકો પણ અહીં જ મળતી હતી.

આ ઉપરાંત પ્રજા તરફથી મળેલ ભેટના નમૂનાઓ જેવા કે કાચકામના નમૂનાઓ, હાંડીઓ, ઝુમ્મરો, ઘડિયાળ વગેરે રાખવામાં આવ્યા છે. એક ઘડિયાળ તો એવું છે કે જે સમય, તારીખ, તિથિ, સૂર્ય-ચંદ્રનો ઉદય અને અસ્ત તથા મહિનો બતાવે છે. ચારે દિશામાં જુદાજુદા ચંદાઓ રાખવામાં આવ્યા છે.

આયનામહેલની રચના કરવામાં આવી ત્યારે વીજળીની શોધ થઈ ન હતી, એટલે એ વખતે રોશની કરવા માટે મીણબત્તી તથા તેલના દીવા મૂકવામાં આવતાં હતાં. મીણબત્તીઓ મૂકવા માટે હાંડી તથા ઝુમ્મરની રચના કરવામાં આવી છે. આ ગોઠવણી એવી સુંદર કરવામાં આવી છે કે બધે સ્થળે પ્રકાશ ફેલાઈ જાય. આયનામહેલને દિવસે જોવા કરતાં મીણબત્તીની રોશનીમાં રાત્રે જોવો આહ્લાદક લાગે છે. આયનામહેલમાં એ વખતે જવાથી મુઘલ દરબારમાં જાણે પ્રવેશ્યા હોઈએ એવો અનુભવ થાય છે !

આયનામહેલમાં કેટલાક નવા વિભાગો ઉમેરી તા. ૧-૧-૭૭ના 'મદનસિંહજી મ્યુઝિયમ' અને તા. ૧-૧-૮૨ના 'કલાઅટારી કચ્છકની રચના કરવામાં આવેલી. આ નવા વિભાગોમાં નાગપંચમીની નીકળતી સવારીની કચ્છી કમાંગરી શૈલીનાં ચિત્રપટો ઉપરાંત સવારીની પાલખી, ગરમ પાણી માટેનું વરાળયંત્ર, રાજવી પોશાક, તે રાજ્યકાળના કેટલાક દસ્તાવેજો, અલભ્ય તસવીરો, કચ્છી રાજવીઓની તસવીરો, સવારીમાં નીકળતાં નિશાન-ડંકા, માહિ મુરાતીબ, કચ્છી ચલણના સિક્કા, લગ્નની ચોરી વગેરે મૂકવામાં આવેલાં છે.

છેલ્લે કેટલાક સમયથી આયનામહેલના સંચાલકો દ્વારા 'કચ્છી પ્રવાસી માહિતી કેન્દ્ર' શરૂ કરવામાં આવેલ છે. આ માહિતીકેન્દ્રમાં કચ્છ આવતા પ્રવાસીઓને વિનામૂલ્યે કચ્છના પ્રવાસનું માર્ગદર્શન આપવામાં આવે છે.

આ આયનામહેલ દ્વારા મહેલ તથા મ્યુઝિયમ અંગે પ્રકાશ તથા રંગીન પોસ્ટકાર્ડ પ્રકાશિત કરવામાં આવેલ છે. અહીં શૈક્ષણિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ પણ હાથ ધરાય છે.

દર ગુરુવારે બંધ રહેતા આયનામહેલનો સમય સવારના ૯થી ૧૨ તથા બપોરનો ૩થી ૬-૩૦નો છે. પ્રવેશ ફી રૂ. ૧૦/- છે.

ભારતીય સંસ્કૃતિ દર્શન

કચ્છની સંસ્કૃતિને કવિવર ઉમાશંકર જોશી, કલાગુરુ રવિશંકર રાવળ, સાહિત્યકાર-પત્રકાર હરીન્દ્ર દવે વગેરેએ નવાજી છે. ઉમાશંકર જોશીએ કચ્છના સંશોધનક્ષેત્રે 'વનરાજ' તરીકે નવાજ્યા છે એવા કચ્છના ઇતિહાસકાર, પુરાતત્ત્વવિદ સ્વ. રામસિંહજી રાઠોડની કચ્છના ઇતિહાસની સામગ્રીમાં શહાદતની તવારીખ આપતા પાળિયા, પ્રાચીન તથા અર્વાચીન સિક્કાઓ, કચ્છરાજ્યનાં ગ્રંથભંડારો, શિલાલેખો, તોશાખાનાં, દફ્તરો, ધર્માદા મઠ અને જાગીરોમાં વેરણછેરણ પડેલી પુરાવસ્તુઓ લુપ્ત થાય એ પહેલાં એક પ્રાદેશિક સંગ્રહાલયમાં સાચવી જાળવણી કરવી જરૂરી લાગી, તેથી કચ્છી લોકસાહિત્ય, બોલી વગેરેને નવી અસર લાગે તે પહેલાં તેમની જાળવણી કરવા સંગ્રહાલય ઊભું કરવા સ્વ. રામસિંહજી રાઠોડે પોતાની યુવાવસ્થાથી જ પ્રયત્નો શરૂ કર્યા હતા.

ભારતીય સંસ્કૃતિ દર્શનનો ઇતિહાસ પણ રસપ્રદ છે. એમણે લખેલ ગ્રંથ 'કચ્છનું સંસ્કૃતિદર્શન' ૧૯૫૯માં પ્રગટ થયો અને કીર્તિ પ્રાપ્ત થઈ. ૧૯૬૦માં દ્વિભાષી મુંબઈ રાજ્યના શ્રેષ્ઠ ગ્રંથ તરીકે પ્રથમ પારિતોષિક આ ગ્રંથને મળ્યું. ૧૯૬૨માં ભારતીય સાહિત્ય અકાદમીનો ઍવૉર્ડ એ ગ્રંથને મળ્યો, જ્યારે ૧૯૬૩માં ગુજરાત સાહિત્ય સભા દ્વારા શિરમોર સમાન 'રણજિતરામ


સુવર્ણચંદ્રક' પણ આ ગ્રંથ માટે રામસિંહજીભાઈને અર્પણ કરાયો. દ્વિભાષી મુંબઈ રાજ્ય અને ભારતીય સાહિત્ય અકાદમી દ્વારા મળેલાં પારિતોષિકોના સાત હજાર રૂપિયાની રકમ સાથે એમણે 'કચ્છ સંસ્કૃતિદર્શન : રામસિંહજી રાઠોડ ટ્રસ્ટ'ની સ્થાપના કરી. આ ટ્રસ્ટને ભારતીય સંસ્કૃતિ ભવન ઊભું કરવા ગુજરાત સરકારે ભુજના પાદરે રાહત-દરે જમીન આપી. પોતાની અંગત બચતમાંથી રૂ. ૫૧ હજાર ભેટ આપ્યા અને સરકારે રૂ. ૧ લાખ ૩૫ હજારની ગ્રાંટ મંજૂર કરી. પોતાની ૭૬ વર્ષની વયને લક્ષમાં રાખીને, એમનાં જીવનભરનાં શ્રમભર્યાં સંશોધનો સચવાઈ રહે અને એમનો ઉપયોગ સંશોધકો કે અભ્યાસીઓ કરી શકે એવી વ્યવસ્થા કરવા 'ભારતીય સંસ્કૃતિ ફાઉન્ડેશન, ભુજ-કચ્છ'ની સ્થાપના કરવામાં આવી, જેમાં આ ક્ષેત્રના અભ્યાસી અને રસિયા એવા ૨૧ સભ્યોનો સમાવેશ થાય છે.

આ સંસ્કૃતિદર્શનનું બહારનું કલેવર અને અંદરના વિભાગો ભારતીય સંસ્કૃતિનો અંતર્ગત ભાગ હોવા છતાં આવી અનોખી ભાત પાડતી કચ્છી સંસ્કૃતિનું ભારોભાર દર્શન થાય છે. આ કેન્દ્રના જાહેર માર્ગ પર પડતા મુખવટાની રચના જુઓ. પ્રવેશદ્વારના ગ્રીલના દરવાજા પર અંકિત પ્રતીકો, ડેલીમાં પ્રવેશતી દરબારી ઠાઠના બે વિશાળ ઓટલા, એની દીવાલો પર રબારી લીંપણકલાના પ્રતીકાત્મક નમૂના અને તેરાના કિલ્લાની અંદરના 'રામરાંધ'(રામલીલા)ના કચ્છ કલા-કારીગરીનાં ભીંતચિત્રો, કચ્છ-સૌરાષ્ટ્રની લોકકલાના અભ્યાસી શ્રી ખોડીદાસ પરમારના માર્ગદર્શન હેઠળ તૈયાર કરાયેલાં રંગીન રેખાંકનો, સંગ્રહાલયના કેન્દ્રિત મકાન પર સૈંધવી (સિંધઉ) સંસ્કૃતિની લિપિમાં અંકિત સીલની મુકાયેલી બે અનુકૃતિઓ, સંગ્રહાલયમાં કચ્છની મોતી, ધાતુ, વસ્ત્રો, કાષ્ઠ, માટી વગેરેની કચ્છી હસ્તકારીગરીના અવશેષો અને કસબના નમૂનાઓ, ભૂસ્તરનકશાઓ, પરવાળાનાં અશ્મીભૂત, લોકવાદ્યો, ૧૦૦ વર્ષ પહેલાંના કચ્છી કારીગરોનાં પેઇન્ટિંગ્સ, ઇતિહાસ, કચ્છી ભાષા અને અસલ નાગરી લિપિના મૂળાક્ષરો, કચ્છમાં લોકશાહીની અસર જેવા 'બારભાયા' શાસનનો ઉલ્લેખ કરતો શિલાલેખ, કચ્છમાં સારી રીતે પ્રચલિત સ્વામિનારાયણ સંપ્રદાયને લગતાં લખાણો – એવી વિવિધ સામગ્રી અહીં સંઘરવામાં આવી છે. બીજા વિભાગોમાં કચ્છને લગતાં કચ્છી અને ગુજરાતી કે અન્ય ભાષાનાં હસ્તલિખિત સહિતનાં અઢીએક હજાર પુસ્તકો, જાણીતા કચ્છી લેખકોની ખ્યાતનામ કચ્છી ચિત્રકાર સદ્‌ગત એલ. સી. સોની દ્વારા તૈયાર થયેલી રંગીન તસવીરો (પેઇન્ટિંગ), કલાગુરુ રવિશંકર રાવળે કચ્છનાં કથાનાયકોનાં દોરેલાં ચિત્રોની કૃતિઓ વગેરે સમૃદ્ધ વારસો સચવાયો છે, જ્યાં સંશોધકોને અભ્યાસ માટે બેસવાની સગવડ પણ આપવાની વ્યવસ્થા છે. એ જ રીતે, આ કેન્દ્રની સામે આવેલા વરંડામાં કચ્છનું ગ્રામીણ જીવન તાદશ કરાયું છે.

આમ, 'ભારતીય સંસ્કૃતિદર્શન' એક અનન્ય એવું વિદ્યાધામ છે, જેની વિશિષ્ટતા એ છે કે એની સમગ્ર રચના તેમ સંગ્રહ એકલા હાથનું સર્જન છે. જુલાઈ ૨૦૦૦થી આ સંગ્રહાલયનો નવા ભવનમાં વિસ્તાર કરવામાં આવ્યો છે. મ્યુઝિયમ નિહાળવાની ફી રૂ. ૫/- છે.

પ્રાગમહેલ

મહારાવશ્રી પ્રાગમલજી બીજા(ઈ. સ. ૧૮૬૦-૧૮૭૫)ના શાસનકાળ દરમિયાન બાંધવામાં આવેલા પ્રાગમહેલનો દેખાવ બહારથી ચર્ચ જેવો લાગે છે. તેની બાંધણી ઇટાલિયન છે. આ મહેલની બાંધણીના પથ્થરો કચ્છના અંધૌ ખાતેથી લાવવામાં આવેલ છે. આ મહેલમાં કચ્છરાજ્યનો દરબાર ભરાતો, જ્યારે અમુક ખંડો મહારાવના અંગત ઉપયોગ માટે અનામત રહેતા. રાજ્યની લાઇબ્રેરી પણ આ મહેલમાં રહેતી. હાલ આ મહેલની મધ્યમાં આવેલ 'દરબાર હૉલ' લોકો માટે ખુલ્લો મુકાયો છે. મહેલની ઉપર આવેલ ટાવર લોકોને જોવા દેવાય છે. જોકે હાલ ટાવર બંધ છે, પરંતુ ટાવરની ટોચ પરથી ભુજનું દૃશ્ય ખૂબ જ નયનરમ્ય દેખાય છે.



શરદબાગ : સંગ્રાહલયની ઈમારત
જે એક સમયે કચ્છના છેલ્લા રાજવી
સ્વ. મદનસિંહજીનું સત્તાવાર નિવાસસ્થાન

શરદબાગ પૅલેસ

મહારાવશ્રી ખેંગારજી ત્રીજા(વિ. સં. ૧૮૭૬-૧૯૪૬)ના સમયમાં આ ઉદ્યાન તથા મહેલ બનાવવામાં આવેલ છે. કચ્છના છેલ્લા રાજવી મદનસિંહજીનું આ સત્તાવાર નિવાસસ્થાન રહેલ હતું. આ ઉદ્યાનમાં મનમોહક ફૂલોના છોડ, ઝાડ વગેરે રોપવામાં આવેલ છે. રાજાશાહી વખતમાં અહીં બોટૅનિકલ ગાર્ડન હતો. મહારાવશ્રી મદનસિંહજીના નિધન પછી આ ઉદ્યાન તથા પૅલેસ લોકો માટે ખુલ્લા મૂકવામાં આવેલ છે.

આ મહેલમાં મહારાવશ્રીની અંગત વસ્તુઓ અને ભેટ મળેલ વસ્તુઓ રાખવામાં આવેલ છે. આઠ ફીટ લાંબા હાથીદાંત સાથેનું ઘડિયાળ અદ્વિતીય છે. આમ, ભુજનાં વિવિધ મ્યુઝિયમોમાં કચ્છનો ભવ્ય કલાવારસો અકબંધ જળવાયો છે. શરદબાગ જોવાની ફી રૂ. ૫/- છે.

૨૬મી જાન્યુઆરી, ૨૦૦૧ના રોજ ગુજરાતમાં આવેલા વિનાશક ધરતીકંપે ભારે વિનાશ વેર્યો અને ખાસ કરીને કચ્છમાં ભુજ, અંજાર, ભચાઉ અને રાપર શહેરોને લગભગ નેસ્તનાબૂદ કરી નાખવા જેવી જ પરિસ્થિતિ ઊભી કરી. કચ્છમાં થયેલી વ્યાપક નુકસાનીથી ભુજ શહેરનાં આ સંગ્રહાલયો પણ બચી શક્યાં નથી. અગાઉનાં વર્ષોમાં આવેલા ધરતીકંપો સહન કરી ગયેલાં આ સંગ્રહાલયો આ ધરતીકંપ ખમી શક્યાં નહીં.

પુરવણી

કચ્છના સાંસ્કૃતિક વારસાનું સંરક્ષક કચ્છ સંગ્રહાલયનું નવાં રંગ-રૂપ સાથે નવસંસ્કરણ

રાજ્યના સૌથી પ્રાચીન કચ્છ મ્યુઝિયમમાં સંગ્રહાલયની વર્ષ ૨૦૦૧માં સવા-શતાબ્દીની ઉજવણી માટેના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું હતું એ જ અરસામાં તા. ૨૬મી જાન્યુઆરીના રોજ આવેલા વિનાશક ધરતીકંપથી કચ્છ સંગ્રહાલયના મૂળ ભવનની ઇમારતને વ્યાપક નુકસાન થયું હતું અને તેનો પ્રથમ માળ સંપૂર્ણ ધ્વસ્ત થતાં સંગ્રહાલયના અમૂલ્ય નમૂનાઓ કાટમાળમાં દટાયા. સંગ્રહાલયના શતાબ્દી ભવનને પણ વ્યાપક નુકસાન થયું. સંગ્રહાલયના કર્મચારીગણની સતર્કતાને કારણે સંગ્રહાલયના અમૂલ્ય નમૂનાઓને ગુમ થતા બચાવી શકાયા અને સદ્ભાગ્યે થોડીઘણી ભાંગતૂટને બાદ કરતાં એક પણ નમૂનો ગુમ ન થયો. પુરાતત્ત્વ ખાતાની સહાયતાથી સંગ્રહાલયના તમામ નમૂનાઓને કાટમાળમાંથી સહીસલામત રીતે બહાર કઢાયા. ત્યારથી સંગ્રહાલય મુલાકાતીઓ માટે બંધ રહ્યા પછી નવનિર્માણ પામેલ આ સંગ્રહાલયની લોકાર્પણવિધિ રાજ્યના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના હસ્તે કચ્છ મહોત્સવના વિવિધ કાર્યક્રમોના ભાગરૂપે ૨૦મી ફેબ્રુઆરી ૨૦૦૭ના લોકાર્પણ કરાયું હતું. આ સંગ્રહાલયના ભવ્ય ઇતિહાસ, તેના પુનર્નિર્માણની ગાથા અને તેના નવનિર્માણ પામેલા ભવનમાં તૈયાર કરાયેલા વિવિધ વિભાગોમાં પ્રદર્શિત કરાયેલા સંગ્રહની વાત અહીં કરી છે.

પુનર્રચના-કાર્યનો આરંભ

ધરતીકંપમાં ધ્વસ્ત થયેલ અને કાટમાળમાં ફેરવાયેલ કચ્છ મ્યુઝિયમને પુનઃ ધબકતું કરવા રાજ્ય સરકારે નિર્ણય કર્યો અને મૂળ ઇમારત સંપૂર્ણ ખાલી કરી તેની નવરચનાનું કાર્ય જાહેર બાંધકામ વિભાગ દ્વારા નૅશનલ કાઉન્સિલ ફૉર મિન્ટ ઍન્ડ બિલ્ડિંગ મટીરિયલ્સ, નવી દિલ્હીએ તૈયાર કરેલ પ્લાન એસ્ટીમેટ અને ડિઝાઇન મુજબ હાથ ધરાયું. સંગ્રહાલયના તમામ નમૂનાઓને નાનીબા પાઠશાળાના ભવનમાં સુરક્ષિત મૂકવામાં આવ્યા.

સંગ્રહાલયનું પુનર્નિર્માણ વિશ્વ બેંકની સહાયથી ફાળવવામાં આવેલ અને રાજ્યના આપત્તિ નિવારણ પ્રાધિકરણ દ્વારા આપવામાં આવેલ રૂ. નેવું લાખ અને બાકીના રાજ્ય સરકારના રૂ. દસ લાખ એમ મળી કુલ રૂ. એક કરોડના ખર્ચે કરાયું છે. આ ભવન સંપૂર્ણ તૈયાર થઈ જતાં તેમાં રૂ. પચાસ લાખના ખર્ચે વિવિધ વિભાગોની આંતરિક રચના, શો-કેસ વગેરેની કામગીરી હાથ ધરાઈ. નવા સંગ્રહાલયમાં અદ્યતન લાઈટિંગ સિસ્ટમ, આગ સામે સલામતી માટેનાં ઉપકરણો તથા અદ્યતન 'સીસીટીવી'ની સિસ્ટમ પણ ગોઠવવામાં આવી છે. નવું અદ્યતન ભવન તૈયાર થઈ જતાં તેમાં સંગ્રહાલયના અમૂલ્ય સંગ્રહનું પ્રદર્શન ગોઠવવાની કામગીરી સંગ્રહાલયના ક્યુરેટર સતીશ સદાશિવનની રાહબરી હેઠળ કરાઈ. આ માટે શ્રી સદાશિવને સમગ્ર કચ્છનો અભ્યાસ કરવા વ્યાપક પ્રવાસ કર્યો અને તેના નિચોડરૂપે કચ્છને એક નમૂનેદાર સંગ્રહાલય પુનઃ પરત મળી રહ્યું છે.

સમૃદ્ધ સંગ્રહથી શોભતા નવા વિભાગો

રાજ્યના સૌથી જૂના એવા સંગ્રહાલય પાસે કચ્છનો ઇતિહાસ, પુરાતત્ત્વ, કલા અને સંસ્કૃતિને ઉજાગર કરતો સમૃદ્ધ સંગ્રહ આવેલો છે અને નવ-નિર્મિત કચ્છ સંગ્રહાલયમાં આ સંગ્રહને વિવિધ આઠ વિભાગોમાં પ્રદર્શિત કરાયો છે, જેમાં ભોંયતળિયે પુરાતત્ત્વ વિભાગ, ભૂસ્તરશાસ્ત્ર વિભાગ, માનવજાતિ વિભાગ, સિક્કા વિભાગ તથા શિલ્પ વિભાગના નમૂનાઓને પ્રદર્શિત કરાયા છે, જ્યારે પ્રથમ માળે કાપડ, સોનાચાંદી, હથિયાર, રોગાનકામ, તાંબું-પિત્તળ વગેરેના નમૂનાઓ પ્રદર્શિત કરવામાં આવ્યા છે.

પુરાતત્ત્વ વિભાગ

સંગ્રહાલયમાં પ્રવેશતાં જ ડાબી બાજુ પુરાતત્ત્વ વિભાગના નમૂનાઓ પ્રદર્શિત કરાયા છે. બીજી-ત્રીજી સદીમાં કચ્છનો – ખાસ કરીને અંધૌનો પચ્છમનો વિસ્તાર ક્ષત્રપોનું પશ્ચિમ ક્ષેત્રનું વડું મથક રહ્યો હશે તેવું પુરાતત્ત્વવેતાઓનું અનુમાન છે, કારણ કે કચ્છના આ વિસ્તારમાંથી રાજ્યમાં સૌથી વધુ શિલાલેખો મળ્યા છે. શક સંવતના આરંભનો આધાર પણ આ શિલાલેખો પૈકીનો એક શિલાલેખ છે. આ તમામ શિલાલેખો આરંભમાં ક્ષત્રપોના સંપૂર્ણ ઇતિહાસના વર્ણન તથા તેના વિગતવાર વાચન અને તસવીર સાથે પ્રદર્શિત કરાયા છે. આ ઉપરાંત આ વિભાગમાં અને ૨જીથી ૧૯મી સદી સુધીના શિલાલેખો, કચ્છ અને બનાસકાંઠા પ્રદેશોમાંથી મળી આવેલાં શિલ્પો, પથ્થરની અને કાંસ્ય મૂર્તિઓ પ્રદર્શિત કરવામાં આવી છે.

કચ્છમાં હરપ્પીય સંસ્કૃતિનાં અનેક નગરો મળી આવ્યાં છે અને હજુ પણ આ નગરોનું ઉત્ખનન ચાલુ છે તેવાં આ નગરોમાંથી મળી આવેલ નમૂનાઓને સંપૂર્ણ હરપ્પાકાલીન સંસ્કૃતિની સચિત્ર તવારીખ અને હડપ્પા અને મોંહે-જો-દડો સંસ્કૃતિની સમકાલીન જગતની અન્ય સંસ્કૃતિઓના તુલનાત્મક અભ્યાસ સાથે પ્રદર્શિત કરાયા છે. કચ્છપ્રદેશ ખડકો અને વિપુલ ખનિજપેદાશો ધરાવે છે. અહીંથી મળી આવતાં વિવિધ ખનિજો, ખડકો અને અશ્મિઓના નમૂનાઓ પણ અહીં તેમના સચિત્ર પરિચય સાથે રજૂ કરાયા છે.

માનવજાતિ વિભાગ

ભારતીય સંસ્કૃતિના પુરાતત્ત્વ, સંસ્કૃતિ, શિલ્પ અને સ્થાપત્યના વિકાસમાં કચ્છનું પ્રદાન અદકેરું છે. આપણા અતીતની ગવાહી આપતાં અનેક પ્રમાણો કચ્છમાંથી ઠેરઠેર પ્રાપ્ત થાય છે. હંમેશ યાયાવર ટોળાંઓ અને નિર્વાસિતોએ કચ્છને પોતાનું આશ્રયસ્થાન બનાવ્યું છે. છેક પ્રાગૈતિહાસિક કાળથી અર્વાચીન કાળ સુધી આ પ્રક્રિયા ચાલુ રહી છે, જે કારણે કચ્છપ્રદેશમાં એક અનોખી સંસ્કૃતિનું નિર્માણ થયેલું જોવા મળે છે. કેટલીય સંસ્કૃતિઓનો સુમેળ કચ્છમાં થયેલો છે. કચ્છમાં પણિઓ, અંધકો, ભોજો, નાગો, મૌર્યો, ક્ષત્રપો, આભિરો, સેન્દ્રકો, ચાવડાઓ, સોલંકીઓ અને છેલ્લે સમાવંશના જાડેજાઓએ રાજ કર્યું છે. આ જ કારણે કચ્છમાં અનેક જાતિઓ, જનજાતિઓ આવીને વસી છે અનેક ધર્મ અને સંપ્રદાયો માટે કચ્છમાં સાનુકૂળ વાતાવરણ રહેલું છે અને આવા

વાતાવરણને કારણે કચ્છમાં અનેક સમાજો અને જ્ઞાતિઓ આવ્યાં અને કચ્છમાં સ્થાયી થયાં અને કચ્છને પોતાનું વતન બનાવ્યું અને કચ્છના વિકાસમાં પોતાનું યત્કિંચિત્ યોગદાન પણ આપ્યું છે. આવા સમુદાય અને કચ્છની જનજાતિઓ-જ્ઞાતિઓનો પરિચય કરાવવાના ઉમદા હેતુસર આ સંગ્રહાલયના માનવજાતિ વિભાગને અગાઉ કરતાં વધુ વિસ્તારથી અને આકર્ષક રીતે રજૂ કરાયો છે. કચ્છની અને વાગડિયા રબારી, ફકીરાણી જત, પઠાણ, આહિર અને મુતવા જનજાતિઓના ડાયરાઓમાં તૈયાર કરાયા છે. આ ડાયરાઓમાં આ જનજાતિઓનાં સ્ત્રી અને પુરુષના માનવકદના આબેહૂબ ફાઈબરમાંથી તૈયાર કરાયેલાં પૂતળાંઓને તેમનાં પારંપરિક પહેરવેશ અને આભૂષણો અને તેમની ઘરવખરી સાથે પ્રદર્શિત કરાયાં છે. તેમનાં નિવાસસ્થાન ભુંગા પણ અસલ તૈયાર કરાયા છે. તેમાં વપરાતી સાધનસામગ્રી પણ તેમના મૂળ પ્રાપ્તિસ્થાનમાંથી જ મેળવાઈ છે, જેથી તેની અસલિયત જળવાઈ રહી છે. આ ઉપરાંત જનજાતિઓની રહેણીકહેણી દર્શાવતી કચ્છના વિવિધ વિસ્તારોનો પ્રવાસ કરી મેળવાયેલી તસવીરો પણ અહીં મૂકવામાં આવી છે. આમ આ વિભાગ કચ્છની આ જાતિઓનું સંપૂર્ણ દસ્તાવેજીકરણ આપણી સમક્ષ મૂકે છે.

સિક્કા વિભાગ

ગુજરાતનાં અનેક દેશી રાજ્યોમાંથી કેટલાંક રાજ્યોને જ પોતાનું ચલણ અમલમાં મૂકવા અધિકૃત કરાયાં હતાં. કચ્છરાજ્ય આ પૈકીનું હતું. ઈ. સ. ૧૬૧૭માં જહાંગીર દાહોદના જંગલમાં હાથીનો શિકાર કરવા આવેલ ત્યારે અમદાવાદ આવેલ. આ સમયે રાવ ભારમલજીએ તેને ૧૦૦ ઘોડા, ૧૦૦ અશરફી અને ૨૦૦૦ રૂપિયાનું નજરાણું ધર્યું હતું. તે સમયે જહાંગીરે ખુશ થઈને ભારમલજીને પોતાનો ઘોડો, હાથી-હાથણીનું જોડું, એક કટારી, હીરાની મૂઠવાળી તલવાર અને કીમતી હીરાની ચાર વીંટીઓ બક્ષિસ આપી. ત્યારે રાવે પણ મક્કા હજ કરવા જતા યાત્રીઓને વહાણોમાં કોઈ પણ જાતનું ભાડું લીધા વગર જવાની બાંહેધરી આપી. આથી બાદશાહે કચ્છ પરની ખંડણી માફ કરી અને સ્વતંત્ર ચલણ ચલાવવાની છૂટ આપી. સંગ્રહાલયના સિક્કા વિભાગમાં રાવ ભારમલજીથી છેલ્લા રાજવી મદનસિંહજી સુધીના કચ્છના તમામ ચલણી સિક્કાઓ તેમના ઇતિહાસ સાથે પ્રદર્શિત કરાયા છે.

હસ્તકલા વિભાગ

સંગ્રહાલયના પ્રથમ માળમાં કચ્છની વિવિધ હસ્તકલાના નમૂનાઓને તદ્દન અનોખી રીતે પ્રદર્શિત કરાયા છે. આ વિભાગમાં કાપડ, સોનાચાંદી-કલા, લાકડા પરનું રોગાનકામ, બીદરી વર્ક, હથિયારો પરની દસ્તકારી વગેરેને આકર્ષક રીતે પ્રદર્શિત કરાયાં છે.

કચ્છની વિવિધ જનજાતિઓનાં કાપડ પર છપાઈ, વણાટ, વિવિધ ભરતકામ, બાંધણીકામ અનેક વર્ષોથી પ્રચલિત છે. આ વિભાગમાં બાંધણી, પૅચવર્ક, મશરૂ-વણાટ, મોચી ભરત, સૂફ ભરત, મુતવા ભરત, રોગાન-કામ, જરીભરત, રબારી ભરત, મોતીકામ વગેરેના ઉત્કૃષ્ટ નમૂનાઓને દીવાલ પર વિશિષ્ટ પૅનલ પર પ્રદર્શિત કરાયા છે. આખા નમૂનાને ખોલીને પ્રદર્શિત કરાયા છે, જેથી તમામ તરફની કલાને મુલાકાતીઓ નિહાળી શકે. આ ઉપરાંત સિંધમાં થતા ભરતકામના કેટલાક નમૂનાઓ પણ આ વિભાગનું આકર્ષણ છે. આથી કચ્છ અને સિંધની કલાનો તુલનાત્મક અભ્યાસ પણ કરી શકાય છે.

'કચ્છ વર્ક' તરીકે જગમશહૂર કચ્છના સોના-ચાંદી પરના નકશીકામના અનેક ઉત્કૃષ્ટ નમૂનાઓ પણ આ સંગ્રહાલયના સંગ્રહમાં છે. તે પૈકી ઉત્તમ નમૂનાઓ આ વિભાગમાં પ્રદર્શિત કરાયા છે. આ ઉપરાંત સોના-ચાંદીના દાગીના, બીદરી વર્કના નમૂનાઓ અહીં છે. તો કચ્છમાં નિરોણા વિસ્તારમાં થતા લાકડા પરના રોગાનકામના નમૂનાઓ પણ અહીં છે. તાંબા-પિત્તળના સુંદર નમૂનાઓ પણ આ વિભાગમાં જોવા મળશે.

માંડવીના જૈન દેરાસરમાંથી મેળવવામાં આવેલ દક્ષિણ ભારતની બનાવટ ને તેના પર કચ્છી

કલાકારોએ કરેલ સુંદર રંગકામ ધરાવતા ઐરાવતને પણ સુંદર પેડેસ્ટલ પર રજૂ કરવામાં આવ્યો છે. ઐરાવતની સાતેય સૂંઢ પર જૈન તીર્થંકરની દેરીઓ પણ બતાવાઈ છે અને ઐરાવત પર આરૂઢ ઇન્દ્ર તીર્થંકરની પૂજા કરવા જઈ રહ્યા છે. કચ્છ મ્યુઝિયમની શતાબ્દી પ્રસંગે ભારત સરકારના ટપાલ વિભાગે ખાસ ટપાલ-ટિકિટ દ્વારા કચ્છની આ ઉત્કૃષ્ટ કલાને દેશ અને વિદેશમાં પ્રસિદ્ધિ આપી હતી.

કચ્છરાજ્યના સમયમાં કચ્છમાં હથિયાર બનાવવાનો ઉદ્યોગ પુરબહારમાં હતો અને આ હથિયારો પર પણ કલાકારો સુંદર નકશીકામ કરતા. આ નકશીકામ કરેલાં વિવિધ હથિયારો જેવાં કે જમૈયો, કટાર, છરી, ભાલો, દેશી બંદૂકો, તલવાર, ઢાલ વગેરેને સુંદર રીતે મૂકવામાં આવ્યાં છે.

સંગ્રહાલયના પ્રાંગણમાં પણ અનેક પાષાણ શિલ્પકૃતિઓની સાથે ટીપુ સુલ્તાને કચ્છરાજ્યને ભેટ આપેલ 'હૈદરી' તોપ, ઉપરાંત પૉર્ટુગીઝ બનાવટની પંચધાતુની તોપ અને વિશિષ્ટ પ્રકારની મોર્ટાર તોપ પણ સુંદર રીતે પ્રદર્શનમાં મુકાઈ છે.

ઑલ્ફ્રેડ હાઈસ્કૂલ

રાજ્ય સરકારના રમતગમત, યુવા સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ તથા શિક્ષણ વિભાગ દ્વારા કચ્છની સૌથી જૂની ઑલ્ફ્રેડ હાઈસ્કૂલનું ભવન પણ કચ્છ મ્યુઝિયમને સોંપવામાં આવ્યું છે. ઑલ્ફ્રેડ હાઈસ્કૂલનું આ ભવન ઈસવીસન ૧૮૮૪માં નિર્માણ પામ્યું છે. આ ભવનને પણ ધરતીકંપમાં ભારે નુકસાન થતાં આ ભવનને પ્રાચીન સાંસ્કૃતિક વારસા તરીકે જાળવી રાખવાનો સરકારે નિર્ધાર કર્યો અને પ્રધાનમંત્રીના ખાસ ભંડોળમાંથી તેનું પુનર્નિર્માણ કરી, આ વારસાની જાળવણી માટે કચ્છ મ્યુઝિયમને સોંપવામાં આવ્યું. આ ભવનમાં પણ કચ્છ મ્યુઝિયમનો વિસ્તાર કરી એક નમૂનેદાર 'પ્રાદેશિક કચ્છ સંગ્રહાલય' તરીકે કચ્છ મ્યુઝિયમનો વિકાસ કરવાની સરકારની યોજના છે.

૨૦. કચ્છની અસ્મિતાના આરાધકો

હરેશ ધોળકિયા

હાજી પીર (બારમી સદી) :

ઈસવીસનની બારમી સદીમાં શાહબુદ્દીન ઘોરીએ પોતાના વિશાળ સૈન્ય સાથે ભારત પર ચડાઈ કરી. તેમાંનો એક ફકીર જેવો સૈનિક ભારતમાં જ રહી ગયો. તેનું મૂળ નામ અલીઅકબર હતું. તે બાળબ્રહ્મચારી હતા. તેમને થોડા વખત પછી દિલ્હી ન ફાવ્યું અને સૈનિકની નોકરી અને દિલ્હી છોડી દીધાં અને ફકીર બની દીનદુખિયાંની સેવા કરવાનો નિર્ણય લઈ દેશાટન કરવાનું શરૂ કર્યું. ફરતાંફરતાં પંજાબ આવ્યા. ત્યાં થોડો સમય રહી પછી રણ ઓળંગી કચ્છની ઉત્તર સરહદે આવેલ નરા ગામમાં આવીને વસ્યા. ત્યાં જનસેવા કરવા લાગ્યા અને ખુદાની ઇબાદતમાં સમય પસાર કરવા લાગ્યા. સાથે ઇસ્લામનો પ્રચાર પણ કરતા. થોડો સમય અહીં પસાર કરી તે હજ કરવા મક્કા ગયા. ત્યાંથી પાછા આવ્યા બાદ બધા તેમને 'હાજી પીર' કહી સંબોધવા લાગ્યા. હવે તે નરા પાસે આવેલ સોધ્રાણા નામના તળાવ પર ગાય-ભેંસો સાથે રહેવા લાગ્યા.

એક વખત કેર રાજપૂતોની એક ટોળીએ નરા ગામની ગાય-ભેંસો લૂંટી લીધી અને ચાલતા થયા. એક વૃદ્ધાની ગાય પણ લૂંટાઈ ગઈ. તેણે લોકોને તે છોડાવવા વિનંતિ કરી, પણ કોઈએ હિંમત ન કરી. છેવટે તેણે હાજી પીરને વિનંતિ કરી. તેણે પોતાના શિષ્યોને ગાયો છોડાવી લાવવા હુકમ કર્યો. તે બધા લડ્યા, પણ મરી ગયા. આ સાંભળી હાજી પીર ઊકળી ઊઠ્યા અને હથિયાર ધારણ કરી લૂંટારા સામે લડવા ઊપડ્યા. ઘોડા પર બેસી લૂંટારા વચ્ચે જઈ પહોંચ્યા. લૂંટારાઓ સામે વીરતાથી લડ્યા, પણ તે પણ લડાઈમાં ખપી ગયા. તેમની સૂચના મુજબ તેમને સોધ્રાણાના તળાવ પાસે દફનાવવામાં આવ્યા.

હાજી પીરનું નામ કચ્છમાં 'ઝિન્દા પીર' તરીકે પ્રખ્યાત છે. ચૈત્રમાસના પહેલા સોમવારે તેની દરગાહ પર મેળો ભરાય છે. દૂરદૂરથી લાખો લોકો મેળામાં પદયાત્રા કરતા આવે છે, માનતાઓ માને છે. અહીં દૂરના યાત્રિકો સિવાય કોઈને રાતવાસો કરવાની છૂટ નથી. તેમની પ્રસાદી પણ અમુક હદથી બહાર લઈ જવાની છૂટ નથી.

જેઠીબાઈ (સત્તરમી સદી) :

જેઠીબાઈ માંડવીની ખત્રી કોમનાં હતાં. તેમણે દીવમાં રંગાટ અને વણાટકામનું એક મોટું કારખાનું ઊભું કર્યું હતું. તેનો માલ ગુણવત્તાયુક્ત હોવાથી પરદેશમાં જતો હતો.

તે સમયે દીવમાં પૉર્ટુગીઝોનું રાજ ચાલતું હતું. પૉર્ટુગલનાં મહારાણી વતી ગવર્નર ત્યાં રાજ્ય ચલાવતો હતો. ત્યારે ત્યાં પાદરીઓ દ્વારા ધર્મપરિવર્તનની પ્રવૃત્તિ ખૂબ ચાલતી હતી. ભોળા લોકોને લલચાવીને ખ્રિસ્તી બનાવવામાં આવતા હતા. જેઠીબાઈનો એક કામદાર મૃત્યુપથારીએ હતો. તેને પોતાનો પુત્ર તેના મૃત્યુ પછી ખ્રિસ્તી થઈ જશે તેની ચિંતા હતી. જેઠીબાઈએ તેને વચન આપ્યું કે તે એવું થવા નહીં દે. કામદારના મૃત્યુ પછી પાદરીઓએ તેના પુત્રને મેળવવાની માથાકૂટ કરી, પણ જેઠીબાઈએ તેમને ફાવવા ન દીધા. આ સંદર્ભમાં તે અને સરકાર સામસામે આવી ગયાં.

જેઠીબાઈએ એક નવો જ ઉપાય કર્યો. તેણે પૉર્ટુગલની મહારાણી પર દીવની સરકારની જુલમની કથા લખી અને એક સુંદર ઓઢણી તૈયાર કરી અને તેના પર આ અરજીને છાપી દીધી. તેની આસપાસ ફૂલવેલ પણ ગોઠવી દીધી. તેના પર હિન્દુ ગૃહસ્થોની સહી પણ લઈ લીધી. આ ઓઢણીને કિનખાબની

થેલીમાં મૂકી, પછી તે પોતે વહાણમાં બેસી પૉર્ટુગલ ગયાં. અહીં આવી તે એન્ટોનિયો મેલોન્દ કેસ્ટ્રો અને મોનિલ કેસ્ટો દરાલ નામના બે અધિકારીઓને મળ્યાં. તેમણે તેમને સહાનુભૂતિથી સાંભળ્યાં. મુલાકાત વખતે જેઠીબાઈ ધોળા દિવસે મશાલ હાથમાં લઈને ગયાં હતાં. કારણ પૂછતાં કહ્યું કે પૉર્ટુગીઝ સરકારના રાજ્યમાં અંધારું હતું, તેથી તેને પ્રકાશની જરૂર હતી. આ મુલાકાતથી અધિકારીઓ પ્રભાવિત થયા અને તેમને રાણી સાથે મુલાકાત કરાવી દીધી. તેમણે તેમની અરજી પર ધ્યાન આપવાની પણ ભલામણ કરી. રાણી અને જેઠીબાઈની મુલાકાત લાંબી ચાલી. જેઠીબાઈએ બધી જ વાત વિગતથી કરી. ઓઢણી પણ ભેટ આપી. તેમાંની અરજી વાંચીને રાણી તો મુગ્ધ થઈ ગઈ. તેની કથા વાંચી તે રડી પડી. તેણે જેઠીબાઈને ધન્યવાદ આપ્યા અને જુલમી કાનૂન હતો તેને પોતાના ખાસ ફરમાનથી રદ કરાવ્યો.

રાણીની આજ્ઞાથી એક તામ્રપત્ર તૈયાર કરાવવામાં આવ્યું, જેઠીબાઈને માન સાથે આપવામાં આવ્યું. તેમના સન્માનમાં અઠવાડિયામાં એક દિવસ તેમના ઘર પાસે બૅન્ડ વગાડવાનો હુકમ કરવામાં આવ્યો. તે હતાં ત્યાં સુધી આ કાર્યક્રમ ચાલુ રહ્યો. પૉર્ટુગીઝ અધિકારીઓ પણ તેમના ઘર પાસેથી પસાર થતા ત્યારે માથા પરની હૅટ ઉતારી તેમને માન આપતા.

તે દિવસથી જેઠીબાઈની ઓઢણી – 'પાન–દ–જેઠી' નામ પ્રખ્યાત બની ગયું.

રતનબાઈ

રતનબાઈ અબડાસાના ભડલી ગામનાં વતની. ખોજા જ્ઞાતિનાં હતાં. લગ્ન પછી એકના એક પુત્રનું અકાળ અવસાન થતાં તેમનું હૃદય વૈરાગ્યથી રંગાઈ ગયું. તેણે જીવનમાં પરિવર્તન આણી દીધું. તેમણે ગુરુની શોધ આદરી. ભુજમાં ખારીનદીની એક ગુફામાં રહેતા પીર ભાકરશા સાથે મુલાકાત થતાં તેમને ગુરુ બનાવ્યા. તેમણે પુત્રની વિધવા પત્નીને પુનર્લગ્ન કરાવી આપ્યું. તેની પુત્રી સોનલબાઈ રતનબાઈ પાસે રહેવાથી તે પણ વૈરાગી બની અને ભગવાં પહેરી લીધાં. પાછળથી વૈરાગ્ય ઘટતાં ભગવાં ઉતારી નાખ્યાં.

પાછળથી રતનબાઈએ તેરામાં પોતાના જીવનનો સમય પસાર કર્યો. ત્યાં તેમણે આશ્રમ કર્યો. તેમનું અવસાન આશરે સંવત ૧૯૭૬માં થયું. તેમણે અનેક ભજનો અને કાફીઓ લખ્યાં છે. તેમાં વૈરાગ્યભાવ અને ભક્તિરસ મુખ્ય છે.

કવિ કેશવ (૧૯મી સદી) :

કવિ કેશવ મહારાવ દેશળજી બીજાના સમયમાં થઈ ગયા. તે ભીટારા ગામના હતા. તેમનામાં શીઘ્ર-કવિતા બનાવવાની શક્તિ હતી. તે મહારાવ દેશળજીને રાજનીતિના પાઠ શીખવવા છ માસ ભુજમાં રહેતા. દેશળજી તેમને 'કાકા' કહી બોલાવતા. કેશવે ફતેહમામદની પ્રશસ્તિમાં 'ફતેહસાગર' નામે પુસ્તક તૈયાર કરેલ. તે વ્રજભાષામાં અને કચ્છીમાં કાવ્યો લખતા. મહારાવે તેમને વર્ષાસન બાંધી આપેલ તે તેમને આજીવન મળેલ.

દલપતરામ ખખ્ખર (૧૮૩૫-૧૯૦૨) :

ખેંગારજી ત્રીજાના સમયની એક મહત્ત્વની વ્યક્તિ એટલે દલપતરામ પ્રાણજીવન ખખ્ખર. તેમનો જન્મ ૧૮૩૫માં દીવમાં થયો હતો. દમણમાં બાળપણ વિતાવ્યું. મુંબઈની એલ્ફિન્સ્ટન કૉલેજમાં અંગ્રેજીનું શિક્ષણ લીધું. કાયદાનો અભ્યાસ કર્યો. ૧૮૫૯માં શિક્ષક થયા. ૧૮૬૯થી ૧૮૭૧ સુધી તે રાજકોટના ઠાકોરના અંગત શિક્ષક રહ્યા. ૧૮૭૧માં તે કચ્છના શિક્ષણ-નિરીક્ષક અને આૅલ્ફ્રેડ હાઈસ્કૂલના આચાર્ય બન્યા. તે વખતના શાસકના પુત્ર ખેંગારજીને તથા કુંવરી રાજબાને તેમણે શિક્ષણ આપેલ. કચ્છમાં શિક્ષણનો પ્રસાર થાય તે માટે શાળાઓ ખોલવાની પ્રક્રિયામાં ભાગ લીધો. ૧૮૮૬માં નિવૃત્ત થયા.

તે આ બધા સાથે અફીણનો સટ્ટો પણ કરતા. વકીલાત પણ કરી. મુંબઈની બુદ્ધિવર્ધક સભામાં પણ જોડાયા હતા. બાળલગ્ન જેવા વિષય પર લેખો લખ્યા હતા. કચ્છના વસવાટ દરમિયાન તેમણે પુરાતત્ત્વ, ઇતિહાસ, પાળિયા વગેરેનો અભ્યાસ કર્યો હતો. વસતી-ગણતરીમાં પણ ભાગ લીધો હતો. કચ્છ મ્યુઝિયમની શરૂઆત પણ તેમના દ્વારા જ થઈ. હુન્નર-

૧૮

ઉદ્યોગોના પ્રદર્શનમાં પણ તેઓ અધીક્ષક હતા. બ્રિટિશ સરકારે તેમને 'રાવસાહેબ'નો ખિતાબ આપ્યો હતો. બીજી અનેક શૈક્ષણિક, સાહિત્યિક તથા સંશોધનસંસ્થાઓ સાથે જોડાયેલા હતા અનેક સામયિકોમાં લખતા.

૧૯૦૨માં સિત્તેર વર્ષની વયે તેમનું અવસાન થયું.

જયકૃષ્ણ ઇન્દ્રજી (૧૮૪૮-૧૯૩૦) :

રાવ ખેંગારજી ત્રીજાના સમયમાં મહત્ત્વની વ્યક્તિઓ થઈ તેમાં જયકૃષ્ણ ઇન્દ્રજી એક હતા. તે પ્રખ્યાત વનસ્પતિશાસ્ત્રી હતા.

તેમનો જન્મ ૧૮૪૮માં લખપતમાં થયો હતો. તેમના પિતાની આર્થિક સ્થિતિ ખરાબ હતી. બાળપણમાં તે માંડવી અને લખપતમાં રહ્યા. અધ્યયન માટે મુંબઈ રહ્યા. તે અંગ્રેજી ચાર ધોરણ સુધી ભણ્યા હતા, પણ તેમની જિજ્ઞાસાવૃત્તિ, કુશાગ્ર બુદ્ધિ અને તીવ્ર સ્મરણશક્તિને કારણે શાળા-કૉલેજના અભ્યાસની ઊણપ ન રહેતાં ઉચ્ચ કક્ષાનું જ્ઞાન મેળવ્યું. તરુણાવસ્થામાં તે પંડિત ભગવાનલાલના સંપર્કમાં આવ્યા અને વિવિધ વનસ્પતિઓમાં રસ લેવા લાગ્યા. તે સાથે અંગ્રેજો અને અન્ય ભારતીય વિદ્વાનોના સંપર્કમાં પણ આવ્યા. ભગવાનલાલે તેમને મુંબઈની ગ્રાન્ટ મેડિકલ કૉલેજના વનસ્પતિશાસ્ત્રી પ્રો. સખારામ અર્જુન પાસે મોકલ્યા. તેમણે જયકૃષ્ણને ખૂબ પ્રોત્સાહિત કર્યા. તે વનસ્પતિઓના નમૂના એકઠા કરતા. શાસ્ત્રોમાંથી તેનાં નામ શોધતા. સમજ ન પડે તો પરખ માટે પૂના કે કલકત્તા મોકલતા. તેના ગુણધર્મો સમજતા. પ્રયોગશાળાઓનો લાભ લેતા. વનસ્પતિપ્રેમને કારણે તે સમકાલીન દેશી અને વિદેશી વિદ્વાનોમાં આદરપાત્ર બન્યા. વિદ્વાન ડૉ. ખોરીએ જ્યારે 'મેટેરિયા-મેડિકા' ગ્રંથ તૈયાર કર્યો, ત્યારે જયકૃષ્ણે તેમને ખૂબ મદદ કરી હતી.

તેમણે નોકરીની શરૂઆત પોરબંદરથી કરી. ત્યાં તેમણે બરડાની વનસ્પતિ પર 'વનસ્પતિશાસ્ત્ર' નામનો ઉત્તમ ગ્રંથ તૈયાર કર્યો. જડીબુટ્ટીઓ શોધી અને દર્દીઓને રોગમુક્ત કરેલા. લોકોમાં તે પ્રત્યે રસ જાગે માટે પ્રદર્શનો ભરતા. એ બધાને કારણે અનેક સ્થળોએથી તેમને ચન્દ્રકો અને માનપત્રો મળેલ.

કચ્છના મહારાવ ખેંગારજી ત્રીજાના પ્રોત્સાહનથી તે આખા કચ્છમાં ફર્યા. બધા ડુંગરોની વનસ્પતિઓ એકઠી કરી. આ બધાના અંતે તેમણે 'કચ્છની સ્વ-સ્થાની વનસ્પતિઓ' નામનો સુંદર ગ્રંથ તૈયાર કર્યો. તે અનેક સામયિકોમાં લખતા. વૃક્ષારોપણના કાર્યક્રમો યોજતા. મળવા આવનારને તે 'નિગ્રો કૉફી' પિવડાવતા. 'કચ્છ વૃક્ષરક્ષણ પોષક મંડળ'ની સ્થાપના કરી હતી. બાપાલાલ વૈદ સાથે પણ તેમનો સંપર્ક હતો. મહાત્મા ગાંધી કચ્છમાં આવ્યા, ત્યારે તેમના હાથે વૃક્ષારોપણ કરાવેલ. વિજયવિલાસમાં એક ઉત્તમ બગીચો તૈયાર કરેલ તે આજે પણ છે. તેમણે ગોકુળદાસ બાંભડાઈ જેવા અનેક લોકોને તૈયાર કર્યા હતા.

૧૯૩૦માં હાડકું ભાંગવાને કારણે તેમનું ૮૧ વર્ષની વયે અવસાન થયું. પૂનાની ઍગ્રિકલ્ચર કૉલેજે તેમની યાદમાં વનસ્પતિ વિભાગમાં તેમનું તૈલચિત્ર મૂકેલ છે.

પંડિત શ્યામજી કૃષ્ણવર્મા (૧૮૫૭-૧૯૩૦) :

પંડિત શ્યામજી કૃષ્ણવર્માનો જન્મ ૧૮૫૭માં ચોથી ઑક્ટોબરે માંડવીમાં થયો હતો. બાળપણમાં માંડવીમાં રહ્યા, પછી ભુજમાં ભણવા આવ્યા. ત્યાંથી એક શેઠે તેમની તેજસ્વિતા જોઈ મુંબઈ ભણવા બોલાવી લીધા. તે પહેલાં વિલ્સન હાઈસ્કૂલમાં અને પછી એલ્ફિન્સ્ટન હાઈસ્કૂલમાં ભણ્યા. સાથે સંસ્કૃત પણ શીખતા. તે સ્વામી દયાનંદ સરસ્વતી અને સંસ્કૃત વિદ્વાન મોનિયેર વિલિયમ્સના પરિચયમાં આવ્યા. બન્નેની પ્રેરણાથી તે ઇંગ્લૅન્ડમાં ઑક્સફર્ડમાં ભણવા ગયા. અહીં તેમને મહારાવ ખેંગારજી ત્રીજાની સ્કૉલરશિપ પણ મળી. તે સ્નાતક થયા. પાછળથી બૅરિસ્ટરની ઉપાધિ પણ મેળવી. આ દરમિયાન પ્રવચનો આપ્યાં. સંસ્કૃતિની વિદ્વત્તાને કારણે તે જાણીતા થઈ ગયા.

અભ્યાસ પૂર્ણ કરી તે ભારત આવ્યા. અહીં તે વિવિધ રાજ્યોમાં દીવાન બન્યા, પણ ખટપટનો ભોગ બનતાં દીવાનપદ છોડવું પડ્યું. આ દરમિયાન તે ટિળકના સંપર્કમાં આવ્યા. તે આડકતરી રીતે સ્વાતંત્ર્ય-સંગ્રામમાં ભાગ લેવા લાગ્યા. ટિળકની ધરપકડ થતાં તેમને ભારતમાં રહેવું સલામત ન લાગતાં ૧૯૦૫માં ઇંગ્લૅન્ડ ચાલ્યા ગયા. અહીં તેમણે 'ઇન્ડિયન હોમરૂલ સોસાયટી'ની સ્થાપના કરી. 'ઇન્ડિયન સોશ્યોલોજિસ્ટ' છાપું પ્રકાશિત કરવાં માંડ્યું. 'ઇન્ડિયા હાઉસ'ની સ્થાપના કરી. આ બધા દ્વારા તે અંગ્રેજ સરકાર સામે લડતા રહ્યા. મૅડમ કામા, સરદારસિંહ રાણા, વીર સાવરકર વગેરે તેમના સાથીઓ અને શિષ્યો હતા.

આ સાથે તે ત્યાં અભ્યાસ કરવા આવતા ભારતીય વિદ્યાર્થીઓ માટે પણ રહેવાની સગવડ કરતા. તેજસ્વી વિદ્યાર્થીઓને વિવિધ સ્કૉલરશિપ પણ આપતા. ૧૯૦૭થી ૧૯૧૪ સુધી આ કામ સતત કર્યું. મદનલાલ ધિંગરાએ બૉમ્બે ફોડતાં તેને ટેકો આપ્યો. પ્રથમ વિશ્વયુદ્ધ દરમિયાન વાતાવરણ બદલતાં તે લંડન છોડી પેરિસ આવ્યા. પછી પેરિસ પણ છોડવું પડ્યું અને જીનીવામાં સ્થિર થયા. છાપું પણ બંધ કરવું પડ્યું. છેલ્લા દિવસોમાં તે આંતરડાંની બીમારીથી પીડાતા હતા... ૧૯૩૦ની ૩૧મી માર્ચે તે અવસાન પામ્યા. ક્રાંતિગુરુ તરીકે તેમનું નામ ખૂબ જ જાણીતું છે.

જીવરામ ગોર (૧૮૬૦-૧૯૧૭) :

જીવરામ ગોર મહારાવ ખેંગારજી ત્રીજાના સમયમાં થઈ ગયા. તેમનો જન્મ ૧૮૬૦માં ભુજમાં થયો હતો. પ્રાથમિક શિક્ષણ ભુજની વ્રજશાળામાં લીધા બાદ વધારે અભ્યાસ માટે તે અમદાવાદના તાલીમી મહાવિદ્યાલયમાં જોડાયા હતા. અહીં તે કવિ દલપતરામ પાસે કાવ્યશાસ્ત્ર શીખ્યા હતા. અભ્યાસ પછી ભુજની જુદીજુદી શાળાઓમાં શિક્ષક તરીકે નોકરી કરી. પાછળથી સાહિત્યિક પ્રવૃત્તિઓ માટે નોકરી છોડી દીધી.

તેમના લેખો 'બુદ્ધિપ્રકાશ', 'વિજ્ઞાનવિલાસ', 'સૌરાષ્ટ્રદર્પણ', 'ચન્દ્ર', 'કાવ્ય કમળાકર', 'માસિક સારસંગ્રહ' જેવાં માસિકો અને 'હિન્દુસ્તાન' અને 'પ્રજામિત્ર' જેવાં છાપાંઓમાં પ્રકાશિત થતા હતા. 'ગુજરાતી સાપ્તાહિક' અને 'વીસમી સદી' માસિકમાં તેમણે કચ્છ, સૌરાષ્ટ્ર અને રાજસ્થાનની ઐતિહાસિક વાતો લખી હતી. તે 'જીવન' ઉપનામથી કાવ્યો લખતા હતા. કચ્છી, ગુજરાતી, વ્રજ અને ચારણી ભાષાઓ પર તેમનો અસાધારણ કાબૂ હતો.

૧૮૯૯-૧૯૦૧ દરમિયાન ભુજમાં તેમણે ચલાવેલ માસિક 'સરસ્વતી શૃંગાર'ના તે તંત્રી હતા અનેક પુસ્તકોના ગુજરાતીમાં અનુવાદ કર્યા હતા. શૃંગેરી પીઠના શંકરાચાર્યે તેમને 'કવિ રાજશ્રી'ની પદવી આપી હતી. કચ્છના મૌખિક અને લોકસાહિત્યના સંશોધન અને તેને ગ્રંથસ્થ કરવાની જે પ્રવૃત્તિ શરૂ થઈ, તેમાં શરૂઆતના લોકોમાં જીવરામ ગોરનો સમાવેશ કરી શકાય. તેમનું પુસ્તક 'વાર્તા-વિનોદ' તેમના મૃત્યુ પછી પ્રગટ થયું હતું.

૧૯૧૭માં ૫૬ વર્ષની વયે તેમનું અવસાન થયું.

હાજી મહમ્મદ અલારખ્યા શિવજી (૧૮૭૧-૧૯૨૧) :

હાજી મહમ્મદના વડીલોએ સંવત ૧૮૮૮ના દુકાળ પછી કચ્છ છોડી મુંબઈમાં વસવાટ કર્યો. મુંબઈમાં તેઓ શ્રીમંત થયા. તેમના કુટુંબમાં ૧૩-૧૨-૧૮૭૧ના રોજ હાજી મહમ્મદનો જન્મ થયો. બાળપણથી જ તેમને સાહિત્યવાચનનો શોખ હતો. માત્ર વીસ વર્ષની વયે તેમણે હિન્દીમાં 'સ્નેહ વિરહ પંચદશી' નામે હિન્દી કાવ્ય લખ્યું. ત્યાર બાદ 'મહેરુન્નિસા', 'રશિદા' નામે પુસ્તકો પણ પ્રકાશિત કર્યાં. ૧૯૦૧માં પોતાની જ્ઞાતિ માટે 'ગુલશન' નામે માસિક શરૂ કર્યું. પણ પછી તે કામ નાનું લાગતાં તેમણે ગુજરાતીમાં એક ઉત્તમ માસિક શરૂ કરવાનું નક્કી કર્યું. ૧૯૧૬ના માર્ચમાં તેમણે 'વીસમી સદી' નામે ઉચ્ચતમ માસિક શરૂ કર્યું. તેનું લવાજમ વાર્ષિક છ રૂપિયા હતું. શરૂઆતથી જ તે લોકપ્રિય થવા લાગ્યું. તેના લગભગ ચાર હજાર ગ્રાહકો હતા. પણ આ

માસિક ચલાવવા પાછળ તેમને ખૂબ ખોટ જતી હતી. પાંચ વર્ષ પૂરાં થયાં ત્યારે તેમને રૂ. ૩૫૦૦૦ની ખોટ ગઈ. તે કારણે તેમને ખૂબ ચિંતા થતી. તેની અસર તેમના આરોગ્ય પર પડી. ખૂબ તાણ વધતી ગઈ જે તે સહન ન કરી શક્યા અને ૧૯૨૧ની જાન્યુઆરીની ૨૨મી તારીખે તેમનું મૃત્યુ થયું. હાજી મહમ્મદે આ માસિક દ્વારા ગુજરાતને ચિત્રકાર શ્રી રવિશંકર રાવળ, લેખક કનૈયાલાલ મુનશી, ચાંપશી ઉદ્દેશી જેવા સાહિત્યકારો અને કલાકારો આપ્યા.

યોગિની આનંદલહરી (૧૮૭૬–૧૯૫૩) :

તેમનો જન્મ અંજારમાં થયો હતો. પૂર્વાશ્રમમાં તેમનું નામ જયાલક્ષ્મી હતું. આઠમા વર્ષે નાના ભાઈનું મૃત્યુ જોઈ તેમને મૃત્યુ શા માટે એવો પ્રશ્ન થયો. પછી તેમનું લગ્ન હાથીરામ કાનજી સાથે થયું. તે અમદાવાદમાં સરકારી નોકર હતા. પતિ-પત્ની બન્નેએ વડોદરા જઈ શ્રીમન્નૃસિંહાચાર્ય પાસેથી દીક્ષા લીધી. તેમનાં પુસ્તકો વાંચી પ્રેરણા લેતાં અને ગૃહસ્થાશ્રમમાં સાધના કરવા લાગ્યાં.

પતિના મૃત્યુ બાદ જયાલક્ષ્મીની યૌગિક સાધના આગળ વધી. તે ભુજ આવ્યાં અને વોરા સાતના ડેલામાં આવેલ પોતાના ઘરમાં ભોંયરું કરાવી કલાકો સુધી સાધના કરવા માંડી. સંસાર પ્રત્યે તટસ્થ રહેવા લાગ્યાં. પુત્રનાં લગ્ન પછી તે ગૃહસ્થાશ્રમથી મુક્ત થઈ ગયાં. થોડા સમય પછી પાટવાડીના નાકા બહાર આવેલ ખારી નદીના સ્મશાન પાસે એક ખેતર લઈ તેમાં મઢી બનાવી, ત્યાં જ રહેવા લાગ્યાં. અહીં તેમણે સંન્યાસ લેવાનો નિર્ણય કર્યો. કાશી જઈને ૩૮મા વર્ષે તેમણે કુટિચક નામનો સંન્યાસ ધારણ કર્યો. ત્યાંથી પાછાં આવી ફરી મઢીમાં જ રહેવા લાગ્યાં. હવે તેમણે પોતાનું નામ 'આનંદલહરી' ધારણ કર્યું.

ત્યાં તે આડત્રીસ વર્ષ એકાંતમાં રહ્યાં. તેમની પાસે કચ્છ અને કચ્છ બહારથી સાધકો આવતા અને યોગ શીખતા. તે ગીતા અને યોગવાસિષ્ઠ પર પ્રવચનો આપતાં અનેક પુરુષો અને મહિલાઓ તેમનાં શિષ્યો હતાં. અંગ્રેજો અને પારસીઓ પણ તેમની મુલાકાત લેતા. એક વાર તેમણે કરાંચીની મુલાકાત પણ લીધી હતી. ત્યાં સરોજીની નાયડુ સાથે મુલાકાત થઈ હતી.

૧૯૫૩માં તે મૃત્યુ પામ્યાં.

ગોકુલદાસ બાંભડાઈ (૧૮૮૧–૧૯૬૨) :

ગાંધીવિચારક અને સેવાધારી ગોકુલદાસ બાંભડાઈનો જન્મ ૧૬ જૂન, ૧૮૮૧ના રોજ માંડવીમાં ભાટિયા જ્ઞાતિમાં થયો હતો. તેમના પૂર્વજો બાંભડાઈ ગામના હોવાથી તે બાંભડાઈ નામે જાણીતા થયા. તેમના પિતા આફ્રિકામાં વેપાર કરતા હતા, પણ બાળપણમાં માતાનું અવસાન થતાં તે વેપાર સંકેલીને કચ્છ પાછા આવી ગયા. પ્રાથમિક શિક્ષણ ગુજરાતીમાં લીધું, સાથે અંગ્રેજી પણ જાતે જ શીખ્યા. સોળમા વર્ષે લગ્ન કર્યાં, તેથી અભ્યાસ અટકી ગયો અને પિતા સાથે ધંધામાં જોડાઈ ગયા. ૧૯મા વર્ષે પિતા ગુમાવ્યા. પરિણામે બધી જવાબદારી તેમના પર આવી પડી.

તેમને વારસાગત વનસ્પતિશાસ્ત્રનો શોખ મળ્યો હતો. પિતાને ઘરગથ્થુ દવાઓનો શોખ હતો તેથી તેમણે તેનો ઊંડો અભ્યાસ કર્યો.

ગાંધીજીના પરિચયમાં આવતાં તેમની પ્રેરણાથી અસહકાર આંદોલનમાં અને ગરીબોની સેવાની પ્રવૃત્તિમાં જોડાયા. ૧૯૩૨માં ધરપકડ થઈ અને જેલમાં ગયા. ત્યાં અનેક રચનાત્મક કાર્યો કર્યાં. બહાર નીકળી તેમણે દલિત-ઉદ્ધાર-કાર્યને જીવનધ્યેય બનાવ્યું. માંડવીમાં મહેશ્વરી વાસમાં પ્રથમ ગાંધી હરિજન છાત્રાલય શરૂ કર્યું. પાછળથી તેને બાંભડાઈ લઈ જવું પડ્યું. તે લોકપ્રિય બનતાં તેનું મકાન નાનું પડવા માંડ્યું તેથી તેને વિશાળ કરવામાં આવ્યું. તે પણ નાનું પડતાં નવું જ મકાન બંધાવ્યું અને જૂનાનું ટ્રસ્ટ બનાવી દલિતોને સોંપી દીધું. આજે તે 'ગોકુલવાસ' તરીકે ઓળખાય છે. નવું છાત્રાલય 'મહાત્મા ગાંધી કુમાર છાત્રાલય' તરીકે ઓળખાય છે. દલિતો પ્રત્યેનો ભેદભાવ દૂર કરવા તેમણે અનેક જાગૃતિ-કાર્યક્રમો હાથ ધર્યા. દલિતોને પણ ખાદીપ્રવૃત્તિમાં જોડ્યા. માંડવીમાં મહિલા વિકાસગૃહ શરૂ કર્યું. એક પ્રાથમિક શાળા પણ શરૂ કરી.

તેમનો પુત્ર પાણીમાં ડૂબી મરતાં તેનો આઘાત ભૂલવા તે પૉંડિચેરી ગયા. ત્યાં શ્રી અરવિંદ સાથે મિલન થયું. યોગનો અભ્યાસ કર્યો. પાછા ફર્યા પછી વનસ્પતિશાસ્ત્રી જયકૃષ્ણ ઇંદ્રજીના પરિચયમાં આવ્યા. તે પછી તેમણે આ વિષય પર ત્રણ પુસ્તકો લખ્યાં. તેમાં તેમનો ઊંડો અભ્યાસ પ્રગટ થાય છે. આ ઉપરાંત તેમણે કચ્છની ભૂગોળ પણ લખી.

તેમનું ૨૬ ફેબ્રુઆરી, ૧૯૬૨ના રોજ અવસાન થયું.

પ્રા. કે. ટી. શાહ (૧૮૮૮-૧૯૫૩) :

ખુશાલ ટી. શાહ ભારતના એક અગ્રગણ્ય અર્થશાસ્ત્રી, દેશભક્ત અને આર્થિક આયોજનના હિમાયતી હતા. તે વીસમી જાન્યુઆરી, ૧૮૮૮ના રોજ માંડવીમાં જન્મ્યા હતા. તેમણે મુંબઈની સેંટ ઝેવિયર્સ કૉલેજમાંથી અર્થશાસ્ત્ર સાથે બી.એ. કર્યું. પછી લંડન સ્કૂલ ઑફ ઇકોનૉમિક્સમાંથી અનુસ્નાતક થયા. ત્યાં જ તેમણે બૅરિસ્ટરની પદવી મેળવી.

૧૯૧૪માં ભારત પાછા ફર્યા. શરૂઆતમાં મુંબઈની સેંટ ઝેવિયર્સમાં જ અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક બન્યા. પછી થોડો વખત સિડનહામ કૉલેજમાં કામ કર્યું. ૩૦મે વર્ષે મૈસૂર યુનિવર્સિટીમાં અર્થશાસ્ત્રના પ્રોફેસર બન્યા. ૧૯૨૧માં મુંબઈ યુનિવર્સિટીમાં અર્થશાસ્ત્રના પ્રોફેસર અને અધ્યક્ષ બન્યા.

જવાહરલાલ નહેરુની નજર તેમના પર પડતાં તે પોતે જે નૅશનલ પ્લાનિંગ કમિટીના ચેરમૅન હતા તેના તેમને મંત્રી બનાવ્યા. પછી તો તે અનેક સમિતિઓમાં રહ્યા. દેશના ઘણા રાજવીઓના પણ સલાહકાર તરીકે કામ કર્યું. ભારતનું બંધારણ રચવા સમિતિ બનાવવામાં આવી તેના પણ તે સભ્ય રહ્યા.

તે ગુજરાતી અને અંગ્રેજી સાથે સંસ્કૃત અને ફ્રેન્ચમાં પણ નિષ્ણાત હતા. અર્થશાસ્ત્ર ઉપરાંત તે પત્રકારત્વ, ઇતિહાસ, રાજ્યશાસ્ત્ર તથા સાહિત્યના પણ વિદ્વાન હતા.

તેમણે ૧૮૫૮-૧૯૧૯ દરમિયાનની નાણા-વ્યવસ્થાનો તલસ્પર્શી અભ્યાસ કર્યો. તેની સુધારણાનાં સૂચનો પણ કર્યાં. રૂપિયાનું સોનામાં મૂલ્ય નિર્ધારિત કરવાની તરફેણ કરી. બૅંકિંગ ક્ષેત્રની સેવાઓનાં વૈવિધ્યીકરણ તથા વિસ્તરણ પર ભાર મૂક્યો. ઔદ્યોગિક બૅન્ક સ્થાપવાની તરફેણ કરી. દેશના ઉદ્યોગોને સંરક્ષણ આપવાની હિમાયત કરી. મૂડીવાદની અવેજીમાં રાજ્યપ્રેરિત સમાજવાદ અને સહકારની તરફેણ કરી. સ્થાનિક પ્રશાસનના વિકાસ પર પણ ખૂબ ભાર મૂક્યો. મ્યુનિસિપલ કાઉન્સિલોના કાર્યક્ષેત્રના વિસ્તરણની તરફેણ કરી. નાણાવ્યવસ્થાની સુધારણા માટે તેમણે ચાર ભલામણ કરી : (૧) લશ્કરના ખર્ચમાં ક્રમશઃ ઘટાડો કરવો. (૨) શિક્ષણ અને જાહેર આરોગ્યના ખર્ચમાં વધારો કરવો. (૩) આવકવેરાના માળખાં‍માં સુધારા કરવા. (૪) કેન્દ્ર દ્વારા રાજ્ય સરકારોને પૂરતી આર્થિક સહાય આપવી.

આર્થિક આયોજનનાં બે ધ્યેયો પર ભાર મૂક્યો : (૧) આયોજનમાં સ્વનિર્ભરતા હાંસલ કરવી. (૨) નિર્ધારિત સમયમાં લોકોના જીવનધોરણની સપાટી બમણી કરવી. આ માટે વહીવટનું વિકેન્દ્રીકરણ કરવું અને સ્થાનિક સ્તરે વિસ્તરણ કરવું.

તેમણે અર્થશાસ્ત્ર અને બીજા વિષયો પર સત્યાવીસ પુસ્તકો લખ્યાં હતાં. ત્રણ નાટકો પણ લખ્યાં હતાં.

૧૯૫૨માં ડૉ. રાજેન્દ્રપ્રસાદ પ્રમુખની ચૂંટણીમાં ઊભા રહ્યા, ત્યારે તેમણે તેમની સામે અપક્ષ ઉમેદવારી નોંધાવી હતી. ૧૯૫૩માં મુંબઈમાં તેમનું અવસાન થયું.

ચન્દ્રશંકર બૂચ (સુકાની) (૧૮૯૬-૧૯૫૮) :

કચ્છમાં જે ઉત્તમ સાહિત્યકારો થયા, તેમાં શ્રી 'સુકાની'નું નામ જાણીતું છે.

સુકાનીનો જન્મ ૨૫ સપ્ટેમ્બર, ૧૮૯૬ના રોજ મુંદ્રામાં થયો હતો. બાળપણથી તેમને દરિયા સાથે સંબંધ રહ્યો હતો. પંદર વર્ષે તેમનાં લગ્ન થયાં. ૧૯૧૮માં મુંબઈમાં તે સંસ્કૃત સાથે સ્નાતક થયા. અધ્યાપક બન્યા.

૧૯૨૩માં તે બૉમ્બે નેવિગેશન સ્ટીમ કંપનીમાં જોડાયા. વહીવટી કામો કરતા હોવા છતાં તેમનો

વિદ્યાવ્યાસંગ ચાલુ રહ્યો. તેમાં વહાણવટાનું ક્ષેત્ર ઉમેરાયું. કચ્છી પત્રકારત્વ ક્ષેત્રે પણ તેમનું પ્રદાન રહ્યું. તે 'ચેતન' માસિકના તંત્રીમંડળમાં જોડાયા. 'વીસમી સદી'માં તેમના અભ્યાસપૂર્ણ લેખો આવતા. કરાંચી હતા ત્યારે ડોલરરાય માંકડના 'નાગરિક'ના સહતંત્રી હતા.

'કુમાર'ના તંત્રી બચુભાઈ રાવતના આગ્રહથી તેમણે 'કુમાર'માં સાગરકથાઓ લખવાની શરૂઆત કરી. તે માટે તેમને 'કુમારચંદ્રક' પણ મળ્યો હતો. તેમણે 'દેવો ધાધલ' અને 'ધુડાકિયો બાણ' નામની બે નવલકથાઓ લખી હતી. આ ઉપરાંત વાર્તાઓ અને લેખો પણ લખ્યા હતા.

તેમના વહાણવટાના ઊંડા અભ્યાસને કારણે તેમણે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે સેવાઓ આપી હતી. કેન્દ્ર સરકારે પણ તેમને જહાજી મંત્રાલયના નાયબ મહાનિર્દેશક તરીકે નીમ્યા હતા. અન્ય પદો પણ સંભાળ્યાં હતાં.

નિવૃત્તિ પછી તે મદ્રાસમાં રહેતા.

૨૨ સપ્ટેમ્બર, ૧૯૫૮ના રોજ તેમનું અવસાન થયું.

દુલેરાય કારાણી (૧૮૯૬–૧૯૮૯) :

કચ્છના લોકસાહિત્યકાર અને સંશોધક એવા દુલેરાય કારાણીનો જન્મ ૨૬ ફેબ્રુઆરી, ૧૮૯૬ના રોજ મુન્દ્રામાં થયો હતો. દસ ધોરણનો અભ્યાસ કર્યા પછી તે મુન્દ્રાની પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે જોડાયા. તેમણે ગુજરાતી સાથે હિન્દી, અંગ્રેજી, ઉર્દૂ, ફારસી, સિંધી વગેરે ભાષાઓ અને તેના સાહિત્યનો પણ અભ્યાસ કર્યો. જૈન મુનિ કલ્યાણચન્દ્રજીના પરિચયમાં આવ્યા પછી કચ્છી લોકસાહિત્ય પ્રત્યે ઊંડી પ્રીતિ જન્મી. સાથે કચ્છના મહારાવ મદનસિંહજીએ પણ તેમને પ્રોત્સાહન આપ્યું. તેમણે કારાણીને પ્રાથમિક શિક્ષકમાંથી કચ્છના કેળવણી ખાતાના મદદનીશ શિક્ષણ-અધિકારી બનાવ્યા. નિરીક્ષણ અર્થે તેમને આખા કચ્છનો પ્રવાસ કરવાનો થતો તેનો તેમણે સંશોધન માટે ઉપયોગ કર્યો.

તે પછી તેમણે પોતાના સંશોધનના પરિપાકરૂપે પુસ્તકો પ્રકાશિત કરવા માંડ્યાં. તેમનાં મુખ્ય પુસ્તકોમાં 'કચ્છ કળાધર' બે ભાગ, 'કચ્છના સંતો અને કવિઓ' બે ભાગ, 'કચ્છની રસધાર' પાંચ ભાગ, 'કારાણી કાવ્યકુંજ', 'કચ્છી કહેવતો', 'દયાનંદ બાવની', 'ગાંધી બાવની', 'કચ્છપ્રદેશનું લોકસાહિત્ય' વગેરે છે. તેમણે લગભગ સાઠેક પુસ્તકો લખ્યાં છે.

કચ્છરાજ્યની નોકરીમાંથી નિવૃત્ત થયા પછી તે સોનગઢના જૈન છાત્રાલયમાં ગૃહપતિ તરીકે મુનિ કલ્યાણચન્દ્રજી સાથે રહ્યા. ૧૯૬૮ પછી તે અમદાવાદમાં રહેવા લાગ્યા.

તેમનાં પુસ્તકોને અને તેમને પણ અનેક સન્માનો મળ્યાં. તે કચ્છના લોકોના પ્રિય સાહિત્યકાર હતા. કચ્છી સંસ્કૃતિના પ્રતીક હતા. તેમણે કચ્છમાં અને ગુજરાતમાં અનેક કાર્યક્રમો આપ્યા હતા. આકાશવાણી પર પણ કાર્યક્રમો આપતા. તેમને 'કચ્છના મેઘાણી' તરીકે સંબોધાતા. એક મિશનરી તરીકે તેમણે જીવનના છેલ્લા શ્વાસ સુધી કામ કર્યું.

તા. ૨૬ ફેબ્રુઆરી, ૧૯૮૯ના રોજ ચોરાણુમા જન્મદિવસે તેમનું અવસાન થયું.

કાંતિપ્રસાદ અંતાણી (૧૯૦૨-૧૯૮૬) :

ગાંધીયુગના પ્રવાહને જેમણે કચ્છમાં ઝીલ્યો, તેમાં પ્રથમ કાંતિપ્રસાદ અંતાણી હતા.

તેમનો જન્મ ભુજમાં ૧૯૦૨માં થયો હતો. પ્રાથમિક ભણતર ભુજમાં થયું હતું. ૧૯૧૯થી તેમણે જાહેર પ્રવૃત્તિઓમાં ભાગ લેવા શરૂ કર્યો. ૧૯૨૫માં તે ગાંધીજીને કચ્છમાં તેડી આવ્યા. સમગ્ર કચ્છમાં તે તેમની સાથે ફર્યા. તે કારણે તેમને જ્ઞાતિબહાર મૂકવામાં આવ્યા હતા. પછી કચ્છમાં 'કચ્છી પ્રજાકીય પરિષદ' સ્થાપવામાં આવી. તેને વિકસાવવામાં તેમનો મહત્તમ ફાળો રહ્યો. કચ્છમાં માત્ર તે જ ભારતીય કૉંગ્રેસના પ્રતિનિધિ હતા. કૉંગ્રેસના બધા જ નેતાઓ સાથે તેમના સંબંધો હતા. કચ્છ સ્વતંત્ર થયું ત્યારે બંધારણસમિતિમાં તથા સિંધીઓને સ્થિર કરવાની સમિતિઓમાં હતા. ૧૯૬૩માં તે કચ્છ જિલ્લા પંચાયતના પ્રથમ પ્રમુખ થયા. એક સત્ર રહ્યા પછી નિવૃત્ત થયા. જીવનના અંત સુધી તેમણે કચ્છની સેવા કરી. તેમણે કચ્છ પર

પરિચયપુસ્તિકાઓ અને ગાંધીયુગે કચ્છના સ્વાતંત્ર્યસંગ્રામ પર પુસ્તકો લખ્યાં હતાં.

૧૯૮૬માં તેનું અવસાન થયું.

યુસુફ મહેરઅલી (૧૯૦૩-૧૯૫૦) :

યુસુફ મહેરઅલી મૂળ કચ્છના હતા. તેમનો જન્મ ૧૯૦૩માં મુંબઈમાં થયો હતો. કૉલેજજીવનમાં તે સક્રિય હતા. ૧૯૨૭માં સાઈમન કમિશનની ચળવળમાં તેમણે ભાગ લીધો હતો. વિશ્વશાંતિ તરુણ કોંગ્રેસમાં હોલૅન્ડમાં ભાગ લીધો હતો. બારડોલી સત્યાગ્રહમાં ભાગ લીધો હતો. ૧૯૩૪માં સમાજવાદી પક્ષની સ્થાપના કરવામાં આવી ત્યારે તેના વિકાસમાં મહેરઅલીનું પ્રદાન મહત્ત્વનું હતું. તેમણે દેશી રજવાડાં, ખેડૂતોના ઉત્થાન, વિદ્યાર્થીઓ વગેરે મુદ્દાઓ પર કામ કર્યું હતું.

કચ્છ સ્વાતંત્ર્યસંગ્રામમાં ભચાઉમાં તેમણે કચ્છી પ્રજાકીય પરિષદમાં હાજરી આપી યુવાનોને પ્રેરણા આપી હતી. મુંદ્રા અધિવેશનમાં તે પ્રમુખ તરીકે ચૂંટાયા હતા. તેમાં તેમણે જવાબદાર રાજ્યતંત્રની ઘોષણા કરી હતી. મુંબઈમાં તે માટે ઑફિસ ખોલી હતી. ભુજમાં સ્વયંસેવકોની ટુકડીઓ તૈયાર કરી. આ સંદર્ભમાં તે કચ્છના મહારાવને મળ્યા હતા. મંત્રણા સફળ થઈ ન હતી. તેમની પ્રવૃત્તિઓને કારણે નખત્રાણામાં રાજ્ય ખેડૂત સંમેલન ભરાયું હતું. પછી સ્ત્રીસંમેલન થયું હતું. તેમણે રાખાલ સત્યાગ્રહ અને સુવર સત્યાગ્રહમાં ભાગ લીધો હતો. પછી ગાંધીજીએ લડત મોકૂફ કરતાં તેનો અંત આવ્યો હતો.

આ ઉપરાંત તેમણે હિન્દુ-મુસ્લિમ-એકતા પર પણ કામ કરેલ. ૧૯૪૨માં તે મુંબઈના મેયર તરીકે ચૂંટાયા હતા. તેમનું નામ પસંદ થયું ત્યાર તે લાહોરની જેલમાં હતા. તે મૃત્યુ સુધી મુંબઈ વિધાનસભામાં રહ્યા હતા.

તેમનું બીજી જુલાઈ, ૧૯૫૦ના અવસાન થયું.

જે. જે. અંજારિયા (૧૯૦૮-૧૯૭૦) :

જશવંતરાય જયંતીલાલ અંજારિયા એક વિખ્યાત અર્થશાસ્ત્રી અને વહીવટકાર હતા.

તેમનો જન્મ ૧૯૦૮માં અંજારમાં થયો હતો. તેમણે મુંબઈની વિલ્સન કૉલેજમાંથી બી.એ. કર્યું. પછી લંડન સ્કૂલ ઑફ ઇકોનૉમિક્સમાંથી એમ.એ. થયા. ત્યાંના પ્રાધ્યાપક અને અર્થશાસ્ત્રી લાયન્સ રોબિન્સ તેમના જ્ઞાનથી પ્રભાવિત થયા હતા.

તેમણે પોતાની કારકિર્દીની શરૂઆત અમદાવાદની એલ. ડી. આર્ટ્સ કૉલેજમાં અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક તરીકે કરી. પછી મુંબઈ યુનિવર્સિટીમાં લેક્ચરર, રીડર અને પ્રોફેસરનાં પદ પણ શોભાવ્યાં હતાં. ૧૯૪૬માં ઇન્ટરનૅશનલ મોનેટરી ફંડના સંશોધન-વિભાગમાં આસિસ્ટન્ટ ડિવિઝન ચીફ તરીકે જોડાયા. ૧૯૪૮માં રિઝર્વ બૅન્કમાં નાણાંવિભાગના નિયામક નિમાયા. આયોજન પંચની આર્થિક બાબતોની ટીમના સલાહકાર હતા. ૧૯૫૩માં કેન્દ્ર સરકારના નાણાકીય સલાહકાર બન્યા હતા. ૧૯૬૧માં ઇન્ટરનૅશનલ મોનેટરી ફંડમાં ફરી ગયા અને 'એક્ઝિક્યુટીવ ડિરેક્ટર' તરીકે નિમાયા હતા. ૧૯૬૭માં રિઝર્વ બૅન્કના ડેપ્યુટી ગવર્નર બન્યા હતા. ૧૯૬૮માં લંડન સ્કૂલ ઑફ ઇકોનૉમિક્સે તેમને પોતાના ઑનરરી ફેલો બનાવ્યા હતા.

પ્રથમ પંચવર્ષીય યોજનામાં તેમના વિચારોનો ખૂબ જ ફાળો અને પ્રભાવ હતો. તેમણે પાંચ પુસ્તકો લખ્યાં. ૧૯૫૭માં તેમને ભારત સરકારે 'પદ્મશ્રી'થી નવાજ્યા હતા. ૧૯૭૦માં દિલ્હીમાં તેમનું અવસાન થયું હતું.

ભાઈ પ્રતાપ (૧૯૦૮-૧૯૬૭) :

૧૯૪૭માં ભારત અને પાકિસ્તાનના ભાગલા થયા ત્યારે સિંધીઓએ હિજરત કરી અને કચ્છમાં આવીને વસવાટ કર્યો. અહીં તેમણે ગાંધીધામ, આદિપુર અને ગોપાલપુરી નામે ત્રણ વસાહતો સ્થાપી. આ સમગ્ર કામ જેમણે કર્યું, તે ભાઈ પ્રતાપ.

ભાઈ પ્રતાપનો જન્મ ૧૩મી એપ્રિલ, ૧૯૦૮ના સિંધના હૈદરાબાદ શહેરમાં થયો હતો. તે બીજા નંબરના સંતાન હતા. પિતા બાંધકામ, મશીનરી અને કાપડનો ધંધો કરતા હતા. તે શાળામાં હતા ત્યારે પિતાનું મૃત્યુ

થયું. કૉલેજમાં હતા ત્યારે મોટા ભાઈ ગયા. એટલે ઘર અને ધંધો – બન્નેની જવાબદારી તેમના પર આવી પડી. અભ્યાસ અર્ધેથી છોડી દેવો પડ્યો. તે તેજસ્વી અને પ્રભાવશાળી હોવાથી ઘેર બેઠે અનેક વિષયોની જાણકારી મેળવી. જ્ઞાનની અદમ્ય જિજ્ઞાસાને કારણે તેમણે ઘરમાં જ વિશાળ ગ્રંથાલય ઊભું કર્યું હતું, જેમાં અનેક વિષયોનાં પાંચેક હજાર પુસ્તકો હતાં. તેમને નાટક, ચર્ચા વગેરે અનેક વિષયોનો શોખ હતો.

તેમનાં લગ્ન લછમીબહેન સાથે થયાં. તે ધંધા સાથે દાન પણ કરતા. ક્રાન્તિકારીઓને પણ છૂપી મદદ કરતા. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન વિશ્વની સફર પણ કરી. સેવાગ્રામ ગયા ત્યારે ગાંધીજીના પરિચયમાં આવવાથી તેમને પણ દેશસેવાનો રંગ લાગ્યો. ગાંધીજીએ તેમની કુશળતા જોઈ તેમને રાષ્ટ્રભાષા સમિતિના પ્રમુખ નીમ્યા. થોડો વખત હરિજન સેવા સંઘના પ્રમુખ પણ રહ્યા. 'ભારત છોડો' આંદોલન દરમિયાન ભૂગર્ભમાં રહી કામ કર્યું.

ભાગલા પછી તે સિંધીઓ સાથે કચ્છ આવ્યા. ગાંધીધામ-આદિપુરના નિર્માણ માટે તેમણે અઢી કરોડની મૂડી રોકી સિંધુ રીસેટલમેન્ટ કૉર્પોરેશનની સ્થાપના કરી. આચાર્ય ક્રિપલાની તેના ચેરમૅન બન્યા. ભાઈ પ્રતાપ મૅનેજિંગ ડિરેક્ટર બન્યા. ગાંધીજીના મોત પછી તે તેમનાં અસ્થિ લઈ આવ્યા અને કંડલાની ખાડીમાં તેનો થોડો હિસ્સો પ્રવાહિત કર્યો. તેમણે જે નગર ઊભું કર્યું તેનું નામ ગાધીજી પરથી 'ગાંધીધામ' પાડ્યું. જ્યાંથી નિર્માણ શરૂ કર્યું તેને 'આદિપુર' નામ મળ્યું. વસવાટ કરનારાને સરળ હપ્તામાં લોન આપી ધંધારોજગાર શરૂ કરાવ્યા. કો-ઑપરેટિવ બૅન્કની સ્થાપના કરી. મકાનો ભાડે આપ્યાં. આદિપુરમાં ગાંધી-સમાધિ અને નિર્વાસિતેશ્વર મંદિર તૈયાર કરાવ્યાં. ૧૯૫૬ના ધરતીકંપ વખતે પણ પુનર્વસવાટ માટે ખૂબ કામ કર્યું. તેમણે કંડલાબંદરના વિકાસ માટે પણ અજોડ કામ કર્યું. શિક્ષણ માટે 'ગાંધીધામ મૈત્રી મંડળ' શરૂ કર્યું. કામ દરમિયાન તેમને અનેક આક્ષેપોનો સામનો કરવો પડ્યો અને જેલમાં પણ જવું પડ્યું. તે કારણે તે ભાંગી પડ્યા અને ૧૯૬૪માં તેમને હૃદયરોગનો હુમલો આવ્યો. છેવટે ૧૯૬૭ની ૨૯મી ઑગસ્ટે મૃત્યુ પામ્યા. ગાંધીસમાધિ સામે તેમની પણ સમાધિ છે.

સુમતિ મોરારજી (૧૯૦૯-૧૯૯૮) :

ભારતી વહાણવટા વિકાસનાં પ્રણેતા અને એક સફળ મહિલા એવાં સુમતિ મોરારજીનો જન્મ મથુરાદાસ ગોકુળદાસને ત્યાં ૧૩ માર્ચ, ૧૯૦૯ના થયો હતો. તે સાતમું સંતાન હતાં. બાળપણથી જ પિતાએ તેમને પુત્રની જેમ જ ઉછેર્યાં હતાં. નાનપણથી જ તે ભાષાઓમાં રસ ધરાવતાં હતાં, તેથી ગુજરાતી સાથે હિન્દી, અંગ્રેજી, સંસ્કૃત, મરાઠી, વ્રજભાષા વગેરેમાં નિષ્ણાત બન્યાં હતાં. સાથે વાંચવાનો ખૂબ જ શોખ હોવાથી એશિયાટિક સોસાયટી અને મુંબઈ યુનિવર્સિટીની લાઇબ્રેરીમાં જઈ ખૂબ વાંચતાં. ક્રિકેટ, હૉકી, તરણ, ઘોડેસવારી, નૌકાવિહાર વગેરેની પણ તાલીમ લીધી. સાથે ઘરકામ અને સૌંદર્યશાસ્ત્ર-કળામાં પણ રસ લેતાં હતાં.

તેર વર્ષની વયે તેમનાં લગ્ન ઉદ્યોગપતિ નરસિંહ મોરારજીના પુત્ર શાંતિકુમાર સાથે થયાં. સસરાએ તેમની કુશળતા જોઈ તેમને ધંધામાં પલોટવા માંડ્યાં. વીસમે વર્ષે સિંધિયા સ્ટીમ નેવીગેશન લિમિટેડનાં વરિષ્ઠ ભાગીદાર બન્યાં. સસરાના મૃત્યુ પછી તેમની ભાગીદારીનો બધો હિસ્સો તેમને જ મળ્યો. ૧૯૪૭માં તે કંપનીનાં વહીવટી સંચાલક બન્યાં. ૧૯૫૭-૫૯ અને ૧૯૬૪-૬૫ દરમિયાન તે 'ઇન્ડિયન નૅશનલ સ્ટીમશીપ ઓનર્સ એસોસિયેશન'નાં પ્રમુખ બન્યાં. ૧૯૭૦માં યોજાયેલ આંતરરાષ્ટ્રીય વહાણવટા પરિષદમાં તે એકમાત્ર મહિલા પ્રતિનિધિ હતાં. તેમાં પણ તેમણે બધાને પ્રભાવિત કર્યા.

સુમતિ મોરારજીએ 'ભારતીય વહાણવટાનો ઇતિહાસ' ગ્રંથ લખેલ છે. તેનાં પ્રદર્શનો પણ ભર્યાં હતાં. મુંબઈમાં સિંધિયા હાઉસમાં વહાણવટા વિશે તેમણે મૂલ્યવાન માહિતી એકઠી કરી હતી.

સ્વાતંત્ર્યસંગ્રામ ચાલતો હતો ત્યારે તેમણે રામમનોહર લોહિયા, અરુણા અસફઅલી વગેરેને મદદ

કરી હતી. ગાંધીજી મુંબઈ આવતા ત્યારે તેમને ત્યાં જ ઊતરવાનું પસંદ કરતા.

સત્યાવીસમી જૂન, ૧૯૯૮માં તેમનું અવસાન થયું.

વિનાયક વોરા :

તાર-શહેનાઈના પ્રખ્યાત વાદક વિનાયક વોરાનો જન્મ માંડવીમાં વિદ્વાન એવા નાનાલાલ વોરાને ત્યાં ૧૯૨૯માં થયો હતો. મુંબઈ યુનિવર્સિટીમાંથી સ્નાતકની ડિગ્રી મેળવી, પછી 'સંગીતવિશારદ' પણ થયા. તેમના પર કિરાના ઘરાનાના પ્રસિદ્ધ સંગીતજ્ઞ યશવંતરાવ પુરોહિતનો પ્રભાવ પડ્યો.

તે સમયે કલકત્તામાં થાળીવાજાનું સાઉન્ડ બૉક્સ બેસાડવાનો અખતરો કરવામાં આવ્યો હતો. તે કારણે શરણાઈના સૂર મોટા નીકળતા હોય તેવું લાગતું. ૧૯૫૦માં વિનાયક વોરાએ જૂનાગઢના એક મિસ્ત્રી પાસેથી આવું વાદ્ય મેળવ્યું. તેમાં ફેરફાર કરી તેને આબેહૂબ શહેનાઈ જેવું બનાવ્યું. તેને 'તાર- શહેનાઈ' નામ આપ્યું. તેના તે નિષ્ણાત બન્યા. દેશ-વિદેશમાં તેના કાર્યક્રમો આપ્યા. તેમણે યશવંતરાવ પુરોહિતની શૈલી સાથે અબ્દુલ કરીમખાન, ઓમકારનાથ ઠાકુર, અમીરખાન વગેરેની શૈલી અપનાવવા સાથે પોતાની મૌલિક શૈલી પણ ઊભી કરી. ૧૯૬૦થી તે આકાશવાણી પર 'તાર-શહેનાઈ'ના કાયમી વાદક તરીકે પસંદગી પામ્યા. આકાશવાણીની સ્પર્ધાઓમાં નિર્ણાયક પણ રહેતા. દૂરદર્શનમાં પણ કાર્યક્રમ આપતા. ફિલ્મી સંગીતમાં પણ તેમણે અનેક સંગીતકારો સાથે સંગીત આપેલ છે. ટી.વી. નાટકોમાં પણ પાર્શ્વસંગીત આપતા. આ સાથે તેમણે ભારતીય સંગીત પર શાસ્ત્રીય લેખો પણ લખ્યા છે. 'વિવિધ ભારતી' પર તેમનો 'સંગીતમીમાંસા' કાર્યક્રમ લોકપ્રિય બનેલ અનેક યુનિવર્સિટીઓમાં પણ તેમણે સંગીત પર પ્રવચનો આપેલાં. તેમની રેકર્ડો અને સી.ડી.ઓ પણ બહાર પડી છે. તે તાર-શહેનાઈ ઉપરાંત દિલરૂબા, સિતાર, વાયોલિન વગેરે વાદ્યો પણ વગાડતા.

તેમનાં સંતાનો પણ સંગીત અને ફિલ્મી દુનિયામાં કામ કરે છે અને જાણીતાં બન્યાં છે.

સુલેમાન જુમા (૧૯૦૫-૧૯૮૬) :

કચ્છના એક ઉત્તમ નગારાવાદક એવા સુલેમાન જુમાનો જન્મ અંજાર તાલુકાના દેવડિયા ગામે થયો હતો. તેમની મૂળ અટક જુમાણી. તેમના પિતાને પુત્ર નામ કાઢે તેવી ખૂબ ઇચ્છા, એટલે પોતા પાસે જે જ્ઞાન હતું તે બધું જ આપી દીધું. સાથે વધારે જ્ઞાન મેળવવા તેમણે સુલેમાનને ત્યારના ઓસમાણ ઉસ્તાદ પાસે તાલીમ લેવા મોકલ્યા. ત્યારે તે અગિયાર વર્ષના હતા. તેમની પાસેથી તબલાંની 'ગતો' અને તાલ વિશેનું જ્ઞાન મેળવ્યું. તેનો ખૂબ જ રિયાજ કર્યો. પછી ત્યારના ગવૈયાઓ સાથે સંગત કરવા લાગ્યા. આમ તેમનો મહાવરો વધતો ગયો અને તે પણ જાણીતા થતા ગયા. પોતાના પિતરાઈ ભાઈ શરણાઈ વગાડતા. તેમની સાથે પણ જતા. તે પણ શરણાઈ વગાડતાં શીખ્યા.

પણ તે વિખ્યાત તો નગારાવાદનથી જ થયા. નગારા પર તેમનો કાબૂ અસાધારણ હતો. શાસ્ત્રીય તાલોને તે બખૂબી વગાડતા. લોકતાલ પણ સહજતાથી વગાડતા. તેને સાંભળતાં શ્રોતાઓ મુગ્ધ બની જતા. તેમને જાહેરમાં લાવવાનો યશ રાજકોટ આકાશવાણીને તથા જયમલ્લ પરમારને જાય છે. સુલેમાનભાઈએ આકાશવાણી અને દૂરદર્શનમાં ખૂબ કાર્યક્રમો આપ્યા. વડાપ્રધાન અને રાષ્ટ્રપતિ સામે પણ કાર્યક્રમો આપ્યા. ત્યારે હાજર પ્રખ્યાત વાયોલિનવાદક યહૂદી મેન્યુહીને પણ તેમની પ્રશંસા કરી હતી.

દેશમાં કાર્યક્રમો આપવા ઉપરાંત તેમણે વિદેશોમાં પણ કાર્યક્રમો આપ્યા હતા. દક્ષિણ આફ્રિકા, રંગુન, ચીન, જપાન, ફ્રાન્સ, આરબ દેશો વગેરેમાં સફળતાપૂર્વક કાર્યક્રમો આપ્યા હતા. આકાશવાણીના તે રાષ્ટ્રીય કલાકાર હતા. તેમણે ફ્રાન્સમાં એફિલ ટાવર નીચે બેસીને કાર્યક્રમ આપ્યો હતો.

સુલેમાનભાઈને 'ગૌરવ પુરસ્કાર' અને 'સંગીત નાટક અકાદમી'નો પુરસ્કાર મળ્યો હતો.

સુલેમાન જુમાનું મૃત્યુ ૧૪ ડિસેંબર, ૧૯૮૬ના રોજ થયું.

રામસિંહજી રાઠોડ :

કચ્છના ભુમડા ગામમાં જન્મ. મૅટ્રિક સુધી ભુજમાં અભ્યાસ કર્યો. તે દરમિયાન વ્યાયામ અને ચિત્રકળામાં રસ કેળવ્યો. વારંવારના કચ્છના પ્રવાસોથી પ્રકૃતિપ્રેમ કેળવાતો ગયો. 'કુમાર'ના વાચનથી તેમનો સાહિત્ય, કળા અને ફોટોગ્રાફીનો શોખ વિકસ્યો. ૧૯૩૫થી '૩૭ દરમિયાન દેહરાદૂનની ફૉરેસ્ટ કૉલેજમાં વનવિદ્યાની તાલીમ લીધી. પછી કચ્છના જંગલખાતામાં ફૉરેસ્ટ અધિકારી તરીકે જોડાયા. સમગ્ર કચ્છનો પ્રવાસ કર્યો. તે દરમિયાન તેમને કચ્છના ભૂસ્તરમાં રસ વધતો ગયો. તેની પણ તેમણે બનારસમાં તાલીમ લીધી. આ દરમિયાન તેમને ડૉ. રાધાકૃષ્ણન તથા સરદાર પટેલ જેવા મહાનુભવોનો પરિચય થયો.

પોતાના અભ્યાસના પરિપાકરૂપે તેમણે કચ્છ પર 'કુમાર'માં લેખમાળા શરૂ કરી. તેને ૧૯૫૯માં 'કચ્છનું સંસ્કૃતિદર્શન' નામે પુસ્તકરૂપે પ્રગટ કરી. તેને મુંબઈ રાજ્યનું સાહિત્યનું પ્રથમ પારિતોષિક મળ્યું, સાથે 'રણજિતરામ સુવર્ણચન્દ્રક' પણ મળ્યો. આ ઉપરાંત તેમણે કચ્છનું લોકસંગીત અને લોકભરત પર સંશોધન કર્યું. તેમણે 'કચ્છ ઍન્ડ રામરંધ' નામે અંગ્રેજી પુસ્તક પણ પ્રકાશિત કર્યું. તેમણે ભુજમાં 'ભારતીય સંસ્કૃતિ – કચ્છક મ્યુઝિયમ પણ ઊભું કર્યું.

કલ્યાણજી-આણંદજી (૧૯૨૮–૨૦૦૦) :

કલ્યાણજી–આણંદજી ભારતીય હિન્દી ફિલ્મ-જગતના ઉચ્ચ કક્ષાના સંગીત નિર્દેશક રહ્યા છે. તેમનો જન્મ કુંદરોડી–કચ્છમાં થયો હતો. પાછળથી તે મુંબઈમાં સ્થાયી થયા. બાળપણથી જ બન્નેને સંગીત પ્રત્યે ખૂબ રુચિ હતી. કલ્યાણજીએ તરુણાવસ્થામાં 'પાષાણતરંગ' નામે વાદ્ય બનાવી કચ્છના મહારાવની પ્રશંસા મેળવી હતી. ૧૯૫૨માં કલ્યાણજીએ હિન્દી ફિલ્મ 'નાગીન'માં હેમંતકુમારના સંગીતનિર્દેશનમાં બીન (કલે વાયોલિન) વગાડી લોકપ્રિયતા મેળવી. ૧૯૫૮માં ફિલ્મ 'સમ્રાટ ચન્દ્રગુપ્ત'માં કલ્યાણજી વીરજી શાહ નામે સંગીતનિર્દેશન કર્યું. પાછળથી નાના ભાઈ આણંદજી 'સટ્ટાબજાર' ફિલ્મમાં તેમની સાથે જોડાયા. ત્યારથી કલ્યાણજી-આણંદજીની જોડી શરૂ થઈ. સંયુક્ત કારકિર્દી દરમિયાન તેમણે ૨૫૦થી વધારે ફિલ્મોમાં સંગીત આપ્યું. તેમને 'હિમાલય કી ગોદ', 'સરસ્વતીચન્દ્ર', 'કોરા કાગઝ' વગેરે ફિલ્મો માટે વિવિધ ઍવૉર્ડો મળ્યા. ૧૯૮૫માં 'સૂરસિંગાર ઍવૉર્ડ' મળ્યો. સાત વાર 'પ્લેટિનમ ડિસ્ક' મેળવવાનું બહુમાન મળ્યું. તેમનાં સંતાનો પણ સંગીતમાં જ કામ કરે છે. ૨૦૦૦માં કલ્યાણજીનું અવસાન થયું. પછી આણંદજી નિવૃત્ત થઈ ગયા. તે બાળકોને તૈયાર કરતી સંસ્થા "લીટલ વન્ડર્સ" ચલાવે છે. સાધના સરગમ, અલકા યાજ્ઞિક વગેરેને તેમણે તૈયાર કરેલ છે.

ફૂલશંકર પટ્ટણી (૧૯૦૬-૧૯૯૨) :

કચ્છના ભેખધારી પત્રકાર, 'જય કચ્છ' સાપ્તાહિકના આદ્ય અધિપતિ, કચ્છના સંનિષ્ઠ અગ્રણી, આમજનતાના અવાજ અને સ્વાતંત્ર્યસેનાની ફૂલશંકર હિંમતરામ પટ્ટણીનો જન્મ વડનગરા નાગર કુટુંબમાં ૫મી ઑગસ્ટ, ૧૯૦૬ના રોજ ભુજ ખાતે થયો હતો.

હાઈસ્કૂલના અભ્યાસ દરમિયાન ફૂલશંકરભાઈ મહાત્મા ગાંધીજીની પ્રેરણાથી શાળાનો બહિષ્કાર કરી રાષ્ટ્રીય શાળામાં જોડાયા અને અસહકારની લડત અને સ્વાતંત્ર્ય-ચળવળ દરમિયાન રેંટિયાપ્રવૃત્તિ 'કૉંગ્રેસ બુલેટિન' વહેંચતાં સોટીનો માર સહન કરવો પડ્યો. ૧૯૨૫-૨૯ દરમિયાન મુંબઈના 'સ્વદેશ' તથા અમદાવાદના 'નૂતન ગુજરાત' સાપ્તાહિકના પ્રતિનિધિ તરીકે કામ કર્યું.

૧૯૩૦માં અંજારમાં કચ્છી પ્રજાકીય પરિષદ ભરાઈ ત્યારે શિક્ષકની નોકરીને તિલાંજલિ આપી પરિષદના પ્રચારક તરીકે તેઓ જોડાઈ ગયા. ૧૯૩૦-૩૨ દરમિયાન છગનલાલ ભવાનીશંકર મહેતાના તંત્રીપદે અમદાવાદથી બહાર પડતા સાપ્તાહિક 'કચ્છ વર્તમાન'માં મદદનીશ તંત્રી તરીકે સેવા આપી. ૧૯૩૨-૩૪ના ગાળામાં કચ્છ પ્રજામંડળની પત્રિકા 'વતન' સાપ્તાહિક(મુંબઈ)ના સંપાદક તરીકે સેવા આપનાર ફૂલશંકરભાઈએ ૨૨મી સપ્ટેમ્બર, ૧૯૩૪ના રોજ મુંબઈથી 'જય કચ્છ'નો પ્રારંભ કર્યો. પણ તેનાં સમાચારો અને લખાણોથી 'જય કચ્છ' પર કચ્છરાજ્યનો ખોફ ઊતર્યો અને બદનક્ષીના કેસ શરૂ

થયા. કચ્છ એ દેશી રાજ્ય હતું. અહીં કોઈ નાગરિક પ્રિન્ટિંગ પ્રેસ ધરાવી શકે નહીં. બહારથી આવતાં વૃત્તપત્રોને જપ્ત કરાય. આવા કપરા સંજોગો વચ્ચે 'જય કચ્છ' શરૂ કરનાર ફૂલશંકરભાઈએ અનેક વિટંબણા, આર્થિક ખેંચ, પ્રલોભનોની સામે પણ એકલવીરની જેમ જીવનના અંતિમ શ્વાસ સુધી તે ચાલુ રાખ્યું હતું. 'જય કચ્છ' પર અનેક પ્રતિબંધો પણ લદાયા.

૧૯૩૫-૩૬માં રાપરના ફોજદાર દ્વારા નગરપારકર(સિંધ)માં બદનક્ષીનો કેસ કરાયો. કેસ લડવા ફૂલશંકરભાઈએ રણની કપરી યાત્રા કરી. આટલે દૂર સાક્ષી વગેરે રજૂ ન કરી શકતાં દંડ ઝીંકવામાં આવ્યો. ૧૯૩૭માં જાદવજી બુદ્ધભટ્ટી તરફથી બદનક્ષી કેસ થયો. પ્રથમ છુટકારો, પછી દંડ, અંતે સમાધાન સધાયું.

સ્વાતંત્ર્યપ્રાપ્તિ બાદ ૧૯૫૭માં ફૂલશંકરભાઈ ભુજ નગરપાલિકાના સભ્ય તરીકે ચૂંટાયા અને ઉપપ્રમુખપદે વરણી પામ્યા.

કચ્છની પત્રકાર-આલમના ભીષ્મ પિતામહ સમા ઝૂઝાર પત્રકાર અને આઝાદીના લડવૈયા, ગાંધી-મૂલ્યોમાં માનનારા નેતા ફૂલશંકરભાઈનું ૮મી ડિસેમ્બર ૧૯૯૨ના રોજ ૮૭ વર્ષની પાટક વયે ભુજ ખાતે દેહાવસાન થયું.

સ્વ. એલ. એમ. પોમલ : (૧૯૧૯-૨૦૦૦)

સ્વ. લાલજીભાઈ એમ. પોમલ કચ્છના આંતરરાષ્ટ્રીય તસવીરકાર તરીકે જાણીતા હતા. 'પોમલ' શબ્દ આમ તો એમની અટક છે, તેમ છતાં કચ્છમાં તે ફોટોગ્રાફી-ક્ષેત્રે એક સિદ્ધ હસ્તકળાનો પર્યાય બની ગયેલ છે.

આરંભનાં વર્ષોમાં કરાંચીમાં રહ્યા પછી વતન ભુજમાં સ્થાયી થયા. ફોટોગ્રાફી-ક્ષેત્રે એમણે ખૂબ જ અસાધારણ કાર્ય કર્યું. કચ્છના યાયાવર પક્ષી સુરખાબના જીવનને કચકડામાં કેદ કરી દેશ અને દુનિયા સમક્ષ પ્રદર્શિત કર્યું છે.

એમનો જન્મ ૧૯મી ઑગસ્ટ, ૧૯૧૯ના રોજ ભુજમાં થયો હતો. તેમના પિતાશ્રી પણ એક સમયે સારા કલાકાર હતા. લાલજીભાઈ ૧૯૩૬થી ૧૯૩૭ ભુજની આર્ટ્સ સ્કૂલમાં શિક્ષણ મેળવી તૈલચિત્રો અને ફોટોગ્રાફીની વિદ્યા શીખ્યા.

સ્વ. પોમલભાઈ ફોટોગ્રાફી સોસાયટી ઑફ ઇન્ડિયાના સભ્ય બન્યા અને પિક્ટોરિયલ ફોટોગ્રાફીનો આરંભ કર્યો. મુંબઈથી પ્રસિદ્ધ થતા 'કચ્છમિત્ર'નું સુશોભન સંભાળ્યું અને સાથેસાથે તેમાં કાર્ટૂન પણ દોરતા. પ્રાણલાલ શાહ કાર્ટૂન માટે વિચારો આપતા.

૧૯૪૯ પછી ફોટોગ્રાફીનો વ્યવસાય સ્વીકાર્યો અને ભુજમાં એલેમ સ્ટુડીઓની સ્થાપના કરી. એમની તસવીરોમાં કચ્છનું લોકજીવન, ગ્રામ્ય જીવન, વન્ય જીવન વગેરેનો સમાવેશ થાય છે. એમની તસવીરકળા નિહાળી ભારતનાં તત્કાલીન વડાંપ્રધાન ઇન્દિરા ગાંધી પણ પ્રભાવિત થયાં હતાં. એમને ૧૯૪૫માં આર્ટ્સ ઍન્ડ સાયન્સ એસોસિએશન – વડોદરાનું પ્રથમ ઇનામ મળ્યું. ત્યારથી તેમને દેશ-વિદેશના અનેક ઍવૉર્ડ અને પારિતોષિક મળ્યાં છે, જેની સંખ્યા ૫૦થી વધારે છે.

કલાકાર જીવ એવા પોમલભાઈ કચ્છની સાહિત્યસંસ્થા 'રંગ'ના સ્થાપકો પૈકીના હતા. એમનું નિવાસસ્થાન 'સાવન' એ સમયે ભુજની સાહિત્યિક પ્રવૃત્તિના મુખ્ય કેન્દ્ર સમું બની રહેતું. ગુજરાતના દિગ્ગજ કવિઓ 'ઘાયલ' અને 'સમીર' તો 'સાવન''ના દીવાના બન્યા હતા.

'ચિત્રલેખા', 'જી', અને 'બીજ'નાં મુખપૃષ્ઠો પર પણ સ્વ. પોમલભાઈની તસવીરો કાયમ જોવા મળતી. તો તેનાં અને મુખપૃષ્ઠોની ડિઝાઈન પણ તેઓ બનાવતા. સ્વ. વજુ કોટક અને સ્વ. હરકિસન મહેતાનાં પુસ્તકોનાં મુખપૃષ્ઠોની ડિઝાઈન પણ તેઓ જ તૈયાર કરતા.

એમની તસવીરનાં અનેક પ્રદર્શનો કચ્છમાં અને કચ્છ બહાર યોજાયાં હતાં. 'ચિત્રલેખા'ની સિલ્વર જ્યુબિલી પ્રસંગે ૧૯૭૫માં મુંબઈ નેચરલ હિસ્ટ્રી સોસાયટીમાં એમની તસવીરોના પ્રદર્શનનું ઉદ્‌ઘાટન જાણીતા પક્ષીવિદ ડૉ. સાલીમ અલીએ કર્યું હતું.

આમ, સદ્‌ગત પોમલે તસવીરકલાક્ષેત્રે કચ્છને આંતરરાષ્ટ્રીય ગૌરવ અપાવ્યું છે.

સંદર્ભ-સાહિત્ય સૂચિ :

પુસ્તકો

૧. અજાણી ઉમિયાશંકર 'કચ્છી પિરોલીઓ' (૧૯૮૬)

૨. આચાર્ય શાંતિભાઈ 'કચ્છી શબ્દાવલી' (૧૯૬૬)

૩. આયંગર (ડૉ.) સુદર્શન 'ગુજરાત એક સરવૈયું' (૨૦૦૨)

૪. આયંગર (ડૉ.) સુદર્શન 'ભારતીય સંસ્કૃતિ પરંપરામાં સ્વૈચ્છિક પ્રવૃત્તિ'

૫. આયંગર (ડૉ.) સુદર્શન અને (ડૉ) નિમેષ શુક્લ 'રોલ ઑફ નોન-ગવર્નમેન્ટ ઓર્ગેનાઇઝેશન્સ ઇન ડેવલપમેન્ટ ઑફ ગુજરાત' ઇકોનોમીકલ ઍન્ડ પૉલિટિકલ વિકલી વૉલ્યુમ ૩૫/૩૬ (૨૦૦૦)

૬. 'એલ્યુન્ડ એડવર્ડ, ટેક્સટાઈલ એન્ડ ડ્રેસ ઇન રબારી'

૭. 'એડવર્ડ સિમ્પસન્સ અને અપર્ણા કાપડિયા 'મેકીંગ સેન્સ ઑફ ધી હિસ્ટ્રી ઑફ કચ્છ'

૮. ઓઝા ઈશ્વરલાલ ગિરધરલાલ 'મિરઝા મહારાવ રાયધણજી બીજાના સમયનું કચ્છ' (૧૯૮૬)

૯. અંતાણી કાંતિ પ્રસાદ, સંપાદન, હરેશ ધોળકિયા 'ગાંધી યુગે ભારત' (૧૯૭૬)

૧૦. અંતાણી જીતેન્દ્ર 'કચ્છમાં શિક્ષણદીપની જ્યોત.' (૧૯૮૫)

૧૧. ઉપાધ્યાય કૃષ્ણદેવ. 'લોકસાહિત્ય કી ભૂમિકા'

૧૨. કરીમ મહમદ માસ્તર 'મહાગુજરાતના મુસલમાનો' (૧૯૬૯)

૧૩. કંસારા શામજી દેવશી 'કચ્છના વાહનવ્યવહારનો ઇતિહાસ' (૧૯૭૬)

૧૪. કેઝર (ડૉ.) 'ગોલ્ડન બાઉલ'

૧૫. કારાણી દુલેરાય લાખાભાઈ 'કચ્છ કલાધર ભાગ-૨' (૨૦૦૬)

૧૬. કારાણી દુલેરાય લાખાભાઈ 'કચ્છી પિરોલી' (૧૯૭૪)

૧૭. કલ્યાણચંદ્રજી (મુનિશ્રી) 'મારા સાધુ જીવનનાં સંસ્મરણો' (૧૯૮૪)

૧૮. ખેર વિશ્વાસ બાલા સાહેબ 'હિન્દુધર્મનું હાર્દ'

૧૯. ગડા અરવિંદ પોપટલાલ 'વીસમી સદીનો વાગડ વીસા ઓસવાળ સમાજ : કેળવણી ક્ષેત્રે' (૨૦૦૧)

૨૦. ગુપ્તા સત્યા કચ્છ રત્નો 'ખડી બોલીકા લોકસાહિત્ય'

૨૧. ગોસ્વામી રાજરત્ન કે. 'કચ્છ સંસ્કૃતિ, સમસ્યાઓ અને સમાધાન' (૧૯૯૨)

૨૨. ચૌધરી રઘુવીર 'વાર્તા વિશેષ' (૧૯૭૫)

૨૩. જાડેજા ચંદુભા 'કચ્છ ભુજનું કબીર મંદિર અને શ્રી કબીર દિગ્વિજય' (૧૯૪૯)

૨૪. જોશી ચંદ્ર દુર્ગેશ 'કચ્છના વર્તમાન અને લુપ્ત સંપ્રદાયો.' શોધગ્રંથ (૨૦૦૩)

૨૫. જોશી ચંદ્ર દુર્ગેશ 'સતપંથ' પ્રજાપિતા બ્રહ્માકુમારી વિશ્વ વિદ્યાલય પરિચય પુસ્તિકા (૨૦૦૩)

૨૬. જોશી નરેન્દ્રકુમાર 'ભાતીગળ ભોમકા કચ્છ' (૧૯૭૭)

૨૭. જોશી નવીન 'સ્વામિનારાયણ ભગવાન અને બૃહદ કચ્છ' (૨૦૦૧)

૨૮. દીક્ષિત નિલેન્દ્રકુમાર 'માનવ ભૂગોળ' (૧૯૯૭)

૨૯. ધોળકિયા કુંદનલાલ 'શ્રુતિ અને સ્મૃતિ' (૨૦૦૫)

૩૦. ધોળકિયા હરેશ 'કચ્છમાં શિક્ષણ-પ્રસાર' (૨૦૦૯)

૩૧. નયગાંધી જયરામ જેઠાભાઈ 'કચ્છનો બૃહદ ઇતિહાસ' (૧૯૨૬)

૩૨. નાયક (ડૉ.) ચીનુભાઈ 'ગુજરાતના ઇતિહાસમાં સંશોધન અને શિક્ષણ'

૩૩. પટેલ રતિલાલ તીર્થભૂમિ 'વાંઢાય' (૧૯૯૮)

૩૪. પટેલ પ્રહ્‌લાદભાઈ ઓખામંડળના 'વાઘેરોનું લોકસાહિત્ય'

૩૫. પરીખ પુરુષોત્તમ લલ્લુભાઈ 'કણબી-ક્ષત્રિય ઉત્પત્તિ અને ઇતિહાસ' (૨૦૦૦)

૩૬. પંચોળી મનુભાઈ 'સાદો હિંદુધર્મ'

૩૭. પટ્ટણી વસંતરાય 'કાળા ડુંગર કચ્છ જા' રસબ્રુક વિલિયમ્સના અંગ્રેજી પુસ્તક Black-Hillsનો અનુવાદ (ગુજરાતી) સંપાદક દુલેરાય કારાણી (૧૯૬૪)
૩૮. પ્રાગજી ડોસા 'પારસી કોમના જ્યોતિર્ધરો' (૧૯૮૮)
૩૯. પંડ્યા અમૃત વસંતભાઈ 'ગુજરાત દર્શન'
૪૦. બક્ષી ચંદ્રકાન્ત 'મહાજાતી ગુજરાતી' (૧૯૮૧)
૪૧. બહલ કન્હૈયાલાલ 'રાજસ્થાની લોક કહાવતેં'
૪૨. બાંભડાઈ ગોકલદાસ પી. 'કચ્છ બૃહદ ભૂગોળ' (૧૯૫૯)
૪૩. ભાનુશાલી ધનજી ભાનુવંશજ 'ભાનુશાલી' (૨૦૦૩)
૪૪. ભાનુશાલી ધનજી 'રાવલ પીર' (૧૯૮૮)
૪૫. મહેતા ઉષાકાન્ત 'કચ્છ કલા પ્રવાસ અને પ્રલેખન' (૧૯૮૪)
૪૬. મહેતા ધીરેન્દ્ર 'રણની આંખમાં દરિયો' (૧૯૮૬)
૪૭. મહેતા ધીરેન્દ્ર 'ડૉ. જયંત ખત્રી' (૧૯૭૭)
૪૮. મહેતા ધીરેન્દ્ર 'બાતમી' (૧૯૯૬)
૪૯. મહેતા ધીરેન્દ્ર 'મોરચંગના સૂર' (૧૯૯૭)
૫૦. મહેતા ભાવના અને શર્મા (ડૉ.) ગોવર્ધન 'કચ્છ લોક અને સંસ્કૃતિ' (૧૯૮૭)
૫૧. માથુર વિજય બિહારીલાલ. 'આર્યસમાજ કે દસ નિયમોં' (૨૦૦૪)
૫૨. મુક્ત જીવનદાસજી 'સંત ભજનાવલી અને સાંધ્ય પાઠ' (૧૯૮૪)
૫૩. મોતીચંદ 'ટ્રેડ એન્ડ ટ્રેડ રૂટ્સ ઈન એન્સિયન્ટ ઇન્ડિયા' (૧૯૭૭)
૫૪. ઠાકર નીપા અને પટેલ માણેકલાલ (સંપાદન) 'મરુભૂમિનું મેઘધનુષ' (૨૦૦૦)
૫૫. ઠાકર (ડૉ.) નીતા 'કચ્છમાં જૈન સંસ્કૃતિ' (૨૦૦૫)
૫૬. ઠાકર (ડૉ.) નીતા પંડિત શ્યામજી કૃષ્ણવર્મા અને વિષ્ણુ પંડ્યા, આરતી પંડ્યા, હરેશ ધોળકિયા. 'પ્રભાવી ક્રાંતિકારી.' (૨૦૦૮)
૫૭. ઠાકર મુકુન્દ અને હરેશ ધોળકિયા 'મૈત્રીભાવનું પવિત્રઝરણું.' (૧૯૯૧)
૫૮. રસબ્રુક વિલિયમ્સ 'બ્લેક હીલ્સ-કચ્છ હિસ્ટ્રી એન્ડ લિજેન્ડ' (૧૯૫૮)
૫૯. રાજેન્દ્ર (પ્રો) જિજ્ઞાસુ સત્યાનંદ અને 'વેદ ક્યોં ઓર ક્યા ?' (૧૯૯૪)
૬૦. રાજેન્દ્ર (પ્રો) જિજ્ઞાસુ 'જીવન સુગંધ' (૨૦૦૫)
૬૧. રાજગોર શિવપ્રસાદ 'ગુજરાતનાં બંદરો' (૧૯૮૭)
૬૨. રાઠોડ રામસિંહજી 'કચ્છનું સંસ્કૃતિ દર્શન' (૧૯૫૯)
૬૩. લાખાણી હબીબ 'મેમણ ઇતિહાસની રૂપરેખા' (૧૯૮૩)
૬૪. વર્મા શકુન્તલા 'છત્તીસગઢી લોકજીવન ઓર લોકસાહિત્ય'
૬૫. સ્વામી સચ્ચિદાનંદ 'ભારતીય દર્શન' (૨૦૦૭)
૬૬. સાંડેસરા ઉપેન્દ્રરાય 'શીખ ધર્મ'
૬૭. 'સુખ સાગર' (કચ્છવાલા) 'પુરુષોત્તમ લીલામૃત શિક્ષાપત્રી' (૧૯૯૫)
૬૮. સતિજા (ડૉ.) કલ્પના 'ઈનીસીએટીવ ઑફ એન. જી. ઓસ ઇન કચ્છ રીજિયન કેશ-સ્ટડી' (૨૦૧૦)

સરકારી રિપોર્ટ – ગેઝેટો ઠરાવો વિ.

૧. 'સેન્ટ્રલ બ્યુરો ઑફ હેલ્થ ઇન્ટેલીજન્સ' ન્યુ દિલ્હી. નેશનલ હેલ્થ પ્રૉફાઈલ- (૨૦૦૯)
૨. 'ઇન્ડિપેન્ડન્ટ કમિશન ઑન હેલ્થ ઇન ઇન્ડિયા'(૧૯૯૭)
૩. 'ઇન્ડિયન કાઉન્સિલ ઑફ મેડીકલ રિસર્ચ સ્ટડી રિપોર્ટ' (૧૯૬૫)
૪. 'નેશનલ વેક્ટર-બોર્ન ડિસીઝ કન્ટ્રોલ પ્રોગ્રામ, ગુજરાત સરકાર, એન્યુઅલ રિપોર્ટ' (૨૦૦૮)
૫. 'હેલ્થ-રિવ્યુ ગુજરાત' (૨૦૦૭-૦૮)
૬. 'નેશનલ પ્રોગ્રામ ફોર કન્ટ્રોલ ઑફ બ્લાઇન્ડનેસ ઇન્ડિયા, સ્વાસ્થ્ય મહાનિર્દેશાલય, સ્વાસ્થ્ય એવં પરિવાર કલ્યાણ મંત્રાલય' - ભારત સરકાર પ્રકાશન (૧૯૭૮)
૭. 'સામાજિક-આર્થિક સમીક્ષા' (૨૦૧૦-૧૧) ગુજરાત રાજ્ય, (૨૦૧૧)
૮. 'ગેઝેટિયર ઑફ ઇન્ડિયા, ગુજરાત સ્ટેટ', કચ્છ ડિસ્ટ્રિક્ટ ગેઝેટિયર (૧૯૯૪)
૯. 'બૉમ્બે પ્રેસિડેન્સી ગેઝેટિયર-કચ્છ' ડિસ્ટ્રિક્ટ પ્રકરણ XII અને XV વોલ્યુમ V (૧૮૮૦)
૧૦. 'કચ્છ રાજ્યપત્ર' - પૃ. (૧૨) અંક ૧૮

૧૧. 'સેન્સસ રિપોર્ટ્સ' ૧૮૮૧ અને તેના પછીના.

૧૨. 'ડિસ્ટ્રિક્ટ ગેઝેટિયર કચ્છ' – (૧૯૬૬) પ્રકરણ XV - પૃષ્ઠ ૫૩૫-૩૬

૧૩. 'કચ્છ દરબારી ગેઝેટ ડિસેમ્બર' ૧૮૭૮. વો. ૬

૧૪. 'કચ્છ દરબારી ગેઝેટ જુલાઈ' ૧૮૭૯. વો. ૭

૧૫. 'કચ્છ દરબારી ગેઝેટ ઑગસ્ટ' ૧૮૭૯ વો. ૨૫

૧૬. 'કચ્છ દરબારી ગેઝેટ માર્ચ' ૧૯૦૭ વો. ૩૪

૧૭. 'કચ્છ દરબારી ગેઝેટ સપ્ટેમ્બર' ૧૯૨૪ વો. ૬.

૧૮. 'ડિસ્ટ્રિક્ટ સેન્સસ હેન્ડ બુક સિરીઝ'-૨૫-પાર્ટ-૧૨, A & B, Kutch ડાયરેક્ટોરેટ ઑફ સેન્સસ ઓપરેશનન્સ, ગુજરાત, અમદાવાદ (૨૦૦૬)

૧૯. 'કચ્છ જિલ્લા પંચાયત ડાયરી' – ૨૦૦૯

૨૦. 'કચ્છ જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી વાર્ષિક નિરીક્ષણ અને શાળા માહિતી'- (૨૦૦૯-૧૦)

૨૧. 'કચ્છ યુનિવર્સિટી, શૈક્ષણિક ડાયરી' (૨૦૧૦-૧૧)

સંસ્થાગત પ્રકાશનો

૧. 'કચ્છી મેમણ જમાત પ્લેટીનમ જ્યુબિલી સ્મરણિકા'-૧૯૯૭

૨. 'રોટરી ક્લબ ભુજ અર્ધ શતાબ્દી મહોત્સવ-સ્મરણિકા'

૩. 'કચ્છ : ઓએસીસ ઈન ધ ડેઝર્ટ, કચ્છ વિકાસ પુસ્તિકા'

૪. ચરોતર પ્રદેશ આર્ય સમાજ, 'સત્યપ્રકાશ'

૫. રવિભાણ સંપ્રદાય 'અમૃતવાણી' ૧૯૯૪ ચંદ્ર દુર્ગેશ-જ્યોતિ ૨૦-૨૧-૧૨-૨૦૦૩

૬. 'બાઇબલ સોસાયટી ઑફ ઇન્ડિયા' ૨૦૦૧ અનંત પ્રેમસંદેશ નવો કરાર

૭. 'કચ્છ નવનિર્માણ અભિયાન પ્રકાશન'

૮. 'કચ્છ સંગ્રહાલય શતાબ્દી સ્મરણિકા' - ૧૯૭૮

૯. 'કચ્છ સંગ્રહાલય માર્ગદર્શક'

૧૦. 'ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ' ૨૦૦૬

૧૧. 'થોમ્પસન સ્મિથ, મોટીફ ઇન્ડેક્સ ઑફ ફોક લિટરેચર' વોલ્યુમ-I થી V

૧૨. 'ઑલ્ફ્રેડ હાઈસ્કૂલ ગોલ્ડન જ્યુબિલી સ્મરણિકા' (૧૯૯૪)

૧૩. 'લિન્ગવીસ્ટીક સર્વે ઑફ ઇન્ડિયા' - વો. ૯. ભાગ-૧

વર્તમાન પત્રો

કચ્છમિત્ર

૧. ૩૧-૩-૧૯૯૧ કંચનપ્રસાદ છાયા. 'અતીતની અટારીએ' લેખમાળા અંતર્ગત લેખો

૨. ૩૧-૭-૧૯૯૧ અને ૩,૪,૫, ઑગસ્ટ '૯૧ મહેશ ગઢવી 'મારો ધીણોધર મારો હિમાલય' ધીણોધર અને નાથ સંપ્રદાય વિશેની લેખમાળા અંતર્ગત લેખો.

૩. જાન્યુઆરી ૧૯૯૪ મ. કુ. શ્રી હિંમતસિંહજી 'દાદાભાઈ નવરોજી' વિશેનો લેખ.

૪. ૨૪-૧-૧૯૯૬થી ૧-૧૨-૧૯૯૬ અનિલ કોઠારી 'કચ્છડો કામણગારો' : લેખમાળા અંતર્ગત મામૈદેવ વિશે લેખો.

૫. વિશેષાંક ૧૯૯૬ 'કચ્છ તારી અસ્મિતા' અંતર્ગત વિભિન્ન સામાજિક વિષયો પરના લેખો.

૬. ૨૧-૫-૨૦૦૦થી ૧૯-૬-૨૦૦૦ નવીન જોશી, ઉધ્ધવ સંપ્રદાયના નૂતન મંદિર વિશે વિવિધ લેખો.

૭. સ્વામી સંત સ્વરૂપદાસજી અને હસમુખ 'અબોટી, સ્વામિનારાયણ ભગવાન અને બૃહદ કચ્છ'

૮. ૮-૧૦-૨૦૦૦ પ્રવીણચંદ્ર શાહ 'રૈયત નામા લેખમાળા અંતર્ગત' વિવિધ સામાજિક વિષયો પરના ઇતિહાસમૂલક લેખો

૯. વિશેષાંક ૨૦૦૨, 'ભૂકંપ પશ્ચાત પરિસ્થિતિ ભૂકંપગ્રસ્તોને મેડિકલ સહાયતા' અંગેના લેખો.

૧૦. ૧-૧૨-૨૦૦૪, માવજી મહેશ્વરી, 'કચ્છનો આગવો સંપ્રદાય, મહેશપંથ

૧૧. જુલાઈ ૨૦૦૮ હીરક જયંતિ વિશેષાંક '૬૦ વર્ષના સંભારણાં', સ્વાસ્થ્ય અને શિક્ષણ તેમજ અન્ય ક્ષેત્રે વિકાસ સંબંધિત તજજ્ઞોના લેખો.

૧૨. ૨૧-૮-૨૦૦૮થી ૧૪-૯-૨૦૦૮ જિતેન્દ્ર અને નરેન્દ્ર અંતાણી 'જ્ઞાતિગંગા કચ્છની' લેખમાળા અંતર્ગત ખ્રિસ્તી અને પંજાબી સમાજ વિશેના લેખો.

૧૩. ૨૮-૮-૨૦૦૮ જિતેન્દ્ર અને નરેન્દ્ર અંતાણી 'રણનું સુવર્ણ મંદિર લખપત'.

૧૪. દીપોત્સવી અંક ૨૦૦૯ મહેશ ગઢવી 'શીખોના સાહસોથી અબડાસો આબાદ'.

૧૫. અષાઢી બીજ અંક ડૉ. કાન્તિ ગોર 'પુણ્યશ્લોક પૂ. પીતાંબરજી'

૧૬. સંદેશ વિશેષાંક ૬-૯-૨૦૦૯ ગુણવંત શાહ 'ઇસ્લામ એટલે શાંતિ અને શરણાગતિ'

સામયિકો

૧. ભૂમિપુત્ર ૧-૪-૨૦૦૨ વિનોબા ભાવે 'ક્યારે ગર્વથી કહીશું કે અમે હિન્દુ છીએ.'

૨. ભૂમિપુત્ર ૧-૫-૨૦૦૨ (ડૉ.) અબ્દુલ ગની 'ઇસ્લામમાં સહિષ્ણુતા'

૩. ભૂમિપુત્ર ૧-૫-૨૦૦૨ (ડૉ.) મહબૂબ દેસાઈ 'મુસ્લિમ મહાત્માઓનાં આધ્યાત્મિક વચનો'

૪. વલો કચ્છડો ડિસેમ્બર ૨૦૦૩ ઉમિયાશંકર અજાણી 'કચ્છના ઇતિહાસ સંબંધી લેખો.'

૫. કચ્છ કલામ માર્ચ (૧૯૭૯) પ્રભાશંકર ફડકે 'કચ્છના સંસ્કૃત પંડિતો.'

૬. કચ્છ કલામ જૂન, (૧૯૭૯) મુનિશ્રી ભુવનચંદ્રજી 'કચ્છના જૈન વિદ્વાનો'

૭. સ્વસ્થ હિન્દ, જુલાઈ (૧૯૭૬) કંસારા એચ. ટી. 'પ્રાઇમરી ટીચર્સ પરસેપ્સન ઑફ સ્મોલપોક્સ સર્વલન્સ'

૮. શબ્દસૃષ્ટિ ઑક્ટો, નવેમ્બર (૨૦૦૯) 'ગુજરાતી સાહિત્ય સંદર્ભ લેખો'

૯. પરબ ડિસેમ્બર (૧૯૯૮) ગુજરાતી સાહિત્ય સંદર્ભ લેખો

૧૦. કચ્છક્રાંતિ (૨૦૦૮) કચ્છ યુનિવર્સિટી-મુખપત્ર-શિક્ષણ સંબંધી લેખો.

૧૧. કચ્છશક્તિ વાર્ષિક અંક (૨૦૦૭) મૂલચંદ વર્માનો લેખ

૧૨. મંગલ મંદિર નવેમ્બર (૨૦૦૯) કચ્છી કવિ મામૈદેવ

૧૩. ઉમા દર્પણ એપ્રિલ (૨૦૦૦) શ્રી રતિલાલ પટેલનો લેખ વીસમી સદી કચ્છના કડવા પાટીદારો માટે ધર્મ જાગ્રતિની સદી હતી.

૧૪. નવજીવન ઑક્ટોબર ૧૯૨૫ ગાંધીજીની કચ્છ મુલાકાત દરમિયાન, માંડવીની ગંદકી વિશેની ટકોર.

૧૫. સ્વદેશ સાપ્તાહિક દીપોત્સવી અંકનો (૧૯૨૪) ડૉ. જાદવજી હંસરાજના કચ્છમાં દવાખાનાંઓ અંગેનો અવલોકન લેખ.

૧૬. મહેશ્વર સંદેશ – તંત્રી મહેશ્વર સંદેશ, મામૈદેવની વેદવાણીમાં કચ્છમાં આયુર્વેદ પદ્ધતિ વિશેનો ઉલ્લેખ.

કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ–અમદાવાદ

'કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ' કચ્છના સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક વિકાસ પ્રક્રિયાની ગતિવૃદ્ધિ, હેતુ સમર્પિત બિન સરકારી સંસ્થા છે. કચ્છમાં અથવા કચ્છ માટે કાર્યરત બિનઃ સરકારી (સ્વયંસેવી) સંસ્થાઓના સભ્યો, ઔદ્યોગિક અને વ્યવસાયિક એકમોના પ્રતિનિધિઓ, વિવિધ વિષયના તજજ્ઞો અને પ્રચાર-પ્રસાર માધ્યમોના કર્મશીલો આ સંસ્થાના સભ્યો છે. સામૂહિક વિકાસ પ્રવૃત્તિઓમાં બાધારૂપ સમસ્યાઓના સુગમ સમાધાન માટે લોકો અને સરકારી તંત્ર (લાભાર્થી અને લાભકર્તા) વચ્ચે સંવાદ સ્થપાય તે માટેના પ્રયાસોમાં આ સંસ્થા સહયોગી બને છે. વર્ષ ૨૦૦૪થી આ સંસ્થા કાર્યરત છે.

વર્તમાન કાઉન્સિલ

અશોક મહેતા	અધ્યક્ષ
શશિકાંત ઠક્કર	ઉપાધ્યક્ષ
પ્રતાપ દંડ	મંત્રી
કે. ડી. શાહ	ખજાનચી
ડૉ. ચંદ્રકાન્ત દેઢિયા	પૂર્વ અધ્યક્ષ
દામજીભાઈ શાહ (એંકરવાળા)	સભ્ય
હસમુખ ગઢેચા, C.A.	સભ્ય
હીરજી પાસુ શાહ	સભ્ય
ડૉ. કાન્તિ ગોર	સભ્ય
હરીશ રંગવાલા	સભ્ય
મહેન્દ્ર મોરબિયા, C.A.	સભ્ય
બી. કે. પટેલ, C.A.	સભ્ય
વિજયાલક્ષ્મી શેઠ	સભ્ય
નિમેષ ફડકે	સભ્ય
હંસરાજ કંસારા	સભ્ય
લીલાધર ગડા	સભ્ય
ભરત ઓઝા	સભ્ય
રસિક મામતોરા	સભ્ય
કૈલાસદાન ગઢવી, C.A.	સભ્ય
પ્રમુખશ્રી, ચેમ્બર ઑફ કૉમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રિઝ-ગાંધીધામ	સભ્ય
પ્રમુખશ્રી, ચેમ્બર ઑફ કૉમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રિઝ-માંડવી	સભ્ય

પ્રતાપ દંડ
માનદ મંત્રી
કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ, અમદાવાદ

realpatidar.com



ગણમાન્ય વરિષ્ઠ ઇતિહાસવિદ
ડૉ. મુગટલાલ બાવીસીના
તા. ૩૦-૩-૨૦૧૨ના પત્રના કેટલાક અંશ...

...આપે મોકલાવેલ 'કચ્છનો સર્વાંગી ઇતિહાસ' ભાગ ૧ અને ૨ કમ્પોઝ કરેલું મેટર જોઈ ગયો છું.

આ ગ્રંથમાં કચ્છના ઇતિહાસનાં ઘણાં પાસાંઓને આવરી લીધાં છે. ગ્રંથ સારો અને ઉપયોગી બનશે...

...મેં માત્ર નમ્રભાવે સૂચનો કર્યાં છે. એમાંથી જેનો અમલ કરવા જેવો લાગે તેનો અમલ કરશો. ગ્રંથના બંને ભાગ હું વિસ્તૃત રીતે જોઈ ગયો છું. લેખકોએ ઘણી મહેનત કરી છે. કચ્છનો સર્વાંગી ઇતિહાસ પ્રથમ વખત પ્રગટ થયો છે, એ ગૌરવપ્રદ સિદ્ધિ છે.

✳

ગણમાન્ય વરિષ્ઠ ઇતિહાસકાર
ડૉ. મકરન્દ મહેતાના અવલોકનના અંશ

(૧) આ ગ્રંથનું શીર્ષક 'કચ્છનો સર્વાંગી ઇતિહાસ' ભૂલભરેલું છે, કારણ કે તેમાં ૨૧મા સૈકાની, છેક ૨૦૧૦ સુધીના પ્રવાહોની વાત છે. મારું નીચે મુજબ સૂચન છે. તે નવા શીર્ષક વિષે વિચારી જોશો.

..."કચ્છ જ્ઞાનકોશ" (Encyclopedia) અથવા "કચ્છ જ્ઞાનસંહિતા".

(ઇતિહાસ ભાષા, સાહિત્ય, અર્થતંત્ર, ધર્મ, સમાજકારણ, રાજકારણ લોકસાહિત્ય, રજવાડી વારસો, લોકજીવન અને નગરો તથા બંદરો વિષયક છણાવટ કરતો બૃહદ ગ્રંથ)...

કુદરતને કમાલની કલાકૃતિ કંડારવાનું મન થયું અને એણે કચ્છનું નિર્માણ કર્યું. રણ, સાગર અને ડુંગરનું ત્રિવેણીતીર્થ એટલે કચ્છ. ઈર્ષ્યા ઊપજે એવો અને એટલો વૈભવ કુદરતે કચ્છને બક્ષ્યો છે.

પણ આપણે માત્ર ઈર્ષ્યા કરીને કેમ અટકી જઈએ ? કારણ કે ગૌરવ લઈ શકાય એવા અહીંના લોકો છે અને આદર ઊપજે એવી એની સંસ્કૃતિ છે. આગવો દમામ અને દબદબો ધરાવતી કચ્છી ભાષા છે. કચ્છ એવો ખમીરવંતો પ્રદેશ છે કે ઉપાધિને સમાધિમાં સમાઈ જવું પડે છે. કચ્છી માડુ કદી કોઈને કાલાવાલા કરતો નથી. ભૂકંપ અને વાવાઝોડાં સામે ઝૂકી જવાનું કચ્છને કદી પરવડ્યું નથી. કલા-કારીગરીની વાત હોય કે કારોબારની વાત હોય – કચ્છી લોકોને કોઈ ન પહોંચી શકે. પુરુષાર્થ અને પરાક્રમ કચ્છની પ્રજાના લોહીમાં ઓતપ્રોત છે.

એવા કામણગારા કચ્છનો ધબકાર એટલે કચ્છનો સર્વાંગી ઇતિહાસ ઈ.સ. પૂર્વે ૫૦૦૦થી આજ સુધીની તેજસ્વી તવારીખનો અણમોલ દસ્તાવેજ આ બૃહદ ગ્રંથમાં સમાયો છે. ત્રીસથી વધુ લેખકોની કલમથી આલેખાયેલો કચ્છનો આ ઇતિહાસ, સંદર્ભોનો માઈલસ્ટોન બની રહેશે એની ખાતરી છે.

અત્યાર સુધી કચ્છ અલગ પડેલો પ્રદેશ ગણાતો હતો, પરંતુ હવે એ ગુજરાતના યશ-મુગટમાં મોરપિંછ જેવું સ્થાન પામ્યો છે. ગુજરાતના પ્રવાસે આવનાર પ્રવાસીને કચ્છની મુલાકાત વગર એ પ્રવાસ અધૂરો લાગે છે, એ જ રીતે ગુજરાતનો ઇતિહાસ જાણવાના ઉત્સુક જિજ્ઞાસુને 'કચ્છનો સર્વાંગી ઇતિહાસ' ગ્રંથના અધ્યયન વગર પોતાનો અભ્યાસ અધૂરો લાગવાનો છે એવી શ્રદ્ધા છે.

9 788184 807981
₹ 350